વેદનું રહસ્ય

ભાગ પહેલો

શ્રી અરવિન્દ

શ્રી અરવિંદ સાહિત્ય સંગ્રહ ગ્રન્થ · ૯

વેદનું રહસ્ય

(The Secret of The Veda)

ભાગ પહેલો

શ્રી અરવિંદ

શ્રી અરવિંદ સોસાયટી · પોંડિચેરી - ૨

૧૯૭૩

અનુવાદક : શાંતિલાલ ઠાકર

પ્રથમ સંસ્કરણ, ૧૯૭૩

મૂલ્ય રૂ. ૧૮.૦૦ Price Rs. 18.00

મુખ્ય વિક્રેતા : શ્રી અરવિંદ બુકસ ડિસ્ટ્રિબ્યૂશન એજન્સી
શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી-૨

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૨–૧૯૭૩
પ્રકાશક : શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી-૨

મુદ્રક : રાજરતન પ્રેસ, રખિયાલ રોડ, અમદાવાદ-૨૧

નોંધ

શ્રી અરવિંદનાં 'વેદ' પરનાં વિવિધ લખાણો અને એમણે કરેલાં કેટલાંક સૂકતોનો અંગ્રેજી અનુવાદ પ્રથમ 'આર્ય'માં ઑગસ્ટ ૧૯૧૪ થી ૧૯૨૦ દરમિયાન પ્રકટ થયાં અને પુસ્તક-આકારે ૧૯૫૬માં 'વેદ' (On The Veda) એ મથાળા નીચે પ્રકટ થયાં. ૧૯૬૪માં એની બીજી આવૃત્તિ છપાઈ.

'વેદનું રહસ્ય' (The Secret of The Veda) 'આર્ય' માસિકમાં ૧૯૧૪ ઑગસ્ટથી ૧૯૧૬ જુલાઈ સુધીમાં ક્રમશઃ પ્રસિદ્ધ થયું હતું.

'પસંદ કરાયેલાં સૂકતો' એ જ પ્રમાણે ૧૯૧૪ ઑગસ્ટથી ૧૯૧૫ જુલાઈ સુધીમાં પ્રકટ થયાં હતાં.

અનુક્રમ

ખંડ ૧

પ્રકરણ		પૃષ્ઠ
	પુરોવચન	૧
	ગૂઢવાદીઓનો સિદ્ધાંત	૨૨
૧	સમસ્યા અને તેનો ઉકેલ	૩૮
૨	વૈદિક સિદ્ધાન્તની પશ્ચાદ્‌ભૂનું અવલોકન	૪૫
૩	આધુનિક સિદ્ધાંતો	૫૯
૪	માનસશાસ્ત્રીય સિદ્ધાંતના પાયા	૬૯
૫	વેદની શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય પદ્ધતિ	૮૨
૬	અગ્નિ અને સત્ય	૯૧
૭	વરુણ—મિત્ર અને સત્ય	૧૦૨
૮	અશ્વિનો, ઈન્દ્ર, વિશ્વેદેવો	૧૧૧
૯	સરસ્વતી અને તેના સાથીઓ	૧૨૨
૧૦	સમુદ્રો અને નદીઓનું રૂપક	૧૩૧
૧૧	સાત નદીઓ	૧૪૦
૧૨	ઉષાની ગાયોનાં ધણ	૧૫૨
૧૩	ઉષા અને ઋત	૧૬૦
૧૪	ગાય અને અંગિરસ્‌ની કથા	૧૬૬
૧૫	ગુમાવેલો સૂર્ય અને ગુમાવેલી ગાયો	૧૭૬
૧૬	અંગિરસ્ ઋષિઓ	૧૮૫
૧૭	સાત શિરોવાળો વિચાર, સ્વર્ અને દશગ્વો	૧૯૮
૧૮	માનવ પિતૃઓ	૨૧૧
૧૯	પિતૃઓનો વિજય	૨૨૩
૨૦	સ્વર્ગની કૂતરી	૨૩૫
૨૧	અંધકારના પુત્રો	૨૪૬
૨૨	દસ્યુઓ પર વિજય	૨૫૫
૨૩	નિગમનોનો ટૂંક સાર	૨૬૪

ખંડ ૨

પસંદ કરાયેલાં સૂકતો

પ્રકરણ		પૃષ્ઠ
૧	ઈન્દ્ર અને અગસ્ત્યનો સંવાદ	૨૭૩
૨	પ્રકાશ-દાતા ઈન્દ્ર	૨૭૭
૩	ઈન્દ્ર અને વિચાર-શકિતઓ	૨૮૫
૪	અગ્નિ, પ્રકાશયુકત સંકલ્પશકિત	૨૯૪
૫	સૂર્ય સવિતૃ સર્જક અને વૃદ્ધિ કરનાર	૩૦૩
૬	દિવ્ય ઉષા	૩૧૧
૭	ઉપભોકતા, ભગ સવિતૃને	૩૧૬
૮	પ્રાણશકિતઓનો સ્વામી, વાયુ	૩૨૨
૯	આત્માની શકિત, બૃહસ્પતિ	૩૩૦
૧૦	આનંદના સ્વામીઓ, અશ્વિનો	૩૪૦
૧૧	ઋભુઓ, અમૃતત્વના કારીગરો	૩૪૯
૧૨	સર્વ—વ્યાપક દેવ, વિષ્ણુ	૩૫૫
૧૩	આનંદ તથા અમૃતત્વનો સ્વામી, સોમ	૩૬૨

વેદનું રહસ્ય

ભાગ પહેલો

ખંડ ૧

પુરોવચન

પ્રાચીન સમયમાં વેદ જ્ઞાનના ધર્મગ્રંથ તરીકે, પ્રેરણામય કવિતાના મહાન સમુચ્ચય તરીકે, ઋષિઓની—દ્રષ્ટાઓની કૃતિ તરીકે પૂજાતો હતો. ઋષિઓએ મહાન, વૈશ્વિક, સનાતન, બિનઅંગત સત્યની તેના મંત્રોમાં માનસિક રચના કરી ન હતી, પણ પોતાના પ્રકાશિત મનમાં તે સત્યની સ્વીકૃતિ કરી હતી. તે મંત્રો શકિતશાળી આવિર્ભૂત મંત્રો હતા; તેમાં સામાન્ય નહિ પણ દિવ્ય પ્રેરણા ઉદ્‌ગમસ્થાન રૂપે રહેલી હતી. તે ઋષિઓને કવિ કહેવામાં આવતા. પાછળથી ગમે તે કાવ્ય-રચયિતાને કવિ કહેવામાં આવતો; પણ વેદના સમયમાં સત્ય-દ્રષ્ટાને કવિ કહેવામાં આવતો. વેદ પોતે કહે છે કે कवय: सत्यश्रुत:। કવિઓ સત્યનું શ્રવણ કરનારા હોય છે. વેદને શ્રુતિ કહેવામાં આવે છે, જેનો અર્થ છે; આવિર્ભૂત શસ્ત્ર, દિવ્ય રીતે શ્રવણ કરાયેલો શબ્દ. ઉપનિષદોના ઋષિઓનો પણ વેદ વિષે એવો જ ખ્યાલ હતો. પોતે જે સત્યોને પ્રગટ કરતા હતા, તેના આધારરૂપે તેઓ ઘણી વાર વેદ-મંત્રોને ટાંકે છે. ઉપનિષદોને પણ પાછળથી શ્રુતિ કહેવામાં આવ્યા, આવિર્ભૂત શાસ્ત્ર કહેવામાં આવ્યાં, અને તેમનો પણ પવિત્ર ધર્મશાસ્ત્રમાં સમાવેશ કરવામાં આવ્યો.

બ્રાહ્મણોમાં તે પરંપરાગત માન્યતા ચાલુ રહી—જો કે યાજ્ઞિકોએ તથા યજ્ઞ પરક અર્થઘટન કરનાર ભાષ્યકારોએ દરેક વસ્તુને યજ્ઞવિધિનો તથા પુરાણકથાનો અર્થ આપવા પ્રયત્ન કર્યો અને સૂકતોને કર્મકાંડ ગણાવ્યાં, અને ઉપનિષદોને જ્ઞાનકાંડ ગણાવ્યાં, અને એ રીતે શ્રુતિના બે ભાગ પાડી નાખ્યા. એક ઉપનિષદમાં તથા ગીતામાં આ જ્ઞાનકાંડના ભાગોને યજ્ઞપરક કર્મકાંડમાં ડુબાવી દેવાના વલણની સખત ઝાટકણી કાઢવામાં આવી છે; પણ તે બંને વેદને જ્ઞાનનો ગ્રંથ ગણે છે. વેદનો તથા ઉપનિષદોનો જેમાં સમાવેશ થાય છે તે શ્રુતિને આધ્યાત્મિક જ્ઞાનની બાબતમાં પરમ પ્રમાણભૂત માનવામાં આવતી હતી; તેમાં ભૂલ ન જ હોઈ શકે એમ માનવામાં આવતું.

શું આ માન્યતા કોરી કલ્પનામાત્ર છે? અર્થહીન પરંપરા છે? નિરાધાર પરીકથા છે? અથવા પાછળનાં સૂકતોમાં જે ઉચ્ચતર વિચારોનું થોડુંક તત્ત્વ

છે, તેમાંથી આ માન્યતા ઉદ્‌ભવી છે? શું ઉપનિષદોના ઋષિઓએ ઋચાઓમાં જે અર્થ ન હતો તે, પોતાની કલ્પનાનો અર્થ તેમના પર ઠોકી બેસાડયો છે? આધુનિક યુરોપીય વિદ્વાનો એવું માને છે. આધુનિક ભારતીય વિદ્વાનોના મન પર તેમની માન્યતાએ કબજો લીધો છે. આ માન્યતાની તરફેણમાં એવી દલીલ આગળ કરવામાં આવે છે કે વેદના ઋષિઓ માત્ર ઋષિઓ જ ન હતા, તેઓ યજ્ઞના પુરોહિતો તથા ગાયકો પણ હતા, તેમનાં રચેલાં સૂકતો જાહેર યજ્ઞોમાં ગવાતાં હતાં, તેમાં વારંવાર રૂઢિગત વિધિના ઉલ્લેખો આવે છે, તેમાં તે યજ્ઞવિધિના ઉદ્દેશો તરીકે ધન-સમૃદ્ધિ-શત્રુઓ પર વિજયની પ્રાર્થના કરવામાં આવી છે. મહાન ભાષ્યકાર સાયણાચાર્ય ઋચાઓનો યજ્ઞપરક અર્થ કરે છે, જ્યાં જરૂર લાગી છે ત્યાં જ પૌરાણિક અથવા ઐતિહાસિક અર્થ કરે છે તે ભાગ્યે જ તેમનો ઉચ્ચતર કે આધ્યાત્મિક અર્થ કરે છે; જો કે કેટલીક વાર જ્યારે તેને યજ્ઞપરક અથવા પૌરાણિક અર્થ કરવામાં નિરાશા સાંપડે છે, ત્યારે વિકલ્પ રૂપે તે આધ્યાત્મિક અર્થ સૂચવે છે. છતાં વેદોની આધ્યાત્મિક પ્રમાણભૂતતા તો સ્વીકારે છે જ, વેદની ઋચાઓમાં કોઈ આધ્યાત્મિક અર્થ નથી — એમ તે ઘસીને ના તો નથી જ પાડતો: તે હદ સુધી જવાનું સાહસ તો આધુનિક વિદ્વાનો કરે છે, અને પાશ્ચાત્ય વિદ્વાનોએ તે સાહસપૂર્ણ કલ્પનાને લોકપ્રિય બનાવી છે.

યુરોપીય વિદ્વાનોએ યજ્ઞપરક અર્થઘટનની પરંપરાને ઝડપી લીધી; પણ બીજી બાબતોમાં તેમણે સાયણને દરિયામાં નાખી દીધો; અને તેમણે શબ્દોના પોતાને મનગમતા, વ્યુત્પત્તિશાસ્ત્રીય અર્થો કરવા માંડયા, અનુમાનો તારવીને મંત્રોના મન ફાવે તેવા અર્થો કરવા માંડયા, અને ઘણી વાર આપખુદ અને કાલ્પનિક— તદ્દન નવીન જ અર્થની રજૂઆત કરી. તેઓ વેદમાં ભારતનો પ્રાથમિક ઇતિહાસ, ભારતનો પ્રાચીન સમાજ, સંસ્થાઓ; રૂઢિઓ, રીતરિવાજો, તે સમયની સંસ્કૃતિનું ચિત્ર—આ બધી વસ્તુઓની શોધ કરતા હતા. ભાષાઓની ભિન્નતાને આધારે તેમણે એક સિદ્ધાંત શોધી કાઢયો કે ઉત્તરમાંથી આર્યોએ દ્રાવિડિયન ભારત ઉપર આક્રમણ કર્યું હતું. પણ ભારતીયોને તેવી કોઈ સ્મૃતિ નથી, તેવી કોઈ પરંપરા નથી, તેમનાં મહાકાવ્યોમાં અથવા કલાસિકલ સાહિત્યમાં તેવા આક્રમણનો કયાંય ઉલ્લેખ સરખો જડતો નથી. તેમના સિદ્ધાંત પ્રમાણે, વૈદિક ધર્મમાં માત્ર પ્રકૃતિ-દેવોની પૂજા હતી, સૂર્ય સંબંધી પુરાણકથાઓ હતી, તે પૂજા યજ્ઞો દ્વારા થતી, તેમાં યજ્ઞવિધિની કવિતા માત્ર છે, અને તેમાંના વિચારો અને સામગ્રી એટલી બધી પ્રાથમિક અવસ્થાનાં છે કે આપણે તેમને જંગલી અવસ્થાના લોકોની પ્રાર્થનાઓ કહી શકીએ. જેને માટે અતિશયોકિત ભરી પ્રશંસા કરવામાં આવે છે, જેને પવિત્રતાનો અંચળો ઓઢાડવામાં આવ્યો છે, જેને ધર્મગ્રંથ તરીકે વર્ણવવામાં આવે છે, તે વેદમાં આ વસ્તુ-સામગ્રી આપણને જોવા મળે છે.

શરૂ શરૂમાં સૂર્ય-ચન્દ્ર-આકાશ-પૃથ્વી-વાયુ-વર્ષા-તુફાન-પવિત્ર નદીઓ પ્રકૃતિનાં કાર્યોના અધિષ્ઠાતા દેવો, આ ભૌતિક જગતની શકિતઓની પૂજા થતી હતી, તેમાં શંકાને સ્થાન નથી. પ્રાચીન ગ્રીસમાં, રોમમાં, ભારતમાં પ્રાચીન લોકો તે પ્રકારે પ્રાચીન પૂજા કરતા, તે હકીકત છે. પણ તે બધા દેશોમાં આ દેવો ધીમે ધીમે ઉચ્ચતર માનસશાસ્ત્રીય કાર્ય કરવા લાગ્યા. વેદમાં જેને દ્યૌસ્ કહે છે, તે આકાશ-દેવને ગ્રીસમાં જિસસ કહે છે. તેમના મસ્તકમાંથી પ્રગટેલી જવાળાઓમાંથી નીકળેલી પેલાસ એથિની પ્રારંભમાં ઉષાદેવી હશે. કલાસિકલ ગ્રીસમાં તેના કાર્યને આધ્યાત્મિક રૂપ આપવામાં આવ્યું. રોમન લોકોએ તેનું તાદાત્મ્ય મિનર્વા સાથે—જ્ઞાનની દેવી સાથે કર્યું. તેવી રીતે ભારતમાં નદી-દેવી સરસ્વતી જ્ઞાન-કળા-કૌશલની દેવી બની ગઈ. બધા ગ્રીક દેવતાઓ આ દિશામાં પરિવર્તન પામ્યા છે. સૂર્ય-દેવ એપોલો કવિતા અને ભાવિ કથનના દેવ બની ગયા છે; અગ્નિદેવ હેફાએસ્ટસ દિવ્ય લુહાર—પરિશ્રમના દેવ બની ગયા છે. ભારતમાં આ પ્રક્રિયા અધવચ બંધ પડી. વૈદિક દેવોનાં માનસશાસ્ત્રીય કાર્યો વિકસ્યાં, પણ તેમનું બાહ્ય રૂપ જેવું હતું તેવું જ નિશ્ચિત રહ્યું; ઉચ્ચતર અર્થો માટે તેમને સ્થાને નવા દેવો આવ્યા. પૌરાણિક દેવોએ તેમનું સ્થાન લીધું, પણ તે દેવોનો વિકાસ વૈદિક દેવોમાંથી જ થયો હતો, જો કે તેમને વધારે વિશાલ, વૈશ્વિક કાર્ય કરવાનું ભાગમાં આવ્યું હતું. દાખલા તરીકે વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મા કે જે વેદના બૃહસ્પતિ અથવા બ્રહ્મણસ્પતિમાંથી વિકસ્યાં છે, શિવ, લક્ષ્મી અને દુર્ગા. આ રીતે ભારતમાં દેવોનું પરિવર્તન સમૂળું કે તદ્દન પરિપૂર્ણ થયું ન હતું; પહેલાંના દેવો પુરાણોના ઊતરતી પંકિતના દેવો બન્યા. આનું મુખ્ય કારણ એ હતું કે ઋગ્વેદ ટકી રહ્યો હતો, જેમાં તે દેવોનાં માનસશાસ્ત્રીય તથા બાહ્ય કાર્યોનું વર્ણન સાથે સાથે અને ભારપૂર્વક કરવામાં આવ્યું હતું. ગ્રીસના તથા રોમના દેવોનાં મૌલિક તત્ત્વોનું વર્ણન કરતું કોઈ સાહિત્યિક પુસ્તક પ્રાચીન કાળમાં ન હતું.

આ પરિવર્તન થવાનું સ્પષ્ટ કારણ એ હતું કે તે પૂર્વકાળના લોકોનો સાંસ્કૃતિક વિકાસ થયો હતો. જેમ જેમ તેઓએ સંસ્કૃતિમાં પ્રગતિ સાધી તેમ તેમ તેમનું ધ્યાન ભૌતિક જીવન પરથી વધારે ને વધારે માનસિક જીવન પર કેન્દ્રિત બન્યું, તેમને તેમના ધર્મની તથા દેવોની સૂક્ષ્મ બાજઓનો અર્થ સમજવાની—ઘટાવવાની જરૂર લાગી, જે બાજુઓ તેમના ખૂબ માનસિક બનેલા ખ્યાલોને તથા રસોને સંતોષી શકે, તેમને માટે સાચા આધ્યાત્મિક જીવનને તથા કેટલાક દેવોની આકૃતિઓને આધાર રૂપે લાવી આપી શકે, જેમને તેઓ મંજૂર રાખી શકે. પણ આ પૂર્વની સંસ્કૃતિઓ પર જેમની પ્રબળ અસર હતી તેવા ગૂઢવાદી મર્મીઓએ આ વધારે ઊંડાણવાળા વલણને નક્કી કરવામાં વધારેમાં

વધારે મહાન ભાગ ભજવ્યો હતો. લગભગ સર્વત્ર ગૂઢ રહસ્યોનો તે યુગ હતો, જેમાં ગહનતર જ્ઞાનવાળા તથા આત્મવિદ્યાવાળા લોકોએ તેમના આચારોને, અર્થપૂર્ણ વિધિઓને, પ્રતીકોને, પ્રાથમિક બાહ્ય ધર્મોની અંદર તથા તેમની કિનારીઓ ઉપર રહેલી ગૂઢ વિદ્યાને સ્થાપિત કર્યાં હતાં. જુદા જુદા દેશોમાં તે વસ્તુઓએ જુદાં જુદાં સ્વરૂપો ધારણ કર્યાં. ગ્રીસમાં ઑર્ફિક અને એલ્યુસિનિયન રહસ્યો હતાં; ઈજિપ્તમાં તથા કેલ્ડિયામાં પુરોહિતો, તેમની ગૂઢ વિદ્યા તથા જાદુ હતાં; ઈરાનમાં મેજાઈ હતા, ભારતમાં ઋષિઓ હતા. આ ગૂઢવાદીઓનો મુખ્ય વ્યવસાય આત્મજ્ઞાન તથા ગહનતર વિશ્વજ્ઞાન હતું. તેમણે શોધી કાઢયું હતું કે માનવના બાહ્ય જીવનની સપાટીની પીઠમાં એક ગહનતર આત્મા—આંતરિક સત્ત્વ રહેલું છે, જેને શોધી કાઢવું તે તેનો પરમ પુરુષાર્થ હતો. 'તારી જાતને પિછાન' એ તેમનો મહાન ઉપદેશ હતો, જેવી રીતે ભારતમાં આત્મજ્ઞાન એ મહાન આધ્યાત્મિક જરૂરિયાત બની રહી હતી, માનવ માટે ઉચ્ચતમ લક્ષ્ય બની રહ્યું હતું. વિશ્વની પીઠમાં, તેનાં બાહ્ય દૃશ્યોની પીઠમાં, તેમને એક સત્ય, એક વાસ્તવિકતા જડી હતી; અને તેને શોધી કાઢવી, તેનું અનુસરણ કરવું, તેનો સાક્ષાત્કાર કરવો તે તેમની મહાન અભીપ્સા હતી. તેમણે પ્રકૃતિનાં રહસ્યોને તથા શકિતઓને શોધી કાઢયાં, જે ભૌતિક જગતનાં ન હતાં, પણ જે ભૌતિક જગત તથા તેની વસ્તુઓ પર ગૂઢ પ્રભુત્વ સ્થાપવા માટે સામર્થ્ય ધરાવતાં હતાં. આ ગૂઢ જ્ઞાનની તથા શકિતની પદ્ધતિની રચના કરવી તે પણ તેમનો એક પ્રબળ વ્યવસાય બની ગયો. પણ આ બધું એક કઠિન, સાવધાન તાલીમ દ્વારા, સાધના દ્વારા, સ્વભાવના શુદ્ધીકરણ દ્વારા જ સિદ્ધ થઈ શકે તેમ હતું. સામાન્ય માણસ માટે તે અસાધ્ય હતું. જો માણસ કડક કસોટી અને તાલીમ વગર જ આ વસ્તુઓમાં પ્રવેશ કરે, તો તેથી તેને પોતાને તથા બીજાઓને માટે બહુ મોટું જોખમ ઊભું થાય; તે જ્ઞાન તથા શકિતઓનો દુરુપયોગ થાય, તેની ગેરસમજ થાય, તેને ઋતમાંથી અનૃતનું સ્વરૂપ અપાય, તે ઈષ્ટમાંથી અનિષ્ટ બની જાય. એટલે તે ગૂઢ વિદ્યા રહસ્ય રૂપે સાચવવામાં આવતી, ગુરુ-શિષ્યની પરંપરા દ્વારા જ, પડદા પાછળ, તે જ્ઞાનને આપવામાં આવતું. પ્રતીકોનો એક પડદો રચવામાં આવ્યો, જેમની પાછળ આ ગૂઢ રહસ્યો સુરક્ષિત બનીને રહી શકે; વાણીની એવી ફોર્મ્યુલાઓનું નિર્માણ થયું કે જેમને માત્ર દીક્ષિતો જ સમજી શકે, જ્યારે બીજા લોકો કાં તો તેમને સમજી જ ન શકે અથવા તો માત્ર બાહ્ય અર્થમાં જ સમજી શકે; તે ફોર્મ્યુલાઓ અને પ્રતીકો તે જ્ઞાનના સાચા અર્થને તથા રહસ્યને કાળજીપૂર્વક ગુપ્ત રાખતાં. સર્વત્ર ગૂઢવાદ આ રીતે પ્રવર્ત્યો હતો.

ભારતમાં પ્રાચીન કાળથી એ પરંપરાગત માન્યતા ચાલી આવે છે કે

વેદના ઋષિઓ, દ્રષ્ટા-કવિઓ આ પ્રકારના, મહાન આધ્યાત્મિક જ્ઞાનવાળા, ગૂઢ વિદ્યાના જાણકારો હતા, જે જ્ઞાન સામાન્ય માણસ પાસે ન હતું, તેઓ ગુપ્ત દીક્ષા આપીને પોતાના પસંદ કરેલા શિષ્યોને તે જ્ઞાન તથા શકિતઓ પ્રદાન કરતા. એમ માનવું કે આ પરંપરા પાયા વગરની છે, શૂન્યમાં એકદમ અથવા ધીમે ધીમે પ્રગટ થયેલો વહેમ છે, તેના પાયામાં કશું જ નથી — એ તર્કયુકત નથી. ગમે તેટલો સ્વલ્પ, ગમે તેટલી પુરાણકથાઓના તત્ત્વથી સદીઓ સુધી જેમાં ઉમેરાનું મિશ્રણ થયું હોય તેવો, પણ કોઈક પાયો તો આ પરંપરાને હોવો જ જોઈએ. જો આ વાત સાચી હોય, તો ઋષિઓએ પોતાના ગૂઢ જ્ઞાનને, ઓછે-વત્તે અંશે પણ, સૂકતોમાં વ્યકત કરેલું હોવું જોઈએ, તેમની કવિતામાં તે ગૂઢ વિદ્યા થોડા ઘણા પ્રમાણમાં પણ વ્યકત થયેલી હોવી જોઈએ— પછી ભલે તે તત્ત્વને તેમણે ગૂઢ ભાષામાં પ્રતીકોની પદ્ધતિમાં સારી રીતે ગુપ્ત રાખ્યું હોય; અને જો તે તત્ત્વ સૂકતોમાં વિદ્યમાન હોય, તો તેને જરૂર શોધી કાઢી શકાય. એ વાત ચોક્કસ છે કે પ્રાચીન ભાષાએ, અત્યારે નહિ વપરાતા શબ્દોએ—યાસ્ક ચારસો કરતાં વધારે શબ્દોને એવા ગણાવે છે કે જેમનો અર્થ પોતે જાણતા ન હતા—, કઠિન અને વપરાતી બંધ થઈ ગયેલી ભાષા-શૈલીએ સૂકતોના અર્થને દુર્બોધ બનાવવામાં મદદ કરી છે. પાછળની પેઢીઓ માટે મંત્રો દુર્બોધ બની ગયા, કારણ કે તે પ્રતીકોના અર્થને—જે પ્રતીકોના અર્થને ઋષિઓએ ગુપ્ત રાખ્યો હતો — તે પેઢીઓ ગુમાવી બેઠી હતી. ઉપનિષત્કાલમાં પણ આધ્યાત્મિક સાધકોને તેમના ગૂઢ જ્ઞાનમાં પ્રવેશ મેળવવા માટે દીક્ષા લેવી પડતી, ધ્યાનસાધના કરવી પડતી હતી. પાછળના વિદ્વાનો માટે તો તે અર્થ સમજવો તે અશકય બની ગયું હતું, તેમને અનુમાનનો આશ્રય લેવો પડયો હતો, વેદના અર્થનો તેમણે માનસિક અર્થ જ માત્ર કાઢયો છે, અથવા તો બ્રાહ્મણોની પુરાણકથાઓની મદદથી તેમણે વેદનું અર્થઘટન કરવા પ્રયત્ન કર્યો છે, કે જે બ્રાહ્મણો પોતે જ ઘણી વાર પ્રતીકબળ અને ગૂઢાર્થવાળા છે. પણ વેદનો સાચો અર્થ અને સાચું મૂલ્ય પ્રાપ્ત કરવા માટે તે પ્રતીકોના મર્મને પ્રાપ્ત કર્યા સિવાય—શોધી કાઢયા સિવાય બીજો કોઈ માર્ગ નથી. આપણે યાસ્કના સૂચનનો ગંભીરતાપૂર્વક સ્વીકાર કરવો જોઈએ, ઋષિઓએ વેદને 'ઋષિ-વાણી' રૂપે વર્ણવ્યો છે તે સ્વીકારવું જોઈએ, અને આ પ્રાચીન જ્ઞાનની જે કોઈ ચાવી મળે તે શોધી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ. નહિ તો વેદ હમેશને માટે એક સીલ મારેલો, બંધ રહેલો ગ્રંથ રહેશે. વૈયાકરણિઓ, શબ્દ-વ્યુત્પત્તિકારો, વિદ્વત્તાપૂર્ણ અનુમાનો આપણને તે બંધ દ્વારવાળા ખંડમાં પ્રવેશ નહિ કરાવી શકે.

વેદની પ્રાચીન ઋચાઓમાં રહસ્યમય જ્ઞાન તથા ગૂઢ વિદ્યા છે — એવી

પરંપરાગત માન્યતા તો વેદ જેટલી જૂની છે, એ એક હકીકત છે. વેદના ઋષિઓ માનતા હતા કે તેમના મંત્રો ચેતનાની ઉચ્ચતર ગૂઢ ભૂમિકાઓમાંથી આવેલી પ્રેરણા વડે રચાયા હતા, તેમાં ગૂઢ વિદ્યા રહેલી છે. જે માણસ પોતે દ્રષ્ટા કે ગૂઢવાદી મર્મી હોય, તે જ વેદના શબ્દોનો સાચો અર્થ જાણી શકે, બીજાઓ પાસેથી મંત્રો પોતાના ગૂઢ જ્ઞાનને પાછું ખેંચી લે છે. ૪, ૩, ૧૬માં વામદેવઋષિ પોતાને એક પ્રકાશ-પ્રાપ્ત ઋષિ તરીકે વર્ણવે છે, જે પોતાનાં વિચાર-વાણી દ્વારા માર્ગદર્શક શબ્દોને વ્યકત કરે છે, અને તે શબ્દો 'ગૂઢ શબ્દો' છે (निन्या वचांसि) એમ કહે છે, 'તે કવિજ્ઞાન કવિને જ પોતાનો આંતર અર્થ પ્રગટ કરે છે' (काव्यानि कवये निवचना). દીર્ઘ તમસ્ ઋષિ કહે છે કે વેદના મંત્રો 'પરમ, અવિનાશી, સનાતન વ્યોમમાં રહે છે કે જ્યાં દેવોનાં ધામ છે.' પછી તે ઉમેરે છે કે જે તે તત્ત્વને જાણતો નથી, તેને વેદોથી શો ફાયદો થવાનો છે? (૧, ૧૬૪, ૩૯.) પછી તે જેમાંથી વાણી પ્રગટ થાય છે તે ચાર ભૂમિકાઓનો ઉલ્લેખ કરે છે; તેમાંની ત્રણ ભૂમિકાઓ રહસ્યમાં નિગૂઢ છે અને ચોથી માનવીની વાણીની ભૂમિકા છે, જેમાંથી સામાન્ય શબ્દ પ્રગટ થાય છે; પણ વેદનો શબ્દ તથા વિચાર ઊર્ધ્વની ભૂમિકાઓના છે (૧, ૧૬૪, ૪૬). ૧૦, ૭૧માં વેદના શબ્દને વાણીનું પરમ ઉચ્ચતમ શિખર કહ્યો છે, ઉત્કૃષ્ટ અને તદ્દન દોષરહિત વર્ણવવામાં આવ્યો છે; તે રહસ્યમાં નિગૂઢ છે અને ત્યાંથી આવિર્ભૂત થાય છે. સત્યના દ્રષ્ટા ઋષિઓમાં તેણે પ્રવેશ કર્યો છે, અને તેમની વાણીના માર્ગનું અનુસરણ કરવાથી તે જડે છે. પણ બધા માણસો તેના ગૂઢ અર્થને સમજી શકતા નથી. જે તેના આંતર અર્થને જાણતા નથી, તેઓ દેખતા છતાં આંધળા છે, સાંભળતા છતાં બહેરા છે. કોઈક વિરલ પુરુષની સમક્ષ, તેની કામના કરતી વાણી, સુંદર વસ્ત્રો પહેરેલી પ્રિયતમાની પેઠે, પોતાના દેહને ખુલ્લો કરે છે. બીજાઓ વેદની ગાયના શબ્દરૂપી દૂધનું સ્થિરતાપૂર્વક પાન કરવા અસમર્થ હોય છે; તેઓ દૂધ વગરની ગાય સાથે જેમ ગોવાળિયો વિચરે, તેમ માત્ર શબ્દની સાથે વિચરે છે; તેમને માટે વેદરૂપી વૃક્ષ, ફળ કે ફૂલ આપતું નથી. આ વિચાર સ્પષ્ટ અને નિશ્ચિત છે; તેમાંથી ફલિત થાય છે કે જ્યારે ઋગ્વેદ રચાયો ત્યારે પણ એમ માનવામાં આવતું હતું કે તેની ઋચાઓમાં ગૂઢ અર્થ હતો કે જેને સામાન્ય લોકો સમજવા માટે અસમર્થ હતા. પવિત્ર સૂકતોમાં ગૂઢ આધ્યાત્મિક જ્ઞાન હતું, અને એમ કહેવામાં આવ્યું છે કે તે જ્ઞાન દ્વારા જ માણસ સત્યને જાણી શકે છે અને ઉચ્ચતર જીવનમાં આરોહણ કરી શકે છે. આ માન્યતા પાછળથી પરંપરા રૂપે પ્રગટી નથી; પણ બધા ઋષિઓ—ખાસ કરીને દીર્ઘતમસ્ અને વામદેવ જેવા મહાનમાં મહાન ઋષિઓ પણ તે માન્યતા ધરાવતા હતા.

ત્યારે એટલું તો નક્કી થયું કે એ પરંપરાગત માન્યતા પહેલેથી હતી, અને વેદના સમય પછી પણ તે ચાલુ રહી હતી. યાસ્ક વેદના અર્થઘટનની અનેક શાખાઓનો ઉલ્લેખ કરે છે. યજ્ઞવિધિપરક, ઐતિહાસિક અથવા પુરાણકથા-પરક, વૈયાકરણિઓ અને શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓનું અર્થઘટન, તાર્કિક લોકોનું અર્થઘટન, આધ્યાત્મિક અર્થઘટન—એમ અનેક પ્રકારનાં અર્થઘટનોની યાસ્કે વાત કરી છે. યાસ્ક પોતે કહે છે કે જ્ઞાન ત્રણ પ્રકારનું હોય છે, અને એટલે વૈદિક સૂક્તોના અર્થ પણ ત્રિવિધ છે: (૧) યજ્ઞવિધિપરક, (૨) આધિવૈદિક અને (૩) આધ્યાત્મિક. પણ છેલ્લા પ્રકારનો ત્રીજો અર્થ તે સાચો અર્થ છે; જ્યારે તે પ્રાપ્ત થાય છે ત્યારે બીજા બે પ્રકારના અર્થોનો લોપ થાય છે. આ આધ્યાત્મિક અર્થ તારે છે; બીજા બધા અર્થો બાહ્ય અને ગૌણ છે. યાસ્ક આગળ કહે છે કે ઋષિઓએ આંતર-દર્શના વડે સીધી રીતે સત્યનો, વસ્તુઓના સાચા નિયમનો સાક્ષાત્કાર કર્યો હતો. પાછળથી વેદના આંતર—અર્થના જ્ઞાનનો લોપ થયો, અને ઋષિઓએ શિષ્યોને દીક્ષા આપીને, તે અર્થ-પ્રદાન વડે, તે અર્થને બચાવી રાખ્યો. પાછળથી નિયુકત અને બીજાં વેદનાં અંગો દ્વારા, વેદના અર્થને શોધી કાઢવા માટે, બાહ્ય અને માનસિક ઉપાયોને વાપરવા પડયા. યાસ્ક આગળ કહે છે કે છતાં પણ વેદનો સાચો અર્થ તો ધ્યાન અને તપ વડે જ પ્રાપ્ત થઈ શકે છે; જેઓ તે સાધનોનો ઉપયોગ કરી શકે છે, તેમને આ જ્ઞાનની પ્રાપ્તિ માટે બાહ્ય સાધનોની જરૂર પડતી નથી. આ વાત તદ્દન સ્પષ્ટ અને નિશ્ચયાત્મક છે.

ભારતીય સંસ્કૃતિ, ભારતનો ધર્મ, તેનું તત્ત્વચિંતન, તેની સભ્યતા વેદમાં રહેલા ગૂઢવાદી તત્ત્વમાંથી ઊતરી આવ્યાં છે, તેવી પરંપરાગત માન્યતા ઐતિહાસિક હકીકતો સાથે વધારે સુસંગત છે; યુરોપીય વિદ્વાનો તે વાત સ્વીકારતા નથી તે તેમની ભૂલ છે. ઓગણીસમી સદીના યુરોપીય વિદ્વાનો ભૌતિકવાદી તર્કવાદી જમાનામાં લખી રહ્યા હતા, અને તેથી તે એમ માનતા હતા કે પ્રાથમિક અવસ્થાના જંગલીપણામાંથી અથવા અર્ધજંગલીપણામાંથી આર્યજાતિના ઇતિહાસે પોતાનો વિકાસ સાધ્યો છે! તે અવસ્થામાં તેમનું સામાજિક જીવન અસંસ્કૃત હતું, તેમનો ધર્મ સ્થૂલ હતો, તેમાં અનેક વહેમોનું જાળું વ્યાપી રહેલું હતું. તે અવસ્થામાંથી બાહ્ય સંસ્કૃત સંસ્થાઓ, રીતરિવાજો, ટેવો ધીમે ધીમે વિકસ્યાં અને પરિણામે બુદ્ધિનો, તર્કનો, કળાનો, તત્ત્વચિંતનનો, વિજ્ઞાનનો, વાસ્તવવાદી સ્પષ્ટતર બુદ્ધિનો ક્રમિક વિકાસ થયો. આ વિચારસરણી સાથે વેદ વિષેનો પ્રાચીન ખ્યાલ સુસંગત થતો નથી; તે પ્રાચીન ખ્યાલને એક પ્રકારનો પ્રાચીન વહેમ, પ્રાથમિક અવસ્થાની ભૂલ ગણી કાઢવામાં આવી. પણ અત્યારે આપણે આર્યજાતિના વિકાસનો વધારે સાચો ખ્યાલ કરી શકીએ તેમ છીએ. પ્રાચીન,

પ્રાથમિક અવસ્થાની સંસ્કૃતિઓમાં પાછળથી થનાર વિકાસનાં તત્ત્વો બીજરૂપે હાજર હતાં; પણ તેમના તે સમયના ઋષિઓ વૈજ્ઞાનિકો ન હતા, તત્ત્વચિંતકો ન હતા, ઉચ્ચ તર્કયુકત બુદ્ધિવાળા ન હતા પણ તેઓ ગૂઢવાદી મર્મીઓ હતા, રહસ્યવિદો હતા, ધર્મના સંશોધકો હતા; તેઓ વસ્તુઓની પીઠમાં રહેલા ગૂઢ સત્યના શોધકો હતા — બાહ્ય જ્ઞાનના નહિ. વૈજ્ઞાનિકો અને તત્ત્વચિંતકો તો પાછળથી આવ્યા; તેમની પહેલાં ગૂઢવાદીઓ હતા, પાયથેગોરાસ અને પ્લેટોની પેઠે તેઓ પોતે રહસ્યવાદી મર્મીઓ હતા, પોતાના ઘણા વિચારો તેમણે ગૂઢવાદીઓ પાસેથી લીધા હતા. ભારતમાં ગૂઢવાદીઓની સંશોધનામાંથી તત્ત્વચિંતનનો પ્રાદુર્ભાવ થયો છે; તેમના આધ્યાત્મિક ઉદ્દેશોને તેણે જાળવી રાખ્યા છે, વિકસાવ્યા છે; તેમની પદ્ધતિઓમાંની કેટલીક વસ્તુઓ પાછળની ભારતીય અધ્યાત્મ-સાધનાઓમાં અને યોગમાં આપણને જોવા મળે છે. આ ઐતિહાસિક સત્ય સાથે વેદમાં રહેલા ગૂઢવાદી તત્ત્વની પરંપરાગત માન્યતા તદ્દન સુસંગત થાય છે, અને ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં તે કડી બરાબર બંધબેસતી થાય છે. વેદની પરંપરાગત માન્યતા કે તે ભારતીય સંસ્કૃતિનું મૂળ છે, સ્રોત છે, ઉદ્‌ગમસ્થાન છે, તે માત્ર જંગલી લોકોની યજ્ઞવિધિપરક પ્રાર્થનાઓ નથી, તે એક પરંપરા જ માત્ર નથી, પણ ઇતિહાસની વાસ્તવિક હકીકત છે.

પણ એ વાત સ્વીકારવામાં આવે કે સૂકતોમાં આધ્યાત્મિક જ્ઞાનનું ઉચ્ચ તત્ત્વ હાજર છે, કેટલાક મંત્રોમાં ઉચ્ચ વિચારો વ્યકત થયેલા છે, છતાં પણ એવી દલીલ કરી શકાય કે તે ભાગ બહુ સ્વલ્પ છે, મંત્રોનો મોટો ભાગ તો યજ્ઞવિધિપરક પ્રાર્થનાઓ છે, દેવોની પ્રાર્થનાઓ છે, જેમની દ્વારા તે દેવો યજમાનોને ભૌતિક વરદાનો—પુષ્કળ ગાયો, અશ્વો, વીરો, પુત્રો, અન્ન, દરેક પ્રકારની સંપત્તિ, રક્ષણ, યુદ્ધમાં જય આપે, આકાશમાંથી વૃષ્ટિને વરસાવે, વાદળોમાંથી અથવા રાત્રિની પકડમાંથી સૂર્યને મુકત કરે, સાત નદીઓને મુકત રીતે વહેવરાવે, દસ્યુઓ (અથવા દ્રાવિડિયનો) પાસેથી ગાયો પાછી અપાવે, અને બીજાં ભૌતિક વરદાનો પ્રદાન કરે; ઉપરચોટિયા દૃષ્ટિએ યજ્ઞો કરવા પાછળ આ જ ઉદ્દેશ હોય એમ લાગે છે. જો એ માની લેવામાં આવે, તો ઋષિઓમાં ભલે કંઈક આધ્યાત્મિક કે ગૂઢવાદી જ્ઞાન હોય, પણ છતાંયે તેમના સમયના બીજા લોકોના મન પર જે વસ્તુઓનો પ્રભાવ હતો તેમની તેઓ પણ માગણી કરતા, અને તેમનો દોર તેમના ઉપર પણ પ્રબળ હતો. આ બે વસ્તુઓને તેમણે તેમનાં સૂકતોમાં મિશ્રિત કરી દીધી છે, અને પરિણામે યજ્ઞપરક અર્થઘટન કરનાર લોકોને જે વિચિત્ર પ્રકારની અસ્પષ્ટતાનો તથા વિચારોના—અર્થોના શંભુમેળાનો વેદમાં સામનો કરવો પડયો છે, તેનું તે કારણ બન્યું હોય. તેથી ઊલટું, જો મહાન અંશમાં ઉચ્ચ વિચારનું તત્ત્વ સ્પષ્ટપણે દેખાય તેવો અર્થ

કરી શકાય, જો મોટી સંખ્યાનાં સૂકતોમાં રહસ્યમય ગૂઢવાદી અર્થવત્તા છે એવું સિદ્ધ કરી શકાય, અને જો યજ્ઞવિધિની બાહ્ય વિગતો પ્રતીકો જ માત્ર છે કે જેમને બધા ગૂઢવાદીઓ બધા દેશોમાં, એક યા બીજે રૂપે, વાપરતા હતા તેવું સાબિત કરી શકાય, જો સૂકતોમાં જ આંતર—અર્થની વાતનું સૂચન મળી શકે અથવા તેવો અર્થ છે તેવું સ્પષ્ટ વિધાન મળી શકે, તો બધી વાત તદ્દન પલટાઈ જાય છે. તો પછી આપણી સમક્ષ ગૂઢવાદીઓનો, દ્વિ-અર્થી, એક મહાન ધર્મગ્રંથ ઉપસ્થિત થાય છે, જેનો એક અર્થ બાહ્ય છે અને બીજો અર્થ આંતર તથા આધ્યાત્મિક છે, પ્રતીકો પોતે પણ અર્થ-સભર બની જાય છે અને આંતર—અર્થઘટનનો એક ભાગ બની જાય છે, રહસ્યમય જ્ઞાનનું એક તત્ત્વ બની જાય છે. કદાચ થોડાંક સૂકતોના અપવાદને બાદ કરીએ, તો સમગ્ર ઋગ્વેદ, તેના આંતર-અર્થમાં, આવો જ ધર્મગ્રંથ બની જાય છે. સાથે સાથે બાહ્ય અર્થ એક અંચળો કે બુરખો માત્ર નથી; ઋષિઓ વેદના મંત્રોને શકિતશાળી વાણી માનતા, જે માત્ર આંતરિક જ નહિ પણ બાહ્ય વસ્તુઓ ઉપર પણ આશ્ચર્ય-કારક કાબૂ ધરાવતી, તદ્દન આધ્યાત્મિક શાસ્ત્ર માત્ર આધ્યાત્મિક અર્થોની જ દરકાર રાખે; પણ પ્રાચીન ગૂઢવાદીઓ મર્મીઓ-રહસ્યવિદો પણ હતા; તેઓ માનતા કે આંતરિક સાધનો દ્વારા બાહ્ય તેમજ આંતરિક પરિણામો સિદ્ધ કરી શકાય છે, વાણી તથા વિચારને એ રીતે પ્રયોજી શકાય કે જેને લઈને દરેક પ્રકારની સિદ્ધિ મળી શકે—વેદની ભાષામાં કહીએ, તો માનુષી તથા દૈવી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે.

પણ વેદમાં આવા આંતરિક અર્થનો સમૂહ કયાં છે ? જો આપણે ઋષિઓએ વાપરેલા શબ્દોનો તથા ફોર્મ્યુલાઓનો સતત અને સીધોસટ અર્થ કરીએ, તેમના સિદ્ધાંતની ઇમારતની અધારશિલાઓ રૂપ ચાવી રૂપ શબ્દોના મર્મને પકડીએ તો તે આંતરિક અર્થ જડી શકે તેમ છે. એવો એક મહાન શબ્દ છે ऋतम्, સત્ય. ગૂઢવાદીઓની શોધની કેન્દ્રસ્થ વસ્તુ હતી સત્ય, આધ્યાત્મિક અથવા આંતર સત્ય, આપણામાં રહેલું સત્ય, વસ્તુઓમાં રહેલું સત્ય, જગતનું તથા દેવોનું સત્ય, આપણે જે છીએ અને વસ્તુઓ જે છે તેની પીઠમાં રહેલું સત્ય. યજ્ઞ-પરક અર્થઘટનમાં ભાષ્યકારે અનુકૂળ પડે તેમ સ્વેચ્છાપૂર્વક તે શબ્દના અનેક અર્થો કર્યા છે—સત્ય, યજ્ઞ, જલ, ગયેલું, અન્ન વગેરે. જો આપણે આમ વર્તીએ તો વેદનો નિશ્ચિત અર્થ કદી પ્રાપ્ત ન કરી શકીએ. પણ જો આપણે સતત એક જ 'સત્ય' એ શ્રેષ્ઠ નિશ્ચિત અર્થ કરીશું, તો આશ્ચર્યકારક સુસ્પષ્ટ પરિણામ પ્રગટશે. જો વેદના બીજા મુખ્ય શબ્દો સાથે આપણે એ પ્રકારનો જ વર્તાવ કરીશું, તેમનો સામાન્ય સ્વાભાવિક, સીધોસટ અર્થ બધે જ કરીશું, જો આપણે તે શબ્દોના અર્થો સાથે વાનરવેડા નહિ કરીએ, જો તેમનો યજ્ઞપરક અર્થ

કરવાનો પૂર્વગ્રહ લઈને નહિ બેસીએ, જો આપણે શ્રવસ્ ક્રતુ જેવો અગત્યના શબ્દોનો તેમનો માનસશાસ્ત્રીય અર્થ કરીશું—અને કેટલાક મંત્રોમાં તો તે અર્થ નિ:શંકપણે સ્પષ્ટ જ હોય છે, દાખલા તરીકે જ્યારે વેદ અગ્નિને क्रतुर्हृदि વર્ણવે છે ત્યારે,— તો આ પરિણામ વધારે સ્પષ્ટ, વિસ્તૃત અને વ્યાપક બનશે. વળી જો આપણે ખૂબ પ્રમાણમાં મળી રહેલાં સૂચનોને અનુસરીશું, ઋષિઓ પોતે—પોતે વાપરેલાં પ્રતીકોના આંતર—અર્થનું સ્પષ્ટ વિધાન કરે છે ત્યારે જો આપણે તે સ્વીકારી લઈશું, તે જ અર્થમાં અર્થપૂર્ણ કથાનકોને તથા આકૃતિઓને સમજીશું, દાખલા તરીકે વૃત્ર તથા તેની શકિતઓ રૂપી વૃત્રો સાથેના યુદ્ધમાં વિજય, સૂર્યની પુન: પ્રાપ્તિ, જલોની પ્રાપ્તિ, પણિઓ અથવા દસ્યુઓ પાસેથી ગાયોની પુન: પ્રાપ્તિ તો સમગ્ર ઋગ્વેદ આપણી સમક્ષ આધ્યાત્મિક, આંતરિક, ગૂઢવાદી સિદ્ધાંતોના તથા આચાર-પદ્ધતિઓના સમૂહરૂપે આવિર્ભૂત થશે, કે જે સિદ્ધાંતો તથા વિધિઓ કોઈ પણ દેશના પ્રાચીન ગૂઢવાદીઓએ આપ્યાં હોત, પણ જે આપણને અત્યારે માત્ર વેદમાં જ વિદ્યમાન રહેલાં જોવા મળે છે. હેતુપૂર્વક તેમને આવરણ વડે આચ્છાદિત કરવામાં આવ્યાં છે, પણ પ્રથમ દૃષ્ટિએ આપણે ધારી લઈએ તેવું તે આવરણ ગાઢ નથી; આપણે માત્ર આપણી આંખોનો ઉપયોગ કરવાનો છે અને તે આવરણ હટી જશે; શબ્દનો દેહ—સત્ય આપણી સમક્ષ ખડું થશે.

વેદમાંની ઘણી પંકિતઓ, અનેક સમગ્ર સૂકતોમાં ગૂઢવાદી અર્થ સ્પષ્ટ જણાઈ આવે છે; સ્પષ્ટ રીતે તે ગૂઢ પ્રકારની વાણી છે, તેમનો આંતરિક અર્થ છે. જ્યારે ઋષિ અગ્નિ વિષે કહે છે કે તે ઋતનો, પોતાના ઘરમાં જ પ્રકાશતો, પ્રકાશયુકત રક્ષક છે; અથવા જ્યારે તે મિત્ર તથા વરુણ અને બીજા દેવો માટે કહે છે કે તે ઋતના સ્પર્શવાળા છે, ઋતમાં વૃદ્ધિ કરે છે, ઋતમાંથી જન્મેલા છે, ત્યારે તે ગૂઢવાદી કવિના શબ્દો છે, પહેલાંના ઋષિઓ જેને શોધતા હતા તે, વસ્તુઓની પીઠમાં રહેલા આંતર—સત્યનો તે ગૂઢવાદી કવિ વિચાર કરે છે. તે બાહ્ય અગ્નિતત્ત્વની અધિષ્ઠાત્રી-શકિતનો અથવા તો યજ્ઞના અગ્નિનો વિચાર તે વખતે કરતો ન હતો. જ્યારે તે સરસ્વતી વિષે એમ કહે છે કે તે ઋતના શબ્દોને પ્રેરનારી, સત્ય વિચારો પ્રત્યે જાગ્રત છે અથવા તે વિચાર વડે સમૃદ્ધિશાળી છે, તે ચેતના પ્રત્યે જાગ્રત થાય છે, તે આપણને મહાન સમુદ્ર પ્રત્યે જાગ્રત કરે છે, અને આપણા વિચારોને પ્રકાશિત કરે છે, ત્યારે તે ઋષિ સરસ્વતી નદી-દેવીનું ગાન કરતો હોતો નથી, પણ પ્રેરણાની નદીનું, ઋતના શબ્દનું, તેના પ્રકાશને આપણા વિચારોમાં લઈ આવતી, આપણામાં ઋતનું, આંતર-જ્ઞાનનું નિર્માણ કરતી, પ્રેરણાનું ગાન કરે છે. સતત રીતે દેવો તેમના માનસ-શાસ્ત્રીય કાર્યમાં આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે; યજ્ઞ એક

આંતર-કાર્યનું, માનવો તથા દેવો વચ્ચે થતા આંતર-વિનિમયનું પ્રતીક છે — જેમાં માનવ પોતાની પાસે જે કાંઈ છે તે દેવોને સમર્પિત કરે છે અને તેના બદલામાં દેવો તેને શકિતરૂપ અશ્વો, પ્રકાશરૂપ ગાયો, સામર્થ્યરૂપ વીર સેવકોનું પ્રદાન કરે છે — જે વીરો વૃત્રો, દસ્યુઓ, પણિઓ અંધકારનાં સૈન્યો સાથેના યુદ્ધમાં તેને વિજય અપાવે છે. જ્યારે ઋષિ કહે છે કે યુદ્ધના અશ્વ દ્વારા અથવા સામર્થ્યના શબ્દ દ્વારા, અમે બીજા માનવો કરતાં વધારે ચેતનાવાન બનીએ, ત્યારે તેના શબ્દોનો ગૂઢવાદી અર્થ છે અથવા તો તેમનો કોઈ સુસંગત અર્થ જ નથી. આ પુસ્તકમાં જેમનો અનુવાદ આપવામાં આવ્યો છે, તેમાં અનેક ગૂઢવાદી મંત્રો છે, આખાં સૂકતો છે, કે જે ગમે તેટલાં રહસ્યમય હોય છતાં પણ તેમનો—વેદના સાચા અર્થને ઢાંકી રાખતો, યજ્ઞમય બાહ્ય પ્રતીકોનો પડદો ચીરી નાખીને, સાચો અર્થ પ્રગટ થાય છે. ઋષિ કહે છે કે વિચારે અમારે માટે અમર્ત્યોમાં, મહાન દ્યુલોકમાં મર્ત્ય વસ્તુઓનું પોષણ કર્યું છે; તે કામધેનુ છે, જે પોતાનું દોહન કરીને અનેક રૂપોની સમૃદ્ધિનું નિર્માણ કરે છે. તે સમૃદ્ધિ અનેક પ્રકારની છે—ગાયો, અશ્વો, વગેરે, જેને માટે યજમાન પ્રાર્થના કરે છે. એ સ્પષ્ટ છે કે આ કાંઈ ભૌતિક સંપત્તિ નથી, તે એવી સંપત્તિ છે કે જે મંત્રોના રૂપમાં પ્રગટ થયેલો વિચાર જ આપી શકે છે, તે વિચારના જ પરિણામે અમર્ત્યોમાં મહાન દ્યુલોકમાં માનવી વસ્તુઓનું પોષણ થાય છે. અહીં ગૂઢ શબ્દોમાં દિવ્યીકરણની પ્રક્રિયાનું, મહાન પ્રકાશયુકત સમૃદ્ધિના અવતરણનું, આંતર-યજ્ઞ દ્વારા દેવો પાસેથી જિતેલા ખજાનાનું સૂચન કરવામાં આવ્યું છે; છતાં આ ગૂઢ શબ્દોને (निन्या वचांसि) વાંચવાની આવડતવાળા માટે, તેમનો અર્થ પૂરતો સ્પષ્ટ બની રહે છે (कवये निवचना). વળી બે સનાતન બહેનો, રાત્રિ અને ઉષા 'આપણાં પરિપૂર્ણ કાર્યોને યજ્ઞરૂપે વાણા-તાણામાં ગૂંથતી, આનંદ-યુકત વણતી, સ્ત્રીઓ સમાન છે. અહીં પણ ગૂઢવાદી શબ્દોનો ગૂઢવાદી અર્થ છે; પણ અહીં યજ્ઞના માનસ-શાસ્ત્રીય અર્થનું તદ્દન સ્પષ્ટ વિધાન છે, ગાય—બીજી માગવામાં આવતી સમૃદ્ધિ—મહાન ખજાનાની પ્રચુરતાઓનો સાચો અર્થ વ્યકત થાય છે.

ગુપ્તતાની ખાતર ઋષિઓને તેમના અર્થ ને પ્રતીકોમાં તથા પ્રતીકમય શબ્દોમાં આવૃત કરવાની જરૂર હતી, એટલે તેમણે દ્વિ-અર્થીપણાનો (શ્લેષનો) આશ્રય લીધો. સંસ્કૃત ભાષામાં એક શબ્દના અનેક અર્થો હોય છે, એટલે તેમને માટે એ પ્રયુકિત સહેલી હતી પણ અંગ્રેજી અનુવાદમાં તે અર્થને પ્રગટ કરવો તે કઠિન વાત છે. ઘણી વાર તો અશકય છે. गो શબ્દના બે અર્થ છે—ગાય અને પ્રકાશ અથવા પ્રકાશનું કિરણ. गोतम, વધારેમાં વધારે પ્રકાશયુકત; गविष्ठिर, પ્રકાશમાં સ્થિર વગેરે ઋષિઓનાં નામોમાં આ વાત સ્પષ્ટ જણાઈ

આવે છે. વેદમાં ગાયો સૂર્યનાં ધણ છે, જે ગ્રીક પુરાણ શાસ્ત્રમાં અને રહસ્યમાં આપણને જોવા મળે છે; તે સત્ય–પ્રકાશ–જ્ઞાનના સૂર્યનાં કિરણો છે. એ અર્થને બધા મંત્રોમાં લાગુ કરવાથી સુરાંગત અર્થ નીકળે છે. ઘૃત એટલે ઘી, જેનો ઉપયોગ યજ્ઞમાં થતો હતો. પણ ઘૃતનો અર્થ પ્રકાશ પણ થાય છે. ઘૃ ધાતુનો અર્થ 'પ્રકાશવું' થાય છે; તે અર્થમાં તે અનેક મંત્રોમાં વપરાય છે. આ રીતે સ્વર્ગના સ્વામી ઈન્દ્રના અશ્વોને પ્રકાશ–ઝરતા (घृतस्नु)[1] વર્ણવવામાં આવ્યા છે. ચોક્કસ તે દોડતા અશ્વોના શરીર પરથી ઘી ટપકતું હતું, તેવો અર્થ તો ન જ લઈ શકાય, જો કે યજ્ઞમાં બોલાવેલા ઈન્દ્રના અશ્વો માટેના અન્ન માટે જ્યારે તે વિશેષણ વપરાય ત્યારે તેવો અર્થ લાગુ પડી શકે. યજ્ઞની પ્રતીક મમતામાં ઘૃતના આ બે અર્થો સ્પષ્ટ દેખાઈ આવે છે. વિચારને અથવા વિચારને અભિવ્યકત કરતા શબ્દને શુદ્ધ ઘૃત સાથે સરખાવવામાં આવ્યો છે, દાખલા તરીકે घियं घृताचीम्, પ્રકાશયુકત બુદ્ધિ. આ ગ્રંથમાં જેનો અનુવાદ કરવામાં આવ્યો છે એવા એક સૂકતમાં, એક મંત્રમાં અગ્નિનું યજ્ઞના પુરોહિત તરીકે આવાહન કરવામાં આવ્યું છે, કે તે આવીને ઘી-ઝરતી બુદ્ધિ વડે આહુતિને પરિપૂર્ણ કરે. (घृतपृशा मनसा) અને ધામોને (ભૂમિકાઓને)—ત્રણ સ્વર્ગોને તથા દેવોને પ્રગટ કરે.[2] પણ આ ઘી-ઝરતું મન એટલે શું? પુરોહિત ઘી રેડવાથી કેવી રીતે દેવોને તથા ત્રણ સ્વર્ગોને પ્રગટ કરી શકે? પણ જો ગૂઢવાદી આધ્યાત્મિક અર્થ લેવામાં આવે, તો તરત સ્પષ્ટ થઈ જાય છે. ઋષિનો ભાવાર્થ આ છે -- પ્રકાશ રેડતું મન, પ્રકાશિત મનની સ્પષ્ટતાનો પરિશ્રમ; તે માનુષી પુરોહિત કે યજ્ઞનો અગ્નિ નથી, પણ આંતરજ્વાલા છે, ગૂઢ ઋષિ-સંકલ્પ છે (कविक्रतु) અને તે બેશક આ પ્રક્રિયા વડે દેવોને તથા અસ્તિત્વની સર્વ ભૂમિકાઓને પ્રગટ કરી શકે. આપણે યાદ રાખવું જોઈએ કે ઋષિઓ દ્રષ્ટાઓ તેમ જ જ્ઞાનીઓ હતા, તેઓ ધ્યાનમાં વસ્તુઓને પ્રતીકમય આકૃતિઓમાં જોઈ શકતા, તે પ્રતીકો અનુભૂતિની પહેલાં પણ દેખાય અથવા તેની સાથે સાથે પણ અનુભવાય, તે અનુભૂતિને તેઓ સ્થૂલ રૂપમાં મૂકી આપતા, તેની આગાહી કરતા, તેને ગૂઢ દેહ આકાર આપતા. એટલે તેમને માટે આંતર-અનુભૂતિને અને આકૃતિજ્ઞ

---

૧. સાયણ કેટલાક મંત્રોમાં ઘૃતનો અર્થ પ્રકાશ કરે છે, પણ અહીં તેનો અર્થ જલ કરે છે. તે એમ ધારતા હશે કે તે દિવ્ય અશ્વો ખૂબ થાકી ગયા હોવાથી તેમને ખૂબ પરસેવો થયો હશે! પ્રાકૃતિક અર્થઘટન કરનાર એવી પણ દલીલ કરે કે ઈન્દ્ર આકાશનો દેવ છે, એટલે પ્રાથમિક અવસ્થાનો કવિ વૃષ્ટિને ઈન્દ્રના અશ્વોના પરસેવા તરીકે વર્ણવે છે.

૨. આ અર્થ સાયણે કર્યો છે, શબ્દોમાંથી તે સીધો પ્રગટે છે.

રૂપે તેની પ્રતીકમય ઘટનાને એકી સાથે જોવાં તે શકય હતું, તે સ્પષ્ટ કરતા પ્રકાશનું વહન હતું, પુરોહિત-દેવ આ ઘૃતને આંતર આત્મ-સમર્પણ ઉપર રેલાવતો, જેને પરિણામે ઋષિને તે અનુભૂતિ થતી. પાશ્ચાત્ય મનને એ વાત વિચિત્ર લાગે; પણ ભારતીય પરંપરાથી ટેવાયેલા, ધ્યાન માટે તથા ગૂઢ દર્શન માટે સમર્થ, ભારતીય મન માટે તે સંપૂર્ણ રીતે સુબોધ બની રહે. ગૂઢવાદીઓ સામાન્ય રીતે પ્રતીકવાદીઓ હતા અને છે; તેઓ સર્વ ભૌતિક વસ્તુઓને તથા ઘટનાઓને આંતર-સત્યોનો અને વાસ્તવિકતાઓનાં પ્રતીકો રૂપે જોઈ શકે છે; તેમના બાહ્ય દેહને, તેમના જીવનની તથા આસપાસની બાહ્ય ઘટનાઓને આંતર–સત્યોનાં પ્રતીક રૂપે જોઈ શકે છે. પરિણામે, વસ્તુનું તેના પ્રતીક સાથેનું તાદાત્મ્ય અથવા તો બેના સંબંધને તેઓ સહેલાઈથી સમજી શકે છે. તે પ્રકારની ટેવ તેમને માટે શકય છે.

વેદના કેટલાક શબ્દો અને રૂપકોનો અર્થ પણ આપણે આ રીતે કરવો જોઈએ. જેવી રીતે વૈદિક ગાય પ્રકાશનું પ્રતીક છે, તેવી રીતે વૈદિક અશ્વ આધ્યાત્મિક બળનું, તપસ્યાની શકિતનું પ્રતીક છે. જયારે ઋષિ અગ્નિ પાસે અશ્વના રૂપવાળા, આગળ ગાયવાળા, દાનની માગણી કરે છે, ત્યારે તે અનેક અશ્વો અને તેમની આગળ ચાલતી અનેક ગાયોની માગણી નથી કરતો, પણ તે પ્રકાશ વડે દોરાતી આધ્યાત્મિક શકિતની માગણી કરે છે. આપણે તેનો અનુવાદ આમ કરી શકીએ કે પ્રકાશ-ગાય તેની આગળ ચાલે છે.[1] એક સૂકતમાં પણિઓ પાસેથી પ્રકાશનાં કિરણોની (ગાયોની, પ્રકાશયુકત ધણની, गव्यम्‌ની) પુનઃ પ્રાપ્તિનું વર્ણન આવે છે, તે રીતે બીજા સૂકતમાં ઋષિ અગ્નિ પાસે અશ્વોના પ્રાચુર્યની अश्व्यम्‌ની માગણી કરે છે. તે રીતે ઋષિ કેટલીક વાર વીરસેવકોની યોદ્ધાઓની માગણી કરે છે, કેટલીક વાર પ્રતીક વાપર્યા વિના ભાવવાચક ભાષામાં સંપૂર્ણ વીર-શકિતની सुवीर्यम्‌ની માગણી કરે છે, કેટલીક વાર તે પ્રતીક અને વસ્તુને સંયુકત કરે છે. તે રીતે ઋષિઓ પુત્રની, પુત્રોની, સંતાનની (अपत्यम्) માગણી કરે છે -- તે પણ તેમના વડે મગાતી સંપત્તિનું એક અંગ છે. અહીં પણ આંતરિક અર્થ રહેલો છે, કારણ કે કેટલાક મંત્રોમાં પુત્ર એ કોઈ આંતર–જન્મનું પ્રતીક છે. અગ્નિ પોતે આપણો પુત્ર છે, આપણાં કર્મોનું સંતાન છે, જે પુત્ર વૈશ્વિક અગ્નિ તરીકે માનવના પિતાઓનો પણ પિતા છે; અને સુંદર સંતાનોરૂપી પગથિયાં પર પગ મૂકીને આપણે ઋતના ઉચ્ચતર લોકમાં જવાના માર્ગનું નિર્માણ કરીએ છીએ, તેને શોધી

---

૧. આર્ય લોકોને 'પ્રકાશ વડે દોરાતા' વર્ણવતી વખતે ज्योतिरग्राः સમાસ વાપર્યો છે, તેને આની સાથે સરખાવો.

કાઢીએ છીએ. વળી વેદમાં 'જલ' શબ્દ પ્રતીક તરીકે વપરાયો છે. તે અચૈતન સમુદ્રની (सलिलं अप्रकेतम्) વાત કરે છે, જેમાં પરમાત્મા અંતર્ભૂત છે અને જેમાંથી તે તેમની મહત્તા વડે પ્રગટ થાય છે. વેદ મહાન સમુદ્રની (महो अर्णः), ઊર્ધ્વ સમુદ્રની પણ વાત કરે છે. એક સૂકતમાં એમ કહેવામાં આવ્યું છે કે સરસ્વતી પ્રેરણાના કિરણ વડે આપણને તેના પ્રત્યે જાગ્રત કરે છે—प्रचेतयन्ती केतुना। સાત નદીઓ ઉત્તર ભારતની નદીઓ હશે એવો આપણને આભાસ થાય; પણ વેદમાં તેમને દ્યુલોકમાંથી વહી આવતી, દ્યુલોકની સાત મહીઓ (મહાન દેવીઓ) વર્ણવી છે, તે જલો જ્ઞાનયુકત છે, તે ઋતને જાણે છે. (ऋतज्ञा), જ્યારે તે નિર્મુકત થાય છે ત્યારે તે આપણે માટે મહાન દ્યુલોકનો માર્ગ શોધી કાઢે છે. પરાશર ઋષિ 'જલોના ઘરમાં' જ્ઞાનની તથા વૈશ્વિક જીવનની વાત કરે છે, ઈન્દ્ર વૃત્રને હણીને વૃષ્ટિને નિર્મુકત કરે છે, પણ આ વૃષ્ટિ પણ સ્વર્ગીય છે, અને નદીઓને પ્રવાહિત કરે છે. આ રીતે જોતાં, વેદમાં મહત્ત્વનું સ્થાન ધરાવતું, જલોની મુકિતનું કથાનક પ્રતીકમય અર્થને ધરાવે છે. તેની સાથે એક બીજું પ્રતીકમય કથાનક આવે છે. તે છે અદ્રિની અંધકારમય ગુહામાંથી સૂર્યની, સૂર્યની ગાયોના ધણની, સ્વર્લોકની શોધ તથા પુનઃ પ્રાપ્તિ વિષે, દેવો અંગિરસ્ ઋષિઓની મદદથી તેમને શોધી કાઢીને મેળવે છે. સૂર્યનું પ્રતીક હમેશાં ઉચ્ચતર પ્રકાશ તથા સત્યને સૂચવે છે; સૂર્યના અશ્વોને નિમ્નતર સત્ય વડે ઢંકાયેલા સત્યમાં, ધૂંસરીમાંથી છોડવામાં આવે છે, મહાન ગાયત્રીમાં પરમ પ્રકાશવાળા સૂર્યને (સવિતાને) આપણા વિચારોને પ્રેરણા આપવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. તે રીતે વેદમાં શત્રુઓને લૂંટારુઓ, દસ્યુઓ, ગાયોના ચોરો, વૃત્રો કહેવામાં આવ્યા છે, સામાન્ય અર્થઘટનમાં તેમનો અક્ષરશઃ અર્થ કરીને, માનુષ શત્રુઓ માનવામાં આવ્યા છે. પણ વૃત્ર પ્રકાશને તથા જલોને આવૃત કરતો, નહિ આપનારો રાક્ષસ છે; વૃત્રો તે કાર્યને પરિપૂર્ણ કરનાર, તેની શકિતઓ છે. દસ્યુઓ, લૂંટારુઓ, નાશ કરનારાઓ અંધકારની શકિતઓ છે, પ્રકાશના તથા ઋતના શોધકોના વિરોધીઓ છે. બાહ્ય સ્થૂલ અર્થમાંથી આંતર-આધ્યાત્મિક અર્થ પ્રત્યે લઈ જનારાં સૂચનો આપણને હમેશાં વેદમાં મળતાં રહે છે.

સૂર્યના પ્રતીક-સંબંધમાં પાંચમા મંડળના એક સૂકતના એક નોંધપાત્ર મંત્રનો ઉલ્લેખ કરવો યોગ્ય છે, કારણ કે તે વૈદિક ઋષિઓની ગહન ગૂઢવાદી પ્રતીકમયતા બતાવી આપે છે એટલું જ નહિ, પણ ઉપનિષદોનાં લેખકો ઋગ્વેદનો કેવો અર્થ કરતા અને તેમના વૈદિક પૂર્વજો પાસે પ્રેરણાયુકત જ્ઞાન હતું તેમ તે માનતા તે સિદ્ધ કરે છે. વેદનો તે મંત્ર કહે છે કે જ્યાં સત્ય, સત્ય વડે આચ્છાદિત છે, ત્યાં સૂર્યના જોતરેલા અશ્વોને છોડવામાં આવે છે,

ત્યાં હજાર અશ્વો એકઠા ઊભા, ત્યાં તે એક હતું (પરમ ઋત), ત્યાં મેં દેવોના શ્રેષ્ઠ દેહને જોયો (અથવા શ્રેષ્ઠ દેહધારી દેવને જોયો). તે મંત્રના વિચારનો અથવા ગૂઢ અનુભૂતિનો અનુવાદ ઉપનિષદનો ઋષિ પોતાની પાછળની શૈલીમાં કેવી રીતે કરે છે, સૂર્યના પ્રતીકને કેન્દ્રમાં રાખે છે, પણ અર્થમાં કોઈ ગુપ્તતા રાખતો નથી, તે જુઓ. ઉપનિષદનો મંત્ર કહે છે કે, 'હે પૂષા, સત્યનું મુખ સુવર્ણમય પાત્ર વડે આચ્છાદિત છે; સત્યના ધર્મના દર્શન માટે તમે તે ઢાંકણાને દૂર કરો. હે પૂષા (પોષણ કરનાર), એક માત્ર ઋષિ, યમ, સૂર્ય, પ્રજાપતિના પુત્ર, તમારાં કિરણોને એકત્રિત કરી બરાબર વ્યૂહમાં ગોઠવો; તમારા ખૂબ કલ્યાણકારી રૂપને—પ્રકાશને હું જોઉં છું; જે આ પૂષા છે તે હું છું, વેદના મંત્રમાં જેને નિમ્નતર ઋત કહેવામાં આવ્યું છે, તેને અહીં સુવર્ણ-મય ઢાંકણું કહેવામાં આવ્યું છે. દેવોના શ્રેષ્ઠ દેહ તે સૂર્યનું ખૂબ કલ્યાણકારી રૂપ છે, તે બધા બાહ્ય પ્રકાશો કરતાં પરમ અને મહાન છે. ઉપનિષદની મહાન ફોર્મ્યુલા 'તે હું છું' તે વેદમાંના મંત્રમાંનું તદેકમ્ (તે એક) છે. એક હજાર સાથે ઊભાં રહેતાં કિરણો(સાયણ પણ તે જ અર્થ કરે છે)ને ઉપનિષદમાં ઋષિ એકત્રિત કરીને વ્યૂહમાં ગોઠવવાની પ્રાર્થના કરે છે, જેથી પરમ રૂપનાં દર્શન થઈ શકે. વેદમાં હમેશાં અને ઉપનિષદોમાં ઘણી વાર હોય છે તેમ, સૂર્ય પરમ ઋત અને જ્ઞાનનો દેવ છે, તેનાં કિરણો તે પરમ ઋત અને જ્ઞાનમાંથી નીકળતો પ્રકાશ છે. આ અને આવા બીજા મંત્રોમાંથી સ્પષ્ટ જોઈ શકાય છે કે, ઉપનિષદના ઋષિને પ્રાચીન વેદના વધારે સાચા અર્થનું જેટલું જ્ઞાન હતું તેટલું મધ્યયુગના, વિશાલ જ્ઞાનવાળા, યજ્ઞપરક અર્થ કરનાર, ભાષ્યકારને ન હતું, અને આધુનિક યુરોપીય વિદ્વાનોના તદ્દન જુદા પ્રકારના મનને તે જ્ઞાન હોવાનો સંભવ તો તેથી પણ ઓછો છે.

જો આપણે વેદનો આંતર-આધ્યાત્મિક અર્થ શોધી કાઢવો હોય, તો કેટલાક માનસશાસ્ત્રીય અર્થવાળા શબ્દોનો આપણે સુસંગત રીતે સાચો અર્થ કરવો પડશે. ઋતમ્ સિવાય બીજો એક શબ્દ ધી છે. વારંવાર વેદમાં આવતા તે શબ્દનો આપણે સર્વત્ર 'વિચાર, બુદ્ધિ' અર્થ કરવો જોઈએ; એ તેનો સ્વાભાવિક અર્થ છે. બહુવચનમાં (धियः) તેનો અર્થ થાય છે—વિચારો. સામાન્ય અર્થઘટનમાં તે શબ્દના અનેક અર્થો કરવામાં આવ્યા છે— જલ, કાર્ય, યજ્ઞ, અન્ન, વિચાર વગેરે. પણ આપણી સંશોધનામાં આપણે સર્વત્ર તેનો અર્થ 'વિચાર' લેવાનો રહે છે, અને પછી જુઓ કે પરિણામ કેવું આશ્ચર્યજનક આવે છે. કેતુ શબ્દનો અર્થ સામાન્ય રીતે કિરણ થાય છે; પણ તેનો અર્થ બુદ્ધિ, વિવેચના, બૌદ્ધિક સમજ પણ થાય છે. આપણે તે શબ્દ જેમાં વપરાયો છે તે બધા મંત્રોને સરખાવીએ, તો આપણે એ નિગમન પર આવવું પડશે કે તેનો

અર્થ 'દર્શનાનું કિરણ અથવા આંતર-પ્રેરણા' છે. દાખલા તરીકે—केतुना, પ્રેરણાના કિરણ વડે સરસ્વતી આપણને મહાન જલો પ્રત્યે જાગ્રત કરે છે (સભાન કરે છે). ઘણે ભાગે, 'ઊર્ધ્વમાં રહેલા પરમ ધામમાંથી નીચે આવતાં કિરણો' પણ ઋતના તથા પ્રકાશના સૂર્યનાં કિરણોની પેઠે, જ્ઞાનની આંતર-પ્રેરણાઓ છે. ક્રતુ શબ્દનો સામાન્ય અર્થ છે કર્મ અથવા યજ્ઞ; પણ તેનો અર્થ, બુદ્ધિ, નિર્ણયશકિત, સંકલ્પ પણ છે. વેદનો આંતર—અર્થ કરવામાં આપણે સતત તે જ અર્થ લેવાનો છે. અગ્નિ कविक्रतु (ઋષિસંકલ્પ) છે, તે હૃદયમાં રહેલો સંકલ્પ (क्रतुर्हृदि) છે. છેલ્લો શબ્દ છે श्रवस्, જેનો વેદમાં બહુ પ્રયોગ થયેલો છે. તેનો અર્થ કીર્તિ થાય છે. ભાષ્યકારોએ તેનો અર્થ અન્ન પણ કર્યો છે. પણ આ અર્થો બધે બંધબેસતા નથી. श्रवस् શબ્દ श्रु ધાતુમાંથી આવે છે. તેનો અર્થ થાય છે સાંભળવું એટલે श्रवस्નો અર્થ કાન પણ થાય છે, પ્રાર્થના અથવા સૂકતનો મંત્ર પણ છે—જે અર્થ સાયણ સ્વીકારે છે. આ ઉપરથી આપણે એવું અનુમાન તારવી શકીએ કે તેનો અર્થ શ્રવણ કરેલી વસ્તુ, તેના પરિણામરૂપ જ્ઞાન થઈ શકે. ઋષિઓ પોતાને सत्यश्रुतः, સત્યનું શ્રવણ કરનારા કહે છે; આ શ્રવણ દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનને શ્રુતિ (વેદ) કહેવામાં આવે છે. વેદનો આધ્યાત્મિક અર્થ કરવામાં આપણે श्रवस्નો આ અર્થ—પ્રેરણા અથવા પ્રેરણા-યુકત જ્ઞાન લેવાનો છે; તે અર્થ બધે સુસંગત બની રહે છે. જ્યારે ઋષિ 'श्रवांसि ઉપરથી તેમ જ નીચેથી પ્રાપ્ત થાય છે' એમ કહે છે ત્યારે તેનો અર્થ કીર્તિ કે અન્ન લઈ શકાય તેમ નથી, પણ 'ઊર્ધ્વમાં રહેલા ઋત પ્રત્યે ગતિ કરતી તથા ઋતમાંથી આપણી પ્રત્યે અવતરણ કરતી પ્રેરણાઓ'— એ અર્થ બરાબર બંધ બેસે છે. આપણે આંતર-અર્થઘટન કરવામાં આ જ પદ્ધતિનો બધે પ્રયોગ કરવાનો છે. પણ અહીં અમે તેનો વધારે વિસ્તાર કરી શકીએ તેમ નથી. આ પુરોવચનની ટૂંકી મર્યાદામાં, આ સ્વલ્પ સૂચનો પૂરતાં ગણાશે. તેમનો હેતુ વાચકને વેદના આંતર-અર્થઘટનની પદ્ધતિમાં પ્રારંભિક અંતર્દૃષ્ટિ આપવાનો છે.

તો પછી વેદને આ રીતે સમજવાથી કયો રહસ્યમય અર્થ, આધ્યાત્મિક અર્થ પ્રગટ થાય છે? ગૂઢવાદીઓ સર્વત્ર જેની શોધ કરી રહેલા હતા, તે પરથી આપણે જે આશા રાખી શકીએ, તે જ તે અર્થ છે. ભારતીય સંસ્કૃતિના વિકાસનો જે વાસ્તવિક માર્ગ બતાવી આપે છે તે જ એ આધ્યાત્મિક અર્થ છે. તે આધ્યાત્મિક સત્યના પ્રાચીન સ્વરૂપે ઉપનિષદોમાં આખરી શિખર સર કર્યું. વેદમાંની ગૂઢ વિદ્યારૂપી બીજમાંથી પાછળનું વેદાન્ત વિકસ્યું. સત્યની, પ્રકાશની, અમૃતત્વની શોધનો વિચાર વેદમાં કેન્દ્રસ્થ છે, મધ્યવર્તી છે. બાહ્ય અસ્તિત્વના સત્ય કરતાં એક વધારે ગહન અને ઉચ્ચ સત્ય છે; આંતર-દર્શના તથા પ્રેરણા વડે પ્રાપ્ત થતો પ્રકાશ માનવબુદ્ધિના પ્રકાશ કરતાં વધારે મહાન અને

ઉચ્ચ છે; આત્માએ અમૃતત્વ પ્રત્યે ઊર્ધ્વમાં આરોહણ કરવાનું છે. આપણે તે સત્યને તથા અમૃતત્વને પ્રાપ્ત કરવા માટેનો માર્ગ શોધી કાઢવાનો છે—सपन्त ऋतममृतम् । (૧, ૬૮, ૨), આપણે સત્યમાં જન્મવાનું છે, તેની વૃદ્ધિ પ્રાપ્ત કરવાની છે, સત્યના લોકમાં આત્મિક આરોહણ કરવાનું છે, તેમાં અસ્તિત્વ ધારણ કરવાનું છે. તેમ કરવું એટલે પરમાત્મા સાથે અભેદ પ્રાપ્ત કરવો, મર્ત્યતામાંથી અમૃતત્વમાં જવું. વેદના ગૂઢવાદીઓની આ પ્રથમ અને કેન્દ્રસ્થ શિક્ષા (ઉપદેશ) છે. પ્રાચીન ગૂઢવાદીઓ પાસેથી મળેલા સિદ્ધાંતનો વિકાસ કરતા, પ્લેટોના અનુયાયીઓ એમ માનતા હતા કે આપણે બે લોકો સાથે સંબંધ રાખીને જીવીએ છીએ—એક ઉચ્ચતર સત્યનો લોક, આધ્યાત્મિક લોક અને બીજો આપણો દેહધારીઓનો મર્ત્યલોક, જેમાં આપણે જીવીએ છીએ, જે પહેલા ઉચ્ચતર લોકમાંથી પ્રાપ્ત થયો છે, પણ જેનું સત્ય નિમ્નતર હોવાથી તે સત્યલોક કરતાં ઊતરતી ચેતનાવાળો છે. વેદના ગૂઢવાદીઓ આ સિદ્ધાંતને વધારે સધનરૂપે અને વ્યાવહારિક રૂપે માનતા, કારણ કે તેમને આ બંને લોકોની અનુભૂતિ હતી. આ લોકના નિમ્નતર સત્યમાં ઘણું અનૃત, ઘણી ભૂલોનું મિશ્રણ થઈ ગયું છે—अनृतस्य: भूरे: (૭, ૬૦, ૫). પરમ લોક ઋતનું ઘર છે (सदनम् ऋतस्य) (૧, ૧૬૪, ૪૭ તથા ૪, ૨૧, ૩). તે સત્ય—ઋત--બૃહત્ (વિશાલ) છે (અથર્વવેદ ૧૨, ૧, ૧), જેમાં સર્વ ઋતથી સચેતન છે (ऋतचित्; ૪, ૩, ૪). આ બેના વચગાળામાં, ત્રણ સ્વર્ગો તથા તેમના જ્યોતિઓ સુધી, ઘણા લોકો છે; પણ આ ઉચ્ચતમ પ્રકાશનો લોક છે, ઋતના સૂર્યનો લોક છે, સ્વર છે, મહાન સ્વર્ગ છે. આ ઋતને પ્રાપ્ત કરવા માટે, મહાન સ્વર્ગમાં જવા માટે આપણે માર્ગ શોધવાનો છે—ऋतस्य पन्था: (૩, ૧૨, ૭; ૭, ૬૬, ૩). કેટલીક વાર તેને દેવોનો માર્ગ પણ કહ્યો છે. આ ગૂઢવાદીઓનો બીજો સિદ્ધાંત છે. ત્રીજો સિદ્ધાન્ત એ છે કે આપણું જીવન પ્રકાશ તથા સત્યની શકિતઓ, અમર્ત્ય દેવો અને અંધકારની શકિતઓ વચ્ચે ખેલાતું યુદ્ધ છે. તે અંધકારની શકિતઓને વૃત્ર અને વૃત્રો, વલ, પણિ, દસ્યુઓ અને તેમના રાજાઓ એમ અનેક નામો આપવામાં આવ્યાં છે. આપણાથી પ્રકાશને સંતાડી દેનાર, આપણા પ્રકાશને લૂંટી લેનાર, ઋતના પ્રવાહોને (ऋतस्य धारा:—૫, ૧૨, ૨; ૭, ૪૩, ૪) રૂંધનાર, દ્યુલોકના પ્રવાહોને રૂંધનાર, આત્માના આરોહણમાં દરેક પ્રકારનું વિઘ્ન નાખનાર, આ અંધકારની શકિતઓના વિરોધનો નાશ કરવા માટે આપણે દેવોની મદદ લેવાની છે. આપણે દેવોને આંતર યજ્ઞ વડે બોલાવવાના છે, શબ્દ-મંત્ર દ્વારા તેમનું આવાહન આપણી અંદર કરવાનું છે (મંત્રની તે ખાસ શકિત છે), અને યજ્ઞની આહુતિઓનું તેમને સમર્પણ કરવાનું છે, જેથી તેઓ આપણને વરદાન આપે, અને આ પ્રક્રિયા દ્વારા આપણે

ધ્યેયમાં આરોહણ કરવા માટેના માર્ગનું નિર્માણ કરવાનું છે. આંતર—યજ્ઞ તથા આત્મસમર્પણનાં પ્રતીકો તરીકે બાહ્ય યજ્ઞનાં અંગો વાપરવામાં આવ્યાં છે. દિવ્ય સત્યની તથા પ્રકાશની સમૃદ્ધિઓનું આપણા જીવનમાં અવતરણ થાય, અને તે સત્યમાં થયેલા આપણા આંતર—જન્મનાં અંગો બને, તેટલા માટે આપણે જે છીએ તેનું તથા આપણી પાસે જે કાંઈ છે તેનું આપણે અર્પણ કરીએ છીએ. તેના પરિણામે આપણામાં સત્ય વિચાર, સત્ય સમજ, સત્ય કર્મ વિકાસ પામે છે કે જે ઉચ્ચતર સત્યનાં વિચાર, આવેગ તથા કાર્ય છે—ऋतस्य प्रेषा, ऋतस्य धीतिः (૧, ૬૮, ૩); આ રીતે આપણે સત્યમાં આપણું ઘડતર—નિર્માણ કરવાનું રહે છે. આપણો યજ્ઞ એક યાત્રા છે, મુસાફરી છે, યુદ્ધ છે. તે પરમાત્મા પ્રત્યેની યાત્રા છે; આપણે તે યાત્રાના માર્ગદર્શક તરીકે, આગેવાન તરીકે આંતર—જ્વાલારૂપ અગ્નિને સાથે રાખવાનો છે. ગૂઢવાદી, રહસ્યમય અગ્નિ આપણી માનુષી વસ્તુઓને અમર અસ્તિત્વમાં—મહાન સ્વર્ગમાં ઊર્ધ્વીકૃત કરે છે; અને પરિણામે આપણામાં દિવ્ય વસ્તુઓનું અવતરણ થાય છે. જેવી રીતે ઋગ્વેદનો સિદ્ધાંત વેદાન્તના ઉપદેશનું બીજ છે, તેવી રીતે વેદની આંતર-સાધના પાછળની યોગ-સાધનાનું બીજ છે. છેલ્લું, વેદના ગૂઢવાદીઓની શિક્ષાના શિખર તરીકે એક વાસ્તવિકતાનું રહસ્ય (एकं सत्—૧, ૧૬૪, ૪૬ અથવા तदेकम्—૧૦, ૧૨૯, ૨) આવે છે, કે જે ઉપનિષદોનો કેન્દ્રસ્થ મંત્ર બની જાય છે. પ્રકાશની તથા સત્યની શકિતઓ રૂપ દેવો તે એક પરમાત્માનાં જ નામ તથા શકિતઓ છે; દરેક દેવમાં બીજા બધા દેવો સમાયેલા છે — તે પોતામાં બીજા બધા દેવોનું વહન કરે છે; એક જ સત્ય છે (तत् सत्यम् ૩, ૩૯, ૫) અને એક જ આનંદ છે, જેના પ્રત્યે આપણે આરોહણ કરવાનું છે. પણ વેદમાં આ મોટે ભાગે પડદા પાછળથી દેખાય છે. બીજું ઘણું છે, પણ આ સિદ્ધાંતનો સાર છે.

લગભગ ત્રીસ વર્ષ પહેલાં, 'આર્ય' માસિકમાં 'વેદનું રહસ્ય' નામની લેખમાળા રૂપે આ અર્થઘટનને મેં વિસ્તારપૂર્વક પ્રગટ કર્યું હતું. તે સમયે તે લેખમાળાના રૂપમાં હતું, સિદ્ધાંતને વિકસાવવાનો તે સમય હતો, તેની ક્ષેત્રમર્યાદા પરિપૂર્ણ થઈ ન હતી, તેની પાછળ વ્યવસ્થિત પૂર્વ-ચિંતિત યોજના ન હતી. તે ગ્રંથરૂપે પ્રકાશિત થયું ન હતું, અને પરિણામે તે વાચકોને ઉપલભ્ય ન હતું. તેમાં ઋગ્વેદનાં અનેક સૂકતોનો અનુવાદ નહિ, પણ સમજૂતી આપવામાં આવી હતી; તેમાં ગૂઢવાદીઓના સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરતી પ્રસ્તાવના હતી. પાછળથી દશેય મંડળોનાં અગ્નિ-સૂકતોના પરિપૂર્ણ અનુવાદની યોજના ઘડાઈ; તેમાં મૂલ મંત્રોનો અર્થ વફાદારીપૂર્વક આપવાનો પ્રયત્ન થયો. બીજા તથા છઠ્ઠા મંડળનાં બધાં અગ્નિ-સૂકતોના તથા પ્રથમ મંડળનાં કેટલાંક

સૂકતોના અનુવાદને પહેલી જ વાર આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવે છે. સ્વીકૃત સિદ્ધાન્તમાં નિગમનોને વિદ્વત્તાપૂર્ણ પાયા પર પ્રતિષ્ઠિત કરવા માટે, આખા ઋગ્વેદની અથવા તેના મોટા ભાગની સંસ્કૃત તથા અંગ્રેજી આવૃત્તિ તૈયાર કરવી પડે, દરેક શબ્દનું ભાષાન્તર આપવું પડે, મૂલના અગત્યના મુદ્દાઓ પર સમજૂતીની નોંધ-ટિપ્પણીઓ આપવી પડે, જુદા જુદા શબ્દોના તથા સમગ્ર ઋચાઓના અર્થઘટનને પ્રમાણિત સિદ્ધ કરવું પડે, આંતરિક અર્થઘટન માટે અતિ-આવશ્યક ઋત, શ્રવસ્, ક્રતુ, કેતુ વગેરે ચાવી રૂપ શબ્દોના અર્થોને સુસ્થિરપણે નિશ્ચિત કરવા માટે ઝીણવટ-ભરેલાં પરિશિષ્ટો આપવાં પડે. આની યોજના પણ નિશ્ચિત થઈ હતી. પણ તે દરમિયાન વધારે સ્થાયી અને મહાન કામકાજ આવી પડયાં, અને તે મહાન યોજનાને આગળ ધપાવવાનું શકય ન બન્યું, તેને માટે સમય ન રહ્યો. આ અનુવાદોને સમજવામાં વાચકોને મુશ્કેલી ન પડે, તે હેતુથી આ પુરોવચન લખવામાં આવ્યું છે, અને 'ગૂઢવાદીઓના સિદ્ધાંત'ને આમાં પ્રગટ કરવામાં આવ્યો છે. મૂળ સંસ્કૃતમાં વાંચી શકે તેવા વાચકોના લાભાર્થે વેદનાં સૂકતો પણ આપવામાં આવ્યાં છે. આ અનુવાદોનો આશય મારી સ્વીકૃત માન્યતાને સિદ્ધ કરનાર વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ આપવાનો નથી. વેદમાં માત્ર ઉપરછલ્લી પ્રાર્થનાઓ કરતાં કંઈક વધારે ગહન વસ્તુ છે, એમ માનવાના વલણવાળા લોકોને તથા સાધકોને ઉપયોગી થઈ પડે તેટલા માટે તે સૂકતોને અહીં સ્થાયી રૂપમાં આપવાનો આશય છે, તેથી તેમને પ્રાચીન ધર્મ-ગ્રંથ વેદના આંતર—આધ્યાત્મિક અર્થને સમજવાનું સુગમ થશે એ આશય છે.

આ અનુવાદ અક્ષરશ: નથી, પણ સાહિત્યિક છે. પણ અર્થ પ્રત્યે વફાદારી, શબ્દોના આ અર્થ પ્રત્યે તથા વિચાર-શૈલી પ્રત્યે વફાદારી સાચવવામાં આવી છે. સાચું પૂછો તો, મૂળ ભાષાની સમજૂતી કાળજીપૂર્વક આપવામાં આવી છે, ચીવટથી તેના અર્થને સાચવી રાખવાનો પ્રયત્ન થયો છે, અર્થઘટનના પાયાને હું ચીવટપૂર્વક વળગી રહ્યો છું; આપણે તે રીતે જ આ પ્રાચીન ગૂઢ-વાદીઓના વાસ્તવિક વિચારોને શોધી કાઢી શકીએ. ઋગ્વેદનાં સૂકતોની કવિતા મહાન છે, તેની રંગમિલાવટ તથા આકૃતિઓ ભવ્ય છે, તેના છંદ ઉદાત્ત અને સુંદર છે, તેની ભાષાશૈલી પરિપૂર્ણ છે. એટલે તેનો અનુવાદ માત્ર મરેલી વિદ્વત્તાપૂર્ણ કૃતિ ન બની જાય, તેમના કાવ્યમય જોસ્સાના પડઘાને કંઈક અંશે પણ અનુવાદમાં લાવી શકાય, તે માટે તદ્દન જુદી જ ભાષામાં ગદ્યમય અનુવાદ કરનાર આથી વધારે ન કરી શકે. સંસ્કૃતનાં તથા અંગ્રેજીનાં વાકયરચનાનાં તથા પેટા—વાકયોનાં વલણો ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવ જેટલાં ભિન્ન છે. સારી શૈલી તથા સ્વાભાવિક લેખન લાવવા માટે, અનુવાદકે વેદની અર્થ-સઘન ભાષાને વારંવાર વધારે શિથિલ અને ઓછા જોસ્સાવાળી અંગ્રેજી ભાષામાં

રૂપાંતર પમાડવી પડે છે. અનુવાદક માટે બીજી મુશ્કેલી દ્વિ-અર્થીપણાની છે— જેમાં **પ્રતીકમય** શબ્દના બે અર્થો થાય છે. દાખલા તરીકે કિરણ અને ગાય, **મનનો સ્પષ્ટ પ્રકાશ** અને ઘૃત, અશ્વો અને આધ્યાત્મિક શકિત; તેમને માટે **નવા શબ્દગુચ્છો** બનાવી કાઢવા પડે છે, જેવા કે પ્રકાશનાં ધણ, પ્રકાશયુકત ધણ અથવા તો Horse જેવા શબ્દના પહેલા અક્ષર hને કેપિટલ લખવો પડે છે, જેથી એમ સમજાય કે તે સામાન્ય ભૌતિક પશુ નથી, પણ પ્રતીકમય અશ્વ છે. ઘણી વાર તો પ્રતીક છોડી દેવું પડે છે, અથવા પ્રતીકને રાખીને આંતર-અર્થને અધ્યાહાર રાખવો પડે છે. ઋષિઓ એક જ શબ્દમાં બંને અર્થો આપી દે છે. મેં કેટલીક વાર તે બંને અર્થોને અનુવાદમાં સૂચિત કર્યા છે. મેં કેટલીક વાર તે જ શબ્દગુચ્છો નથી રાખ્યા, જો કે અર્થને હું વફાદાર રહ્યો છું અને જરૂરિયાત પ્રમાણે મંત્રના અનુવાદને રૂપાંતર આપ્યું છે. ઘણી વાર મૂળ શબ્દના પૂર્ણ અર્થને અથવા તેના રંગને અભિવ્યકત કરે તેવો શબ્દ મને અંગ્રેજીમાં જડયો નથી. ત્યારે મેં એકને બદલે બે શબ્દો વાપર્યા છે અથવા શબ્દગુચ્છ વાપર્યો છે, અથવા પૂરો અર્થ વ્યકત કરવા માટે બીજી કોઈ પ્રયુક્તિનો આશ્રય લીધો છે. વળી કેટલાક પ્રાચીન શબ્દો અથવા ભાષાનાં લટકણો એવાં છે કે જેમનો અર્થ નિશ્ચિતપણે જાણી શકાય નહિ, તેમને માટે આપણે અનુમાન જ કરવું પડે, અથવા બે અર્થો શકય બને. તેનો નિર્ણય મેં તે ક્ષણ માટે રાખ્યો હતો, જ્યારે વધારે સૂકતોનો અનુવાદ થયા પછી તે પ્રકાશિત કરવા માટે હાથ ધરવામાં આવે; પણ હજી તે સમય આવ્યો નથી.

ગૂઢવાદીઓનો સિદ્ધાંત

વેદમાં ઉપનિષદોમાંનો ઉચ્ચ આધ્યાત્મિક સાર ભાગ છે, પણ તે જુદી ભાષામાં છે, ઉપનિષદોની પરિભાષા તેમાં નથી. તે પ્રેરણાયુકત જ્ઞાન છે, પણ હજી તેમાં બૌદ્ધિક અને તત્ત્વચિંતનીય પરિભાષાના શબ્દો પૂરતા પ્રમાણમાં નથી. વેદની ભાષા કવિદૃષ્ટાઓની ભાષા છે, જેમને મન સર્વ અનુભૂતિ વાસ્તવિક, જીવંત, ચિત્રમય, સંવેદન-શીલ, સઘન છે. તે ભાષા વિચારકો અને પદ્ધતિ-ઘડવૈયાઓની ભાષા નથી, જેમને માટે મનની તથા આત્માની વાસ્તવિકતાઓ કેવળ ભાવગમ્ય-ભાવવાચક તત્ત્વો બની જાય છે. છતાં વેદમાં એક પ્રકારની પદ્ધતિ, સિદ્ધાંત છે. પણ તેનું કલેવર ચપલ છે, તેના શબ્દો સઘન છે, તેની વિચારણાનું બીબું વ્યવહારુ અને અનુભૂતિ-પ્રધાન છે; પણ તે પ્રાચીન અને નિશ્ચિત અનુભૂતિની પરિપૂર્ણ ટાઈપનું છે, રચના-સમયનું હોય તેવું અસંસ્કૃત અને અનિશ્ચિત નથી. વેદમાં આપણે પ્રચીન માનસશાસ્ત્ર અને આધ્યાત્મિક જીવનની કળા જોઈએ છીએ, જેમાંથી ઉપનિષદોનું તત્ત્વચિંતન પ્રગટયું છે, અને પાછળથી વેદાંત, સાંખ્ય, યોગ-બૌદ્ધિક પરિણામો રૂપે અને તર્કયુકત સિદ્ધાંતો રૂપે પ્રગટયાં છે. પણ દરેક જીવનની પેઠે, જીવંત વિજ્ઞાનની પેઠે, તે તર્કવાળી બુદ્ધિની બખ્તરયુકત કડકાઈઓથી મુકત છે. પ્રસ્થાપિત પ્રતીકો અને પવિત્ર ફોર્મ્યુલાઓ વેદમાં હોવા છતાં, તે હજી વિશાળ છે, મુકત છે, નમનીય (સ્થિતિસ્થાપક) છે, પ્રવાહી છે, ચપલ છે, સૂક્ષ્મ છે. તેમાં જીવનની ગતિ છે, આત્માનો મહાન ઉચ્છ્વાસ છે. પાછળનાં તત્ત્વચિંતનો જ્ઞાનનાં પુસ્તકો છે. તે મોક્ષને જ એક પરમ કલ્યાણરૂપ માને છે; જ્યારે વેદ કર્મ ગ્રંથ છે, તે આપણાં આધુનિક બંધનોનો તથા ક્ષુદ્રતાઓનો અસ્વીકાર કરે છે તે પૂર્ણતા, આત્મસિદ્ધિ, અમૃતત્વ પ્રાપ્ત કરવાની આશાથી.

ગૂઢવાદીઓનો સિદ્ધાંત બધી વસ્તુઓની પીઠમાં તેમ જ ઊર્ધ્વમાં એક અજ્ઞેય, કાલાતીત, અનામી તત્ત્વનો સ્વીકાર કરે છે, કે જે મનના પરિક્રામયુકત અનુસરણ વડે ગ્રાહ્ય નથી થતું. બિનઅંગત રીતે, તે તે છે, એક સત્તામાત્ર છે. આપણું વ્યકિતત્વ જ્યારે તેનું અનુસરણ કરે છે, ત્યારે તે તેની સમક્ષ દેવ તરીકે

વસ્તુઓની ગૂઢતામાંથી, પોતાની જાતને પ્રગટ કરે છે. તે અનામી હોવા છતાં અનેક નામોવાળું છે. તે પોતાનામાં બધાં નામો, જ્ઞાન, બધા પ્રકારનાં રૂપો, શક્તિ, ક્રિયાના વર્ણનને ધારણ કરે છે, છતાં તે અમેય અને અવર્ણનીય છે.

દેવ મૂળ કારણ અને આખરી પરિણામ (કાર્ય) બંને છે. તે દિવ્ય સત્, લોકોનો રચયિતા, બધી વસ્તુઓનો સ્વામી અને સ્રષ્ટા, પુરુષ અને નારી-શક્તિ, સત્ અને ચેતના, સર્વ લોકોનો તથા તેમાંના નિવાસીઓનો પિતા અને માતા છે; અને છતાં તે તેમનો તેમ જ આપણો પુત્ર છે, કારણ કે લોકોમાં જન્મેલો તે દિવ્ય શિશુ પ્રાણીની—માનવની વૃદ્ધિમાં પોતાની જાતને પ્રગટ કરે છે. તે રુદ્ર અને વિષ્ણુ છે, પ્રજાપતિ અને હિરણ્ય ગર્ભ છે, સૂર્ય, અગ્નિ, ઇન્દ્ર, વાયુ, સોમ, બૃહસ્પતિ, વરુણ, મિત્ર, ભગ, અર્યમા, બધા દેવો છે. તે આપણાં કાર્યોમાંથી, આપણા યજ્ઞમાંથી જન્મેલો, જ્ઞાનયુક્ત, શક્તિશાળી, મુક્તિદાતા પુત્ર છે; તે આપણાં યુદ્ધોનો વીર છે, આપણા જ્ઞાનનો ઋષિ છે, આપણા દિવસોની આગળ દોડતો શ્વેત અશ્વ છે, જે ઊર્ધ્વ સમુદ્ર પ્રત્યે ગતિ કરે છે.

માનવનો આત્મા પક્ષીની પેઠે, હંસની પેઠે, શારીરિક તથા માનસિક ચેતનાનાં પ્રકાશયુક્ત આકાશ-પૃથ્વીથી પર ઉડ્ડયન કરે છે; તે શરીરની, પૃથ્વીની તથા મનના દ્યુલોકની પેલે પાર, ઋતના માર્ગે આરોહણ કરતો કરતો, આપણે માટે પ્રતીક્ષા કરતા, પોતાના પરમ ધામની ગૂઢતામાં, ત્રિવિધ દિવ્ય તત્ત્વમાં તથા આનંદના સ્રોતમાં, બેઠેલા—આપણી પ્રત્યે નીચે ઝળુંબતા પરમાત્માને શોધવા માટે ઊર્ધ્વમાં આરોહણ કરે છે. તે પરમાત્મા ઊર્ધ્વમાં રહી આપણને આકર્ષતા હોય કે પછી મહાન દેવતાઓના રૂપમાં અહીં આપણને મદદ કરતા હોય, પણ તે હમેશાં માનવના મિત્ર અને પ્રેમી છે, ગાયોના સ્વામી આભીર છે, કે જે અનંતતાની પ્રકાશયુક્ત ગાયનાં (અદિતિનાં) આંચળમાંથી આપણને મધુર દૂધ અને ઘૃત આપે છે. તે દિવ્ય આનંદના અમૃત સમાન સોમનું મૂળ ઉદ્‌ગમસ્થાન છે, તે સોમરસને તે આપણી ઉપર વરસાવે છે—રેલાવે છે; આપણે અસ્તિત્વના સપ્તવિધ જળોમાંથી અથવા અસ્તિત્વના અદ્રિ પર રહેલી પ્રકાશયુક્ત ઔષધિમાંથી વાટી કાઢેલા તે સોમરસનું પાન કરીએ છીએ, અને તેના આનંદથી ઊર્ધ્વીકૃત બનેલા આપણે અમર થઈ જઈએ છીએ.

આ પ્રાચીન ગૂઢવાદી પૂજાના કેટલાક પ્રકારો આવા છે.

પરમાત્માએ આ વિશ્વની રચના લોકોની જટિલ પદ્ધતિ રૂપે કરી છે, જે આપણામાં વિષયીગત રીતે તથા બહાર વિષયગત રીતે આપણે જાણીએ છીએ. તે પૃથ્વીઓ તથા સ્વર્ગોની આરોહણ કરતી સીડી છે; તે વિધવિધ જળોનો પ્રવાહ છે; તે સાત-આઠ-નવ કે દશ કિરણોનો પ્રકાશ છે; તે અનેક ભૂમિકાઓ-વાળો અદ્રિ છે. ઋષિઓ ઘણી વાર તેમનું ત્રણ ત્રણના સમૂહમાં વર્ણન કરે છે;

ત્રણ પૃથ્વીઓ છે અને ત્રણ સ્વર્ગો છે. વળી, નીચે ત્રિવિધ લોક છે—સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષ; વચ્ચે ત્રિવિધ લોક છે, સૂર્યનાં પ્રકાશયુકત સ્વર્ગો છે; ઉપર ત્રિવિધ લોક છે, જે પરમાત્માનાં પરમ આનંદમય ધામ છે.

પણ બીજાં તત્ત્વો વચ્ચે આવી પડે છે અને લોકોના ક્રમને વધારે જટિલ બનાવે છે. તે તત્ત્વો માનસશાસ્ત્રીય છે. સર્વ સૃષ્ટિ આત્માનું સર્જન છે, એટલે લોકોની પ્રત્યેક બાહ્ય પરંપરાની પ્રત્યેક ભૂમિકામાં, તે કોઈ શકિત કે ચેતનાની વધતી જતી માત્રામાં જોડાયેલી–સંગત હોવી જોઈએ; તે ચેતનાનું તે લોક બાહ્ય વિષયગત પ્રતીક હોવો જોઈએ, અને વસ્તુઓની આંતર, પોતાને સંબંધિત પરંપરા તેનામાં રહેલી હોવી જોઈએ. વેદના અર્થને સમજવા માટે આપણે આ વૈદિક સમાંતર લોકોનું હાર્દ પકડવું જોઈએ, અને તે જેમના પ્રત્યે આપણને દોરી જાય છે તે વૈશ્વિક ક્રમોની પરંપરાનો ભેદ પરખવો જોઈએ. પાછળનાં પૌરાણિક પ્રતીકોમાં આપણને તે જ પરંપરા ફરી જોવા મળે છે, અને તેમની મદદથી આપણે ખૂબ સરલ અને સ્પષ્ટ રીતે તે ક્રમબદ્ધ સીડી ઘડી શકીએ તેમ છીએ. અસ્તિત્વનાં તત્ત્વો સાત છે, અને પૌરાણિક સાત લોકો ખૂબ ચોક્કસપણે તેમની સાથે સુસંગત છે. આ રીતે :

તત્ત્વ	લોક
૧ શુદ્ધ અસ્તિત્વ—સત્	સત્યલોક (પરમ સત્યનો લોક)
૨ શુદ્ધ ચેતના—ચિત્	તપોલોક (અનંત સંકલ્પ-શકિત અથવા સચેતન શકિતનો લોક)
૩ શુદ્ધ આનંદ	જનલોક (સત્‌ના સર્જનાત્મક આનંદનો લોક)
૪ વિજ્ઞાન	મહર્લોક (વિશાળતાનો લોક)
૫ મન	પ્રકાશનો લોક—સ્વર્
૬ પ્રાણ	ભુવર્લોક (વિવિધ પ્રાણીઓની કામનાઓનો, ઇચ્છાઓનો લોક)
૭ પૃથ્વીતત્ત્વ	ભૂલોક (ભૌતિક જગત)

પુરાણોમાંની આ સરલ લોક-પરંપરા કરતાં વેદમાંની પરંપરા બહુ જ જટિલ છે. વેદમાં ત્રણ ઉચ્ચતમ લોકોને ત્રિવિધ દિવ્ય તત્ત્વ તરીકે એકસાથે લેવામાં આવ્યા છે, કારણ કે એ ત્રણ હમેશાં ભેગા જ રહે છે; તેમની ક્ષેત્ર-મર્યાદા અનંતતા છે, આનંદ તેમનો પાયો છે. ઋતના વિશાળ પ્રદેશો તેમને આધાર આપે છે, જ્યાંથી દિવ્ય પ્રકાશ આપણા મન પ્રત્યે સ્વરલોકનાં ત્રણ સ્વર્ગીય પ્રકાશયુકત ઇન્દ્રના લોકોમાં ફેલાય છે. નીચેના ત્રણ લોકોમાં આપણે જીવન ધારણ કરીએ છીએ.

પુરાણોમાં તે જ વૈશ્વિક ક્રમોની પરંપરા મળે છે, પણ તેમની ગોઠવણી ભિન્ન છે — સાત તત્ત્વના લોકો, વ્યવહારમાં પાંચ લોકો, સામાન્ય સમૂહગત રીતે ત્રણ લોકો:

૧ પરમ સત્-ચિત્-આનંદ	ત્રિવિધ દિવ્ય લોકો
૨ વિજ્ઞાનનો કડીરૂપ લોક	સ્વર્‌માં પ્રગટ થયેલાં, ત્રણ પ્રકાશયુકત સ્વર્ગો-વાળા સ્વર્‌માં પ્રગટેલાં ઋત-સત્ય-બૃહત્ (વિશાળ)
૩ ત્રિવિધ નિમ્ન-લોક	
શુદ્ધ મન	(દ્યુલોક-ત્રણ સ્વર્ગો) સ્વર્ગ
પ્રાણશકિત	અંતરિક્ષ
પૃથ્વીતત્ત્વ	ભૂલોક (ત્રણ પૃથ્વીઓ)

દરેક તત્ત્વમાં બીજાં તત્ત્વોના ગૌણ પ્રાગટયથી ફેરફાર થઈ શકે છે, એટલે દરેક લોક, તેની ચેતનાના સર્જનાત્મક પ્રકાશની જુદી જુદી ગોઠવણી-ઓને લીધે તથા આત્મ-વ્યવસ્થાને લીધે, અનેક પ્રદેશોમાં વહેંચાઈ જાય છે. વેદના ઋષિઓની ફલરૂપ કલ્પનાએ તથા સૂક્ષ્મ દર્શનાએ વિરોધી રાજાઓના ભેદ તથા પાપના સ્વામીઓના કબ્જામાં અત્યારે રહેલી સો નગરીઓ વગેરેની જે વાત કરી છે તે સઘળી વસ્તુઓને આપણે આ ચોકઠામાં મૂકવી જોઈએ. પણ દેવો તે નગરીઓને બળજબરીપૂર્વક ખોલી નાખશે, અને આર્ય યજમાનને તેમનો કબ્જો સોંપી દેશે!

પણ આ લોકો કયાં છે? તેમનું સર્જન શેમાંથી થયું છે? અહીં આપણને વેદના ઋષિઓનો સૌથી વધારે ગહન વિચાર મળે છે. માનવ પૃથ્વી-માતાના ખોળામાં નિવાસ કરે છે, તેને માત્ર આ મર્ત્યલોકનું જ ભાન છે. પણ ઊર્ધ્વમાં પરમ પારચેતન ધામ છે; જયાં પ્રકાશમય ગૂઢતામાં દિવ્ય લોકો આવેલા છે. માનવની ઉપરછલ્લી જાગ્રત ચેતનાની નીચે અવચેતના તથા અચેતનતા આવી રહેલી છે, અને તે સગર્ભ રાત્રિમાંથી તે જે લોકોને જુએ છે તે જન્મે છે. તે પ્રકાશમય ઊર્ધ્વ સમુદ્ર અને અંધકારમય નિમ્ન સમુદ્રના વચગાળામાં આ બીજા લોકો અહીં આવેલા છે. પ્રાણલોકમાંથી માનવ તેનું પ્રાણિક જીવન પ્રાપ્ત કરે છે, મનોલોકમાંથી તે મનને મેળવે છે, તે સતત ગૂઢ રીતે તે લોકો સાથે સંપર્કમાં છે. તે સભાનપણે તેમાં પ્રવેશ કરી શકે, તેમાં જન્મ પ્રાપ્ત કરી શકે— જો તે સંકલ્પ કરે તો. તે ઋતના સૂર્યલોકમાં પણ આરોહણ કરી શકે, પર-ચેતનના દરવાજામાં પ્રવેશ કરી શકે, પરમના ઉંબરાને ઓળંગી શકે. તેના વૃદ્ધિ પામતા આત્મા આગળ દિવ્ય દ્વારો ખુલ્લાં થઈ જશે.

માનવની બાહ્ય દૃષ્ટિ જે વસ્તુઓને બહાર હોય તેમ જુએ છે, તે બધી વસ્તુઓ તેની અંદર રહેલી છે, અને તેથી જ માનવનું આરોહણ શકય છે.

વિષયગત વૈશ્વિક ભૂમિકાઓ તથા સીડીઓને અનુરૂપ વિષયીગત શકિતઓ આપણામાં નિગૂઢ છે, તે આપણે માટે શકય અસ્તિત્વની ભૂમિકાઓ રચે છે. માનવ હજારગણો પૃથ્વીનો પુત્ર હોય, પણ આ ભૌતિક જીવન અને ભૌતિક લોકની ખૂબ મર્યાદિત ચેતનાની અનુભૂતિમાં જ રહેવા તે બંધાયેલો નથી. પૃથ્વીમાતાએ તેને જન્મ આપ્યો છે, પોતાના બાહુપાશમાં રાખ્યો છે, પણ સ્વર્ગ તેનો પિતા છે અને તેથી માનવના અસ્તિત્વ પર તેનો પણ અધિકાર છે. તે પોતાની અંદર વધારે ગહન ઊંડાઈઓ પ્રત્યે તથા ઉચ્ચતર ઊંચાઈઓ પ્રત્યે જાગ્રત બની શકે છે, અને તે રીતે જાગૃત બનવું તે તેના વિકાસનો આશય છે. તે જેમ જેમ વધારે ને વધારે ઉચ્ચ ભૂમિકાઓ પર આરોહણ કરે છે, તેમ તેમ નવા લોકો તેના જીવન તથા દૃષ્ટિ સમક્ષ ખૂલતા જાય છે, અને તેની અનુભૂતિનું ક્ષેત્ર તથા તેના આત્માનું ઘર બનતા જાય છે. તે લોકોની શકિતઓ તથા દેવો સાથે તે સંપર્કમાં આવે છે, એકતા સાધે છે, અને પોતાની જાતને તેમની પ્રકૃતિના રૂપમાં ઘડે છે. આ રીતે પ્રત્યેક આરોહણ આત્માનો નવો જન્મ છે, અને વેદમાં લોકોને જન્મો, ધામો, નિવાસ-સ્થાનો તરીકે વર્ણવ્યા છે.

જેવી રીતે દેવોએ વૈશ્વિક લોકોની પરંપરાનું — સીડીનું નિર્માણ કર્યું છે, તેવી રીતે માનવની ચેતનામાં, મર્ત્ય સ્થિતિમાંથી શિખરરૂપ અમર્ત્યતાને પ્રાપ્ત કરવા માટે, તેઓ વ્યવસ્થિત ભૂમિકાઓની તથા આરોહણ કરતી માત્રાઓની તેવી જ સીડીનું નિર્માણ કરવા માટે પ્રયાસ કરે છે. તેઓ માનવને મર્યાદિત ભૌતિક જીવનની સ્થિતિમાંથી — જેમાં આપણી નિમ્નતમ માનવતા સંતુષ્ટ જીવન ગાળે છે અને જેમાં તેને ભેદમયતાના સ્વામીઓની તાબેદારી ઉઠાવવી પડે છે, ઉન્નત સ્થિતિમાં લઈ જાય છે, પ્રાણના તથા કામનાના સક્રિય લોકોમાંથી પ્રાપ્ત થતા અનેક વેગવાન આઘાતો તથા આવેગોથી પૂર્ણ અને સમૃદ્ધ જીવન તેને આપે છે, કે જે લોકોમાં દેવો તથા દાનવો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે; અને પછી તે વેદના-યુકત આવેગો તથા ઉત્કટતાઓમાંથી દેવો તેને ઉચ્ચ માનસિક અસ્તિત્વની સ્થિર વિશુદ્ધતા અને સ્પષ્ટતા પ્રત્યે વધારે ઊંચે લઈ જાય છે. કારણ કે શુદ્ધ વિચાર અને લાગણી માનવનું આકાશ છે, સ્વર્ગ છે. કામના જેની આધાર શિલા છે તેવું, લાગણીઓનું — આવેગોનું — સંવેદનાનું સમગ્ર પ્રાણિક જીવન માનવનું અંતરિક્ષ છે. શરીર અને ભૌતિક જીવન તેની પૃથ્વી છે.

પણ માનવના આરોહણનો છેલ્લો તબક્કો વિશુદ્ધ વિચાર અને વિશુદ્ધ ચૈત્ય સ્થિતિ નથી. દેવોનું ઘર મનથી પર, પરમ ઋત છે, જે સૂર્યના પ્રકાશોમાં આવેલું છે. તેમાં આરોહણ કરેલો માનવ વિચારક તરીકે મથામણ કરતો નથી, પણ વિજયીપણે ઋષિ બની જાય છે; તે ત્યાં માનસિક પ્રાણી રહેતો નથી, પણ દિવ્ય સત્ત્વ બની જાય છે. તેનાં સંકલ્પ, જીવન, વિચાર, માગણી, ઈન્દ્રિય, ક્રિયા — સર્વનું સર્વ-

શકિતમાન ઋતનાં મૂલ્યોમાં રૂપાંતર થઈ જાય છે; તે બધાં ઋત તથા અનૃતના મિશ્રણવાળી, દુઃખપૂર્ણ, નિરાધાર, ગૂંચવાડાભરેલી ગ્રંથિ રહેતાં નથી. તે માનવ હવે આપણી સંકુચિત, ફરિયાદ કરતી મર્યાદાઓમાં અપંગની પેઠે ગતિ કરતો હોતો નથી, પણ વિઘ્ન-રહિત વિશાળતામાં વિચરે છે. તે હવે આ વક્રતાઓની વચ્ચે વાંકાચૂંકા માર્ગોની મથામણ કરતો હોતો નથી, પણ ઝડપી અને વિજયી, સીધાસટ માર્ગને અનુસરતો હોય છે. તે હવે ખંડિત ટુકડાઓ વડે પુષ્ટ થતો હોતો નથી, પણ અનંતતાનાં (અદિતિ માતાનાં) સ્તનોમાંથી દૂધનું ધાવણ ધાવતો હોય છે. માટે તેણે આ આકાશ-પૃથ્વીનાં અંતરાલોને વટાવીને તેમનાથી પર જવાનું હોય છે, સૂર્ય લોકોનો સ્થાયી કબજો મેળવી વિજય પ્રાપ્ત કરવાનો હોય છે, ઉચ્ચતમ ઊંચાઈમાં પ્રવેશ કરીને તેણે અમૃતત્વનાં ત્રિવિધ તત્ત્વમાં રહેતાં શીખવાનું હોય છે.

આપણે જે છીએ તે આ મર્ત્યતાનો વિરોધ, અને આપણે જેની અભીપ્સા સેવીએ છીએ તે અમર્ત્ય સ્થિતિ વૈદિક વિચારની તથા આચારની ચાવી છે. વેદ એ માનવની અમરતાનો સૌથી વધારે પ્રાચીન ધર્મ-સંદેશ છે; તેના પ્રેરણા-યુકત સંશોધકોની પ્રાથમિક સાધના આ પ્રાચીન મંત્રોમાં નિગૂઢ છે.

સત્‌નો સાર-પદાર્થ, ચેતનાનો પ્રકાશ, સક્રિય શકિત અને સ્વામિત્વયુકત આનંદ અસ્તિત્વનાં ઘટક તત્ત્વો છે. પણ આપણામાં તેમનાં સંમિશ્રણો મર્યાદિત, વિભાજિત, ન્યૂનાખંડિત અને અસ્પષ્ટ હોઈ શકે, અથવા અનંત, પ્રકાશમય, વિશાળ, સમગ્ર અને સંપૂર્ણ હોઈ શકે. મર્યાદિત અને વિભાજિત જીવન એ અવિદ્યા છે, તે અંધકાર અને અશકિત છે, તે શોક અને દુઃખ છે. પદાર્થની સમૃદ્ધિને, પ્રકાશને, શકિતને, આનંદને આપણે વિશાળમાં — સંપૂર્ણમાં — અનંતમાં શોધવાં જોઈએ. મર્યાદિતતા મર્ત્યતા છે. અનંતમાં પરિપૂર્ણ આત્મ-સ્વામિત્વ દ્વારા, સ્થિર વિશાળતામાં જીવવાની તથા વિચરવાની શકિત પ્રાપ્ત કરવાથી, આપણને અમૃતત્વ પ્રાપ્ત થાય છે. એટલે માનવ જેટલા પ્રમાણમાં વિસ્તૃત બનતો જાય છે, જીવન-પદાર્થમાં સતત વૃદ્ધિ કરતો રહે છે, સદા ઉચ્ચતર બનતી જતી સંકલ્પ-જ્વાળાને પ્રજ્વલિત કરતો રહે છે, જ્ઞાનના વધારે વિશાળ પ્રકાશને મેળવતો રહે છે, પોતાની ચેતનાના સીમાડાઓને વ્યાપક બનાવતો જાય છે, પોતાની શકિતની–બળની માત્રાને તથા પહોળાઈને વધારતો જાય છે, આનંદની ઉત્કટતાને પોતામાં સુસ્થાપિત કરતો જાય છે, પોતાના આત્માને અમેય શાન્તિમાં નિર્મુકત કરતો જાય છે, તેમ તેમ માનવ અમૃતત્વ માટે વધારે ને વધારે સમર્થ બનતો જાય છે.

વિસ્તૃત થવું એટલે નવા જન્મો પ્રાપ્ત કરવા. અભીપ્સુ ભૌતિક પ્રાણી પ્રયત્નશીલ પ્રાણિક માનવી બને છે, પછી ધીમે ધીમે તે પોતાનું રૂપાંતર સૂક્ષ્મ માનસ-પુરુષ તથા ચૈત્યમય પ્રાણી તરીકે કરે છે. આ સૂક્ષ્મ વિચારક વિશાળ, અનેક-રૂપ, વૈશ્વિક માનવ તરીકે વિકાસ પામે છે, જે ઋતના અનેકવિધ પ્રવાહો પ્રત્યે

ચારે બાજુએ ખુલ્લો હોય છે. તે વૈશ્વિક માનવ વધારે ને વધારે સિદ્ધિમાં આરોહણ કરતો કરતો, આધ્યાત્મિક પુરુષ તરીકે ઉચ્ચતર શાન્તિ, આનંદ અને સંવાદને મેળવવા પ્રયત્ન કરે છે. આ પાંચ પ્રકારની આર્ય-જાતિઓ છે; તેમાંની દરેક જાતિને પોતાનો આગવો પ્રદેશ અથવા સમગ્ર માનવ-સ્વભાવની સ્થિતિ હોય છે. પણ એક સંપૂર્ણ આર્ય પણ છે, જે આ સ્થિતિઓ પર વિજય મેળવીને તેમને વટાવી જાય છે, અને તે બધી સ્થિતિઓને પરાત્પર સંવાદમાં એકત્રિત કરે છે.

પાર-માનસિક ઋતમાં આ મહાન આંતિરક રૂપાંતરનું કરણ છે. તે માનવના મનની જગ્યાએ પ્રકાશમય દર્શનાને તથા દેવોની આંખને મૂકી આપે છે, મર્ત્ય જીવનની જગ્યાએ અનંત અસ્તિત્વના પ્રાણને તથા શકિતને મૂકી આપે છે, અસ્પષ્ટતામય મરણશીલ પદાર્થતત્ત્વની જગ્યાએ મુકત અને અમર ચિત્-સત્તા મૂકી આપે છે. માટે માણસે આ રીતે વિકાસ કરવો જોઈએ—પ્રથમ, તેણે આત્મવિકાસ દ્વારા સર્વ ક્રિયાનાં તથા અનુભૂતિનાં આ કંપનોને ઝીલવા માટે સમર્થ એવી બળવાન પ્રાણિકતા પ્રાપ્ત કરવી જોઈએ, સ્પષ્ટ માનસિક શુદ્ધિ તથા ચૈત્યમય વિશુદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. પછી તેણે આ માનવી પ્રકાશનો વિસ્તાર કરી, તેનું અનંત ઋતમાં રૂપાંતર સાધવું જોઈએ; માનવી શકિતનો વિસ્તાર કરી, તેનું અમર સંકલ્પમાં રૂપાંતર સિદ્ધ કરવું જોઈએ.

આપણું સામાન્ય જીવન અને ચેતના અંધકારમય રાત્રિ છે, વધુમાં વધુ તારાઓ વડે પ્રકાશિત રાત્રિ છે. તે ઉચ્ચતર ઋતના સૂર્યોદયથી ઉષા આવે છે, અને ઉષાનું આગમન થતાં અસરકારક યજ્ઞ આવે છે. યજ્ઞ વડે, વારંવાર આવતી રાત્રિમાંથી ઉષાને તથા ખોવાઈ ગયેલા સૂર્યને સતત જિતી લેવાય છે, પણિઓની અંધકારમય ગુહામાંથી પ્રકાશયુકત ગાયોના ધણને બચાવી લેવાય છે. યજ્ઞ વડે, આપણે માટે સ્વર્ગના પ્રાચુર્યની વૃષ્ટિ થાય છે, આપણી પૃથ્વી પર ઉચ્ચતર અસ્તિત્વનાં સપ્તવિધ જલો વેગપૂર્વક અવતરણ કરે છે, કારણ કે દેવ-મનની (ઇન્દ્રની) ઝબૂકતી વીજળીઓ ઘેરી વળનાર સર્પ-દૈત્યના ભરડાને, આવૃત કરનાર—અવરોધ કરનાર વૃત્રને છેદી નાખે છે. યજ્ઞમાં સોમરસને વાટીને કાઢવામાં આવ્યો હોય છે, તે આપણને તેના અમર બનાવતા આનંદના પ્રવાહ ઉપર ઊર્ધ્વીકૃત કરી ઉચ્ચતમ સ્વર્ગોમાં લઈ જાય છે.

આપણી સર્વ સમૃદ્ધિને, કાર્યોને ઉચ્ચતર અસ્તિત્વની શકિતઓને સમર્પિત કરવાં તે આપણો યજ્ઞ છે. સમગ્ર વિશ્વ એક મૂક નિરાધાર યજ્ઞ છે, જેમાં અદૃશ્ય દેવોને આપવાના બલિ તરીકે આત્માને પાશો વડે બાંધવામાં આવ્યો છે. તેને મુકત કરનાર શબ્દ શોધી કઢાવો જોઈએ, માનવના હૃદયમાં તથા મનમાં પ્રકાશક સૂકતની રચના થવી જોઈએ, અને તેના જીવનનું સભાન અને સ્વૈચ્છિક આહુતિરૂપે રૂપાંતર થવું જોઈએ, જેમાં આત્મા બલિ-પશુ તરીકે ન રહે પણ યજ્ઞનો સ્વામી બને.

પોતાનાં ઊંડાણોમાંથી પ્રગટતા દેવો પ્રત્યેના ભવ્ય સૂકતરૂપ, સર્વ-સર્જક અને સર્વ-અભિવ્યંજક શબ્દ વડે તથા સત્ય યજ્ઞ વડે, માનવ દરેક વસ્તુને સિદ્ધ કરી શકે છે. તે પોતાની પરિપૂર્ણતાનો વિજય કરશે; પ્રકૃતિ તેની રાજી બનેલી, તેની કામના કરતી, પ્રિયતમા તરીકે તેની પાસે આવશે; તે તેનો ઋષિ બનશે, તેના રાજા તરીકે તેના પર શાસન કરશે.

પ્રાર્થના તથા દેવ-આકર્ષણ કરતા સૂકત વડે, સ્તુતિ તથા દેવસ્વીકૃતિરૂપ સૂકત વડે, દેવ-પ્રાપ્તિ તથા આત્માભિવ્યકિત વર્ણવતા સૂકત વડે માણસ પોતામાં દેવોને નિવાસ આપી શકે; પોતાના અસ્તિત્વના નવ-દ્વારવાળા ઘરમાં દેવની જીવંત મૂર્તિને સ્થાપી શકે, દિવ્ય જન્મોમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી શકે; પોતાના આત્માને રહેવા માટે પોતામાં વિશાળ અને પ્રકાશયુકત લોકોનું નિર્માણ કરી શકે. ઋતના શબ્દ વડે, સર્વને જન્મ આપનાર સૂર્ય સર્જન કરે છે; તે છંદ વડે બ્રહ્મણસ્પતિ લોકોને બહાર પ્રગટાવે છે અને ત્વષ્ટા તેમનું નિર્માણ કરે છે; પોતાના પ્રેરણાયુકત હૃદયમાં સર્વ-શકિતમાન શબ્દને શોધી કાઢીને, પોતાના મનમાં તેને આકાર આપીને, મર્ત્ય પ્રાણી-માનવ વિચારક પોતામાં સર્વ સ્વરૂપોને, ઈચ્છિત સર્વ સ્થિતિઓને તથા અવસ્થાઓને સર્જી શકે છે; અને તે સિદ્ધ કરીને, તે પોતાને માટે અસ્તિત્વની સર્વ સમૃદ્ધિને, પ્રકાશને, શકિતને, ઉપભોગના આનંદને મેળવી શકે છે. તે પોતાનું પૂર્ણ અસ્તિત્વ રચે છે, અને પોતાના દેવોને પાપનાં સૈન્યોનો નાશ કરવામાં મદદ કરે છે; જે આધ્યાત્મિક શત્રુઓની સેનાઓએ પોતાના સ્વભાવને વિભાજિત-વિચ્છિન્ન-દુ:ખિત બનાવ્યો હતો, તેમને તે હણી શકે છે.

કેટલીક વાર આ યજ્ઞના પ્રતીકને યાત્રા અથવા મુસાફરી રૂપે વર્ણવવામાં આવ્યું છે; કારણ કે યજ્ઞ આગળ ગતિ કરે છે, આરોહણ કરે છે; તેનું લક્ષ્ય છે વિશાળતા, સત્ય અસ્તિત્વ, પ્રકાશ, આનંદ; તેના માર્ગને શોધી કાઢી, તે શુભ—સીધા—સુખમય માર્ગનું અનુસરણ કરવાનું છે; તે ઋતનો માર્ગ પરિશ્રમયુકત છે, પણ સાથે સાથે આનંદપ્રદ પણ છે. પર્વતનાં શિખરો જેવી અનેક ભૂમિકાઓ પર તેણે આરોહણ કરવાનું છે—જેમાં દિવ્ય સંકલ્પની જાજવલ્યમાન શકિત તેને દોરશે. તેણે અસ્તિત્વનાં જળોને, જાણે નૌકામાં બેસીને હોય તેમ, તરીને પાર કરવાનાં છે. તે માર્ગમાં વચ્ચે આવતી નદીઓને તેણે પાર કરવાની છે, ઊંડા ખાડાઓથી તથા વેગવાળા પ્રવાહોથી બચવાનું છે; દૂર-સુદૂર રહેલા પ્રકાશના તથા અનંતતાના સમુદ્રને પ્રાપ્ત કરવો તે એ મુસાફરીનું લક્ષ્ય છે.

આ મુસાફરી સહેલી કે શાંતિમય નથી હોતી. લાંબા સમયના ગાળાઓ સુધી, તે ભીષણ, કઠોર યુદ્ધ રૂપ હોય છે. આર્યમાનવે સતત મહેનત કરવી પડે છે, યુદ્ધ કરવું પડે છે, વિજય મેળવવો પડે છે. તેણે અશ્રાન્ત પરિશ્રમ કરનાર, યાત્રી, કઠોર યુદ્ધ કરનાર વીર બનવું પડે છે. તેણે એક પછી બીજાં એમ અનેક નગરો

પર હૂમલો કરી, બળજબરીથી તેમનાં દ્વાર ખોલી નાખવાં પડે છે, એક પછી બીજા રાજ્ય-પ્રદેશ પર વિજય મેળવવો પડે છે, એક પછી બીજા શત્રુને ઊથલાવી નાખી તેમને પગ તળે નિર્દયતાપૂર્વક કચડી નાખવા પડે છે. તેનો સમગ્ર વિકાસ દેવો તથા દૈત્યો વચ્ચેનું, દેવો તથા રાક્ષસો વચ્ચેનું, ઈન્દ્ર અને વૃત્ર વચ્ચેનું, આર્ય તથા દસ્યુ વચ્ચેનું યુદ્ધ હોય છે. તેણે યુદ્ધ-મેદાન પર આર્ય વિરોધીઓનો પણ સામનો કરવો પડે છે, કારણ કે જૂના મિત્રો અને મદદગારો શત્રુઓ બની જાય છે; જે આર્ય રાજ્યોના રાજાઓને તે જિતવા તથા વટાવી જવા માગતો હોય છે, તેઓ દસ્યુઓ સાથે જોડાઈ જાય છે, અને તેની મુકત આગેકૂચમાં અવરોધ નાખવા — તેની સામે લડવા વ્યૂહ ગોઠવીને ઊભા રહે છે.

પણ તેનો સ્વાભાવિક શત્રુ દસ્યુ છે. ઋષિઓ આ વિભેદ કરનારાઓનો, લૂંટારુઓનો, ઈજા પહોંચાડનાર શકિતઓનો, દાનવોનો, દિતિ-માતાના (ભેદ-બુદ્ધિના) પુત્રોનો અનેક નામો વડે ઉલ્લેખ કરે છે. તેઓ રાક્ષસો છે; તેમનામાં ભક્ષણ કરી જનારાઓ — ખાઈ જનારાઓ છે, વરુઓ અને ફાડી નાખનારાઓ છે; તેમનામાં હાનિ પહોંચાડનારાઓ અને દ્વેષ કરનારાઓ છે; તેમનામાં દ્વૈત-બુદ્ધિ પેદા કરનારાઓ, અવરોધ કરનારાઓ, નિંદકો હોય છે. આપણને ઋષિઓએ કેટલાંક તેમનાં ખાસ નામો પણ આપ્યાં છે. સર્પ રૂપ વૃત્ર મોટામાં મોટો શત્રુ છે, કારણ કે તે પોતાના અંધકારમય ભરડા વડે દિવ્ય અસ્તિત્વની અને દિવ્ય કર્મની શકયતામાં અવરોધ કરે છે, જ્યારે પ્રકાશ વડે વૃત્રનો વધ કરવામાં આવે છે, ત્યારે તેનામાંથી વધારે ભીષણ શત્રુઓ પ્રગટ થાય છે. શુષ્મ તેના અશુદ્ધ અને બિન-અસરકારક બળ વડે આપણને પીડે છે, નમુચિ તેની દુર્બળતાઓ વડે માનવ સાથે ઝઘડે છે, બીજાઓ પણ પોતાના વિશિષ્ટ અનિષ્ટ તત્ત્વ વડે માનવ સાધક પર હૂમલો કરે છે. વળી વલ છે, પણિઓ છે — જે ઈન્દ્રિય-જીવનના કંજૂસ સોદાગરો છે, ઉચ્ચતર પ્રકાશને ચોરી જઈ તેને છુપાવી રાખનારાઓ છે, જે પ્રકાશને તેઓ માત્ર અંધકારમય બનાવી શકે છે — દુરુપયોગ કરી શકે છે, જે અપવિત્ર સમૂહ પોતાના સંઘરેલા ભંડારને ઈર્ષ્યાપૂર્વક જાળવી રાખે છે, જે દેવોને યજ્ઞનું સમર્પણ કરતા નથી. આ અને બીજાં અજ્ઞાનનાં, પાપનાં, દુર્બલતાનાં, અનેક મર્યાદિતતાઓનાં વ્યકિતત્વો — કારણ કે તેઓ મૂર્ત રૂપો કરતાં વધારે સબળ તત્ત્વો હોય છે — માનવ સાથે સતત યુદ્ધ કરે છે. તેઓ પાસે આવીને તેને ઘેરી લે છે, અથવા તેઓ દૂરથી તેના પર તાકીને બાણ છોડે છે, અથવા તેઓ તેના દ્વારયુકત ઘરમાં દેવોનાં સ્થાનોમાં રહે છે, અને પોતાનાં આકાર-હીન, બોબડું બોલતાં મુખો વડે અને પોતાના અપર્યાપ્ત બળના શ્વાસ વડે તેની આત્માભિવ્યકિતને વિકૃત બનાવી મૂકે છે. બળવાન સહાયક દેવોની મદદથી, તેમને હાંકી કાઢવાના હોય છે, તેમનો પરાજય કરવાનો હોય છે, સંહાર કરવાનો હોય છે. તેમને નિમ્ન અંધકારમાં ફગાવી દેવાનાં

હોય છે.

વેદના દેવો વૈશ્વિક પરમાત્માનાં નામો, શકિતઓ, વ્યકિતત્વો છે. તેમાંનો દરેક દેવ દિવ્ય પુરુષની તાત્ત્વિક શકિતનો પ્રતિનિધિ છે. તેઓ વિશ્વને પ્રગટ કરે છે અને પોતે તેમાં પ્રગટ થાય છે. પ્રકાશના પુત્રો, અદિતિના — અનંતતાના પુત્રો એવા તે માનવના આત્માને બંધુ ગણે છે, સાથી ગણે છે, અને તેનામાં પોતે જાતે વૃદ્ધિ પામીને તેની વૃદ્ધિમાં સહાયક બનવાની કામના સેવે છે, જેથી તેઓ પોતાનાં પ્રકાશ — શકિત — સૌન્દર્ય વડે તેના લોક પર સ્વામિત્વ સ્થાપન કરે. દેવો માનવને દિવ્ય સાથ અને સહાય આપવા આવાહન કરે છે, તેઓ તેને પોતાના પ્રકાશયુકત ભ્રાતૃત્વ પ્રત્યે આકર્ષે છે અને ઊર્ધ્વીકૃત કરે છે, અંધકાર અને મોહમયતાના પુત્રો સામે તેને મદદ આપે છે અને તેની મદદ માગે છે. બદલામાં માનવ તેમને પોતાના યજ્ઞમાં બોલાવે છે, પોતાનાં વેગ તથા બળોનું સમર્પણ કરે છે, પોતાની સ્પષ્ટમયતાઓનું તથા મધુરતાઓનું સમર્પણ કરે છે, પ્રકાશમય ગાયનું દૂધ અને ઘી, આનંદની ઔષધિમાંથી વાટીને કાઢેલો સોમરસ, યજ્ઞનો અશ્વ, પુરોડાશ અને સોમ, અન્ન — એ બધું દેવમનના (ઇન્દ્રના) અશ્વોને ખાવા માટે સમર્પે છે. તે દેવોને પોતાના અસ્તિત્વમાં સ્વીકારે છે, પોતાના જીવનમાં તેમનાં વરદાનોને સ્વીકારે છે, પોતાનાં સૂકત-સોમ વડે તેમની વૃદ્ધિ કરે છે — વેદના શબ્દોમાં કહીએ તો, લુહાર જેમ લોઢાને ટીપીને ઘડે છે તેમ, તે દેવોનાં પરિપૂર્ણ રૂપોને ઘડે છે.

એક વાર આપણી પાસે ચાવી આવી જાય, એટલે આ બધાં વેદનાં પ્રતીકોને સમજવાં સહેલાં છે; પણ તેમને માત્ર રૂપકો જ ન સમજવાં જોઈએ. દેવો માત્ર ભાવવાચક વિચારોનાં કાવ્યમય મૂર્તિકરણો નથી, અથવા પ્રકૃતિનાં માનસશાસ્ત્રીય અને ભૌતિક કાર્યોનાં મૂર્તીકરણો નથી. વેદના ઋષિઓને મન તેઓ જીવંત વાસ્તવિકતાઓ છે. માનવ-આત્માની કટોકટીઓ માત્ર તત્ત્વોનો તથા વલણોનો વૈશ્વિક સંઘર્ષ પ્રતિબિંબિત કરતી નથી, પણ તેમના આધારભૂત, તેમના દેહરૂપ વૈશ્વિક શકિતઓનો સંઘર્ષ છે. આ દેવો અને દૈત્યો છે. વિશ્વની તેમ જ વ્યકિતગત આત્માની રંગભૂમિ પર તે જ પાત્રો વાસ્તવિક નાટક ભજવી રહ્યાં છે.

કયા દેવોને યજ્ઞની આહુતિ અપાય? માનવમાં વધતા જતા આ દેવત્વને પ્રગટ કરવા માટે તથા તેનું રક્ષણ કરવા માટે, કયા દેવોનું આવાહન કરવાનું છે?

પ્રથમ આવાહન અગ્નિનું કરવાનું છે, કારણ કે તેના વગર આત્માની વેદિમાં યજ્ઞની જ્વાળા પ્રજ્વલિત થશે નહિ. અગ્નિની જ્વાળા સંકલ્પની સપ્તવિધ જિહ્વા છે, દેવની જ્ઞાનયુકત શકિત છે. આ સચેતન અને શકિતશાળી સંકલ્પ આપણી મર્ત્યતામાં અમર અતિથિ છે, વિશુદ્ધ પુરોહિત અને દિવ્ય કર્મોનો કરનારો છે, પૃથ્વી તથા આકાશ વચ્ચે સંદેશવાહક દુભાષિયો છે. આપણે આહુતિઓ સમર્પીએ

છીએ તેમને તે ઉચ્ચતર શકિતઓને પહોંચાડે છે, અને બદલામાં આપણી મર્ત્યતામાં તેમની શકિતને, પ્રકાશને, આનંદને લઈ આવે છે.

બીજું આવાહન કરવાનું છે બળબાન ઈન્દ્રનું, કે જે દિવ્ય મનરૂપે સ્વયંભૂ પ્રગટેલી વિશુદ્ધ સત્‌ની શકિત છે. જ્ઞાનયુકત શકિતના વાંસને એક છેડે અગ્નિ છે, જે પૃથ્વીમાંથી પ્રવાહને સ્વર્ગ પ્રત્યે મોકલી આપે છે; તે રીતે શકિતયુકત પ્રકાશના વાંસને બીજે છેડે ઈન્દ્ર છે, જે સ્વર્ગમાંથી તે પ્રવાહને પૃથ્વી પર અવતીર્ણ કરે છે. તે આપણા લોકમાં પ્રકાશયુકત અશ્વો સાથે વીર તરીકે અવતરણ કરે છે, અને પોતાની વીજળીઓ વડે અંધરકારનો તથા ભેદમયતાનો સંહાર કરે છે, જીવનપ્રદ સ્વર્ગીય જલોને નીચે વરસાવે છે, પ્રેરણારૂપી સરમાની પાછળ-પાછળ જઈને ખોવાઈ ગયેલી અથવા સંતાડી રાખેલી ગાયોનું પગેરું શોધી કાઢે છે, આપણા મનના સ્વર્ગમાં ઋતના સૂર્યને ઊર્ધ્વમાં પ્રકાશિત કરે છે.

અસ્તિત્વના સત્યનો, જ્ઞાનના સત્યનો, પ્રક્રિયાના સત્યનો, કાર્યગતિ-ધર્મ-કરણના સત્યનો — પરમ સત્યનો સ્વામી સૂર્ય છે. તેથી તે સર્વ વસ્તુઓનો સ્રષ્ટા અથવા પ્રસવિતા છે — કારણ કે સર્જન એટલે ઋત તથા સંકલ્પ દ્વારા કરાયેલું પ્રગટીકરણ છે, અભિવ્યકિત છે; તે સૂર્ય આપણા આત્માઓનો પિતા, પોષક, પ્રકાશક છે. દિવ્ય ઉષાને અનુસરતા આ સૂર્યની ગાયો તે પ્રકાશો છે, જેની આપણે શોધ કરીએ છીએ; તે સૂર્ય આપણામાં રાત્રિ વડે આચ્છાદિત એવા, એક પછી એક એમ, ઉચ્ચતમ આનંદ સુધીના, સર્વ લોકોને મુકત કરે છે, પ્રગટ કરે છે.

તે આનંદનો પ્રતિનિધિ દેવ સોમ છે. તે આનંદનો સોમરસ પૃથ્વીની વૃદ્ધિઓમાં — ઔષધિઓમાં, અસ્તિત્વનાં જલોમાં નિગૂઢ છે. અહીં આપણા ભૌતિક અસ્તિત્વમાં પણ તેના અમર બનાવનારા રસો છે; તેમને વાટીને આપણે સર્વ દેવોને તેમનું સમર્પણ કરવાનું છે; કારણ કે સોમપાન કરીને વૃદ્ધિ પામેલા દેવો વિજયને પ્રાપ્ત કરે છે.

આ મુખ્ય દેવોમાંના દરેકની સાથે બીજો દેવ જોડાયેલો છે, જે તેના કાર્યને પરિપૂર્ણ કરવામાં મદદગાર છે. કારણ કે જો સૂર્યના ઋતને આપણા મર્ત્ય સ્વભાવમાં સુસ્થાપિત કરવું હશે, તો કેટલીક અનિવાર્ય શરતોને પૂરી કરવી પડશે. બધાં પાપોનો, વક્ર અનૃતોનો સંહાર કરનાર, વિશાળ વિશુદ્ધિ અને સ્પષ્ટ વિસ્તાર — આ વરુણ દેવ છે. આપણા બધા વિચારોનો, કર્મોનો, આવેગોનો સંવાદ સ્થાપનાર, તેના પ્રત્યે લઈ જનાર, પ્રેમ તથા સમજણની પ્રકાશયુકત શકિત — આ મિત્રદેવ છે. સ્પષ્ટ વિવેચના કરનારી અભીપ્સા અને પ્રયાસની અમર શકિત — આ અર્યમાં છે. પાપ-સ્ખલન — દુ:ખના દુ:સ્વપ્નનો નાશ કરનાર, બધી વસ્તુઓના સત્ય ઉપભોગની સુખમય સાહજિકતા — આ ભગદેવ છે. આ ચાર સૂર્યના ઋતની શકિતઓ છે.

સોમનો સમગ્ર આનંદ સંપૂર્ણપણે આપણા સ્વભાવમાં સ્થાપિત થાય તે માટે, આપણાં મન-પ્રાણ-શરીરની સ્થિતિ સુખમય, પ્રકાશયુકત તથા અવ્યંગ હોય એ જરૂરી છે. બે જોડિયા ભાઈઓ-અશ્વિનો આપણને એ સ્થિતિ આપે છે. સૂર્યની (પ્રકાશની) પુત્રી સાથે પરણેલા, મધુરસનું પાન કરનારા, પરિપૂર્ણ સંતુષ્ટિઓ લાવનારા, રોગને તથા ખોડ-ખાંપણને મટાડનારા, તે અશ્વિનો આપણા જ્ઞાનના તથા ક્રિયાના ભાગોના અધિષ્ઠાતા બને છે, અને આપણા મન-પ્રાણ-શરીરને સુકર તથા વિજયી આરોહણ માટે તૈયાર કરે છે.

દિવ્ય મનરૂપ ઈન્દ્રને, માનસિક રૂપોનો ઘાટ ઘડવામાં, કારીગરો એવા ઋભુઓ મદદ કરે છે. તેઓ માનવ-શકિતઓ હતા; પણ યજ્ઞકાર્ય વડે તથા સૂર્યના પરમ ધામમાં આરોહણ કરવા વડે, તેમણે અમૃતત્વને પ્રાપ્ત કર્યું છે, અને પોતે જે સિદ્ધ કર્યું છે તે બીજા માનવો પણ કરે તે માટે તેઓ માનવ-જાતિને મદદ કરે છે. મન વડે તેઓ ઈન્દ્રના અશ્વોનું, અશ્વિનોના રથનું, દેવોનાં આયુધોનું, યાત્રાનાં તથા યુદ્ધનાં બધાં સાધનોનું નિર્માણ કરે છે. ઋતનો પ્રકાશ આપવામાં તથા વૃત્રનો સંહાર કરવામાં, મરુતો ઈન્દ્રને મદદ કરે છે. મરુતો સંકલ્પની—જ્ઞાન તંતુઓની—પ્રાણની શકિતઓ છે, જેમણે વિચારના પ્રકાશને તથા આત્માભિવ્યકિતના અવાજને પ્રાપ્ત કર્યો છે. તેઓ બધા વિચારોને તથા વાણીને વેગ આપે છે; તેઓ પરમ ચેતનાનાં પ્રકાશ-સત્ય-આનંદ પ્રત્યે ગતિ કરાવવા યુદ્ધ કરે છે.

નારી-શકિતઓ પણ છે, કારણ કે દેવ, પુરુષ તેમ જ સ્ત્રી રૂપ છે. દેવો પણ કાં તો ક્રિયાશીલ આત્માઓ હોય છે, અથવા નિષ્ક્રિય રીતે કાર્ય કરનારી, પદ્ધતિ-પૂર્વક વ્યવસ્થા કરનારી, શકિતઓ હોય છે. દેવોની અનંતમાતા, અદિતિ પ્રથમ આવે છે. વળી ઋત-ચેતનાની પાંચ શકિતઓ છે : (૧) દિવ્ય ઉદ્‌ગમસ્થાનમાંથી બધી વસ્તુઓને આપણે માટે લઈ આવનાર, વિશાળ શબ્દ રૂપ મહી અથવા ભારતી, (૨) પોતાની ક્રિયાશીલ દર્શના આપણને આપનારી, ઋતના મૂળ બળવાન શબ્દ રૂપ ઈલા, (૩) તેના વહેતા પ્રવાહ રૂપ, પ્રેરણાના શબ્દ રૂપ સરસ્વતી, (૪) અવચેતનાની ગુફામાં ઊતરી નિગૂઢ પ્રકાશોની ખોજ કરનાર, સ્વર્ગની કૂતરી, પ્રેરણારૂપ સરમા, (૫) સત્ય રીતે વિવેક કરી, કાર્યને વ્યવસ્થિત કરનાર, યજ્ઞમાં દરેક દેવને તેનો આહુતિનો યોગ્ય ભાગ વહેંચી આપનાર, દક્ષિણા. દરેક દેવની પણ નારી-શકિત હોય છે.

આકાશ રૂપી પિતા અને પૃથ્વી રૂપી માતા આપણા આ કાર્યને, સંઘર્ષને, આરોહણને ટેકો આપે છે. તે બે દેવોનાં પિતા-માતા છે; તે અનુક્રમે વિશુદ્ધ માનસિક તથા ચૈત્ય ચેતનાને તથા શારીરિક ચેતનાને ટકાવી રાખે છે. તે બેની વિશાળ મુકત ક્ષેત્ર-મર્યાદા આપણી સિદ્ધિની પૂર્વ શરત છે. જીવનનો સ્વામી વાયુ, પ્રાણશકિતના પ્રદેશ રૂપ અંતરિક્ષ દ્વારા, તે બેને જોડનાર કડી રૂપ છે. બીજા દેવો

પણ છે—સ્વર્ગની વૃષ્ટિ આપનાર પર્જન્ય, દિવ્ય યુદ્ધ-અશ્વ, અગ્નિની શકિત રૂપ, દધિક્રવન, પાયાઓમાં રહેલો ગૂઢ સર્પ, અસ્તિત્વની ત્રીજી ભૂમિકા ઉપર આપણા ત્રિવિધ જીવનને પરિપૂર્ણ બનાવનાર ત્રિત, અપ્ત્ય વગેરે.

આપણી પરિપૂર્ણતા માટે આ બધા દેવોનો વિકાસ આવશ્યક છે. આપણી બધી ભૂમિકાઓ પર તે પરિપૂર્ણતા સિદ્ધ થવી જોઈએ — પૃથ્વીની વિશાળતામાં, આપણા શારીરિક અસ્તિત્વમાં તથા ચેતનામાં; પ્રાણિક વેગ અને ક્રિયા-ઉપભોગ-જ્ઞાનતંતુઓનાં આકંપનોની પૂરી શકિતમાં — જેને અશ્વરૂપે કલ્પવામાં આવ્યો છે અને આપણા પ્રયાસને ટકાવી રાખવા માટે જેને આગળ લાવવો તે જરૂરી છે; આપણા બૌદ્ધિક અને ચૈત્યમય અસ્તિત્વમાં, હૃદયની માગણીની સંપૂર્ણ પ્રસન્નતામાં તથા મનની પ્રકાશયુકત ઉષ્મામાં તથા સ્પષ્ટતામાં; આપણા સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર સાધવા માટે પારમાનસિક પ્રકાશના, ઉષાના, સૂર્યના, ગાયોની પ્રકાશમય માતાના (અદિતિના) આગમનમાં; કારણ કે તે રીતે આપણે ઋતનું સ્વામિત્વ પ્રાપ્ત કરીએ છીએ, ઋત વડે આનંદના પ્રશસ્ય ઊર્મિને પ્રાપ્ત કરીએ છીએ, અને આનંદમાં કેવળ સત્‌ની અનંત ચેતનાને પ્રાપ્ત કરીએ છીએ.

પૌરાણિક ત્રિમૂર્તિના ઉદ્‌ભવ-સ્થાન, ત્રણ મહાન દેવો, પરમાત્માની મહત્તમ શકિતઓ આ વિકાસને તથા ઊર્ધ્વની ઉત્ક્રાન્તિને શકય બનાવે છે. તે વિશ્વની આ જટિલતાઓને, તેમની મુખ્ય રેખાઓમાં તથા પાયાભૂત શકિતઓમાં ટકાવી રાખે છે. બ્રહ્મણસ્પતિ સ્રષ્ટા છે; તે શબ્દ વડે — પોતાના અવાજ વડે સર્જન કરે છે, અર્થાત્‌ અચેતનના અંધકારમાંથી સર્વ અસ્તિત્વને, સચેતન જ્ઞાનને, જીવનની ગતિને અને પરિણામ રૂપે પ્રગટ થતાં રૂપોને અભિવ્યકત કરે છે. ઉગ્ર અને કરુણાપૂર્ણ રુદ્ર મહાદેવ પોતાના અસ્તિત્વની સ્વીકૃતિ માટે મથતા જીવનના સંઘર્ષના અધિષ્ઠાતા છે; તે બળપૂર્વક સૃષ્ટિને ઊર્ધ્વમાં લઈ જતી, ભગવાનની આયુધોવાળી, ક્રોધપૂર્ણ અને કલ્યાણકારી શકિત છે; તે દરેક વિરોધી પર પ્રહાર કરે છે, સ્ખલન તથા પ્રતિરોધ કરનારને ચાબુક વડે ફટકારે છે, રુગ્ણને — દુઃખીને — ફરિયાદ કરનારને — તાબે થનારને તે નીરોગી બનાવે છે. વિશાળ વ્યાપક ગતિવાળા વિષ્ણુ પોતાનાં ત્રણ પગલાં વડે આ સર્વ લોકોને વ્યાપ્ત કરે છે; આપણી મર્યાદિત મર્ત્યતામાં ઇન્દ્રના કાર્ય માટે તે વિશાળ અવકાશ કરી આપે છે; તેના વડે અને તેના સાથમાં આપણે તેનાં પરમ ધામોમાં આરોહણ કરીએ છીએ, જ્યાં મિત્ર, પ્રિયતમ, કલ્યાણ-કારી આનંદમૂર્તિ દેવ તરીકે તે આપણી પ્રતીક્ષા કરી રહ્યા છે.

અસ્તિત્વના અંધકારમય અચેતન સમુદ્રમાંથી નિર્માણ થયેલી આપણી પૃથ્વી પોતાની રચનાઓને તથા આરોહણ કરતાં શિખરોને સ્વર્ગ પ્રત્યે ઊર્ધ્વીકૃત કરે છે. મનના સ્વર્ગને પોતાની ખાસ રચનાઓ હોય છે, વીજળીઓ તથા જીવનનાં જલો આપતાં વાદળો હોય છે. નીચેના અવચેતન સમુદ્રમાંથી ઘૃત(સ્પષ્ટતા)ના તથા

મધુના પ્રવાહો આરોહણ કરી ઊર્ધ્વ પાર-ચેતન સમુદ્રની શોધ કરે છે. તે ઊર્ધ્વ સમુદ્ર આપણા ભૌતિક જીવન ઉપર તેના પ્રકાશ—સત્ય—આનંદની નદીઓ નીચે વહેવરાવે છે. આમ વેદના ઋષિઓ ભૌતિક પ્રકૃતિનાં પ્રતીકોમાં આપણા આધ્યાત્મિક આરોહણનાં સૂક્તો ગાય છે.

અંગિરસોએ — માનવ પિતૃઓએ તે આરોહણ કયારનું યે સિદ્ધ કર્યું છે. આ મહાન પિતૃઓના આત્માઓ હજી પણ તેમનાં સંતાનોને મદદ કરી રહ્યા છે. કારણ કે નવીન ઉષાઓ ભૂતકાળની ઉષાઓનું પુનરાવર્તન કરે છે, અને ભાવિ ઉષાઓનો સંપર્ક કરવા પ્રકાશમાં નીચે મુખને ઝુકાવે છે. કણ્વ, કુત્સ, અત્રિ, કક્ષિવાન, ગોતમ, શુન:શેપ અમુક આધ્યાત્મિક વિજયોના ટાઈપ બની ગયા છે, જે વિજયો માનવ-જાતિની અનુભૂતિમાં સતત પુનરાવૃત્તિ પામવાનું વલણ દાખવે છે. શબ્દનું ઉચ્ચારણ કરવા માટે, ગુહાને ચીરવા માટે, ખોવાઈ ગયેલી ગાયોને શોધી કાઢવા માટે, નિગૂઢ સૂર્યને પુન: પ્રાપ્ત કરવા માટે તૈયાર એવા, આ સપ્તર્ષિઓ — અંગિરસો હજી પણ અને સદા સર્વદા રાહ જુએ છે. આમ આત્મા એક યુદ્ધભૂમિ છે, જેમાં અનેક સહાયકો અને વિરોધીઓ, મિત્રો અને શત્રુઓ છે. આ બધું જીવંત છે, પરિપૂર્ણતાથી યુકત છે, અંગત છે, સચેતન છે, સક્રિય છે, યજ્ઞ વડે તથા શબ્દ વડે, આપણે આપણા માટે, પ્રકાશયુકત ઋષિઓનું, આપણે માટે યુદ્ધ કરનાર વીરોનું, આપણાં કાર્યોના પુત્રોનું સર્જન કરીએ છીએ. ઋષિઓ તથા દેવો આપણે માટે આપણી પ્રકાશયુકત ગાયોનાં ધણ શોધી કાઢે છે. ઋતુઓ મન વડે દેવોના રથોને, તેમના અશ્વોને, ચમકતાં આયુધોને ઘડે છે. આપણું જીવન એક હણહણતો અને વેગપૂર્વક દોડતો અશ્વ છે, જે આપણને આગળ ઊર્ધ્વમાં વહન કરે છે; તેની શકિતઓ ઝડપી ખરીઓવાળા અશ્વો છે; નિર્મુકત બનેલી મનની શકિતઓ વિશાળ પાંખો ફફડાવતાં પક્ષીઓ છે; આ મનોમય પુરુષ અથવા આ આત્મા ઊર્ધ્વમાં ઊડતો હંસ અથવા શકરો બાજ છે, જે સેંકડો લોખંડી દીવાલોને ભેદી નાખે છે અને આનંદના ઈર્ષ્યાખોર રક્ષકો પાસેથી સોમરસને ઝૂંટવી લે છે. હૃદયની ગુહામાંથી ઉત્પન્ન થતો, દરેક પ્રકાશયુકત પ્રભુગામી વિચાર પુરોહિત છે, સ્રષ્ટા છે; તે પ્રકાશયુકત સાક્ષાત્કારનું તથા શકિતશાળી સિદ્ધિનું દિવ્ય સૂકત ગાય છે. આપણે ઋતના પ્રકાશમય સુવર્ણને શોધીએ છીએ; આપણે સ્વર્ગીય ખજાનાની પ્રબળ કામના સેવીએ છીએ.

માનવનો આત્મા અનેક સત્ત્વોથી ભરેલો લોક છે; એક રાજ્ય છે, જેમાં પરમ વિજયમાં સહાય કરનારાઓ તથા વિક્ષેપ કરનારાઓ પરસ્પર ઝઘડે છે; તે એક ઘર છે, જેમાં દેવો આપણા અતિથિઓ છે અને જેનો કબ્જો લેવા માટે દૈત્યો પ્રયાસ કરી રહ્યા છે; તેની શકિતઓની પરિપૂર્ણતા તથા અસ્તિત્વની વિશાળતા, સ્વર્ગીય યજ્ઞ માટે, આસન પાથરે છે — ગોઠવે છે — વિશુદ્ધ કરે છે.

વેદનાં કેટલાંક પ્રતીકો આ પ્રકારનાં છે; પૂર્વજોની શિક્ષાની ટૂંકી રૂપરેખા આ પ્રકારની છે. આ રીતે સમજવામાં આવે, તો ઋગ્વેદ આપણને અસ્પષ્ટ, ગૂંચવાડા-ભરેલો, અર્થહીન પ્રાર્થનાઓનો સમૂહ નહિ લાગે; તે માનવ-જાતિનું, મહાન અભીપ્સાવાળું, ગાન બની રહે છે; તેનાં ગીતો આત્માના મહાકાવ્યમાં, તેના અમર આરોહણનાં ઊર્મિ-ગીતો છે.

આખરે આટલું તો નિશ્ચિત છે. વેદમાં કયું પ્રાચીન વિજ્ઞાન છે, લુપ્ત થયેલું જ્ઞાન છે, પ્રાચીન ચૈત્ય-ભૌતિક પરંપરા છે, તે હજી શોધવાનું બાકી રહે છે.

સમસ્યા અને તેનો ઉકેલ

વેદનું કોઈ રહસ્ય છે ખરું? હજી પણ શું વેદનું રહસ્ય બાકી રહ્યું છે?

પ્રચલિત માન્યતા એવી છે કે તે પ્રાચીન રહસ્યનું હાર્દ પ્રગટ કરીને સર્વની સમક્ષ મૂકવામાં આવ્યું છે, અથવા વધારે સાચી વાત તો એ છે કે વેદમાં કોઈ સાચું રહસ્ય હતું જ નહિ. વેદની ઋચાઓ પ્રાથમિક અવસ્થાની અને હજી જંગલી જાતિની યજ્ઞપરાયણ રચનાઓ છે. યજ્ઞની અને દેવતાઓને પ્રસન્ન કરવાની વિધિ-ઓની આસપાસ તે ગૂંથાયેલી છે. પ્રકૃતિની મૂર્તિમંત શકિતઓનું તેમાં સંબોધન કરવામાં આવ્યું છે. અર્ધ-રચિત પૌરાણિક કથાઓનો ગૂંચવાડાભરેલો સમૂહ અને રચાતી જતી ખગોળ વિદ્યાની અસંસ્કૃત રૂપક-કથાઓ તેમાં ભરપટ્ટે જોવામાં આવે છે. છેલ્લાં સૂકતોમાં પાછળનાં રચાયેલાં સૂકતોમાં આપણને કંઈક ગહન માનસ-શાસ્ત્રીય અને નૈતિક વિચારો પ્રથમ દર્શને જોવા મળે છે. કેટલાક એમ માને છે કે તે વિરોધી દ્રાવિડિયનો, દસ્યુઓ, વેદ-દ્વેષીઓ પાસેથી ઉછીની લીધેલી વસ્તુ છે, જે વિરોધીઓ પર સૂકતોમાં જ ખૂબ વરસાવેલા શાપ આપણને જોવા મળે છે. તે વસ્તુ ગમે તે રીતે પ્રાપ્ત કરવામાં આવી હોય, પણ તેમાં પાછળના વેદાન્તની વિચારણાનું બીજ આપણને જોવા મળે છે. તાજેતરના જંગલી માણસમાંથી માનવે ઝડપી વિકાસ સાધ્યો છે — એ સ્વીકૃત માન્યતા સાથે આ આધુનિક સિદ્ધાન્ત બંધબેસતો આવે છે. વિવેચનાત્મક સંશોધનનું આંજી નાખે તેવું કરણ તેને ટેકો આપે છે, અને તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર, તુલનાત્મક પુરાણવિદ્યાશાસ્ત્ર, તુલનાત્મક ધર્મશાસ્ત્ર જેવાં તાજેતરમાં જન્મેલાં, કમનસીબે હજી અપકવ દશાનાં, મોટે ભાગે અનુમાન પર ઊભી થયેલી પદ્ધતિઓને અપનાવતાં, અનેક શાસ્ત્રો તે માન્યતાને ટેકો આપે છે.

તે પ્રાચીન સમસ્યાનો વિચાર નવીન દૃષ્ટિબિંદુથી કરવાનું સૂચન હું આ પ્રકરણોમાં કરવાનો ઈરાદો રાખું છું. સ્વીકૃત ઉકેલોની વિરોધી, નિષેધાત્મક, સંહારક પદ્ધતિનો ઉપયોગ કરવા હું ઈચ્છતો નથી. પણ વિધિ-આત્મક અને રચનાત્મક રીતે

હું એક વધારે વિશાલ અને પરિપૂરક માન્યતા, ઉકેલની રીત રજૂ કરવા માગું છું. તે વધારે વિશાળ પાયા પર નિર્ભર હશે. આધુનિક સિદ્ધાંતો જેનો ઉકેલ સંતોષકારક રીતે આપી શકતા નથી તેવા, પ્રાચીન વિચારણા અને ધર્મપદ્ધતિના એક બે અગત્યના મુદ્દાઓ પર પ્રકાશ પાડવાનો મારો આશય છે.

યુરોપીય વિદ્વાનોના મત પ્રમાણે ઋગ્વેદ જ એક માત્ર સાચો વેદ છે. તેમાં યજ્ઞપરક અનેક સૂકતોનો સમૂહ છે. તે ઘણી પ્રાચીન ભાષામાં રચાયેલાં છે, કે જે ભાષા લગભગ ઉકેલ ન આપી શકાય તેવી અનેક મુશ્કેલીઓ ઊભી કરે છે. પછીની ભાષામાં જોવા ન મળતાં એવાં, અનેક પ્રાચીન રૂપો અને શબ્દોનો પ્રયોગ તેમાં થયેલો છે. તેમનો અર્થ આપણે બુદ્ધિપૂર્વકના અનુમાનથી કરવો પડે છે, અને છતાં તે સંદિગ્ધ રહે છે. પાછળના સંસ્કૃતમાં જોવા મળતા અનેક શબ્દો તેમાં વપરાયા છે, પણ તે જુદા જ અર્થમાં. તેમાંના અર્થનિર્ણય કરવામાં ખૂબ મહત્ત્વના, અનેક શબ્દો — વાચક પદોમાંથી આશ્ચર્યકારક રીતે અસંબદ્ધ, અનેક અર્થો નિષ્પન્ન કરી શકાય તેમ છે. પરિણામે, આપણી પસંદગી અનુસાર અનેક મંત્રો, સૂકતો, અરે આખા વેદનો જુદો જુદો અર્થ આપણે તારવી શકીએ છીએ. છેલ્લાં હજારો વર્ષ દરમિયાન, આ પ્રાચીન સૂકતોનો અર્થ-નિર્ણય કરવા માટે ઓછામાં ઓછા ત્રણ મહાન પ્રયાસો થયા છે. તેમની દરેકની પદ્ધતિ અને પરિણામો એકબીજાથી તદ્દન ભિન્ન છે. તેમાંનો એક પ્રયત્ન પ્રાગૈતિહાસિક છે. તેના અંશો આપણને બ્રાહ્મણોમાં અને ઉપનિષદોમાં જોવા મળે છે. ભારતીય વિદ્વાન સાયણનું પરંપરાગત સમગ્ર ભાષ્ય આપણને ઉપલબ્ધ છે. આધુનિક યુરોપીય વિદ્વાનોએ આપણા જમાનામાં, તુલનાત્મક અભ્યાસ અને અનુમાન દ્વારા, અથાગ પરિશ્રમ કરીને ઋગ્વેદનો અર્થ કરવાનો પ્રયત્ન કર્યો છે. સાયણના ભાષ્યમાં તથા આ યુરોપીય વિદ્વાનોએ નિષ્પન્ન કરેલા અર્થમાં — બંનેમાં આપણને એક સાધારણ લક્ષણ નજરે પડે છે. અને તે એ કે આ પ્રાચીન સૂકતોમાં આશ્ચર્યકારક અસંબદ્ધતા અને અર્થ-દારિદ્ર્ય છે. એકાદ છૂટી પંકિતમાંથી સ્વાભાવિક રીતે અથવા અનુમાનના બળ દ્વારા સારો અર્થ અથવા કામચલાઉ ટકી રહે તેવો અર્થ કાઢી શકાય. શૈલી ભલે ભભકાદાર, વિરલ વપરાતાં આલંકારિક વિશેષણોથી ભરપૂર હોય, ભભકાદાર શબ્દાળુતાના આશ્ચર્યકારક જથ્થામાંથી ભલે થોડોક જ અર્થ નિષ્પન્ન થતો હોય, પણ તેમાંથી અર્થપૂર્ણ વાકયો ઘટાવી શકાય. પણ જ્યારે સૂકતોના સમગ્ર સમૂહનું વાચન આપણે કરીએ છીએ, ત્યારે આપણને એવા માણસોની હાજરીમાં હોવાનું ભાન થાય છે, કે જે બીજી જાતિઓના પ્રાચીન લેખકોથી તદ્દન ભિન્ન, સુસંબદ્ધ સ્વાભાવિક અભિવ્યકિત કે વિચાર માટે અસમર્થ હતા. ટૂંકાં અને વધારે સરલ સૂકતોને બાદ કરીએ, તો ભાષા આપણને અસ્પષ્ટ અને કૃત્રિમ બનતી જતી લાગે છે. વિચારો અસંબદ્ધ ભાસે છે, અથવા તો તેમનો અર્થ નિષ્પન્ન કરનારે મથામણ કરી પરસ્પર સંબંધ ઉપજાવી કાઢવાનો

રહે છે. મૂળનો અર્થ કરનાર વિદ્વાને વિવરણની પદ્ધતિને બદલે કલ્પનામૂલક રચનાની પદ્ધતિનો આશરો લેવો પડે છે. આપણને જાણે એમ લાગે છે કે તે અર્થને પ્રગટ નથી કરતો, પણ બળવાખોર સામગ્રીને હથોડાના ઘણથી કોઈક પ્રકારનો આકાર અને સુગ્રથિતતા, સુસંગઠિતતા આપી રહ્યો છે.

અને છતાંય આ અસ્પષ્ટ અને અસંસ્કૃત કહેવાતી રચનાઓને સમગ્ર સાહિત્યિક ઈતિહાસમાં વધારેમાં વધારે સુંદર, ઉજ્જવળ સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. તે જગતના સૌથી વધારે સમૃદ્ધ અને ગહન ધર્મનું જ માત્ર ઉદ્ગમસ્થાન તરીકે પ્રસિદ્ધિ પામી નથી, પણ તેની વધારેમાં વધારે સૂક્ષ્મ તત્ત્વચિંતનનું ઉદ્ગમસ્થાન બની છે. હજારો વર્ષોની પરંપરામાં તે બ્રાહ્મણો, ઉપનિષદો, તંત્રશાસ્ત્રો, પુરાણો, મહાન તત્ત્વદર્શનોના સિદ્ધાંતો, વિખ્યાત સંતો અને ઋષિઓના ઉપદેશોના ઉદ્ગમસ્થાન તથા પ્રમાણભૂત માનદંડ તરીકે પૂજાતી આવી છે. તે રચનાઓ 'વેદ' નામથી સુવિખ્યાત છે. વેદ એટલે જ્ઞાન, માનવ મનનું મહત્તમ આધ્યાત્મિક સત્ય. પણ જો આપણે તેની પ્રચલિત વ્યાખ્યાઓ સ્વીકારીએ — પછી તે સાયણનો સિદ્ધાંત હોય કે આધુનિક સિદ્ધાંત હોય, તો તેની આ સમગ્ર ભવ્ય પવિત્ર પ્રતિષ્ઠા એક મહાન કપોલ-કલ્પના માત્ર બની જાય. તો તો પછી આ બધાં સૂકતો માત્ર અશિક્ષિત અને ભૌતિકવાદી જંગલી લોકોની વિચિત્ર, વહેમોથી ભરેલી, કલ્પનાઓ માત્ર બની રહે છે, અને તે પણ તેવા લોકોની કે જેમને માત્ર તદ્દન બહારના લાભો અને ઉપભોગોમાં જ રસ હતો, અને જે માત્ર પ્રાથમિક નૈતિક ખ્યાલો અને ધાર્મિક અભીપ્સાઓથી જ પરિચિત હતા. કેટલાક મંત્રો, કે જે તેમના સર્વસાધારણ હાર્દ સાથે સુસંગત નથી, તે આ સમગ્રની અસરને ભૂંસી શકતા નથી. તો તો પછી પાછળના ધર્મો તથા તત્ત્વદર્શનોનો સાચો પાયો અથવા તેમનું આરંભબિંદુ ઉપનિષદો બની રહે છે. અને તે ઉપનિષદો વેદના વિધિપૂર્ણ ભૌતિકવાદ સામે તત્ત્વચિંતકોનો અને વિચારકોનો બળવો જ હતાં, એમ આપણને માનવાનું પ્રાપ્ત થાય છે.

પણ ગેરરસ્તે દોરી જનાર, યુરોપીય, સમાન કક્ષાની ઘટનાઓ જેને ટેકો આપે છે, તેવો આ ખ્યાલ કશું જ સ્પષ્ટ રીતે સમજાવી શકતો નથી. ઉપનિષદોના સારભાગમાં મળી આવે છે તેવી ગહન અને આખરી વિચારણાઓ, સૂક્ષ્મ અને વિગત-પૂર્ણ માનસશાસ્ત્રની પદ્ધતિઓ કાંઈ તેમની પહેલાંના શૂન્યમાંથી એકદમ પ્રગટી શકે નહિ. પોતાના વિકાસમાં માનવ મન એક જ્ઞાનમાંથી બીજા જ્ઞાનમાં આગળ વધે છે, અથવા તો તે અસ્પષ્ટ અને ઝાંખા બની ગયેલા પહેલાંના જ્ઞાનને પુનર્નવીન અને વિશાળ બનાવે છે, અથવા તો તે પહેલાંના અપૂર્ણ સૂચનોને લઈ નવીન સંશોધનો કરવામાં આગળ વધે છે. ઉપનિષદોની વિચારણા તેની પહેલાં મહાન ઉદ્ગમસ્થાનો હોવાં જોઈએ, તેવી અપેક્ષા રાખે છે, અને સામાન્ય સિદ્ધાંતોમાં આપણને તેમનો અભાવ વરતાય છે. આ વચગાળાના અભાવને પૂરવા

માટે ખોળી કાઢવામાં આવેલી માન્યતા — કે તે વિચારો જંગલી આર્ય હુમલાખોરોએ સુસંસ્કૃત દ્રાવિડિયનો પાસેથી ઉછીના લીધા હતા, તે એક અનુમાન માત્ર છે, જેને ટેકો આપવા માટે આપણે બીજાં અનુમાનો સ્વીકારવાં પડે છે. પંજાબમાં થઈને આર્યોએ આ દેશમાં આક્રમણ કર્યું હતું તે આખી કથા શબ્દવ્યુત્પત્તિ-શાસ્ત્રીઓની કપોલકલ્પના છે, એવી શંકા હવે સ્વીકારાઈ રહેલી છે.

પ્રાચીન યુરોપમાં બૌદ્ધિક તત્ત્વચિંતનની શાખાઓ પ્રગટ થઈ, ત્યાર પહેલાં ત્યાં મર્મીઓના તથા રહસ્યવાદીઓના ગૂઢ સિદ્ધાંતો હતા. ઑર્ફિક અને એલ્યુસિનિયન રહસ્યોએ પ્રથમ માનસની સમૃદ્ધ ભૂમિકા તૈયાર કરી હતી, જેમાંથી પાઇથેગોરાસ અને પ્લેટો પ્રગટ થયા. ભારતમાં પાછળથી વિકસેલી વિચારણા માટે એવું કોઈ આરંભબિંદુ હોવું જોઈએ, તેવી શકયતા છે. ગ્રીક રહસ્યો જેવા ગૂઢ ઉપદેશોના સ્વરૂપને અથવા આચ્છાદનને ભારતમાં વિચારણાએ સ્વીકાર્યાં તે સમયનો ગાળો વચ્ચે આવી ગયો હોવો જોઈએ, એમ આપણને ઉપનિષદોની વિચારણાનાં સ્વરૂપો તથા પ્રતીકો જોતાં, બ્રાહ્મણોનો મોટા ભાગનો સારભાગ જોતાં લાગે છે.

સ્વીકૃત સિદ્ધાંતોમાં એક બીજો ખાડો આપણને ઓળંગવો કઠણ લાગે તેવો છે. એક બાજુએ વેદમાં બાહ્ય પ્રકૃતિની શકિતઓની ભૌતિક પૂજા છે, અને બીજી બાજુએ ગ્રીક લોકોનો વિકસિત ધર્મ, તથા ઉપનિષદોમાં અને પુરાણોમાં દેવોનાં ધર્મ-કાર્યો સાથે સંબંધિત માનસશાસ્ત્રીય અને આધ્યાત્મિક વિચારો છે. હાલ તુરત માટે આપણે એ સિદ્ધાંત સ્વીકારી લઈએ કે પૃથ્વી પરનો માનવ બહારથી શરૂઆત કરી અંદર વિકાસ સાધે છે, અને પરિણામે માનવ-ધર્મનું પ્રથમ દશાનું, સંપૂર્ણ રીતે બુદ્ધિયુકત સ્વરૂપ બાહ્ય પ્રકૃતિની શકિતઓની પૂજા રૂપ જ હોવાનું, અને પોતાના અસ્તિત્વમાં તે અનુભવે છે તેમ તે શકિતઓને ચેતના છે અને વ્યકિતત્વ છે, એમ તે આરોપણ કરવાનો.

વેદમાં અગ્નિ સ્પષ્ટ રૂપે અગ્નિ જ છે, સૂર્ય સૂર્ય છે, પર્જન્ય વર્ષાનો મેઘ છે, ઉષા પરોઢ છે. અને જો બીજા કેટલાક દેવોનો ભૌતિક ઉદ્ગમ અથવા ધર્મ તદ્દન સુસ્પષ્ટ ન હોય, તો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનાં અનુમાનો દ્વારા અથવા કુશળ કલ્પના દ્વારા તે અસ્પષ્ટ વસ્તુને સ્પષ્ટ કરવી તે સહેલું છે. પણ જ્યારે આપણે આધુનિક કાલ-ક્રમના ખ્યાલો પ્રમાણે વેદ કરતાં બહુ આધુનિક નહિ તેવી ગ્રીક લોકોની પૂજાપદ્ધતિનો વિચાર શરૂ કરીએ છીએ, ત્યારે આ મનોદશાનું દૃષ્ટિબિંદુ સમૂળું પલટાઈ જાય છે. તેમાં દેવોના ભૌતિક ગુણધર્મો કાં તો ભૂંસાઈ જાય છે અથવા તો માનસશાસ્ત્રીય ખ્યાલો આગળ તે ગૌણ બની જાય છે. આવેગવાળો અગ્નિદેવ પરિશ્રમના લંગડાતા દેવમાં પલ્ટાઈ જાય છે. એપોલો — સૂર્યદેવ કાવ્યમય અને ભાવિકથનની આંતર-પ્રેરણાનો અધિષ્ઠાતા બની જાય છે. જેના મૂળમાં આપણે જેને ઉષાદેવી કહી શકીએ તેવી એથિને પોતાના ભૌતિક ગુણધર્મોની સ્મૃતિ તદ્દન

ગુમાવી દીધી છે, અને તે ડહાપણયુકત, બળવાન, વિશુદ્ધ જ્ઞાન દેવી બની ગઈ છે. યુદ્ધનો દેવ, પ્રેમનો દેવ, સૌન્દર્યની દેવતા વગેરેના ભૌતિક ગુણધર્મો લુપ્ત થઈ ગયા છે. માનવ સંસ્કૃતિના વિકાસ સાથે આમ બનવું અનિવાર્ય હતું, એમ કહેવાથી નહિ ચાલે. તે પરિવર્તનની પ્રક્રિયા સંશોધન અને સ્પષ્ટીકરણ માગી લે છે. આપણે પુરાણોમાં એ જ વ્યુત્ક્રાન્તિ જોઈ શકીએ છીએ. કેટલીક જગ્યાએ દેવ-દેવીઓનાં નામરૂપો બદલાઈ ગયાં છે, પણ કેટલીક જગ્યાએ આપણને ગ્રીક પુરાણશાસ્ત્રમાં જે વિકાસક્રમ નજરે પડે છે તે જ અસ્પષ્ટ પ્રક્રિયા પુરાણોમાં પણ લાગુ પડતી નજરે પડે છે. સરસ્વતી નદી વિદ્યાની તથા કલાની દેવી બની ગઈ છે. વેદના વિષ્ણુ તથા રુદ્ર દિવ્ય ત્રિમૂર્તિમાંના બે મહાન દેવો બની ગયા છે અને તે બ્રહ્માંડના પાલન તથા સંહારના કાર્ય સાથે સંકળાયેલા નજરે પડે છે. ઈશોપનિષદમાં આપણને સૂર્યને પ્રાર્થના જોવામાં મળે છે, જેમાં તેમને આંતરદર્શનાના દેવ તરીકે સંબોધ્યા છે, જે આંતરદર્શનાની ક્રિયાથી આપણને પરમ સત્યની પ્રાપ્તિ થાય છે. વેદના પવિત્ર ગાયત્રી-મંત્રમાં પણ આપણને સૂર્યદેવનો તે જ ગુણધર્મ વર્ણવાયેલો જોવા મળે છે, જે મંત્રનો જપ દરેક બ્રાહ્મણ હજારો વર્ષોથી તેના દૈનિક ધ્યાનમાં કરતો આવ્યો છે. અને આપણે એ પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે આ ગાયત્રી મંત્ર ઋગ્વેદના ઋષિ વિશ્વામિત્રના સૂકતમાં આપણને મળે છે. ઈશોપનિષદમાં જ અગ્નિનું આવાહન તેના નૈતિક ગુણધર્મો માટે કરવામાં આવ્યું આપણે જોઈએ છીએ. તેમાં અગ્નિ પાપમાંથી પાવન કરનાર, આત્માને સન્માર્ગ દ્વારા દિવ્ય આનંદ પ્રત્યે લઈ જનાર દેવ છે. તેનું સંકલ્પશકિત સાથે તાદાત્મ્ય કરવામાં આવ્યું છે, કે જે શકિત માનવ—ક્રિયાઓ માટે જવાબદાર છે. બીજાં ઉપનિષદોમાં દેવો સ્પષ્ટ રીતે માનવની ઈન્દ્રિયોની ક્રિયાઓનાં પ્રતીકો છે. વૈદિક યજ્ઞ માટે રહસ્યમય સુરા આપનાર સોમવલ્લી માત્ર ચંદ્રદેવ જ નથી બની જતી, પણ સોમ માનવના મન તરીકે પ્રગટ થયેલો દેખાય છે. પ્રારંભની ભૌતિક પૂજા પછી, વેદમાં કહેવાતી સર્વ દેવમય પ્રાણપ્રતિષ્ઠા કરતાં ઉચ્ચતર, વિકસિત પુરાણશાસ્ત્રની પહેલાં એવો એક ગાળો આવ્યો હોવો જોઈએ, જેમાં દેવો ગહનતર માનસશાસ્ત્રીય ક્રિયાઓ કરવા સમર્થ છે તેવો અનુભવ તે ઋષિઓને થયો હોવો જોઈએ. તે ગાળાને આપણે રહસ્યયુગ કહી શકીએ. વસ્તુસ્થિતિ જોતાં, વચ્ચે એક ખાડાનો ગાળો દેખાય છે, અથવા વૈદિક ઋષિઓના ધર્મમાં આપણે પ્રાકૃતિક તત્ત્વ જોવામાં અટવાઈ ગયેલા હોવાથી તે ગાળો સરજાયો છે.

મારું સૂચન છે કે તે ખાઈ આપણે જ ખોદી છે, પ્રાચીન પવિત્ર રચનાઓમાં તેનું અસ્તિત્વ જ નથી. હું એવી માન્યતા રજૂ કરવા માગું છું કે ઋગ્વેદ માનવ વિચારણાના પ્રારંભિક સમયની એવી એક મહાન રચના, દસ્તાવેજ છે કે જે અત્યારે આપણને ઉપલબ્ધ છે. ઐતિહાસિક એલ્યુસિનિયન અને ઑર્ફિક

રહસ્યો તેના પડી ભાગતા અવશેષો હતા, જ્યારે આપણે જેમનો નિર્ણય ન કરી શકીએ તેવાં કારણોસર તે જાતિનું આધ્યાત્મિક અને માનસશાસ્ત્રીય જ્ઞાન સ્થૂલ અને ભૌતિક પ્રતીકોમાં — રૂપકોમાં આચ્છાદિત — ગુપ્ત રાખવામાં આવ્યું હતું, જેથી અશ્રદ્ધાવાન અધાર્મિક લોકો તેનો મર્મ ન પામી શકે અને માત્ર દીક્ષિત લોકો સમક્ષ જ તે પ્રગટ થાય. આત્મજ્ઞાન અને દેવોનું સાચું જ્ઞાન પવિત્ર અને ગુહ્ય છે, એવો ગૂઢવાદીઓનો એક પરમ સિદ્ધાંત હતો. સામાન્ય માનવી—મન માટે તે જ્ઞાન અયોગ્ય અને જોખમકારક છે, એમ તે માનતા હતા. અસંસ્કૃત અને અશુદ્ધ જીવાત્માઓને તે આપવામાં આવે, તો તેની વિપરીત સમજણ થાય, તેઓ તેનો દુરુપયોગ કરે, તેમના સદ્‌ગુણો નાશ પામે. એટલે ગૂઢવાદીઓ અસંસ્કૃત લોકો માટે અસરકારક પણ અપૂર્ણ, બાહ્ય પૂજાવિધિ હોવો જોઈએ, તેવી તરફેણમાં હતા, દીક્ષિતો માટે આંતર સાધનાની તરફેણમાં હતા. પરિણામે તે એવા શબ્દો તથા પ્રતીકોમાં પોતાની ભાષાને આચ્છાદિત કરતા કે જે દીક્ષિત તથા પસંદગી પામેલા લોકોને આધ્યાત્મિક અર્થ આપે, અને સામાન્ય પૂજકોના સમૂહને બાહ્ય સ્થૂલ અર્થ આપે. વેદનાં સૂક્તોની વિચારણા તથા રચના આ સિદ્ધાંત અનુસાર કરવામાં આવી છે. બાહ્ય દૃષ્ટિએ જોતાં, તેના મંત્રો અને વિધિઓ સર્વદેવમય પ્રકૃતિ-પૂજા માટે રચાયા હતા, કારણ કે તે સમયે તે સામાન્ય જનતાનો ધર્મ હતો. પણ ગુહ્ય રીતે એ પવિત્ર મંત્રો આધ્યાત્મિક અનુભૂતિ અને જ્ઞાનનાં તથા માનસશાસ્ત્રીય આત્મસાધનાનાં પ્રતીકો હતાં, કે જે વસ્તુઓ તે સમયની માનવજાતિની ઉચ્ચતમ સિદ્ધિ હતી. સાયણે પ્રતિપાદન કરેલી વિધિમય પદ્ધતિ તેનાં બાહ્ય સ્થૂળ અંગોમાં ભલે રહી. યુરોપીય વિદ્વાનોએ શોધી કાઢેલો પ્રાકૃતિક અર્થ અને તેના સર્વસામાન્ય ખ્યાલો ભલે સ્વીકારાય. પણ તે બંનેની ભીતરમાં હમેશાં વેદનું સાચું અને ગૂઢ રહસ્ય હાજર હતું. વેદમાં જ નણ્યા વચાંસિ, ગૂઢ મંત્રોનો ઉલ્લેખ છે. તે મંત્રો વિશુદ્ધ અને જ્ઞાનમાં જાગૃત થયેલા જીવાત્માઓ માટે બોલાયા હતા. વૈદિક શબ્દોનો આંતર અર્થ ઉકેલીને આ ગૂઢ પણ વધારે અગત્યના ભાવાર્થને પ્રગટ કરવો, વૈદિક પ્રતીકોના તથા દેવોના માનસશાસ્ત્રીય ગુણધર્મોના ભાવાર્થને પ્રગટ કરવો, તે આ રીતે મુશ્કેલ પણ બહુ જરૂરી કાર્ય બની જાય છે. આ પ્રકરણો અને તેમની સાથે આપેલા અનુવાદો તે માટેનો એક પ્રારંભ માત્ર છે.

જો આ માન્યતા સાચી સિદ્ધ થાય, તો ત્રણ લાભ થશે. એક તો અત્યાર સુધી દુર્બોધ અને ખોટી રીતે સમજાયેલા, ઉપનિષદોના કેટલાક ભાગો સરળતાથી અને અસરકારક રીતે સમજાશે, પુરાણોનાં ઉદ્‌ગમસ્થાનોનો મોટો ભાગ સુસ્પષ્ટ બનશે. બીજું તેથી ભારતની સમગ્ર પ્રાચીન પરંપરાને તે સત્ય ઠેરવશે, તર્કપૂર્ણ રીતે તેની સમજૂતી આપશે, કારણ કે તેથી આ ભવ્ય સત્ય સિદ્ધ થશે કે વેદાંત, પુરાણ, તંત્રશાસ્ત્ર, તત્ત્વચિંતનની શાખાઓ અને મહાન ભારતીય ધર્મોનાં મૂળ,

તેમનો ઉદ્‌ગમ, તેમનું સ્રોત વેદમાં છે. પછીની ભારતીય વિચારણાના પાયાના ખ્યાલોનું મૂળ બીજ, તેમનાં પ્રાથમિક અસંસ્કૃત સ્વરૂપો આપણને વેદમાં જોવા મળશે. આ રીતે ભારતીય ક્ષેત્રમાં તુલનાત્મક ધર્મના વધારે પ્રમાણભૂત અભ્યાસ માટે આપણને સ્વાભાવિક પ્રારંભ-બિંદુ પ્રાપ્ત થશે. અસલામત અનુમાનોમાં પરિભ્રમણ કરવાને બદલે, અશકય પરિવર્તનો તથા ન સમજાવી શકાય તેવાં રૂપાંતરોની ગમે તેવી સમજૂતી ઠોકી બેસાડવાને બદલે, આપણને, તર્કબુદ્ધિને સંતોષે તેવા સ્વાભાવિક અને ક્રમિક વિકાસને સમજવા માટે મૂળ મુદ્દો જડી જશે. આનુષંગિક રીતે, બીજા પ્રાચીન દેશોની પ્રારંભિક ધર્મપદ્ધતિ અને પુરાણકથાઓની અસ્પષ્ટતા પર કંઈક પ્રકાશ પડશે. છેલ્લું, વેદના મંત્રોની અસંબદ્ધતા અને અસુસંગતતાની સમજૂતી પ્રાપ્ત થશે, અને પરિણામે તે અદૃશ્ય થઈ જશે. તેની હયાતી માત્ર આભાસરૂપ છે, કારણ કે સાચો અર્થતંતુ આંતરિક ભાવાર્થમાં જડશે. તે અર્થતંતુ એક વાર જડે, એટલે સૂકતો તર્કબદ્ધ સુસંગત એકમો તરીકે જણાય છે. તેમની અભિવ્યકિત--શૈલી આપણા આધુનિક વિચાર તથા ભાષાને ભલે અપરિચિત હોય, પણ તેની પોતાની રીતે તે ન્યાય્ય અને સુનિશ્ચિત છે. તે શબ્દાળુ નથી પણ અર્થગર્ભ છે; તેમાં વિચાર-દારિદ્ર્ય નથી પણ દરેક શબ્દમાં અર્થ ઠોંસી-ઠોંસીને ભરેલો છે. પરિણામે વેદ માત્ર અસંસ્કૃત જમાનાનો રસપ્રદ અવશેષ નહિ રહે, પણ દુનિયાનાં પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં એક સૌથી મહત્ત્વના કાર્યગ્રંથ તરીકે તેની ગણના થશે.

વૈદિક સિદ્ધાન્તની પશ્ચાદ્ભૂનું અવલોકન

વેદ આપણાં બૌદ્ધિક તત્ત્વચિંતનોની પહેલાંના જમાનાની રચના છે. તે મૌલિક યુગમાં વિચાર આપણી તાર્કિક પદ્ધતિ કરતાં બીજી પ્રક્રિયાથી આગળ વધતો, અને વાણી અભિવ્યકિત માટે એવી ધાટી સ્વીકારતી, કે જે આપણી આધુનિક ટેવોને અપરિચિત હોવાથી અસ્વીકાર્ય બની જાય. તે સમયના જ્ઞાનીઓ માનવ-જાતિના સામાન્ય સંસ્કારો તથા દૈનિક ક્રિયાઓને અગોચર જ્ઞાન માટે આંતર-અનુભૂતિ ઉપર અને આંતરદર્શનાનાં સૂચનોથી પૂર્ણ મન ઉપર આધાર રાખતા. તેમનો હેતુ, પ્રકાશ પ્રાપ્ત કરવાનો હતો, તાર્કિક નિશ્ચય નહિ. તેમનો આદર્શ આંતરપ્રેરણાવાળો ઋષિ હતો, ચોક્કસ તર્કો કરતો ન્યાયશાસ્ત્રી નહિ. ભારતીય પરંપરાએ વેદના ઉદ્‌ગમની આ કથાને વફાદારીપૂર્વક સાચવી રાખી છે. ઋષિ, સૂકતનો વ્યકિતગત રચયિતા ન હતો, પણ સનાતન સત્યનો તથા બિન-અંગત જ્ઞાનનો દ્રષ્ટા હતો. વેદની ખુદ ભાષા શ્રુતિ છે, બુદ્ધિ વડે રચાયેલો નહિ પણ આંતર શ્રુતિ દ્વારા સંભળાયેલો છંદ છે. તે દિવ્ય શબ્દ અનંતમાં સ્પંદન કરતો કરતો તે માણસના આંતર શ્રવણ પર આવી અથડાતો, કે જે માણસે પોતાની જાતને બિન-અંગત જ્ઞાનને સ્વીકારવા માટે પહેલાં તૈયાર—યોગ્ય કરી હોય. દૃષ્ટિ અને શ્રુતિ વેદના શબ્દો છે. સૂકતોના આંતરિક અર્થોનું વહન કરતા શબ્દોમાં દૃષ્ટિનો અર્થ થાય છે આંતરદર્શના, અને શ્રુતિનો અર્થ થાય છે આંતરપ્રેરણાના શબ્દમાં રહેલું સત્ત્વ-તત્ત્વ.

આંતરદર્શનાના વૈદિક વિચારમાં કોઈ ચમત્કારનું કે પાર-પ્રાકૃતિક તત્ત્વનું સૂચન નથી. આ શકિતઓનો વિનિયોગ કરતા ઋષિએ તે વિકસતી આત્મ-સાધના વડે પ્રાપ્ત કરી હતી. જ્ઞાન પોતે એક યાત્રા હતી, પ્રાપ્તિ હતી, અથવા તો સંશોધના અને વિજય હતાં. આંતરદર્શના છેલ્લી આવતી; પ્રકાશ આખરી વિજયનું ઇનામ હતો. જીવાત્માની આ યાત્રા, પરિકમ્મા, સત્યના માર્ગ પર આગેકૂચનું રૂપક આપણને વેદમાં સતત જોવાનું મળે છે. જીવાત્મા તે માર્ગ પર આગળ વધે છે, તેમ

તેમ તે આરોહણ પણ કરે છે. તેની અભીપ્સા સમક્ષ શકિત અને પ્રકાશની નવી ભૂમિકાઓ, નવાં સ્તરો પ્રગટ થાય છે, આવિર્ભાવ પામે છે. વીરના પ્રયત્નથી તે વિશાલતર આધ્યાત્મિક દ્રવ્યોને — ધનોને પ્રાપ્ત કરે છે.

ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી વિચાર કરતાં, ઋગ્વેદ માનવ-જાતિઓ તેના સામૂહિક વિકાસમાં, અમુક સમયના ગાળામાં, ખાસ સાધનો દ્વારા, પ્રાપ્ત કરેલી મહાન પ્રગતિનો દસ્તાવેજ છે, ગ્રંથ છે. તેના રહસ્યમય આંતર તથા બાહ્ય અર્થમાં તે કર્મનું ધર્મશાસ્ત્ર છે, બાહ્ય તેમ જ આંતર યજ્ઞનો વિધિગ્રંથ છે. પ્રાકૃતિક પશુમાનવને અપ્રાપ્ય, વિચાર તથા અનુભૂતિની ભૂમિકાઓને સિદ્ધ કરી આરોહણ કરતા જીવાત્માના યુદ્ધ તથા વિજયની તે ગાથા છે; માનવમાં કાર્ય કરી રહેલ દિવ્ય પ્રકાશનાં, શકિતનાં, કૃપાનાં તેણે કરેલી તે પ્રાર્થનાઓ છે. પરિણામે તેવાં માત્ર બૌદ્ધિક અને કલ્પનામય વિચારણાનાં પરિણામો જ આલેખાયાં નથી, તેમાં પ્રાથમિક દશાના ધર્મના સિદ્ધાંતો માત્ર નથી. એક જ પ્રકારની અનુભૂતિને પરિણામે, પ્રાપ્ત થયેલા જ્ઞાનની બિન-અંગતતાને પરિણામે, તેમાં આપણને વારંવાર, સતત, એક જ પ્રકારના સુનિશ્ચિત ખ્યાલો, અને સુનિશ્ચિત પ્રતીકપૂર્ણ ભાષાશૈલી જોવા મળે છે. કદાચ પ્રથમ દશાની માનવ ભાષાના તે યુગમાં આ ખ્યાલોનું સ્વરૂપ અનિવાર્ય હતું, કારણ કે તે સમયની જાતિના સામાન્ય મન માટે જે અનિર્વાચ્ય હતું તેને અભિવ્યકત કરવા માટે તે જ સંયુકત સ્થૂલતા અને ગૂઢ રહસ્યમય સૂચન-પદ્ધતિ સમર્થ હતી. ગમે તેમ હોય, પણ આપણને દરેક સૂકતમાં તે જ ખ્યાલોનું પુનરાવર્તન જોવા મળે છે, તે જ શબ્દો, તે જ રૂપકો, તે જ શબ્દગુચ્છો સતત જોવા મળે છે. તેમાં આપણને કાવ્યમય મૌલિકતાની શોધ તરફ, અથવા વિચારની નવીનતા તથા ભાષાની તાજગી પ્રત્યે સંપૂર્ણ બેદરકારી, નિઃસ્પૃહતા જોવા મળે છે. રહસ્યવાદી કવિઓ તે સ્વીકૃત, પવિત્ર સ્વરૂપમાં ફેરફાર કરવા માગતા નથી, તે તેમને માટે દીક્ષિતોની અખંડ પરંપરાને આપવાના જ્ઞાનની સનાતન ફોર્મ્યુલાનું એક પ્રકારનું દિવ્ય બીજગણિત બની ગયું હતું. તે કલામય સૌન્દર્ય, સમૃદ્ધિ અથવા સૌષ્ઠવ પાછળ દોટ મૂકતા ન હતા.

સૂકતોમાં આપણે સાચે જ પરાકાષ્ઠાએ પહોંચેલા, સંપૂર્ણ છંદો જોઈએ છીએ, તેમની પરિપાટીમાં સતત સૂક્ષ્મતા તથા કૌશલ જોઈએ છીએ, શૈલી તથા કાવ્યમય વ્યકિતત્વનું મહાન વૈવિધ્ય જોઈએ છીએ. તે અસંસ્કૃત જંગલી લોકોની, પ્રાથમિક દશાના કરીગરોની રચનાઓ નથી, પણ તે સૂકતો સુનિયમિત બલવાન ગતિમાં આત્મદર્શી આંતરપ્રેરણાને આકાર આપતી સચેતન ભવ્ય સુંદર કલાનો જીવંત ઉચ્છ્વાસ — વિસ્ફૂજર્યું છે. અને છતાંય આ મહાન શકિતઓનો વિનિયોગ હેતુપૂર્વક એક જ અફર ચોકઠામાં અને તે જ — એક જ પ્રકારની સામગ્રી દ્વારા કરવામાં આવ્યો છે. તેનું કારણ એ હતું કે ઋષિઓને મન અભિવ્યકિતની કળા

એક સાધન માત્ર હતું, ધ્યેય નહિ. તેમનું મુખ્ય કાર્ય હતું તદ્દન વ્યવહારમય, હેતુ-લક્ષી — પણ તે વ્યવહાર — હેતુ ઉચ્ચતમ અર્થથી યુકત હતો. સૂકતના રચવૈયા ઋષિ માટે તે સૂકત પોતાને માટે તેમ જ બીજાઓને માટે આધ્યાત્મિક વિકાસનું સાધન હતું. તેના આત્મામાંથી તે ઉદ્‌ભવતું, તે તેના મનની શકિત રૂપ બની જતું, પોતાના જીવનના આંતર ઈતિહાસની કોઈ કટોકટીની પળે, કોઈ અગત્યની પળે તે આત્માની અભિવ્યકિતનું વાહન હતું. પોતામાં રહેલા દેવને પ્રગટ કરવામાં, દસ્યુનો સંહાર કરવામાં, અભદ્રને પ્રગટ કરતા દૈત્યનો — દાનવનો વિનાશ કરવામાં તે સૂકત તેનું સહાયક હતું. પૂર્ણતા માટે મથતા આર્યના હાથમાં રહેલું તે આયુધ હતું. પર્વતની ગુહામાં રહેલા વૃત્ર સામે, માર્ગમાં અવરોધ કરતા વૃક (વરૂ) સામે, નદીઓમાં રહેલા લૂંટારુઓ સામે યુદ્ધ કરતા ઈન્દ્રની વીજળી પેઠે, તે સૂકત ચમકી ઊઠતું, ઝબૂકતું.

વેદમાં વિચારની એકધારી નિશ્ચિતતા, અને તેની સાથે સાથે જોવા મળતી ગહનતા, સમૃદ્ધતા અને સૂક્ષ્મતા કેટલાંક રસપ્રદ અનુમાનોને જન્માવે છે. આપણે એવી તર્કયુકત દલીલ કરી શકીએ કે વિચાર અને માનસશાસ્ત્રીય અનુભૂતિના પ્રારંભકાળમાં, અથવા તો તેમના પ્રારંભિક વિકાસના તથા પ્રગટીકરણના કાલમાં, એવી સ્વરૂપ તથા સામગ્રીની એકધારી સુનિશ્ચિતતા શકય નથી. એટલે આપણે એવું અનુમાન તારવી શકીએ કે આપણી સંહિતામાં તે કાલનો અંત ભાગ પ્રતિબિંબિત થાય છે, શરૂઆત નહિ અથવા તો પ્રારંભની પછીના ક્રમિક આવતા તબક્કાઓ નહિ. એવો પણ સંભવ છે કે સંહિતાનાં ખૂબ પ્રાચીન સૂકતો સરખામણીમાં પાછળથી વિકાસ પામેલાં સૂકતો હોય, અથવા તો વધારે પ્રાચીન ઊર્મિ-પ્રાર્થનાઓ, કે જે વધારે મુકત અને પહેલાંની માનવી ભાષાનાં વધારે નમનીય સ્વરૂપોમાં રચાઈ હતી તેમની નવીન આવૃત્તિ હોય. અથવા વેદવ્યાસે આર્યોના ભૂતકાલનાં સમૃદ્ધ સૂકત—સમૂહોમાંથી અમુક સૂકતો પસંદ કરી ચૂંટી કાઢયાં હોય. કલિયુગના પ્રારંભકાળમાં, વધતી જતી સંધ્યા અને આખરી અંધકારનો યુગ આવતો જોઈને, પરંપરાથી ચાલી આવેલી માન્યતા અનુસાર, પરંપરાથી ચાલ્યા આવતા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસે પૂર્વ પિતૃઓની પ્રકાશમય ઉષાઓ તથા આંતર-પ્રેરણાના યુગોનાં સૂકતોને તે આખરી ધર્મગ્રંથનું રૂપ આપ્યું હોય. તેમણે નિમ્ન ભૂમિકાઓ તરફ ઢળતા માનવજાતિના વંશજો માટે, વધારે સહેલા અને માત્ર ઉપરછલ્લી દૃષ્ટિએ સલામત પાર્થિવ લાભો તરફ ઢળતા, બૌદ્ધિક અને તાર્કિક લાભો તરફ ઢળતા, ભાવિ માનવો માટે વેદને અત્યારે ઉપલબ્ધ સંહિતા-સ્વરૂપ આપ્યું હોય.

પણ આ તો માત્ર કલ્પનાઓ અને અનુમાનો છે. એટલી વાત ચોક્કસ છે કે વેદ ધીમે ધીમે અસ્પષ્ટ અર્થવાળો અને માનવી યુગના ધર્મગ્રંથ તરીકે

ઘટતી જતી પ્રતિષ્ઠાવાળો બનતો ગયો, એ માન્યતા તે ઘટના પરથી સિદ્ધ થાય છે. ભારતીય તત્ત્વચિંતનનો, વેદાંતનો મહાન યુગ આવ્યો, ત્યાર પહેલાં જ વેદના અર્થની અસ્પષ્ટતા અને અપ્રતિષ્ઠા શરૂ થઈ ગઈ હતી. વેદાંતે તો તે પ્રાચીન જ્ઞાન-રાશિમાંથી જેટલું બચાવી શકાય તેટલું બચાવવા, જેટલું ફરી પ્રાપ્ત કરી શકાય તેટલું ફરી મેળવવા પ્રયત્ન કર્યો હતો. તે સિવાય બીજો કોઈ રસ્તો જ ન હતો, કારણ કે વેદના રહસ્યવાદીઓની પદ્ધતિ એવી અનુભૂતિઓ પર રચાઈ હતી, કે જે સામાન્ય માનવજાતિ માટે દુર્લભ છે, એવી શકિતઓની સહાયથી તે આગળ વધી હતી, કે જે આપણામાંના ઘણાખરામાં અપૂર્ણ રીતે વિકસિત થઈ છે, અને જ્યારે તે આપણામાં ક્રિયાશીલ બને છે ત્યારે પણ તે સંમિશ્રાણયુકત અને અનિયમિત ક્રિયા કરી શકે છે. એક વાર સત્યની શોધ માટેની પ્રથમની તીવ્રતા ચાલી ગઈ, એટલે પછી થાક તથા આરામની વૃત્તિનો ગાળો આવવાનો જ, અને તે સમય દરમિયાન પ્રાચીન સત્યોનો આંશિક લોપ થવાનો જ. એક વાર તેમનો લોપ થયો, એટલે પ્રાચીન સૂકતોના અર્થનો ઝીણવટથી અભ્યાસ કરવા છતાં, તે સત્યો સહેલાઈથી ફરી પ્રાપ્ત કરી શકાતાં નથી, કારણ કે તે સૂકતોની ભાષા હેતુપૂર્વક ટ્રિઅર્થી રાખવામાં આવી હતી.

એક વાર તેની રહસ્યભૂત ચાવી હાથ લાગી જાય, એટલે આપણે આપણને દુર્બોધ લાગતી ભાષાને પણ સમજી શકીએ છીએ. હેતુપૂર્વક ટ્રિઅર્થી વપરાયેલી ભાષાશૈલીના હાર્દને — રહસ્યને પામતાં વધારે વાર લાગે છે, વધારે પ્રયત્ન કરવો પડે છે, કારણ કે તેમાં અનેક ગેરમાર્ગે દોરનારાં પ્રલોભનો અને સૂચનો છે. પરિણામે જ્યારે ભારતીય મન ફરીથી વેદના અર્થ તરફ વળ્યું, ત્યારે તે કાર્ય મુશ્કેલ બન્યું હતું, અને તેમાં તેને આંશિક સફળતા જ મળી. પ્રકાશનું એક સ્રોત હજી વિદ્યમાન હતું. વૈદિક કર્મકાંડીઓએ વેદસંહિતાને સ્મૃતિરૂઢ કરી લીધી હતી, તેના અર્થને કર્મકાંડ દ્વારા તે સમજાવતા હતા, પરંપરા દ્વારા તેના જ્ઞાનને તે પોતાના વંશજોને — વારસોને આપી જતા હતા. પ્રાચીન સમયમાં તે બંને ક્રિયાઓ એકરૂપ હતી, કારણ કે કર્મકાંડ કરાવનાર ગુરુ આચાર્ય (ઉપદેશક) પણ હતો, અને ઋષિ પણ હતો. પણ આ પ્રકાશની સ્પષ્ટતા ઝાંખી પડી ગઈ હતી. પ્રસિદ્ધ પુરોહિતો પણ જે ક્રિયાઓ કરાવતા, અને જે પવિત્ર મંત્રો ભણતા, તેમની શકિતની તથા જ્ઞાનની તેમને બહુ અધૂરી સમજ હતી. કારણ કે વૈદિક વિધિના બાહ્ય ભૌતિક અંશોનું પડ મજબૂત રીતે અંદરના જ્ઞાનને આચ્છાદિત કરી રહ્યું હતું. પહેલાં જે આંતર જ્ઞાનની તે રક્ષા કરતું હતું, તેને તે ગૂંગળાવી રહ્યું હતું. વેદ કયારનોયે પુરાણનો અને વિધિઓનો સમૂહ, જાળું બની ગયો હતો. પ્રતીક રૂપ વિધિમાંથી શકિત ઊડી જવા લાગી હતી; ગૂઢ રૂપકમાંથી પ્રકાશ ચાલ્યો ગયો હતો, અને પાછળ માત્ર દેખીતી બેહૂદી વિચિત્રતા અને ઉપરછલ્લી બાલિશતા મૂકી ગયો હતો.

બ્રાહ્મણો અને ઉપનિષદોએ તે પવિત્ર સંહિતાને અને યજ્ઞકાંડને આરંભબિંદુ તરીકે સ્વીકારીને, આધ્યાત્મિક વિચારણા અને અનુભૂતિની નવીન વાચના કરવા પ્રયત્ન કર્યો, તે બંને ગ્રંથો એક બળવાન નવીનીકરણનો દસ્તાવેજ છે. આ પ્રવૃત્તિને બે પરસ્પર-પોષક બાજુઓ હતી — એક સ્વરૂપો જાળવી રાખવાની અને બીજી વેદના આત્માની આંતરદર્શનાની. પહેલી બાજુ[1] બ્રાહ્મણોમાં જોવા મળે છે અને બીજી બાજુ ઉપનિષદોમાં.

બ્રાહ્મણો વૈદિક વિધિઓની ઝીણી વિગતોને સુનિશ્ચિત કરવા માટે તથા સાચવી રાખવા માટે અથાક પરિશ્રમ કરે છે; તે ગ્રંથો ભૌતિક અસરકારકતાની શરતો, તેમના જુદા જુદા ભાગોનો પ્રતીકમય અર્થ તથા હેતુ, ગતિઓ, સાધનો, વિધિમાં જરૂરી મંત્રભાગોનો અર્થ, સંદિગ્ધ અને અસ્પષ્ટ ઉલ્લેખોનો લક્ષ્યાર્થ, પ્રાચીન પુરાણકથાઓની તથા પરંપરાઓની સ્મૃતિ નક્કી કરીને જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. તેમાંનાં ઘણાં કથાનકો સૂક્તો પછી ઉદ્‌ભવેલાં છે, સમજી ન શકાય તેવા ભાગોને સમજાવવા તે પાછળથી ઉપજાવી કાઢેલાં છે. તેમાંનાં કેટલાંક કથાનકો મૂળ પુરાણકથાઓ અને રૂપકો — જેમનો ઉપયોગ પ્રાચીન રૂપક-કારોએ અને પ્રતીકકારોએ કર્યો હતો, તેમનાં વાહનો હોય તેવો સંભવ છે; અથવા તો સૂક્તોના રચનાકાલના ઐતિહાસિક સંયોગોની સ્મૃતિઓ પણ હોઈ શકે. મૌખિક પરંપરાનો પ્રકાશ હમેશાં અસ્પષ્ટતા સરજાવે છે. અડધાં ભુલાઈ ગયેલાં પ્રાચીન રૂપકો અને પ્રતીકો ઉપર કાર્ય કરતાં નવીન પ્રતીકો તેમને સ્પષ્ટ કરવાને બદલે તેમના પર નવીન થરનાં પડો જમાવે છે. પરિણામે બ્રાહ્મણોમાં કેટલાંક રસપ્રદ સૂચનો હોવા છતાં, તે આપણી સંશોધનાને બહુ સહાયક નીવડે તેવાં નથી. જ્યારે બ્રાહ્મણો તેમની નિશ્ચિત મૌખિક સમજૂતી આપવા પ્રયત્ન કરે છે, ત્યારે તે ભિન્ન ભિન્ન સંહિતાભાગોનો અર્થ સમજાવવામાં સલામત ભોમિયો નથી.

ઉપનિષદોના ઋષિઓએ બીજી પદ્ધતિ અજમાવી હતી. તેમણે ખોવાઈ ગયેલા અથવા ખોવાતા જ્ઞાનને ફરી પ્રાપ્ત કરવા માટે ધ્યાન અને આધ્યાત્મિક અનુભૂતિનો આશ્રય લીધો. તેમણે પ્રાચીન મંત્રોને પોતાની આંતરપ્રેરણા તથા દર્શના માટે ટેકા રૂપે અથવા પ્રમાણ રૂપે લીધા; અથવા વૈદિક શબ્દને તેમણે પોતાની વિચારણા તથા દર્શનાના બીજ રૂપે સ્વીકાર્યો, અને તે રીતે તેમણે જૂનાં સત્યોને નવીન સ્વરૂપોમાં પ્રાપ્ત કર્યાં. જે તેમણે શોધી કાઢયું, તે તેમણે પોતાનો યુગ સમજી શકે તેવી ભાષામાં અભિવ્યકત કર્યું. એક રીતે જોઈએ તો સંહિતાભાગનો તેમણે

---

૧. આ પ્રકરણમાં આવતાં આ અને બીજાં વિધાનો કેટલાંક મુખ્ય વલણોને ટૂંકમાં અને વ્યાપક રીતે રજૂ કરે છે. દાખલા તરીકે, બ્રાહ્મણોમાં પણ કેટલીક તત્ત્વ-ચિંતનની કંડિકાઓ છે.

જે રીતે ઉપયોગ કર્યો, તે તદ્દન હેતુરહિત, સ્વાર્થરહિત ન હતી. પંડિતો જે ઝીણવટભરેલી ઇચ્છાથી શબ્દોનો સુનિશ્ચિત આશય કે અર્થ શોધી કાઢવા પ્રયત્ન કરે છે, અને વાક્યોના સંદર્ભમાં તેમાંના સુનિશ્ચિત વિચારને શોધવા પ્રયત્ન કરે છે, તે તેમની પદ્ધતિ ન હતી. તેઓ શાબ્દિક સત્ય કરતાં કોઈ ઉચ્ચતર મહાન સત્ય શોધી રહ્યા હતા. પોતે જે પ્રકાશ શોધી કાઢવા મથતા હતા, તેના માત્ર સૂચન તરીકે તેમણે શબ્દોનો ઉપયોગ કર્યો. શબ્દવ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા અર્થને કાં તો તેઓ જાણતા નહિ, અથવા તો તે પ્રત્યે તેઓ બેદરકાર હતા. ઘણી વાર તેઓ અર્થ કાઢવા તે શબ્દના અંગભૂત ધ્વનિઓને પ્રતીકમય રીતે સમજાવે છે, જે સમજવું બહુ મુશ્કેલ છે. પરિણામે ઉપનિષદો પ્રાચીન ઋષિઓના મુખ્ય વિચારો પર તથા તેમની માનસશાસ્ત્રીય પદ્ધતિ પર બહુ કીમતી પ્રકાશ નાખતાં હોવા છતાં, જે વેદના સંહિતાભાગનું તેઓ ઉદ્ધરણ કરે છે તેના સુનિશ્ચિત અર્થનો નિર્ણય કરવામાં તે બ્રાહ્મણોની પેઠે સહાયક નીવડતાં નથી. તેમનું સાચું કામ વેદાંતની સ્થાપના કરવાનું હતું, વેદનો અર્થ કરવાનું નહિ.

આ મહાન પ્રવૃત્તિનું પરિણામ વિચારણા અને આધ્યાત્મિકતાના નવીન અને વધારે સ્થાયી તથા સબળ વિધાનમાં આવ્યું; વેદમાંથી વેદાન્તનો ઉદ્‌ગમ થયો. તેમાં બે બળવાન વલણો હતાં, જેમણે પ્રાચીન વૈદિક વિચારણાનાં તથા સંસ્કૃતિનાં મૂળ ખોદી નાખ્યાં. પ્રથમ તો તેમણે બાહ્ય વિધિને, મંત્રની તથા યજ્ઞની ભૌતિક ઉપયોગિતાને, સંપૂર્ણ રીતે, વધારે શુદ્ધ રીતે આધ્યાત્મિક ધ્યેય અને આશયને ગૌણ બનાવ્યાં. પ્રાચીન રહસ્યવાદીઓએ બાહ્ય તથા આંતર જીવન વચ્ચે, ભૌતિક તથા આધ્યાત્મિક જીવન વચ્ચે જે સમન્વય સાધ્યો હતો, જે સમતુલા જાળવી હતી, તે ચાલી ગઈ, તૂટી પડી. તેને ઠેકાણે એક નવીન સમતુલા, એક નવીન સમન્વય આવ્યાં, જેને પરિણામે તપ અને ત્યાગનું માહાત્મ્ય વધ્યું. આ અતિશયતા બૌદ્ધ ધર્મમાં રહેલાં તે જ વલણોની અતિશયતાએ હાંકી મૂકી ત્યાં સુધી ચાલુ રહી. યજ્ઞ, પ્રતીકમય વિધિ વધારે ને વધારે નિરર્થક અવશેષ રૂપે રહ્યા, બોજા રૂપ બનીને રહ્યા. અને છતાં ઘણી વાર બને છે તેમ, તે યાંત્રિક અને બિનઅસરકારક બની ગયા, તેથી તેમાં રહેલી બાહ્ય વિધિની અગત્ય અતિશયોકિત ભરેલી બની ગઈ, અને તેની જે વિગતોને રાષ્ટ્રીય માનસ હજી ચીટકી રહ્યું હતું, તેમને તે માનસે અતાર્કિકતાથી બીજાઓ પર લાદવા માંડી. પરિણામે વેદ અને વેદાંત વચ્ચે, સૈદ્ધાંતિક દૃષ્ટિએ સંપૂર્ણપણે કદી નહિ સ્વીકારાયેલો, તીવ્ર, વ્યવહારુ, અસરકારક ભેદ અસ્તિત્વમાં આવ્યો, જે ભેદને આપણે આ રીતે વર્ણવી શકીએ કે, "વેદ પુરોહિતો માટે છે, વેદાન્ત ઋષિઓ માટે છે."

વેદાંતની પ્રવૃત્તિનું બીજું વલણ એ હતું કે તેણે ધીમે ધીમે પ્રતીકમય ભાષાનો—સ્થૂલ કથાનકના તથા કાવ્યમય રૂપકના આવરણનો ત્યાગ કર્યો, કે જેમાં રહસ્ય-

વાદીઓએ પોતાની વિચારણાને આચ્છાદિત કરી હતી, અને તેની જગ્યાએ વધારે સ્પષ્ટ વિધાન અને વધારે તત્ત્વચિંતનની ભાષા મૂકયાં. આ વલણના સંપૂર્ણ વિકાસને પરિણામે વૈદિક વિધિની ઉપયોગિતા નિરર્થક બની ગઈ એટલું જ નહિ, પણ વૈદિક મંત્રની—શબ્દની પણ જરૂર ન રહી. વધારે ને વધારે સ્પષ્ટ અને સીધી ભાષામાં લખાયેલાં ઉપનિષદો ઉચ્ચતમ ભારતીય વિચારણાનું ઉદ્‌ગમસ્થાન,—સ્રોત બની ગયાં, અને વસિષ્ઠ તથા વિશ્વામિત્રના પ્રેરણાયુકત મંત્રોનું સ્થાન તેમણે લીધું.[1] વેદો કેળવણીમાં હવે અનિવાર્ય પાયા તરીકે રહ્યા નહિ. તેમનું અધ્યયન પહેલાંના જેટલા ઉત્સાહથી અને બુદ્ધિપૂર્વક કરવામાં આવતું નહિ. તેમની પ્રતીકમય ભાષા વપરાતી બંધ થઈ. પરિણામે નવીન પેઢીઓ માટે વેદનો આંતરિક અર્થ—જે કંઈ રહ્યોસહ્યો હતો, તે ચાલ્યો ગયો, કારણ કે તેમની સંપૂર્ણ વિચારપદ્ધતિ તેમના વેદકાલીન પૂર્વજો—પિતૃપિતામહો કરતાં ભિન્ન હતી. આંતરપ્રેરણાનો યુગ આથમી ગયો, અને તર્કના યુગની પ્રથમ ઉષાનો ઉદય થયો.

બૌદ્ધધર્મે તે વ્યુત્ક્રાન્તિને પૂરી કરી, અને તે પ્રાચીન જગતની વિધિની બાહ્યતાઓની કેટલીક પૂજ્ય રોનક અને યાંત્રિક રીતરસમોને જ માત્ર અવશિષ્ટ રાખી. તેણે વૈદિક યજ્ઞને નિર્મૂળ કરવાની ખ્વાહિશ રાખી, અને સંસ્કૃત ભાષાની જગ્યાએ લોકપ્રચલિત પ્રાકૃત ભાષાને ઉપયોગમાં મૂકી આપી. જો કે તેના કાર્યને પરિપૂર્ણ કરવામાં હિંદુધર્મનું નવીનીકરણ કરવા માટે પ્રવૃત્ત થયેલા પૌરાણિક ધર્મોએ કેટલાક સૈકાઓ સુધી વિલંબ નાખ્યો, છતાં તે આરામ-વિશ્રામના ગાળાથી વેદને ઝાઝો લાભ મળ્યો નહિ. તે નવીન ધર્મની લોકપ્રિયતાનો સામનો કરવા માટે સન્માન્ય પણ દુર્બોધ સંહિતાભાગની જગ્યાએ તેમને સરલ આધુનિક સંસ્કૃતમાં ધર્મશાસ્ત્રો રચવાની જરૂર પડી. રાષ્ટ્રના મોટા જનસમૂહ માટે પુરાણોએ વેદને બાજુએ હડસેલી મૂકયો, અને પ્રાચીન વિધિઓની જગ્યાએ નવીન ધર્મપદ્ધતિઓનાં સ્વરૂપો આવ્યાં. જેમ વેદ ઋષિના હાથમાંથી પુરોહિતના હાથમાં સરકી ગયો હતો, તેમ હવે તે પુરોહિતના હાથમાંથી પંડિતના હાથમાં જઈને પડયો. અને પંડિતના હાથમાં જઈ પડવાથી તેના અર્થની વિકૃતિનો છેલ્લો હપ્તો પૂરો થયો. અને તેની સાચી પ્રતિષ્ઠા અને પવિત્રતા લુપ્ત થઈ.

ભારતીય વિદ્વાનોએ ખ્રિસ્તી સદીઓની પૂર્વે સૂકતો પર જે કાર્ય કર્યું છે, તે તદ્દન નગણ્ય છે એવું નથી. વેદનું રહસ્ય લુપ્ત થયું અને સૂકતોનો ઉપયોગ જીવંત શાસ્ત્ર તરીકે બંધ પડયો, ત્યાર પછી વેદ સચવાઈ રહ્યો હોય, તો તે આ

---

૧. આ વિધાન પણ મુખ્ય વલણનું સૂચક છે, તેને અપવાદો હોઈ શકે. વેદોને પણ પ્રમાણ તરીકે ટાંકવામાં આવે છે, પણ મોટે ભાગે ઉપનિષદો જ્ઞાનનો ગ્રંથ બન્યા, અને વેદ ક્રિયાકાંડનો ગ્રંથ બની ગયા.

પંડિતોની ઝીણવટભરેલી કાળજીભરી ઉદ્યોગપરાયણતાને અને પ્રાચીન રક્ષક પરંપરાને આભારી છે. વેદના લુપ્ત થયેલા રહસ્યને ફરી પ્રાપ્ત કરવા માટે આ વિદ્વાનોએ પ્રાચીનતા તરફ વફાદારીપૂર્વક જે પ્રયત્ન કર્યો, તેને લઈને આપણને કેટલીક બહુમૂલ્ય મદદ સાંપડી છે. સ્વરપાઠ સાથે કાળજીપૂર્વક સચવાઈ રહેલો સંહિતાપાઠ યાસ્કનું ખૂબ અગત્યનું નિરુકત-નિઘંટુ, સાયણનું મહાન વેદભાષ્ય— જેમાં અનેક આશ્ચર્યકારક અપૂર્ણતા હોવા છતાં, જે વેદના જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે વિદ્વાનને અનિવાર્ય પ્રથમ પગથિયા તરીકે ઉપયોગી છે — આ બધું આપણને સાંપડયું.

(૨) પંડિતો અને વિદ્વાનો

આપણને પ્રાપ્ય વેદસંહિતા બે હજાર કરતાં વધારે વર્ષો સુધી શુદ્ધ રૂપમાં સચવાઈ રહી છે. ગ્રીક વિકાસને સમકાલીન ભારતીય બૌદ્ધિક વિકાસ અને પ્રવૃત્તિ-ના મહાન સમયથી તે ચાલી આવે છે, એમ આપણે અત્યારે ઉપલબ્ધ થતી માહિતી પરથી કહી શકીએ. પણ તેનો પ્રારંભ ભારતમાં વહેલો થયો હતો, કે જ્યારે સંસ્કૃત સાહિત્યમાં વર્ણવાયેલી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના પાયા નંખાયા હતા. સંહિતા બે હજાર વર્ષ કરતાં કેટલી વધારે પ્રાચીન છે, તે આપણે કહી શકીએ તેમ નથી. પણ તે ખૂબ ખૂબ પ્રાચીન હોવી જોઈએ એમ માનવાને કેટલાંક સબળ કારણો છે. વૈદિક વિધિઓ માટે સંહિતાનો શુદ્ધ પદપાઠ, સ્વરપાઠ બહુ જ અગત્યનો છે, કારણ કે પાઠની કાળજીભરેલી ચોક્કસતા પર યજ્ઞની સફળતાનો આધાર રહેતો. દાખલા તરીકે, આપણને બ્રાહ્મણોમાં ત્વષ્ટાની કથા મળે છે, જેમાં ત્વષ્ટાએ પોતાના પુત્રનો વધ કરવા બદલ, વેર લેવા માટે, ઈન્દ્રને મારનાર પુત્ર જન્મે તે માટે યજ્ઞ કર્યો. પણ તેમાં સ્વર પર અશુદ્ધ ઝોક મૂકવાને કારણે, તેને ઈન્દ્રનો વધ કરનાર પુત્ર નહિ, પણ ઈન્દ્ર જેનો વધ કરે તેવો પુત્ર પ્રાપ્ત થયો. પ્રાચીન ભારતીયોની સ્મૃતિશકિત ગજબની હતી. સંહિતાને પવિત્ર ગણવામાં આવતી. પરિણામે તેમાં ઉમેરો, સુધારા-વધારા, આધુનીકરણો થવા પામ્યાં નહિ — કે જે આપણને કુરુઓના પ્રાચીન મહાકાવ્ય મહાભારતમાં જોવા મળે છે. એટલે આપણને મહર્ષિ વ્યાસે જે રીતે સંહિતાની વ્યવસ્થા — ગોઠવણી કરી હતી, તે રૂપમાં જ આપણને તે પ્રાપ્ત થઈ શકી છે.

અત્યારના લિખિત સ્વરૂપમાં નહિ, પણ તાત્ત્વિક રીતે વેદના છંદો પાછળની સંસ્કૃત ભાષાના છંદો કરતાં ઘણી બાબતોમાં ભિન્ન હતા. વેદમાં પાછળના સંસ્કૃત કરતાં સંધિની બાબતમાં ઘણી છૂટછાટ હતી. જીવંત ભાષામાં સ્વાભાવિક છે તે મુજબ વેદના ઋષિઓ શ્રવણને — કાનને અનુસરતા, નક્કી કરેલા નિયમને નહિ. તેઓ, કેટલીક વાર સંધિ કરી શબ્દોને જોડતા, તો કેટલીક વાર તે સંધિ કરતા જ નહિ.

પણ જ્યારે વેદને લખવામાં આવ્યો, ત્યારે સંધિના નિયમોની સત્તા ભાષા પર આપખુદ બની ગઈ હતી, અને પરિણામે વૈયાકરણોએ પ્રાચીન સંહિતાને બને ત્યાં સુધી નિયમો અનુસાર લખી. પણ તેમણે સંહિતાપાઠ સાથે પદપાઠ સાચવી રાખવાની કાળજી સેવી, કે જેમાં બધા શબ્દો સંધિ કર્યા સિવાય તેમનાં પ્રકૃતિ રૂપોમાં આપવામાં આવે છે, અને સમાસોનાં જુદાં જુદાં પદો પણ દર્શાવવામાં આવે છે.

આને કારણે મૂલ સંહિતાભાગને વેદના છંદોના મૂળ લયો અનુસાર આપણે સહેલાઈથી છૂટા શબ્દોમાં વિભિન્ન કરી શકીએ છીએ. નહિ તો તે પદ્ધતિમાં ઘણો ગૂંચવાડો ઊભો થાય તેવી શકયતા હતી. આ બાબતમાં આપણે પ્રાચીન વેદ--પાઠીઓનો — સંહિતાને સ્મૃતિસ્થ કરી જાળવી રાખનાર વિદ્વાનોનો જેટલો ઉપકાર માનીએ, તેમની જેટલી પ્રશંસા કરીએ, તે ઓછા છે. પદપાઠની ચોક્કસતામાં, સ્વર-નિર્ણયમાં આપણને ભાગ્યે જ અપવાદ કે ભૂલ જડશે. પરિણામે આપણે વિશ્વાસપૂર્વક સંહિતાને શુદ્ધ તરીકે સ્વીકારી શકીએ તેમ છે. કેટલાક યુરોપીય ગ્રંથોમાં બન્યું છે તેમ, સુધારા-વધારા કરવાની અયોગ્ય છૂટછાટ સંહિતામાં લેવાઈ નથી. આ એક અમૂલ્ય લાભ છે, જેને માટે આપણે પ્રાચીન ભારતીય વિદ્વાનોની દિલ-સચ્ચાઈનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

બીજી કેટલીક બાબતોમાં વિદ્વાનોની પરંપરાગત માન્યતાઓમાં આપણે સંપૂર્ણ વિશ્વાસ મૂકી દેવો, તે સલામત નથી; દાખલા તરીકે, સૂકતોના દ્રષ્ટા ઋષિઓનાં નામોની બાબતમાં, કે જે નામો વિષે જૂની પરંપરા ચોક્કસપણે અને દૃઢતાપૂર્વક તે ઋષિનું નામ આપી શકતી નથી. પણ આ વિગતો બહુ અગત્યની નથી. મારું માનવું છે કે સૂકતોનો ક્રમ જે રીતે ગોઠવાયો છે તે ક્રમ, તથા સૂકતોની સમગ્રતા અત્યારે ઉપલબ્ધ છે તેવાં જ મૂળથી હતાં, તે બરાબર જળવાઈ રહ્યાં છે. જો તેને અપવાદો હોય, તો તે બહુ જ થોડા છે અને મહત્ત્વના નથી. જ્યારે જ્યારે આપણને સૂકતોમાં અસંગતતા જણાય, ત્યારે ત્યારે તેનું કારણ એ છે કે આપણે તેમનો અર્થ બરાબર સમજી શકતા નથી. એક વાર તેમનો અર્થ સમજવાની ચાવી આપણને હાથ લાગી જાય, એટલે આપણને જણાશે કે બધાં સૂકતો સંપૂર્ણ એકમો છે, તેમની વિચાર-સરણિ જેટલી સ્તુત્ય છે તેટલી જ તેમની ભાષાશૈલી અને તેમના છંદો સ્તુત્ય છે.

જ્યારે આપણે વેદનો અર્થ-નિર્ણય કરવા માટે ભારતીય વિદ્વાનો પાસે આવીએ છીએ, ત્યારે આપણે તેમનામાં ઘણી ઓછી શ્રદ્ધા મૂકી શકીએ છીએ, ઘણો થોડો વિશ્વાસ રાખી શકીએ છીએ. કારણ કે કલાસિકલ વિદ્વત્તાના પ્રારંભકાળમાં વેદનો અર્થ યજ્ઞપરક છે તેવી માન્યતા સવાર થઈ બેઠી હતી; શબ્દોનો, પંકિતઓનો, ઉલ્લેખોનો, વિચાર-સરણિની ચાવીનો મૂળ અર્થ કયારનોયે ખોવાઈ ગયો હતો અથવા અસ્પષ્ટ બની ગયો હતો; અને લુપ્ત થયેલા રહસ્યને અંશત:

ફરી પ્રાપ્ત કરી શકે તેવી આંતરદર્શના કે આધ્યાત્મિક અનુભૂતિ તે પંડિત કે વિદ્વાન પાસે ન હતી. એ પ્રકારના ક્ષેત્રમાં કુશલ પંડિત-મન, માત્ર વિદ્વત્તા માર્ગ-દર્શક બનવા કરતાં જાળ બની જવાનો વધારે સંભવ છે.

યાસ્કના નિઘંટુમાં, કે જે આપણો સૌથી મહત્ત્વનો સહાયક છે, આપણે જુદી જુદી, વિરુદ્ધ મૂલ્યવત્તાના બે અંશો વચ્ચે વિવેક કરવાનો રહે છે. જ્યારે શબ્દકોષકાર તરીકે યાસ્ક વૈદિક શબ્દોના ભિન્ન ભિન્ન અર્થો આપે છે, ત્યારે તે ખૂબ પ્રમાણભૂત છે, અને તે જે મદદ આપે છે તે, પ્રથમ પ્રકારના મહત્ત્વની બની રહે છે. તે બધા શબ્દોના બધા પ્રાચીન અર્થો નથી આપતા, કારણ કે ઘણા અર્થો કાલ જતાં, પરિવર્તનો આવવાથી, લુપ્ત થયા હતા, અને વૈજ્ઞાનિક શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્રના અભાવમાં તેમનો અર્થ ફરી પ્રાપ્ત કરવો અઘરો છે — અશક્ય છે. અને છતાંય ઘણા અર્થો પરંપરાએ જાળવી રાખ્યા હતા. જ્યારે જ્યારે યાસ્ક તે પરંપરાને જાળવી રાખે છે, અને વૈયાકરણિની ચતુરાઈ વાપરતા નથી, ત્યારે ત્યારે તે શબ્દોના જે અર્થો આપે છે, તે જે મંત્રના સંદર્ભમાં આપે છે ત્યાં હમેશાં યથોચિત લાગુ ન પડતા હોવા છતાં, પ્રમાણભૂત શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ તેમને પ્રમાણભૂત ગણી શકાય તેવા છે. પણ શબ્દકોષકાર તરીકે યાસ્કનું જેટલું મૂલ્ય છે, તેટલું શબ્દવ્યુત્પત્તિકાર તરીકે નથી. વૈજ્ઞાનિક વ્યાકરણનો વિકાસ પ્રથમ ભારતીય વિદ્વાનોએ કર્યો હતો; પણ પ્રમાણભૂત શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની શરૂઆત આધુનિક સંશોધનનું પરિણામ છે. શું યુરોપમાં કે શું ભારતમાં, ઓગણીસમી સદી સુધી, જૂના શબ્દવ્યુત્પત્તિકારોએ જે કેવળ કુશળતાની પદ્ધતિઓ અપનાવી હતી, તેના કરતાં વધારે કલ્પનામય અને નિયમરહિત બીજું કશું નહિ હોય. અને જ્યારે યાસ્ક આ પદ્ધતિઓનું અનુસરણ કરે છે ત્યારે આપણને તેમની સંપૂર્ણ વિદાય લેવાની ફરજ પડે છે. સંહિતાના કેટલાક ભાગોનો અર્થ કરવામાં તે સાયણની પાછલા કાળમાં પ્રગટેલી વિદ્વત્તા કરતાં વધારે ખાતરીકારક નથી.

યાસ્કના નિરુકતથી તથા બીજા અગત્યના પ્રમાણભૂત વિદ્વાનોથી, વેદ પર જે મૌલિક અને જીવંત વિદ્વાનોની કૃતિઓનો કાળ શરૂ થયો, તેની છેલ્લી કૃતિ સાયણભાષ્ય છે. નિરુકતની રચના ભારતીય માનસના પ્રારંભિક ઉત્સાહ-બળના જમાનામાં થઈ હતી. ત્યારે ભારતીય તે માનસ મૌલિકતાના નવીન પ્રાગટયની સામગ્રી તરીકે તેના પ્રાગૈતિહાસિક લાભોને એકત્રિત કરી રહ્યું હતું. સાયણભાષ્ય કલાસિકલ પરંપરાએ દક્ષિણ ભારતનો પોતાના આખરી આશ્રયસ્થાન તથા કેન્દ્ર તરીકે આશરો લીધો, તે સમયની તેની છેલ્લી કૃતિ છે કે જે આપણને મળે છે. તે સમય પછી તો મુસ્લિમ વિજયોના આઘાતથી પ્રાચીન સંસ્કૃતિ પદભ્રષ્ટ થઈ ગઈ અને પ્રાદેશિક ટુકડાઓમાં વહેંચાઈ ગઈ, છિન્નભિન્ન થઈ ગઈ. ત્યાર પછી કેટલાક સબળ મૌલિક પ્રયાસોના ઊભરા, નવીન પ્રગટીકરણ અને નૂતન સંયોગી-

કરણ માટેના વેરવિખેર, છૂટાછવાયા પ્રયાસો થયા છે. પણ સાયણભાષ્ય જેવી સર્વસામાન્ય, બૃહદ, નોંધપાત્ર, ચિરકાલીન કૃતિ આપણને ભાગ્યે જ સાંપડી હશે.

આ ભૂતકાળના મહાન વારસાના નોંધપાત્ર લાભો સ્પષ્ટ છે. તે સમયના ખૂબ મહાન વિદ્વાનોના સહકારથી રચાયેલું સાયણભાષ્ય મહાન પરિશ્રમ અને વિદ્વત્તાનું પરિણામ છે. એક જ વિદ્વાન તે સમયે તે રચી શકે, તેવો સંભવ નથી. છતાં તેમાં સમન્વયકારી એક વિદ્વાનની છાપ વરતાઈ આવે છે. વિગતોની ઘણી અસંગતતાઓ છતાં, તેમાં સુસંગતતા છે. તેની યોજનાનું ફલક વિશાળ છે. તેની રચના સરળ છે. તેની ભાષાશૈલી સ્વચ્છ, અર્થઘન અને સાહિત્યિક સૌન્દર્યથી મંડિત છે કે જે આપણને ભારતીય ભાષ્યોના પરંપરાગત સ્વરૂપમાં બીજે મળવાં અશક્ય છે. તેમાં ક્યાંય પાંડિત્યનું પ્રદર્શન નથી, મંત્રોનો અર્થ કરવામાં યાસ્કને જે મથામણ કરવી પડી છે તે કુશળતાપૂર્વક સંતાડાઈ છે, અને તેમાં એવી સ્પષ્ટ ચોક્કસતાનો અને વિનમ્ર પણ સુનિશ્ચિત પ્રામાણિકતાનો આભાસ છે કે તેનાથી ભિન્ન મત ધરાવનાર લોકોને પણ તે ઘસડી જઈ શકે. યુરોપના પ્રથમના વૈદિક વિદ્વાનોએ પણ સાયણભાષ્યની તાર્કિકતાની ખાસ પ્રશંસા કરી છે.

છતાં વેદના બાહ્ય અર્થની બાબતમાં પણ સાયણની પદ્ધતિ સાથે, અથવા તેમનાં નિગમનો સાથે, આપણે સંપૂર્ણપણે સંમત થઈ શકીએ તેમ નથી. પોતાની પદ્ધતિમાં ને ભાષા સાથે વધારે પડતી નકામી છૂટ લે છે, રચનાની બાબતમાં બિન-જરૂરી અને કેટલીક વાર તો અવિશ્વસનીય છૂટ લે છે, કેટલીક વાર તો તે આશ્ચર્ય-કારક અસંગતતા દ્વારા પોતાનાં પરિણામોને પહોંચે છે — સામાન્ય વૈદિક શબ્દોનો અને સુનિશ્ચિત વૈદિક ફૉર્મ્યુલાનો અર્થ અસંગતતા દ્વારા નિષ્પન્ન કરે છે. આ દોષો વિગતોના છે, કદાચ સાયણ જે સામગ્રી સાથે કામ પાડી રહ્યા હતા તેની પરિસ્થિતિ જોતાં તે દોષો અનિવાર્ય હતા. પણ સાયણની પદ્ધતિનો કેન્દ્રસ્થ, મધ્યવર્તી દોષ એ છે કે તેમના મગજ ઉપર હમેશાં યજ્ઞવિધિની ફૉર્મ્યુલાનું ભૂત સવાર થઈને બેઠેલું છે, અને તે સતત તે સંકુચિત ચોકઠામાં વેદના અર્થને મારી-મચડીને બેસાડવા પ્રયત્ન કરે છે. પરિણામે તે તે મહાન ધર્મપુસ્તકના બાહ્ય અર્થ માટે ખૂબ મહાન સૂચનાત્મકતાની અને અગત્યની ચાવી ગુમાવી બેસે છે. તે સૂચનાત્મકતા વેદના આંતર અર્થ જેટલી જ અગત્યની છે. પરિણામે તે ઋષિ-ઓના વિચારોનો, તેમની સાધના-સંસ્કૃતિનો, તેમની અભીપ્સાઓનો એટલો બધો નિ:સત્ત્વ અને દરિદ્ર અર્થ કરે છે, એટલું બધું દીન-ક્ષુદ્ર ચિત્ર ખડું કરે છે, કે જો તે સ્વીકારવામાં આવે, તો વેદની પ્રાચીન પ્રતિષ્ઠા, તેની પવિત્રતા, પ્રામાણિકતા, તેની દિવ્ય આબરૂ ધૂળમાં મળી જાય, આપણી તર્કબુદ્ધિને દુર્બોધ બની જાય; અને આપણે અંધ મૂક શ્રદ્ધાની પરંપરા, કે જે મૌલિક ભૂલમાંથી ઉદ્‌ભવી હતી, તેનો સ્વીકાર કરીએ, તો જ તે સમજી કે સ્વીકારી શકાય.

ભાષ્યની બીજી બાજુઓ, તેનાં બીજાં તત્ત્વો છે; પણ તે મુખ્ય વિચારનાં પરિપોષક અને ગૌણ છે. સાયણને અને તેના સહાયકોને ભૂતકાળના અવશેષ રૂપ પરસ્પર-વિરુદ્ધ વિચારણા અને પરંપરાના મહાન સમૂહ ઉપર કાર્ય કરવાનું હતું. તેમાંનાં કેટલાંક તત્ત્વોને તેમણે ઔપચારિક સ્વીકૃતિ આપવાની હતી, બીજાં તત્ત્વોને તેમણે થોડીઘણી ગૌણ છૂટછાટ આપવાની હતી. પણ સાયણની કુશલતાને પહેલાંની અનિશ્ચિતતા અને ગૂંચવાડામાંથી વેદના અર્થને દૃઢ આકાર અને સુસંગતતા આપવાનાં હતાં. તે સાયણે કર્યું, અને પરિણામે તેમના ભાષ્યને મહાન પ્રામાણિકતા પ્રાપ્ત થઈ, જેના ઉપર લાંબા સમય સુધી કોઈ પ્રશ્ન કે શંકા ઉઠાવી શકે નહિ.

શ્રુતિના પ્રાચીન આધ્યાત્મિક, તત્ત્વચિંતનવાળા, માનસશાસ્ત્રીય અર્થોના અવશેષો, કે જેમના પર શ્રુતિની પવિત્રતાનો સાચો પાયો રચાયો હતો, તેનો સાયણ કેવો અર્થ કરે છે, તેમાં આપણને વધારેમાં વધારે રસ છે. જ્યાં જ્યાં આ અર્થો પ્રચલિત પ્રાચીનતાવાદી[1] માનસે સ્વીકાર્યા હતા, ત્યાં ત્યાં તો સાયણે પણ તે સ્વીકાર્યા છે. પણ તે તેના ભાષ્યમાં અપવાદ રૂપ છે, થોડા પ્રમાણમાં અને ઓછા મહત્ત્વમાં છે. કેટલીક વાર પ્રસંગોપાત્ત તે ઓછા પ્રચલિત, માનસશાસ્ત્રીય અર્થોનો ઉલ્લેખ કરે છે અથવા તેમને થોડુંક મહત્ત્વ આપે છે. દાખલા તરીકે, વૃત્ર આવરણ કરનાર દૈત્ય છે, માણસના કામ્ય પદાર્થોને તથા અભીપ્સિત વસ્તુઓને તે સંતાડી રાખે છે, એવા પ્રાચીન અર્થનો તે ઉલ્લેખ કરે છે, પણ તે સ્વીકારવા માટે નહિ. સાયણને મન તો વૃત્ર માત્ર શત્રુ છે, ભૌતિક મેઘ-દૈત્ય છે, કે જે વર્ષોનાં છલને સંતાડી રાખે છે, અને જેનો વધ વૃષ્ટિના દેવ ઇન્દ્ર કરવાનો છે.

બીજું તત્ત્વ પુરાણકથાઓનું છે. તેમાં દેવોની કથાઓ બાહ્ય રૂપમાં વર્ણવાઈ છે, તેનો ગહનતર અર્થ તથા રૂપકમય ઘટના આપવામાં નથી આવી કે જે બધાં[2] પુરાણોનો તેમને પ્રમાણિત કરતો સાચો અર્થ છે, તેમનું સત્ય છે.

કથાઓ, ઇતિહાસની વાર્તાઓ, પ્રાચીન રાજાઓ તથા ઋષિઓની કથાઓ, કે જે પાછળથી વેદના અસ્પષ્ટ ઉલ્લેખોનો અર્થ સમજાવવા માટે બ્રાહ્મણોમાં અને પાછળની પરંપરામાં આપવામાં આવી છે, તે ત્રીજું તત્ત્વ છે. સાયણ કંઈક આનાકાનીપૂર્વક તેનો અર્થ આપે છે. ઘણે ભાગે તો તે સૂક્તોના યથાર્થ અર્થ

---

૧. આ શબ્દ હું શિથિલ અર્થમાં વાપરું છું. યુરોપમાં લૌકિક વ્યાવહારિક અર્થમાં પ્રાચીનતાવાદી અને ભિન્નવાદી — નવીનતાવાદી શબ્દો વપરાય છે. પણ ભારતમાં અભિપ્રાય-સ્વાતંત્ર્ય પહેલેથી હતું, એટલે તે દેશમાં તે શબ્દોને સ્થાન નથી.

૨. પુરાણો અને ઇતિહાસો — મહાકાવ્યો તેમનાં અત્યારનાં સ્વરૂપોમાં રચાયાં, ત્યાર પહેલાં તે બંને વૈદિક સંસ્કૃતિના ભાગો હતાં, એ માનવાને કારણો છે.

તરીકે તેમને સ્વીકારે છે; કેટલીક વખત તે જેની સાથે તેની વધારે બૌદ્ધિક સહાનુભૂતિ છે તેવો વિકલ્પ-અર્થ આપે છે, પણ તે બે અર્થોમાંથી કોઈ એકનો નિર્ણય લઈ શકતો નથી.

વધારે અગત્યનું છે પ્રાકૃતિક અર્થનું તત્ત્વ. તેમાં સુસ્પષ્ટ અને પરંપરાગત તાદાત્મ્યો તો હતાં જ — ઇન્દ્ર, મરુતો, ત્રણ પ્રકારનો અગ્નિ, સૂર્ય, ઉષા. પણ આપણે જોઈએ છીએ કે મિત્રનું તાદાત્મ્ય દિવસ સાથે, વરુણનું તાદાત્મ્ય રાત્રિ સાથે, અર્યમાનું તથા ભગનું તાદાત્મ્ય સૂર્ય સાથે, ઋભુઓનું તાદાત્મ્ય સૂર્યનાં કિરણો સાથે કરવામાં આવ્યું છે. પાછળથી યુરોપીય વિદ્વાનોએ જેનો વિશાળ અર્થ-વિસ્તાર કર્યો, તે વેદના પ્રકૃતિ-સિદ્ધાંતનાં બીજ આપણને અહીં મળે છે. પ્રાચીન ભારતીય વિદ્વાનોએ એટલી છૂટ લીધી ન હતી, તેમની કલ્પનાઓમાં આટલી પદ્ધતિપૂર્વકની વિગતોની ઝીણવટ ન હતી. છતાં સાયણભાષ્યના આ તત્ત્વમાંથી તુલનાત્મક પુરાણશાસ્ત્રોની યુરોપીય વિદ્યા જન્મી.

પણ સાયણભાષ્ય યજ્ઞવિધિપરક અર્થોથી સભર ભરેલું છે. તે ઝોક પામેલો સૂર બીજા બધા અર્થ-સૂરોને છાઈ દે છે. તત્ત્વચિંતનની શાખાઓની ફૉર્મ્યુલામાં સૂકતો જ્ઞાનની બાબતમાં શ્રેષ્ઠ પ્રમાણ તરીકે ગણાય છે, છતાં મુખ્યત્વે અને પાયાભૂત તરીકે તેમને કર્મકાંડ સાથે નિસ્બત છે, અને કર્મકાંડ એટલે મુખ્યત્વે વૈદિક યજ્ઞોનો વિધિ. સાયણ હમેશાં આ વિચારના પ્રકાશમાં જ ભાષ્યનો અર્થ ઘટાવે છે. વેદની ભાષાને તે ઘાટીમાં જ ઘટાવે છે, તેના લાક્ષણિક અર્થસમૂહને યજ્ઞવિધિપરક જ લે છે — અન્ન, પુરોહિત, દાતા, ધન, સ્તુતિ, પ્રાર્થના, વિધિ, યજ્ઞ.

યજ્ઞના ફલ તરીકે ધન અને અન્ન, સમૃદ્ધિ, જય, દસ્યુઓનો સંહાર અને તેમની લૂંટ, પ્રતિસ્પર્ધી અનિષ્ટકારક નિંદાખોરોનો વિનાશ — આ જ વસ્તુઓ માગવામાં આવે છે. દરેક સૂકતનો આ પ્રમાણે અર્થ ઘટાવવામાં આવે છે, ત્યારે આપણને ગીતામાં પંદરમા અધ્યાયના પંદરમા શ્લોકમાં વેદને દિવ્ય જ્ઞાન તરીકે વર્ણવવામાં આવે છે અને બીજા અધ્યાયના બાવીસમા શ્લોકમાં કેવળ વેદના કર્મકાંડના અનુયાયીઓની સખ્ત ઝાટકણી કાઢવામાં આવે છે — તે બે વચ્ચેની અસંગતતા સમજાય છે; તેમાં વેદના કર્મકાંડની પુષ્પિત વાણી બોલનારા અને માત્ર ભૌતિક સમૃદ્ધિ, સત્તા અને ઇન્દ્રિયોપભોગના પૂજારીઓની નિંદા કરવામાં આવી છે.

સાયણના ભાષ્યનું સૌથી વધારે કમનસીબ પરિણામ આ આવ્યું છે કે વેદનો આ સૌથી વધારે નિકૃષ્ટ અર્થ યજ્ઞના પૂજારીઓને આ આખરી મજબૂત પાશમાં જકડી રાખે છે. યજ્ઞવિધિપરક અર્થની સર્વોપરિતાએ ભારતના તે મહત્તમ ધર્મગ્રંથનો જીવંત ઉપયોગ ખૂંચવી લીધો, ઉપનિષદોના સમગ્ર અર્થની સાચી ચાવી ઝૂંટવી લીધી. સાયણભાષ્યે આ પ્રાચીન ગેરસમજ પર અંતિમતાની — આખરી-

પણાની મ્હોર મારી દીધી, કે જે ઘણા સૈકાઓ સુધી ભૂંસી શકાય તેવી ન હતી. અને તે ભાષ્યનાં સૂચનોએ બીજી સંસ્કૃતિવાળા યુરોપીય વિદ્વાનોએ જ્યારે વેદનું અધ્યયન કરવા માંડ્યું ત્યારે નવીન ભૂલોને જન્મ આપ્યો.

સાયણભાષ્યની ચાવી વેદના આંતર અર્થના બેવડા તાળાને લાગુ થાય છે અને ભૂલો પેદા કરે છે, છતાં વેદવિદ્યાના પુરોભાગના ખંડને ઉઘાડવા માટે તે ભાષ્ય અનિવાર્ય છે. યુરોપીય વિદ્વાનોનો વિશાળ પરિશ્રમ તેની ઉપયોગિતાનું સ્થાન લઈ શકે તેમ નથી. ડગલે ને પગલે આપણે સાયણભાષ્યના મતથી ભિન્ન મત ધરાવવો પડે છે, અને છતાં ડગલે ને પગલે આપણે સાયણભાષ્યનો ઉપયોગ કરવો જ પડે છે. વેદના અર્થના ઓરડામાં દાખલ થવા માટે તે જરૂરી પાટિયું છે, નિસરણી છે, જો કે આપણે અંદરના ગર્ભગૃહમાં પ્રવેશ કરવા માટે તેનો ત્યાગ કરવો જરૂરી બને છે.

આધુનિક સિદ્ધાંતો

વેદના યજ્ઞવિધિપરક અર્થ ઉપર સાયણે જે મ્હેર મારી હતી, તેને ઘણા સૈકાઓ પછી પરદેશી સંસ્કૃતિની કુતૂહલમયતાએ ભેદી. તે પ્રાચીન ગ્રંથને તે વિદ્વાનોએ હાથ પર લીધો. તેઓ મહેનતુ હતા, વિચારણામાં હિંમતબાજ હતા, કલ્પનાના ઉડ્ડયનમાં ચતુર – કુશળ હતા, તેમના પોતાના પ્રકાશ અનુસાર દિલની સચ્ચાઈવાળા હતા; પણ પ્રાચીન રહસ્યવાદી કવિઓની પદ્ધતિને સમજવામાં તેઓ અયોગ્ય અને અસમર્થ હતા. કારણ કે તે પ્રાચીન મિજાજ માટે તેમને સહાનુભૂતિ ન હતી, વૈદિક રૂપકોમાં અને કથાનકોમાં નિગૂઢ રહેલા વિચારોને સમજવા માટે જરૂરી બૌદ્ધિક અથવા આધ્યાત્મિક પરિસ્થિતિથી – વાયુમંડળથી તેઓ વંચિત હતા, તેની ચાવી તેમની પાસે ન હતી. તેનાં બે પરિણામો આવ્યાં. એક તો વૈદિક અર્થની સમસ્યાને હલ કરવા વધારે સૂક્ષ્મ, સંપૂર્ણ, કાળજીભરી, સ્વતંત્ર પદ્ધતિ સ્વીકારવામાં આવી. અને બીજું, વેદના દેખીતા ભૌતિક અર્થને આખરી અતિશયતા આપવામાં આવી. અને તેના સાચા આંતર-રહસ્યને તદ્દન લુપ્ત કરવામાં આવ્યું.

વેદના યુરોપીય વિદ્વાનો તેમની વિચારણામાં સબળ અને દૃઢ હતા, તેમના સંશોધનમાં સ્વતંત્ર અને નિર્મુકત હતા. તેમણે સાયણભાષ્યમાં સચવાઈ રહેલાં પરંપરાગત તત્ત્વોને પાયા રૂપે આવકાર્યાં, અને વેદનો સાચો અર્થ શોધવામાં કોઈ તદ્દન સ્વતંત્ર સ્વાયત્ત પ્રયાસ કર્યો નહિ. સાયણભાષ્યમાં અને બ્રાહ્મણોમાં તેમણે જે કાંઈ જોયું, તેને આધુનિક સિદ્ધાંતોમાં તથા આધુનિક જ્ઞાનના પ્રકાશમાં વિકસિત કર્યું. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની, પુરાણશાસ્ત્રની, ઈતિહાસની, તુલનાત્મક પદ્ધતિઓ દ્વારા તેમણે કુશળ નિગમનો તારવ્યાં. ચતુર વિચારણાની મદદથી તેમણે વિદ્યમાન હકીકતોને વિસ્તૃત કરી. વેરાયેલાં પ્રાપ્ય સૂચનોને તેમણે એકત્રિત કર્યાં. અને આ રીતે તેમણે વૈદિક પુરાણશાસ્ત્રના, વૈદિક ઈતિહાસના, વૈદિક સંસ્કૃતિના સિદ્ધાંતોની સંપૂર્ણ ઈમારત ખડી કરી. તે ઈમારત તેની વિગતોથી અને પરિપૂર્ણતાથી આપણને આંજી દઈ મંત્રમુગ્ધ કરી દે છે, અને તેની પદ્ધતિની દેખીતી સુનિશ્ચિતતા

હેકળ આ હકીકતને સંતાડી દે છે કે આ ભવ્ય ઈમારતના પાયામાં મોટે ભાગે અનુમાનોની રેતી છે.

વેદનો આધુનિક સિદ્ધાંત એક ખ્યાલથી પ્રારંભ કરે છે, કે જેને માટે સાયણ જવાબદાર છે. તે ખ્યાલ એ છે કે વેદમાં પ્રાથમિક અવસ્થાના, મોટે ભાગે અસંસ્કૃત સમાજની પ્રાર્થનાઓ છે — સૂકતો છે. તે સમાજ પાસે તદ્દન પ્રાથમિક અવસ્થાના, કઢંગા, નૈતિક અને ધાર્મિક ખ્યાલો હતા, તેની સામાજિક વ્યવસ્થા જંગલી દશાની હતી, તે સમાજનું દૃષ્ટિબિંદુ — પોતાની આસપાસના જગતને જોવાનું દૃષ્ટિબિંદુ તદ્દન બાલિશ હતું. જે યજ્ઞવિધિના કર્મકાંડને સાયણે દિવ્ય જ્ઞાનના ભાગ તરીકે સ્વીકાર્યો હતો, અને જેમાં સાયણ કોઈ રહસ્યમય અસરકારકતા જોતો હતો, તેને યુરોપીય વિદ્વાનોએ પ્રાચીન જંગલી લોકોના કાલ્પનિક અતિમાનવ દેવતાઓને ખુશ કરવા અપાતાં બલિદાનોની વિસ્તૃત આવૃત્તિ ગણી. જો તે દેવતાઓને પૂજવામાં આવે તો તે પૂજકોનું કલ્યાણ કરે, અને જો તેમની ઉપેક્ષા કરવામાં આવે તો તે લોકોનું અકલ્યાણ કરે. સાયણે સ્વીકારેલા ઐતિહાસિક તત્ત્વને આ યુરોપીય વિદ્વાનોએ ઝડપી લીધું, નવીન સંસ્કરણોથી અને સૂકતોમાં આવતા ઉલ્લેખોના નવીન અર્થ-કરણથી તેમણે તેનો વિસ્તાર કર્યો, કારણ કે તેમને પ્રાચીન પ્રાથમિક દશાના ઈતિહાસની, રીતરિવાજોની, તે જંગલી જાતિઓની સંસ્થાઓની ચાવી રૂપ કડીઓની શોધ કરવી હતી. પ્રાકૃતિક અર્થના તત્ત્વે તેના કરતાં પણ વધારે અગત્યનો ભાગ ભજવ્યો. વૈદિક દેવતાઓનું, તેમના બાહ્ય સ્વરૂપમાં, કેટલીક પ્રાકૃતિક શકિતઓ સાથેનું તાદાત્મ્ય તેમણે ઝડપી લીધું, અને તેનો પ્રારંભબિંદુ તરીકે ઉપયોગ કરી તેમણે આર્ય પુરાણશાસ્ત્રોના તુલનાત્મક અભ્યાસનો પાયો નાખ્યો. કેટલીક ગૌણ દેવતાઓનું તાદાત્મ્ય સૂર્યશકિતઓ સાથે આનાકાનીપૂર્વક કરવામાં આવ્યું હતું, તે તેમણે પ્રાથમિક દશાની પુરાણ-રચનાની પદ્ધતિની સર્વ-સામાન્ય ચાવી તરીકે સ્વીકારી લીધું, અને તેમણે પરિશ્રમસાધ્ય સૂર્ય-પુરાણકથા અને તારાઓની પુરાણકથાના સિદ્ધાંતો તારવી તુલનાત્મક પુરાણશાસ્ત્રનો પાયો રચ્યો. વૈદિક સૂકતોના આ નવીન અર્થપ્રકાશમાં તેમને અર્ધવહેમોથી યુકત, અર્ધકાવ્યમય, પ્રાકૃતિક તત્ત્વોની રૂપકકથા તરીકે ગણવામાં આવ્યાં, અને તેમાં અગત્યનું ખગોળશાસ્ત્રનું તત્ત્વ વિદ્યમાન હતું. બાકી તો સૂકતોમાં અંશત: યજ્ઞના વિધિઓ, કર્મકાંડની ક્રિયાઓની ફૉર્મ્યુલા છે, અને અંશત: પ્રાથમિક દશાના જંગલી લોકોના વહેમો માત્ર છે; તેમાં કશું ગૂઢ કે રહસ્યમય કશું નથી.

આ અર્થ પ્રથમની માનવ-સંસ્કૃતિના વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે અને માત્ર જંગલી લોકોના તાજેતરના વિકાસના સિદ્ધાંતો સાથે સુસંગત છે, જે સિદ્ધાંતો ઓગણીસમી સદીમાં બધે પ્રચલિત હતા અને અત્યારે પણ પ્રધાનતા ભોગવે છે. પણ આ પ્રથમનાં અને ઉતાવળિયાં સામાન્ય વિધાનોને આપણી જ્ઞાન-વૃદ્ધિએ

હચમચાવી મૂકયાં છે. હવે આપણે જાણીએ છીએ કે અનેક હજારો વર્ષો પૂર્વે ચીનમાં, ઈજિપ્તમાં, કેલ્ડિયામાં, એસિરિયામાં નોંધપાત્ર સંસ્કૃતિઓ વિદ્યમાન હતી, અને હવે તે સ્વીકારાવા લાગ્યું છે કે એશિયાની અને મેડિટેરિનિયન જાતિઓની સામાન્ય ઉચ્ચ સંસ્કૃતિની બાબતમાં ગ્રીસ અને ભારત અપવાદ રૂપ ન હતાં. આ નવીનીકરણ પામેલા જ્ઞાનનો લાભ જો વૈદિક ભારતીયોને ન મળતો હોય, તો તેનું કારણ યુરોપીય વિદ્વાનોએ શરૂ કરેલો સિદ્ધાંત હજી અવશેષ રહ્યો છે, જીવતો રહ્યો છે, તે છે. તે સિદ્ધાંત એ છે કે વૈદિક ભારતીયો કહેવાતી આર્યજાતિ-ઓમાંની એક જાતિ હતા, અને હોમરનાં કાવ્યોમાં, પ્રાચીન નોર્સગાથાઓમાં, અને પ્રાચીન ગૉલ અને ટયૂટન લોકોનાં જે વર્ણનો રોમન લોકોએ આપ્યાં છે તેમાં જે સંસ્કૃતિની ભૂમિકા વર્ણવવામાં આવી છે, તે જ સંસ્કૃતિની ભૂમિકા વૈદિક ભારતીયો-ની પણ હતી. આમાંથી એવો સિદ્ધાંત ઉદ્‌ભવ્યો છે કે આ આર્યજાતિઓ ઉત્તર પ્રદેશની જંગલી જાતિઓ હતી, જે તેમના ઠંડા પ્રદેશમાંથી મેડિટેરિનિયન યુરોપની અને દ્રાવિડિયન ભારતની પ્રાચીન અને સમૃદ્ધ સંસ્કૃતિઓના પ્રદેશમાં ઊતરી આવી હતી.

પણ આ તાજેતરના આર્ય આક્રમણના સિદ્ધાંત માટે વેદમાં મળી આવતાં સૂચનો બહુ થોડાં અને સંદિગ્ધ છે. એ પ્રકારના આક્રમણનો કોઈ યથાર્થ ઉલ્લેખ વેદમાં મળતો નથી. આર્યો અને અનાર્યો વચ્ચેના ભેદ ઉપર આ સિદ્ધાંતનો પાયો ચણાયો છે, પણ અનેક પ્રમાણો એવાં મળે છે કે એ ભેદ સાંસ્કૃતિક હતો, જાતીય નહિ.[1] સૂકતોની ભાષા પરથી એમ સ્પષ્ટ જણાઈ આવે છે કે આર્યનું ખાસ લક્ષણ તેની અમુક પ્રકારની પૂજા-પ્રાર્થના અથવા આધ્યાત્મિક સાધના હતું. તેમની પૂજા પ્રકાશની અને પ્રકાશની શકિતઓની હતી, તેમની સાધના સત્યની – આત્માની સાધના હતી, અમૃતત્વની અભીપ્સા હતી — ऋतम् અને अमृतम्. જાતીય ભિન્નતાનો કોઈ વિશ્વસનીય ઉલ્લેખ વેદમાં મળતો નથી. એવો સંભવ છે કે અત્યારે ભારતમાં વસતા લોકોનો મોટો ભાગ, શ્રીતિલકના સિદ્ધાંત અનુસાર, ઉત્તર ધ્રુવના પ્રદેશમાંથી ઊતરી આવેલી જાતિના વંશવારસો છે. પણ વેદમાં કે

---

૧. એવી દલીલ કરવામાં આવે છે કે દસ્યુઓ કાળા રંગના અને ઉચ્ચ નાસિકા વગરના વર્ણવાયા છે, જ્યારે આર્યો શ્વેત વર્ણના અને ઉચ્ચ નાસિકાવાળા વર્ણવાયા છે. પણ તે તો દેવોનું, અને દાસ-શકિતઓનું વર્ણન છે, તેનો અર્થ તો પ્રકાશ અને અંધકાર થાય છે. 'ઉચ્ચ નાસિકા વગરના' એવો અર્થ अनासा: શબ્દનો લેવો તે યોગ્ય નથી. ઊલટું, દ્રાવિડિયન જાતિના લોકોની નાસિકા ઉત્તરના આર્યોની નાસિકાથી કોઈ રીતે નાની, ટૂંકી કે ઊતરે તેવી નથી.

ભારતના અત્યારના લોકોનાં શારીરિક કે અંગીય લક્ષણોમાં[૨] એવું કંઈ નથી કે જેના પરથી વેદના કાળમાં તે લોકો ભારતમાં ઊતરી આવ્યા હતા, અથવા સંસ્કૃત દ્રાવિડિયન દ્વીપકલ્પમાં શ્વેત વર્ણની નાનકડી જંગલી જાતિ ઊતરી આવી હતી —ધીમે ધીમે પગપેસારો કરી ગઈ હતી,—તેવું સિદ્ધ થાય.

આપણને જે માહિતી ઉપલબ્ધ છે તેના પરથી — ઘડીભર માની લઈએ કે કેલ્ટ, ટયૂટન, ગ્રીક અને ભારતીય જાતિઓ પાસે એક સર્વસામાન્ય સંસ્કૃતિ હતી, તો પણ — પહેલાંની આર્ય સંસ્કૃતિઓ ખરેખર અવિકસિત અને જંગલી હતી એમ નિગમન આપણે તારવી શકીએ તેમ નથી. આર્ય લોકોના બાહ્ય જીવનમાં તથા સંગઠનમાં એક પ્રકારની વિશુદ્ધ ઉચ્ચ સાદાઈ હતી, જે દેવોની તેઓ પૂજા કરતા હતા તેમના ખ્યાલોમાં અને સંબંધોમાં એક પ્રકારની સઘનતા અને જીવંત માનવીય પરિચિતતા હતી. જ્યારે ઈજિપ્ત અને કેલ્ડિયાની સંસ્કૃતિ વધારે વિપુલ, સમૃદ્ધ અને ભૌતિકવાદી હતી, તેમના ધર્મો ભવ્ય-ગંભીર અને ગૂઢવાદી હતા. આ રીતે તે બે સંસ્કૃતિઓમાં ભેદ હતો. પણ તે કેલ્ટ, ટયૂટન, ગ્રીક, ભારતીય જાતિઓની સંસ્કૃતિનાં લક્ષણો એવાં નથી, કે જે મહાન આંતર-સાધના સાથે સુસંગત ન હોઈ શકે. ઊલટું, આપણને ઘણી જગ્યાએ ઉચ્ચ આધ્યાત્મિક પરંપરા-નાં સૂચનો મળે છે, અને તે સામાન્ય સિદ્ધાંતને નકારી કાઢે છે. પ્રાચીન કેલ્ટિક જાતિઓ પાસે ચોક્કસ કેટલાક ઉચ્ચતમ તત્ત્વચિંતનના વિચારો હતા, આજે પણ તે પ્રાચીન રહસ્યવાદી આંતરદર્શનાનાં પરિણામોની છાપ આપણને તેમનામાં જોવા મળે છે. તે પરિણામો ઘણા વખત સુધી ચાલતી આવેલી પ્રક્રિયાનાં ફળ રૂપ જ હોઈ શકે, તેમની પૂર્વે ઘણો વિકાસ સધાયેલો હોવો જોઈએ. ગ્રીસમાં તે જ રીતે હેલેનિક પદ્ધતિ અને પ્રકારનું ઘડતર ઑર્ફિક અને એલ્યુસિનિયન અસરો વડે થયું હતું, અને સૂક્ષ્મ માનસશાસ્ત્રીય સૂચનોથી પરિપૂર્ણ ગ્રીક પુરાણશાસ્ત્ર, જે રીતે આપણને પ્રાપ્ત થયું છે તે રીતે, ઑર્ફિક ઉપદેશધારાનો વારસો છે. જો એમ પુરવાર થાય કે ભારતીય સંસ્કૃતિ આપણા વૈદિક પૂર્વજોએ વાવેલા વિચારો અને વલણોનું જ ક્રમિક પરિણામ છે, તો તે આ સામાન્ય પરંપરા સાથે સુસંગત છે. આ પ્રાચીન સંસ્કૃતિઓની અદ્‌ભુત પ્રાણશકિત આધુનિક માનવીની મુખ્ય જાતિઓના પ્રકારમાં પ્રધાન ભાગ ભજવે છે, તેના મિજાજનાં મુખ્ય તત્ત્વો પૂરાં પાડે છે, તેના વિચારનાં,

---

૨. ભારતમાં આપણે મુખ્યત્વે જાતિઓના ભેદ શબ્દવ્યુત્પત્તિની દૃષ્ટિએ પડયા છે, અને પહેલાંનાં સામાન્ય વિધાનોના પાયા પર કરેલા શ્રી ડિરિસ્લીના જાતીય ભેદોના વિભાગો પરથી પડયા છે — તે હકીકતથી પરિચિત છીએ. પણ વિકસિત શરીર-અંગ-લક્ષણોનું શાસ્ત્ર ભાષા પરથી પડેલા જાતીય ભેદોને સ્વીકારતું નથી, અને ભારતમાં એક જ એક સરખી જાતિ રહે છે — એવા મત પ્રત્યે ઢળે છે.

કલાનાં અને ધર્મનાં પ્રધાન વલણોનું નિર્માણ કરે છે. આ બધું કાંઈ પ્રથમ અવસ્થાના જંગલીપણામાંથી ન પ્રગટી શકે. તે એક ગહન, સબળ, પ્રાગૈતિહાસિક વિકાસનાં પરિણામો છે.

તુલનાત્મક પુરાણશાસ્ત્રની વિદ્યાએ માનવીના વિકાસના આ અગત્યના તબક્કા પ્રત્યે દુર્લક્ષ્ય કર્યું છે, અને તેથી તેણે માનવની પરંપરાઓના અર્થને વિકૃત કરી મૂકયો છે. તેણે એવા એક સિદ્ધાંતના પાયા પર પોતાની ઈમારતની રચના કરી છે કે જે પ્રાથમિક દશાના જંગલીને, પ્લૅટોને અને ઉપનિષદોને એક પાટલે બેસાડે છે. તેની માન્યતા એવી છે કે પ્રથમ અવસ્થાના ધર્મો જંગલી લોકોના આશ્ચર્યભાવમાંથી ઉદ્‌ભવ પામ્યા છે; તે જંગલી લોકો ઉષા, રાત્રિ અને સૂર્ય જેવી અદ્‌ભુત ઘટનાઓ વિદ્યમાન છે તે જોઈ અહોભાવમાં ગરકાવ થઈ ગયા હતા; અને પોતાના અસ્તિત્વની સમજૂતી અસંસ્કૃત, જંગલી, કલ્પનામય રીતે આપવાનો પ્રયાસ કરતા હતા. અને આ બાલોચિત અહોભાવમાંથી આપણે એક પગલું આગળ ભરીને ગ્રીક તત્ત્વચિંતકોના અને વેદાંતના ઋષિઓના ગહન સિદ્ધાંતો પાસે પહોંચી જઈએ છીએ! હેલેનિસ્ટો બિન-હેલેનિસ્ટ પદાર્થોને, ગ્રીક માનસની ગેરસમજના પાયા પર રચાયેલા દૃષ્ટિબિંદુથી, સમજાવવા પ્રયાસ કરે છે. અને તેમાંથી તુલનાત્મક પુરાણશાસ્ત્રવિદ્યાનો ઉદ્‌ભવ થયો છે. તેની પદ્ધતિ ધીરજયુકત વૈજ્ઞાનિક સંશોધનાની નહિ, પણ કાવ્યમય કલ્પનાની કુશળ લીલા માત્ર છે.

જો આપણે આ પદ્ધતિનાં પરિણામો તરફ નજર કરીશું, તો આપણને રૂપકોનો ગૂંચવાડો, તેમની સમજૂતીઓમાં ગૂંચવાડો, અસંગતતા અને અસંબદ્ધતા દેખાશે. તેમાં વિગતો એકબીજા સાથે ગૂંચવાઈ જાય છે, એકબીજા સાથે આથડતી દેખાય છે, મતભેદ હોવા છતાં એકબીજામાં પરોવાય છે. તેમની પ્રામાણિકતા માટે આપણે 'જ્ઞાનપ્રાપ્તિ કરવા માત્ર કલ્પનામય અનુમાનો જ એક સાધન છે' એ સૂત્ર પર આધાર રાખવો પડે. આ અસંગતતાને સત્યના ધોરણની ઉચ્ચ પદવી આપવામાં આવી છે. એવી દલીલ કરવામાં આવે છે કે વધારે તર્કયુકત અને સુવ્યવસ્થિત પરિણામો લાવે તેવી પદ્ધતિ તેની સુસંગતતાને કારણે જ હારી જાય છે, કારણ કે પ્રથમ દશાની પુરાણશાસ્ત્રવિદ્યાની શકિત જ આ ગૂંચવાડામાં અને અસંગતતામાં રહેલી છે. પણ તો તો પછી તુલનાત્મક પુરાણશાસ્ત્રવિદ્યામાં કશું જ નિર્ણાયક અને આખરી નહિ રહે, અને એક સિદ્ધાંત બીજા સિદ્ધાંત જેટલો જ સ્વીકાર્ય બની જશે. કારણ કે અસંગતતાના એક સમૂહને અસંગતતાના બીજા જથ્થા કરતાં વધારે પ્રમાણભૂત કે સ્વીકાર્ય માનવાને કોઈ કારણ નથી.

તુલનાત્મક પુરાણશાસ્ત્રવિદ્યાના વિચારોમાં ઘણી ઉપયોગી વસ્તુઓ છે. પણ જો તે વધારે ધીરજપૂર્ણ અને સુસંગત પદ્ધતિ અપનાવે, અને સધ્ધર પાયા પર રચાયેલા ધર્મ-વિજ્ઞાનના એક ભાગ તરીકે પોતાની જાતને સંગઠિત કરે તો જ

તેનાં અનેક પરિણામોનો સમૂહ સુસ્થિર અને સ્વીકાર્ય બને. આપણે એટલી વાત તો કબૂલ કરવી જોઈએ કે આપણી આધુનિક માન્યતાઓની પદ્ધતિઓ પેઠે પ્રાચીન ધર્મો સંગઠિત પદ્ધતિઓ હતી અને આપણી વિચાર-પદ્ધતિઓ પેઠે સુસંગતતાથી યુકત હતી. આપણે તે વાત પણ કબૂલ રાખવી જોઈએ કે તેમાં સંપૂર્ણરીતે સમજાય તેવી રીતે ક્રમિક વિકાસ સધાયો છે, અને તેમની પ્રાથમિક દશામાંથી તે પાછળની ધાર્મિક માન્યતાઓની પદ્ધતિઓ રૂપે અને તત્ત્વચિંતનના વિચારની પદ્ધતિઓ રૂપે વિકસી છે. જો આપણે આ ભાવનાથી પ્રાપ્ત હકીકતોનો વિશાળ અને ગહન અભ્યાસ કરીશું, અને માનવવિચાર તથા માન્યતાની સાચી ઉત્ક્રાન્તિને શોધી કાઢીશું, તો જ આપણને સાચું જ્ઞાન પ્રાપ્ત થશે. માત્ર ગ્રીક અને સંસ્કૃત નામોના તાદાત્મ્યથી, હેરાકલીસની ચિતા આથમતા સૂર્યનું પ્રતીક-રૂપક છે એવી કુશળતાપૂર્ણ શોધ કરવાથી, પૅરિસ અને હેલન માત્ર વૈદિક સરમા અને પણિઓનાં ભ્રષ્ટ ગ્રીક સ્વરૂપો છે એવી કુશળતાપૂર્ણ શોધ કરવાથી, કલ્પનાપૂર્ણ મનને રસિક ચિત્તવિનોદ પ્રાપ્ત થશે, પણ તેથી કોઈ ભવ્ય-ગંભીર પરિણામ નિષ્પન્ન નહિ થાય — પછી ભલે તે બધું સાચું સિદ્ધ થાય. તેમની સત્યતા સંદેહથી મુકત નથી, કારણ કે સૂર્ય અને તારાઓ સંબંધી પુરાણકથાઓની સમજૂતી આપનારી પદ્ધતિમાં ત્રુટકતાનો, કલ્પનામયતાનો દોષ રહે છે; તે તેટલી સહેલાઈથી અને સચોટતાથી દરેક માનવી પરંપરાને, માન્યતાને અથવા ઈતિહાસની વાસ્તવિક ઘટનાને[1] લાગુ પાડી શકાય તેમ છે. આ પદ્ધતિ વડે આપણે સત્યને પામ્યા છીએ કે માત્ર કુશળતાપૂર્ણ કલ્પનાને શ્રવણ કરીએ છીએ, તે નિઃસંદેહ કહી શકાય નહિ.

તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની મદદ આપણે જરૂર લઈ શકીએ, પણ તે શાસ્ત્રની અત્યારની સ્થિતિમાં, આપણને તે કોઈ ખાતરી આપી શકે નહિ. ઓગણીસમી સદી કરતાં અત્યારે બીજા કોઈ પણ શાસ્ત્ર કરતાં આધુનિક શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્રમાં આપણે ઘણો વિકાસ સાધ્યો છે. માત્ર કલ્પનાની જગ્યાએ તેણે વ્યવસ્થા અને પદ્ધતિની ભાવના દાખલ કરી છે. તેણે ભાષાના સ્વરશાસ્ત્ર, તથા શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રમાં શું શકય છે અને શું શકય નથી, તે બાબતમાં વધારે સાચા વિચારો આપ્યા છે. ભાષાના હ્રાસની ઘટનાઓને નિયમન કરતા કેટલાક નિયમો તેણે સ્થાપિત કર્યા છે, અને જુદી જુદી પણ સંબંધિત ભાષાઓનાં પરિવર્તનોમાં એક જ શબ્દ અથવા સંબંધિત શબ્દોના તાદાત્મ્યની બાબતમાં તેણે દોરવણી આપી છે. પણ આટલેથી જ તેની સિદ્ધિઓ અટકી જાય છે. તેના જન્મ સમયે જે મહાન

---

૧. દાખલા તરીકે, એક વિદ્વાન આપણને ખાતરીપૂર્વક કહે છે કે ઈશુ ખ્રિસ્ત અને તેમના બાર ધર્મોપદેશક શિષ્યો સૂર્ય અને બાર મહિના છે. નેપોલિયનની કારકિર્દી સૂર્ય-પુરાણકથાનું સંપૂર્ણ કથાનક અને ઈતિહાસ છે.

આશાઓ સેવવામાં આવી હતી, તેમને તેના વૃદ્ધિકાળમાં તે પરિપૂર્ણ કરી શકી નથી. તે ભાષા-વિજ્ઞાનની રચના કરવામાં નિષ્ફળ નીવડી છે. કેટલાક દશકાઓના અથાક દિલની સચ્ચાઈવાળા પરિશ્રમ પછી એક મહાન શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીએ તેની ખ્યારી વિદ્યા માટે કહ્યું હતું કે 'આપણાં વહાલાં અનુમાન પર નિર્ભર વિજ્ઞાનો', તે કથનનો આપણે હજી પણ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર માટે પ્રયોગ કરવાની ફરજ પડે છે. પણ અનુમાન પર નિર્ભર વિજ્ઞાનને વિજ્ઞાન કહી જ ન શકાય. પરિણામે વધારે ચોક્કસ અને કાળજીભર્યાં જ્ઞાનસ્વરૂપોના અનુયાયીઓ તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રને 'વિજ્ઞાન' કહેવાનું સ્વીકારતા નથી, અને ભાષાકીય વિજ્ઞાનની શકયતાને નકારી કાઢે છે.

વાસ્તવિક રીતે જોઈએ તો હજી સુધી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનાં પરિણામોમાં કોઈ સાચી નિશ્ચિતતા નથી, કારણ કે મર્યાદિત રીતે લાગુ કરી શકાય તેવા એક-બે નિયમો સિવાય તેમાં કયાંય સુનિશ્ચિત પાયો નથી. ગઈ કાલ સુધી આપણને બધાને ખાતરી હતી કે વરુણ અને ગ્રીક સ્વર્ગલોક યુરેનસ વચ્ચે તાદાત્મ્ય હતું. આજે એ તાદાત્મ્યને શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની ભૂલ તરીકે ધુતકારી કાઢવામાં આવે છે; આવતી કાલે ફરી તે તાદાત્મ્યને પ્રતિષ્ઠિત કરવામાં આવે તે બને. परमे व्योमन् વૈદિક શબ્દગુચ્છનો અનુવાદ આપણામાંના ઘણાખરા એવો કરે કે 'પરમ સ્વર્ગમાં'. પણ શ્રી પરમશિવ આયર 'ધ ઋક્સ' નામના તેમના જાજવલ્યમાન અને આશ્ચર્ય-કારક પુસ્તકમાં આપણને કહે છે કે તેનો અર્થ 'સૌથી નીચેના ખાડામાં' થાય છે, કારણ કે વ્યોમન્-શબ્દનો અર્થ થાય છે ચિરાડ; અક્ષરશ: તે 'ઉમા-રક્ષણનો અભાવ' છે. તેમની દલીલ તદ્દન આધુનિક વિદ્વાનની રીતની છે, તેથી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રી એમ કહી શકે તેવી સ્થિતિમાં નથી કે 'રક્ષણનો (ઉમાનો) અભાવ — એનો અર્થ ચિરાડ ન થઈ શકે, માનવી ભાષા આ સિદ્ધાંતો પર રચાઈ ન હતી.' કારણ એ છે કે શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્ર જેમના પર ભાષાના સિદ્ધાંતો રચાયા છે તેમને શોધી કાઢવામાં નિષ્ફળ નીવડયું છે, અને તેમાં હજી મહદંશે માત્ર કલ્પના અને કુશળ-તાની ભાવના સચવાઈ રહી છે, તેમાં જોખમકારક અનુમાનના આવા ઝબકારા — ચળકાટ ઘણા પ્રમાણમાં રહેલા છે. એટલે પરિણામે આપણે એ નક્કી કરી શકતા નથી કે વેદમાંના परमे व्योमन् નો અર્થ પરમ સ્વર્ગ થાય છે કે ઊંડી ખાઈ, નિમ્ન ખાડો. આ ઉપરથી સ્પષ્ટ થશે કે આવું અપૂર્ણ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર ચળકાટ-ભરી સહાય આપી શકે, પણ વેદનો અર્થ કરવામાં ચોક્કસ માર્ગદર્શક બની શકે નહિ.

આપણે એ હકીકત કબૂલ કરવી જોઈએ કે વેદનો અર્થ કરતા યુરોપીય વિદ્વાનોને અધિક પ્રતિષ્ઠા સાંપડી છે, તેમના સામાન્ય લોકમાનસમાં રહેલા યુરોપીય વિજ્ઞાનના વિકાસના સંબંધ-સાહચર્યથી. સાચી વાત તો એ છે કે ધીરજપૂર્ણ, કાળજી-ભરેલાં, પદાર્થીય વિજ્ઞાનો વચ્ચે અને આ વેદના વિદ્વાનો જેમના પર વિશ્વાસ

મૂકી આધાર રાખે છે તેવા આ ચળકાટભરેલા પણ અપકવ જ્ઞાનની શાખાઓ વચ્ચે આસમાન-જમીન જેટલું અંતર છે. પેલાં વિજ્ઞાનો પોતાના પાયાઓની કાળજી રાખે છે, સામાન્ય વિધાનો કરવામાં ઉતાવળ કરતાં નથી, તેમનાં નિગમનોમાં તે સધ્ધર—નક્કર હોય છે. આ જ્ઞાનની શાખાઓને થોડીક સામગ્રી પર વિશાળ અને વ્યાપક સિદ્ધાંતો બાંધવાની ફરજ પડે છે, અને ચોક્કસ સૂચનોની ન્યૂનતાને અનુમાનો અને પૂર્વગૃહીત માન્યતાઓની અતિશયતા વડે પૂરવી પડે છે. તેમની શરૂઆત આંજી નાખે તેવી હોય છે, પણ તે કોઈ નક્કર પરિણામ પર આવી શકતી નથી. તે વિજ્ઞાન બનવા માટેની પૂર્વની અસંસ્કૃત કાપકૂપી છે, ઝાડૂ-ઝપાટા છે, પણ વિજ્ઞાન નથી.

આ ઉપરથી જણાશે કે વેદનો અર્થ કરવાનો પ્રશ્ન હજી ખુલ્લું ક્ષેત્ર છે, જેમાં પ્રકાશ નાખનાર કોઈ પણ દેણ—અર્પણ સ્વીકાર્ય છે. ભારતીય વિદ્વાનો તરફથી અત્યાર સુધી તે પ્રકારના ત્રણ પ્રયત્નો થયા છે. તેમાંના બે પ્રયત્નો યુરોપીય સંશોધનાની રીતરસમો અપનાવે છે, અને છતાં એવા નવીન સિદ્ધાંતોનાં દ્વાર ખોલી આપે છે, કે જો તે સુસ્થાપિત બને તો સૂકતોનો આપણે જે બાહ્ય અર્થ કરીએ છીએ તેમાં સમૂળો ફેરફાર થઈ જાય. શ્રી ટિળકે તેમના Arctic Home in the Vedas (વેદોમાં ઉત્તર ધ્રુવનો નિવાસ) નામના પુસ્તકમાં યુરોપીય વિદ્વાનોનાં સામાન્ય નિગમનો સ્વીકાર્યાં છે. પણ વૈદિક ઉષાનું નવીન અધ્યયન કરીને, વૈદિક ગાયોના રૂપકનું નવીન અધ્યયન કરીને, સૂકતોની ખગોળશાસ્ત્રીય હકીકતોનો અભ્યાસ કરીને, તેમણે એક બળવાન સંભાવના સ્થાપિત કરી છે કે આર્યજાતિઓ મૂળ-મુદ્દે ગ્લેશિયલ સમય દરમિયાન ઉત્તરધ્રુવના પ્રદેશમાંથી ઊતરી આવી હતી. શ્રી વી. પરમશિવ આયરે હિંમતભર્યું પગલું નવીન દિશામાં લીધું છે. તેમણે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે સમગ્ર ઋગ્વેદમાં આપણા પૃથ્વીગ્રહના નવીન જન્મ વખતનાં ભૂસ્તરવિદ્યાનાં દૃશ્યોનું રૂપકમય વર્ણન છે અને તે પણ પાર્થિવ વિકાસક્રમના તે જ સમયના ગાળામાં આપણો પૃથ્વીગ્રહ ગ્લેશિયલ મૃત્યુ પામ્યો ત્યારનું (બરફના ખંડોથી મૃત્યુ પામ્યો ત્યારનું). શ્રી આયરની બધી દલીલો અને નિગમનોનો સંપૂર્ણ સ્વીકાર કરવો શક્ય નથી. પણ તેમણે અહિવૃત્રની વૈદિક પુરાણકથા પર તથા સાત નદીઓને મુકત કરી તે કથા પર નવીન પ્રકાશ ફેંકયો છે. તેમનો અર્થ પ્રચલિત સિદ્ધાંત કે જેને સૂકતોની ભાષા ટેકો આપતી નથી, તેના કરતાં વધારે સુસંગત અને સંભવયુકત છે. શ્રી ટિળકના પુસ્તકનો અને તેમના પુસ્તકનો અભ્યાસ કરતાં, આપણને પ્રાચીન સંહિતાના નવીન બાહ્ય અર્થ માટે એક આરંભબિંદુ પ્રાપ્ત થશે. તેથી અત્યારે ન સમજાતી ઘણી વસ્તુઓ સમજાશે, અને આપણે માટે પ્રાચીન આર્ય જગતની વાસ્તવિક ભૌતિક પરિસ્થિતિ નહિ, તો પણ તેનાં ભૌતિક ઉદ્‌ગમસ્થાનોની પુનર્રચના કરશે.

ભારતીય વિદ્વાનની ત્રીજી દેણ વધારે પ્રાચીન છે, પણ મારા અત્યારના હેતુની નજીકની છે. આર્યસમાજના સ્થાપક, સ્વામી શ્રી દયાનંદે વેદને જીવંત ધર્મશાસ્ત્ર તરીકે સ્થાપિત કરવાનો નોંધપાત્ર પ્રયત્ન કર્યો છે. તેમણે નિરુકતમાં આવેલા પ્રાચીન ભારતીય શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો છૂટથી ઉપયોગ કરી, તેને પાયા તરીકે સ્વીકાર્યું છે. પોતે સંસ્કૃતના ધુરંધર પંડિત હતા, અને તેમણે પોતાની સામગ્રીનો ઉપયોગ નોંધપાત્ર શકિતથી અને સ્વતંત્રતાથી કર્યો છે. સાયણની ભાષામાં કહીએ તો 'ધાતુના અનેક અર્થોવાળી' પ્રાચીન સંસ્કૃત ભાષાના તે લક્ષણનો ઉપયોગ તેમણે ખાસ સર્જનાત્મક રીતે કર્યો છે. વેદના ઋષિઓની વિશિષ્ટ પદ્ધતિને સમજવા માટે તેમની ચાવીનું યથાયોગ્ય અનુસરણ બહુ જ મહત્ત્વનું છે.

દયાનંદે કરેલો સૂકતોનો અર્થ એક વિચારથી નિયંત્રિત થયો છે કે વેદો ધાર્મિક, નૈતિક અને વૈજ્ઞાનિક સત્યની એક સંપૂર્ણ આંતરદર્શના છે. તેમનો ધાર્મિક ઉપદેશ એકેશ્વરવાદનો છે, વેદના દેવો એક જ પરમેશ્વરનાં જુદાં જુદાં વર્ણનાત્મક નામો છે, પરમેશ્વરની પ્રકૃતિમાં કાર્ય કરી રહેલી અનેક શકિતઓને તે દેવો સૂચવે છે, અને વેદના અર્થને સાચી રીતે સમજવાથી આપણને આધુનિક સંશોધનથી પ્રાપ્ત થયેલાં બધાં વૈજ્ઞાનિક સત્યો પ્રાપ્ત થશે.

એવા સિદ્ધાંતને સ્થાપિત કરવો તે દેખીતી રીતે જ મુશ્કેલ છે. ઋગ્વેદમાં જ કહ્યું છે કે (ઋ. ૧, ૧૬૪,૪૬) દેવો એક સર્વવ્યાપક સત્‌નાં નામ અને વ્યકત સ્વરૂપો છે, કે જે સત્ પોતાની વાસ્તવિકતામાં આ વિશ્વથી પર છે. પણ સૂકતોની ભાષામાંથી જ આપણને માનવાની ફરજ પડે છે કે દેવો માત્ર તે સત્‌નાં ભિન્ન-ભિન્ન નામો માત્ર નથી, પણ તે એક પરમેશ્વરનાં જુદાં જુદાં સ્વરૂપો, શકિતઓ અને વ્યકિતત્વો છે. વેદના એકેશ્વરવાદમાં બ્રહ્માંડના એકાત્મવાદ, અનેકાત્મવાદ અને બહુદેવતાવાદ સમાઈ જાય છે, અને તે આધુનિક ઈશ્વરવાદની એકધારી સાદી માન્યતા નથી. તેના પર એક ઓછા જટિલ વાદને ઠોકી બેસાડવો તે વિકટ સંઘર્ષ અને મચડામચડીથી જ બની શકે.

આપણે એ પણ કબૂલ રાખી શકીએ કે અત્યાર સુધી મનાતું આવ્યું છે, તેના કરતાં પ્રાચીન જાતિઓએ ભૌતિક વિજ્ઞાનોમાં વધારે વિકાસ સાધ્યો હતો. આધુનિક વિજ્ઞાને અત્યાર સુધીમાં જે શોધો કરી છે અને જેની હજી પુનઃ શોધ તેણે કરી નથી, તે સઘળું ઈજિપ્તના તથા કેલ્ડિયાના લોકોએ શોધ્યું હતું. પ્રાચીન ભારતીયો મહાન ખગોળવિદ્યાના જાણકારો હતા, કુશળ વૈદ્યો હતા; હિંદુ વૈદક-શાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર પરદેશમાંથી આવ્યાં નથી. સંભવ તો એવો છે કે પદાર્થ-વિજ્ઞાનની બીજી શાખાઓમાં પણ તેમણે પ્રાચીન કાળમાં સારો એવો વિકાસ સાધ્યો હતો. પણ મહર્ષિ દયાનંદ જે એમ કહે છે કે વૈજ્ઞાનિક શોધખોળોમાં તેમણે સંપૂર્ણ વિકાસ સાધ્યો હતો, તેને માટે હજી ઘણી વધારે સાબિતીઓની જરૂર છે.

હું જે માન્યતા પર સંશોધન કરવા માગું છું તે એ છે કે વેદના અર્થને બે બાજુઓ છે, અને તે બંને પરસ્પર ગાઢ રીતે સંબંધિત હોવા છતાં, તે બેને જુદી રાખવી જોઈએ. ઋષિઓએ તેમની વિચારણાના સારભાગને બે સમાન્તર પદ્ધતિ-ઓમાં ગોઠવ્યો છે, જેને પરિણામે દેવો વિશ્વપ્રકૃતિની એકસાથે જ આંતર તેમ જ બાહ્ય શકિતઓ છે, અને તેમણે બે મૂલ્યોને દર્શાવતી ભાષા-પદ્ધતિનો ઉપયોગ કર્યો છે, જેને પરિણામે એક જ ભાષા તે બંને બાજુઓમાં પોતાની પૂજા-પદ્ધતિને વ્યકત કરે. પણ બાહ્ય સ્થૂલ અર્થ કરતાં માનસશાસ્ત્રીય અર્થ વધારે પ્રભાવશાળી, વધારે વ્યાપક, સુસંગઠિત અને સુસંગત છે. વેદનો મુખ્ય આશય આધ્યાત્મિક પ્રકાશ અને આત્મસાધનાને સેવવાનો છે. માટે તે અર્થને આપણે પ્રથમ પ્રતિષ્ઠિત કરવાની જરૂર છે.

આ કામમાં વેદનો અર્થ કરવાની પ્રાચીન તથા આધુનિક — બંને પદ્ધતિઓ અનિવાર્ય મદદ આપે છે. સાયણ અને યાસ્ક બાહ્ય પ્રતીકોનું યજ્ઞવિધિપરક માળખું, અને પરંપરાગત અર્થો અને સમજૂતીઓનો વિશાળ ભંડોળ આપે છે. ઉપનિષદો પહેલાંના ઋષિઓના માનસશાસ્ત્રીય અને તત્ત્વચિંતનના વિચારોની ચાવી આપે છે, અને આધ્યાત્મિક અનુભૂતિની તથા આંતરદર્શનાની તેમની પદ્ધતિ આપે છે. યુરોપીય વિદ્વાનો તુલનાત્મક સંશોધનાની વિવેચનાત્મક પદ્ધતિ આપે છે, કે જે હજી આપણે પરિપૂર્ણ બનાવવાની છે; પણ પ્રાપ્ય સામગ્રી કરતાં ઘણી વધારે સામગ્રીને વૃદ્ધિંગત કરવાનું તેનામાં સામર્થ્ય છે, અને અત્યાર સુધી જે પ્રાપ્ત થયાં નથી, તે વૈજ્ઞાનિક સુનિશ્ચિતતા અને સબળ બૌદ્ધિક પાયો આપવાનું તેનામાં સામર્થ્ય છે. દયાનંદે ઋષિઓની ભાષાના રહસ્યની ચાવી આપી છે, અને વૈદિક ધર્મના કેન્દ્રવર્તી વિચાર પર તેમણે ફરી ઝોક મૂકયો છે; અને તે વિચાર એ છે કે એક સત્‌ની અનેક બાજુઓવાળી એકતામાં દેવો તેને અનેક સ્વરૂપોમાં અને નામોમાં અભિવ્યકત કરે છે.

વચગાળાના ભૂતકાળમાંથી આટલી મદદ લઈને આપણે આ દૂરની પ્રાચીનતાનું નવનિર્માણ કરવામાં સફળ બની શકીએ તેમ છીએ, અને વેદ દ્વારા પ્રાગૈતિહાસિક જ્ઞાનના વિચારોમાં તથા વાસ્તવિકતાઓમાં પ્રવેશ કરી શકીએ તેમ છીએ.

માનસશાસ્ત્રીય સિદ્ધાંતના પાયા

વેદના અર્થની માન્યતાઓ સધ્ધર અને નિશ્ચિત બનવા માટે, વેદની પોતાની ભાષામાંથી જ ઊગી નીકળવું જોઈએ. શોધી કાઢવાના અર્થનાં પ્રતીકો અને રૂપકોની વ્યવસ્થા જ તે અર્થના મોટા ભાગને આપશે, પણ છતાં સૂકતોની ભાષામાંથી જ એટલાં સ્પષ્ટ સૂચનો આપણને મળી રહેવાં જોઈએ કે જે આપણને તે અર્થ પ્રત્યે દોરી જાય. નહિ તો ઋષિઓએ પસંદ કરેલાં રૂપકોનો સાચો અર્થ શોધી કાઢવાને બદલે આપણે આપણી કલ્પનામાંથી અને પૂર્વગ્રહોમાંથી તે અર્થની પદ્ધતિ બનાવી કાઢવાનું જોખમ વહોરી લઈશું, કારણ કે પ્રતીકો દ્વિઅર્થી છે. તેમ થાય તો આપણો સિદ્ધાંત ગમે તેટલો ચતુરાઈયુકત અને સંપૂર્ણ હોય, છતાં સંભવ છે કે આપણે હવામાં જ ચળકાટભર્યા કિલ્લા ચણતા હોઈશું, પણ તેમાં સત્ય કે સધ્ધરતા નહિ હોય.

માટે આપણી પ્રથમ ફરજ એ છે કે આપણે નક્કી કરવું કે પ્રતીકો અને રૂપકો સિવાય, સૂકતોની સ્પષ્ટ ભાષામાં માનસશાસ્ત્રીય વિચારોનું પૂરતા પ્રમાણમાં સારતત્ત્વ છે કે નહિ. તો જ વેદમાં જંગલી અને પ્રાથમિક દશાના અર્થ કરતાં ઉચ્ચતર અર્થ છે, તે આપણી માન્યતા પુરવાર થાય. અને ત્યાર પછી આપણે યથાશકય એ શોધી કાઢવું જોઈએ કે સૂકતોનાં પોતાનાં આંતરિક પ્રમાણોથી તે દરેક પ્રતીકનો, રૂપકનો અને દરેક દેવના માનસશાસ્ત્રીય ગુણધર્મોનો અર્થ શોધી કાઢવો જોઈએ. વેદમાં નિશ્ચિત થયેલા દરેક શબ્દનો અનિશ્ચિત—હાલનડોલન નહિ પણ સુનિશ્ચિત અર્થ આપણે ખોળી કાઢવો જોઈએ, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રથી તેને સિદ્ધ કરવો જોઈએ, તે જ્યાં પ્રયુકત થયો છે તે સંદર્ભમાં તે સ્વાભાવિક રીતે બંધબેસતો છે કે કેમ તે નક્કી કરવું જોઈએ. કારણ કે મેં પૂર્વે કહ્યું છે તેમ સૂકતોની ભાષા નિશ્ચિત અને અપરિવર્તનીય છે, તેની સાચવણી કાળજીપૂર્વક અને દિલની સચ્ચાઈથી કરવામાં આવી છે, તે સુસંગત રીતે કાં તો સાંપ્રદાયિક માન્યતા અને યજ્ઞવિધિને વ્યકત કરે છે અથવા તો પરંપરાગત સિદ્ધાંતને અને સતત થતી અનુભૂતિને વ્યકત કરે છે. જો વૈદિક

ઋષિઓની ભાષા પરિવર્તનીય અને છૂટછાટવાળી હોત, જો તેમના વિચારો દેખીતી રીતે સતત બદલાતા અને અનિશ્ચિત હોત, તો તેમના શબ્દોનો અર્થ કરવામાં આપણે સગવડભરી છૂટછાટ લઈ શકીએ, અને તેમના વિચારોની પરસ્પર સંકલનના અર્થમાં આપણે અસંગતતા પરોવી દઈ શકીએ, અને તેમ કરવું સહ્ય ગણાત. પણ સૂક્તો પોતે જ તેનાથી તદ્દન વિરુદ્ધ ખાતરી આપે છે. માટે આપણે જે મૂલમંત્રને ઋષિ સમજાવે છે, તેનો અર્થ કરવામાં તે ઋષિ જેટલી જ વફાદારી અને દિલની સચ્ચાઈ રાખવાં જોઈએ. વૈદિક ધર્મના ભિન્ન ભિન્ન વિચારોમાં અને સ્વીકારેલા શબ્દોમાં દેખીતી રીતે જ સતત સંબદ્ધતા છે. જો તેમનો અર્થ કરવામાં આપણે અસંગતતા અને અનિશ્ચિતતા બતાવીશું, તો તેથી વેદમાં મળતી સાબિતી ગેરરસ્તે દોરનારી છે એવું સિદ્ધ નહિ થાય, પણ એવું સાબિત થશે કે વેદનો અર્થ કરનાર સાચા સંબંધો શોધી કાઢવામાં નિષ્ફલ ગયો છે.

જો આ પ્રારંભનો પરિશ્રમ કાળજીપૂર્વક અને દિલની સચ્ચાઈપૂર્વક કર્યા પછી, સૂક્તોનો અનુવાદ કરીને એમ બતાવી શકાય કે અમે નિશ્ચિત કરેલો અર્થ દરેક સંદર્ભમાં સહેલાઈથી અને સ્વાભાવિક રીતે બંધબેસતો છે, જો તેથી પહેલાં અસ્પષ્ટ લાગતી વસ્તુ સુસ્પષ્ટ બની જતી હોય, પહેલાં જ્યાં ગૂંચવાડો લાગતો હતો ત્યાં સુબોધતા અને સ્પષ્ટ સુસંગતતા લાવી શકાતી હોય, જો તે રીતે સૂક્તો સમગ્રતયા સ્પષ્ટ અને સુસંબદ્ધ અર્થ આપતાં હોય અને મંત્રોનો ક્રમ તર્કયુક્ત લાગતો હોય — સુસંબદ્ધ વિચારોને અભિવ્યકત કરતો હોય, અને જો પરિણામે સમગ્ર વેદ એક ગહન સુસંગત પ્રાચીન સિદ્ધાન્તોના સમૂહને પ્રગટ કરતો હોય, તો અમારી માન્યતાને બીજી માન્યતાઓ સમક્ષ ઊભા રહેવાનો હક્ક મળશે, તેમની વિરુદ્ધ પડકાર ફેંકવાનો અધિકાર રહેશે, અને જ્યાં તે માન્યતાઓ અમારા અર્થ સાથે મળતી આવતી હશે તેમના અર્થમાં પરિપૂર્તિ કરવાનો અધિકાર રહેશે. જો આ રીતે વેદમાં વ્યકત કરાયેલા વિચારો તથા સિદ્ધાંતોનો સમૂહ પાછળ વિકસેલી ભારતીય વિચારણાઓનું, ધાર્મિક અનુભૂતિનું, વધારે પ્રાચીન સ્વરૂપ સિદ્ધ થશે, તો તે વેદાંત અને પુરાણનું જનક સાબિત થશે, તો અમારી માન્યતાની સંભાવના અને પ્રામાણિકતા ઘટવાને બદલે વધારે સત્ય પુરવાર થશે.

આ ટૂંકાં સારરૂપ પ્રકરણોમાં આવો મહાન અને ઝીણવટભરેલો પરિશ્રમ પ્રગટ કરી શકાય તે શકય નથી. મને જે માર્ગ, જેના મુખ્ય વળાંકો, પરિણામો વેદમાંનાં જ સૂચનો દ્વારા પ્રાપ્ત થયાં છે — તેમની ચાવી જડી છે, તેમનું અનુસરણ કરવામાં રસવાળા લોકોને માત્ર આંગળી ચીંધવાનો જ આ પ્રકરણોનો હેતુ છે. મેં જે માર્ગપદ્ધતિ અપનાવી છે તેને વાચક વધારે સારી રીતે સમજી શકે,

મારા પૂર્વગ્રહો કે અંગત પસંદગીઓ તેમાં ઘૂસી ગયેલી તેને લાગે તો તે તેમનું નિયમન કરી શકે, આ મહાન પ્રશ્નમાં મારી તર્કસરણિ જ્યાં મર્યાદિત બની હોય કે આડમાર્ગે ફંટાઈ ગઈ હોય તેનો યથાર્થ નિર્ણય કરી શકે, તેટલા માટે મારા મનમાં આ માન્યતા કેવી રીતે ઉદ્‌ભવ પામી તે સમજાવવું સલાહકારક લાગે છે.

મેં વેદ વાંચ્યો ત્યાર પહેલાં, ઘણાખરા સુશિક્ષિત ભારતીયોની પેઠે, પરીક્ષણ કર્યા વગર જ, આ પ્રાચીન સૂક્તોના ધાર્મિક, ઐતિહાસિક અને નૈતિક અર્થ સંબંધી યુરોપીય વિદ્વાનોએ જે પરિણામો અને નિગમનો તારવ્યાં હતાં, તે મેં સ્વીકારી લીધાં હતાં. પરિણામે, આધુનિક હિંદુ અભિપ્રાયનું અનુસરણ કરતાં, હું ઉપનિષદોને ભારતીય વિચાર તથા ધર્મનું ખૂબ પ્રાચીન સ્રોત-ઉદ્‌ગમ-સ્થાન, સાચો વેદ, જ્ઞાનનું પ્રથમ પુસ્તક માનતો હતો. આ ગહન ધર્મગ્રંથના—વેદના અનુવાદો માત્ર મેં વાંચ્યા હતા. તેથી મને લાગ્યું હતું કે તે આપણા રાષ્ટ્રીય ઈતિહાસનો અગત્યનો દસ્તાવેજ છે, પણ વિચારણાના અથવા જીવંત આધ્યાત્મિક અનુભૂતિના ઈતિહાસ તરીકે મને તેની બહુ કિંમત લાગતી ન હતી.

ભારતીય યોગની આત્મસાધના કરતાં કરતાં મને આડકતરી રીતે વૈદિક વિચારણાનો પરિચય—સંસ્પર્શ થયો. હું જાણતો ન હતો, પણ તે યોગપદ્ધતિઓ આપણા પૂર્વજો જે પ્રાચીન અને હવે જેનું અનુસરણ કરવામાં આવતું નથી તેવી યોગપદ્ધતિઓના માર્ગે કાર્ય કરતા હતા, તે માર્ગે મારી યોગસાધના વળી-ભળી. તે સમય દરમિયાન કેટલીક માનસશાસ્ત્રીય અનુભૂતિઓને આપવામાં આવેલાં પ્રતીકમય નામોની ગોઠવણી મારા મગજમાં ઉદ્‌ભવ પામી હતી. તે અનુભૂતિઓ નિયમિત રીતે મારામાં પેદા થતી હતી. તેમાં મને ત્રણ સ્ત્રીશકિતઓ દેખા દેતી, ઈલા, સરસ્વતી અને સરમા. તે આપણી આંતરદર્શનાની ચાર શકિતઓમાંની ત્રણ છે—આંતરદર્શના, આંતરપ્રેરણા અને આંતરસ્ફુરણા. એમાંનાં બે નામો વૈદિક દેવીઓનાં છે, તે હું બરાબર જાણતો ન હતો પણ હું તેમને પ્રચલિત હિંદુ ધર્મ અથવા પ્રાચીન પૌરાણિક કથાનક સાથે જોડતો. સરસ્વતી—વિદ્યાની દેવી, અને ઈલા ચંદ્ર વંશની માતા. પણ સરમા ખૂબ પરિચિત હતી. પણ મારા મનમાં જે જે આકૃતિ ઉદ્‌ભવતી હતી તેની અને વૈદિક સ્વર્ગની કૂતરી વચ્ચે હું કોઈ સંબંધ સ્થાપી શકતો ન હતો. મારી સ્મૃતિમાં તે આંગિવ હેલન સાથે સંબંધિત હતી, અને લુપ્ત થઈ ગયેલી ગાયોના ધણને શોધવા અનુસરતી અંધકારની શકિતઓની ગુફામાં પ્રવેશ કરતી, ભૌતિક ઉષાનું જ ચિત્ર તે ખડું કરતી હતી. એક વાર ભૌતિક પ્રકાશ આંતર પ્રકાશનું રૂપક છે એની ચાવી પ્રાપ્ત થઈ જાય, એટલે સ્વર્ગની કૂતરી સરમા અવચેતનાવાળા મનની અંધારી ગુફામાં પ્રવેશ કરતી, ત્યાં કેદ કરાયેલા પ્રોજ્જ્વલ પ્રકાશને મુકત કરી વીજળી પેઠે બહાર ચમકાવતી આંતરસ્ફુરણા છે, તે સમજવું સહેલું

છે. પણ તેની ચાવી પ્રાપ્ત થઈ ન હતી, અને પ્રતીકના તાદાત્મ્ય સિવાય નામના તાદાત્મ્યમાં માનવાની મને ફરજ પડતી હતી.

મારા દક્ષિણ ભારતમાંના નિવાસે મારા વિચારોને પ્રથમ ગંભીર રીતે વેદ તરફ વાળ્યા. ઉત્તરના આર્યો અને દક્ષિણના દ્રાવિડિયનો વચ્ચેના જાતીય ભેદમાં મારી ઉછીની લીધેલી માન્યતાને બે અવલોકનોએ સખ્ય આઘાત આપ્યો. મારી માન્યતા પ્રમાણે તે બે જાતિઓ વચ્ચેનો ભેદ તેમની શારીરિક-અંગઉપાંગોની ભિન્નતા ઉપર અને ઉત્તરની સંસ્કૃત ભાષા તથા દક્ષિણ અસંસ્કૃત ભાષાની ભિન્નતા ઉપર આધારિત હતો. દ્રાવિડિયન કે ઈન્ડો-અફઘાન, એક જ વંશપરંપરાથી ઊતરી આવેલી જાતિ ભારતમાં વસે છે, તેવી પાછળના સમયમાં પ્રચલિત બનતી માન્યતાથી હું ખરેખર પરિચિત હતો. પણ અત્યાર સુધી આ વિચારોને મેં બહુ અગત્ય આપી ન હતી. પણ દક્ષિણ ભારતના મારા નિવાસકાળના ટૂંકા ગાળામાં જ હું જોઈ શકયો કે ઉત્તરની આર્યજાતિમાં અને તામિલ જાતિમાં બહુ જ સામ્ય હતું. હું જ્યાં જ્યાં નજર ફેંકતો, ત્યાં માત્ર બ્રાહ્મણોમાં જ નહિ પણ બધી જ વર્ણોમાં અને વર્ગોમાં મને બહુ જ સ્પષ્ટ રીતે મારા જૂના પરિચિત મહારાષ્ટ્રના, ગુજરાતના, હિંદુસ્તાનના પરિચિત મિત્રોની મુખાકૃતિઓ, અંગ-ઉપાંગો, શરીરના બાંધા જોવા મળ્યા—જો કે મારા બંગાળ પ્રાંતના લોકો સાથે તે સામ્ય ઓછું હતું. મારા પર એવી છાપ પડી કે જાણે ઉત્તરની બધી જાતિઓનો સમૂહ દક્ષિણ પર ઊતરી આવ્યો હોય અને ત્યાંના નિવાસી લોકોને પોતાનામાં સમાવી લીધા હોય. જો કે દક્ષિણની જાતિની કોઈ વિશિષ્ટતા તેમાં અવશેષ રૂપે રહેલી દેખાતી હતી, પણ વ્યકિતઓનાં અંગ-ઉપાંગોનો અભ્યાસ કરતાં તેમાં ભેદ કરવો તે અશકય હતું. છેવટે હું જોઈ શકયો કે ગમે તે સંમિશ્રણો થયાં હોય, ગમે તે પ્રાદેશિક ભિન્નતાઓ વિકસી હોય, પણ તે બધા ફેરફારો પાછળ સમગ્ર ભારતમાં એક પ્રકારની ભૌતિક તથા સાંસ્કૃતિક[1] એકતા વિદ્યમાન છે. અંગઉપાંગોની શારીરિક વિચારણા[2] આ નિગમનને વધારે ને વધારે ટેકો આપવાનું વલણ ધરાવે છે.

---

૧. હું જાતિ શબ્દનો પ્રયોગ કરવો પસંદ નથી કરતો, કારણ કે જાતિનો નિર્ણય કરવો તે આપણે ધારીએ છીએ તેના કરતાં વધારે મુશ્કેલ અને અસ્પષ્ટ છે, તેમ કરવામાં પ્રચલિત લોકમાનસમાં રહેલા ઉપરછલ્લા ખ્યાલો યોગ્ય નથી.

૨. તે પણ અંગઉપાંગોની વિચારણામાં કોઈ પ્રામાણિકતા છે એમ માનીએ તો, તેનો એક જ સુસ્થિર પાયો છે માનવની ખોપરી, જે વંશપરંપરામાં અપરિવર્તનશીલ રહે છે. હવે તો તેની સામે પણ પડકાર ફેંકવામાં આવ્યો છે. જો તે અદૃશ્ય થઈ જાય, તો આખું અંગઉપાંગોનું વિજ્ઞાન અદૃશ્ય થઈ જાય.

તો પછી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓએ આર્ય અને દ્રવિડ જાતિઓ વચ્ચે જે તીક્ષ્ણ ભેદ ઊભો કર્યો છે, તેનું શું? તે નિર્મૂલ થઈ જાય છે. જો આર્ય લોકોનું આક્રમણ થયું હતું તે વાત સ્વીકારાય, તો આપણને એમ માનવું પ્રાપ્ત થશે કે ભારતમાં આવી તેમણે, ગમે તે પરિવર્તનો સાથે, શારીરિક અંગઉપાંગોનો પ્રકાર નક્કી કર્યો, અથવા તો આક્રમણકારો જૂજ સંખ્યામાં હતા, ઓછી સંસ્કૃત જાતિના હતા કે જેઓ મૂળ નિવાસીઓમાં ભળી ગયા — ઓગળી ગયા. તો પછી આપણે એમ માનવું રહેશે કે જેમાં સંસ્કૃતિવાળા લોકો રહેતા હતા, જે મોટાં શહેરો રચી શકતા હતા, જે મોટા વેપારીઓ હતા, જેમની પાસે માનસિક અને આધ્યાત્મિક સંસ્કૃતિ હતી, તેવા લોકો દ્વીપકલ્પમાં ઊતરી આવીને તેઓ પોતાની ભાષા, પોતાનો ધર્મ, પોતાના વિચારો અને રીતભાતો તેમના ઉપર ઠોકી બેસાડવા સમર્થ થયા. જો આક્રમણકારો પાસે ખૂબ સંગઠિત ભાષા હોય, સર્જનાત્મક મનની મહત્તર શકિત હોય, વધારે ક્રિયાશીલ ધર્મ-સ્વરૂપ અને આત્મા હોય તો જ આવું આશ્ચર્ય બની શકે.

જાતિઓના મિલનના સિદ્ધાંતનો ટેકો આપવા માટે હમેશાં ભાષાની ભિન્નતાને પ્રમાણ તરીકે ટાંકવામાં આવે છે. પણ આ બાબતમાંયે મારા પહેલાં બાંધી દીધેલા વિચારો વિક્ષિપ્ત બની ગયા, અને ગૂંચવાડામાં પડી ગયા. તામિલ ભાષાનું અવલોકન કરતાં મને જણાયું કે સંસ્કૃત શબ્દો અને લક્ષણોથી તદ્દન ભિન્ન દેખાતી તામિલ ભાષાના શબ્દો અને શબ્દ-કુટુંબોને તેની ભગિની સંસ્કૃત ભાષાના શબ્દો અને શબ્દ-કુટુંબો સાથે સંબંધો હતા, તેની ભગિની લૅટિન સાથે સંબંધો હતા, ગ્રીક અને સંસ્કૃત વચ્ચે સંબંધો હતા. કેટલીક વાર તો સંબંધિત શબ્દોના કુટુંબમાં તામિલ શબ્દો ખોવાયેલી કડી રૂપ બનતા. આ દ્રાવિડિયન ભાષા દ્વારા મને આર્ય ભાષાઓની ઉત્પત્તિનું શાસ્ત્ર અને તેના સાચા નિયમો પ્રાપ્ત થયા. કોઈ નિશ્ચિત પરિણામ કે નિગમન સ્થાપિત કરી શકવા જેટલું ઊંડું અવલોકન હું ન કરી શકયો, પણ મને એટલું તો ચોક્કસ સમજાયું કે સામાન્ય રીતે માનવામાં આવે છે તેના કરતાં દ્રાવિડિયન અને આર્ય ભાષાઓ વચ્ચે વધારે ગાઢ અને વિશાળ સંબંધ છે, અને એવો સંભવ પાકે પાયે ઉદ્‌ભવ પામે છે કે તે બંને ભિન્ન ભિન્ન ભાષાઓ એક ખોવાઈ ગયેલી —લુપ્ત થયેલી મૂળ ભાષામાંથી ઊતરી આવી હોવી જોઈએ. જો તેમ હોય, તો આર્ય લોકોએ દ્રાવિડિયન ભારત પર આક્રમણ કર્યું તેની એક માત્ર સાબિતી જો વેદનાં સૂકતોમાંથી તેનાં સૂચનો મળે, તો જ માની શકાય.

એટલે મેં મૂળ વેદ-સંહિતાનું અધ્યયન બે હેતુઓથી પ્રથમ શરૂ કર્યું, જો કે તે વખતે મને તેનો ઊંડો ગંભીરતાપૂર્વકનો અભ્યાસ કરવાનો ઇરાદો ન હતો. મને થોડા જ અભ્યાસ પછી સ્પષ્ટ સમજાયું કે આર્યો અને દસ્યુઓ

વચ્ચેની જાતીય ભિન્નતા માટે, અને દસ્યુઓ મૂળના ભારતીયો હતા તે માન્યતા માટે વેદમાં તદ્દન બિનપાયાદાર ગણાય તેવાં ગણ્યાંગાંઠયાં જ સૂચનો મળ્યાં. પણ મને એક વધારે રસપ્રદ સંશોધના પ્રાપ્ત થઈ. આ પ્રાચીન સૂકતોમાં, જેમની ઉપેક્ષા કરવામાં આવી હતી તેવા ગહન માનસશાસ્ત્રીય વિચાર અને અનુભૂતિનો મોટો જથ્થો મળી આવ્યો. અને આ તત્ત્વનું મહત્ત્વ મારી દૃષ્ટિમાં ખૂબ વધી ગયું, તેનાં બે કારણો હતાં. એક તો વેદના મંત્રોએ મારી પોતાની માનસશાસ્ત્રીય અનુભૂતિઓ પર સ્પષ્ટ અને નિશ્ચિત પ્રકાશ નાખ્યો. મને તેની યથાર્થ સમજૂતી યુરોપીય માનસશાસ્ત્રમાંથી અથવા યોગ અને વેદાંતનાં શાસ્ત્રોમાંથી મળી ન હતી. બીજું એ કે જે ઉપનિષદોના અસ્પષ્ટ વિચારો અને કંડિકાઓનો હું ચોક્કસ અર્થ કહી શકતો ન હતો તેના પર તેમાંથી પ્રકાશ મળ્યો, અને સાથે સાથે પુરાણોમાંની ઘણી વસ્તુઓ પર તેમાંથી નવીન અર્થનો પ્રકાશ પ્રાપ્ત થયો.

સદ્ભાગ્યે સાયણભાષ્યથી હું અજ્ઞાત હતો. તે હકીકતે મને આ પરિણામો પ્રાપ્ત કરવામાં મદદ કરી. કારણ કે હું વેદના ઘણા સામાન્ય પ્રચલિત શબ્દોનો સ્વાભાવિક માનસશાસ્ત્રીય અર્થ કાઢવામાં—કરવામાં સ્વતંત્ર હતો; દાખલા તરીકે, વિચાર અથવા બુદ્ધિ; मनस्, મન: मति, વિચાર-લાગણી-અથવા મનની અવસ્થા; मनीषा, બુદ્ધિ; ऋतम्, સત્ય; कवि, દ્રષ્ટા; मनीषी, વિચારક; विप्र—विपश्चित्, મનમાં પ્રકાશયુકત. તે અને બીજા તેના જેવા શબ્દોની ભિન્ન ભિન્ન અર્થચ્છાયાઓ કરવા—કાઢવા હું સ્વતંત્ર હતો. વધારે વિશાળ અને ઊંડા અધ્યયનથી दक्ष, જેનો અર્થ સાયણ 'બળ' કરે છે; श्रवस्, જેનો અર્થ તે ધન, અન્ન કે કીર્તિ કરે છે—તેમના માનસશાસ્ત્રીય અર્થો કાઢવાની મેં હિંમત કરી. આ શબ્દોને તેમનો સ્વાભાવિક અર્થ આપવાથી જ આપણને વેદનો માનસશાસ્ત્રીય અર્થ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

ધી, ऋतम् વગેરે શબ્દોના અર્થો સાયણ અનેક આપે છે. માનસશાસ્ત્રીય અથવા આધ્યાત્મિક અર્થ કરવામાં જે ચાવી રૂપ શબ્દ છે તે ऋतम्નો અર્થ, સાયણ કેટલીક વાર 'સત્ય' કરે છે, ઘણી વાર 'યજ્ઞ' કરે છે, કોઈક વાર 'જલ' કરે છે. માનસશાસ્ત્રીય અર્થ અનુસાર, તેનો અર્થ હંમેશાં 'સત્ય' જ રહે છે. ધી શબ્દના અર્થ સાયણ જુદી જુદી રીતે કરે છે—વિચાર, પ્રાર્થના, કર્મ, અન્ન વગેરે. તેનો માનસશાસ્ત્રીય અર્થ હમેશાં સુસંગત રીતે વિચાર--સમજણ રહે છે. વેદના બીજા નિશ્ચિત શબ્દોની બાબતમાં પણ તે જ વસ્તુસ્થિતિ છે. વધારામાં, સાયણ ભિન્ન ભિન્ન શબ્દોની જુદી જુદી અર્થચ્છાયાઓને ભૂંસી નાખે છે, અને તેમને માત્ર સર્વસામાન્ય અનિશ્ચિત એક જ અર્થ આપે છે. માનસક્રિયાના વિચારોને દર્શાવતાં બધાં વિશેષણોનો અર્થ સાયણ 'બુદ્ધિશાળી'

કરે છે. વેદમાં ખૂબ વપરાયેલા, શકિતના વિવિધ પ્રકારોને સૂચવતા બધા શબ્દો માટે સાયણ એક જ સર્વસામાન્ય અર્થ કરે છે, અને તે છે 'બલ'. તેથી ઊલટું, મારા પર ખૂબ અગત્યની છાપ એવી પડી કે જુદા જુદા શબ્દોની જુદી જુદી અર્થચ્છાયાઓને નક્કી કરી જાળવી રાખવી જોઈએ, તેમનો પરસ્પર સંબંધ ચીવટપૂર્વક સમજવો જોઈએ—પછી ભલે તે શબ્દો તેમના સામાન્ય અર્થમાં અતિ-નિકટ અને સમાન હોય. કાવ્યમય શૈલીના બીજા સ્વામીઓની પેઠે, વેદના ઋષિઓ શબ્દોને મરજી મુજબ—યથેચ્છ વાપરતા, તેમનાં યોગ્ય સાહચર્યોને ગણકારતા નહિ, અને પોતાના વાચ્યાર્થમાં તેમનો યથાયોગ્ય ચોક્કસ બળપૂર્વક પ્રયોગ કરતા નહિ, એમ માનવાનો આપણને કોઈ અધિકાર નથી.

આ સિદ્ધાંતને અનુસરતાં મને જણાયું કે શબ્દોના તથા પેટા વાકયોના સાદા, સ્વાભાવિક અને સિધાસટ અર્થમાંથી જરા પણ આડ ફંટાયા સિવાય માત્ર છૂટક મંત્રોનો જ નહિ, પણ સમગ્ર મંત્રકંડિકાઓનો આશ્ચર્ય પમાડે તેવો મોટો સમૂહ પોતાના અર્થ સાથે પ્રગટ થયો, અને પરિણામે વેદના અર્થનો સમગ્ર સીનો તદ્દન પલટાઈ ગયો, કારણ કે તેમ થતાં, સમગ્ર વેદમાં સૂકતોમાં વિચારના તથા આધ્યાત્મિક અનુભૂતિના સમૃદ્ધ શુદ્ધ કુંદનનો સતત સૂર પ્રગટ થયો. તે સર્વત્ર વ્યાપક હતો — પછી ભલે કેટલીક વાર અલ્પ રેખાઓમાં, તો કેટલીક વાર વિશાળતર રંગના પટાઓમાં હોય. તેમના સંદર્ભમાં માનસશાસ્ત્રીય અર્થની સમૃદ્ધિ પણ, તેમના સાદા સામાન્ય અર્થની ઉપરાંત, આપતા શબ્દો ઉપરાંત વેદમાં એવા બીજા શબ્દો પણ છે કે જેમનો આપણે વેદના સામાન્ય ભાવાર્થના આપણા ખ્યાલ મુજબ બાહ્ય અને ભૌતિક અથવા આંતરિક અર્થ કાઢી શકીએ. દાખલા તરીકે રાયે, રયિ, રાધસ્, રત્નનો અર્થ માત્ર ભૌતિક સમૃદ્ધિ અને ધનસંપત્તિ થઈ શકે, અથવા વિષયીગત તથા વિષયગત બંનેને સરખી રીતે લાગુ પડી શકે તેવો આંતરિક સુખ અને પુષ્કળતાનો અર્થ પણ થઈ શકે. ધન, વાજ, પોષનો, અર્થ બાહ્ય ધન, પ્રાચુર્ય અને સંપત્તિની વૃદ્ધિ અથવા આંતર તેમ જ બાહ્ય સંપત્તિ, અને વ્યકિતના જીવનમાં તેની વૃદ્ધિ અને પ્રચુરતા પણ થઈ શકે. ઋગ્વેદનું ઉદ્ધકરણ કરીને ઉપનિષદમાં રાયે શબ્દ આધ્યાત્મિક સુખશાન્તિના અર્થમાં વપરાયો છે. તો પછી મૂળ સંહિતાભાગમાં તે શબ્દનો તે જ અર્થ લેવામાં શી હરકત છે? જ્યાં દરેક શબ્દનો અર્થ માનસશાસ્ત્રીય છે તેવા સંદર્ભમાં વાજ શબ્દ વારંવાર વપરાયો છે, અને ત્યાં તેનો અર્થ ભૌતિક સંપત્તિમાં લેવો તે કર્કશ આઘાત પહોંચાડે છે અને વિચારની સમગ્રતાની એકવાકયતામાં અસંગતતા લાવે છે, માટે સામાન્ય બુદ્ધિ એમ કહે છે કે આ શબ્દોનો માનસશાસ્ત્રીય અર્થ વેદમાં પણ લેવો જોઈએ.

જો આ સુસંગતાપૂર્વક કરવામાં આવે, તો માત્ર આખા મંત્રો અને

કંડિકાઓ જ નહિ, પણ આખાં સૂકતો એકદમ માનસશાસ્ત્રીય અર્થના રંગે રંગાઈ જાય છે. અર્થમાં આ પરિવર્તન વારંવાર સંપૂર્ણ બની જાય છે, તે એક પણ શબ્દ કે શબ્દસમૂહને બાકી રાખતું નથી — પણ તે એક શરતે, કે આપણે વૈદિક યજ્ઞને પ્રતીકરૂપે ગણવો જોઈએ. ગીતામાં દેવોને અથવા પરમાત્માને સમર્પણ કરાયેલા સર્વ આંતર તથા બાહ્ય કર્મને યજ્ઞ રૂપે વર્ણવ્યું છે. તેમાં યજ્ઞને તેવા કર્મનું પ્રતીક ગણવામાં આવ્યું છે. યજ્ઞ શબ્દનો તે પ્રતીકમય અર્થ પાછળની તત્ત્વચિંતનની બૌદ્ધિકતામાંથી જન્મ્યો હતો, કે તે વૈદિક યજ્ઞના વિચારમાં મૂળથી અંતર્ગત રૂપે હાજર હતો? મને જણાયું છે કે વેદમાંનાં કેટલાંક સૂકતોમાં યજ્ઞનો કે બલિનો વિચાર સ્પષ્ટ રીતે પ્રતીકમય છે, અને કેટલાંક સૂકતોમાં તેનો પડદો તદ્દન પારદર્શક છે. તો પછી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે આ સૂકતો— પ્રાચીન વહેમપૂર્ણ વિધિઓમાંથી ક્રમિક વિકાસ દ્વારા તે પ્રતીકમય અર્થને પ્રગટ કરતાં સૂકતો પાછળથી રચાયાં છે, કે પછી તે રૂપક દ્વારા, વધારે કે ઓછી કાળજીપૂર્વક આવૃત સૂકતોનો અર્થ કેટલીક વાર વધારે સીધાંસાદાં વિધાનોમાં પ્રગટ કરવામાં આવ્યો છે? જો વેદમાં માનસશાસ્ત્રીય અર્થવાળી કંડિકાઓ સતત વારંવાર ન આવતી હોય, તો આપણે પહેલો ખુલાસો સ્વીકારવો પડે. પણ તેથી ઊલટું દરેક મંત્રમાં સંપૂર્ણ પ્રકાશયુકત સુસંગતતા, સ્વાભાવિક રીતે જ માનસશાસ્ત્રીય અર્થથી સભર, સૂકતોનાં સૂકતો વેદમાં આવે છે. તેમાં યજ્ઞનો ઉલ્લેખ અથવા આહુતિ અથવા કેટલીક વાર પુરોહિત માનવ છે કે દેવ—તેટલા જ મુદ્દાઓ અસ્પષ્ટ હોય છે. જો આ શબ્દોનો અર્થ પ્રતીકમય લેવામાં આવે, તો મને હમેશાં લાગ્યું છે કે વિચારોનો ક્રમિક વિકાસ વધારે સંપૂર્ણ, વધારે પ્રકાશયુકત, વધારે સુસંગત બની જાય છે, અને સમગ્ર સૂકતનો અર્થ સંપૂર્ણ વિજયીપણાથી નિષ્પન્ન થાય છે. એટલે મારી માન્યતાને આગળ ધપાવવામાં મને સાચી વિવેચનાના દરેક નિયમનો ટેકો મળી રહ્યો, અને વૈદિક યજ્ઞવિધિનો પ્રતીકમય અર્થ તેમાં અંતર્ગત કરવામાં હું સાચો છું એમ મને લાગ્યું.

છતાં માનસશાસ્ત્રીય અર્થઘટન કરવાની પ્રથમ સાચી મુશ્કેલી અહીં ઊભી થાય છે. અત્યાર સુધી હું શબ્દોના તથા વાકયોના બાહ્ય અર્થ ઉપર આધાર રાખતી વિવરણ પદ્ધતિને, સંપૂર્ણ રીતે સ્વાભાવિક અને સીધીસટ વિવરણ પદ્ધતિને લઈને આગળ વધી રહ્યો હતો. હવે હું એક એવા તત્ત્વ પર આવી પહોંચ્યો કે જેમાં એક રીતે બાહ્ય અર્થની ઉપરવટ જવાનું હતું, અને આ પ્રક્રિયા એવી છે કે જેમાં દરેક વિવેચક, દિલની સચ્ચાઈવાળા મનને સતત ક્ષોભ થાય, તેનું દિલ ડંખે અને ખૂબખૂબ કાળજી રાખી હોવા છતાં, તે સાચા જ સૂચનને પકડી રહ્યો છે અને સાચું જ વિવરણ આપી રહ્યો છે, તેની તેને ચોક્કસ ખાતરી ન રહે.

હમણાં જો દેવો અને મંત્રની વાત બાજુએ રાખીએ, તો વૈદિક યજ્ઞમાં ત્રણ અંગો વિદ્યમાન હોય છે—યજમાન, આહુતિ અને હોમનું ફલ. જો યજ્ઞ દેવોને સમર્પણ થતું કર્મ હોય, તો યજમાન તે કર્મનો કરનાર, યજ્ઞનો દાતા હોય. જો યજ્ઞ આંતર કે બાહ્ય કર્મ હોય, તો તે કર્મ કરનાર યજમાન જીવાત્મા હોય. પણ તે યજ્ઞ કર્મ કરનારા હોતા, ઋત્વિજ્, પુરોહિત, બ્રહ્મા, અધ્વર્યુ વગેરે પણ હોય છે. પ્રતીકમાં તે બધા કયો ભાગ ભજવે છે? કારણ કે, એક વાર આપણે યજ્ઞનો પ્રતીકમય અર્થ સ્વીકારીએ, એટલે યજ્ઞવિધિનાં બધાં અંગોનાં તથા તત્ત્વોનાં આપણે પ્રતીકમય અર્થ, પ્રતીકમય મૂલ્ય સ્વીકારવાં જોઈએ. મેં જોયું કે દેવોને સતત આહુતિઓ આપનાર પુરોહિતો તરીકે વર્ણવવામાં આવતા હતા, અને ઘણી કંડિકાઓમાં તો યજ્ઞની અધિષ્ઠાત્રી કોઈ અમાનુષી શકિત સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી હતી. મેં જોયું કે સમગ્ર વેદમાં આપણા વ્યકિતત્વનાં તત્ત્વોને સતત મૂર્તિમંત કરવામાં આવ્યાં હતાં. માટે માત્ર આ નિયમને ઉલટાવવાનો જ હતો, અને બાહ્ય યજ્ઞવિધિનો પુરોહિત આંતર ક્રિયાઓમાં કોઈ અમાનુષી શકિત અથવા આપણા વ્યકિતત્વનું કોઈ તત્ત્વ હતું. એટલે જુદી જુદી પુરોહિતની ફરજોનો માનસશાસ્ત્રીય અર્થ મારે નક્કી કરવાનો બાકી રહ્યો. આ બાબતમાં ખુદ વેદ પોતે જ તેનાં શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનાં સૂચનો અને ઝોક દ્વારા ઇંગિત-ચાવી આપી રહે છે. દાખલા તરીકે પુરોહિત શબ્દનાં બે પદો છૂટાં પાડીને ઘણી વાર અગ્નિને લાગુ કરવામાં આવ્યાં છે, અને તેનો અર્થ થાય છે, આગળ રખાયેલો, દોરવા માટે અગ્રભાગમાં સ્થપાયેલો. અગ્નિ માનવમાં રહેલી દિવ્ય સંકલ્પશકિત અથવા બળનું પ્રતીક છે, જે, બધી સમર્પણની ક્રિયાને સ્વીકારી ઊર્ધ્વમાં દેવો પાસે લઈ જાય છે.

હોમ-દ્રવ્યોને સમજવાં તે વધારે મુશ્કેલ હતું. સંદર્ભ ઉપરથી, તેના ઉપયોગ અને અસર ઉપરથી, તેના પર્યાય શબ્દોનાં શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય સૂચનો ઉપરથી, સોમરસનો અર્થ તો સમજી શકાય. પણ યજ્ઞમાંનું ઘૃતમ્ શું હશે? અને છતાં વેદમાં તે શબ્દ વારંવાર તેના પ્રતીકમય અર્થમાં વપરાયો છે. દાખલા તરીકે, સ્વર્ગમાંથી ટપકતા અથવા ઇન્દ્રના ઘોડામાંથી ટપકતા અથવા મનમાંથી ટપકતા ઘૃતનો શો અર્થ હોઈ શકે? જો તે શબ્દનો પ્રતીકમય અર્થ લેવામાં ન આવે, તો તો આ પ્રયોગો અર્થશૂન્ય બેહૂદો બબડાટ બની જાય. પરિણામે વિચારકે પોતાના મનમાંથી ઘૃતના સ્થૂળ અર્થને સંપૂર્ણપણે અથવા અંશતઃ ત્યજી દીધે જ છૂટકો. અલબત્ત, સગવડભરેલી રીતે ઘૃતનો અર્થ કેટલીક વાર ઘી કરવો અને કેટલીક વાર જલ કરવો, મનસ્ શબ્દનો અર્થ કેટલીક વાર મન કરવો અને કેટલીક વાર અન્ન કે પુરોડાશ કરવો, તે તો સહેલું છે. પણ મેં જોયું કે ઘૃત હમેશાં વિચાર કે મનના સંબંધમાં વપરાયું હતું, વેદમાં સ્વર્ગ

મનનું પ્રતીક છે, ઇન્દ્રનો અર્થ થાય છે પ્રકાશયુકત બુદ્ધિ, તેના બે ઘોડા મનની બે શકિતઓ છે, અને વેદ કેટલીક વાર ચોખ્ખા શબ્દોમાં 'બુદ્ધિની ઘી તરીકે દેવોને આહુતિ આપવી' એમ કહે છે—घृतं न पूतं धिषणाम् । (૩, ૨, ૧) શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ ઘૃતનો અર્થ 'સમૃદ્ધ અથવા ઉષ્ણ તેજસ્વિતા' થાય છે. આ સૂચનોના એકમતથી હું ઘીને માટે તેના માનસશાસ્ત્રીય અર્થનો નિર્ણય કરી શકયો. યજ્ઞનાં બીજાં અંગો માટે પણ મેં તે જ પદ્ધતિ અપનાવી.

દેખીતી રીતે હોમનું ફળ તદ્દન ભૌતિક પદાર્થો હતા — ગાયો, ઘોડા, સુવર્ણ, વીરો-પુત્રો, શારીરિક બલ, યુદ્ધમાં વિજય. અહીં મુશ્કેલી બહુ વધી પડી. પણ મેં કયારનું યે શોધી કાઢયું હતું કે વેદની ગાય ખૂબ રહસ્યમય પશુ હતી. તે પાર્થિવ ગાયો ધણમાંથી આવી ન હતી. गो શબ્દનો અર્થ ગાય તેમ જ પ્રકાશ થાય છે, અને ઘણા મંત્રોમાં તે ગાયના પ્રતીક હેઠળ પ્રકાશના અર્થમાં વપરાયો છે. સૂર્યની ગાયો—હોમરની હેલિઓસની ગાયો, અને ઉષાની ગાયોના સંદર્ભમાં તેનો 'પ્રકાશ' એ અર્થ સ્પષ્ટ છે. માનસશાસ્ત્રીય રીતે, સ્થૂલ પ્રકાશ જ્ઞાનના—ખાસ કરીને દિવ્ય જ્ઞાનના પ્રતીક તરીકે વાપરી શકાય. પણ આ શકયતાને ચકાસીને કેવી રીતે સ્થાપિત કરી શકાય? મેં ઘણી કંડિકાઓમાં જોયું કે આસપાસનો આખો સંદર્ભ માનસશાસ્ત્રીય હતો, અને માત્ર ગાયનું રૂપક જ તેના ભૌતિક સૂચન સાથે તે સંદર્ભને ઉચિત અર્થમાં માથું મારતું હતું, શિંગડાં પરોવતું હતું. સોમરસના પાન માટે ઇન્દ્રનું આવાહન સંપૂર્ણ સ્વરૂપોના રચવૈયા તરીકે કરવામાં આવે છે; સોમરસનું પાન કરીને તે મત્ત બને છે અને 'ગાયોનો આપનાર' બને છે; ત્યારે આપણે તેના ખૂબ નિકટના સત્ય આખરી વિચારોને પ્રાપ્ત કરી શકીએ છીએ; ત્યારે આપણે તેને પ્રશ્ન કરીએ છીએ અને તેની સ્વચ્છ વિવેકશકિત આપણને આપણું મહત્તમ કલ્યાણ સાધી આપે છે. આ સંદર્ભમાં આ ગાયો ભૌતિક ધણની ગાયો ન હોઈ શકે એ સ્પષ્ટ છે, અને તે સંદર્ભમાં સ્થૂલ પ્રકાશની પ્રાપ્તિ થાય તે અર્થ ઘટતો નથી. એક દાખલામાં વૈદિક ગાયનો માનસશાસ્ત્રીય અર્થ મારા મગજમાં નિશ્ચિતતાપૂર્વક બેસી ગયો. પછી મેં તે અર્થ બીજી કંડિકાઓને લાગુ કર્યો, જેમાં તે શબ્દ વપરાયો હતો, અને મને હમેશાં માલૂમ પડયું કે તેનો તે અર્થ ત્યાં સુંદર રીતે બેસી ગયો, અને તે સંદર્ભમાં તે ખૂબ સુસંગત હતો.

गो અને अश्व, ગાય અને ઘોડો હમેશાં સાથે જ વપરાયેલાં મળે છે. ઉષા, પરોઢને—ઉષાને गोमती અને अश्ववती, ગાયો તથા ઘોડાવાળી વર્ણવવામાં આવી છે. ઉષા યજમાનને ગાયો તથા ઘોડા આપે છે. સ્થૂલ ઉષા गोमती છે, તે પ્રકાશનાં કિરણો આપે છે, અને તે માનવ મનમાં પ્રકાશની ઉષાનું પ્રતીક છે. એટલે अश्ववती સ્થૂલ ભૌતિક ઘોડાને લાગુ કરી ન શકાય. તેનો પણ

માનસશાસ્ત્રીય અર્થ હોવો જોઈએ. વૈદિક અશ્વના મારા અધ્યયને મને એવો અર્થ આપ્યો કે ગાય અને ઘોડો પ્રકાશ અને શકિતનાં — તે બે સહચારી વિચારોનાં રૂપકો છે. તે જ વૈદિક અને વેદાન્તી મન માટે ચેતના અને શકિત છે, તે બે અસ્તિત્વની બધી ક્રિયાઓની બે બાજુઓ છે.

આ રીતે સ્પષ્ટ થયું કે વૈદિક યજ્ઞનાં બે મુખ્ય ફળો ગાયોની અને ઘોડાઓની સમૃદ્ધિ છે, કે જે માનસિક પ્રકાશ અને પ્રાણિક શકિતની વિપુલતા અને સમૃદ્ધિનાં સૂચક રૂપકો છે. આ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાશે કે વૈદિક કર્મનાં બીજાં ફળો, કે જે આ બે ફળો સાથે સંયુકત કરી વર્ણવવામાં આવ્યાં છે, તેમનો પણ માનસશાસ્ત્રીય અર્થ હોવો જોઈએ. માત્ર તેમનો ચોક્કસ અર્થ નક્કી કરવાનું બાકી રહ્યું.

વેદનો અર્થ રૂપકમય રીતે કરવાનું એક બીજું મહત્ત્વનું અંગ છે લોકોની પદ્ધતિ અને દેવોનાં કાર્યો. વેદમાં આવતી વ્યાહૃતિઓ પરથી, મંત્રોના ત્રણ રૂપકમય શબ્દો પરથી, ॐ भूः भुवः स्वः પરથી મને લોકોના રૂપકની ચાવી મળી ગઈ. તેમાં ચોથી વ્યાહૃતિ છે महः, અને તે માનસશાસ્ત્રીય શબ્દ ऋतम् સાથે વપરાય છે. ઋષિઓ વિશ્વના ત્રણ વિભાગોની વાત કરે છે—પૃથ્વી, અંતરિક્ષ અથવા વચગાળાનો પ્રદેશ, અને સ્વર્ગ (द्यौः). પણ એક મહાન સ્વર્ગની (बृहद् द्यौः) વાત તેઓ કહે છે. તેને વિશાળ લોક, બૃહત્ કહેવામાં આવે છે, અને કેટલીક વાર તેને महो अर्णः, મહાન જલનું નામ પણ આપવામાં આવ્યું છે. આ બૃહત્નું વર્ણન ऋतं बृहद् અને सत्यं ऋतं बृहत् એ ત્રણ શબ્દોમાં પણ કરવામાં આવ્યું છે. ત્રણ વ્યાહૃતિઓથી ત્રણ લોકોનો અર્થ સૂચવાયો છે. તે રીતે આ વિશાળતા અને સત્યનો ચોથો લોક ઉપનિષદોમાં महः શબ્દ રૂપ ચોથી વ્યાહૃતિથી સૂચવવામાં આવ્યો છે. પુરાણોમાં આ ચાર લોકોને વધારીને સાત લોકોનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં હિંદુ વિશ્વશાસ્ત્રના બીજા ત્રણ લોકો જનલોક, તપોલોક અને સત્યલોક ઉમેરવામાં આવ્યા છે. વેદમાં પણ ત્રણ ઉચ્ચ ઊર્ધ્વ લોકોનો ઉલ્લેખ જોવામાં આવે છે; પણ તેમનાં નામ આપવામાં નથી આવ્યાં. પણ વેદાંતમાં અને પુરાણની પદ્ધતિમાં તે સાત લોકો અસ્તિત્વનાં સાત માનસશાસ્ત્રીય તત્ત્વો અથવા સ્વરૂપોનાં દ્યોતક છે—सत्, चित्, આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને અન્ન. આમાંનું કેન્દ્રવર્તી વિજ્ઞાન महःનું તત્ત્વ છે, મહાન લોકનું તત્ત્વ છે, તે વસ્તુઓનું સત્ય છે, તે વેદમાં આવતા બૃહત્ના તત્ત્વ ઋતમ્નો દ્યોતક છે. જેમ પુરાણોની પદ્ધતિમાં महः પછી જન—દિવ્ય આનંદનો લોક આવે છે, તેમ વેદમાં ઋતમ્—સત્ય ઉપરના मयस्—આનંદ તરફ દોરી જાય છે. આ ઉપરથી આપણે ખાતરીપૂર્વક કહી શકીએ કે આ સાત લોકોની બંને પદ્ધતિઓ એક જ છે, અને તે વિષયીગત

ચેતનાનાં સાત તત્ત્વો કે જે સાત વિષયગત લોકોનું નિર્માણ કરે છે, તેમના પર આધારિત છે. આ સિદ્ધાંત પર હું વેદના સાત લોકોનું તાદાત્મ્ય ચેતનાની સાત અનુરૂપ ભૂમિકાઓ સાથે સ્થાપી શકયો, અને મારા મનમાં વેદની આખી લોકપદ્ધતિ સુસ્પષ્ટ બની ગઈ.

આટલું સ્થાપિત થઈ ગયું, એટલે બાકીનું સ્વાભાવિક અને અનિવાર્ય રીતે પાછળ પાછળ ચાલ્યું આવ્યું. મને વૈદિક ઋષિઓનો કેન્દ્રવર્તી વિચાર જડી ગયો હતો. અને તે એ હતો કે અસત્યને બદલે સત્યનું સ્થાપન કરીને, વિભાજિત મર્યાદિત અસ્તિત્વની જગ્યાએ સમગ્રતા અને અનંતતાનું સ્થાપન કરીને, જીવાત્માએ મર્ત્ય અવસ્થામાંથી અમૃતત્વની સ્થિતિમાં રૂપાંતર કરવાનું છે. મૃત્યુ પદાર્થનો વિનાશ છે, અને તેમાં મન અને પ્રાણનો અંતર્ભાવ થાય છે. અમૃતત્વ અનંત અસ્તિત્વની, ચેતનાની અને આનંદની સ્થિતિ છે. માનવ બે રોદસી—સ્વર્ગ અને પૃથ્વી, મન અને શરીરની ઉપર આરોહણ કરીને સત્યની અનંતતામાં, મહસ્‌માં, અને પછી દિવ્ય આનંદમાં સ્થિતિ પ્રાપ્ત કરે છે. પ્રાચીન ઋષિઓએ આ 'મહાન માર્ગ' શોધી કાઢયો હતો.

મેં જોયું કે દેવોને પ્રકાશના પુત્રો, અદિતિના—અનંતતાના પુત્રો તરીકે વર્ણવવામાં આવ્યા છે. અપવાદ વગર તેમનું એવું વર્ણન આવે છે કે તેઓ માનવની વૃદ્ધિ કરે છે, તેને પ્રકાશ લાવી આપે છે, તેના ઉપર જલનો વિપુલતા-સ્વર્ગની પુષ્કળતા રેડે છે, તેનામાં સત્યની વૃદ્ધિ કરે છે, દિવ્ય લોકોનું નિર્માણ કરે છે, બધા હુમલાઓનો સામનો કરીને તેને ધ્યેય પ્રત્યે દોરી જાય છે, તેને સમગ્ર આનંદ પ્રત્યે—સંપૂર્ણ આનંદ પ્રત્યે દોરી જાય છે. તે દેવોનાં કાર્યો પરથી, તેમનાં વિશેષણો પરથી, તેમની સાથે સંબંધિત કથાનકોના માનસશાસ્ત્રીય અર્થ પરથી, ઉપનિષદોમાં અને પુરાણોમાં આવતાં તેમનાં સૂચનો પરથી કોઈક વાર ગ્રીક પુરાણશાસ્ત્રના આડ-પ્રકાશોમાંથી હું તે દેવોનાં ભિન્ન ભિન્ન કાર્યો નક્કી કરી શકયો. તેથી ઊલટું, તે દેવોનો સામનો કરનાર દૈત્યો હમેશાં ભેદની અને મર્યાદિતતાની શકિતઓ છે, આવરણ કરનારા છે, ફાડી ખાનારા છે, મર્યાદિત કરનારા—કારાવાસમાં પૂરનારા છે, દ્વૈત પેદા કરનારા છે, વિઘ્નો નાખનારા છે, અસ્તિત્વની નિર્મુકત એકરૂપ સમગ્રતાની વિરુદ્ધ કામ કરનારા છે. તેમનાં નામો જ આ હકીકત બતાવી આપે છે. અતિશયોકિત ભરેલી તેમની ઐતિહાસિક અર્થપદ્ધતિ અનુસાર આધુનિક મન દૈત્યોને દ્રાવિડિયન રાજાઓ અને દેવો માનવાનું વલણ અખત્યાર કરે છે, તેવા તે વૃત્રો, પણિઓ, અત્રિઓ, રાક્ષસો, શંબર, વલ અને નમુચિ નથી. તે આપણા પૂર્વજોની ધાર્મિક અને નૈતિક પ્રવૃત્તિઓને વધારે સારી રીતે સૂચવનારા, વધારે પ્રાચીન વિચારના દ્યોતક છે. ઉચ્ચતર કલ્યાણની અને નિમ્ન વાસનાની શકિતઓ વચ્ચેના સંઘર્ષનાં તે દ્યોતક

છે. ઋગ્વેદનો આ કલ્યાણ અને પાપમયતા વચ્ચેનો સંઘર્ષ ઝોરોએસ્ટરના અનુયાયીઓએ, ઓછી માનસશાસ્ત્રીય સૂક્ષ્મતા સાથે—પણ વધારે નૈતિક સીધાસટપણાથી, તેમનાં શાસ્ત્રોમાં વર્ણવ્યો છે. તે પારસીઓ આપણા પ્રાચીન પડોશીઓ અને મિત્રો હતા, ઘણેભાગે તે સિદ્ધાંત તેમણે આર્ય સંસ્કૃતિની મૂળ એકબીજાની સાધારણ સાધના-પદ્ધતિમાંથી લીધો છે.

છેલ્લું મેં એ જોયું કે વેદની પદ્ધતિસરની રૂપકમયતા દેવોની કથાઓને તથા તેમણે પ્રાચીન ઋષિઓ સાથે કરેલા વ્યવહારને પણ લાગુ પાડવામાં આવી હતી. તેમાંનાં કેટલાંક કથાનકોનું મૂળ મોટે ભાગે પ્રાકૃતિક અને ખગોળશાસ્ત્રીય હતું. જો તેમ હોય, તો તેમના મૂળ અર્થમાં પાછળથી માનસશાસ્ત્રીય રૂપકમયતાની પુરવણી કરવામાં આવી હતી. એક વાર વૈદિક રૂપકમયતાનું જ્ઞાન થઈ જાય, એટલે આ કથાઓનો આધ્યાત્મિક આશય તરત અનિવાર્ય રીતે જોઈ શકાય છે. વેદનું દરેક તત્ત્વ બીજા તત્ત્વ સાથે છૂટું ન પાડી શકાય તે રીતે સંકળાયેલું છે, અને આ રચનાઓ જ એવા પ્રકારની છે કે આપણે એક વાર તેના અર્થનો એક સિદ્ધાંત સ્વીકારીએ, એટલે આપણે તેને આખર સુધી તર્કયુકત પદ્ધતિથી લાગુ પાડવો જ જોઈએ. તે રચનાઓની સામગ્રીને સબળ હાથોએ ચતુરાઈપૂર્વક સુગ્રથિત કરી છે, અને જો આપણે તેની સાથે અસંગતતાપૂર્વક કામ લઈએ, તો તેમના અર્થની અને સુસંગત વિચારણાની આખી વણાટ-યોજના છિન્નભિન્ન થઈ જાય.

આ રીતે, પ્રાચીન મંત્રોમાંથી વેદ મારી સમક્ષ પોતે જાતે જ પ્રગટ થયો. તે ગહન માનસશાસ્ત્રીય સાધનાવાળા એક મહાન પ્રાચીન ધર્મનો ગ્રંથ હતો—શાસ્ત્ર હતું. તેમાં કોઈ ગૂંચવાડો ન હતો, તેનો સાર ભાગ પ્રાથમિક દશાનો ન હતો, તેમાં સેળભેળ થઈને પડેલાં ભિન્ન ભિન્ન પ્રકારનાં કે જંગલી તત્ત્વો ન હતાં. પણ એક, સંપૂર્ણ સારભાગ હતો, તેના હેતુ પ્રત્યે તે આત્મભાનપૂર્વક ગતિ કરતો હતો. કેટલીક વાર સઘનતાથી તો કોઈક વાર આછીપાતળી રીતે—પારદર્શકતાપૂર્વક ભૌતિક અર્થથી તે આવૃત હતો; પણ એક ક્ષણ માટે પણ તે તેનું ઉચ્ચ આધ્યાત્મિક ધ્યેય અને વલણ દૃષ્ટિ બહાર સરકી જવા દેતો ન હતો.

વેદની શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય પદ્ધતિ

સુધર અને નિશ્ચિત શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના પાયા પર સુપ્રતિષ્ઠિત નહિ થયેલી વેદના અર્થની કોઈ પણ પદ્ધતિ પ્રમાણભૂત ગણી શકાય નહિ. અને છતાં આ અસ્પષ્ટ અને પ્રાચીન ભાષામાં લખાયેલું ધર્મપુસ્તક કે જેનો દસ્તાવેજ આપણને ઉપલબ્ધ છે, તેમાં અસાધારણ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય મુશ્કેલીઓ રહેલી છે. કોઈ પણ વિવેચનાયુકત મન સંપૂર્ણ રીતે પરંપરાગત અને ભારતીય વિદ્વાનોના કલ્પનામય અર્થોને સ્વીકારી લે તે અસંભવ છે. આધુનિક શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્ર વધારે સલામત અને વૈજ્ઞાનિક પાયાને શોધવા પ્રયત્ન કરે છે, પણ હજી તે તેને મળ્યો નથી.

વેદનો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય અર્થ કરવામાં ખાસ કરીને બે મુશ્કેલીઓ છે, જેનો ઉકેલ વધારે યોગ્ય અને સંતોષકારક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય રીતે જ મેળવી શકાય. આ અર્થપદ્ધતિની એક જરૂરિયાત એ છે કે આપણે ઊતિ, અવસ્, વયસ્ જેવા વેદમાં વપરાયેલા અનેક પારિભાષિક શબ્દોના અનેક અર્થોનો સ્વીકાર કરવો જોઈએ. આ નવા અર્થો આપણે જેની માગણી કરીએ તેવી એક કસોટીમાંથી સંતોષકારક રીતે પાર ઊતરે છે, તે બધા સંદર્ભમાં યોગ્ય રીતે લાગુ પડે છે, અર્થને વધારે સુસ્પષ્ટ કરે છે, અને વેદ જેવા એક નિશ્ચિત સ્વરૂપવાળા ગ્રંથમાં એક જ શબ્દના અનેક અર્થો કરવાની જરૂરિયાતમાંથી આપણને મુકત કરે છે. પણ આ કસોટી પૂરતી નથી. આપણી પાસે એવો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય પાયો હોવો જોઈએ, કે જે નવીન અર્થની સમજૂતી આપી શકે એટલું જ બસ નથી, પણ એક શબ્દના તે અનેક અર્થો કેવી રીતે નિષ્પન્ન થયા તેની પણ સમજૂતી આપી શકે, માનસશાસ્ત્રીય અર્થ કેવી રીતે આવ્યો તેની, પ્રાચીન વૈયાકરણોએ તેમના અર્થ તેવા કેમ આપ્યા તેની, અને પાછળના સંસ્કૃતમાં થતા અર્થો કેવી રીતે ઊપજ્યા તેની સમજૂતી આપી શકે. પણ જ્યાં સુધી આપણે આપણું અત્યારનું શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનું જ્ઞાન આપણને

આપે છે તેના કરતાં વધારે સંગીન વૈજ્ઞાનિક પાયા પર તે શાસ્ત્રનાં નિગમનો તારવી ન શકીએ, ત્યાં સુધી તે સહેલાઈથી શકય નથી.

બીજું એ છે કે ગૂઢ અર્થવાળા વેદના ચાવીરૂપ શબ્દો—અગત્યના શબ્દો ટ્રિઅર્થી છે, અને તો જ આપણે માનસશાસ્ત્રીય અર્થનો સિદ્ધાંત સ્વીકારી શકીએ. સંસ્કૃત સાહિત્યમાં શ્લેષાલંકાર છે, જેનો ઉપયોગ પાછળની કલાસિકલ સંસ્કૃત કૃતિઓમાં બહુ જ યુકિત-પ્રયુકિતપૂર્વક કરવામાં આવ્યો છે. પણ તેની આ કૃત્રિમતા આપણને એમ માનવા પ્રત્યે દોરી જાય છે કે તે કાવ્યમય ચાતુરી પાછળની વધારે બુદ્ધિપ્રધાન સંસ્કૃતિ વખતે ઉદ્‌ભવી હોવી જોઈએ. તો પછી અતિશય પ્રાચીન વેદ જેવા ગ્રંથમાં તેની સતત હાજરી માટે આપણે શી સમજૂતી કે ચોખવટ આપી શકીશું? વેદમાં તે ટ્રિઅર્થ ખૂબ વિસ્તારપૂર્વક વપરાયો છે, એક શબ્દમાં બને તેટલા શકય અર્થોને ઠાંસી-ઠાંસીને હેતુપૂર્વક ભરવામાં આવ્યા છે. પ્રથમ દૃષ્ટિએ, આ હકીકત આપણી મુશ્કેલીને અનેકગણી વધારી મૂકે છે. દાખલા તરીકે અશ્વ શબ્દનો અર્થ સામાન્ય રીતે ઘોડો થાય છે. તેને પ્રાણ-જ્ઞાનતંતુઓની શકિત—પ્રાણની શકિતના રૂપક તરીકે વાપરવામાં આવ્યો છે, કે જે અર્ધમાનસિક અને અર્ધભૌતિક સંચાલન-શકિત મન અને પદાર્થતત્ત્વ વચ્ચે સાંકળ રૂપ છે. તે શબ્દનો ધાતુ બીજા અનેક અર્થોની સાથે આવેગ, બળ, સ્વામિત્વ, ઉપભોગના અર્થો આપે છે. આ બધા અર્થો પ્રાણિક શકિતનાં પ્રધાન વલણોને—પ્રાણ રૂપી અશ્વના રૂપકને લાગુ પડે છે. જો આર્ય પૂર્વજોની ભાષા આપણી ભાષાના નિયમોને વશ વર્તતી હોત, આપણી ભાષાના વિકાસની કક્ષા ઉપર હોત, તો ભાષાનો તેવો ઉપયોગ વૈદિક ઋષિઓ ન કરી શકયા હોત. પણ જો આપણે એમ માનીએ કે વૈદિક ઋષિઓ જે આર્ય ભાષા વાપરતા હતા તેમાં એક ખાસિયત હતી કે જેને લીધે શબ્દો વધારે જીવંત બની જતા હતા, વિચારોનાં ઓછાં રૂઢિબદ્ધ પ્રતીકો હતા, આપણી આધુનિક ભાષા કરતાં અર્થનાં પરિવર્તનોમાં ઓછા નિયંત્રિત હતા, તો આપણને માલૂમ પડશે કે આ યુકિતપ્રયુકિતના પ્રયોગો તેમના વાપરનારાઓ માટે કૃત્રિમ કે દૂરાકૃષ્ટ ન હતા; ઊલટું અસંસ્કૃત અશુદ્ધ બુદ્ધિવાળા લોકો ન સમજી શકે તે રીતે પોતાના માનસશાસ્ત્રીય વિચારોને સંતાડવા માટે સ્વાભાવિક, નવીન, ટૂંકી, યોગ્ય ભાષા-પદ્ધતિ હતી. મને લાગે છે કે આ સમજૂતી જ સત્ય અને યથાર્થ છે. આર્ય ભાષાઓના વિકાસના અધ્યયનમાંથી આપણે એમ સ્થાપિત કરી શકીએ કે ભાષા એક એવા તબક્કામાંથી પસાર થઈ હતી કે જેમાં શબ્દોનો ગૂઢ માનસશાસ્ત્રીય અર્થ અનુકૂળતાપૂર્વક પ્રગટ કરી શકાય, અને છતાં ઉપરથી જોતાં તેમાંથી સાદોસીધો, ચોક્કસ, ભૌતિક અર્થ પ્રાપ્ત થાય.

મેં સૂચવ્યું છે કે તામિલ શબ્દોના મારા પ્રથમ અધ્યયનમાંથી મને પ્રાચીન સંસ્કૃત ભાષાના બંધારણની અને ઉદ્‌ગમસ્થાનોની ચાવી જડી. તે ચાવી મને એટલે દૂર સુધી ઘસડી ગઈ કે મારા મૂળ રસના વિષયને—આર્ય અને દ્રાવિડિયન ભાષાના સંબંધોના અભ્યાસને મેં છોડી દીધો, અને માનવ ભાષાના વિકાસનાં ઉદ્‌ગમસ્થાનોની અને નિયમોની સંશોધનાના વધારે રસપ્રદ વિષયમાં મેં ઝંપલાવ્યું. મને લાગે છે કે ભાષાશાસ્ત્રના વિદ્વાનો માટે સાચા શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના પ્રથમ અને મધ્યમવર્તી ધ્યેય તરીકે આ જ સંશોધના મહત્ત્વની છે, નહિ કે તેમની સામાન્ય પ્રવૃત્તિ.

આધુનિક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના જન્મ વખતે જે આશાઓ સેવવામાં આવી હતી તેમની નિષ્ફલતાને લીધે, તેનાં અતિસ્વલ્પ પરિણામોને લીધે, તે માત્ર 'ક્ષુદ્ર અનુમાનો પર આધાર રાખતું વિજ્ઞાન' છે એવી સૂગને લીધે, અત્યારે ભાષાશાસ્ત્રના વિચારને કોઈ માનતું નથી, થોડાક જ તર્કો કરીને તેની શકયતાને નકારી કાઢવામાં આવી છે. આવા આખરી નિષેધાત્મક વલણ સાથે હું સંમત થઈ શકતો નથી. આધુનિક વિજ્ઞાને વિજયપૂર્વક એક વસ્તુને સુસ્થાપિત કરી છે, અને તે એ કે બધા દુન્યવી પદાર્થોના ઇતિહાસમાં નિયમનું શાસન ચાલે છે અને ઉત્ક્રાન્તિની પ્રક્રિયા વિદ્યમાન છે. માનવ ભાષા તરીકેના તેના બાહ્ય પ્રગટીકરણમાં વાણીનો ગહનતર સ્વભાવ ગમે તે હોય પણ વાણી એક તંત્ર છે, વૃદ્ધિ છે, પાર્થિવ ઉત્ક્રાન્તિ છે. તેમાં સતત માનસશાસ્ત્રીય તત્ત્વ અંતર્ભૂત છે, અને તેથી કેવળ પદાર્થતત્ત્વનાં ભૌતિક યંત્રતંત્રો કરતાં તે વધારે મુકત, નમનીય, પરિવર્તનીય, સભાનપણે અનુકૂલ બની જનારું તત્ત્વ છે. વાણીનું રહસ્ય પકડવું વધારે કઠિન છે, તેના ઘટક અંશો વધારે સૂક્ષ્મ અને પૃથક્કરણની ઓછી અડિયલ પદ્ધતિથી જ સમજી શકાય તેવા છે. પણ ભૌતિક દૃશ્યોમાં હોય છે તેમ માનસ દૃશ્યોમાં પણ નિયમ અને પ્રક્રિયા વિદ્યમાન હોય છે — પછી ભલે તે વધારે પરિવર્તનશીલ અને અલ્પજીવી હોય. ભાષાના વિકાસનું તથા ઉદ્‌ગમનું નિયમન પણ નિયમે અને પ્રક્રિયાએ જ કર્યું હોવું જોઈએ. જરૂરી ચાવી અને પર્યાપ્ત હકીકતો મળી જાય, તો તે ખોળી કાઢી શકાય તેમ છે. મને લાગે છે કે સંસ્કૃત ભાષામાં તે ચાવી જડી શકે તેમ છે, હકીકતો સંશોધના માટે ખુલ્લી પડેલી છે.

આ દિશામાં વધારે સંતોષકારક પરિણામો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર ન લાવી શકયું, તેનું કારણ તેની એક ભૂલ હતી. તેણે માત્ર વાણીના બાહ્ય ભૌતિક ભાગો અને ભાષાના બાહ્ય સ્વરશાસ્ત્ર સાથે જ ગડમથલ કરી. ભાષાના માનસશાસ્ત્રીય ભાગોમાં પણ તેણે તે જ રીતે નિર્માણ કરાયેલા શબ્દોના—ઉચ્ચારણોના બાહ્ય સંબંધો સાથે, સંબંધિત ભાષાઓનાં વ્યાકરણીય પ્રત્યય-રૂપો સાથે જ ગડમથલ કરી. પણ વિજ્ઞાનની સાચી પદ્ધતિએ મૂળમાં, ઉદ્‌ગમ-સ્થાનમાં, તત્ત્વોમાં અને

વસ્તુઓની પ્રક્રિયાઓના અસ્પષ્ટ ભાગોમાં સંશોધના કરવી જોઈએ. સ્થૂલ દૃશ્યમાંથી માત્ર સ્થૂલ, ઉપરછલ્લાં પરિણામો જ સાંપડે. વસ્તુઓની ગહનતાઓ, તેમનું સાચું સત્ય આપણને તો જ સાંપડે, જો આપણે ગૂઢ વસ્તુઓમાં કે જેમને દૃશ્યોની સપાટી ઢાંકી રાખે છે તેમને વીંધીને ગોથું લગાવીએ, નિર્માણ થયેલાં રૂપો જેનાં ગૂઢ અને વેરવિખેર સૂચનોને રજૂ કરે છે તેમના ભૂતકાલના વિકાસમાં ડૂબકી મારીએ, અથવા તે શકયતાઓમાં ડૂબકી મારીએ જેમાંથી થોડીક પસંદ કરેલી વસ્તુઓ વાસ્તવિકતાઓ રૂપે દેખા દે છે. માનવ વાણીનાં પ્રાચીન સ્વરૂપો પ્રત્યે જો આપણે તે પદ્ધતિ અપનાવીએ, તો જ આપણને સાચું ભાષાવિજ્ઞાન પ્રાપ્ત થાય.

મેં આ વિષયમાં[1] જે પ્રયાસો કર્યા છે, તેમને બીજા જ વિષયની છણાવટ કરતા મારા આ ટૂંકા ગ્રંથના એક પ્રકરણમાં આપવા તે શકય નથી. અહીં તો હું વેદના અર્થના વિષય સાથે સંબંધ રાખતાં એક કે બે તત્ત્વોનો ટૂંકમાં નિર્દેશ કરીશ. તે નિર્દેશ હું એટલા માટે કરીશ કે જેથી મારા વાચકો એમ ન માની લે કે વેદના કેટલાક શબ્દોનો નવીન અર્થ કરવામાં મેં માત્ર કુશળ અનુમાનનો જ દુરુપયોગ કર્યો છે, કે જે અનુમાન પદ્ધતિ આધુનિક શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્રનું સૌથી મહાન આકર્ષણ તેમ જ સૌથી વધારે ગંભીર નબળાઈ છે.

મારી સંશોધનામાંથી મને એ માલૂમ પડયું કે શબ્દો કૃત્રિમ પદાર્થો નથી, પણ છોડ પેઠે, પશુઓ પેઠે ધ્વનિની જીવંત વૃદ્ધિઓ છે; અને તેમના પાયામાં કેટલાક બીજા ધ્વનિઓ રહેલા છે. આ બીજા ધ્વનિઓમાંથી થોડાક પ્રાથમિક અવસ્થાના ધાતુઓ વિકસે છે, જેમાંથી વિશાળ પેઢીઓવાળી, વંશ–પરંપરાઓવાળી સંતતિ પ્રગટે છે, જે ટોળીઓમાં, સમૂહોમાં, કુટુંબોમાં, પસંદગીકારક જથ્થાઓમાં પોતાની જાતને ગોઠવે છે—અને તે દરેકનો એક સર્વસામાન્ય માનસશાસ્ત્રીય ઈતિહાસ અને મૂળ વંશ હોય છે. ભાષાના વિકાસનું અધિષ્ઠાતા તત્ત્વ હતું પ્રાથમિક અવસ્થાના માનવીના જ્ઞાનતંતુયુકત મન વડે કરાયેલું કેટલાક સર્વ-સામાન્ય અર્થોનું અથવા કેટલીક સર્વસામાન્ય ઉપયોગિતાઓનું, ઈન્દ્રિય-મૂલ્યોનું સાહચર્ય કે જેમાં વ્યંજનાત્મક ધ્વનિઓ વિદ્યમાન હતા. આ સાહચર્યની પ્રક્રિયા પણ બિલકુલ કૃત્રિમ ન હતી, પણ સ્વાભાવિક હતી, અને તે સાદા અને નિશ્ચિત માનસશાસ્ત્રીય નિયમોથી નિયમિત હતી.

શરૂઆતમાં ભાષાધ્વનિઓનો ઉપયોગ વિચારોને વ્યકત કરવા થતો ન હતો; તે મોટે ભાગે કેટલીક સામાન્ય સંવેદનાઓ અને લાગણી-મૂલ્યોનાં વાચિક

---

૧. 'આર્ય વાણીનાં ઉદ્‌ગમસ્થાનો' નામના મારા જુદા પુસ્તકમાં આ પ્રયાસોનાં પરિણામોને આપવાનો મારો વિચાર છે. (જુઓ પરિશિષ્ટ)

સમીકરણો હતાં. જ્ઞાનતંતુઓએ વાણીનું સર્જન કર્યું છે, બુદ્ધિએ નહિ. વૈદિક રૂપકોનો ઉપયોગ કરીએ, તો ઇન્દ્રે નહિ, પણ અગ્નિ તથા વાયુએ માનવ ભાષાનું સર્જન કર્યું છે, મન પ્રાણિક અને ઇન્દ્રિયસંવેદનાની પ્રવૃત્તિઓમાંથી—ક્રિયાઓ-માંથી પ્રગટ થયું છે. માણસમાં બુદ્ધિએ પોતાનું ઘડતર ઇન્દ્રિય-સાહચર્યો તથા ઇન્દ્રિય-પ્રતિક્રિયાઓ પર કર્યું છે. તેના જેવી જ પ્રક્રિયા વડે, ભાષાનો બૌદ્ધિક ઉપયોગ ઇન્દ્રિયસંવેદના અને લાગણીમાંથી, સ્વાભાવિક નિયમ અનુસાર વિકસ્યો છે. શબ્દો મૂળ રૂપમાં અચોક્કસ ઇન્દ્રિય-શકયતાથી પૂર્ણ, પ્રાણિક બહિઃસરણો હતાં. ધીમે ધીમે તે ચોક્કસ બૌદ્ધિક અર્થોનાં નિશ્ચિત પ્રતીકો રૂપે વિકસ્યા છે.

પરિણામે શબ્દ કોઈ નિશ્ચિત વિચાર સાથે સંકળાયેલો ન હતો. તેનામાં એવો એક સામાન્ય ગુણ હતો કે જેને અનેક રીતે લાગુ કરી શકાય, અને પરિણામે તેમાંથી અનેક અર્થો નીકળે. તેનો આ ગુણ અને તેનાં પરિણામો બીજા ઘણા સંબંધિત ધ્વનિઓમાં પણ હતાં. એટલે પ્રથમ તો સામૂહિક પદ્ધતિ ઉપર શબ્દ-ટોળીઓ અને શબ્દ-કુટુંબીઓએ જીવન શરૂ કર્યું, તેમની પાસે શકય અને સિદ્ધ અર્થોનો એક સામાન્ય ભંડોળ હતો; બધાને તેની પર અધિકાર હતો. દરેક શબ્દ એક વિશિષ્ટ વિચારને વ્યકત કરતો, એવું ન હતું; પણ દરેક શબ્દનું વ્યકિતત્વ સમાન વિચારની જુદી જુદી અર્થચ્છાયાઓ પ્રગટ કરવામાં રહેલું હતું. આ સામૂહિક જીવનમાંથી શબ્દોએ બૌદ્ધિક અર્થોમાંથી એક કે વધારેને વ્યકત કરવાની આગવી મૂડીની પદ્ધતિ વિકસાવી—તે ભાષાની પ્રારંભિક દશાનો ઇતિહાસ છે. વિભાગીકરણનો સિદ્ધાંત શરૂશરૂમાં પ્રવાહી હતો; પછી ધીમે ધીમે ચોકસાઈની કડકતામાં વધતો ગયો; છેવટે શબ્દ-કુટુંબોએ અને ત્યાર પછી પ્રત્યેક શબ્દે પોતપોતાનું સ્વતંત્ર જીવન શરૂ કર્યું જ્યારે પ્રત્યેક શબ્દનું જીવન તે જેને વ્યકત કરે છે તે અર્થ કે વિચારના જીવન વડે નિયમિત થાય છે, ત્યારે ભાષાના તદ્દન સ્વાભાવિક વિકાસનો છેલ્લો તબક્કો આવે છે. શરૂશરૂમાં—ભાષાના પ્રારંભકાલમાં શબ્દ, વિચાર જેટલી જ—અરે વધારે જીવંત શકિત હોય છે; ધ્વનિ અર્થનું નિર્માણ કરે છે. છેલ્લા તબક્કામાં સ્થિતિ પલટાઈ જાય છે; વિચાર અતિમહત્ત્વનો બની જાય છે અને ધ્વનિ ગૌણ બની જાય છે.

ભાષાના પહેલાંના ઇતિહાસનું બીજું એક અંગ એ છે કે પ્રથમ તો તે બહુ જ થોડા વિચારોના ભંડોળને વ્યકત કરે છે, અને તે પણ બહુ જ સામાન્ય અને મોટે ભાગે સ્થૂલ ખ્યાલો હોય છે—જેમ કે પ્રકાશ, ગતિ, સ્પર્શ, પદાર્થ, વિસ્તાર, બલ, આવેગ વગેરે. પાછળથી તે વિવિધ વિચારોમાં ક્રમિક વૃદ્ધિ થાય છે અને વિચારોમાં ચોક્કસતા આવે છે. તે વિકાસ સામાન્યમાંથી વિશિષ્ટનો, અચોક્કસમાંથી ચોક્કસનો, ભૌતિકમાંથી માનસિકનો, સ્થૂલમાંથી ભાવવાચકનો, સરખી વસ્તુઓની વિવિધ સંવેદનાઓની અભિવ્યકિતમાંથી સમાન

વસ્તુઓ, લાગણીઓ તથા ક્રિયાઓની વચ્ચેની ચોક્કસ અભિવ્યકિતનો હોય છે. આ ક્રમિક વિકાસ હમેશાં તે જ અને વારંવાર આવતા વિચારોના સાહચર્યની પ્રક્રિયાઓથી બનતો ચાલે છે, અને ખરેખર તે ભાષાભાષીઓની પરિસ્થિતિઓ અને વાસ્તવિક અનુભૂતિઓને લીધે તે વિકાસના નિશ્ચિત નિયમોનો દેખાવ ધારણ કરે છે. અને આખરે નિયમ શી ચીજ છે? તે પોતાની પરિસ્થિતિઓની જરૂરિયાતો પ્રત્યે વસ્તુઓ જે રીતે પ્રતિક્રિયા કરે છે, તે પ્રક્રિયા માત્ર છે, અને તે પ્રક્રિયા તેમની કાર્યની એક નિશ્ચિત ટેવ બની જાય છે.

ભાષાના આ ભૂતકાળના ઇતિહાસમાંથી આપણે કેટલાંક નિગમનો તારવી શકીએ, કે જે વેદનો અર્થ કરવામાં ખૂબ અગત્યનાં છે. પ્રથમ તો સંસ્કૃત ભાષામાં ધ્વનિ અને અર્થના સંબંધોએ જે નિયમો પેદા કર્યા તેના જ્ઞાનથી, અને તેનાં શબ્દ-કુટુંબોના કાળજીભર્યા અને સૂક્ષ્મ અધ્યયનથી, દરેક શબ્દના ભૂતકાળના ઇતિહાસને આપણે મોટા પ્રમાણમાં સજીવન કરી શકીએ. આપણે તે શબ્દોના તે અર્થો કેમ નીકળ્યા તે નક્કી કરી શકીએ, ભાષાવિકાસના વિવિધ તબક્કાઓ દ્વારા તે અર્થો કેમ નીકળ્યા તે બતાવી શકીએ, તેમના ભિન્ન ભિન્ન અર્થો વચ્ચે પરસ્પર સંબંધ સ્થાપિત કરી શકીએ, અને તે અર્થો તદ્દન ભિન્ન હોય અથવા તેમની ઇન્દ્રિય-મૂલ્યવત્તા તદ્દન વિરુદ્ધ હોય છતાં તે એક જ શબ્દના તે ભિન્ન ભિન્ન અર્થો કેમ નીકળ્યા તેની સમજૂતી આપી શકીએ. તેના વડે શબ્દોના લુપ્ત થઈ ગયેલા અર્થોને ચોક્કસ અને વૈજ્ઞાનિક પાયા ઉપર સજીવન કરી શકીએ, પ્રાચીન આર્ય ભાષાઓનો વિકાસ જે સાહચર્યના જોયેલા નિયમોથી નિયંત્રિત થયો છે તેમને ટાંકીને આપણે તે અર્થોને પ્રામાણિક ઠરાવી શકીએ, તે શબ્દના પોતાના ગૂઢ પ્રમાણને બતાવી શકીએ અને તેના નજીકના સંબંધિત શબ્દોના પ્રમાણનો ટેકો આપી શકીએ. આ રીતે વૈદિક ભાષાના શબ્દોના અર્થ કરતાં માત્ર લથડતા અનુમાનના પાયાને બદલે આપણે શ્રદ્ધા-પૂર્વક સધ્ધર અને વિશ્વસનીય પાયો રજૂ કરી શકીએ.

સ્વાભાવિક રીતે જ, એક વૈદિક શબ્દનો એક વખતે અમુક અર્થ હતો અથવા હોવો જોઈએ, તે ઉપરથી એવું ફલિત થતું નથી કે આપણે સલામત રીતે વેદની સંહિતામાં તે જ અર્થ લાગુ કરવો જોઈએ, પણ વેદનો તે જ અર્થ સાચો હોવો જોઈએ તેવી સ્પષ્ટ શકયતા અને સધ્ધર ભાવના સ્થાપિત કરીએ છીએ. બાકીનું તો તે શબ્દ જેમાં વપરાયો છે તે મંત્રોના તુલનાત્મક અભ્યાસ પરથી અને સંદર્ભમાં તેની સતત યોગ્યતા કયી છે તેના પરથી નક્કી થઈ શકે. મેં હમેશાં જોયું છે કે આ રીતે સજીવન કરાયેલો અર્થ દરેક સંદર્ભને હમેશાં બંધ બેસે છે—પ્રકાશિત કરે છે. અને સંદર્ભ જે અર્થની માગણી કરે છે તે તે જ છે કે જેને આપણે શબ્દના ઇતિહાસમાંથી તારવી

કાઢયો હોય છે. આ પાયો આપણને સંપૂર્ણ નહિ તો પણ નૈતિક નિશ્ચિતતા તો આપે જ છે.

ભાષાના પ્રારંભકાલનું બીજું એક નોંધપાત્ર લક્ષણ એ છે કે તે સમયે એક જ શબ્દના અનેક ભિન્ન ભિન્ન અર્થો થતા હતા, અને એક જ વિચારના દ્યોતક અનેક શબ્દો મળી આવતા હતા. પાછળથી આ ઉણદેશની અતિવૃદ્ધિને કાપી નાખવામાં આવી. ચોક્કસતાની વધતી જતી માગણી કરતી, કરકસરની વધતી જતી ભાવનાની માગણી કરતી બુદ્ધિ વચ્ચે આવીને ઊભી રહી. શબ્દોની અનેક અર્થો ધારણ કરવાની શકિત ધીમે ધીમે ઓછી થતી ગઈ. એક જ વિચારને વ્યકત કરવા માટે અનેક નકામા શબ્દોના ઉપયોગ પ્રત્યે બુદ્ધિ અસહિષ્ણુ બની, એક જ શબ્દ માટે વિચારોની નકામી વિવિધતાને તે સાંખી શકી નહિ. આ બાબતમાં વિશાલ–જો કે બહુ કડકાઈવાળી નહિ એવી કરકસરની માગણી કરવામાં આવી, જો કે તેમાં પ્રમાણસરની પરિવર્તનની સમૃદ્ધિની માંગ તદ્દન નકારી કાઢવામાં આવી નહિ. ભાષાનો તે આખરી નિયમ બન્યો. પણ સંસ્કૃત ભાષા આ વિકાસના આખરી તબક્કાઓને કયારેય પણ પ્રાપ્ત કરી શકી નહિ; ઘણી જલ્દી તે પ્રાકૃત ભાષાઓમાં વિખરાઈ ગઈ. તેનાં છેલ્લાં સાહિત્યિક સ્વરૂપોમાં પણ તે એક જ શબ્દના અનેક વિવિધ અર્થો કરે છે, તેમાં પર્યાય શબ્દોની વિશાલ સમૃદ્ધિ ઊભરાઈ જાય છે. તેથી જ તે ભાષામાં અલંકારોનું અસાધારણ પ્રાચુર્ય છે કે જે બીજી કોઈ પણ ભાષામાં મુશ્કેલ, બળજબરીથી લાદેલું અને ખૂબ કૃત્રિમ બની જાય, ખાસ કરીને શ્લેષાલંકારની બાબતમાં.

વૈદિક સંસ્કૃત, ભાષાના વિકાસના હજી પણ પહેલાંના સ્તરનું છે. કોઈ પણ કલાસિકલ ભાષા કરતાં તે તેનાં બાહ્ય અંગોમાં ઓછું નિશ્ચિત છે. તેમાં ખૂબ પ્રમાણમાં રૂપોનું અને વિભકિતઓનું વૈવિધ્ય છે. તે પ્રવાહી અને અચોક્કસ છે, છતાં વિભકિતઓના તથા કાળોના ઉપયોગમાં તે સમૃદ્ધ રીતે સૂક્ષ્મ છે. તેની માનસશાસ્ત્રીય બાજુ હજી ચોક્કસ આકારવાળી બની નથી, બૌદ્ધિક નિશ્ચિતતાનાં અક્કડ સ્વરૂપોમાં તે તદ્દન બંધાઈ ગઈ નથી. વૈદિક ઋષિ માટે હજી શબ્દ જીવંત વસ્તુ હતી, શકિતની વસ્તુ હતી, સર્જનાત્મક અને રચનાત્મક વસ્તુ હતી. શબ્દ હજી વિચારનું રૂઢિબદ્ધ પ્રતીક બની ગયો નથી, પણ તે પોતે વિચારોનો જનક અને સર્જક છે. ધાતુઓની સ્મૃતિને તે હજી પોતામાં જાળવી રહ્યો છે; તેના પોતાના ઈતિહાસનું તેને હજી ભાન છે, તેનાથી તે સચેતન છે.

શબ્દનું આ પ્રાચીન માનસશાસ્ત્ર ઋષિના ભાષા-ઉપયોગને નિયમિત કરે છે. જ્યારે અંગ્રેજીમાં આપણે ગાય કે વરુ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, ત્યારે આપણે માટે તે નામનું પશુ જ અભિપ્રેત હોય છે. આપણે તે વિચાર માટે તે વિશિષ્ટ ધ્વનિ શા માટે વાપરીએ છીએ તેનો આપણને ખ્યાલ નથી હોતો.

માત્ર ભાષાનો પ્રાચીન રિવાજ જ તેમાં કારણભૂત હોય છે. અને આપણે તે શબ્દને બીજા કોઈ અર્થ કે હેતુ માટે વાપરી ન શકીએ, સિવાય કે શૈલીની કોઈ કૃત્રિમ યુકિત-પ્રયુકિતથી. પણ વૈદિક ઋષિ માટે वृक નો અર્થ હતો 'ફાડી ખાનાર' અને તેથી બીજા અર્થોની સાથે સાથે તેનો અર્થ વરુ થાય છે; धेनु નો અર્થ થાય છે 'વૃદ્ધિ પમાડનાર, પોષણ કરનાર' અને તેથી તેનો અર્થ ગાય થાય છે. પણ મૂળનો સામાન્ય અર્થ મુખ્ય પ્રભાવવાળો હોય છે, અને વ્યુત્પન્ન થયેલો વિશિષ્ટ અર્થ ગૌણ હોય છે. તેથી સૂકતના રચવૈયા માટે આ સામાન્ય શબ્દોનો ઉપયોગ ખૂબ નમનીયતાપૂર્વક કરવો તે શકય હતું. કેટલીક વાર તે વરુ કે ગાયનું રૂપક આગળ મૂકે છે, કેટલીક વાર સામાન્ય અર્થને તે રંગે રંગવા માટે તે વાપરે છે, કેટલીક વાર તેના મનમાં રમી રહેલા માનસ-શાસ્ત્રીય ખ્યાલ માટે તે રૂઢિબદ્ધ રૂપક તરીકે વાપરે છે, કેટલીક વાર તેની દૃષ્ટિમાંથી રૂપક તદ્દન ખસી જાય છે. ઋષિઓએ પ્રયોજેલાં વિશિષ્ટ રૂપકોને સમજવા માટે આપણે પ્રાચીન ભાષાના આ માનસશાસ્ત્રને ખ્યાલમાં રાખવું પડે છે— દેખીતી રીતે તદ્દન સામાન્ય અને સ્થૂલ રૂપકોની બાબતમાં પણ. આ રીતે घृतम्, घी–सोम, પવિત્ર સુરા વગેરે અનેક શબ્દો વપરાયા છે.

વળી આધુનિક ભાષામાં છે તે પ્રકારે એક જ શબ્દના વિચાર જે જુદા જુદા અર્થો કાઢે છે, તેવી ભેદક ભીંત તે વખતે એટલી વિભાજક ન હતી. અંગ્રેજીમાં Fleet (ફ્લીટ) શબ્દનો અર્થ થાય છે નૌકાઓનો કાફલો, અને Fleet (ફ્લીટ) શબ્દનો અર્થ 'ઝડપી, વેગીલું' પણ થાય છે. અત્યારે તો બે શબ્દો ભિન્ન ભિન્ન છે. જ્યારે આપણે તે શબ્દનો પ્રયોગ પહેલા અર્થમાં કરીએ છીએ ત્યારે આપણને નૌકાઓની ગતિનો વેગ—તેમની ઝડપી ગતિ ખ્યાલમાં આવતી નથી. જ્યારે આપણે તે શબ્દનો પ્રયોગ બીજા અર્થમાં કરીએ છીએ, ત્યારે આપણને દરિયા ઉપર વેગપૂર્વક સરી જતી નૌકાઓના રૂપકનો ખ્યાલ આવતો નથી. પણ ભાષાના વૈદિક ઉપયોગમાં આ પ્રકારના ખ્યાલો ચોક્કસ આવ્યા હોત. વૈદિક માનસ માટે भग, ઉપભોગ અને भाग, હિસ્સો જુદા જુદા શબ્દો ન હતા, પણ બે જુદા ઉપયોગોને વિકસાવનાર એક જ શબ્દ હતો. એટલે ઋષિઓ શબ્દને બે અર્થોમાંથી એક અર્થમાં વાપરતા, અને બીજો અર્થ તેના મનના પાછલા ભાગમાં રહી પહેલા અર્થને પોતાની ગૂઢ સૂચનાત્મકતાથી રંગી દેતો, અથવા તો એકી વખતે એક જ શબ્દને બંને અર્થોમાં—એક પ્રકારના સમુચ્ચિત અર્થની રૂપકમયતામાં વાપરતા. चनस् નો અર્થ થાય છે અન્ન, પણ તેનો અર્થ 'ઉપભોગ, સુખ' પણ થાય છે. એટલે ઋષિ તે શબ્દ એવી રીતે વાપરતા, કે અસંસ્કૃત મન માટે તેનો અર્થ કેવળ 'યજ્ઞ સમયે દેવોને અપાતું અન્ન' થાય અને દીક્ષિત લોકો માટે તેનો અર્થ 'શારીરિક ચેતનામાં પ્રવેશ

કરતા દિવ્ય આનંદનું સુખ' થાય, અને સાથે સાથે સોમરસનું તે શબ્દ સૂચન કરે કે જે સોમદેવોનું અન્ન છે અને આનંદનું વૈદિક પ્રતીક છે.

વૈદિક સૂકતોની વાણી પર ભાષાના આ ઉપયોગનો પ્રભાવ સાર્વત્રિક છે, તે મહાન યુકિતથી પ્રાચીન ગૂઢવાદીઓ તેમના કાર્યની મુશ્કેલીને તરી ગયા હતા. સામાન્ય પૂજકને માટે અગ્નિ વૈદિક અગ્નિનો દેવ હશે, અથવા તો તેનો અર્થ ભૌતિક પ્રકૃતિમાં રહેલું ઉષ્ણતા અને પ્રકાશનું તત્ત્વ થતો હશે, અથવા તદ્દન અજ્ઞાની જનો માટે તેનો અર્થ દ્રવ્ય આપનારા ઘણા અતિમાનવ દેવોમાંનો એક, માનવની ઇચ્છાઓને સંતોષનાર દેવ થતો હશે. ઊંડો ખ્યાલ કરવા માટે સમર્થ લોકો માટે તે દેવનાં માનસશાસ્ત્રીય કાર્યોનું સૂચન કેવી રીતે કરવું? તે શબ્દ જ તે કામ પાર પાડી આપે છે. કારણ કે અગ્નિનો અર્થ થાય છે બલવાન, પ્રકાશમાન અથવા શકિત, તેજ. એટલે તે શબ્દ જ્યાં વપરાયો હોય, ત્યાં દીક્ષિત લોકોને, પ્રકાશયુકત શકિતની યાદ અપાવતો, કે જે શકિત લોકોનું નિર્માણ કરે છે અને માનવને ઉચ્ચતમ તત્ત્વમાં ઊંચે લઈ જાય છે. અગ્નિ તેમને માટે મહાન કર્મનો કરનાર, માનવ યજ્ઞનો પુરોહિત છે.

આ બધા દેવો એક વૈશ્વિક દેવમાં વ્યકિતત્વો છે તે વાત શ્રોતાઓના મનમાં કેવી રીતે મૂકી આપવી? દેવોનાં નામો વિશેષણો છે, અર્થ વહન કરનારાં નામો છે, વર્ણનો છે, વિશેષ નામો નથી. મિત્ર, પ્રેમ અને સંવાદિતાનો દેવ છે, ભગ ઉપભોગનો દેવ છે, સૂર્ય પ્રકાશનો સ્વામી છે, વરુણ દિવ્ય પરમાત્માની સર્વવ્યાપક વિશાળતા અને વિશુદ્ધિ છે જે વિશ્વને ટેકો આપી રહી છે અને પરિપૂર્ણતા પ્રત્યે લઈ જાય છે. ઋષિ દીર્ઘતમા કહે છે કે, સત્ એક છે, પણ ઋષિઓ તેને ભિન્ન ભિન્ન પ્રકારે ઇન્દ્ર, વરુણ, મિત્ર, અગ્નિ, યમ, માતરિશ્વા તરીકે વર્ણવે છે. (૧, ૧૬૪, ૪૬) વૈદિક જ્ઞાનના પહેલાંના સમયમાં દીક્ષિતને આવા સ્પષ્ટ વિધાનની જરૂર ન હતી. દેવોનાં નામો જ પોતપોતાના અર્થો તેના મનમાં પ્રગટ કરતાં, અને તેને પાસે હમેશાં પાયાના સત્યની યાદ અપાવતાં.

પણ પાછળના સમયમાં ઋષિઓએ વાપરેલી આ યુકિત-પ્રયુકિત જ જ્ઞાન સાચવી રાખવામાં વિઘ્નરૂપ બની. કારણ કે ભાષાએ પોતાનું લક્ષણ બદલ્યું, તેની પહેલાંની નમનીયતા ખોઈ નાખી, જૂના પરિચિત અર્થો ફગાવી દીધા. આનંદનો અમૃતમય સોમ ભૌતિક આહુતિમાં ભુલાઈ ગયો; ઘૃતનું રૂપક માત્ર પૌરાણિક દેવોને અપાતા સ્થૂલ યજ્ઞ દ્રવ્ય તરીકે રહી ગયું; અગ્નિ, વાદળ અને ઝંઝાવાતના દેવોમાં માત્ર ભૌતિક શકિત અને બાહ્ય તેજ અવશિષ્ટ રહ્યાં. શબ્દ જીવતો રહ્યો, તેમાંથી ભાવાર્થનો આત્મા ભુલાઈ ગયો હતો; શાસ્ત્રના શરીર રૂપ પ્રતીક રહ્યું; પણ જ્ઞાનનો આત્મા તેનાં આવરણોમાંથી ઊડી ગયો હતો.

અગ્નિ અને સત્ય

ઋગ્વેદ તેના બધા ભાગોમાં એક છે. તેનાં દશેય મંડળોમાં આપણને તેની તે જ સામગ્રી, તેના તે જ વિચારો, તેનાં તે જ રૂપકો, તેનાં તે જ શબ્દગુચ્છો મળે છે. ઋષિઓ એક જ સત્યના દ્રષ્ટાઓ હતા, અને તેને વ્યક્ત કરવા માટે તેઓ એક સર્વસામાન્ય ભાષાનો પ્રયોગ કરે છે. મિજાજમાં અને વ્યકિતત્વમાં તે ઋષિઓમાં ભિન્નતા છે; કેટલાક વૈદિક રૂપકમયતાનો વધારે સમૃદ્ધ, સૂક્ષ્મ અને ગહન ઉપયોગ કરવાનું વલણ ધરાવે છે; કેટલાક તેમની આધ્યાત્મિક અનુભૂતિ વધારે સીધીસાદી ભાષામાં વ્યકત કરે છે — તેમાં વિચારની ફલદ્રૂપતા, કાવ્યમય રૂપકની સમૃદ્ધિ, અથવા સૂચનની ગહનતા અને પૂર્ણતા ઓછી હોય છે. ઘણી વાર એક જ દ્રષ્ટાનાં ગીતોની શૈલી ભિન્ન ભિન્ન હોય છે, તે કેટલીક વાર તદ્દન સરળ તો કોઈક વાર ખૂબ આશ્ચર્યકારક સમૃદ્ધિથી પૂર્ણ હોય છે. એક જ સૂકતમાં આરોહણો અને અવરોહણો આવે છે. યજ્ઞના સામાન્ય પ્રતીકની તદ્દન સામાન્ય રૂઢિઓથી શરૂઆત કરીને, તે અર્થપૂર્ણ જટિલ વિચાર પ્રત્યે ગતિ કરે છે. કેટલાંક સૂકતો સાદાં અને લગભગ આધુનિક ભાષાવાળાં છે; બીજાં પ્રથમ દૃષ્ટિએ તેમની પ્રાચીન અસ્પષ્ટતાના બાહ્ય દેખાવથી આપણને હંફાવી મૂકે તેવાં છે. પણ શૈલીની આ ભિન્નતાથી આધ્યાત્મિક, અનુભૂતિની એકતાને કોઈ વાંધો આવતો નથી. નિશ્ચિત શબ્દો અને સામાન્ય ફૉર્મ્યુલામાં ફેરફાર કરીને તે કોઈ ગૂંચવાડો પેદા કરતાં નથી. દીર્ઘતમસ્ ઔચથ્યની ગહન અને ગૂઢવાદી શૈલીમાં મેધાતિથિ કણ્વની સંવાદી મધુર સુસ્પષ્ટતામાં, વિશ્વામિત્રનાં બલવાન શકિતશાળી સૂકતોમાં, વસિષ્ઠની એકધારી સંવાદિતામાં આપણને જ્ઞાનનો તે જ સધ્ધર પાયો પ્રાપ્ત થાય છે, દીક્ષિતોથી પવિત્ર રૂઢિઓને વળગી રહેવાની તે જ ચીવટ જણાય છે.

વૈદિક રચનાઓની આ ખાસિયતમાંથી એવું ફલિત થાય છે કે મેં વેદનો અર્થ કરવાની પદ્ધતિનો ઉલ્લેખ કર્યો છે તેનાં દૃષ્ટાન્તો દશ મંડળોમાંથી પસંદ

કરેલાં અનેક ગમે તે સૂકતોમાંથી મળી રહી શકે, અથવા તો એક જ ઋષિનાં થોડાંક સૂકતોમાંથી મળી શકે. જો મારો ઇરાદો કોઈ પણ વાંધા ન ઉઠાવી શકાય તે રીતે મારી અર્થપદ્ધતિને સ્થાપિત કરવાનો હોય, તો મારે વિગતપૂર્ણ અને દળદાર કૃતિ આપવાની જરૂર રહે. દશેય મંડળોનું વિવેચનાત્મક અવલોકન આવશ્યક ગણાય. દાખલા તરીકે, હું વૈદિક શબ્દ ऋतम्નો જે અર્થ કરું છું અથવા તો પ્રકાશની ગાયોના રૂપકને સમજાવું છે, તે સિદ્ધ કરવા માટે મારે સત્ય અને ગાય શબ્દો જ્યાં જ્યાં વપરાયા છે તે બધા અગત્યના મંત્રોનો ઉલ્લેખ કરવો પડે, તેમના અર્થ અને સંદર્ભની ચકાસણી કરવી પડે. જો મારે વેદનો ઇન્દ્ર પ્રકાશયુકત મનનો સ્વામી છે અને તે પ્રકારનાં જ તેનાં માનસ-શાસ્ત્રીય કાર્યો છે, મન એ द्यौः-સ્વર્ગ છે અને તેના ત્રણ પ્રકાશમય પ્રદેશો રોચના છે, એ સિદ્ધ કરવું હોય તો મારે ઇન્દ્રને ઉદ્દેશીને લખાયેલા બધા મંત્રો તથા સૂકતોનું અવલોકન કરવું પડે, અને જેમાં લોકોની વૈદિક પદ્ધતિનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેવાં બધાં સૂકતોની ચકાસણી કરવી પડે. આટલું જ પૂરતું ન ગણાય, કારણ કે વેદના વિચારો પરસ્પર ગૂંથાયેલા અને સંબંધિત છે. તેથી મારે બીજા દેવોનું, ઋતના વિચાર સાથે સંબંધિત અગત્યના માનસશાસ્ત્રીય શબ્દોનું, અને માણસ જે માનસિક પ્રકાશ દ્વારા તે સત્યને પ્રાપ્ત કરે છે તે બધાયનું સૂક્ષ્મ અવલોકન કરવું પડે. તેવા પ્રકારની કૃતિની જરૂર છે એમ હું માનું છું, અને વૈદિક સત્ય, વેદના દેવો અને વૈદિક રૂપકો વિષેના મારા અધ્યયનમાં હું તેને આવરી લેવા માગું છું. પણ તે કામ આ પુસ્તકમાં ન બની શકે. આમાં તો મારી અર્થપદ્ધતિના દાખલા આપવા માગું છું, અને મારા સિદ્ધાંતનાં પરિણામોનું ટૂંક બ્યાન આપવા માગું છું.

મારી પદ્ધતિના દૃષ્ટાંત રૂપે હું પ્રથમ મંડળનાં અગિયાર સૂકતો લઈશ, અને કેટલાક અગત્યના મંત્રો તથા સૂકતોમાંથી માનસશાસ્ત્રીય અર્થના કેટલાક કેન્દ્રવર્તી વિચારો કેવી રીતે ઊભા થાય છે, અને આ ગહનતર વિચારણાના પ્રકાશમાં સૂકતોનો સામાન્ય વિચાર તદ્દન નવીન રૂપે કેવી રીતે દેખા દે છે, તે બતાવીશ.

અત્યારે આપણને પ્રાપ્ત થતી ઋક્-સંહિતામાં દશ મંડળો છે. તેમની ગોઠવણી કરવામાં બે નિયમો પાળવામાં આવ્યા છે. છ મંડળોમાં એક જ ઋષિનાં અથવા ઋષિ-કુટુંબનાં રચેલાં સૂકતો છે. આ રીતે બીજા મંડળમાં મોટે ભાગે ગૃત્સમદ ઋષિનાં રચેલાં સૂકતો છે, ત્રીજા મંડળમાં વિશ્વામિત્રનાં સૂકતો છે, સાતમા મંડળમાં વસિષ્ઠનાં સૂકતો છે, ચોથા મંડળમાં વામદેવનાં અને છઠ્ઠા મંડળમાં ભરદ્વાજનાં સૂકતો છે. પાંચમા મંડળમાં અત્રિ-કુટુંબનાં સૂકતો છે. આ બધાં મંડળોમાં પ્રથમ અગ્નિને ઉદ્દેશીને રચાયેલાં સૂકતો આવે છે, પછી

ઇન્દ્રને ઉદ્દેશાયેલાં, અને ત્યાર પછી બીજા દેવોને ઉદ્દશાયેલાં સૂકતો આવે છે—દાખલા તરીકે બૃહસ્પતિને, સૂર્યને, ઋતુઓને, ઉષાને વગેરે દેવોને. પછી મંડળ પૂરું થાય છે. નવમું મંડળ આખું સોમદેવને ઉદ્દેશીને રચાયું છે. પહેલા, આઠમા અને નવમા મંડળમાં જુદા જુદા ઋષિઓનાં સૂકતોનો સંગ્રહ છે, પણ દરેક ઋષિનાં સૂકતો મોટે ભાગે એકસાથે આપવામાં આવ્યાં છે, અને તેમાં પણ પ્રથમ અગ્નિને ઉદ્દેશાયેલાં, પછી ઇન્દ્રને અને ત્યાર પછી બીજા દેવોને ઉદ્દેશાયેલાં સૂકતો આવે છે. આ રીતે પ્રથમ મંડળના પ્રારંભમાં વિશ્વામિત્રના પુત્ર મધુચ્છંદસ્‌ના ઋષિનાં ૧૦ સૂકતો આવે છે, અને અગિયારમું સૂકત મધુચ્છંદસ્‌ના પુત્ર જેત્રિનું છે. આ અગિયારમા સૂકતની શૈલી, રીતિ અને ભાવના પહેલાં દશ સૂકતો જેવી જ છે, અને તેથી તે અગિયારેય સૂકતોને આપણે એક સમાન આશયવાળાં, સમાન ભાષાશૈલીવાળાં સૂકતોનો સમૂહ ગણી શકીએ.

આ વૈદિક સૂકતોની ગોઠવણીમાં વિચાર-વિકાસનો મુદ્દો પણ ધ્યાનમાં લેવાયો છે. પહેલા મંડળની યોજના એવી છે કે તેમાંથી વેદનો સામાન્ય વિચાર અને તેનાં વિવિધ તત્ત્વો ધીમે ધીમે પ્રગટ થાય, તેમાં સ્થાપિત રૂપકોનું આવરણ પણ છે. તેમાંનાં સૂકતો મહાન વિચારકો અને પવિત્ર ગાયકો ગણાતા – કેટલાક તો વૈદિક પરંપરામાં ખૂબ વિખ્યાત નામનાવાળા, ઋષિઓએ રચેલાં છે. દશમા મંડળમાં ઘણા ઋષિઓનાં સૂકતો લેવામાં આવ્યાં છે, તેમાં વેદની વિચારણાનાં આખરી પરિણામો છે, કેટલાંક સૂકતોની ભાષા બહુ જ આધુનિક છે — આ બધું કાંઈ અકસ્માત ન હોઈ શકે. પુરુષસૂકત અને સૃષ્ટિસૂકત દશમા મંડળમાં જ આવે છે. આધુનિક વિદ્વાનોનો એવો મત છે કે દશમા મંડળમાં વેદાંતનાં મૂળ ઉદ્‌ગમસ્થાનો, બ્રહ્મવાદની ભૂમિકા જડી શકે તેમ છે.

ગમે તેમ પણ ઋગ્વેદના પ્રારંભમાં આવતાં, વિશ્વામિત્રના પુત્ર તથા પૌત્રનાં સૂકતો વૈદિક સંવાદિતાના પ્રથમ અગત્યના સૂર સ્તુત્ય રીતે સંભળાવે છે. અગ્નિને ઉદ્દશાયેલું પ્રથમ સૂકત સત્યના કેન્દ્રવર્તી વિચારને સૂચવે છે, જે સત્ય ઇન્દ્રને તથા બીજા દેવોને ઉદ્દેશાયેલાં બીજા અને ત્રીજા સૂકતોમાં પરિપુષ્ટ થાય છે. બાકીનાં આઠ સૂકતો ઇન્દ્રને ઉદ્દશાયેલાં છે — જેમાંનું એક સૂકત ઇન્દ્ર અને મરુતોને ઉદ્દેશાયેલું છે, તેમાં આપણને સોમ અને ગાયનાં રૂપકો, અવરોધક વૃત્ર, પ્રકાશ પ્રત્યે માનવને દોરી જતા ઇન્દ્રે ભજવેલો મોટો ભાગ, માનવની પ્રગતિમાં નડતાં વિઘ્નોનો ઇન્દ્રે કરેલો નાશ—આ બધું જોવા મળે છે. પરિણામે વેદનો માનસશાસ્ત્રીય અર્થ કરવામાં આ સૂકતો ખૂબ જ અગત્યનાં છે.

અગ્નિના સૂકતમાં પાંચથી આઠમા સુધીના ચાર મંત્રોમાં માનસશાસ્ત્રીય અર્થ રૂપકના પડદાને ચીરીને ખૂબ સામર્થ્ય અને સ્પષ્ટતાપૂર્વક બહાર આવે છે.

अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तमः ।
देवो देवेभिरागमत् ।।
यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि ।
तवेत्तत् सत्यमङ्गिरः ।।
उप त्वाग्ने दिवे दिवे दोषावस्तर्धिया वयम् ।
नमो भरन्त एमसि ।।
राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम् ।
वर्धमानं स्वे दमे ।।

આ મંત્રોમાં અનેક શબ્દોનો અર્થ સ્પષ્ટ રીતે માનસશાસ્ત્રીય છે, અને તે આખા સંદર્ભને પોતાના રંગે રંગી દે છે. પણ સાયણ તેનો કેવલ યજ્ઞવિધિપરક જ અર્થ કરવાનો આગ્રહ રાખે છે, અને તે અર્થ તે કેવી રીતે કાઢે છે તે જોવું રસપ્રદ છે. પ્રથમની પંકિતમાં કવિ શબ્દ આવે છે, જેનો અર્થ થાય છે દ્રષ્ટા. ક્રતુનો અર્થ આપણે યજ્ઞ કરીએ, તો પણ કવિક્રતુનો અર્થ થશે 'દ્રષ્ટાનું કાર્ય કે યજ્ઞકર્મ કરનાર પુરોહિત અગ્નિ.' આ વળાંક આપણને યજ્ઞનું રૂપકમય–પ્રતીકમય લક્ષણ આપે છે, અને તે વેદના ગહન અર્થને સમજવા માટે પૂરતું બીજ બની જાય છે. સાયણને લાગે છે કે કોઈ પણ હિસાબે તેણે આ અર્થ થવા દેવો જોઈએ નહિ, અને તેથી તે કવિ શબ્દના અર્થને મચડીને નવો જ અર્થ કાઢે છે. તે કહે છે કે અગ્નિ સત્ય છે, કારણ કે તે યજ્ઞના સાચા ફળને લાવી આપે છે. સાયણ શ્રવસ્‌નો અર્થ કીર્તિ કરે છે—અગ્નિની કીર્તિ ખૂબ અનેક પ્રકારની છે. આ અર્થની અસંગતતાને દૂર રાખવા માટે, શ્રવસ્‌નો અર્થ ધન-દ્રવ્ય કરવો જોઈતો હતો. તો પછી પાંચમા મંત્રનો અર્થ આવો થાય કે યજ્ઞવિધિ કરવામાં ક્રિયાશીલ, તેના ફલની બાબતમાં સત્ય--કારણ કે તેની પાસે અનેક વિવિધ પ્રકારનાં ધનો છે, તેવો પુરોહિત અગ્નિદેવ, બીજા દેવોની સાથે, અહીં પધારો.

સાયણ છઠ્ઠા મંત્રનો અર્થ બેહૂદી, આંચકો લાગે તેવી રીતે કરે છે, અને મંત્રના સમગ્ર અર્થપ્રવાહને વિચ્છિન્ન કરે તેવા વિચારનો ક્ષુદ્ર વળાંક આપે છે. 'તું યજમાનને—દાતાને જે (વિવિધ ધનરૂપી) કલ્યાણ આપે છે, તે તારું છે. હે અંગિરા, આ સત્ય હકીકત છે.' એ વાતમાં શંકાને સ્થાન નથી, કારણ કે જો અગ્નિ યજમાનને ધનરૂપી કલ્યાણ આપે, તો તે અગ્નિ માટે બીજા અનેક યજ્ઞો કરશે, અને આ રીતે યજમાનનું કલ્યાણ તે અગ્નિનું જ કલ્યાણ બની જશે. આ મંત્રનો પણ આવો અર્થ કરવો તે વધારે સારું છે, કે 'હે અંગિરા, તું દાતાનું—યજમાનનું જે કલ્યાણ કરશે, તે તારુ સત્ય છે,

કારણ કે આ વધારે સરલ અર્થ અને રચના છે, અને सत्य વિશેષણ યજ્ઞના અગ્નિદેવને લાગુ કરી શકાય છે. યજ્ઞના યજમાનને—દાતાને બદલામાં અગ્નિ કલ્યાણ સમર્પે છે, તે અગ્નિનું સત્ય છે.

સાતમા મંત્રનો યજ્ઞવિધિપરક અર્થ લેવામાં કોઈ મુશ્કેલી નડતી નથી. માત્ર 'તને નમનો કરતા અમે આવીએ છીએ' એ વિચિત્ર શબ્દગુચ્છ કંઈક ખટકે છે. સાયણ એવો અર્થ કરે છે કે રોજરોજ, રાતે અને દિવસે, નમન કરતા વિચાર સાથે અમે તારી પાસે આવીએ છીએ. આઠમા મંત્રમાં સાયણ ऋतનો અર્થ સત્ય કરે છે—યજ્ઞનું સત્ય ફલ. 'પ્રકાશમાન, યજ્ઞોના રક્ષક, યજ્ઞના સત્ય ફળને હમેશાં પ્રગટ કરતા, તારા જ ઘરમાં વૃદ્ધિ પામતા, તારી પાસે અમે આવીએ છીએ.' અહીં ऋતનો અર્થ યજ્ઞ કરવો તે વધારે સારું અને સરળ છે —યજ્ઞોમાં પ્રકાશતા, યજ્ઞવિધિના રક્ષક, હમેશાં પ્રકાશયુકત, તારા ઘરમાં વૃદ્ધિને પામતા, તારી પાસે અમે આવીએ છીએ. સાયણ કહે છે કે અગ્નિનું ઘર એ વેદિ છે, અને વેદમાં ઘણી વાર વેદિને અગ્નિના ઘર તરીકે વર્ણવવામાં આવી છે.

આ રીતે આપણે જોઈ શકીશું કે જે મંત્રમાં માનસશાસ્ત્રીય અર્થની અપાર સમૃદ્ધિ આપણી પ્રથમ નજરે પડે છે, તે મંત્રના અમુક શબ્દોના અર્થ મચડવાથી આપણને તદ્દન વિચારશૂન્ય, યજ્ઞવિધિપરક અર્થ પ્રાપ્ત થઈ શકે છે. તે ગમે તેટલી કુશળતાપૂર્વક કરવામાં આવે, પણ તે અર્થની કૃત્રિમતા બતાવતી ન્યૂનતાઓ અને ચિરાડા આપણને તરત દૃષ્ટિગોચર થાય છે. સમગ્ર વેદમાં કવિશબ્દનો જે સીધોસાદો અર્થ છે, તેને આપણે દૂર ફેંકી દેવો પડે છે. અને તેનો ખોટો અર્થ મારીમચડીને કાઢવો પડે છે. કાં તો આપણે सत्य અને ऋत—જે શબ્દો વેદમાં વારંવાર ખૂબ સંબંધિત છે તેમને તલ્લાક આપવી પડશે, અથવા તો ऋતનો અર્થ મારીમચડીને બીજો કરવો પડશે, અને ઋષિની ભાષા જે સ્વાભાવિક સૂચનોને આપણા મન પર આગ્રહપૂર્વક પ્રગટ કરવા માગે છે, તે બધાંને આપણે કોરે મૂકી દેવાં પડશે.

હવે આપણે તે પ્રેરણાયુકત મંત્રના શબ્દોને તેમની પૂર્ણ માનસશાસ્ત્રીય મૂલ્યવત્તા આપીને, સાયણથી વિરુદ્ધ જઈ તેનો અર્થ કરીએ. સંસ્કૃતમાં क्रतुનો અર્થ થાય છે કર્મ, ક્રિયા—ખાસ કરીને યજ્ઞ કર્મ. પણ તેનો અર્થ, શકિત-સામર્થ્ય (ગ્રીક ક્રેટોસ) 'કર્મને અસરકારક રીતે કરવાનું સામર્થ્ય' થાય છે. માનસશાસ્ત્રીય દૃષ્ટિએ કર્મને સિદ્ધ કરનાર સંકલ્પશકિત છે. તેનો અર્થ મન કે બુદ્ધિ પણ થાય છે, અને સાયણે क्रतुનો અર્થ 'વિચાર કે જ્ઞાન' સ્વીકાર્યો છે. श्रवस्‌નો અક્ષરાર્થ થાય છે શ્રાવણ, અને તે પ્રથમના મૂળ અર્થમાંથી ગૌણ અર્થ નીકળે છે કીર્તિ. પણ સંસ્કૃતમાં માનસશાસ્ત્રીય રીતે श्रवस्‌નો અર્થ પણ નીકળે કે, જે આપણે શ્રવણ, શ્રુતિ, શ્રુતમાં જોઈએ છીએ—જેનો અર્થ થાય છે દર્શના-શકિત,

પ્રેરણાથી પ્રગટતું જ્ઞાન. સત્યના ઋતના પ્રાચીન વૈદિક વિચારમાં હાજર રહેલી મનસાતીત શકિતનાં બે મુખ્ય સ્વરૂપો છે—દૃષ્ટિ અને શ્રુતિ, દર્શન અને શ્રાવણ, આંતરદર્શના અને પ્રેરણા. શબ્દકોશકારોએ શ્રવસ્‌નો અર્થ નથી આપ્યો, પણ તે એક સૂકતના અર્થમાં સ્વીકારવામાં આવ્યો છે– 'વેદનો પ્રેરણાયુકત શબ્દ.' આ હકીકત સ્પષ્ટ બતાવી આપે છે કે એક વખતે તેનો અર્થ 'પ્રેરણા અથવા તો પ્રેરણાયુકત શબ્દ અથવા જ્ઞાન' થતો હતો. એટલે આ મંત્રમાં તે શ્રવસ્ શબ્દનો તે અર્થ આપવાનો અધિકાર આપણને પ્રાપ્ત થાય છે, કારણ કે તેનો બીજો અર્થ—કીર્તિ આ સંદર્ભમાં અર્થહીન અને અસંગત છે. નમસ્ શબ્દનો પણ માનસશાસ્ત્રીય અર્થ થઈ શકે તેમ છે, કારણ કે તેનો અર્થ થાય છે 'નીચે નમવું, શરીરના સ્થૂળ નમન સાથે દેવના સમર્પણયુકત પૂજનની-નમનની ક્રિયા.' એટલે જ્યારે ઋષિ કહે છે કે 'વિચાર વડે અગ્નિને નમનો કરતા' ત્યારે નમસ્ શબ્દનો અર્થ માનસશાસ્ત્રીય રીતે 'આંતરિક નમન, દેવને સમર્પણ' એવો થાય છે તેમાં શંકાને સ્થાન નથી.

આ રીતે આપણને તે ચાર મંત્રોનો આ અર્થ પ્રાપ્ત થાય છે:

સમર્પણના પુરોહિત, કર્મ પ્રત્યે જેની સંકલ્પશકિત દ્રષ્ટાની છે એવા, જે સત્ય છે, વિવિધ પ્રેરણામાં જે ખૂબ સમૃદ્ધિશાળી છે એવા, અગ્નિદેવ બીજા દેવો સાથે પધારો.

હે અંગિરા, દાતા માટે તમે જે કલ્યાણનું સર્જન કરો છો, તે તમારુ સત્ય છે.

હે અગ્નિ, રોજ રોજ, રાતે અને દિવસે, અમે સમર્પણ ભાવને ધારણ કરીને, વિચારમાં તમારી પાસે આવીએ છીએ.

યજ્ઞોમાંથી પ્રકાશિત થતા (અથવા યજ્ઞોનું નિયમન કરતા), સત્યના અને તેના પ્રકાશના રક્ષક, તમારા ઘરમાં વૃદ્ધિને પામતા, તમારી પાસે અમે આવીએ છીએ.

આ અનુવાદમાં એક ત્રુટિ છે કે અમારે સત્ય અને ઋત—બંને શબ્દો માટે સત્યનો જ પ્રયોગ કરવો પડયો છે, જ્યારે આપણે सत्यं ऋतं बृहत्—ફૉર્મ્યુલામાં જોઈએ છીએ કે વૈદિક મનમાં તે બે શબ્દોના ચોક્કસ અર્થ માટે ભેદ હતો.

તો પછી આ અગ્નિદેવ કોણ છે, જેને આવી ગૂઢ, ઉત્સાહના તરવરાટવાળી ભાષામાં સંબોધવામાં આવ્યો છે, અને જેના પર આવાં વિશાળ અને ગહન કાર્યોનું આરોપણ કરવામાં આવ્યું છે? આ સત્યનો રક્ષક કોણ છે, જે પોતાના કાર્યથી તે સત્યને પ્રકાશિત કરે છે, જેની ક્રિયામાં દિવ્ય જ્ઞાનયુકત ઋષિની સંકલ્પશકિત છે કે જે જ્ઞાન તેની સમૃદ્ધ અને વિવિધ પ્રેરણાઓનું

નિયમન કરે છે? તે કયા સત્યનો રક્ષક છે? રોજ રોજ, રાત દિવસ, સમર્પણ અને આત્મનિવેદનનો બલિ વિચારમાં લઈને તેની પાસે આવનાર દાતા માટે તે કયા પ્રકારના કલ્યાણનું સર્જન કરે છે? અગ્નિ તે દાતાને સુવર્ણ, ઘોડા અને પશુઓ આપે છે કે તે કોઈ દિવ્ય સમૃદ્ધિ છે?

યજ્ઞનો અગ્નિ તો આ કાર્યો કરવા શકિતમાન નથી, તેમ કરનાર કોઈ ભૌતિક અગ્નિશિખા અથવા ભૌતિક ઉષ્ણતાનું અને પ્રકાશનું તત્ત્વ તો ન હોઈ શકે. અને છતાં સર્વત્ર યજ્ઞના અગ્નિનું રૂપક જ વાપરવામાં આવ્યું છે. એટલું તો સ્પષ્ટ છે કે આપણી સન્મુખ કોઈક ગૂઢ રૂપકમયતાની હાજરી વિદ્યમાન છે, જેમાં અગ્નિ, યજ્ઞ અને પુરોહિત કોઈ વધારે ગહન ઉપદેશનાં રૂપકો છે, અને જેમને સતત આગળ મૂકવાનું જરૂરી ગણવામાં આવ્યું હતું.

ઉપનિષદોના પહેલાંના વેદાન્તના ઉપદેશોમાં સત્યનો એવો ખ્યાલ આપણને મળી આવે છે કે જે વેદનાં સૂકતોની ફૉર્મ્યુલામાં વ્યકત થયો હતો, દાખલા તરીકે આગળ ઉદ્ધરણ કરેલું પદ—सत्यं ऋतं बृहत् ।—સત્ય, ઋત અને વિશાળ. વેદમાં સત્યના વિષયમાં કહ્યું છે કે એ એક જ માર્ગ છે જે સુખની અને અમરતાની તરફ લઈ જાય છે. ઉપનિષદોમાં પણ એ જ કહ્યું છે કે સત્યના માર્ગ દ્વારા સંત કે દ્રષ્ટા, ઋષિ કે કવિ પાર પહોંચે છે, અસત્યને પાર કરી જાય છે, મૃત અવસ્થાને પાર કરી અમરતામાં પહોંચે છે. આથી આપણને કલ્પના કરવાનો અધિકાર છે કે એ એક જ વિચાર છે જેના પર વેદમાં અને વેદાન્તમાં બંનેમાં ચર્ચા ચાલી રહી છે.

આ આધ્યાત્મિક વિચાર એ સત્યના વિષયમાં છે જે દિવ્ય તત્ત્વનું સત્ય છે, અને જે મૃત સંવેદન અને બાહ્ય રૂપનું સત્ય નથી. તે सत्यम् છે, અસ્તિત્વનું સત્ય છે, તેની ક્રિયામાં તે ऋत છે, સત્ય છે, દિવ્ય અસ્તિત્વનું સત્ય છે કે જે મનની તથા શરીરની બંનેની સત્ય ક્રિયાનું નિયમન કરે છે, તે બૃહત્ છે, અનંતતા-માંથી સીધું અને અવિકૃત સ્વરૂપમાં પ્રગટ થતું વૈશ્વિક સત્ય છે. તેને અનુરૂપ બનતી ચેતના પણ અનંત છે, બૃહત્ છે, વિશાળ છે, મર્યાદાના પાયા પર રહેલા ઈન્દ્રિયબદ્ધ મનની ક્ષુદ્ર ચેતના નથી. પહેલી ચેતનાને ભૂમા તરીકે વર્ણવી છે, બીજા પ્રકારની ચેતનાને અલ્પ તરીકે વર્ણવી છે. આ પારમાનસિક અથવા સત્ય-ચેતનાનું બીજું નામ મહસ્ છે, જેનો અર્થ પણ મહાન, વિશાળ થાય છે. અનૃતથી (માનસિક અને શારીરિક ક્રિયામાં સત્યને ખોટી રીતે લાગુ કરીને ઉત્પન્ન થતા અસત્યથી) પરિપૂર્ણ ઈન્દ્રિય-સંવેદના અને આભાસની વસ્તુઓ માટેનાં આપણાં કરણો છે ઈન્દ્રિયો, ઇન્દ્રિયબદ્ધ મન, અને તેમની સાબિતીઓ પર કામ કરતી બુદ્ધિ. ત્યારે સત્ય-ચેતના માટે કામ કરતાં કરણો છે દૃષ્ટિ, શ્રુતિ અને વિવેક—સત્યની સાક્ષાત્ દર્શના, તેના શબ્દનું સાક્ષાત્ શ્રવણ અને સત્યના સારાસારની

સીધી પરખ. ઋષિ અથવા તો કવિ તે છે, જે આ સત્ય-ચેતનાને ધારણ કરતો હોય, જે આ શકિતઓની ક્રિયા પ્રત્યે ખુલ્લો હોય. આપણે વેદના આ પ્રથમ સૂકતમાં સત્ય અને ઋતના આ ખ્યાલો લાગુ કરવાના છે.

વેદમાં અગ્નિની હમેશાં બે બાજુઓ રજૂ કરવામાં આવે છે—શકિત અને પ્રકાશ. તે લોકોનું નિર્માણ કરનાર દિવ્ય શકિત છે, કે જે શકિત હમેશાં સંપૂર્ણ જ્ઞાનપૂર્વક કામ કરે છે—કારણ કે અગ્નિ जातवेदा: છે, સર્વ જન્મોને જાણે છે, विश्वानि वयुनानि विद्वान्, તે સર્વ પ્રકટીકરણોને અથવા દૃશ્યોને જાણે છે, અથવા તેનામાં દિવ્ય જ્ઞાનનાં બધાં સ્વરૂપો અને બધી ક્રિયાઓ હાજર છે. વળી વારંવાર વેદમાં એમ કહેવામાં આવ્યું છે કે દેવો વડે અગ્નિ મર્ત્યોમાં અમર્ત્ય રૂપે મૂકવામાં આવ્યો છે, માનવમાં રહેલી દિવ્ય શકિત રૂપે-સિદ્ધિની શકિત રૂપે સ્થાપવામાં આવ્યો છે, જેની દ્વારા દેવો માનવમાં કર્મો કરી રહ્યા છે. આ કર્મને યજ્ઞનું પ્રતીક આપવામાં આવ્યું છે.

તો પછી માનસશાસ્ત્રીય દૃષ્ટિએ, આપણે અગ્નિને દિવ્ય જ્ઞાનથી સંપૂર્ણ રીતે પ્રેરિત દિવ્ય સંકલ્પશકિત રૂપે, તેની સાથે એકરૂપ તરીકે લઈ શકીએ, કે જે સત્ય-ચેતનાની સક્રિય અથવા અસરકારક શકિત છે. कविक्रतु નો આ સ્પષ્ટ અર્થ છે—જેની સક્રિય સંકલ્પશકિત અથવા અસરકારકતાની શકિત દ્રષ્ટાની છે, અર્થાત્ જે સત્ય-ચેતનાના જ્ઞાનપૂર્વક ક્રિયા કરે છે, અને જેનામાં કોઈ અયોગ્ય રીતે લાગુ કરવાની ભૂલ આવતી નથી. પાછળ આવતાં વિશેષણો આ અર્થને પુષ્ટિ આપે છે. અગ્નિ સત્ય છે—તેના અસ્તિત્વમાં સત્યપૂર્ણ છે; પોતાના સત્યનું અને પદાર્થોના વાસ્તિવિક સત્યનું સંપૂર્ણ સ્વામિત્વ તેને બધી ક્રિયાઓમાં અને શકિતના સંચલનમાં તે સ્વામિત્વનો વિનિયોગ કરવાનું બળ આપે છે. તેની પાસે સત્ય અને ઋત બંને છે. વળી તે चित्रश्रवस्तम: છે, ઋતમાંથી તેને સમૃદ્ધ રીતે પ્રકાશયુકત અને વિવિધ પ્રેરણાઓની સંપૂર્ણતા મળે છે, જેને પરિણામે તે સંપૂર્ણ કર્મ કરવા સમર્થ છે. આ બધાં વિશેષણો અગ્નિનાં होता તરીકે, યજ્ઞના પુરોહિત તરીકે છે કે જે યજ્ઞમાં આહુતિ આપે છે. યજ્ઞના પ્રતીક-વાળા કર્મમાં (अवस्‌માં) સત્યનો વિનિયોગ કરવાની અગ્નિની શકિતને પરિણામે માનવો તેનું આવાહન કરે છે. જેમ બાહ્ય યજ્ઞવિધિમાં યજ્ઞીય અગ્નિ મહત્ત્વનો છે, તેમ આંતર વિધિમાં સંગકિત પ્રકાશ અને શકિતનું આંતરિક બળ મહત્ત્વનું છે, જેને પરિણામે મર્ત્ય અને અમર્ત્ય વચ્ચે અદલાબદલીનો વ્યવહાર શકય બને છે. બીજી જગ્યાએ અગ્નિનું વર્ણન અનેક વાર દૂત તરીકે કરવામાં આવ્યું છે. દૂત એટલે તે અદલાબદલી અને વ્યવહારનું માધ્યમ, સંદેશવાહક.

આમ આપણે જોઈ શકીએ છીએ કે અગ્નિને કયા દરજ્જામાં યજ્ઞમાં આવવાનું નિયંત્રણ કરવામાં આવે છે, 'દેવો સાથે દેવ તરીકે અગ્નિ ભલે પધારે.'

देवो देवेभिः શબ્દગુચ્છમાં જે ઝોક મૂકવામાં આવ્યો છે તે આપણે તો જ સમજી શકીએ કે જ્યારે આપણે યાદ રાખીએ કે અગ્નિ મર્ત્યોમાં મુકાયેલો દેવ છે, મર્ત્યોમાં રહેલો અમર્ત્ય છે, દિવ્ય અતિથિ છે. આપણે તેના માનસ-શાસ્ત્રીય અર્થને સ્પષ્ટ કરવા, તેનો અનુવાદ આમ કરી શકીએ— 'દિવ્ય શકિત-ઓની સાથે દિવ્ય શકિતરૂપ અગ્નિ ભલે પધારે.' વેદના બાહ્ય અર્થમાં દેવો ભૌતિક પ્રકૃતિની વૈશ્વિક શકિતઓનું મૂર્તિકરણ છે. તેના આંતરિક અર્થમાં તે વિષયીગત પ્રવૃત્તિઓમાં કામ કરતી પ્રકૃતિની વૈશ્વિક શકિતઓ હોવી જોઈએ— સંકલ્પશકિત, મન વગેરે. પણ વેદમાં સામાન્ય માનવ ક્રિયાઓમાં કાર્ય કરતા આ દેવો (मनुष्वत्) અને દિવ્ય ક્રિયાઓમાં કાર્ય કરતી આ શકિતઓ વચ્ચે ભેદ છે. એમ માનવામાં આવ્યું છે કે તેમની, દેવોને અપાતા આંતર યજ્ઞની માનસિક ક્રિયાઓના સત્ય વિનિયોગથી તેમને સત્ય અથવા દિવ્ય સ્વભાવમાં રૂપાંતર પમાડી શકાય છે, મર્ત્ય અમર્ત્ય બની શકે છે. આ રીતે ઋભુઓ, કે જે પહેલાં માનવો હતા અથવા માનવી શકિતઓના પ્રતિનિધિ હતા, તેઓ ક્રિયાની પૂર્ણતા સિદ્ધ કરવાથી દિવ્ય અને અમર્ત્ય શકિતરૂપ બની ગયા—માનવનું सुकृत्यया, स्वपस्यया. દિવ્યને અપાતું સતત આત્મ-નિવેદન, અને દિવ્યનું માનવમાં સતત થતું અવતરણ—આનું યજ્ઞમાં રૂપક વિદ્યમાન છે.

આ રીતે પ્રાપ્ત થતી અમરતાની સ્થિતિ સંપૂર્ણ સત્ય અને યોગ્ય, सत्यं ऋतम् ના પાયા પર પ્રતિષ્ઠિત થયેલા આનંદની સ્થિતિ છે. મને લાગે છે કે પછીના મંત્રનો અર્થ આપણે એ રીતે કરવો જોઈએ— 'હે અગ્નિ, દાતા માટે તું જે કલ્યાણનું (આનંદનું) સર્જન કરીશ, તે તારું સત્ય છે.' બીજા શબ્દોમાં કહીએ તો અગ્નિના સ્વભાવભૂત આ સત્યનો સાર છે અનિષ્ટમાંથી મુકિત, ઋત જેને પોતામાં ધારણ કરે છે તે સંપૂર્ણ ભદ્રતા અને સુખની સ્થિતિ; અને દિવ્ય હોતા તરીકે અગ્નિના કાર્ય વડે મર્ત્ય માનવી જે સમર્પણ કરે છે તેના વડે તે સ્થિતિ જરૂર પેદા થાય છે. ભદ્ર શબ્દનો અર્થ થાય છે—ભલું, કલ્યાણ-કારી, સુખમય. તેમાં કોઈ ઊંડો અર્થ હોવો જોઈએ એમ નથી. પણ વેદમાં ઋતની પેઠે તે શબ્દનો ખાસ અર્થ થાય છે. એક સૂકતમાં (૫,૮૨,૪—૫) તેને दुःस्वप्न्यम्ના વિરોધી તરીકે વર્ણવવામાં આવ્યું છે. ખરાબ સ્વપ્ન એટલે અનૃતની અસત્યમય ચેતના, દુરિતની—દુષ્ટ ગતિની, પાપમયતાની અને દુઃખની ચેતના, એટલે ભદ્ર અને सुवितम्—શોભનગતિ—બે સમાનાર્થક થયાં. सुवितम् એટલે ऋतम्—સત્યની સ્થિતિમાં પ્રાપ્ત થતાં ભદ્ર અને સુખ. તે मयस्, સુખ છે; અને સત્ય-ચેતનાના પ્રતિનિધિરૂપ દેવો मयोभूवः વર્ણવાયા છે— અર્થાત્ સુખ લાવનાર, પોતાના અસ્તિત્વમાં સુખનું વહન કરનાર. આ રીતે વેદનો પ્રત્યેક ભાગ જો બરાબર સમજવામાં આવે, તો તેથી બીજા ભાગ પર

પ્રકાશ પડે છે, માત્ર જ્યારે આપણે તેનાં આવરણોથી ગેરમાર્ગે દોરવાઈ જઈએ છીએ, ત્યારે જ આપણને તેમાં અસંગતતા દેખાય છે.

પછીના મંત્રમાં અસરકારક યજ્ઞની શરત વર્ણવવામાં આવી છે. તે શરત એ છે કે પ્રત્યેક દિવસે, રાતે અને પ્રકાશમાં માનવે સમજપૂર્વક પૂજન, આત્મસમર્પણ, નમન દ્વારા અગ્નિ જેનું પ્રતીક છે તેવી દિવ્ય સંકલ્પ-શકિતને બધું સોંપી દેવું જોઈએ. વેદમાંના બીજા દેવોની પેઠે નક્તોષાસા, રાત્રિ અને દિવસ પણ પ્રતીકમય છે. તેનો અર્થ થાય છે ચેતનાની બધી સ્થિતિઓમાં, પછી તે પ્રકાશમય હોય કે અંધકારમય, માનવે પોતાની બધી ક્રિયાઓ દિવ્ય નિયમન-શકિતને સતત સમર્પણ દ્વારા સોંપી દેવી જોઈએ.

અગ્નિ યજ્ઞોમાં રાતદિવસ પ્રકાશે છે. તે સત્યનો રક્ષક છે, માણસમાં રહેલા ઋતનો રક્ષક છે અને અંધકારનાં બળો સામે તેનું અગ્નિ રક્ષણ કરે છે; મનની અસ્પષ્ટ અંધકારમય, વિરોધી શકિતઓએ જેને ઘેરો ઘાલ્યો છે તેવી અવસ્થાઓમાં પણ અગ્નિ તેને સતત પ્રકાશ આપતો રહે છે. આ આઠમા મંત્રમાં ટૂંકમાં જણાવેલા વિચારો ઋગ્વેદનાં બધાં અગ્નિસૂકતોમાં સતત દેખાય છે.

છેલ્લે અગ્નિને પોતાના ઘરમાં વૃદ્ધિ પામતો વર્ણવ્યો છે. અગ્નિનું ઘર એટલે વૈદિક ગૃહસ્થની અગ્નિશાળા—એ અર્થથી આપણે સંતોષ માની શકીએ તેમ નથી. આપણે વેદમાંથી જ તેનો બીજો અર્થ ખોળી કાઢવો જોઈએ, અને તે આપણને પ્રથમ મંડળના પંચોતેરમા સૂકતમાં મળે છે.

यजा नो मित्रावरूणा यजा देवान् ऋतं बृहत् ।
अग्ने यक्षि स्वं दमम् ।। (૧, ૭૫, ૫)

'અમારે માટે મિત્ર તથા વરુણને આહુતિ આપ; દેવોને, સત્યને, વિશાળને આહુતિ આપ; હે અગ્નિ, તારા પોતાના ઘરને આહુતિ આપ.'

આમાં ऋतं बृहत् અને स्वं दमम् યજ્ઞનું લક્ષ્ય વ્યકત કરે છે, અને તે અર્થ વેદની રૂપકમયતા સાથે સંપૂર્ણ રીતે સંવાદમાં છે, જેમાં યજ્ઞને દેવો પ્રત્યેની યાત્રા તરીકે વર્ણવ્યો છે, અને માનવને સત્ય, પ્રકાશ તથા આનંદ પ્રત્યે ગતિ કરતા યાત્રી તરીકે વર્ણવ્યો છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે સત્ય તથા વિશાળ અને અગ્નિનું પોતાનું ઘર—બંને એક જ હોવાં જોઈએ. ઘણીવાર અગ્નિ તથા બીજા દેવોનું વર્ણન કરવામાં આવ્યું છે, સત્યમાં જન્મતા, વિશાળમાં વાસ કરતા, તો પછી આપણા મંત્રનો આ અર્થ થશે કે દિવ્ય સંકલ્પશકિતરૂપ અને માનવમાં રહેલી શકિતરૂપ અગ્નિ પોતાના યોગ્ય સ્થાનકમાં—સત્યચેતનામાં વૃદ્ધિ પામે છે, જ્યાં અસત્ય મર્યાદાઓનો નાશ કરવામાં આવ્યો હોય છે—उरौ... અનિબાધે, વિશાળ અને મર્યાદારહિત ચેતનામાં.

આ રીતે વેદના પ્રથમ સૂકતના ચાર મંત્રોમાં આપણને વૈદિક ઋષિઓના મુખ્ય વિચારોનાં પ્રથમ સૂચનો પ્રાપ્ત થાય છે — પારમાનસિક અને દિવ્ય સત્ય-ચેતનાનો ખ્યાલ, મર્ત્ય માનવીના મનનાં અસત્યોમાંથી માણસને ઊર્ધ્વમાં લઈ જવા માટે સત્યની શકિતઓરૂપ દેવોનું આવાહન, આ સત્યમાં અને તેની દ્વારા સંપૂર્ણ ભદ્ર અને સુખની અમર સ્થિતિની સિદ્ધિ, અને આ દિવ્ય પરિણામની સિદ્ધિના સાધન તરીકે માનવ પાસે જે કાંઈ છે અને માનવ પોતે જે કાંઈ છે તેનું અમર્ત્યને સમર્પણ—આંતરિક યજ્ઞ. આ કેન્દ્રવર્તી ખ્યાલોની આસપાસ વૈદિક વિચારની બીજી આધ્યાત્મિક બાજુઓ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી છે.

વરુણ-મિત્ર અને સત્ય

જો વેદના પ્રથમ સૂકતમાં આપણે જે સત્યનો વિચાર જોયો છે, તેમાં અમરતા અને આનંદની સ્થિતિરૂપ પારમાનસિક ચેતનાનો ખ્યાલ સમાયેલો હોય, અને જો તે વિચાર વૈદિક ઋષિઓનો દોરનાર મુખ્ય વિચાર હોય, તો બધાં સૂકતોમાં બીજા તેના પર આધાર રાખતા માનસશાસ્ત્રીય સાક્ષાત્કારોના કેન્દ્રવર્તી તરીકે તે વિચાર વારંવાર સમગ્ર વેદમાં મળવો જોઈએ. મધુચ્છંદસ્‌ના રચેલા, ઇન્દ્ર અને વાયુને ઉદ્દેશાયેલા, બીજા સૂકતમાં આપણને તદ્દન સ્પષ્ટ અને માનસશાસ્ત્રીય સૂચનોથી પૂર્ણ મંત્રો મળે છે, કે જેમાં પ્રથમના અગ્નિસૂકત કરતાં પણ ઋતના વિચાર પર વધારે બળપૂર્વક ભાર મૂકવામાં આવ્યો છે. તે બીજા સૂકતના તે છેલ્લા ત્રણ મંત્રો છે—

मित्रं हुवे पूतदक्षं, वरुणं च रिशादसम् ।
धियं घृताचीं साधन्ता ।।
ऋतेन मित्रावरुणा, ऋतावृधा ऋतस्पृशा ।
ऋतुं बृहन्तमाशाथे ।।
कवी नो मित्रावरुणा, तुविजाता उरुक्षया ।
दक्षं दधाते अपसम् ।। (૧, ૨, ૭—૯)

પ્રથમ મંત્રમાં દક્ષ શબ્દ આવે છે, જેનો અર્થ સાયણ સામાન્ય રીતે હમેશાં બળ કરે છે. પણ घृताची धियम् નોંધપાત્ર શબ્દગુચ્છ છે, તેનાં घृताची વિશેષણ બહુ અગત્યનું છે. તે મંત્રનો અક્ષરાર્થ આવો થાય—પવિત્ર બનેલા બળવાળા (અથવા વિવેકવાળા) મિત્રનું, અને અમારા શત્રુઓનો વિનાશ કરનાર વરુણનું આવાહન કરું છુ, કે જે બંને પ્રકાશમાન બુદ્ધિને પરિપૂર્ણ (અથવા સિદ્ધ) કરે છે.

બીજા મંત્રમાં ऋतं શબ્દ ત્રણ વાર આવે છે; बृहत् તથા ऋतु શબ્દો આવે છે, જે બંનેને અમે વેદનો માનસશાસ્ત્રીય અર્થ કરવામાં બહુ મહત્ત્વ

આપ્યું છે. ક્રતુનો અર્થ અહીં યજ્ઞકર્મ અથવા અસરકારક શકિત થઈ શકે. પ્રથમ અર્થના ટેકા માટે આપણને વેદમાં બીજો એક મંત્ર મળે છે, જેમાં વરુણ અને મિત્રને સત્ય દ્વારા મહાન યજ્ઞને પ્રાપ્ત કરતા અથવા ભોગવતા વર્ણવવામાં આવ્યા છે—यज्ञंबृहन्तमाशाथे । પણ આ સમાંતર મંત્ર આખરી નિર્ણય આપી શકે તેમ નથી, કારણ કે એક જગ્યાએ યજ્ઞનો પોતાનો ઉલ્લેખ છે જ્યારે બીજી જગ્યાએ યજ્ઞ પરિપૂર્ણ કરતી શકિતનો ઉલ્લેખ છે. તે મંત્રનો અક્ષરાર્થ આ પ્રમાણે થઈ શકે: 'સત્યમાં વૃદ્ધિ કરનારા, સત્યનો સ્પર્શ કરનારા, મિત્ર અને વરુણ સત્ય દ્વારા મહાન કાર્યને સિદ્ધ કરે છે અથવા ભોગવે છે, અથવા વિશાળ શકિતને ભોગવે છે.'

ત્રીજા મંત્રમાં પણ દક્ષ શબ્દ ફરી આવે છે. તેમાં कवि, દ્રષ્ટા—શબ્દ પણ આવે છે. મધુચ્છંદસે તેને ક્રતુ (કાર્ય અથવા સંકલ્પશકિત) સાથે સંબંધિત કર્યો છે. સત્યનો ખ્યાલ આપણને પ્રાપ્ત થયો છે, અને उरुक्षयामांના उरुનો અર્થ વિશાળ થાય છે, તે बृहत् નો સમાનાર્થક શબ્દ છે, કે જેનો ઉપયોગ સત્યચેતનાની ભૂમિકાને અથવા લોકને વર્ણવતાં કરવામાં આવ્યો છે, અને જે અગ્નિનું પોતાનું ઘર છે. તેનો હું શબ્દાર્થ આપું છું: 'દ્રષ્ટા, અનેક પ્રકારના જન્મોવાળા, વિશાળ ઘરવાળા, મિત્ર અને વરુણ અમારા બળને (અથવા વિવેકને) ધારણ કરે છે, જે બળ કાર્ય સિદ્ધ કરે છે.'

આપણને જણાશે કે બીજા સૂકતના આ મંત્રોમાં આપણને પ્રથમ સૂકતના મંત્રોમાં પાયા રૂપ બનેલા વિચારો તે જ ક્રમમાં મળે છે, અને તે જ શબ્દોનો પ્રયોગ પણ મળે છે. પણ તે જુદી રીતે લાગુ કરવામાં આવ્યા છે, અને વિશુદ્ધ વિવેકના, સમૃદ્ધ રીતે પ્રકાશમાન બુદ્ધિના (धियंघृताचीम्), અને યજ્ઞ (अपस्)ના કાર્યમાં સત્યના કાર્યના ખ્યાલો નવીન ચોક્કસતા સાથે આપવામાં આવ્યા છે, જે ઋષિઓના કેન્દ્રવર્તી વિચારો ઉપર વધારે પ્રકાશ ફેંકે છે.

આ મંત્રમાંના दक्ष શબ્દનો અર્થ સાયણ મોટે ભાગે 'બળ' કરે છે, પણ તેનો અર્થ માત્ર સંદિગ્ધ છે. તેને दश्, दिश्, दह् શબ્દોની પેઠે તે दक्ष શબ્દ એક એવા ધાતુમાંથી આવે છે, કે જેનો મૂળમાં ખાસ અર્થ થાય છે 'આક્રમણકારી બળ' અને પરિણામે ઈજા—ખાસ કરીને વિભિન્ન કરવાની, કાપવાની, છૂંદવાની અથવા કોઈક વાર બાળવાની. બળવાચક ઘણા શબ્દોમાં મૂળ આ 'હાનિ પહોંચાડનાર બળ, યુદ્ધ કરનાર અને મારી નાખનારનું આક્રમણકારી બળ' અર્થ હતો. પોતાને વારસામાં મળેલી પૃથ્વી પર બળજબરીથી સ્થાન પ્રાપ્ત કરી શકવા માટે પ્રાથમિક દશાનો જંગલી માણસ એ પ્રકારના બળની કિંમત ખોટી આંકતો. સામાન્ય સંસ્કૃત શબ્દ बलમાં આપણે તે સંબંધ જોઈ શકીએ છીએ. તે શબ્દ 'બેલ્લો'નો અર્થ 'હું પ્રહાર કરું છું,' અને બૅલોસ, હથિયાર-આયુધ, તે

બે ગ્રીક શબ્દોના કુટુંબનો છે. દક્ષ, બળ—શબ્દ પણ તે જ મૂલ અર્થ ધરાવે છે.

પણ આ વિભેદના વિચારે ભાષા-વિકાસના માનસશાસ્ત્રમાં બીજા નવા જ વિચારોને જન્માવ્યા. જ્યારે પ્રથમના માનવને માનસિક ખ્યાલો માટે શબ્દો શોધવાની જરૂર પડી, ત્યારે તેની પાસે તરત હાથ લાગે તેવી સહેલી રીત એ હતી કે સ્થૂલ શારીરિક ક્રિયાના શબ્દોને માનસિક ગતિ માટે લાગુ કરવા. શારીરિક-ભૌતિક વિચ્છેદ અથવા વિયોગનો ઉપયોગ તે રીતે થયો, અને તેનો અર્થ ભિન્નતા કરવામાં આવ્યો. પ્રથમ તેને ચક્ષુરિન્દ્રિય દ્વારા જુદા જોવાની ક્રિયાને લાગુ કરવામાં આવ્યો, અને પછી તેને માનસિક વિયોગ-વિભાજીકરણને લાગુ પાડવામાં આવ્યો, અને આ રીતે તેનો અર્થ થયો 'વિવેક, નિર્ણય!' આ રીતે સંસ્કૃતના विद् ધાતુનો અર્થ થાય છે 'જાણવું' પણ ગ્રીક અને લૅટિનમાં Vid (विद्) ધાતુનો અર્થ થાય છે 'જોવું.' दश्— જોવું, ધાતુનો મૂળ અર્થ થતો હતો 'ચીરવું, ફાડવું, વિયુકત કરવું.' पश्—જોવું, ધાતુનો ઉદ્‌ભવ પણ તે રીતનો જ છે. આ બાબતમાં ત્રણ એક જ ધાતુઓમાંથી આપણને ઘણું જાણવાનું મળી શકે તેમ છે. 'पिस्', ઈજા કરવી, હાનિ પહોંચાડવી, બળવાન હોવું, 'पिष्' ઈજા પહોંચાડવી, હાનિ કરવી, બળવાન હોવું, પીસવું, દળવું; અને 'पिश्' રચના કરવી, નિર્માણ કરવું, સંગઠિત કરવું, મૂળ ઘટકોને પ્રાપ્ત કરવા. આ ત્રણેય ધાતુઓના અર્થોના મૂળમાં વિભાજીકરણ, વિચ્છેદ, કાપવું તે ખ્યાલો રહેલા છે. તેમાંથી पिशाच શબ્દ બન્યો છે, જેનો અર્થ થાય છે રાક્ષસ. पिशुनનો અર્થ થાય છે—કઠોર, ક્રૂર, દુષ્ટ, દગલબાજ, નિંદાખોર. પણ તે બધા હાનિના અર્થને સૂચવે છે. બીજી બાજુએથી વિચારતાં, તેમનો અર્થ થાય છે—સૂચવતું, પ્રગટ કરતું, બતાવતું-દેખાડતું-આવિષ્કાર કરતું, સ્પષ્ટ કરતું. તે જ રીતે क्री, ઈજા પહોંચાડવી, વિભાજિત કરવું, વેરી નાખવું—એ ધાતુ ગ્રીકમાં krino (ક્રિનો) 'હું ચાળું છું, પસંદ કરું છું, નિર્ણય કરું છું, નિશ્ચિત કરું છું' ધાતુમાં દેખા દે છે. દક્ષનો ઈતિહાસ પણ તેવા જ પ્રકારનો છે. તે दश् ધાતુ સાથે સંબંધ ધરાવે છે, જેમાંથી લૅટિનમાં આપણને દોસિયો 'હું શિખવાડું છું,' અને ગ્રીકમાં દોકિયો, 'હું વિચારું છું, નિર્ણય બાંધું છું, ગણતરી કરું છું,' અને દોકાઝો, 'હું અવલોકન કરું છું, મારો મત છે' શબ્દો પ્રાપ્ત થાય છે. તેની સાથે સંબંધ રાખતો दिश् ધાતુ છે, જેનો અર્થ થાય છે—આંગળી ચીંધીને બતાવવું, ભણાવવું (ગ્રીક દિકનુમિ.) દક્ષ શબ્દ સાથે ગ્રીક દોક્ષા—અભિપ્રાય, નિર્ણય અને દેકસીઓસ, હોશિયાર, ચતુર, જમણો હાથ-સંબંધ ધરાવે છે. સંસ્કૃતમાં दक्ष ધાતુનો અર્થ થાય છે—ઈજા કરવી, મારી નાખવું; પણ તેનો બીજો અર્થ થાય છે—સમર્થ હોવું, શકિત ધરાવવી. दक्ष् વિશેષણનો અર્થ છે—હોશિયાર, ચતુર, સમર્થ, યોગ્ય, કાળજીપૂર્ણ, ધ્યાનયુકત. दक्षिणનો અર્થ થાય છે—હોશિયાર,

ચતુર, જમણો (હાથ)—ગ્રીક શબ્દ દેકસીઓસ પેઠે. નામરૂપે દક્ષનો અર્થ થાય છે બળ, દુષ્ટતા (ઈજા કરવી—પરથી), માનસિક શકિત અથવા યોગ્યતા. આ બાબતમાં આપણે દશા, મન-બુદ્ધિની સ્થિતિ-શબ્દને પણ સરખાવી શકીએ. આ બધી સાબિતીઓ પરથી આપણે સ્પષ્ટ જોઈ શકીશું કે એક વખતે દક્ષનો અર્થ 'વિવેક, નિર્ણય, સારાસારની પરખવાળી બુદ્ધિશકતિ' હોવો જોઈએ, અને 'માનસિક વિભાજીકરણ'ના અર્થમાંથી તેનો અર્થ 'માનસિક શકિત' થયો છે, નહિ કે શારીરિક બળના ખ્યાલને મનની શકિતના ખ્યાલ રૂપે સંક્રાંત કરવાથી.

એટલે વેદમાં દક્ષ શબ્દના આપણને ત્રણ શકય અર્થો મળે છે—સામાન્ય અર્થમાં બળ, માનસિક શકિત—ખાસ કરીને નિર્ણય બાંધવાની શકિત અને વિવેકશકિત. દક્ષ શબ્દ ઘણી વાર ક્રતુ સાથે સંબંધિત છે. ઋષિઓ તે બંનેને એક સાથે મેળવવાની અભીપ્સા સેવે છે—દક્ષાય ક્રતવે, જેનો અર્થ નીકળે છે 'સામર્થ્ય અને અસરકારક શકિત,' અથવા 'સંકલ્પશકિત અને વિવેક'. વારંવાર તે શબ્દ એવા મંત્રોમાં આવે છે કે જેમનો સમગ્ર સંદર્ભ માનસક્રિયાઓ સાથે સંબંધિત હોય છે. છેવટે, દક્ષની સ્ત્રીશકિત દક્ષિણા દેવી પણ વેદમાં આવે છે. દક્ષ પોતે એક દેવ છે, જે પાછળથી પુરાણોમાં એક પ્રજાપતિ બની ગયો. દક્ષિણા જ્ઞાનના પ્રાગટય સાથે સંબંધ ધરાવે છે, કેટલીક વાર પ્રકાશ લાવનારી દિવ્ય ઉષા સાથે તેનું તાદાત્મ્ય જોવા મળે છે. મારું એવું સૂચન છે કે વધારે પ્રસિદ્ધ ત્રણ દેવીઓ—ઈલા, સરસ્વતી અને સરમા સાથે, દક્ષિણા ચોથી દેવી હતી. તે ઋત અથવા સત્ય-ચેતનાની ચાર શકિતઓ છે. ઈલા આંતરદર્શના છે, સરસ્વતી સત્યની શ્રુતિ—પ્રેરણા-દિવ્ય શબ્દ છે, સરમા આંતરપ્રેરણા છે, અને દક્ષિણા આંતર-પ્રેરણાયુકત વિવેકશકિત છે. એટલે દક્ષનો અર્થ મનની ભૂમિકા પર મનની નિર્ણયશકિત અને ઋતમ્‌ની ભૂમિકા પર આંતરપ્રેરણાયુકત વિવેકશકિત થાય.

આપણે જેમની ચર્ચા કરીએ છીએ તે ત્રણ ઋચાઓ એવા સૂકતના છેલ્લા ત્રણ મંત્રો છે, કે જેમાંના પહેલા ત્રણ મંત્રો વાયુને એકલાને ઉદ્દેશાયેલા છે, અને પછીના ત્રણ મંત્રો ઈન્દ્ર તથા વાયુને ઉદ્દેશાયેલા છે. આપણે જોઈશું તે પ્રમાણે, સૂકતોના માનસશાસ્ત્રીય અર્થમાં ઈન્દ્ર મનશકિતનું પ્રતીક છે. ઈન્દ્રિય શબ્દ તેના નામ પરથી વ્યુત્પન્ન થયો છે. સ્વર તેનો ખાસ પ્રદેશ છે. તે શબ્દનો અર્થ થાય છે સૂર્ય અથવા પ્રકાશયુકત. તે સૂર અથવા સૂર્ય સાથે સંબંધિત છે, તે વૈદિક વ્યાહૃતિઓમાં ત્રીજા લોકને સૂચવવા માટે વપરાયો છે. તે વિશુદ્ધ અથવા અનાવૃત મનના તત્ત્વનો દ્યોતક છે. સૂર્ય મન પર ઊગતા ઋતમ્‌નો પ્રકાશ છે; સ્વર તે પ્રકાશને સીધી રીતે ઝીલતી માનસ-ચેતનાની ભૂમિકા છે. વાયુ હમેશાં પ્રાણ અથવા જીવનશકિત સાથે સંબંધિત છે. તે જ્ઞાનતંતુઓના

ક્રિયાસમૂહને ટકાવી રાખે છે, કે જે ક્રિયાઓ ઇન્દ્રથી નિયમિત માનસિક શક્તિઓને ટેકારૂપ છે. તે બધાના સમુદાયને આપણે માનવીનું મન-માનસ કહીએ છીએ. સૂક્તમાં આ બે દેવોને આવીને સાથે જ સોમરસનું પાન કરવા માટે આવાહન કરવામાં આવ્યું છે. સોમને ઉદ્દેશીને રચાયેલા નવમા મંડળમાંનાં સોથી વધારે સૂક્તોમાં પુષ્કળ સાબિતી મળે છે, જેના પરથી સોમ આનંદનું માદક પીણું છે, અસ્તિત્વનો દિવ્ય આનંદ છે કે જે ऋतम्–સત્ય દ્વારા પારમાનસિક ચેતનામાંથી મન પર વહી આવે છે, એમ સિદ્ધ થાય છે. જો આપણે આ અર્થો સ્વીકારીએ, તો આપણે તે સૂક્તનો અનુવાદ માનસશાસ્ત્રીય અર્થ પ્રમાણે સહેલાઈથી કરી શકીએ.

ઇન્દ્ર અને વાયુ ચેતનામાં વહી આવતા સોમરસ પ્રત્યે જાગૃત થાય છે. અર્થાત્, માનવના માનસમાં સાથે કાર્ય કરી રહેલી મનશક્તિએ તથા પ્રાણશક્તિએ અંદર વહી આવતા આનંદ પ્રત્યે, અમૃત પ્રત્યે, ઉપરથી અવતરણ કરતા આનંદ અને અમરતા પ્રત્યે જાગૃત થવાનું છે. તે માનસિક તથા પ્રાણિક શક્તિઓના પરિપૂર્ણ પ્રાચુર્યમાં તે સોમરસને સ્વીકારે છે–चेतथः सुतानां वाजिनीवसू। (૧, ૨, ૫.) આ પ્રમાણે સ્વીકારાયેલો આનંદ મર્ત્યમાં અમર્ત્ય ચેતના તૈયાર કરવાનું નવીન કાર્ય કરે છે, અને ઇન્દ્રને તથા વાયુને આવીને બુદ્ધિમાં સહકાર આપીને તે નવાં કાર્યો જલ્દી પરિપૂર્ણ કરવા માટે આવાહન કરવામાં આવ્યું છે—आयातं उप निष्कृतं मक्षु.....धिया। (૧, ૨, ૬.) કારણ કે ધી બુદ્ધિશક્તિ છે, સમજશક્તિ છે. ઇન્દ્ર તથા વાયુના સહયોગથી સૂચવાતી સામાન્ય મનોદશા અને ऋत् ની સત્યચેતના વચ્ચે બુદ્ધિશક્તિ સાંકળરૂપ છે.

આ તબક્કે વરુણ અને મિત્ર આવી પહોંચે છે, અને આપણી કંડિકાની શરૂઆત થાય છે. માનસશાસ્ત્રીય ચાવી સિવાય, સૂક્તના પ્રથમ ભાગ અને છેલ્લા ભાગ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થતો નથી, વરુણ-મિત્ર વચ્ચેનો તથા ઇન્દ્ર-વાયુના યુગલ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થતો નથી. તે ચાવી વડે તે બંને સંબંધો સ્પષ્ટ બની જાય છે; સાચે જ તે એકબીજા પર આધાર રાખે છે. સૂક્તની પ્રથમ ત્રણ ઋચાઓમાં માત્ર વાયુનું એકલાનું જ આવાહન કરવામાં આવ્યું છે, કારણ કે પ્રથમ પ્રાણિક શક્તિઓને તૈયાર કરવાની છે; પછી માનવમાં સત્યચેતનાની ક્રિયાઓ માટે ઇન્દ્ર-વાયુના યુગલ વડે સૂચવાતા માનસને તૈયાર કરવાનું છે; છેલ્લે બુદ્ધિને પરિપૂર્ણ કરી તેનાં કાર્યોને વિશાળ બનાવવા માટે, માનસ પર સત્યના કાર્ય માટે તૈયારી કરવાની છે. માનવ મનમાં— સ્વભાવમાં સત્યના કાર્યને સૂચવતા ચાર દેવોમાંના વરુણ અને મિત્ર બે દેવો છે.

વેદની શૈલી એવી છે કે જ્યારે વિચારની એક ગતિમાંથી તેમાંથી વિકસતી બીજી ગતિ તરફ પલટો આવે, ત્યારે પહેલાંના ભાગમાં વપરાયેલા અગત્યના

શબ્દની પછીના ભાગમાં પુનરાવૃત્તિ કરવામાં આવે છે. પ્રતિધ્વનિ દ્વારા સૂચન કરવાનો આ સિદ્ધાંત સૂકતોમાં બધે વ્યાપીને રહેલો છે, બધા ઋષિઓની તે લઢણ છે. આ મંત્રોમાં સાંકળરૂપ શબ્દ ધી છે. ધી સામાન્ય અર્થમાં વપરાતા મતિ શબ્દ કરતાં ભિન્ન અર્થ ધરાવે છે. મતિ નો અર્થ થાય છે—માનસ, સામાન્ય માનસિક ક્રિયા, વિચાર, લાગણી, મનોદશા. ધી નો અર્થ થાય છે—વિચાર-મન, અથવા બુદ્ધિ. ધી શબ્દ ધા ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે; એટલે બુદ્ધિ તરીકે તેની પાસે આવતી બધી વસ્તુઓને તે ધારણ કરે છે, દરેકની વ્યાખ્યા નિશ્ચિત કરે છે, અને દરેકને તેની યોગ્ય જગ્યાએ મૂકે છે. ઘણી વાર તે બુદ્ધિની ક્રિયાને —વિશિષ્ટ વિચાર કે વિચારોને સૂચવે છે. વિચાર દ્વારા જ્ઞાનતંતુઓયુકત માનસને પરિપૂર્ણ કરવા માટે ઈન્દ્ર તથા વાયુનું આવાહન કરવામાં આવ્યું છે—निष्कृतं .....धिया। પણ સત્યચેતના સાથે મુકત વ્યવહાર કરવા મન સમર્થ બને, ત્યાર પહેલાં આ વિચારરૂપ સાધનને વિશુદ્ધ-સમૃદ્ધ-સુસ્પષ્ટ કરવાનું રહે છે. તેથી સમૃદ્ધ રીતે પ્રકાશિત વિચારને સિદ્ધ કરતા–धियं घृताचीं साधन्ता, સત્યની શકિતઓ રૂપ વરુણ તથા મિત્રનું આવાહન કરવામાં આવ્યું છે.

વેદમાં ઘૃત પરથી બનાવેલું વિશેષણ અહીં પ્રથમ વાર વેદમાં ધી ને લગાડવામાં આવેલું નજરે પડે છે. બીજા મંત્રોમાં પણ તે मनस् ના, મનીષા ના સંબંધમાં વારંવાર વપરાયેલું જોવામાં આવે છે, વિચારની ક્રિયા જ્યાં સૂચવાઈ છે તે સંદર્ભમાં તે જોવામાં આવે છે. घृ ધાતુનો અર્થ થાય છે 'ખૂબ પ્રકાશિત હોવું, ઉષ્ણ થવું' અને તેના અર્થનો સંબંધ ઉનાળાના સૂર્ય સાથે અથવા અગ્નિ સાથે જોડાયેલો છે. તેનો અર્થ 'છાંટવું, લેપ કરવો' પણ થાય છે, જેવો ગ્રીક શબ્દ chrio (ક્રિયો) નો થાય છે. તે મોટે ભાગે ગમે તે પ્રવાહી માટે વપરાય છે—ખાસ કરીને પ્રકાશયુકત, ઘટ્ટ પ્રવાહી માટે. આ બે શકય અર્થોની અનિશ્ચિતતાનો લાભ વૈદિક ઋષિઓએ લીધો. બાહ્ય રીતે તેનો તેમણે 'ધી' અર્થ કર્યો, અને આંતરિક દૃષ્ટિએ તેમણે તેનો અર્થ 'પ્રકાશિત વિચારદ્રવ્યના પાયા' તરીકે મેધાની—'મગજની શકિતની સમૃદ્ધ પ્રકાશયુકત સ્થિતિ અથવા ક્રિયા' એવો કર્યો. એટલે धियं घृताचीम्નો અર્થ થયો 'સમૃદ્ધ અને પ્રકાશયુકત માનસિક ક્રિયાથી પૂર્ણ બુદ્ધિ.'

બુદ્ધિની આ સ્થિતિને પરિપૂર્ણ કરનાર વરુણ અને મિત્રને બે જુદાં વિશેષણો આપવામાં આવ્યાં છે. મિત્ર પૂતદક્ષ છે—વિશુદ્ધ નિર્ણયશકિતવાળો છે; વરુણ રિશાદસ્ છે, બધા હાનિ પહોંચાડનાર શત્રુઓનો નાશ કરનાર છે. વેદમાં વિશેષણો માત્ર અલંકાર તરીકે વપરાતાં નથી. દરેક શબ્દ કાંઈક કહી જાય છે, અર્થમાં કંઈક વધારો કરે છે, અને સમગ્ર વાકયના વિચાર સાથે ગાઢ સંબંધ ધરાવે છે. બુદ્ધિને સત્યચેતનાનું સંપૂર્ણ અને પ્રકાશયુકત દર્પણ બનતાં રોકનાર

બે વિઘ્નો છે—એક તો વિવેકશકિતની અશુદ્ધિ, જે સત્યના ગૂંચવાડા તરફ દોરી જાય છે; અને બીજું અનેક કારણો અને અસરો જે સત્યની વૃદ્ધિ પર મર્યાદાઓ મૂકી તેને અટકાવે છે, અથવા સત્યને પ્રગટ કરતા વિચારોના સંબંધોને તથા સંવાદિતાને ભાંગી નાખે છે અને પરિણામે સત્યના આંતરસત્ત્વને અસત્ય બનાવી મૂકી, વિચાર—દારિદ્ર્ય લાવે છે. જેવી રીતે વેદમાંના દેવો સૃષ્ટિઓના સંવાદને રચતી, સત્યચેતનામાંથી અવતીર્ણ થયેલી વૈશ્વિક શકિતઓના દ્યોતક છે, અને માનવને ક્રમિક પૂર્ણતા પ્રત્યે લઈ જાય છે, તેવી રીતે આ ધ્યેયો તથા હેતુઓની વિરુદ્ધમાં કાર્ય કરતી અસરો વિરોધીઓ છે, દસ્યુઓ અને વૃત્રો છે, જેમનો પ્રયત્ન હોય છે ભાંગફોડ કરવાનો, મર્યાદિત કરવાનો, નકારવાનો અને વસ્તુઓ ન આપવાનો. વેદમાં વરુણ હમેશાં વિશાળતા અને વિશુદ્ધિની શકિત છે. પરિણામે જ્યારે માનવમાં તે સત્યની સભાન શકિત તરીકે હાજર હોય છે, ત્યારે તેના દોષ, પાપ, દુષ્ટતાને અને તેના સ્વભાવને મર્યાદિત કરનાર—હાનિ પહોંચાડનાર બધાં તત્ત્વોનો તે નાશ કરે છે. તે रिशादस् છે—શત્રુનો નાશ કરે છે, માનવના વિકાસને હાનિ પહોંચાડનાર બધાં તત્ત્વોનો નાશ કરે છે. मित्र, વરુણની પેઠે પ્રકાશ અને સત્યની શકિત છે, તે વૈદિક આનંદના—मयस्‌ના પાયારૂપ પ્રેમ, આનંદ અને સંવાદિતાનો દ્યોતક છે. વરુણની વિશુદ્ધિને સહકાર આપીને, વિવેકશકિતને તે વિશુદ્ધિનું અર્પણ કરીને, મિત્ર, માનવને બધી વિસંવાદિતાઓને, ગૂંચવાડાઓને દૂર કરવાનું સામર્થ્ય આપે છે, અને બળવાન પ્રકાશયુકત બુદ્ધિના યોગ્ય કાર્યને સ્થાપિત કરે છે.

આ વિકાસ ऋतम्‌ને—સત્યચેતનાને માનવી માનસમાં કાર્ય કરવા સમર્થ બનાવે છે. ऋतम्‌ને સાધન તરીકે વાપરવાથી, માનવમાં ऋतના કાર્યની વૃદ્ધિ કરતા (ऋतावृधा), ऋतનો સ્પર્શ કરતા—તેને પ્રાપ્ત કરતા, અર્થાત્ માનસિક ચેતનાને સત્યચેતના સાથે સફળ સંપર્કમાં આવવા માટે સામર્થ્ય આપતા—સત્યચેતનાયુકત બનવા સામર્થ્ય આપતા (ऋतस्पृशा), મિત્ર અને વરુણ વિશાળ અસરકારક સંકલ્પશકિતનો ઉપભોગ કરવા શકિતમાન બને છે—क्रतुं बृहन्तमासाथे। કારણ કે આંતર-યજ્ઞની મુખ્ય અસરકારક સાધિકાસંકલ્પશકિત છે, પણ તે સંકલ્પશકિત સત્ય સાથે સંવાદિતામાં હોવી જોઈએ, અને પરિણામે વિશુદ્ધ બનેલા વિવેક વડે દોરવાતી હોવી જોઈએ. જેમ જેમ સંકલ્પશકિત સત્ય-ચેતનાની વિશાળતામાં વધારે ને વધારે પ્રવેશ કરે છે, તેમ તેમ તે પોતે વધારે વિશાળ અને વિસ્તૃત બનતી જાય છે, દૃષ્ટિની મર્યાદાઓથી મુકત બને છે, તેની અસરકારકતામાં આવતા અવરોધોથી મુકત બને છે. उरौ अनिबाधे માં, વિધિ કે મર્યાદાની દીવાલ વગરની વિશાળતામાં કામ કરે છે.

આમ વૈદિક ઋષિઓ જેના પર બહુ ભાર મૂકે છે તે બે જરૂરિયાતો

પૂરી થાય છે–પ્રકાશ અને શકિત; જ્ઞાનમાં કાર્ય કરતો સત્યનો પ્રકાશ, અને અસરકારક પ્રકાશયુકત સંકલ્પમાં કાર્ય કરતી સત્યની શકિત—क्रतुं बृहन्तम्। પરિણામે છેલ્લા મંત્રમાં વરુણ અને મિત્રને સત્યના પરિપૂર્ણ અર્થમાં કાર્ય કરતા વર્ણવવામાં આવ્યા છે--कवी तुविजाता उरुक्षया. આપણે જોઈ ગયા છીએ તેમ, કવિ એટલે સત્યચેતનાને પ્રાપ્ત કરેલા, તેની આંતર-દર્શનાની, પ્રેરણાની, આંતર-શ્રુતિની, વિવેકની શકિતઓનો ઉપયોગ કરતા. तुविजाता એટલે અનેક જન્મોવાળા. तुवि નો મૂળ અર્થ છે બળ અથવા શકિત, અને તે ફ્રેન્ચ બળવાચક શબ્દ પેઠે 'ઘણા' ના અર્થમાં વપરાયો છે. વેદમાં દેવોનો જન્મ એટલે દેવોનો આવિર્ભાવ, તેમનું પ્રગટ થવું. આમ तुविजाता નો અર્થ થયો—અનેક જન્મોવાળા, ઘણાં સ્વરૂપોમાં અને ક્રિયાઓમાં પ્રગટ થતા. उरुक्षया નો અર્થ થાય છે—વિશાળતામાં વાસ કરતા. તે વિચાર સૂકતોમાં ઘણી વાર આવે છે. उरु શબ્દ बृहत् નો સમાનાર્થક છે. તેનો અર્થ થાય છે વિશાળ; તે સત્યચેતનાની અનંત નિર્મુકતતાને—સ્વતંત્રતાને સૂચવે છે. આ રીતે આપણે ऋतम्‌ની વધતી જતી ક્રિયાઓને પરિણામે માનવમાં વિશાળતાની, વિશુદ્ધિની, આનંદ તથા સંવાદિતાની શકિતઓનો અવિર્ભાવ થતો જોઈએ છીએ, કે જે સ્વરૂપોની સમૃદ્ધિવાળો, ऋतम्‌ની વિશાળતામાં પ્રતિષ્ઠિત, અને પારમાનસિક ચેતનાની શકિતઓને વાપરતો હોય છે.

સત્યની શકિતઓનો આ આવિર્ભાવ સત્યના કાર્યમાં વિવેકને ટેકો આપે છે, તેને નિશ્ચિત કરે છે—दक्षं दधाते अपसम्. હવે વિશુદ્ધ બનેલો અને ટેકો પામેલો વિવેક સત્યના અર્થમાં સત્યની શકિત તરીકે કાર્ય કરે છે, અને વિચારોને તથા સંકલ્પને બધા દોષોમાંથી, તેમના કાર્યમાં અને પરિણામમાં આવતા ગૂંચ-વાડાઓમાંથી મુકત કરીને, ઈન્દ્ર તથા વાયુની પ્રવૃત્તિઓને પરિપૂર્ણ બનાવે છે.

આ મંત્રોના શબ્દોનો અમે જે અર્થ કર્યો છે તેને સુસ્થાપિત કરવા માટે અમે ચોથા મંડળના દશમા સૂકતમાંથી એક મંત્ર ટાંકીએ છીએ :

अधा ह्यग्ने क्रतोर्भद्रस्य दक्षस्य साधोः।
रथिर्ऋतस्य बृहतो बभूथ॥ (૪, ૧૦, ૨)

'હે અગ્નિ, પછી તું સુખમય સંકલ્પનો સારથિ બની જઈ, વિવેકને, સત્યને, કે જે વિશાળ છે તેને પરિપૂર્ણ બનાવે છે.' આમાં આપણે પ્રથમ મંડળના પ્રથમ સૂકતમાં આવેલા વિચારને જ જોઈએ છીએ. તે એ છે કે સત્યચેતનાના સ્વભાવભૂત, અસરકારક સંકલ્પ (कविक्रतुः) આનંદની સ્થિતિમાં રહી ભદ્રની સુખમયતાને પ્રગટ કરે છે. दक्षस्य साधोः શબ્દગુચ્છ, જરાક પરિવર્તિત બનીને, બીજા સૂકતના છેલ્લા શબ્દગુચ્છની—दक्षं अपसम् ને સમજાવે છે, જેનો અર્થ થાય છે 'માનવમાં થતા આંતરકર્મને વિવેકશકિત પરિપૂર્ણ કરે છે, સિદ્ધ કરે છે' શકિત અને જ્ઞાન—સંકલ્પ અને વિવેક—क्रतु અને દક્ષની

આ બે ક્રિયાઓને પરિણામે વિશાળ સત્ય સ્થાપિત થાય છે. તેના તે જ શબ્દો, વિચારો અને વિચારોના સંબંધોનાં પુનરુકિત કરીને વેદનાં સૂકતો હમેશાં એક-બીજાના અર્થને પુષ્ટ કરે છે. જો કવિ, ક્રતુ, દક્ષ, ભદ્રમ્, ઋતમ્ વગેરે શબ્દોના નિશ્ચિત અર્થવાળા, સુસંગત સિદ્ધાન્તના પાયા પર જો તે પ્રતિષ્ઠિત ન હોત, તો તે શકય ન બનત. ઋચાઓની અંદરની જ સાબિતી આ માનસશાસ્ત્રીય અર્થને સ્થાપિત કરે છે. નહિ તો આ શબ્દો તેમના નિશ્ચિત મૂલ્યને, તેમના ચોક્કસ અર્થને, જરૂરી સંબંધને ગુમાવી બેસે છે, અને પરસ્પર સંબંધમાં તેમનું સતત પુનરાવર્તન તર્કશૂન્ય, હેતુરહિત અને તુક્કા પર રચાયેલું ગણવું પડે.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે બીજા સૂકતમાં આપણને પ્રથમ સૂકતની પેઠે તેના તે જ નિયામક વિચારો દેખાય છે. આ બધું પારમાનસિક ચેતના—સત્યચેતનાના વૈદિક કેન્દ્રવર્તી ખ્યાલના પાયા પર રચાયેલું છે, કે જેના પ્રત્યે માનવની ધીમે ધીમે પૂર્ણ બનતી જતી માનસ-ચેતના એક લક્ષ્ય—ધ્યેય તરીકે પ્રગતિ કરવા પ્રયાસ કરી રહી છે. પ્રથમ સૂકતમાં તે યજ્ઞના હેતુ તરીકે અને અગ્નિના વિશિષ્ટ કાર્ય તરીકે વર્ણવાયું છે. બીજા સૂકતમાં તે ઈન્દ્ર, વાયુ, મિત્ર અને વરુણના તૈયારીરૂપ કાર્ય તરીકે, માનવની સામાન્ય માનસ-ચેતના આનંદ દ્વારા તથા સત્યની વૃદ્ધિ દ્વારા થતી તૈયારી રૂપે વર્ણવાયું છે.

આપણે જોઈશું કે સમગ્ર ઋગ્વેદ આ બે પ્રકારના વિષયને સતત જુદી જુદી રીતે વર્ણવે છે—એક, મન તથા શરીરમાં માનવની પૂર્વતૈયારી, અને બીજું સત્ય તથા આનંદનાં વિકાસ તથા પ્રાપ્તિ દ્વારા માનવમાં દેવતાની—અમરતાની સિદ્ધિ.

અશ્વિનો, ઇન્દ્ર, વિશ્વેદેવો

મધુચ્છંદસ્‌નું ત્રીજું સૂકત સોમયાગનું સૂકત છે. બીજા સૂકતની પેઠે, ત્રણ મંત્રોની ગતિઓમાં તે રચાયું છે. પ્રથમ મંત્ર અશ્વિનોને, બીજો મંત્ર ઇન્દ્રને, અને ત્રીજો મંત્ર વિશ્વેદેવોને ઉદ્દેશાયેલો છે. ચોથો મંત્ર સરસ્વતીને ઉદ્દેશાયેલો છે. આ સૂકતની છેલ્લી ગતિમાં, સરસ્વતીના આવાહનમાં એક સ્પષ્ટ માનસશાસ્ત્રીય અર્થવાળો મંત્ર છે, કે જે વેદના ગૂઢ વિચારને સમજવામાં આગળના બધા મંત્રો કરતાં વધારે સ્પષ્ટ મદદ કરે છે.

આ આખા સૂકતમાં માનસશાસ્ત્રીય સૂચનો સભર ભરેલાં છે. તેમાં આપણને વૈદિક ઋષિઓ માનવ આત્માના જે મુખ્ય ત્રણ રસો વચ્ચે અતિ નિકટ સંબંધ અને તાદાત્મ્ય સ્થાપવા માગતા હતા, તે જણાય છે. એક, વિચાર અને તેના આખરી વિજયના પ્રકાશો, બીજો, ક્રિયા અને તેની આખરી સર્વસાધક શક્તિઓ, ઉપભોગ અને તેની ઉચ્ચતમ આધ્યાત્મિક આનંદ-અનુભૂતિઓ. આપણા સામાન્ય ઇન્દ્રિયોના ઉપભોગને બદલે દિવ્ય આનંદ સ્થપાય, તે સોમરસનું પ્રતીક છે. તે આપણા વિચાર-કાર્યનું દિવ્યીકરણ કરવાથી સિદ્ધ થાય છે. તે જેમ જેમ પ્રગતિ કરે છે, તેમ તેમ તેને સિદ્ધ કરનાર ગતિને તે પરિપૂર્ણ બનાવે છે. ગાય, અશ્વ અને સોમરસ આ ત્રિવિધ યજ્ઞનાં પ્રતીકો—રૂપકો છે. ગાયમાંથી પ્રાપ્ત થતા ઘૃતનો હોમ, અશ્વમેધ અને સોમરસનું અર્પણ—તેનાં ત્રણ મુખ્ય સ્વરૂપો અથવા તત્ત્વો છે. એટલું નોંધપાત્ર નહિ એવું પુરોડાશનું અર્પણ પણ આવે છે—જેનો પ્રતીક અર્થ ઘણું કરીને 'શરીર—પદાર્થ તત્ત્વ' થાય છે.

આવાહનની શરૂઆત થાય છે અશ્વિનો, બે ઘોડેસ્વારો, પ્રાચીન મેડિટેરેનિયન પુરાણશાસ્ત્રના કેસ્ટર અને પોલિડયુસીસના નિમંત્રણથી. તુલનાત્મક પુરાણશાસ્ત્રના વિદ્વાનો તેમને આકાશમાંના બે તારાઓ માને છે, કે જે કોઈ કારણસર બીજા આકાશીય તારાઓ કરતાં વધારે નસીબદાર હતા અને જેમણે આર્યોની ખાસ પૂજાવિધિને આકર્ષી હતી. પણ આપણે જે સૂકતનો અભ્યાસ

કરવા માગીએ છીએ, તેમાં તેમનું કેવું વર્ણન કરવામાં આવ્યું છે, તે આપણે જોઈએ. તેમનું વર્ણન છે—વેગયુકત પગવાળા, આનંદના સ્વામી, ખૂબ ઉપભોગ કરતા અશ્વિનો—દ્રવત્પાણી શુભસ્પતી પુરુભુજા। રત્ન અને ચન્દ્રની પેઠે, શુભ શબ્દનો અર્થ થાય છે પ્રકાશ અથવા ઉપભોગ. આ મંત્રમાં તે પુરુભુજાની સાથે વપરાયો છે, તે चनस्यतम् ક્રિયાપદની સાથે વપરાયો છે, જેનો અર્થ થાય છે 'આનંદ પ્રાપ્ત કરો.' તેથી અહીં આપણે શુભ નો અર્થ 'આનંદ, સુખ' લેવો જોઈએ.

પછી આ અશ્વિનોનું વર્ણન આવે છે 'દિવ્ય આત્માઓ, ઘણાં કાર્યો કરવાવાળા, વિચારને ધારણ કરનારા, જેઓ ઉત્સાહપૂર્ણ વિચાર વડે મંત્રોના શબ્દોને સ્વીકારે છે અને તેમાં હર્ષ પામે છે'— पुरुदंससा नरा शविरया धिया धिष्ण्या. વેદમાં नृ શબ્દ દેવોને તથા માનવોને બંનેને લાગુ કરવામાં આવે છે, માત્ર માણસને જ નહિ. હું માનું છું કે—તેનો અર્થ હતો 'બળવાન, ક્રિયાશીલ.' પછી તે પુરુષને લાગુ પાડવામાં આવ્યો. તે પુરુષ દેવોને, સક્રિય દિવ્ય આત્માઓને અથવા શકિતઓને—पुरुषा: એમ લાગુ પાડવામાં આવ્યો. તેથી ઊલટું સ્ત્રી દેવતાઓ પુરુષની શકિતઓ ग्ना: કહેવાતી. ઋષિઓના મનમાં તેનો મૂળ અર્થ વિદ્યમાન હતો. नृम्ण, બળ; અને नृतमो नृणाम, દિવ્ય શકિતઓમાં સૌથી બળવાન—તે હકીકત પુરવાર કરે છે. शवस् એટલે બળ, અને તેમાંથી બનેલું વિશેષણ शविर એટલે બળવાન, શકિતયુકત. પણ તે શબ્દમાં જવાળા અથવા પ્રકાશનો અર્થ સંબંધિત છે. આ રીતે शविर વિશેષણ धी ને યોગ્ય રીતે લાગુ પડે છે—ઝબૂકતી શકિતથી પૂર્ણ, પ્રકાશયુકત વિચાર धिष्ण्या શબ્દ धिषणा (બુદ્ધિ અથવા સમજશકિત) સાથે સંબંધિત છે, અને સાયણ તેનો અર્થ बुद्धिमन्तौ—બુદ્ધિશાળી કરે છે.

વળી અશ્વિનોનું વર્ણન એવું પણ આવે છે કે કાર્યસાધક, ગતિની શકિતઓ, પોતાના માર્ગમાં ઉગ્ર રીતે સંચરનારા—दस्रा नासत्या रुद्रवर्तनी. दस्र અને दस्म વૈદિક વિશેષણોનો અર્થ સાયણ 'બેદરકારીપૂર્વક વિનાશ કરતો, સુંદર, અથવા દાનમાં ઉદાર'—તેની સગવડપૂર્વક સ્વચ્છંદતાથી કરે છે. હું તેને दस् ધાતુમાંથી વ્યુત્પન્ન થયેલા માનું છું. दस्, કાપવું, વિભાજન કરવું તે અર્થમાંથી નહિ; જોવું, અવલોકવું એ અર્થમાંથી પણ નહિ, જેના પરથી સાયણ તેનો અર્થ 'દર્શનીય, સુંદર' કરે છે; પણ दस्, કરવું, કાર્ય કરવું, આકાર ઘડવો, સિદ્ધ કરવું—તે અર્થમાં, કે જે અર્થ બીજી ઋચામાંના पुरुदंससामां હાજર છે. કેટલાક વિદ્વાનો નાસત્યાને પિતા ઉપરથી ઊતરી આવેલું નામ ગણે છે. જૂના વૈયાકરણોએ તેનો અર્થ કુશળતાપૂર્વક કાઢયો હતો—'સત્ય, અસત્ય નહિ'. પણ હું તેનો અર્થ नस्, ગતિ કરવી, સંચલન કરવું—તેમાંથી લઉં છું. આપણે યાદ

રાખવું જોઈએ કે અશ્વિનો ઘોડેસવાર હતા, તેમને વેગયુકત પગવાળા, પોતાના માર્ગમાં ઉગ્ર સંચલનવાળા વર્ણવવામાં આવ્યા છે; ગ્રીકો–લૅટિન પુરાણશાસ્ત્રમાં કેસ્ટર તથા પોલકસને સમુદ્રયાનમાં મુસાફરી કરતા નાવિકોનું રક્ષણ કરનારા, તેમને વાવાઝોડાથી અને નૌકાભંગમાંથી બચાવનારા વર્ણવવામાં આવ્યા છે. ઋગ્વેદમાં પણ અશ્વિનો તે નૌકા દ્વારા ઋષિઓને બચાવનારા, સમુદ્રમાં ડૂબી જવામાંથી રક્ષણ કરનારા વર્ણવવામાં આવ્યા છે. એટલે નાસત્યાનો અર્થ 'યાત્રાના સ્વામીઓ, મુસાફરીમાં રક્ષકો, ગતિની શકિતઓ' સારી રીતે બંધબેસતો છે. આધુનિક વિદ્વાનો રુદ્રવર્તનીનો અર્થ કરે છે 'રાતા માર્ગવાળા'; તે વિશેષણ તારાઓને સારી રીતે લાગુ પડે તેવું છે; તે શબ્દગુચ્છને તેઓ હિરણ્યવર્તની, 'સોનેરી અથવા પ્રકાશયુકત માર્ગવાળા' શબ્દગુચ્છ સાથે સરખાવે છે. બેશક, એક વખતે રુદ્રનો અર્થ 'પ્રકાશયુકત, ગાઢ રંગવાળું, રાતું, થતો હોવો જોઈએ. રસ્ અને રશ્ ધાતુઓ; રુધિર—લોહી, રાતું, લૅટિન શબ્દો ruber (રુબર), rutilus (રુટિલસ), rufus (રુફસ)—જે બધાનો અર્થ 'રાતું' થાય છે, તે તેની સાક્ષી પૂરે છે. રજસ્, રોચના અને બીજા 'પૃથ્વીલોક તથા સ્વર્ગલોક'ના વાચક શબ્દોની પેઠે રોદસી (પૃથ્વી અને આકાશ) શબ્દનો મૂળ અર્થ 'પ્રકાશયુકત' હતો. તેથી ઊલટું, આ શબ્દોના કુટુંબમાં 'હાનિ—ઈજા' નો અર્થ અંતર્ગત રહેલો છે, અને તેનાં મૂળ અનેક ધાતુઓમાં તે લગભગ વ્યાપક છે. તેથી રુદ્ર નો અર્થ 'રાતું' જેટલો સ્વાભાવિક છે, તેટલો જ 'ઉગ્ર, તુફાની, નુકસાન કરનારા' અર્થ પણ સ્વાભાવિક છે. અશ્વિનો હિરણ્યવર્તની તેમ જ રુદ્રવર્તની બંનેય છે, કારણ કે તે બંને પ્રકાશની અને જ્ઞાનતંતુઓના બળની શકિતઓ છે. પ્રકાશની બાબતમાં તેઓ પ્રકાશયુકત સોનેરી ગતિવાળા છે. જ્ઞાનતંતુઓના બળની બાબતમાં તેઓ ઉગ્ર ગતિવાળા છે. એક સૂકતમાં (૫, ૭૫, ૩) આપણને બંનેનું સંયોગીકરણ મળે છે—રુદ્રા હિરણ્યવર્તની, ઉગ્ર અને પ્રકાશના માર્ગમાં સંચરના. અર્થની સુસંગતતાને ધ્યાનમાં રાખીએ, તો તારાઓ રકતવર્ણા છે, પણ તેમની ગતિ—તેમનો માર્ગ સોનેરી છે—એ અર્થ મગજમાં ભાગ્યે જ ઊતરે એવો છે.

આ ત્રણ મંત્રોમાં આવેલાં અનેક માનસશાસ્ત્રીય કાર્ય બનાવતાં વિશેષણો આપણે આકાશના બે તારાઓને લાગુ પાડવાં પડે! એ સ્પષ્ટ છે કે જો અશ્વિનોનો ભૌતિક ઉદ્‌ગમ તારાઓમાંથી હોય, તો ગ્રીક પુરાણશાસ્ત્રમાં બન્યું છે તેમ તેમણે શુદ્ધ ખગોળશાસ્ત્રીય સ્વભાવ કયારનોયે ગુમાવી દીધો છે; ઉષાની દેવી એથિનીની પેઠે તેમને માનસશાસ્ત્રીય ચરિત્ર અને કાર્ય પ્રાપ્ત થયાં છે. પ્રાણિક અને જ્ઞાનતંતુઓની શકિતના પ્રતીકરૂપ અશ્વ પર તેઓ સવારી કરે છે. તેમનું સામાન્ય લક્ષણ એ છે કે તેઓ ઉપભોગના દેવો છે, મધુની ખોજ

કરનારા છે; તેઓ ઘરડાઓને યૌવન બક્ષતા, માંદાઓને આરોગ્ય અર્પતા, અપંગોને અંગયુકત બનાવતા, વૈદ્યો છે. તેમનું બીજું લક્ષણ છે ઝડપી, ઉગ્ર, અપ્રતિધર્ષ્ય ગતિ. તેમના વેગીલા અપ્રતિધર્ષ્ય રથની સ્તુતિ વારંવાર કરવામાં આવી છે. અહીં તેમને વેગયુકત પગવાળા અને માર્ગમાં ઉગ્ર સંચલન કરતા વર્ણવવામાં આવ્યા છે. ઝડપમાં તેઓ પંખીઓ જેવા, મન જેવા, પવન જેવા છે (૫, ૭૭, ૩ અને ૫, ૭૮, ૧). પોતાના રથમાં તેઓ માનવ માટે પરિપકવ અથવા પરિપૂર્ણ સંતુષ્ટિઓ લઈ આવે છે. તેઓ मयस्ना—આનંદના સર્જકો છે. આ સૂચનો તદ્દન સ્પષ્ટ છે. તે એમ બતાવે છે કે અશ્વિનો, ક્રિયા અને ઉપભોગના અર્થમાં, માનવના જ્ઞાનતંતુના અથવા પ્રાણિક અસ્તિત્વને પરિપૂર્ણ કરવાના ખાસ કાર્યવાળી બે દિવ્ય શકિતઓ છે. પણ તેઓ સત્યની, બુદ્ધિયુકત કર્મની, યોગ્ય ઉપભોગની પણ શકિતઓ છે. તેઓ ઉષા સાથે પ્રગટ થતી શકિતઓ છે, અસ્તિત્વના મહાસાગરમાંથી જન્મતી અસરકારક ક્રિયા—શકિતઓ છે. દિવ્ય હોવાને કારણે, વિચારશકિત દ્વારા ઉચ્ચતર અસ્તિત્વના આનંદોને સલામત રીતે માનસિક ભૂમિકા પર લઈ આવવાનું સામર્થ્ય તેમનામાં છે, કે જે વિચારશકિત સત્ય પદાર્થને અને દ્રવ્યને જાણી શકે છે :

या दस्रा सिन्धुमातरा मनोतरा रयीनाम् ।
धिया देवा वसुविदा ।। (१, ४६, २)

સત્યના પ્રકાશરૂપ સ્વભાવ-સામગ્રી હોવાને કારણે, તેઓ મહાન કાર્ય માટે આવેગ-દાયી શકિત આપે છે, જે માનવને અંધકારની પેલે પાર લઈ જાય છે :

या नः पिपरदश्विना ज्योतिष्मति तमस्तिरः ।
तामस्मे रासाथामिषम् ।। (१, ४६, ६)

તેઓ માનવને પોતાની નૌકામાં બેસાડી, માનવી મનના વિચારો તથા સ્થિતિઓની પેલે પાર—સામે કિનારે લઈ જાય છે, અર્થાત્ પારમાનસિક ચેતનાને પ્રાપ્ત કરાવે છે—नावा मतीनां पाराय । (१, ४६, ७) સત્યના સ્વામી સૂર્યની પુત્રી સૂર્યા તેમની પત્ની તરીકે તેમના રથમાં બેસે છે.

આ સૂકતમાં આનંદની ઝડપી ગતિવાળા સ્વામીઓ કે જે અનેક ઉપભોગોને સાથે લઈ આવે છે તેમને—અશ્વિનોને યજ્ઞની પ્રેરક શકિતઓમાં આનંદ પ્રાપ્ત કરવા માટે આવાહન કરવામાં આવ્યું છે—ज्यवरीरिषः...चनस्यतम् । સ્પષ્ટ રીતે આ પ્રેરક શકિતઓ સોમરસનું પાન કરવામાંથી જન્મી છે, અર્થાત્ દિવ્ય આનંદ અંદર વહી આવે છે તેમાંથી પ્રગટ થઈ છે. કારણ કે गिरः—અભિવ્યકિત કરનારા શબ્દો કે જે ચેતનામાં નવીન રચનાઓ કરવાના છે, તે ઊભરાય છે—પ્રગટે છે, યજ્ઞની વેદિ રચાઈ ગઈ છે, બલદાયક સોમરસોને વાટીને તૈયાર

રાખવામાં આવ્યા છે—युवाकवः सुता वृक्तबर्हिषः। કાર્યની અસરકારક શકિતઓ—पुरूदंससा नरा તરીકે અશ્વિનોએ તે શબ્દોમાં આનંદ લેવા માટે, તેમનો સ્વીકાર બુદ્ધિમાં કરવા માટે આવવાનું છે, કે જે બુદ્ધિમાં તે શબ્દો, પ્રકાશયુકત શકિત વડે કાર્ય કરવા માટે રાખવાના છે—शविरया धिया धिष्ण्या वनतं गिरः। યજ્ઞના કાર્યને સિદ્ધ કરવા માટે, તેને પરિપૂર્ણ કરવા માટે (दस्रा), કાર્યના આનંદને તેમની ઉગ્ર ગતિઓ આપવા માટે (रुद्रवर्तनी), તેમણે આવવાનું છે. તે ઉગ્ર ગતિઓ અશ્વિનોને અપ્રધર્ષ્ય રીતે, બધો વિરોધ કચડી નાખતાં—નાખતાં, આવવાનું છે. તેઓ આર્યની યાત્રાની શકિતઓ તરીકે, મહાન માનવ-ગતિના સ્વામીઓ તરીકે આવે છે—नासत्या. આપણે આમાં સર્વત્ર જોઈએ છીએ કે આ ઘોડેસવારો શકિત પ્રદાન કરે છે, તેમને યજ્ઞની શકિતઓમાં આનંદ લેવાનો હોય છે, જેથી તેઓ શબ્દને શકિતયુકત વિચાર સુધી લઈ જાય; તેમણે માર્ગમાં પોતાની ઉગ્ર ગતિઓ યજ્ઞને સમર્પવાની છે. તે શકિતની માગણી એટલા માટે કરવામાં આવી છે કે જેથી કાર્ય અસરકારક બને અને મહાન યાત્રામાં વેગ—ઝડપ આવે. આમાં ખ્યાલોની સુસંગતતા તરફ, રચનાના ચોકઠાની સુદૃઢતા તરફ, માનસ-શાસ્ત્રીય અર્થ કરવાને પરિણામે ઋષિઓનો વિચાર જે સરલ સુનિશ્ચિતતા અને લાઈન દોરીમાં ચોક્કસતા પ્રાપ્ત કરે છે તેના તરફ હું વાચકનું ધ્યાન ખેંચું છું. વેદને ડહાપણ અને ગહનતમ જ્ઞાનના ગ્રંથ તરીકે સ્વીકારવાની મહાન પરંપરા તરફ જેઓ આંખમીચામણાં કરે છે, તેમના અર્થને પરિણામે આવતા ગૂંચવાડાથી અને અસંગત આકસ્મિકતાથી આ અર્થ તદ્દન જુદા પ્રકારનો છે.

પરિણામે પ્રથમ ત્રણ ઋચાઓનો આપણે આ અનુવાદ કરી શકીએ :

"હે વેગયુકત પગવાળા, આનંદના સ્વામીઓ, અશ્વિનો, યજ્ઞની શકિતઓમાં આનંદ લો.

હે અનેક બાજુઓવાળા કાર્યને સિદ્ધ કરનારા પુરુષો, અશ્વિનો, હે બુદ્ધિને ધારણ કરનારા દેવો, પ્રકાશયુકત શકિતપૂર્ણ વિચાર વડે, શબ્દોનો આનંદ લૂંટો.

મેં યજ્ઞની વેદિ તૈયાર કરી છે, બલપ્રદ સોમરસોને મેં વાટી તૈયાર રાખ્યા છે; હે કાર્યને સિદ્ધ કરનારા, ગતિની શકિતઓ, માર્ગમાં ઉગ્ર વેગપૂર્વક તમે તેમની પ્રત્યે આવો."

બીજા સૂકતની પેઠે, ત્રીજા સૂકતમાં શરૂઆતમાં ઋષિ જ્ઞાનતંતુઓની અથવા પ્રાણિક શકિતઓમાં કાર્ય કરતા દેવોનું આવાહન કરે છે. બીજા સૂકતમાં વાયુને પ્રાણિક શકિતઓ પૂરી પાડનાર, પોતાના પ્રાણ-અશ્વોને લાવનાર તરીકે આવાહન કરવામાં આવ્યો હતો; ત્રીજા સૂકતમાં પ્રાણિક શકિતઓનો ઉપયોગ કરનાર, અશ્વ પર ઘોડેસવારી કરનાર, અશ્વિનોનું આવાહન કરવામાં આવ્યું

છે. બીજા સૂકતની પેઠે, આમાં પણ તે પ્રાણિક કાર્યમાંથી માનસિક કાર્ય તરફ વળે છે; તેની બીજી ગતિમાં તે ઋષિ ઇન્દ્રનું આવાહન કરે છે. વાટીને તૈયાર રખાયેલા, આનંદના સોમરસો ઇન્દ્રની ઇચ્છા કરે છે—सुता इमे त्वायव: । પોતાનાં કાર્યો માટે તે સોમરસનો સ્વીકાર પ્રકાશયુકત મન કરે, તેવી તે ઇચ્છા રાખે છે. अण्वीभिस्तना વડે તે સોમરસ વિશુદ્ધ કરવામાં આવ્યો છે. સાયણ તેનો અર્થ કરે છે 'આંગળીઓ તથા શરીર વડે.' હું તેનો અર્થ કરું છું 'શુદ્ધ મનની સૂક્ષ્મ વિચાર-શકિતઓ વડે તથા શારીરિક ચેતનાના વિસ્તાર વડે.' કારણ કે આ દશ આંગળીઓ જો આંગળીઓ જ હોય, તો પણ અશ્વિનોની પત્ની, સૂર્યપુત્રી, સૂર્યાની છે. નવમા મંડળના પ્રથમ સૂકતમાં આ જ મધુચ્છંદસ્ ઋષિ અહીં ટૂંકમાં સૂચવેલા વિચારનો વિસ્તાર કરે છે. સોમને ઉદ્દેશીને તે કહે છે કે, 'જેમ જેમ સોમરસ તેના પાત્રમાં સતત વિસ્તાર દ્વારા પ્રસરતો જાય છે, તેમ તેમ સૂર્યા તેને, વિશુદ્ધ બનાવે છે—वारेण शवसा तना.' પછી તરત જ ઋષિ ઉમેરે છે કે, 'તેમના મહાન કાર્યના પરિશ્રમમાં (સંઘર્ષમાં-અભીપ્સામાં-समर्ये), દશ કન્યાઓ—જેને પાર કરવાનો છે તે સ્વર્ગલોકમાં તે સૂક્ષ્મ કાર્ય કરતી ભગિનીઓ તે સોમરસને ઝીલે છે.' તે શબ્દસમૂહ આપણને 'વિચારોની પાર લઈ જતી અશ્વિનોની નૌકાની' યાદ અપાવે છે. વેદમાં સ્વર્ગ શુદ્ધ માનસિક ચેતનાનું પ્રતીક છે, અને પૃથ્વી શારીરિક ચેતનાનું પ્રતીક છે. શુદ્ધ મનમાં રહેતી આ સૂક્ષ્મ બહેનો—દશ કન્યાઓ (दश योषणा:) નો ઉલ્લેખ બીજી જગ્યાએ दश क्षिप: શબ્દગુચ્છમાં કરેલો છે. તેનો અર્થ થાય છે—દશ નાખનારી કન્યાઓ, કારણ કે તે સોમરસને ઝીલે છે, તેને માર્ગમાં ઝડપી ગતિ કરાવે છે. ઘણું કરીને, તે દશ કિરણો છે (दश गाव:), જેમનો ઉલ્લેખ વેદમાં કેટલીક વાર કરવામાં આવ્યો છે. તેમને સૂર્યની પૌત્રીઓ તરીકે વર્ણવવામાં આવી છે—नप्तिभिर्... विवस्वत: । (૯, ૧૪, ૫.), વિશુદ્ધિના કાર્યમાં તેમને વિચાર-ચેતનાનાં સાત સ્વરૂપો મદદ કરે છે—सप्त धीतिभि: । (૯, ૯, ૪.) આપણને આગળ કહેવામાં આવે છે કે, 'તેના વેગીલા રથો સાથે વીર સોમ સૂક્ષ્મ વિચારના બળથી (धिया अण्व्या) આગળ વધે છે, ઇન્દ્રના પરિપૂર્ણ થયેલા કાર્ય (અથવા ક્ષેત્ર) પ્રત્યે આગળ વધે છે, અને જ્યાં અમર્ત્યો રહે છે તે દેવના વિશાળ વિસ્તારમાં (અથવા રચનામાં) આવી પહોંચવા માટે વિચારનાં અનેક સ્વરૂપો તે ધારણ કરે છે' :

एष पुरू धियायते बृहते देवतातये ।
यत्रामृतास आसते ।। (૯, ૧૫, ૧—૨)

વૈદિક ઋષિઓનો સોમરસ સંપૂર્ણપણે કેટલો પ્રતીકમય છે અને તેની આસપાસ કેટલા સમૃદ્ધ માનસશાસ્ત્રીય ખ્યાલો વીંટળાઈને રહેલા છે, તે બતાવવા

માટે મેં આ મુદ્દાને વિસ્તારપૂર્વક છણ્યો છે. પ્રતીકમયતાના તેજથી સભર ભરેલા, માનસશાસ્ત્રીય સૂચનોથી છલકાઈ જતા, નવમા મંડળનું જે કાળજીપૂર્વક અધ્યયન કરશે, તેને આ વાત સ્પષ્ટ રીતે સમજાઈ જશે.

પણ આ સંદર્ભમાં અગત્યની વાત સોમ અને તેની વિશુદ્ધિ નથી, પણ ઇન્દ્રનું માનસશાસ્ત્રીય કર્મ છે. ઇન્દ્રને સમૃદ્ધ અનેક તેજોથી યુકત વર્ણવવામાં આવ્યો છે—इन्द्र चित्रभानो. સોમરસો તેની ઇચ્છા કરે છે. વિચાર વડે, તેનામાં રહેલા પ્રકાશયુકત વિચારક વડે પ્રેરાયેલો, તે આવે છે—धियेषितो विप्रजूत:। જેણે સોમરસ કાઢયો છે, અને જે આત્મ-વિચારોને વાણીમાં, પ્રેરણાયુકત મંત્રોમાં પ્રગટ કરવા માગે છે, તે ઋષિના આત્મ-વિચારો પ્રત્યે પ્રેરાયેલો ઇન્દ્ર આવે છે—सुतावत: उप ब्रह्माणि वाघत:। પ્રકાશયુકત મન-શકિતના વેગ તથા બળ સાથે, તેજોયુકત અશ્વો પર સવાર થઈને, ઇન્દ્ર તે વિચારો પ્રત્યે આવે છે—तूतुजान उप ब्रह्माणि हरिव:। ઋષિ, સોમયાગમાં આનંદ ધારણ કરવા માટે અને તેને સુસ્થિર કરવા માટે, ઇન્દ્રને પ્રાર્થના કરે છે—सुते दधिष्व नश्चन:। અશ્વિનોએ આનંદના કાર્યમાં પ્રાણિક પદ્ધતિની સુખમયતાને લાવીને શકિત અર્પી છે. તે આનંદ ચેતનામાંથી લુપ્ત ન થાય, પણ પ્રકાશયુકત મનમાં સ્થિર બનીને રહે, તેને માટે ઇન્દ્રની જરૂર છે.

'હે ઇન્દ્ર, તારાં સમૃદ્ધ તેજો સાથે આવ, આ સોમરસો તારી ઇચ્છા કરે છે; સૂક્ષ્મ શકિતઓએ તથા શરીરમાંના વિસ્તારે તેમને શુદ્ધ કર્યા છે.'

'હે ઇન્દ્ર, મન વડે પ્રેરાયેલો, પ્રકાશયુકત વિચારક વડે પ્રેરાયેલો, તું મારા આત્મવિચારો પ્રત્યે આવ; મેં સોમરસને તારે માટે રેડીને તૈયાર રાખ્યો છે, અને હું તે આત્મવિચારોને વાણીમાં પ્રગટ કરવા માગું છું.'

'હે તેજોયુકત અશ્વોના સ્વામી ઇન્દ્ર, મારા આત્મવિચારો પ્રત્યે વેગ તથા ઝડપથી આવ; સોમરસમાં તું આનંદને સ્થિરતાથી ધારણ કર.'

પછી ઋષિ વિશ્વેદેવો પ્રત્યે વળે છે. આ એક સ્વતંત્ર વર્ગ છે કે બધા દેવોનો સામાન્ય સમૂહ તે વિષે મતભેદ છે. હું તેનો અર્થ કરું છું—દિવ્ય શકિતઓનો વૈશ્વિક સમુદાય, કારણ કે જે વૈદિક સૂકતોમાં તેમનું આવાહન કરવામાં આવ્યું છે, તેમની વાસ્તવિક અભિવ્યકિત સાથે તે અર્થ સુસંગત છે. આ સૂકતમાં અશ્વિનોએ તે ઇન્દ્રે જે કાર્યો સિદ્ધ કર્યાં છે તેમને આધાર આપવા તથા પરિપૂર્ણ બનાવવાના સાધારણ કામ માટે તેમનું આવાહન કરવામાં આવ્યું છે. યજ્ઞમાં તે બધાએ આવવાનું છે, અને દરેક જણે પોતાને યોગ્ય, દિવ્ય, આનંદપૂર્ણ કાર્ય કરવાનું છે.—विश्वे देवास आगत दाश्वांसो दाशुषे सुतम्। યજમાન તે દાની વિશ્વેદેવોને સોમરસ વહેંચી આપે છે. પછીની ઋચામાં તેમને વધારે આગ્રહપૂર્વક નિમંત્રિત કરવામાં આવે છે. તેમણે

સોમયાગમાં જલ્દી આવવાનું છે—तूर्णयः। જલોની—ચેતનાની બધી ભૂમિકાઓને પાર કરીને—જે ભૂમિકાઓ માનવના ભૌતિક સ્વભાવને તેના દેવત્વથી દૂર રાખે છે, વિખૂટો પાડે છે, અને જે પૃથ્વી તથા સ્વર્ગ વચ્ચેનાં અનેક વિઘ્નોથી ભરેલી છે, તે ભૂમિકાઓને પાર કરીને, તેમણે આવવાનું છે—अप्तुरः सुतमा गन्त तूर्णयः। સાયંકાલે પોતાના આરામ લેવાના ઘર તરફ જતાં પશુઓની પેઠે તેમણે આવવાનું છે,—उस्त्रा इव स्वसराणि। આ રીતે આનંદપૂર્વક આવીને, તેમણે યજ્ઞને ચીટકી રહેવાનું છે, યજ્ઞને ટેકો આપવાનો છે, તેને ધ્યેય સુધી પહોંચાડવાનો છે, તેને દેવોના ઘર સુધી પહોંચાડવાનો છે કે જે ઘર સત્ય છે—વિશાળ છે—मेधं जुषन्त वह्नयः।

વિશ્વદેવોનાં વિશેષણો અને તેમને કરવાનાં કાર્યો, જેમને માટે તેમને સોમયાગમાં નિમંત્રિત કરવામાં આવે છે, તે બધાં એકસરખાં વર્ણવાયાં છે. તે સમગ્ર વેદમાં બધા દેવો માટે વાપરવામાં આવ્યાં છે, ઉલ્લેખવામાં આવ્યાં છે. તે માનવનું પોષણ-વર્ધન કરનારા છે, તેના યજ્ઞને—કાર્યના પરિશ્રમને ધારણ કરનારા છે—ओमासश्चर्षणिधृतः। સાયણ તેનો અર્થ કરે છે—માનવોના રક્ષકો અને ધારણ કરનારાઓ. હું જે અર્થ કરું છું તેને સાબિત કરવા માટે હું ઊંડો ઊતરવા નથી માગતો. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની જે પદ્ધતિ હું અનુસરું છું, તેને મેં સૂચવી દીધી છે. સૂક્તોમાં વારંવાર આવતા શબ્દો—अव् ધાતુ, अवस्, ऊति, ऊमा નો અર્થ દરેક વખતે 'રક્ષણ' કરવો, તે સાયણને પણ અશક્ય લાગ્યું છે. તેને જુદા જુદા મંત્રોમાં તે શબ્દોના જુદા જુદા અને અસંબદ્ધ અર્થો આપવા પડયા છે. તે જ રીતે, चर्षणि અને कृष्टि શબ્દોના અર્થ, જ્યારે તે એકલા જ વપરાયા હોય ત્યારે, ભલે સુગમ હોય; પણ विचर्षणि, विश्वचर्षणि, विश्वकृष्टि જેવા સમાસોમાં તે અર્થ લાગુ પડતો નથી. સાયણ જ विश्वचर्षणि નો અર્થ 'સર્વ જોનાર' કરે છે, અને નહિ કે 'સર્વ-માનવ.' વૈદિક નિશ્ચિત શબ્દોના આવા ક્રાંતિકારી જુદા જુદા અર્થો કરવા, તે મને મંજૂર નથી. अव् ધાતુના અર્થો અનેક થઈ શકે છે: (૧) થવું, પાસે હોવું, રાખવું; (૨) સમાવેશ કરવો, રક્ષણ કરવું; (૩) થવું, સર્જન કરવું; (૪) પોષણ-વર્ધન કરવું, સમૃદ્ધ બનવું; (૫) આનંદિત કરવું, આનંદિત થવું. પણ મને લાગે છે કે વેદમાં તેનો સર્વત્ર વ્યાપક અર્થ થાય છે—પોષણ કરવું, વર્ધન કરવું. चर्ष અને कृष् બંને ધાતુઓ चर् અને कृ ધાતુઓમાંથી બન્યા છે. બંનેનો અર્થ થાય છે—કરવું. कृष्, ખેંચવું, ખેડવું—એમાં હજી પરિશ્રમયુકત કાર્યનો અથવા ગતિનો અર્થ હાજર છે. એટલે चर्षणि અને कृष्टि બંને શબ્દોનો અર્થ થાય છે—પરિશ્રમવાળું કામ, અથવા તેવું કામ કરનાર. कर्म, अपस्, कार, किरि, द्रुवस् વગેરે અનેક શબ્દોમાંના તે બે છે. તે બધા વૈદિક કાર્યને, યજ્ઞને, અભીપ્સા કરતી માનવજાતિના પરિશ્રમને,

આર્યની અરતિને સૂચવે છે.

વૈદિક દેવોનું સર્વસાધારણ કાર્ય છે માનવને—તેની બધી દ્રવ્ય સામગ્રીને વધારવાનું, વિશાળ સત્યચેતનાની પરિપૂર્ણતા તથા સમૃદ્ધિ પ્રત્યે સતત વિકાસ કરાવવાનું, તેના મહાન પરિક્રામમાં—મથામણમાં માનવને ટેકો આપવાનું. તેથી તેઓ अप्तुर: છે, જળને પાર કરનારા છે; અથવા સાયણ અર્થ કરે છે તે મુજબ, દેવો 'જળ આપનારા' છે. તેનો અર્થ સાયણ 'વૃષ્ટિ વરસાવનારા' કરે છે. તે વાત તદ્દન સાચી છે કે દેવો, વૈદિક દેવો સ્વર્ગનાં જળોને ખૂબ વરસાવનારા છે. કેટલીક વાર તે જળો સૂર્યનાં જળો તરીકે વર્ણવાયાં છે—स्वर्वतीरप: (स्वर्— પ્રકાશયુકત સ્વર્ગના પ્રકાશને વહી લાવતાં જળો). પણ વેદમાં આવતાં જળો, સમુદ્ર ચેતનાયુકત સત્‌નાં અને તેની ગતિઓનાં સૂચક પ્રતીકો છે. દેવો આ ઉપરનાં—સ્વર્ગનાં જળોને ભરપટ્ટે વરસાવે છે, માનવચેતનામાં બધાં વિઘ્નોને વિદારીને સત્યની ધારાઓને વરસાવે છે—ऋतस्य धारा:। આ અર્થમાં બધા દેવો अप्तुर: છે. પણ માનવને આ જળો પાર કરીને સત્યચેતનાના પોતાના ઘરમાં જતો વર્ણવવામાં આવ્યો છે; દેવો તેને તે રીતે પાર કરાવે છે. આ મંત્રમાં अप्तुर: અને तूर्णय: બે શબ્દો સાથે સાથે વપરાયા છે. એટલે આ સંદર્ભમાં તેનો ઉપર મુજબ અર્થ કરવો તે વધારે સયુકિતક છે.

વળી દેવો અસરકારક આક્રમણકારોથી મુકત છે, હાનિ પહોંચાડતી વિરોધી શકિતઓ વડે કરાતી ઈજાથી મુકત છે, અને પરિણામે તેમના સભાન જ્ઞાનની સર્જનાત્મક રચનાઓ—તેમની माया સ્વતંત્રતાપૂર્વક, વ્યાપકતાપૂર્વક, તેમના યોગ્ય ધ્યેયને પ્રાપ્ત કરે છે—अस्त्रिध अहिमायासो अद्रुह:। જો આપણે યજ્ઞના સાધારણ હેતુને, મહાન યાત્રાના કાર્યને, સત્યચેતના—ऋतम्‌ની પ્રાપ્તિ રૂપ પ્રકાશની વૃદ્ધિ અને જળોની પુષ્કળતાના અર્થને ધ્યાનમાં રાખીએ કે જેને પરિણામે मयस्‌ની, આનંદની પ્રાપ્તિ થાય છે, અને આ વિશેષણો અનંતની, સમગ્ર સત્યચેતનાની શકિતઓને સૂચવે છે તે ખ્યાલમાં રાખીએ, તો આપણને માલૂમ પડશે કે આ ત્રણ મંત્રોમાં સત્યની પ્રાપ્તિ સૂચવાઈ છે. વિશ્વેદેવો માનવનું વર્ધન કરે છે, તેના મહાન કાર્યમાં તેને ટેકો આપે છે, તે માનવ માટે સ્વર્‌નાં પ્રચુર જળોને—સત્યની ધારાઓને લઈ આવે છે, અપ્રતિઘર્ષ્ય રીતે સમગ્ર સત્યચેતનાના વ્યાપક કાર્યને, તેના જ્ઞાનની વિશાળ રચનાઓ (माया:) સાથે, લઈ આવે છે.

મેં उस्त्रा इव स्वसराणि શબ્દગુચ્છનો તદ્દન બાહ્ય અર્થ કર્યો છે. પણ વેદમાં કાવ્યમય ઉપમાઓ પણ માત્ર શોભા માટે વપરાતી નથી. તેમનો પણ ઉપયોગ માનસશાસ્ત્રીય અર્થને વધારે ઊંડો બનાવવા માટે, પ્રતીકમયતાને અથવા દ્વિ-અર્થને વધારે ગહન બનાવવા માટે કરવામાં આવે છે. ગો શબ્દની પેઠે, વેદમાં

उस्त्र શબ્દ પણ બે અર્થોમાં વપરાય છે—એક તેના સ્થૂલ અર્થમાં—ગાય કે બળદના અર્થમાં, અને બીજો તેના માનસશાસ્ત્રીય અર્થમાં માનવમાંની 'પ્રકાશયુકત સત્યની શકિતઓ.' વિશ્વેદેવોને તે પ્રકાશયુકત શકિતઓ તરીકે સોમરસ પ્રત્યે આવવાનું છે, જાણે કે તેઓ શાન્તિ અથવા આનંદનાં આસનો પ્રત્યે ન આવતા હોય (स्वसराणी). स्वस् ધાતુના અર્થ, सस् અને બીજા ધાતુઓ પેઠે, બે થાય છે: (૧) આરામ કરવો, (૨) આનંદ માણવો. અશ્વિનોના પ્રાણિક તથા માનસિક કાર્યથી અને ઇન્દ્રની શુદ્ધ માનસિક ક્રિયાથી આધાર તૈયાર થઈ જાય, એટલે આનંદના પ્રવાહોમાં પ્રવિષ્ટ થઈને, માનવમાં આવતી સત્યની શકિતઓ તે વિશ્વેદેવો છે.

"પોતાના કાર્યમાં માનવને ધારણ કરનાર—પોષણ કરનાર, હે વિશ્વેદેવો પધારો અને હું જેને વહેંચી આપું છું તે સોમરસના ભાગ પાડી આપો.

જળોને અમારા પ્રત્યે લઈ આવનાર હે વિશ્વેદેવો, પ્રકાશયુકત શકિતઓ તરીકે મારા સોમયાગમાં—જાણે તે તમારું આનંદનું ઘર હોય તે રીતે, પધારો.

હે અપ્રતિધર્ષ્ય અને કદી ઈજા ન પામનારા, તમારા જ્ઞાનની રચનાઓમાં મુકતપણે વિહરનારા, વિશ્વેદેવો, ધારણ કરનારાઓ તરીકે તમે મારા યજ્ઞને વળગી રહો."

સૂકતની છેલ્લી ગતિમાં આપણને સત્યચેતનાની સ્પષ્ટ સૂચના મળી રહે છે, જે યજ્ઞનું ધ્યેય છે, સોમયાગનો હેતુ છે, પ્રાણમાં તથા મનમાં અશ્વિનોએ, ઇન્દ્રે અને વિશ્વેદેવોએ સિદ્ધ કરેલા કાર્યનો સુવર્ણકળશ છે. કારણ કે આ ત્રણ ઋચાઓ સરસ્વતીને સંબોધીને રચાઈ છે. સરસ્વતી દિવ્ય શબ્દ છે, સત્ય-ચેતનામાંથી અવતરતી પ્રેરણાનો પ્રવાહ છે. તેમનો સ્વચ્છ સ્પષ્ટ અર્થ આ રીતે વહે છે:

"પોતાનાં સ્વરૂપોની સમૃદ્ધિવાળી, વિચાર-સામગ્રીમાં સંપત્તિશાળી, શુદ્ધ બનાવતી, સરસ્વતી અમારા યજ્ઞની ઇચ્છા કરો.

સુખમય સત્યો તરફ પ્રેરતી, ચેતનામાં યોગ્ય માનસ-ક્રિયાઓને જાગૃત કરતી, સરસ્વતી યજ્ઞને ધારણ કરે છે.

સરસ્વતી દર્શના દ્વારા ચેતનામાં મહાન પૂરને (ઋતની વિશાળ ગતિને) જાગૃત કરે છે, અને સમગ્ર વિચારોને સંપૂર્ણ રીતે પ્રકાશિત કરે છે."

આ સ્પષ્ટ અને તેજોયુકત અંત, આગળ આવી ગયેલા બધા ભાગો પર પ્રકાશ નાખે છે. તે વૈદિક યજ્ઞના અને મન-આત્માની અમુક સ્થિતિ વચ્ચે ગાઢ સંબંધ બતાવે છે; ઘૃત અને સોમરસના સમર્પણ તથા તેજોમય વિચાર વચ્ચે, માનસશાસ્ત્રીય અર્થઘનતાની સમૃદ્ધિ, મનની યોગ્ય અવસ્થાઓ, અને સત્ય તથા પ્રકાશ પ્રત્યે તેની જાગૃતિ અને વેગભરી ગતિ વચ્ચે પરસ્પર

આધાર પ્રતિપાદિત કરે છે. સરસ્વતી શ્રુતિ—પ્રેરણાની દેવી છે, તે રૂપક સ્પષ્ટ કરે છે. વૈદિક નદીઓ અને મનની માનસશાસ્ત્રીય અવસ્થાઓ વચ્ચેના સંબંધને તે સ્થાપિત કરે છે. હેતુપૂર્વકની અનિશ્ચિતતાઓવાળી, તેમની રૂપકમય શૈલીમાં ઋષિઓએ આ સૂકતરૂપે, આપણને તેમના ગૂઢાર્થ તરફ દોરી જવા માટે પ્રકાશમય સૂચનો વેર્યાં છે.

સરસ્વતી અને તેના સાથીઓ

વેદની પ્રતીકમયતા સરસ્વતી દેવીની બાબતમાં વધારેમાં વધારે સ્પષ્ટતાથી છતી થાય છે. બીજા ઘણા દેવોની બાબતમાં આંતરિક અર્થ અને બાહ્ય આકારની સમતુલા કાળજીપૂર્વક જાળવવામાં આવી છે. કેટલીક વાર પડદો પારદર્શક બની જાય છે, અથવા શબ્દના સામાન્ય શ્રોતા માટે પણ પડદાના ખૂણા ઊંચકી લેવામાં આવે છે; પણ પડદાને કદી સંપૂર્ણપણે ઊંચકી લેવામાં આવતો નથી, દૂર કરી દેવામાં આવતો નથી. અગ્નિ, યજ્ઞના અગ્નિ કરતાં અથવા વસ્તુઓમાં રહેલાં પ્રકાશ અને ઉષ્ણતાના ભૌતિક તત્ત્વ કરતાં કાંઈક વધારે છે, તે બાબતમાં શંકા થઈ શકે; ઇન્દ્ર, આકાશના અથવા વૃષ્ટિના અથવા ભૌતિક પ્રકાશના દેવ કરતાં કાંઈક વધારે છે તે બાબતમાં શંકા થઈ શકે; વાયુ, પવનના અને હવાના, અથવા ભૌતિક જીવનના શ્વાસોચ્છ્વાસના—પ્રાણના દેવ કરતાં કાંઈક વધારે છે તે બાબતમાં શંકા થઈ શકે. નાના દેવોની બાબતમાં પ્રાકૃતિક અર્થ વિષે બહુ વિશ્વાસ ન મૂકી શકાય; કારણ કે વરુણ માત્ર વૈદિક યુરેનસ અથવા નેપ્ચ્યુન નથી, પણ તે મહાન અને અગત્યનાં નૈતિક કાર્યો કરતો દેવ છે; મિત્રને તથા ભગને તે જ જાતની માનસશાસ્ત્રીય બાજુઓ છે; મન વડે વસ્તુઓનું નિર્માણ કરતા અને કાર્યો દ્વારા અમરતાની રચના કરતા ઋભુઓ પ્રાકૃતિક પુરાણશાસ્ત્ર પ્રોક્રસ્ટિયન માપમાં દબાવીને ન પૂરી શકાય. પણ વૈદિક સૂકતોના કવિઓમાં વિચારોનો અસ્પષ્ટ ગૂંચવાડો હતો એવો આરોપ મૂકીને તે મુશ્કેલીને જિતી ન શકાય, તો પણ તેને પગ તળે કચડી શકાય. પણ સરસ્વતી તેવા વ્યવહારને સાંખી લે તેવી નથી. સ્પષ્ટ રીતે તે શબ્દની દેવી છે, દિવ્ય પ્રેરણાની દેવી છે.

જો આટલું જ હોય, તો આપણે બહુ બહુ તો એટલી વાત સ્પષ્ટતા-પૂર્વક કરી શકીએ કે વૈદિક ઋષિઓ માત્ર પ્રાકૃતિક જંગલી લોકો ન હતા, પણ તેમની પાસે માનસશાસ્ત્રીય વિચારો હતા, અને તેઓ એવાં પુરાણશાસ્ત્રીય પ્રતીકો તથા રૂપકો સર્જવા શકિતમાન હતા, કે જે માત્ર દૃશ્ય ભૌતિક જગતની ક્રિયાઓને, તેમને જેમાં રસ હતો તેવા ખેતી-વિષયક, પશુપાલન-વિષયક અને

ખુલ્લી હવાના જીવનનું માત્ર વર્ણન કરે, તેટલું જ નહિ, પણ મન-આત્માની આંતર-ક્રિયાઓમાં પણ તેમને રસ હતો, તેમનાં પ્રતીકો પણ તેમણે રચ્યાં છે. જો આપણે પ્રાચીન ધાર્મિક વિચારના ઇતિહાસનો, ભૌતિકમાંથી આધ્યાત્મિક તરફ ક્રમિક વિકાસ રૂપે, કેવલ પ્રાકૃતિકમાંથી પ્રકૃતિના જગતના તથા દેવોના વધતા જતા નૈતિક અને માનસશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ રૂપે, ખ્યાલ કરવાનો હોય—અને આ ખ્યાલ તદ્દન નિશ્ચિત રૂપે નહિ, તો પણ અત્યારે તો સ્વીકારાયેલો સિદ્ધાંત[૧] છે, તો આપણે માનવું પડશે કે વૈદિક કવિઓ દેવોના ભૌતિક અને પ્રાકૃતિક ખ્યાલમાંથી કયારનાયે નૈતિક અને આધ્યાત્મિક ખ્યાલ તરફ આગળ વધ્યા હતા. પણ સરસ્વતી માત્ર પ્રેરણાની દેવી જ નથી; તે સાથે સાથે પ્રાચીન આર્ય જગતની સાત નદીઓમાંની એક છે. તો પછી પ્રશ્ન થશે કે તે બેનું આ આશ્ચર્યકારક તાદાત્મ્ય કેવી રીતે શકય બન્યું? વૈદિક સૂકતોમાં તે બે વિચારોનો સંબંધ કેવી રીતે દેખા દે છે? એક બીજી વિચારણીય વાત એ છે કે સરસ્વતી ખુદ પોતે જ અગત્યની છે, તેના કરતાં તેના સંબંધો વડે વધારે મહત્ત્વની છે. આપણે આગળ જતાં પહેલાં તેના સાથીઓ તરફ ઝડપી ઉપરચોટિયા નજર નાખી લઈએ, અને જોઈએ કે તેમનામાંથી આપણને શું શીખવાનું મળે છે.

ગ્રીક પુરાણશાસ્ત્રમાં પણ નદી અને કાવ્યમય પ્રેરણા વચ્ચે સાહચર્ય જોવા મળે છે; પણ તેમાં Muses (વિદ્યાકળાઓ) નો ખ્યાલ નદીઓ તરીકે કરવામાં નથી આવ્યો; બહુ સમજાય નહિ તે રીતે તેમનો સંબંધ અમુક પાર્થિવ ઝરા સાથે જોડવામાં આવ્યો છે. આ ઝરાનું તે હિપ્પોક્રિન નદી, અશ્વનો ઝરો. તેના નામની સમજૂતી આપવા માટે એક પૌરાણિક કથા આપવામાં આવે છે કે તે નદી દિવ્ય પેગાસસ અશ્વની ખરીમાંથી નીકળી; તે અશ્વે પોતાની ખરી વડે ગિરિ પર પ્રહાર કર્યો, અને ગિરિને પ્રહાર જે સ્થાને કરવામાં આવ્યો હતો, ત્યાંથી પ્રેરણાનાં જળ બહાર ફૂટી નીકળ્યાં. આ કથા શું માત્ર ગ્રીક પરીકથા હતી કે તેમાં કોઈ ખાસ અર્થ હતો? જો તેનો કોઈ અર્થ હોય, તો એ સ્પષ્ટ

---

૧. મને માગે છે કે ધાર્મિક વિચારોના ઉદ્‌ગમનો અને પ્રાથમિક ઇતિહાસનો નિર્ણય કરવા માટે આપણી પાસે પૂરતી સાચી સામગ્રી નથી. અત્યારની હકીકતો એમ બતાવે છે કે પહેલાંનો ધર્મ માનસશાસ્ત્રીય અને પ્રાકૃતિક હતો, અર્થાત્ તેને બે બાજુઓ હતી, જેમાંની પ્રથમ ધીમે ધીમે અસ્પષ્ટ અને લુપ્ત બનતી ચાલી – જો કે જંગલી જાતિઓમાં—ઉત્તર અમેરિકાની ટોળીઓ જેવી જાતિઓમાં પણ તે તદ્દન ભૂંસાઈ તો ન જ ગઈ. પણ આ ધર્મના સિદ્ધાંતો ભલે ખૂબ પ્રાચીન ઇતિહાસની પૂર્વેના હોય, છતાં તે પ્રાથમિક જંગલી દશાના તો ન જ કહી શકાય.

છે કે તે એક માનસશાસ્ત્રીય ઘટનાનો ઉદ્દેશ કરે છે તે કારણસર તેનો માનસશાસ્ત્રીય અર્થ હોવો જોઈએ; તે અમુક માનસશાસ્ત્રીય હકીકતોને સ્થૂલ રૂપકોમાં મૂકવાનો પ્રયાસ કરે છે. Pegasus (પેગાસસ) શબ્દને મૂળ આર્યસ્વરશાસ્ત્રોની દૃષ્ટિએ પરિવર્તિત કરીએ, તો તે પાજસ્ બની જાય છે, અને તે સંસ્કૃત શબ્દ છે. તેનો મૂળ અર્થ થાય છે— બળ, ગતિ અથવા કેટલીક વાર પદ, પગને ટેકવવાની જગ્યા. ગ્રીક ભાષામાં પણ તે Pege (પેજે) સાથે સંબંધિત છે, અને તેનો અર્થ થાય છે ઝરો. એટલે આ કથાના શબ્દમાં પ્રેરણાની વેગયુકત ગતિના રૂપક સાથે સતત સાહચર્યનો સંબંધ છે. વૈદિક પ્રતીકો તરફ વળતાં આપણને જણાયું છે કે અશ્વ પ્રાણની મહાન સક્રિય શકિતનું રૂપક છે, પ્રાણિક અને જ્ઞાનતંતુઓની શકિતનું રૂપક છે; અને તેનો ઉપયોગ સતત ચેતનાનાં બીજાં રૂપકો સાથે કરવામાં આવ્યો છે. અદ્રિ--પર્વત અથવા ગિરિ સામાન્ય અસ્તિત્વનું, ખાસ કરીને શારીરિક–ભૌતિક સ્વભાવનું પ્રતીક છે, અને આ અદ્રિમાંથી સૂર્યની ગાયોને મુકત કરવામાં આવે છે, અને જળપ્રવાહો બહાર વહે છે. મધુના—સોમના નિર્ઝરો પણ આ અદ્રિમાંથી નીસર્યાનું વર્ણન આવે છે. પ્રેરણાનાં જળને મુકત કરતો, અદ્રિને લગાવેલો અશ્વની ખરીનો આઘાત આમ સ્પષ્ટ માનસશાસ્ત્રીય રૂપક બની રહે છે. ગ્રીક અને ભારતીય લોકો આવા માનસશાસ્ત્રીય વિધાન માટે અસમર્થ હતા, અથવા તો તેને કાવ્યમય અને ગૂઢ રૂપકમાં મૂકવા માટે અસમર્થ હતા, એમ માનવાને કોઈ કારણ નથી, કારણ કે પ્રાચીન રહસ્યવાદીઓ તેવા રૂપક-સમૂહોનો છૂટથી પ્રયોગ કરતા.

આપણે આગળ વધીને તે પણ તપાસ કરીએ કે બેલેરોફોન, જેણે બેલેરસને માર્યો હતો અને જે દિવ્ય અશ્વ પર સવારી કરે છે, તેની અને પોતાને માટે જ પ્રકાશને રાખી મૂકતા વલને-દૈત્યશત્રુને મારનાર વલહન્ (ઇન્દ્ર) વચ્ચે કોઈક મૂલ સંબંધ છે કે નહિ. પણ તેમ કરવું તે આપણા વિષયની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું ગણાય. પેગાસસની કથાનો આ અર્થ આપણને માત્ર એટલું સૂચવે છે કે પ્રાચીનોની કલ્પના આવો સ્વાભાવિક વળાંક લઈ શકતી, અને પ્રેરણાના નિર્ઝરને એક વહેતાં જળના વાસ્તવિક નિર્ઝર સાથે સંબંધિત કરી શકતી. સરસ્વતીનો અર્થ થાય છે 'વહેતી ગતિવાળાં નિર્ઝર રૂપ.' પરિણામે તે નદી માટે તેમ જ પ્રેરણાની દેવી માટે યોગ્ય નામાભિધાન છે. પણ વિચારની અથવા સાહચર્યની કયી પ્રક્રિયા દ્વારા, પ્રેરણાની નદીનો સામાન્ય વિચાર અમુક પાર્થિવ નિર્ઝર સાથે સંબંધિત થાય છે? અને વેદમાં એક નદી, તેની પરિસ્થિતિ વડે, સ્વાભાવિક અને કથાનકોના વાતાવરણ વડે, બીજી નદીઓ કરતાં પવિત્ર પ્રેરણાના વિચાર સાથે વધારે સંબંધિત થાય, તેવું કશું તત્ત્વ નથી. કારણ કે આ બાબતમાં ઋષિઓના મનમાં એક નહિ, પણ સાત નદીઓ સાથે જ રહેતી, અને તેમને

બધીને ઇન્દ્રદેવે વૃત્રને વજ્રનો પ્રહાર કરી મુકત કરી હતી, કે જે અસુર તેમના ઝરાઓને વીંટળાઈ વળ્યો હતો અને તેમનાં જળને વહેવા દેતો ન હતો. તે સાતમાંની એક જ નદીને માનસશાસ્ત્રીય અર્થ આપવામાં આવ્યો, અને બાકીની નદીઓ પંજાબમાં વાર્ષિક વૃષ્ટિ સાથે જ સંકલિત રહી, તેમ માનવું શકય નથી. સરસ્વતીના માનસશાસ્ત્રીય અર્થની સાથે સાથે વૈદિક જળપ્રવાહોના[1] રૂપકનો માનસશાસ્ત્રીય અર્થ અંતર્ભૂત છે.

સરસ્વતી માત્ર બીજી નદીઓ સાથે જ સંબંધિત નથી, પણ સ્પષ્ટ રીતે માનસશાસ્ત્રીય રૂપકો એવી બીજી દેવીઓ સાથે ખાસ કરીને ભારતી અને ઇલા સાથે, સંબંધિત છે. પાછળનાં પૌરાણિક પૂજાનાં રૂપોમાં, સરસ્વતી વાણીની, વિદ્યાની અને કવિતાની દેવી છે, અને તેનું બીજું નામ ભારતી આપવામાં આવ્યું છે. પણ વેદમાં ભારતી અને સરસ્વતી ભિન્ન ભિન્ન દેવીઓ છે. ભારતીને મહી (વિશાળ, મહાન) પણ કહેવામાં આવી છે. જેમાં અગ્નિ દેવોનું યજ્ઞમાં આવાહન કરે છે, તે સૂકતોમાં ઇલા, મહી અથવા ભારતી અને સરસ્વતી ત્રણેયને એક ફૉર્મ્યુલામાં સંબંધિત કરવામાં આવી છે.

इला सरस्वती मही तिस्रो देवीर्मयोभुवः।
बर्हिः सीदन्त्वस्रिधः ।। (१, १३, ९)

"આનંદને જન્મ આપનારી, કદી જેમને ઠેસ વાગતી નથી તેવી, ત્રણ દેવીઓ— ઇલા, સરસ્વતી અને મહી યજ્ઞના આસન પર બિરાજો." "अस्रिधः નો અર્થ 'જે ઇજા પામતી નથી અથવા જે ઈજા કરતી નથી' એવો પણ થાય. હું માનું છું કે તેનો અર્થ છે— જેમનામાં અનિષ્ટ પરિણામો નીપજાવનારી (दुरितम्) અસત્ય ગતિ નથી, જેઓ પાપ અને દોષના ખાડામાં ગબડી પડતી નથી. દશમા મંડળના ૧૧૦મા સૂકતમાં આ ફૉર્મ્યુલાનો વિસ્તાર કરવામાં આવ્યો છે:

आ नो यज्ञं भारती तूयमेतु इला मनुष्वदिह चेतयन्ती ।
तिस्रो देवी बर्हिरेदं स्योनं सरस्वती स्वपसः सदन्तु ।।

'અમારા યજ્ઞમાં વેગ પૂરતી ભારતી અને અમારી ચેતનાને (જ્ઞાનને, દર્શનોને) અહીં જાગૃત કરતી ઇલા મનુષ્યની પેઠે, અને સરસ્વતી— ત્રણ દેવીઓ આ સુખમય આસન પર બેસો અને સારી રીતે કાર્ય કરો.'

---

૧. પાછળના ભારતીય વિચારમાં નદીઓનો રૂપકમય અર્થ જોવામાં આવે છે. દાખલા તરીકે તાંત્રિક રૂપકોમાં ગંગા, યમુના, સરસ્વતી અને તેમનો સંગમ યોગનાં પ્રતીકો છે, અને યોગનાં પ્રતીકો તરીકે તે જુદા અર્થમાં વાપરવામાં આવ્યાં છે.

એ સ્પષ્ટ છે અને હજી વધારે સ્પષ્ટ થશે કે આ ત્રણેય દેવીઓનાં કાર્ય સરસ્વતીની પ્રેરણાશકિત સાથે સંબંધિત છે. મારું સૂચન એવું છે કે સરસ્વતી સત્યચેતનામાંથી—ઋતમાંથી આવતો શબ્દ છે, પ્રેરણા છે. એટલે ઈલા અને ભારતી પણ તે જ શબ્દમાંથી અથવા જ્ઞાનમાંથી આવતાં તેનાં બીજાં સ્વરૂપો હોવાં જોઈએ. મધુચ્છંદસ્‌ના આઠમા સૂકતમાં એક ઋચા આવે છે, જેમાં ભારતીનું નામ મહી આપવામાં આવ્યું છે.

एवा ह्यस्य सूनृता विरप्शी गोमती मही ।
पक्वा शाखा न दाशुषे ।। (१, ८, ८)

"આ પ્રમાણે ઈન્દ્ર માટે કિરણોથી યુકત, પ્રાચુર્યથી છલકાઈ જતી, તેના સ્વભાવમાં સુખમય સત્યરૂપ, મહી યજ્ઞનું દાન કરનાર માટે પાકી શાખા જેવી બને છે.'

વેદમાં કિરણો સૂર્યનાં કિરણો છે. આપણે આ દેવીને ભૌતિક પ્રકાશની દેવી માનવી, અને ગો શબ્દનો ગાય અર્થ કરીને તે યજ્ઞ કરનારને માટે ગાયોથી પૂર્ણ છે એમ માનવું? આ છેલ્લી અસંભવિત ધારણામાંથી આપણને મદદ કરવા સરસ્વતીનો માનસશાસ્ત્રીય અર્થ વહારે ધાય છે; પણ તે પ્રાકૃતિક અર્થને નકારી કાઢે છે. યજ્ઞમાં સરસ્વતીની સાથીદાર, પ્રેરણાની દેવી અને બહેન, મહી—કે જે પાછળથી પુરાણશાસ્ત્રોમાં તેની સાથે એકરૂપ ગણવામાં આવી છે તેનું આ લક્ષણ હજારો પ્રમાણોમાંનું એક પ્રમાણ છે કે વેદમાં પ્રકાશ જ્ઞાનનું, આધ્યાત્મિક પ્રકાશમયતાનું પ્રતીક હતો. સૂર્ય પરમ દૃષ્ટિનો, વિજાલ પ્રકાશનો (बृहत् ज्योतिः) સ્વામી છે. કેટલીક વાર તેને ऋतं ज्योतिः—સત્ય પ્રકાશ પણ કહેવામાં આવ્યો છે. વેદમાં ऋतम् અને बृहत् શબ્દો વચ્ચે સતત સંબંધ જોવામાં આવે છે.

આ શબ્દોમાં મને માત્ર તે જ પ્રકાશયુકત ચેતનાની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું દેખાય છે, કે જેનો સ્વભાવ વિશાળ (बृहत्) છે, જે અસ્તિત્વના સત્યથી પૂર્ણ છે, અને જે ઋતનાં જ્ઞાન તથા ક્રિયાના સત્યથી પૂર્ણ છે. દેવો પાસે આ ચેતના છે. દાખલા તરીકે અગ્નિને ऋतचित्—સત્યચેતનાથી યુકત કહેવામાં આવ્યો છે. મહી, આ સૂર્યનાં કિરણોથી યુકત છે; આ પ્રકાશમયતાને તે પોતામાં વહન કરે છે. વળી તે સૂનૃતા છે, સુખમય સત્યનો શબ્દ છે—જેમ સરસ્વતીને સુખમય સત્યોને પ્રેરનારી વર્ણવી છે (चोदयित्री सूनृतानाम्) તેમ છેલ્લે તે વિરપ્શી છે--વિશાળ અથવા પ્રાચુર્યથી ઊભરાઈ જતી છે. તે શબ્દ આપણને યાદ અપાવે છે કે સત્ય પણ વિશાળતા છે—ऋतं बृहत्. બીજા સૂકતમાં (૧, ૨૨, ૧૦) તેને વરૂત્રી ધિષણા—વિશાળતાપૂર્વક આવૃત કરતી અથવા ભેટતી વિચારશકિત તરીકે વર્ણવી છે. એટલે મહી, સત્યની જ્યોતિર્મય

વિશાળતા છે, તે બૃહત્ ની—વિશાળતાની આપણામાં ઋતને અંદર રાખીને રહેલી પરચેતનાની દ્યોતક છે. તેથી યજમાન માટે તે પાકાં ફળોથી આવૃત શાખા સમાન છે.

ઇલા પણ સત્યનો શબ્દ છે; પાછળના ગૂંચવાડામાં તેનું નામ વાણી સાથે એકરૂપ બની ગયું છે. જેવી રીતે સરસ્વતી ચેતનાને સત્ય વિચારોમાં અથવા સત્ય મનોદશાઓમાં જાગૃત કરે છે (चेतन्ती सुमतीनाम्), તેવી રીતે ઇલા, ચેતનાને જ્ઞાનમાં જાગૃત કરતી (चेतयन्ती) યજ્ઞમાં આવે છે. તે સુવીરા—શકિત પૂર્ણ છે, અને જ્ઞાન લાવી આપે છે. જ્યારે સંકલ્પશકિતરૂપ અગ્નિનું, સત્ય પ્રકાશના સ્વામી સૂર્યનાં કિરણો વડે, પરિશ્રામ કરવા માટે આવાહન કરવામાં આવે છે, ત્યારે તેને ઇલા સાથે એકરૂપ બનેલા મનવાળા બનવું પડે છે—इलया सजोषा यतमानो रश्मिभिः सूर्यस्य (૫,૪,૪.) ઇલા સૂર્યની ગાયોની—કિરણોની માતા છે. તેના નામનો અર્થ થાય છે—શોધનાર અને પ્રાપ્ત કરનાર; ઋત અને ઋષિ શબ્દોના જેવું જ તે નામમાં વિચારોનું સાહચર્ય છે. એટલે ઇલા દ્રષ્ટાની સત્યને પ્રાપ્ત કરતી દર્શના હોઈ શકે.

જેવી રીતે સરસ્વતી સત્યની શ્રુતિ છે કે જે પ્રેરણાયુકત શબ્દને આપે છે, તેમ ઇલા દૃષ્ટિ છે—સત્યની દર્શના છે. દૃષ્ટિ અને શ્રુતિ ઋષિની, કવિની, સત્યના દ્રષ્ટાની બે શકિતઓ છે; એટલે આપણે ઇલા અને સરસ્વતી વચ્ચેના ગાઢ સંબંધને સમજી શકીએ તેમ છીએ. ભારતી અથવા મહી, સત્યચેતનાની વિશાળતા છે, તે જ્યારે તે માનવના મર્યાદિત મન પર ઉદય પામે છે ત્યારે તેની સાથે પેલી બે ભગિની-શકિતઓને લાવે છે. આપણે તે વાત પણ સમજી શકીએ છીએ કે પાછળથી જ્યારે વૈદિક જ્ઞાનનો હ્રાસ થતો ગયો, ત્યારે આ સૂક્ષ્મ અને જીવંત ભેદો તરફ ઉપેક્ષા સેવવામાં આવી અને છેવટે ભારતી, સરસ્વતી અને મહી એકમાં જ વિલીન થઈ ગઈ.

આપણે એ હકીકતની પણ નોંધ લેવી જોઈએ કે આ ત્રણ દેવીઓ માનવ માટે मयस् ને—આનંદને જન્માવે છે. મેં તે વાત પર વારંવાર આગ્રહ રાખ્યો છે કે વૈદિક દ્રષ્ટાઓના અભિપ્રાય મુજબ સત્ય અને આનંદ વચ્ચે સતત સંબંધ છે. જ્યારે માનવમાં સત્ય અથવા અનંત ચેતનાનો ઉદય થાય છે, ત્યારે વેદના અને દુઃખનું તેનું દુઃસ્વપ્ન નાશ પામે છે, આ ભેદમય સૃષ્ટિ વિલીન થઈ જાય છે, અને તે આનંદની પ્રાપ્તિ કરે છે. વેદમાં તે આનંદને ભદ્ર, મયસ્ (પ્રેમ અને આનંદ), સ્વસ્તિ (અસ્તિત્વની કલ્યાણકારી સ્થિતિ) વગેરે શબ્દો વડે વર્ણવવામાં આવ્યો છે. તેને માટે ઓછા પારિભાષિક શબ્દો છે वार्यम्, रयिः, रायः । વૈદિક ઋષિને માટે સત્ય માર્ગ અને મુખ્ય ખંડ છે, દિવ્ય અસ્તિત્વનો આનંદ, ધ્યેય—ગંતવ્ય સ્થાન છે; અથવા સત્ય પાયો છે, અને

આનંદ તેનું પરમ પરિણામ છે.

માનસશાસ્ત્રીય સિદ્ધાંત મુજબ સરસ્વતીનું ચરિત્ર આ પ્રકારનું છે, તેનું ખાસ કાર્ય અને દેવોમાં તેના ખૂબ નિકટના સંબંધો આ પ્રકારના છે. તેની બીજી છ નદી—બહેનો સાથે વૈદિક નદી તરીકેના તેના સંબંધ પર તે કયા પ્રકારનો પ્રકાશ ફેંકે છે? વિચારની અતિપ્રાચીન શાખાઓની પેઠે, વૈદિક પદ્ધતિમાં પણ સાતની સંખ્યા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. આપણે તે સંખ્યાની પુનરાવૃત્તિ સતત આવતી જોઈએ છીએ-સાત આનંદો (सप्त रत्नानि), અગ્નિની સાત શિખાઓ અથવા કિરણો (सप्त ज्वालाः, सप्त अर्चिषः), વિચાર તત્ત્વનાં સાત સ્વરૂપો (सप्त धीतयः), સાત કિરણો અથવા ગાયો, દેવોની અવધ્ય માતા અદિતિ—ગાયનાં સાત સ્વરૂપો (सप्त गावः), પોષણ કરતી સાત ગાયો અથવા સાત માતાઓ (सप्त मातरः, सप्त धेनवः)—गो શબ્દ કિરણનો તથા નદીનો પણ વાચક છે, સાત નદીઓ. મને લાગે છે કે આ સાત-સાતનાં જોડકાં અસ્તિત્વનાં પાયાભૂત તત્ત્વોના વર્ગીકરણ પર આધાર રાખે છે. આ તત્ત્વોની સંખ્યાની શોધ કરવામાં પ્રાચીનોના વિચારક મનને ખૂબ રસ હતો, અને ભારતીય તત્ત્વચિંતનમાં આપણને એકથી માંડીને વીસ સુધી પહોંચી જતાં સંખ્યાના અનેક ઉત્તરો મળે છે. વૈદિક વિચારમાં માનસશાસ્ત્રીય તત્ત્વોની સંખ્યાને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, કારણ કે ઋષિઓને મન સમગ્ર અસ્તિત્વ ચેતન સત્‌ની ગતિરૂપ હતું. આ વિચારો અને તેમનું વર્ગીકરણ આધુનિક મનને ગમે તેટલાં કુતૂહલપૂર્ણ અને નિષ્ફળ લાગે, પણ તે માત્ર શુષ્ક તત્ત્વચિંતનના ભેદો ન હતા. તે એક જીવંત માનસશાસ્ત્રીય સાધન સાથે સંબંધિત હતા, મોટા પ્રમાણમાં તેની વિચારણાના પાયારૂપ હતા. જો આપણે આ પ્રાચીન અને દૂર—સુદૂરની પદ્ધતિનો કોઈક ચોક્કસ ખ્યાલ બાંધવા માગતા હોઈએ, તો આપણે તેમને સ્પષ્ટ રીતે સમજવા જોઈએ.

વેદમાં આપણને તે તત્ત્વોની ભિન્ન ભિન્ન સંખ્યા મળે છે. એકનો પાયા રૂપે, સમગ્રનો સમાવેશ કરનાર તત્ત્વ રૂપે સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ એકમાં બે તત્ત્વો હતાં—એક દિવ્ય અને બીજું માનવ, એક મર્ત્ય અને બીજું અમર્ત્ય. બધાં ભૂતોનાં માતા-પિતા ગણાતાં બે તત્ત્વોને—આકાશ અને પૃથ્વી, મન અને શરીર, આત્મા અને પ્રકૃતિને આ બેની સંખ્યા લાગુ કરવામાં આવી હતી. તે પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે જ્યારે આકાશ અને પૃથ્વીને પ્રાકૃતિક શકિતનાં બે સ્વરૂપોનું રૂપક આપવામાં આવે છે, તેમને માનસિક અને શારીરિક ચેતનાનું રૂપક આપવામાં આવે છે, ત્યારે તે બે પિતા—માતા નહિ, પણ બે માતાઓ બની જાય છે. ત્રણ તત્ત્વોનો સ્વીકાર બે રીતે કરવામાં આવ્યો હતો—એક સચ્ચિદાનંદ—દિવ્ય સત્તા, ચેતના અને આનંદના ત્રિવિધ તત્ત્વ રૂપે,

અને બીજું મન, પ્રાણ અને શરીર – એ ત્રિવિધ ભૌતિક તત્ત્વ રૂપે, કે જેના પર વેદમાં અને પુરાણોમાં આવતા ત્રણ લોકની રચના કરવામાં આવી છે. પણ સામાન્ય રીતે સાતની પૂર્ણ સંખ્યા સ્વીકારવામાં આવી છે. ત્રણ દિવ્ય તત્ત્વોમાં ત્રણ સાંસારિક તત્ત્વો ઉમેરવામાં આવ્યાં, અને તે બેની વચ્ચે એક કડીરૂપ સાંકળનારું તત્ત્વ મૂકવામાં આવ્યું કે જે સત્યચેતનાનું (ऋतं बृहत्નું) તત્ત્વ હતું, જે પાછળથી વિજ્ઞાન અથવા મહસ્ નામથી જાણીતું બન્યું. પાછલા સાતમા તત્ત્વનો અર્થ થાય છે વિશાળ, અને તેથી તે બૃહત્નો પર્યાય શબ્દ છે. આ રીતે સાત તત્ત્વો બન્યાં. પાંચ, આઠ, નવ, દસ અને બાર તત્ત્વોમાં પણ તેમનું વર્ગીકરણ કરેલું જોવા મળે છે; પણ અત્યારે આપણે તેમાં ઊંડા ઊતરવાની જરૂર નથી.

તે ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ સાતેય તત્ત્વો અવિભાજ્ય અને સર્વવ્યાપક છે, અને પરિણામે તે પ્રકૃતિની પ્રત્યેક જુદી રચનાને લાગુ પડે છે. દાખલા તરીકે, સાત ભૂમિકાઓ પર કાર્ય કરતા સાત વિચારો મૂળ મુદ્દે મન જ છે; અને તે પદાર્થ—મનને, પ્રાણિક મનને, શુદ્ધ મનને—એમ ઉચ્ચતમ શિખર સુધીના મનને ઉત્પન્ન કરે છે—परमा परावत्. સાત કિરણો અથવા ગાયો અનંત માતા—અવધ્ય ગાય, અદિતિ જ છે. અદિતિ પરાપ્રકૃતિ અથવા અનંત ચેતના, પાછળના પ્રકૃતિ અથવા શકિતના વિચારનું મૂળ ઉદ્ગમસ્થાન છે. ચેતન સત્ની શકિત તરીકે તેના વિશ્વકાર્યમાં, તે સાત ભૂમિકાઓ પર પ્રગટ થતી વસ્તુઓની માતા છે. પ્રાચીન કાળના—પશુપાલનના સમયના રૂપકમાં પુરુષને વૃષભ—બળદ કહેવામાં આવ્યો છે. તે જ રીતે સત્ના મહાસાગરના સપ્તવિધ તત્ત્વોને અનુરૂપ ચેતન પ્રવાહોને સાત નદીઓ તરીકે વર્ણવવામાં આવ્યા છે. પાછળથી પુરાણોમાં તેમને સાત લોક તરીકે વર્ણવવામાં આવ્યા. તે ચેતન પ્રવાહો માનવચેતનામાં પૂર્ણપણે વહે, તે જ પ્રાણીની સમગ્ર ક્રિયા છે, તેની દ્રવ્ય-સામગ્રીનો પૂર્ણ ખજાનો છે, શકિતની તેની પૂર્ણ લીલા છે. વૈદિક રૂપકમાં, તેની ગાયો સાત નદીઓના જળનું પાન કરે છે.

જો આ રૂપકોનો સ્વીકાર થાય, અને તેવાં રૂપકોના ખ્યાલો એક વખતે અસ્તિત્વમાં હતા તે વાત સ્પષ્ટ છે, તો સાત નદીઓમાંની એક સરસ્વતીનું સ્થાન સ્પષ્ટ બની જાય છે. પ્રાચીન આર્યોના વાતાવરણમાં અને પરિસ્થિતિમાં જીવન જીવતા લોકો માટે તે પ્રકારનાં રૂપકો સ્વાભાવિક છે, જેમ અત્યારે થિયૉસૉફીના વિચારકોએ આપણને ભૂમિકાઓની રૂપકથાઓથી પરિચિત કર્યા છે કે જે આધુનિક જમાનામાં તદ્દન સ્વાભાવિક અને અનિવાર્ય છે. સરસ્વતી ઋતમાંથી અથવા મહસ્માંથી—સત્યચેતનામાંથી વહી આવતી નદી છે, આપણને આ તત્ત્વ વિષે વેદમાં જ કથન મળે છે. દાખલા તરીકે, ત્રીજા સૂકતના છેલ્લા મંત્રમાં

તેને महो अर्णः—મહાન જળ તરીકે વર્ણવવામાં આવી છે. આ શબ્દગુચ્છ-માંથી આપણને પાછળથી આવેલા महस् શબ્દનું ઉત્પત્તિસ્થાન પણ મળી આવે છે. કેટલીક વાર તેને महान् अर्णवः—મહાન સમુદ્ર, જળરાશિ તરીકે પણ વર્ણવેલી જોવા મળે છે. ત્રીજા સૂકતમાં આપણે સરસ્વતી અને આ મહાન જળ વચ્ચેનો સંબંધ જોઈ શકીએ છીએ. આપણે વૈદિક ગાયોનો, ઇન્દ્ર સાથે તેમના સંબંધનો, સરસ્વતીની નિકટની બહેન સરમાદેવી સાથે ઇન્દ્રના સંબંધનો વિચાર કરવા તરફ વળીએ, ત્યાર પહેલાં આપણે સરસ્વતીના આ મહાન જળ સાથેના સંબંધનો જરાક વધારે બારીકાઈથી વિચાર કરી લઈએ. વૈદિક મહાન દેવ, સ્વર્ગનો રાજા, અમારી માન્યતા પ્રમાણે દિવ્ય આત્મ-પ્રકાશિત મનની શકિતરૂપ, ઇન્દ્રને ઉદ્દેશીને મધુચ્છંદસે રચેલાં બીજાં સૂકતોના અવલોકન કરતાં પહેલાં, આ સંબંધોને નિશ્ચિત રૂપમાં સમજી લેવા તે આવશ્યક છે.

સમુદ્રો અને નદીઓનું રૂપક

ત્રીજા સૂકતની જે ત્રણ ઋચાઓમાં મધુચ્છંદસે સરસ્વતીનું આવાહન કર્યું છે, તે સંસ્કૃતમાં આ છે:

पावका नः सरस्वती वाजेभिर्वाजिनीवती ।
यज्ञं वष्टु धियावसुः ।।
चोदयित्री सूनृतानां चेतन्ती सुमतीनाम् ।
यज्ञं दधे सरस्वती ।।
महो अर्णः सरस्वती प्रचेतयन्ती केतुना ।
धियो विश्वा विराजति ।।

સરસ્વતીને આપણે સત્યની પ્રેરણા-શકિત સમજી લઈએ, એટલે પહેલા બે મંત્રોનો અર્થ તો સ્પષ્ટ બની જાય છે. સત્યમાંથી આવતી પ્રેરણા બધાં અસત્યોને દૂર કરીને, માનવને પવિત્ર બનાવે છે, કારણ કે ભારતીય વિચાર અનુસાર બધું પાપ માત્ર અસત્ય છે, ખોટી રીતે ઊભી થતી લાગણી છે, ખોટી દિશામાં વળેલાં સંકલ્પ અને ક્રિયા છે. આપણા જીવનનો અને આપણો પોતાનો— જયાંથી આપણે શરૂઆત કરીએ છીએ– કેન્દ્રસ્થ વિચાર અસત્ય છે, અને તે બીજી બધી વસ્તુઓને અસત્યમય કરી મૂકે છે. સત્ય આપણી પાસે પ્રકાશ રૂપે, શબ્દ રૂપે આવે છે, અને આપણા વિચારમાં પરિવર્તન કરવાની તે આપણને ફરજ પાડે છે, તે આપણે માટે તથા આપણી આસપાસના બધા પદાર્થો માટે એક નવીન વિવેકદૃષ્ટિ આપણને આપે છે. વિચારનું સત્ય દર્શનાના સત્યને જન્માવે છે, દર્શનાનું સત્ય આપણામાં અસ્તિત્વના સત્યને પ્રગટાવે છે, અને અસ્તિત્વના સત્યમાંથી સ્વાભાવિક રીતે લાગણીનું, સંકલ્પનું અને ક્રિયાનું સત્ય વહી આવે છે. સાચે જ, વેદનો આ કેન્દ્રસ્થ ખ્યાલ છે.

સરસ્વતી— પ્રેરણા તેની તેજોમય પ્રચુરતાથી, વિચારસામગ્રીની સમૃદ્ધિથી

સભર ભરેલી છે. સરસ્વતી માનવની ચેતનાને જાગૃત કરીને, મર્ત્ય માનવીની ક્રિયાઓનું દિવ્યને સમર્પણ કરાવે છે, તે યજ્ઞને ધારણ કરી રાખે છે. પરિણામે માનવની લાગણીની યોગ્ય સ્થિતિઓ આવે છે, વિચારની યોગ્ય ગતિઓ પ્રાપ્ત થાય છે. તે બધું સત્યને અનુરૂપ બનતું જાય છે, કે જે સત્યમાંથી સરસ્વતી તેના પ્રકાશો રેડે છે—રેલાવે છે. તેનામાં તે સત્યોનો ઉદય કરીને—તેને માટે પ્રેરણાઓ આપીને સરસ્વતી જીવન તથા અસ્તિત્વને અસત્યમાંથી, નબળાઈમાંથી અને મર્યાદામાંથી મુકત કરે છે, અને તેને માટે પરમ આનંદનાં દ્વાર ખોલી આપે છે. વૈદિક ઋષિઓનો આવો અભિપ્રાય છે.

આ પ્રકારનાં સતત જાગૃતિ અને આવેગથી—જે એક શબ્દમાં કેતુ-દિવ્ય દર્શના, અને ઘણી વાર દૈવ્ય કેતુ, તરીકે વર્ણવાયાં છે, અને જે માનવની અસત્ય-મય મર્ત્ય દર્શનાથી ભિન્ન છે, સરસ્વતી માનવની સક્રિય ચેતનામાં મહાન જળને અથવા મહાન ગતિને—સત્યચેતનાને લઈ આવે છે, અને તેનાથી આપણા વિચારોને પ્રકાશિત કરે છે. આપણે યાદ રાખવું જોઈએ કે વૈદિક ઋષિઓની આ ઋત-ચેતના પારમાનસિક ભૂમિકા છે, અસ્તિત્વ રૂપી અદ્રિનું શિખર છે. (अद्रेः सानु), જે આપણી સામાન્ય પહોંચથી પર છે, અને જ્યાં આપણે પ્રયત્નપૂર્વક આરોહણ કરવાનું છે. તે આપણા જાગૃત સત્‌નો ભાગ નથી, તે આપણાથી ઊર્ધ્વ-ચેતનની નિદ્રામાં ગૂઢ છે. આમ હવે આપણને મધુચ્છંદસ્ શું કહેવા માગે છે તે સમજાશે, જ્યારે તે કહે છે કે પ્રેરણાના સતત કાર્યથી સરસ્વતી સત્યને આપણી વિચાર-ચેતનામાં જાગૃત કરે છે.

પણ વ્યાકરણીય દૃષ્ટિએ આપણે આ પંકિતનો અર્થ તદ્દન બીજી રીતે કરી શકીએ, આપણે महो अर्णः ને સરસ્વતી સાથે સમાન વિભકિતમાં લઈને, મંત્રનો અર્થ આ પ્રમાણે કરી શકીએ : 'મહાન નદી સરસ્વતી દર્શના વડે અમને જ્ઞાન પ્રત્યે જાગૃત કરે છે, અને અમારા બધા વિચારોમાં પ્રકાશે છે.' સાયણ महो अर्णः નો અર્થ પંજાબની એક મહાન ભૌતિક નદી કરે છે, અને તો તો ઋચામાં એક એવી વિચારની તથા અભિવ્યકિતની અસંગતતા આવી જાય છે કે જે એક ભયંકર ઓથારમાં અથવા ગાંડાઓની ઇસ્પિતાલમાં જ સંભવી શકે. પણ તેનો અર્થ 'પ્રેરણાનો મહાન પ્રવાહ' લઈ શકાય. અને તેમાં કોઈ ઋતચેતનાના મહાસાગરનો ઉલ્લેખ ન લઈએ તો ચાલે. બીજી જગ્યાઓએ, આ મહાન જળપ્રવાહની વિશાળ શકિત દ્વારા દેવોના કાર્ય કરવાના અનેક ઉલ્લેખો આવે છે—महना महतो अर्णवस्य (૧૦, ૬૭, ૧૨), જેમાં સરસ્વતીના નામનો નિર્દેશ કરવામાં નથી આવ્યો, અને તેથી સરસ્વતીનો અર્થ લેવાનું અશકય બની જાય છે. એ વાત સાચી છે કે, વેદમાં સરસ્વતીને ઇન્દ્રના ગૂઢ આત્મા રૂપે વર્ણવી છે; અને જો આપણે તેનો 'ઉત્તર ભારતની નદી' એવો

અર્થ કરીએ, અને ઈન્દ્રને આકાશનો દેવ સમજીએ, તો તે અર્થ શૂન્ય બની જાય છે. પણ જો આપણે ઈન્દ્રને પ્રકાશયુકત મન સમજીએ, અને સરસ્વતીને પારમાનસિક સત્યની ગૂઢ ભૂમિકામાંથી વહી આવતી પ્રેરણા સમજીએ, તો તેનો અર્થ ખૂબ ગહન અને નોંધપાત્ર બની જાય છે. પણ મહના મહ્તો અર્ણવસ્યનો અર્થ 'સરસ્વતીના મહિમાથી' કરીએ, તો સરસ્વતીને બીજા દેવોની સરખામણીમાં જે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે, તે માનવું અસંભવિત બને છે. વારંવાર એમ કહેવામાં આવ્યું છે કે દેવો ઋતની શકિતથી કાર્ય કરે છે; અને સરસ્વતી ઋતની દેવતાઓમાંની એક છે, અને તે માત્ર સૌથી વધારે અગત્યની અને વૈશ્વિક નહિ. એટલે મેં કરેલો અર્થ જ બીજા મંત્રોમાં આવતા તે શબ્દગુચ્છ સાથે વધારે સુસંગત છે.

હવે આપણે આ મંત્ર વડે નિઃશંકપણે નિર્ણય કરાયેલી હકીકતને સ્વીકારીને આગળ વધીએ. મહાન જળપ્રવાહ સરસ્વતી પોતે હોય કે ઋતનો મહાસાગર હોય, પણ વેદના ઋષિઓ જળના, નદીના, મહાસાગરના રૂપકને માનસશાસ્ત્રીય અર્થમાં વાપરતા, તેનો આપણે વિચાર કરીએ. આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે હિંદુ ગ્રંથોમાં, વેદમાં, પુરાણમાં, તત્ત્વચિંતનના તર્કમાં અને દૃષ્ટાંતમાં પણ, અસ્તિત્વને પોતાને મહાસાગર કહેવામાં આવ્યું છે. વેદ બે સમુદ્રોની વાત કરે છે—ઊર્ધ્વનો જળ રાશિ અને નિમ્ન જળો. આ બે સમુદ્રો છે—એક ઊર્ધ્વ ચેતનાનો, જે પ્રકાશપૂર્ણ છે, સનાતન છે, પણ માનવ મનથી પર છે; અને બીજો અવચેતનાનો, જે અંધકારપૂર્ણ અને અનભિવ્યકત છે. ચોથા મંડળના છેલ્લા સૂકતમાં વામદેવ આ બે સમુદ્રોનું કથન કરે છે તે કહે છે કે સમુદ્રમાંથી એક મધુયુકત મોજું ઊર્ધ્વમાં આરોહણ કરે છે, અને તે આરોહણ કરતા સોમરૂપી (અંશુ) મોજા દ્વારા માનવ સંપૂર્ણપણે અમરતાને પ્રાપ્ત કરે છે; તે મોજું અથવા સોમ સ્પષ્ટતાનું—ઘૃતનું ગૂઢ નામ છે; તે દેવોની જિહ્વા છે; તે અમરતાની નાભિ છે.

समुद्रादूर्मिर्मधुमानुदारत् उपांशुना सं अमृतत्वमानत् ।
घृतस्य नाम गुह्यं यदस्ति जिह्वा देवानाममृतस्य नाभिः ।। (४,५८,१)

આ મંત્રમાં સમુદ્ર, મધુ, સોમ, ઘૃત માનસશાસ્ત્રીય પ્રતીકો છે, તેમાં મને શંકા નથી. સાચે જ, વામદેવ એમ તો નહિ માનતા હોય કે હિંદી મહાસાગરનાં અથવા બંગાળના અખાતનાં ખારાં પાણીમાંથી, અથવા સિંધુ કે ગંગાનાં તાજાં મીઠાં પાણીમાંથી એક મધવાળું, સોમરસનું મોજું ઊર્ધ્વમાં ઉપર ચઢયું, અને એ સોમરસ અથવા સુરા ઘીનું ગુપ્ત નામ હતું. તે સ્પષ્ટ રીતે એમ કહેવા માગે છે કે આપણામાંનાં અવચેતન ઊંડાણોમાંથી અસ્તિત્વના વિશુદ્ધ આનંદનું એક મધુર મોજું ઉપર ચડયું, અને આપણે આ આનંદ વડે જ

અમૃતત્વની પ્રાપ્તિ કરી શકીએ છીએ; આ આનંદ મનની પ્રકાશયુકત સ્પષ્ટતાઓની પાછળ—તેની ક્રિયાઓની પીઠમાં રહેલું ગૂઢ સત્ છે, ગૂઢ વાસ્તવિકતા છે. વેદાંત પણ એમ કહે છે કે આનંદનો દેવ સોમ આપણું મન બન્યો અથવા ઇન્દ્રિય—સંવેદના બન્યો; અર્થાત્ બધી ઇન્દ્રિય મનની સંવેદનામાં અસ્તિત્વનો ગૂઢ આનંદ રહેલો છે, અને તે સંવેદના અસ્તિત્વના તે રહસ્યને પ્રગટ કરવા મથે છે. તેથી આનંદ દેવોની જિહ્વા છે, જેના વડે તેઓ અસ્તિત્વના આનંદનો સ્વાદ માણે છે; તે એવી નાભિ છે કે જેમાં દિવ્ય અસ્તિત્વની અથવા અમર્ત્ય સ્થિતિની બધી ક્રિયાઓ કેન્દ્રીભૂત બને છે. વામદેવ આગળ કહે છે કે, "આપણે ઘૃતના આ ગુહ્ય નામને અભિવ્યકત કરવું જોઈએ, અર્થાત્ આપણે આ સોમરસને—અસ્તિત્વના ગૂઢ આનંદને પ્રગટ કરવો જોઈએ, આપણે દિવ્ય સંકલ્પ શકિતરૂપ, ચિત્-શકિતરૂપ, આપણા અસ્તિત્વના સ્વામીરૂપ અગ્નિને બધું સમર્પણ કરીને આ વિશ્વયજ્ઞમાં તે આનંદને ધારણ કરવો જોઈએ. તે લોકોનો ચાર શિંગડાંવાળો વૃષભ છે; જ્યારે તે અભિવ્યકત થયેલા આત્મ-વિચારને ધ્યાનપૂર્વક સાંભળે છે, ત્યારે તે તેના ગૂઢ સ્થાનમાંથી તેના ગુહ્ય નામનું ઉચ્ચારણ કરે છે."

वयं नाम प्र ब्रवामा घृतस्य अस्मिन यज्ञे धारयामा नमोभिः ।
उप ब्रह्मा शृणवच्छस्यमानं चतुःशृंगो अवमिद् गौर एतत् ।। (४, ५८, २)

આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે સોમ અને ઘૃત પ્રતીકમય છે, એટલે આ યજ્ઞ પણ પ્રતીકમય હોવો જોઈએ. વામદેવનાં આવાં સૂકતોમાં, વૈદિક ગૂઢવાદીઓએ બહુ વિસ્તારપૂર્વક ગૂંથેલો યજ્ઞવિધિપરક પડદો આપણી આંખો આગળથી વેરાઈ જતા ધુમ્મસની પેઠે અદૃશ્ય થઈ જાય છે, અને વેદમાંથી વેદાંતિક સત્ય આપણી સમક્ષ પ્રગટ થાય છે.

તે જે સમુદ્રના સ્વભાવની વાત કરે છે, તેના વિષે વામદેવ આપણને કોઈ શંકામાં રાખતા નથી; કારણ કે પાંચમા મંત્રમાં તે આ સમુદ્રને ખુલ્લં-ખુલ્લો હૃદયનો સમુદ્ર કહે છે—हृद्यात् समुद्रात्, જેમાંથી ઘૃતની ધારાઓ પ્રગટ થાય છે; તે કહે છે કે તે ધારાઓનો પ્રવાહ, મન અને આંતર હૃદય વડે, વધારે ને વધારે વિશુદ્ધ બનતો ચાલે છે—अन्तर्हृदा मनसा पूयमानः । અને છેલ્લી ઋચામાં વામદેવ સમગ્ર અસ્તિત્વને ત્રણ રીતે પ્રતિષ્ઠિત થયેલું વર્ણવે છે—એક તો અગ્નિના ધામમાં, કે જે અગ્નિ ઋતચેતના છે તેમ આપણે બીજી ઋચાઓમાં જોયું છે, અગ્નિના પોતાના ઘરમાં—स्वं दमं, ऋतं बृहत्માં; બીજું ધામ છે હૃદય, હૃદયનો સમુદ્ર; અને ત્રીજું માનવના જીવનમાં.

धामन् ते विश्वं भुवनमधिश्रितमन्तः समुद्रे हृद्यन्तरायुषि । (४, ५८, ११)

અસ્તિત્વનો વૈદિક વિચાર આ છે—પરચેતના, અવચેતનાનો સમુદ્ર, અને

તે બેની વચ્ચે જીવતા પ્રાણીનું જીવન.

પરચેતનાનો સમુદ્ર સ્પષ્ટતાઓની નદીઓનું—મધુપાન ઊર્મિનું ધ્યેય છે, જેવી રીતે અવચેતનાનો સમુદ્ર—આપણા હૃદયનો સમુદ્ર તેમના ઊગમનું સ્થાન છે. આ ઊર્ધ્વ સમુદ્રને સિંધુ કહેવામાં આવ્યો છે, જેનો અર્થ નદી અથવા સમુદ્ર થઈ શકે; પણ આ સૂક્તમાં તેનો સ્પષ્ટ અર્થ સમુદ્ર છે. આ સ્વચ્છતાની નદીઓ વિષે વામદેવ જે નોંધપાત્ર શબ્દો વાપરે છે, તેમનું આપણે અવલોકન કરીએ. પ્રથમ તો તે કહે છે કે પણિઓએ ગાયમાં સંતાડેલા અને ત્રણ રીતે મુકાયેલા આ ઘૃતની શોધ દેવોએ કરી અને તેને પ્રાપ્ત કર્યું. એ વાત નિઃશંક છે કે વેદમાં ગો શબ્દના બે અર્થ થાય છે—ગાય અને પ્રકાશ. બાહ્ય અર્થ છે ગાય, અને આંતરિક અર્થ છે પ્રકાશ. પણિઓ ગાયોને ચોરી ગયા અને સંતાડી રાખી—આ રૂપક વેદમાં સતત આવે છે. અહીં સમુદ્રનો માનસશાસ્ત્રીય અર્થ છે હૃદય—સમુદ્ર—समुद्रे हृदि; સોમનો અર્થ પણ માનસ-શાસ્ત્રીય રૂપકનો છે, ઘૃતનો અર્થ પણ માનસશાસ્ત્રીય રૂપકનો છે, એટલે એટલું તો સ્પષ્ટ છે કે દેવોએ પણિઓ વડે ગાયમાં સંતાડેલા ઘૃતને પ્રાપ્ત કર્યું, તે રૂપકનો અર્થ પણ આંતર પ્રકાશનો હોવો જોઈએ, અને નહિ કે ભૌતિક પ્રકાશનો. ગાય અવચેતનામાં નિગૂઢ અનંતચેતના—અદિતિ છે. અને ત્રિવિધ ઘૃત પણ ત્રણ પ્રકારની સ્પષ્ટતાઓ હોવું જોઈએ. એક તો પોતાના ગૂઢ આનંદને પ્રાપ્ત કરતી મુકત ઈન્દ્રિય—સંવેદના; બીજું પ્રકાશને, આંતરદર્શનાને પ્રાપ્ત થયેલું વિચારમન; અને ત્રીજું સત્ય પોતે, આખરી પારમાનસિક દર્શના. આ વાત તે મંત્રના ઉત્તરાર્ધમાં સ્પષ્ટ થાય છે (૪, ૫૮, ૪). તેમાં કહેવામાં આવ્યું છે કે એક ઘૃતને ઈન્દ્રે પ્રગટ કર્યું, બીજા ઘૃતને સૂર્યે જન્માવ્યું, અને ત્રીજા ઘૃતને દેવોએ વેનમાંથી સ્વાભાવિક વિકાસ દ્વારા રચ્યું. ઈન્દ્ર વિચાર-મનનો સ્વામી છે, સૂર્ય પારમાનસિક પ્રકાશનો સ્વામી છે, વેન અસ્તિત્વના માનસિક આનંદનો સ્વામી છે, ઈન્દ્રિય—મનનો સર્જક છે.

આપણે તે પણ નોંધવું જોઈએ કે અહીં પણિઓ આધ્યાત્મિક શત્રુઓ, અંધકારની શકિતઓ જ હોવા જોઈએ, અને નહિ કે દ્રાવિડિયન દેવો અથવા દ્રાવિડિયન ટોળીઓ અથવા દ્રાવિડિયન વેપારીઓ. પછીના મંત્રમાં વામદેવ કહે છે કે ઘૃતની ધારાઓ હૃદય-સમુદ્રમાંથી વહેવા લાગે છે; તેમને શત્રુઓએ સેંકડો જેલોમાં (વાડામાં) પૂરી રાખી હતી, કે જેથી કોઈ તેમને જોઈ શકે નહિ. ચોક્કસ આનો અર્થ એવો તો ન જ ઘટાવી શકાય કે ઘૃતની અથવા તો જળની ધારાઓ હૃદય-સમુદ્રમાંથી અથવા ગમે તે સમુદ્રમાંથી નીકળી, અને રસ્તામાં હૃદયહીન દ્રાવિડિયનોએ તેમને સેંકડો વાડાઓમાં પૂરી દીધી, કે જેથી આર્યો કે આર્ય દેવોની નજરે તે ન પડે. આપણને તરત જણાઈ આવશે

કે આ શત્રુ, પણિ, સૂકતોમાં કહેવાયેલો વૃત્ર શુદ્ધ માનસશાસ્ત્રીય અર્થ ધરાવે છે; આપણા પૂર્વજોએ પ્રાચીન ભારતીય ઇતિહાસની ઘટનાઓ, પછી આવતી પેઢીઓથી ગુપ્ત રાખવા માટે તેમને ગૂંચવાડાભરેલી દુર્બોધ પુરાણકથાઓમાં સંતાડવા પ્રયાસ કર્યો હતો તેમ માની શકાય તેમ નથી. આ તેના યજ્ઞવિધિપરક રૂપકોનો અચિંતિત વિપરીત અર્થ કરાતો જોઈને, વામદેવ પોતે જ આશ્ચર્યચકિત થઈ ગયા હોત. આપણે જો ઘૃતનો અર્થ જળ કરીએ, અને હૃદ્ય સમુદ્રનો અર્થ આનંદપ્રદ સરોવર કરીએ; અને દ્રાવિડિયનો તે નદીઓનાં પાણીને સેંકડો બંધ બાંધીને, આર્યો તેમને બિલકુલ ન જોઈ શકે તે રીતે, બાંધી લે— એવો અર્થ કરવો પણ નકામો છે. કદાચ પંજાબની નદીઓ એક હૃદયને મનોહર જળાશયમાંથી વહેવા માંડે, તો પણ તે જ જળપ્રવાહોને ત્રણ પ્રકારે ગાયમાં રખાય, અને તે ગાયને ખૂબ કુશળ અને શોધ કરવામાં ચતુર દ્રાવિડિયનો ગાયમાં સંતાડી રાખે, તે હકીકત અસંભવિત છે.

વામદેવ કહે છે કે, 'ન જોઈ શકાય તે રીતે સેંકડો વાડાઓમાં પૂરી રખાયેલા આ જળપ્રવાહો હૃદયના સમુદ્રમાંથી વહે છે; હું તે સ્પષ્ટતાઓના પ્રવાહો પ્રત્યે દૃષ્ટિ નાખું છું, કારણ કે તેમની મધ્યમાં એક સોનેરી વાંસ છે. હૃદય વડે અને મનમાં વિશુદ્ધ બનતા તે પ્રવાહો, વહેતી નદીઓની પેઠે, વહે છે. હાંકતા માલિકની દેખરેખ નીચે જેમ પશુઓ ચાલે, તેમ આ સ્પષ્ટતાનાં મોજાં ગતિ કરે છે. સમુદ્રના (ઊર્ધ્વ સમુદ્રના) માર્ગ પર આગળ વધતા, આ બળવાન જળપ્રવાહો— સ્વચ્છતાના પ્રવાહો સંઘટ્ટ બળવાન વેગથી આગળ વધે છે, પણ વાત–વાયુ– પ્રાણશકિત તેમને મર્યાદિત કરે છે; જેમ જેમ તેમને ઊર્મિ-ઓથી પોષણ મળે છે, તેમ તેમ તે મર્યાદાઓનાં બંધનોને તોડી દઈને, ફગાવી દઈને દોડતા ઘોડાની પેઠે આગળ વધે છે.' (૪, ૫૮, ૫–૭.) આ સ્પષ્ટ રીતે બતાવે છે કે આ કોઈ ગૂઢવાદીની એવી કવિતા છે કે જેમાં તે પોતાના ભાવાર્થને અસંસ્કૃત માનવની દૃષ્ટિથી રૂપકોના પડદા દ્વારા સંતાડે છે, પણ ઘણી જગ્યાએ તે કવિ જે જોવા માગે છે તેને માટે તે પડદાને પારદર્શક બનાવી દે છે. વામદેવ કહેવા માગે છે કે દિવ્ય જ્ઞાન બધો સમય આપણા વિચારોની પાછળ સંતાઈને સતત વહેતું હોય છે; પણ આપણા મનની સામગ્રીને મર્યાદિત કરી માત્ર ઇન્દ્રિયોનાં કાર્યો તરફ તથા ઇન્દ્રિયોની સંવેદનાઓ તરફ જ વાળતા, આપણા આંતર શત્રુઓ એવું કરી મૂકે છે કે જેને પરિણામે પરચેતનાના— અનંતના કિનારાઓ પર અફળાતાં આપણાં મોજાં જ્ઞાનતંતુઓનાં તથા ઇન્દ્રિય-મનનાં કાર્યોથી મર્યાદિત બની જાય છે, અને તેમના રહસ્યને પ્રગટ થવા દેતાં નથી. તે લગામ વડે નિયંત્રિત કરાયેલા ઘોડા જેવાં છે; જ્યારે પ્રકાશનાં મોજાં ઘોડાના બળને પરિપૂર્ણ રીતે પુષ્ટ કરે છે, ત્યારે જ મથન કરતો ઘોડો આ મર્યાદાઓને તોડી

નાખે છે, અને તે તત્ત્વને પહોંચી જાય છે -- જ્યાંથી સોમરસ કાઢવામાં આવે છે અને યજ્ઞ જન્મે છે.

यत्र सोमः सूयते यत्र यज्ञो, घृतस्य धारा अभि तत् पवन्ते ।।
(४, ५८, ९)

આ ધ્યેયની સમજૂતી ઘૃત શબ્દથી આપવામાં આવી છે—घृतस्य धारा मधुमन् पवन्ते। (४, ५८, १०); તે આનંદ છે, દિવ્ય આનંદ છે. છેલ્લી ઋચામાં તે ધ્યેયને સિંધુ કહ્યું છે, પરચેતનાનો સમુદ્ર કહ્યો છે. તેમાં મધુચ્છંદસ્ કહે છે કે 'અમે તારા તે મધુયુકત મોજાનો રસ ચાખીએ—તારો, અગ્નિનો, પરમ-પુરુષનો ચાર શિંગડાવાળા, લોકોના વૃષભનો આનંદ ચાખીએ, કે જે રસ જળપ્રવાહોની શકિતમાં જન્મે છે જ્યાં તે પ્રવાહો એકત્રિત થાય છે."

अपामनीके समिथे य आभृतः तमश्याम मधुमन्तं त ऊर्मिम् ।।
(४, ५८, ११)

વૈદિક ઋષિઓના આ પાયાભૂત વિચારને આપણે સૃષ્ટિ-સૂકતમાં (૧૦, ૧૨૯, ૩-૫) માં વધારે સ્પષ્ટ કરાયેલો જોઈએ છીએ, જેમાં અવચેતનનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે: "આ બધું પ્રારંભમાં અંધકાર વડે નિગૂઢ અંધકાર રૂપ હતું, તે માનસિક ચેતના વગરનો સમુદ્ર હતો. તેમાંથી પોતાની શકિત વડે એક પ્રગટ થયું. તે તેમાં કાળ રૂપે સંચરતું હતું, કે જે મનનું પ્રથમ બીજ હતું, જ્ઞાનના સ્વામીઓએ અસત્માં સત્ને (વિદ્યમાન વસ્તુઓને રચનાર તત્ત્વને) ખોળી કાઢયું. હૃદયમાં તેમણે તેને સહેતુક આવેગ વડે અને વિચાર-મન દ્વારા જોયું. તેમનું કિરણ સર્વત્ર—ચારે બાજુએ ફેલાયેલું હતું; ઊર્ધ્વમાં કંઈક હતું, નીચે કંઈક હતું." આ મંત્રોમાં વામદેવના સૂકતમાંના વિચારો જ વ્યકત કરવામાં આવ્યા છે, પણ તે રૂપકોના પડદા વગર. અવચેતન સમુદ્રમાંથી એક પ્રથમ હૃદયમાં કામ તરીકે પ્રગટે છે; તે હૃદય-સમુદ્રમાં અસ્તિત્વના આનંદની અવ્યકત ઈચ્છા તરીકે સંચરે છે; આ ઈચ્છા અથવા કામ પાછળથી ઈન્દ્રિય-મન રૂપે પ્રગટ થતી વસ્તુનું પ્રથમ બીજ છે. આ રીતે દેવો અવચેતન અંધકારમાંથી સચેતન પ્રાણીને—સત્ને રચવાનાં સાધનો શોધી કાઢે છે. તે હૃદયમાં તેને જુએ છે અને વિચારની તથા સહેતુક આવેગની વૃદ્ધિ દ્વારા તેને પ્રગટ કરે છે--प्रतिष्या, જેનો અર્થ થાય છે માનસિક ઈચ્છા વડે—કામ વડે, અને જે અવચેતનમાંથી સ્વભાવની માત્ર પ્રાણિક ગતિઓમાંથી પ્રગટ થતી અનિશ્ચિત ઈચ્છાથી જુદી પડે છે. આ સચેતન અસ્તિત્વ કે જેને તેઓ સર્જે છે, તે ચારે બાજુએ વિસ્તરેલું હોય છે, અને તેની ઊર્ધ્વમાં અને નીચે બીજા બે વિસ્તારો હોય છે; નીચે અવચેતનની અંધકારપૂર્ણ નિદ્રા છે, અને ઊર્ધ્વમાં

પરચેતનની તેજોમય ગૂઢતા હોય છે. આ બે ઊર્ધ્વનો અને નીચેનો — એમ બે સમુદ્રો છે.

પુરાણોનાં સમાન રૂપકો ઉપર વૈદિક રૂપક સ્પષ્ટ પ્રકાશ ફેંકે છે, ખાસ કરીને પ્રલય પછી મધુર ક્ષીરના સાગરમાં અનંત નાગની ફણાઓ ઉપર વિષ્ણુ શયન કરે છે, તે રૂપક પર. કદાચ એવો વાંધો ઉઠાવી શકાય કે પુરાણોને વહેમી હિંદુ પુરોહિતોએ અથવા કવિઓએ રચ્યાં હતાં, કે જેઓ એમ માનતા કે સૂર્યને તથા ચંદ્રને એક રાક્ષસ ગળી જાય છે અને તેથી સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ થાય છે, અને તેથી તેવા પુરોહિતો કે કવિઓ સહેલાઈથી એમ પણ માની શકે કે સૃષ્ટિ ન કરવાની હોય તેવા સમય દરમિયાન સ્થૂળ શરીરવાળા પરમાત્મા ભૌતિક સાચા ક્ષીરના સાગરમાં ભૌતિક નાગ પર શયન કરતા હતા; અને તેથી આ કાલ્પનિક કથાઓમાં આધ્યાત્મિક અર્થ શોધવો તે એક વ્યર્થ કુશળતા છે. મારો જવાબ એ છે કે તેવા અર્થો શોધવાની કશી જરૂર નથી, કારણ કે આ વહેમપૂર્ણ કવિઓએ પોતે જ તે કાલ્પનિક કથાઓના અર્થોને સ્પષ્ટતાપૂર્વક તેમાં જ મૂકી દીધા છે, કે જેને બધા જોઈ શકે, માત્ર ન જોઈ શકે તે કે જે અંધ બનવાનું પસંદ કરે છે. તેમણે વિષ્ણુના નાગને અનંત નામ આપ્યું છે, અને અનંત એટલે અંતરહિત. એટલે તેમણે પોતે જ સ્પષ્ટ રીતે કહ્યું છે કે તે એક રૂપક છે, અને સર્વવ્યાપક વિષ્ણુદેવ અસૃષ્ટિના કાળે અનંતની ફણાઓ પર પોઢી જાય છે. વૈદિક રૂપક સ્પષ્ટ કરે છે કે તે સાગર સનાતન અસ્તિત્વનો સમુદ્ર હોવો જોઈએ, અને સનાતન અસ્તિત્વનો સમુદ્ર પરમ મધુરતાનો—વિશુદ્ધ આનંદનો સાગર છે. ક્ષીર (તે પણ વૈદિક રૂપક જ છે) મધુના અર્થ સાથે તાત્ત્વિક રીતે ભિન્ન નથી, અને વામદેવના સૂકતમાં તે મધુ છે, મધુરતા છે.

આ રીતે આપણે જોઈ શકીશું કે વેદ અને પુરાણ બંને એક જ પ્રકારનાં રૂપકો વાપરે છે; બંને 'સમુદ્ર એટલે અનંત, સનાતન અસ્તિત્વ' એવો રૂપકનો અર્થ કરે છે. નદી અથવા વહેતા પ્રવાહનું રૂપક સચેતન અસ્તિત્વના નિર્ઝરનું દ્યોતક છે. સરસ્વતી—સાતમાંની એક નદી ઋત-ચેતનામાંથી વહેતી પ્રેરણાની નદી છે. તો પછી બીજી છ નદીઓ પણ માનસશાસ્ત્રીય રૂપકો હોવી જોઈએ, એમ માનવાનો આપણને અધિકાર છે.

પણ તે ગમે તેટલાં મજબૂત અને પૂર્ણ રીતે ખાતરી કરાવનારાં હોય, છતાં આપણે અનુમાનો અને માન્યતાઓ પર પૂર્ણ આધાર ન રાખી શકીએ. વામદેવના સૂકતમાં આપણે જોયું કે ઘૃતસ્ય ધારાઃ ઘીની નદીઓ અથવા ભૌતિક જળની નદીઓ નથી, પણ માનસશાસ્ત્રીય રૂપક છે. બીજાં સૂકતોમાં પણ આપણને તે જ અર્થ ઘટાવવો પડે તેવી સાબિતી સાત નદીઓની બાબતમાં મળે

છે. આ હેતુ સિદ્ધ કરવા હું એક બીજા સૂકતની ચકાસણી કરીશ. તે ત્રીજા મંડળનું પ્રથમ સૂકત છે. તેમાં વિશ્વામિત્ર ઋષિ અગ્નિદેવને ઉદ્દેશ કરે છે. તેમાં વામદેવની સ્પષ્ટતાની નદીઓ માટે જે સ્પષ્ટ ભાષા વપરાઈ છે, તેટલી સ્પષ્ટ ભાષામાં વિશ્વામિત્ર તે સાત નદીઓ વિષે ગાય છે. આ બે પવિત્ર ગાયકોનાં સૂકતોમાં આપણને તેના તે જ વિચારો, જુદાં જુદાં સાર તત્ત્વો સાથે, જોવાના મળે છે.

સાત નદીઓ

વેદ સતત જળોનું અથવા નદીઓનું, ખાસ કરીને દિવ્ય જળોનું કથન કરે છે—आपो देवीः અથવા आपो दिव्याः; અને કેટલીક વાર તે સૂર્યના પ્રકાશયુકત લોકના પ્રકાશને અથવા સૂર્યના પ્રકાશને વહી લાવતાં જળોનું કથન કરે છે—स्वर्वतीरापः । દેવોએ અથવા દેવોની મદદથી માનવે કાઢેલો જળોનો માર્ગ એક સતત રૂપક છે. માનવ જેની અભીપ્સા કરે છે, જેને માનવને આપવા માટે દેવો સતત પણિઓ સાથે અને વૃત્ર સાથે યુદ્ધ કરે છે, તે ત્રણ મહાન વિજયો છે—ગાયોનાં ધણ, જળો અને સૂર્ય અથવા સૂર્યલોક, गाः, आपः અને स्वः । પ્રશ્ન એ છે કે આ જળો આકાશમાંથી પડતી વૃષ્ટિ હતી, ઉત્તર ભારતની નદીઓ હતી કે જેના પર દ્રવિડ લોકો હુમલો કરતા—કારણ કે વૃત્રોનો અર્થ કેટલીક વાર દ્રાવિડિયનો કરવામાં આવે છે અને કેટલીક વાર તેમના દેવો કરવામાં આવે છે; આર્ય વસાહતીઓને, ગાયોને મૂળના દેશ-નિવાસી લૂંટારાઓ લૂંટી લેતા હતા—કારણ કે ગાયોને લૂંટી જઈને સંતાડી રાખનાર પણિઓ કેટલીક વાર દ્રાવિડિયનો અને કેટલીક વાર તેમના દેવો હતા એવો અર્થ કરવામાં આવે છે, કે પછી આનો કોઈ વધારે ગહન, આધ્યાત્મિક અર્થ છે? સ્વર્‌નો વિજય શું માત્ર વાવાઝોડાનાં વાદળોથી, અથવા ગ્રહણમાં ઢંકાઈ ગયેલા અથવા રાત્રિના અંધકારમાં લુપ્ત થયેલા સૂર્યની પુનઃ પ્રાપ્તિ જ છે? કારણ કે આર્યોના સૂર્યને કાળી ચામડીવાળા, નાસિકા વગરના, માનવી શત્રુઓ તો સંતાડી ન શકે. અથવા સ્વર્‌નો વિજય શું માત્ર યજ્ઞ દ્વારા સ્વર્ગલોકની પ્રાપ્તિ જ છે? તે બંને અર્થો લઈએ, તો ગાયો, જળ તથા સૂર્ય અને ગાયો, જળ અને આકાશ—આ બધાંને સાથે સાથે વાપરવાનો અર્થ શો? કે પછી તે પ્રતીકમય—રૂપકમય પદ્ધતિ નથી, કે જેમાં ગાયોના ગાયો તથા પ્રકાશનાં કિરણો એ બંને અર્થો હાજર છે, અને તે ઉચ્ચતર ચેતનાના પ્રકાશો છે કે જેમનો ઊગમ પ્રકાશના સૂર્યમાંથી—સત્યના સૂર્યમાંથી થાય છે? શું સ્વર્ પોતે સર્વ-પ્રકાશક સૂર્યના—સત્યના પ્રકાશથી નિયંત્રિત અમરતાની ભૂમિકા નથી? વેદમાં સૂર્યને વિશાળ

સત્ય—ऋतं बृहत् અને સત્યમય પ્રકાશ કહેવામાં આવ્યો છે. અને દિવ્ય જળો—આપો દેવીઃ, दिव्याः અથવા स्वर्वतीरापः શું અમરતાની ભૂમિકા પરથી, ઉચ્ચતર ચેતનામાંથી માનવના મર્ત્યમન પર રેલાતાં જળ નથી?

બેશક, એવા મંત્રો અથવા સૂકતો ટાંકી શકાય તેમ છે, કે જેમનો અર્થ કરવામાં તેવો કોઈ અર્થ કરવાની જરૂર ન પડે, અને તે સૂકત માત્ર વૃષ્ટિ માટેની પ્રાર્થના, અથવા પંજાબની નદીઓ પરના કોઈ યુદ્ધના વર્ણન રૂપે સમજી શકાય. પણ વેદનો અર્થ છૂટક છૂટક મંત્રો કે સૂકતો પરથી ન કાઢી શકાય, જો તેમાં કોઈ સુસંગત અને સંગઠિત અર્થ હોય, તો આપણે સમગ્ર વેદનો અર્થ ધ્યાનમાં લેવો જોઈએ. આપણે स्वर् અથવા गाः શબ્દોના જુદી જુદી જગ્યાએ જુદા જુદા અર્થો કરીને મુશ્કેલી વટાવી જઈ શકીએ. સાયણ गाः શબ્દનો અર્થ કેટલીક વાર ગાયો કરે છે, કેટલીક વાર કિરણો કરે છે, અને કોઈક વાર તો તદ્દન હૃદય-લાઘવથી તેનો અર્થ મારી-મચડીને જળ[1] પણ કરે છે. પણ અર્થ કરવાની તે પદ્ધતિ, તે તર્કશુદ્ધ અને સામાન્ય બુદ્ધિની ગડમાં બેસે તેવાં પરિણામો આપે એવો આભાસ થાય તો પણ, તર્કયુકત નથી. સાચું તો એ છે કે તેવી પદ્ધતિ તર્કનું અને સામાન્ય બુદ્ધિનું—બંનેનું અપમાન કરે છે. તેના વડે આપણે મનગમતું પરિણામ લાવી શકીએ, પણ તેથી કોઈ તર્કયુકત અને પક્ષપાત-રહિત મનને સંતોષ ન થાય કે તે પરિણામ વૈદિક સૂકતોનો મૂળનો સાચો અર્થ આપે છે.

પણ જો આપણે વધારે સુસંગત પદ્ધતિનો સ્વીકાર કરીએ, તો કેવળ ભૌતિક બાહ્ય અર્થ માટે ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે કે જેમને પાર કરવી કઠિન છે. દાખલા તરીકે વસિષ્ઠનું એક દિવ્ય જળોને સંબોધાયેલું સૂકત (૭,૪૯) છે –આપો દેવીઃ, આપો દિવ્યાઃ ને સંબોધાયેલું સૂકત છે, જેનો બીજો મંત્ર આમ આવે છે: "જે દિવ્ય જળો ખોદેલી અથવા સ્વયંભૂ નીકોમાં વહે છે, જેમની ગતિ સમુદ્ર પ્રત્યે છે, જે શુદ્ધ અને શુદ્ધ કરનારાં છે, તેવાં જળ મારું વર્ધન કરો." અહીં કદાચ એમ કહેવામાં આવશે કે આનો અર્થ તો તદ્દન સ્પષ્ટ છે, આ સૂકત વસિષ્ઠે ભૌતિક જળોને, પાર્થિવ નદીઓને, નહેરોને ઉદ્દેશીને લખ્યું છે, खनित्रिमाःનો અર્થ ખોદેલા કૂવા અથવા ખોદેલી નીકો લઈ શકાય તેમ છે, અને दिव्याः— દિવ્ય વિશેષણ માત્ર શોભા પૂરતું છે. અથવા આપણે તે ઋચાનો જુદો અર્થ લઈ કહી શકીએ કે તેમાં ત્રણ પ્રકારનાં જળોનું વર્ણન કરવામાં આવ્યું છે—આકાશમાંથી પડતાં વર્ષાનાં જળ, કૂવાનાં જળ અને

---

૧. તે જ રીતે તે વેદના અતિમહત્ત્વના ऋत શબ્દનો અર્થ કેટલીક વાર યજ્ઞ કરે છે, કેટલીક વાર સત્ય કરે છે, અને કેટલીક વાર જળ કરે છે—અને તે પણ પાંચ કે છ ઋચાઓવાળા એક જ નાનકડા સૂકતમાં!

નદીઓનાં જળ પણ જ્યારે આપણે સમગ્ર સૂકતનું અધ્યયન કરીએ છીએ, ત્યારે આ અર્થ લાગુ પડતો નથી. તેનો અર્થ આ છે:

'સમુદ્રનાં પ્રાચીન (અથવા મહાન) જળ જે વહેતા પ્રવાહની મધ્યમાંથી વિશુદ્ધ બનાવતાં ગતિ કરે છે, જે વચ્ચે અટકતાં નથી, જેમને વજ્રધારી ઇન્દ્રે —વૃષભે ચીરીને બહાર કાઢયાં હતાં, તે જળ મારું સંવર્ધન કરો. જે દિવ્ય જળો ખોદેલી અથવા સ્વયંભૂ નીકોમાં વહે છે, જેમની ગતિ સમુદ્ર પ્રત્યે છે, તે દિવ્ય જળો મારું સંવર્ધન કરો. જેમની મધ્યમાં બેઠેલા વરુણ પ્રાણીઓના સત્ય અને અસત્યનું નિરીક્ષણ કરતા આગળ ગતિ કરે છે, જે મધુને વહી લાવે છે, જે શુદ્ધ અને શુદ્ધ કરનારાં છે, તે દિવ્ય જળો મારું સંવર્ધન કરો. જેમનામાં વરુણરાજા, સોમ, બધા દેવો શક્તિના નશાને પ્રાપ્ત કરે છે, જેમનામાં વૈશ્વાનર અગ્નિએ પ્રવેશ કર્યો છે, તે દિવ્ય જળો મારું સંવર્ધન કરો.' (૭, ૪૯, ૧-૪)

આ ઉપરથી સ્પષ્ટ થશે કે અહીં વસિષ્ઠ, વામદેવે ગાયેલાં, તે જ જળોને ગાય છે, કે જે સમુદ્રમાંથી નીકળી સમુદ્ર પ્રત્યે વહી જાય છે, જે સમુદ્રમાંથી ઊર્ધ્વમાં જતું મધુયુકત મોજું છે, જે પૂર રૂપે વસ્તુઓના હૃદયમાંથી ઉદ્‌ભવે છે, જે घृतस्य धाराः— સ્પષ્ટતાના પ્રવાહો છે. તે પરમ અને વૈશ્વિક સચેતન અસ્તિત્વનાં પૂર છે, જેમાં મર્ત્યોના સત્ય—અસત્ય ઉપર નજર રાખતા વરુણ ગતિ કરે છે કે જે શબ્દસમૂહ વરસાદનાં જળને અથવા સ્થૂળ ભૌતિક સમુદ્રને લાગુ પાડી શકાય તેમ નથી. વેદના વરુણ ભારતીય નેપ્ચ્યુન નથી, અથવા યુરોપીય વિદ્વાનો પ્રથમ માનતા હતા તેમ, ગ્રીક યુરેનોસ—આકાશ પણ નથી. તે ઊર્ધ્વના સમુદ્રની—દ્યુલોકની વિશાળતાના સ્વામી છે, અસ્તિત્વની—તેની વિશુદ્ધિના સ્વામી છે; બીજી જગ્યાએ એમ કહેવામાં આવ્યું છે કે તે વિશાળતામાં, માર્ગવિહોણી અનંતતામાં, વરુણે માર્ગો બનાવ્યા છે જેમના પર સૂર્ય, સત્ય અને પ્રકાશનો સ્વામી, ગતિ કરી શકે. ત્યાંથી તે માનવચેતનાનાં, સત્યો તથા અસત્યોનાં, સંમિશ્રણો પર નજર રાખે છે. આપણે એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આ દિવ્ય જળોને ઇન્દ્રે ચીરીને ભૂમિ પર વહેવરાવ્યાં હતાં, કે જે વર્ણન સમગ્ર વેદમાં સાત નદીઓને લાગુ કરવામાં આવ્યું છે.

જો વસિષ્ઠના આ સૂકતમાં વર્ણવેલાં જળો અને વામદેવના મહાન સૂકતમાં વર્ણવેલાં જળો— मधुमान् ऊर्मिः, घृतस्य धाराः એક જ છે તે બાબતમાં કોઈ શંકા રહી જતી હોય, તો તે શંકા વસિષ્ઠ ઋષિના એક સૂકતથી (૭, ૪૭) દૂર થઈ જાય છે. ઓગણપચાસમા સૂકતમાં દિવ્ય જળોને તે મધુ-ઝરતાં (मधुश्चुतः) વર્ણવે છે, —ऊर्जं मदन्ति. આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે મધુ અથવા મધુરતાના-સોમના— આનંદના રસને દેવો માણે છે. પણ સુડતાલીસમા સૂકતમાં

તો તે પોતાના અર્થને તદ્દન સ્પષ્ટ કરે છે.

'હે જળો, તમારા પરમ ઊર્મિનો, ઇન્દ્રના પીણાનો, જેને દેવત્વના શોધકો પોતાને માટે બનાવે છે, જે શુદ્ધ, અપ્રતિઘર્ષ્ય અને સ્વચ્છતા ઝરતાં છે, જે ખૂબ મધુયુકત (घृतपृशं मधुमन्तम्) ઊર્મિ છે, તેનો આનંદ અમે આજે માણીએ. હે જળો, જળોનો (અગ્નિ), વેગયુકત ધસારાવાળો અગ્નિ તમારા તે ખૂબ મધુયુકત ઊર્મિનું સંવર્ધન કરો.' વસુઓ સાથે ઇન્દ્ર જેનાથી આનંદનો મદ અનુભવે છે, તે ઊર્મિનો દેવત્વને શોધનારા અમે આજે સ્વાદ માણીએ. સેંકડો ગળણીઓ વડે ગળાયેલાં, આત્મ—સ્વભાવથી જ આનંદયુકત, તે જળો દિવ્ય છે, અને દેવોની ગતિના (પરમ સમુદ્રના) ધ્યેય તરફ ધસે છે. તે ઇન્દ્રનાં કાર્યોને મર્યાદિત કરતાં નથી. સ્વચ્છતાપૂર્ણ (घृतवत्) અન્નનો નદીઓને બલિ આપો. જેમને સૂર્યે પોતાનાં કિરણો વડે સજ્યાં છે, જેમાંથી ઇન્દ્રે એક સરણશીલ મોજાને ચીરી કાઢ્યું, તે નદીઓ અમારે માટે પરમ કલ્યાણને સ્થાપી આપો. હે દેવો, આનંદની સ્થિતિઓ વડે તમે અમારું સદા રક્ષણ કરો.' (૭, ૪૭, ૧—૪).

અહીં આપણને વામદેવનું मधुमान् ऊर्मिः, મધુર માદક મોજું પ્રાપ્ત થાય છે,અને અહીં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે આ મધુ, આ મધુરતા તે ઇન્દ્રનું પીણું—સોમરસ છે. તે વાત शतपवित्राः વિશેષણથી વધારે સ્પષ્ટ બને છે, કે જે વૈદિક ભાષામાં માત્ર સોમને જ લાગુ પડે છે. આપણે એ પણ નોંધવું જોઈએ કે તે વિશેષણ નદીઓને પોતાને લાગુ કરવામાં આવ્યું છે, અને ઇન્દ્ર તેમનામાંથી મધુયુકત મોજાને લઈ આવે છે, અને તેમનો માર્ગ પર્વતમાંથી વજ્ર વડે ચીરવામાં આવ્યો છે, કે જે વજ્રે વૃત્રને હણ્યો હતો. એટલે ફરી તે વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે આ જળો સાત નદીઓ હતી, જેમને ઇન્દ્રે વૃત્રના—ઘેરો ઘાલનારના—આવરણ કરનારના પંજામાંથી મુકત કરી પૃથ્વી પર વહેવરાવી હતી.

સોમરસથી, ઘૃતથી, ઊર્જ (શકિત)થી પૂર્ણ, આ જળો—નદીઓ કઈ હોઈ શકે? દેવોની ગતિ પ્રત્યે વહેતાં, માનવ માટે આ પરમ કલ્યાણ સ્થાપી આવતાં, આ જળો કયાં હોઈ શકે? પંજાબની નદીઓ તો નહિ જ. કોઈ અનિયંત્રિત જંગલી ગૂંચવાડાભરી કલ્પના અથવા પાગલ અસંગતતા પણ વૈદિક ઋષિઓના આ માનસ પર એવો આરોપ ન કરી શકે. સ્પષ્ટ છે કે પરમ સમુદ્રમાંથી વહેતાં, આ જળો માત્ર સત્ય અને આનંદનાં જળો છે. આ નદીઓ પૃથ્વી પર નહિ, પણ સ્વર્ગમાં વહે છે. આપણે મર્ત્યો જે પાર્થિવ ચેતનામાં રહીએ છીએ ત્યાં આવતાં તેમને વૃત્ર—ઘેરો ઘાલનાર—આવરણ કરનાર અસુર અટકાવે છે. પછી દેવ-મનરૂપી ઇન્દ્ર ઝબકતી વીજળીઓથી તે દૈત્ય પર પ્રહાર કરે છે, અને પાર્થિવ ચેતનાનાં શિખરો પર તેમને માટે માર્ગ ચીરી

કાઢે છે, જેમના પર તે વહી શકે. વૈદિક ઋષિઓના વિચારોની તથા ભાષાની આ જ તર્કયુકત, સુસંગત અને અર્થપૂર્ણ સમજૂતી હોઈ શકે. પછી વસિષ્ઠ આપણે માટે તે વાત વધારે સ્પષ્ટ કરે છે. તે કહે છે કે સૂર્યે પોતાનાં કિરણો વડે આ જળોનું નિર્માણ કર્યું છે, અને જે પાર્થિવ ગતિઓની પેઠે, પરમ મન રૂપી ઈન્દ્રનાં કાર્યોને ન્યૂન કરતાં નથી, મર્યાદિત કરતાં નથી. બીજા શબ્દોમાં કહીએ, તો તે વિશાળ સત્યનાં (ऋतं बृहत्‌નાં) જળો છે. આપણે જોયું છે કે આ સત્ય આનંદ સર્જે છે. અહીં આપણે જોઈએ છીએ કે બીજાં સૂકતોમાં (દાખલા તરીકે ૫, ૧૨, ૨ માં) તેમને ऋतस्य धाराः, સત્યનાં જળો કહેવામાં આવ્યાં છે. પાંચમા મંડળના બારમા સૂકતના બીજા મંત્રનો અનુવાદ આ રહ્યો: 'હે સત્યના દ્રષ્ટા, માત્ર સત્યનું જ દર્શન કર, સત્યના— ऋतના અનેક પ્રવાહોને ચીરીને વહેવરાવ.' તે ધારાઓ માનવ માટે પરમ કલ્યાણને સ્થાપી આપે છે, અને આ કલ્યાણ દિવ્ય અસ્તિત્વનો આનંદ છે

છતાં આ સૂકતોમાં કે વામદેવનાં સૂકતોમાં સાત નદીઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. એટલે આપણે અગ્નિને ઉદ્દેશાયેલા, વિશ્વામિત્રના પ્રથમ સૂકતને જોઈએ—બીજાથી માંડીને ચૌદમા સુધીના મંત્રો જોઈએ. તે કંડિકા લાંબી છે, પણ એટલી અગત્યની છે કે હું તેનું સંપૂર્ણ ઉદ્ધરણ કરી, તેનો અનુવાદ આપીશ.

प्राञ्चं यज्ञं चक्रम वर्धतां गीः समिद्भिरग्निं नमसा दुवस्यन् ।
दिवः शशासुर्विदथा कवीनां गृत्साय चित् तवसे गातुमीषुः ।। (२)

मयो दधे मेधिरः पूतदक्षो दिवः सुबन्धुर्जनुषा पृथिव्याः ।
अविन्दन्नु दर्शतमप्स्वन्तर्देवासो अग्निमपसि स्वसृणाम् ।। (३)

अवर्धयन्त्सुभगं सप्त यह्वीः श्वेतं जज्ञानमरुषं महित्वा ।
शिशुं न जातमभ्यारुरश्वा देवासो अग्निं जनिमन् वपुष्यन् ।। (४)

शुक्रेभिरङ्गैः रज आततन्वान् क्रतुं पुनानः कविभिः पवित्रैः ।
शोचिर्वसानः पर्यायुरपां श्रियो मिमीते बृहतीरनूनाः ।। (५)

वव्राजा सीमनदतीरदब्धा दिवो यह्वीरवसाना अनग्नाः ।
सना अत्र युवतयः सयोनीरेकं गर्भं दधिरे सप्त वाणीः ।। (६)

स्तीर्णा अस्य संहतो विश्वरूपा घृतस्य योनौ स्रवथे मधूनाम् ।
अस्थुरत्र धेनवः पिन्वमाना मही दस्मस्य मातरा समीची ।। (७)

बभ्राणः सूनो सहसो व्यद्यौद् दधानः शुक्रा रभसा वपूंषि ।
श्चोतन्ति धारा मधुनो घृतस्य वृषा यत्र वावृधे काव्येन ।। (८)

पितुश्चिद्धर्जनुषा विवेद वयस्य धारा असृजद् वि धेनाः ।
गुहा चरन्तं सखिभिः शिवेभिर्दिवो यह्वीभिर्न गुहा बभूव ।। (૯)

पितुश्च गर्भं जनितुश्च बभ्रे पूर्वीरेको अधयत् पीप्यानाः ।
वृष्णे सपत्नी शुचये सबन्धू उभे अस्मै मनुष्ये नि पाहि ।। (૧૦)

उरौ महाँ अनिबाधे ववर्धाऽऽपो अग्निं यशसः सं हि पूर्वीः ।
ऋतस्य योनावशयद् दमूना जायीनामग्निरपसि स्वसृणाम् ।। (૧૧)

अक्रो ने बभ्रिः समिथे महीनां दिदृक्षेयः सूनवे भाऋजीकः ।
उदुस्त्रिया जनिता यो जजानाऽपां गर्भो नृतमो यह्वो अग्निः ।। (૧૨)

अपां गर्भं दर्शतमोषधीनां वना जजान सुभगा विरूपम् ।
देवासश्चिन् मनसा सं हि जग्मुः पनिष्ठं जातं तवसं दुवस्यन् ।। (૧૩)

बृहन्त इद् भानवो भाऋजीकमग्निं सचन्त विद्युतो न शुक्राः ।
गुहेव वृद्धं सदसि स्वे अन्तरपार ऊर्वे अमृतं दुहानाः ।। (૧૪)

"પરમ પ્રત્યે આરોહણ કરવા માટે અમે યજ્ઞ કર્યો છે, શબ્દને વૃદ્ધિ પામવા દો. અગ્નિને ચેતાવીને, સમર્પણયુકત નમન કરીને, તેઓ અગ્નિને તેનાં કાર્યોમાં નિયુકત કરે છે; તેમણે દ્રષ્ટાઓનાં જ્ઞાનોને સ્વર્ગમાં અભિવ્યકત કર્યાં છે, અને તેઓ તેને માટે તેની શબ્દ માટેની ઇચ્છામાં બળયુકત માર્ગની ઇચ્છા રાખે છે. (૨)

બુદ્ધિમાં પૂર્ણ, વિવેકમાં વિશુદ્ધ, જન્મથી જ સ્વર્ગ તથા પૃથ્વીનો મિત્ર (અથવા રચના કરનાર), તે આનંદને સ્થાપે છે; દેવો અગ્નિને જળોમાં દેખાતો—બહેનોના કાર્યમાં શોધી કાઢયો. (૩)

સંપૂર્ણપણે આનંદને ભોગવતા તેનું સાત મહાન દેવીઓએ વર્ધન કર્યું, તે જન્મ વખતે શ્વેત છે, મોટો થાય છે ત્યારે લાલ છે. ઘોડીઓએ ગતિ કરી, તેના જન્મ વખતે તે નવજાત શિશુની દેખભાળ કરી; દેવોએ તેના જન્મ-સમયે તેને દેહ આપ્યો. (૪)

તેનાં શુદ્ધ તેજોયુકત અંગો વડે, જ્ઞાનના શુદ્ધ સ્વામીઆની મદદથી, તેણે અંતરિક્ષ લોકનો વિસ્તાર કર્યો—તેની રચના કરી; તેમાં તેણે ક્રિયા માટેના સંકલ્પને શુદ્ધ કર્યો. જળોના સમગ્ર જીવનની આસપાસ, તેજને ઝભ્ભા તરીકે પહેરતા તેણે પોતાનામાં વિશાળ અને પરિપૂર્ણ શોભાઓને રચી. (૫)

સ્વર્ગની મહાન દેવીઓની આસપાસ તે સર્વત્ર સંચરવા લાગ્યો. તેમણે ભક્ષણ કર્યું નહિ, તેમનો સામનો કોઈ કરી શકતું નહિ, તેઓ નગ્ન ન હતી અને છતાં તેમણે વસ્ત્ર પહેર્યાં ન હતાં. સાત વાણીઓએ—સનાતન અને નિત્ય યુવાન દેવીઓએ તે શિશુને એક ગર્ભમાં ધારણ કર્યો. (૬)

સ્પષ્ટતાના ગર્ભમાં, મધુરતાઓના પ્રવાહોમાં, તેના સંઘટિત સમૂહો વૈશ્વિક રૂપોમાં વિસ્તરેલા હતા; પોષણ કરતી નદીઓ અહીં પોતાને પુષ્ટ કરતી ઊભી હતી; સિદ્ધ કરતા દેવની બે માતાઓ વિશાળ અને સંવાદયુકત બની. (૭)

હે બલના પુત્ર, તેમના વડે ધારણ કરાયેલો, તારા પ્રકાશમય આનંદપૂર્ણ દેહોને ધારણ કરતો, તું પ્રકાશી ઊઠયો; જ્યાં પ્રાચુર્યનો વૃષભ જ્ઞાનથી વૃદ્ધિ પામ્યો છે, ત્યાં મધુરતાના તથા સ્વચ્છતાના પ્રવાહો વહેવા લાગે છે. (૮)

જન્મ-સમયે તેણે પિતાના પ્રાચુર્યના ઉદ્‌ગમ-સ્થાનને શોધી કાઢયું, અને તેણે પિતાના નિર્ઝરોને વિશાળતાપૂર્વક મુકત કર્યા, તેની નદીઓને વિશાળતા-પૂર્વક વહેવરાવી. મદદગાર મિત્રો વડે અને સ્વર્ગની મહાન દેવીઓ વડે, તેણે પિતાને—અસ્તિત્વનાં ગૂઢ સ્થાનોમાં સંચરતા પિતાને શોધી કાઢયા, અને છતાં પોતે તે ગૂઢતામાં ખોવાઈ ન ગયો. (૯)

તેણે પિતાના તથા પોતાના જનકના ગર્ભને ધારણ કર્યો; પોષણ કરતી ઘણી માતાઓને તે એકલો ધાવ્યો. આ શુદ્ધ પુરુષમાં માનવની આ બંને શકિતઓ (પૃથ્વી અને સ્વર્ગ)ને સમાન સ્વામી અને પ્રેમી પ્રાપ્ત થયો; તું તે બંનેનું પાલન કર. (૧૦)

વિધિરહિત વિશાળતામાં મહાન એવો તે વૃદ્ધિ પામ્યો; ઘણાં જળોએ વિજયપૂર્વક અગ્નિનું સંવર્ધન કર્યું. ઋતના મૂળમાં તે સૂઈ ગયો, ત્યાં તેણે પોતાનું ઘર બનાવ્યું; સંયુકત બહેનોના કાર્યમાં અગ્નિએ તેમ કર્યું. (૧૧)

વસ્તુઓના સંચાલક અને ધારક તરીકે, તેણે મહાન દેવીઓના સંગમમાં તેમને નવીન ઉચ્ચતર જન્મ આપ્યો. તે દર્શનાને શોધે છે, સોમરસ કાઢનાર માટે પોતાનાં તેજોમાં સીધોસટ છે, તે જળોનો શિશુ, ખૂબ બળવાન અગ્નિ છે. (૧૨)

જળોના દેખાય તેવા ગર્ભને, પૃથ્વીની વૃદ્ધિઓના બાળકને, આનંદની દેવીએ અનેક રૂપોમાં હવે જન્મ આપ્યો. મન વડે દેવો તેનામાં એકરૂપ બન્યા; અને બળવાન જન્મેલા, મહાન પરિક્રામ કરવામાં શકિતશાળી તેને દેવોએ તેના કાર્યમાં પ્રેર્યો. (૧૩)

તે વિશાળ તેજો સીધાસટ પ્રકાશવાળા અગ્નિને ચીટકી રહ્યાં, અને ઝબૂકતી વીજળીઓની પેઠે પ્રકાશવા લાગ્યાં. અસ્તિત્વનાં ગૂઢ સ્થાનોમાં, પોતાના ઘરમાં, અપાર વિશાળતાની અંદર વૃદ્ધિ પામતા તેનામાંથી દેવોએ અમૃતત્વને દોહી કાઢયું. (૧૪)

એ વાત સ્પષ્ટ છે કે આ કંડિકામાં ગૂઢ રહસ્યમય અર્થ રહેલો છે, તે માત્ર યજ્ઞવિધિપરક જંગલી લોકોનું માત્ર યજ્ઞ—સૂકત નથી. તેનો આપણે ગમે તે અર્થ કરીએ, પણ આ સાત નદીઓ—જળો, સાત બહેનો પંજાબની સાત

નદીઓ તો ન જ હોઈ શકે. જેમાંથી દેવોએ દેખાતા અગ્નિને શોધી કાઢયો, તે જળો પાર્થિવ અને ભૌતિક ઝરણાં તો ન જ હોઈ શકે. જ્ઞાન વડે વૃદ્ધિ પામતો, ઋતના ઉદ્‌ગમ-સ્થાનમાં પોતાનું વિશ્રામ-સ્થાન, ઘર બનાવતો, આકાશ અને પૃથ્વી જેની પત્નીઓ અને પ્રેમિકાઓ છે એવો, જે વિધિરહિત વિશાળતામાં—પોતાના ઘટમાં દિવ્ય જળો વડે સંવર્ધન પામે છે એવો, જે અપાર અનંતતામાં રહી તેજોયુકત દેવોને અમૃતત્વ બક્ષે છે એવો, અગ્નિ, ભૌતિક અગ્નિનો દેવ તો ન જ હોઈ શકે. આ અને બીજાં રહસ્યવાદી, આધ્યાત્મિક, માનસશાસ્ત્રીય અર્થવાળાં સૂકતોમાં વેદનો ભાવાર્થ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે, તેના પર યજ્ઞવિધિપરકતાનો પડદો નથી, પણ તે સ્પષ્ટ આગ્રહપૂર્વક જણાઈ આવે છે. તેને આવરણ હોય, તો પણ તે એટલું બધું પારદર્શક છે કે વેદનું ગૂઢ સત્ય અહીં, વિશ્વામિત્રના સૂકતની નદીઓની પેઠે, 'વસ્ત્રથી ઢંકાયેલું પણ નથી, તેમ જ નગ્ન પણ નથી.'

વામદેવના સૂકતનાં જળોની પેઠે, આ વસિષ્ઠના સૂકતનાં જળો સ્પષ્ટતા અને મધુ સાથે નિકટ રીતે સંબંધિત છે—घृतस्य योनौ स्रवथे मधूनां, श्चोतन्ति धारा मधुनो घृतस्य; તે ઋત તરફ લઈ જાય છે, તે પોતે ઋતનું મૂળ છે, તે વિધિરહિત અને અપાર વિશાળતામાં તેમ જ આ પૃથ્વી પર વહે છે. તેમને ગાયોનું તથા ઘોડીઓનું (धेनवः, अश्वाः) રૂપક અપાયું છે. તેમને વાણી—વાગ્‌દેવતાના સાત સર્જનાત્મક શબ્દો છે—सप्त वाणीः; વાણી, અદિતિની—પરા પ્રકૃતિની અભિવ્યંજક શકિત છે; વેદમાં દેવને અથવા પુરુષને જેમ વૃષભ અથવા વૃષન્ રૂપે વર્ણવવામાં આવ્યો છે, તેમ અદિતિને ગાય રૂપે વર્ણવવામાં આવી છે એટલે તે સમગ્ર અસ્તિત્વના સાત પટાઓ છે, એક સચેતન અસ્તિત્વની ગતિનાં સાત સ્વરૂપો અથવા પ્રવાહો છે.

આપણે જોઈ શકીશું કે વેદના પ્રારંભમાં આવતાં મધુચ્છંદસ્‌નાં સૂકતોમાંથી આપણને પ્રાપ્ત થયેલા વિચારોના પ્રકાશમાં, અને હવે આપણને સ્પષ્ટ થતા રૂપકમય અર્થોના પ્રકાશમાં, આ દેખીતી રીતે જોતાં રૂપકમય, રહસ્યમય, ગૂઢ લાગતી કંડિકા તદ્દન સરળ અર્થવાળી, સુસંગત લાગે છે. એક વાર તેની સાચી ચાવી જડે, એટલે અત્યારે આપણને દુર્બોધ લાગતા, વેદના બધા મંત્રો સ્પષ્ટ અને સુસંગત બની જાય છે. આપણે માત્ર પુરોહિત, યુદ્ધ ખેલનાર, કાર્ય કરનાર, ઋતને શોધનાર, માનવ માટે આનંદને જયપૂર્વક પ્રાપ્ત કરનાર, અગ્નિના માનસશાસ્ત્રીય કાર્યનો નિર્ણય કરવાનો છે. ઋગ્વેદના પ્રથમ સૂકતમાં મધુચ્છંદસે અગ્નિનું જે વર્ણન આપ્યું છે, તેના વડે તે નિર્ણય થઈ ગયો છે, અને તે છે 'વિવિધ પ્રેરણા વડે સમૃદ્ધ અને ઋતપૂર્ણ દ્રષ્ટાની કાર્યોમાં પ્રગટ થતી સંકલ્પ શકિત.' અગ્નિ દેવ છે, સર્વનો દ્રષ્ટા છે; તે સચેતન શકિત તરીકે—

આધુનિક ભાષામાં કહીએ તો, દિવ્ય અથવા વૈશ્વિક સંકલ્પ તરીકે પ્રગટ થાય છે, કે જે પ્રથમ ગૂઢ રહીને સનાતન લોકોનું નિર્માણ કરે છે, અને માનવમાં ઋત અને અમૃતત્વનું સર્જન કરતો પ્રગટ થાય છે—જન્મે છે.

વિશ્વામિત્ર એમ કહેવા માગે છે કે દેવો અને માનવ આંતરયજ્ઞનો અગ્નિ પ્રજ્વલિત કરીને આ દિવ્ય શકિતને પેટાવે છે; પોતાના સમર્પણપૂજનથી તે તેને કાર્ય કરવા સમર્થ બનાવે છે; સ્વર્ગમાં—શુદ્ધ મનમાં (द्यौःમાં) તે દ્રષ્ટાઓની જ્ઞાનવૃત્તિઓને અભિવ્યકત કરે છે, અર્થાત્ ઋતચેતનાના મનથી પર રહેતા પ્રકાશોને અભિવ્યકત કરે છે; અને આ તે દિવ્ય શકિત માટે માર્ગ બનાવવા માટે કરે છે, કે જે શકિત પોતાના બળ વડે યોગ્ય આત્મ-અભિવ્યકિત માટે શબ્દ શોધવા મનની પેલે પાર જવાની અભીપ્સા સેવે છે. પોતાનાં બધાં કાર્યોમાં દિવ્ય જ્ઞાનના રહસ્યને ધારણ કરનાર (कविक्रतुः), આ દિવ્ય સંકલ્પ માનવમાં માનસિક તથા શારીરિક ચેતનાના મિત્ર તરીકે વર્તે છે અથવા તો તેનું નવ-નિર્માણ કરે છે (दिवः पृथिव्याः), બુદ્ધિને પરિપૂર્ણ કરે છે, વિવેકને વિશુદ્ધ બનાવે છે, જેને પરિણામે તે બધાં "દ્રષ્ટાઓની જ્ઞાનવૃત્તિઓને" ઝીલવા સમર્થ બને, અને આ રીતે પારચેતનાના સત્યને આપણામાં સભાન કરીને આપણામાં આનંદને દૃઢતાપૂર્વક સ્થાપિત કરે છે. (ઋચાઓ—૨, ૩)

બાકીના મંત્રો આ દિવ્ય જ્ઞાન-શકિતનું—અગ્નિનું—મર્ત્યોમાં રહેલા અમર્ત્યનું આરોહણ વર્ણવે છે. તે અગ્નિ યજ્ઞમાં માનવની સામાન્ય સંકલ્પશકિતનું અને જ્ઞાનનું સ્થાન લઈ લે છે, અને તેને મર્ત્ય શારીરિક ચેતનામાંથી સત્યની તથા આનંદની અમરતામાં લઈ જાય છે. વૈદિક ઋષિઓ માનવના પાંચ જન્મોની, પ્રાણીઓના પાંચ લોકોની વાત કરે છે, જયાં કાર્યો કરવામાં આવે છે—पंच जनाः, पंच कृष्टिः અથવા क्षितिः । द्यौः અને પૃથિવી શુદ્ધ માનસિક અને શારીરિક ચેતનાનાં દ્યોતક છે. તેમની બેની વચ્ચે અંતરિક્ષ વચ્ચેની કડીરૂપ ભૂમિકા છે, જે પ્રાણિક અથવા જ્ઞાનતંતુઓની ચેતના છે. द्यौः અને પૃથિવી રોદસી છે, આપણા બે મર્યાદા-પ્રદેશો છે. આ બંનેને આપણે વટાવી જવાનું છે; તો જ આપણને વિશુદ્ધ મનથી પરના બીજા સ્વર્ગમાં—વિશાળતામાં, પ્રવેશ મળી શકે, કે જે વિશાળતા અનંત ચેતનાનો—અદિતિનો પાયો (बुध्न) છે. આ વિશાળ તે ઋત છે, જે પરમ ત્રિલોકને—ઉચ્ચતમ પદોને અથવા સ્થાનોને (पदानि, सदांसि) ટકાવી રાખે છે તે પદો અગ્નિનાં, વિષ્ણુનાં સ્થાનો છે, અદિતિ રૂપ પરમ ગાય માતાનાં પરમ નામો છે. વિશાળ અથવા ઋતને અગ્નિના પોતાના ઘર રૂપે, યોગ્ય સ્થાન રૂપે વર્ણવવામાં આવ્યું છે—स्वं दमम्, स्वं सदः । આ સૂકતમાં પૃથ્વીમાંથી પોતાના સ્થાન પ્રત્યે આરોહણ કરતા અગ્નિને વર્ણવવામાં આવ્યો છે.

જળોમાં, બહેનોના કાર્યમાં, આ દિવ્ય શકિતને દેવોએ દૃશ્યમાન રૂપમાં શોધી કાઢયો. આ ઋતની સાત નદીઓ છે, જેમને ઇન્દ્રે તેમનાં ઉચ્ચ સ્થાનોમાંથી નીચે આણી. પ્રથમ તે ઔષધિમાં, પૃથ્વીની વૃદ્ધિમાં ગૂઢ છે—પૃથ્વીની ઉષ્માને ધારણ કરતી ઔષધિઓમાં ગૂઢ છે, અને તેને બે અરણિઓના—પૃથ્વી તથા સ્વર્ગના ઘર્ષણથી, બળપૂર્વક પ્રગટ કરવાનો હોય છે. તેથી તેને પૃથ્વીની વૃદ્ધિઓનો શિશુ, પૃથ્વી અને સ્વર્ગનો બાળક કહેવામાં આવ્યો છે; શુદ્ધ મનનાં કાર્યોથી આ અમર શકિતને શારીરિક—ભૌતિક અસ્તિત્વ પર શ્રમપૂર્વક, મુશ્કેલીપૂર્વક ઉત્પન્ન કરવામાં આવે છે. પણ દિવ્ય જળોમાં અગ્નિ દૃશ્યમાન દેખાય છે, તેનાં સઘળાં બળ—જ્ઞાન—આનંદ સાથે સહેલાઈથી જન્મેલો દેખાય છે, તે તદ્દન શ્વેત અને વિશુદ્ધ હોય છે, અને તે જેમ મોટો થાય છે તેમ તેના કાર્યથી લાલચોળ બની જાય છે (ત્રીજી ઋચા). જન્મતાંની સાથે જ દેવો તેને શકિત, તેજ અને શરીર આપે છે; સાતેય મહાન નદીઓ તેના આનંદમાં તેનું સંવર્ધન કરે છે; તેઓ આ નવજાત શિશુની આસપાસ સંચરે છે, અને અશ્વાઓની પેઠે—ઘોડીઓની પેઠે તેની માવજત કરે છે (ચોથી ઋચા).

સામાન્ય રીતે ધેનવ:, પોષણ કરતી ગાયોને—નદીઓને અહીં અશ્વા:—ઘોડીઓ કહેવામાં આવી છે, કારણ કે ગાય, ચેતનાનું જ્ઞાનના સ્વરૂપમાં પ્રતીક છે, જ્યારે અશ્વ, ચેતનાનું શકિતના સ્વરૂપમાં પ્રતીક છે. અશ્વ પ્રાણની ક્રિયાશીલ શકિત છે, અને પૃથ્વી પર અગ્નિની માવજત કરતી નદીઓ જીવનનાં જળ—પ્રાણિક ક્રિયાશીલતાનાં જળ બની જાય છે—જે પ્રાણ સંચરે છે. ક્રિયા કરે છે, ઇચ્છા કરે છે, અને ઉપભોગ કરે છે. અગ્નિ પોતે ભૌતિક ગરમી અને શકિત તરીકે શરૂઆત કરે છે, પછી અશ્વ તરીકે પ્રગટ થાય છે, અને ત્યાર પછી જ તે દિવ્ય અગ્નિ બને છે. જળોના શિશુ તરીકે તેનું પ્રથમ કાર્ય છે અંતરિક્ષને—પ્રાણિક ક્રિયાશીલ ભૂમિકાને તેનું પૂર્ણ સ્વરૂપ, વિસ્તાર અને વિશુદ્ધિ આપવાનું—रज आततन्वान्. પોતાનાં શુદ્ધ તેજોયુકત અંગો વડે વ્યાપી જઈને, તે માનવોના જ્ઞાનતંતુઓને વિશુદ્ધ બનાવે છે, તેમના આવેગો અને ઇચ્છાઓને ઊર્ધ્વમાં લઈ જાય છે, પરચેતન ઋત અને જ્ઞાનની વિશુદ્ધ શકિતઓથી તે કાર્યસાધક (क्रतुम्), વિશુદ્ધ, સંકલ્પશકિતને ઊર્ધ્વમાં લઈ જાય છે—कविभि: पवित्रै: । તે રીતે તે મહાન તેજોને ધારણ કરે છે—હવે તે ઇચ્છાઓ અને વૃત્તિઓની ભાંગીતૂટી મર્યાદિત ક્રિયા રહી નથી, અને તે જળોના જીવનની આસપાસ તેજનાં વસ્ત્રો પહેરે છે. (ઋચાઓ ૪ અને ૫.)

આ રીતે સાત જળો ઊર્ધ્વમાં ગતિ કરે છે, અને વિશુદ્ધ માનસિક ક્રિયા બની રહે છે, સ્વર્ગની મહાન શકિતઓ બની રહે છે. ત્યાં તે પ્રથમ, સનાતન, સદા-યુવાન, શકિતઓ રૂપે, જુદા પ્રવાહો છતાં એક મૂળમાંથી ઉદ્ભવેલા

પ્રવાહો રૂપે પ્રગટ થાય છે — કારણ કે તે પરચેતનાયુકત સત્યની એક જ યોનિમાંથી નીકળ્યાં છે; તે સાત શબ્દો અથવા દિવ્ય મનની પાયાભૂત સર્જનાત્મક અભિવ્યકિતઓ છે—सप्त वाणीः । આ વિશુદ્ધ મનનું જીવન જ્ઞાનતંતુઓના પ્રાણિક જીવન જેવું નથી, કે જે પોતાના મર્ત્ય અસ્તિત્વને ટકાવી રાખવા માટે પોતાના વિષય—પદાર્થોનું ભક્ષણ કરે છે; તેનાં જળો ભક્ષણ કરતાં નથી, પણ નિષ્ફળ પણ જતાં નથી; તેઓ માનસિક રૂપોના પારદર્શક પડદામાં—ઝભ્ભામાં આવૃત થયેલું સનાતન સત્ય છે. તેથી એમ કહેવામાં આવ્યું છે કે તેઓ વસ્ત્રયુકત પણ નથી, તેમ નગ્ન પણ નથી. (ઋચા ૬.)

પણ આ આખરી સ્થિતિ નથી. શકિત યોનિમાં— માનસિક સ્વચ્છતાના (घृतस्य) જન્મસ્થાનમાં આરોહણ કરે છે, જ્યાં જળો દિવ્ય મધુરતાના (स्त्रवथे मधूनाम्) પ્રવાહો તરીકે વહે છે; ત્યાં તે જે રૂપોને ધારણ કરે છે તે વૈશ્વિક રૂપો છે વિશાળ અને અનંત ચેતનાના સમૂહો છે. પરિણામે, નિમ્ન લોકમાં રહેલી આ પોષણ કરતી નદીઓનું સંવર્ધન આ અવતરણ કરતી ઉચ્ચતર મધુરતા કરે છે, અને સર્વ-સાધક સંકલ્પની પ્રથમ બે માતાઓ રૂપ, માનસિક અને શારીરિક ચેતનાઓ તેમની પરિપૂર્ણ વિશાળતામાં એકરૂપ બની જાય છે, ઋતના આ પ્રકાશ વડે સંવાદમય અને સમાન બની જાય છે, અને તેમ થવામાં અનંત આનંદ વડે કરાતું સંવર્ધન કારણરૂપ હોય છે. તેઓ અગ્નિની પૂર્ણ શકિતને, તેની વીજળીઓના ઝબકારાને, તેનાં વૈશ્વિક રૂપોના તેજને તથા આનંદને ધારણ કરે છે. કારણ કે જ્યાં પુરુષનું, સ્વામીનું, પ્રાચુર્યના વૃષભનું સંવર્ધન પરચેતનાના સત્યના જ્ઞાન વડે કરવામાં આવે છે, ત્યાં હમેશાં સ્વચ્છતાના પ્રવાહો અને આનંદના નિર્ઝરો વહે છે. (ઋચાઓ ૭, ૮.)

બધી વસ્તુઓના પિતા સ્વામી અને પુરુષ છે; તે વસ્તુઓના ગૂઢ ઉદ્‌ગમસ્થાનમાં—પરચેતનામાં નિગૂઢ છે; એટલે સાથીદાર દેવો તથા સાત જળો સાથે, અગ્નિ પરચેતનામાં પ્રવેશ કરે છે – અને ત્યારે પણ તે આપણા સચેતન અસ્તિત્વમાંથી અદૃશ્ય બની જતો નથી, ત્યાં તે વસ્તુઓના પિતાના મધુમય પ્રાચુર્યને — તેના ઉદ્‌ગમસ્થાનને શોધી કાઢે છે, અને તેમને આપણા જીવન પર વરસાવે છે. તે પોતે ગર્ભરૂપ બની પુત્ર રૂપે, શુદ્ધ કુમાર રૂપે, શુદ્ધ પુરુષ રૂપે, એક રૂપે, માનવના વૈશ્વિકતામાં પ્રગટ થતા આત્મા રૂપે પ્રગટ થાય છે; માનવમાં રહેલી માનસિક અને શારીરિક ચેતનાઓ તેને પોતાના સ્વામી તથા પ્રેમી તરીકે સ્વીકારે છે; પણ એક હોવા છતાં તે હજી નદીઓની અનેકવિધ ગતિઓનો, અનેક વૈશ્વિક શકિતઓનો આનંદ માણે છે. (ઋચાઓ ૯, ૧૦.)

પછી આપણને સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે જેમાં અગ્નિએ પ્રવેશ કર્યો છે અને જેમાં તેનું સંવર્ધન થાય છે, જેમાં અનેકવિધ જળો વિજયપૂર્વક

પોતાના ધ્યેય તરીકે (यशसः) પહોંચી જાય છે અને તેનું સંવર્ધન કરે છે, તે એક વિધિરહિત વિશાળ છે કે જ્યાં ऋत જન્મે છે, અપાર અનંત છે, પોતાનું સ્વાભાવિક ઘર છે કે જેમાં તે આસન જમાવે છે. પૃથ્વી પર મર્ત્ય જીવનમાં જેમ સાત નદીઓ, બહેનો જુદી–વિભકત બનીને કાર્ય કરતી હતી, તેવું હવે બનતું નથી; તે સાતેય એક મૂળમાંથી નીકળેલી હોવા છતાં એકત્રિત બનીને કાર્ય કરે છે (जामिनामपसि स्वसृणाम्). આ મહાન દેવીઓના સંગમમાં, અગ્નિ સર્વ વસ્તુઓમાં સંચરે છે અને તેમને ધારણ કરે છે; તેની દૃષ્ટિનાં કિરણો તદ્દન સીધાંસટ હોય છે, પહેલાંની પેઠે નિમ્ન વક્રતાવાળાં નહિ; જેનામાંથી જ્ઞાનના, તેજોમય ધણના, પ્રકાશો જન્મ્યા હતા, તે હવે તેમને આ ઉચ્ચ પરમ જન્મ આપે છે; તે પ્રકાશોનું તે દિવ્ય જ્ઞાનમાં — અમર ચેતનામાં રૂપાંતર કરે છે. (ઋચાઓ ૧૧, ૧૨.)

તેનો પણ આ નવો અને આખરી જન્મ છે. જે પૃથ્વીની વૃદ્ધિમાંથી બળના પુત્ર તરીકે જન્મ્યો હતો, જે જળોના પુત્ર તરીકે જન્મ્યો હતો તે, હવે અનેક રૂપોમાં આનંદની દેવીને પેટે જન્મે છે, કે જે દેવી પાસે દિવ્ય ચેતનાનો— અપાર અનંતનો આનંદ હોય છે. દેવો અથવા માનવની દિવ્ય શકિતઓ મનને કરણ તરીકે વાપરીને તેને ત્યાં પહોંચાડે છે, તેની આસપાસ તે એકત્રિત થાય છે, આ વિશ્વના મહાન કાર્યમાં—આ નવીન મહાન અસરકારક જન્મના કાર્યમાં નિયુકત કરે છે. વિશાળ ચેતનાના પ્રકાશરૂપ તે શકિતઓ આ દિવ્ય બળરૂપ અગ્નિની આસપાસ ચીટકી રહે છે— વીજળીઓ રૂપે ઝબૂકે છે; અને પરચેતનામાં રહેલા, પોતાના અપાર વિશાળ ઘરમાં રહેલા અગ્નિમાંથી તેઓ માનવ માટે અમરતા લઈ આવે છે.

રૂપકોના પડદા પાછળ, વેદનો આવો ગહન, સુસંગત, પ્રકાશયુકત અર્થ રહેલો છે. સાત નદીઓનું રૂપક, જળોનું રૂપક, પાંચ લોકોનું રૂપક, અગ્નિનો જન્મ આરોહણ— જે માનવની અને તે જેમનું પ્રતીક છે તેવા દેવોના અસ્તિત્વના મહાન પર્વતની (सानोः सानुम्) એક ભૂમિકા પરથી બીજી ભૂમિકા પરની ઊર્ધ્વયાત્રા — આ બધાનો તે અર્થમાં સમાવેશ થાય છે. એક વાર આપણે ગાયના સોમના રૂપકોનો મર્મ સમજી લઈ સ્વીકારી લઈએ, દેવોનાં માનસશાસ્ત્રીય કાર્યો વિષે સાચો ખ્યાલ બાંધી લઈએ, એટલે આ પ્રાચીન સૂકતોની દેખીતી અસંગતતાઓ, અસ્પષ્ટતાઓ, દૂરાકૃષ્ટ અંધાધૂંધીવાળા ગૂંચવાડાઓ એક ક્ષણમાં દૂર થઈ જાય છે. પ્રાચીન રહસ્યવાદીઓનો ગહન અને પ્રકાશયુકત સિદ્ધાંત—વેદનું રહસ્ય સરળતાપૂર્વક, સહેલાઈથી, મારી-મચડીને અર્થ કાઢવાના પ્રયાસ વિના જ, પ્રગટ થાય છે.

ઉષાની ગાયોનાં ધણ

વૈદિક ભાષામાં સાત નદીઓ—જળો (आप:) ને સાત પોષણ કરતી માતાઓનું અથવા ગાયોનું રૂપક આપવામાં આવ્યું છે—सप्त धेनव: आप: શબ્દનો પણ બીજો ગૂઢ અર્થ થાય છે, કારણ કે अप् ધાતુનો એક અર્થ થાય છે 'ગતિ કરવી' જેના પરથી જળનો અર્થ થયો; પણ તેનો બીજો અર્થ છે 'હોવું, થવું' જેના પરથી 'अपत्य, બાળક' શબ્દ નીકળ્યો છે. દક્ષિણ ભારતની ભાષામાં અપ્પા, પિતા—પણ તેમાંથી બન્યો છે. સાત નદીઓ અસ્તિત્વનાં જળો છે; જેમનામાંથી અસ્તિત્વનાં બધાં રૂપો જન્મ્યાં, તેવી તે માતાઓ છે. પણ આપણે બીજો એક શબ્દગુચ્છ જોઈએ છે—सप्त गाव:, સાત ગાયો અથવા પ્રકાશો, અને सप्तगु, સાત કિરણોવાળો—એવું વિશેષણ પણ વપરાયેલું જોઈએ છીએ. ગાયોના અર્થ વૈદિક સૂક્તોમાં બે થાય છે—ગાયો અને પ્રકાશો. પ્રાચીન ભારતની વિચાર-પદ્ધતિમાં સત્તા અને ચેતના એકબીજા સાથે સંકળાયેલાં—એકરૂપ છે. જેમનામાંથી બધા દેવો જન્મ્યા છે, તે અદિતિ માતા—અનંત ચેતના છે. તેનાં સાત નામો અને સાત ધામો વર્ણવાયાં છે. તે સાત પ્રકાશોમાં પ્રગટ થતું મૂળ તેજ છે, અનંત ચેતનારૂપી ગાય છે. અર્થાત્ અસ્તિત્વના સપ્તવિધ તત્ત્વને એક દૃષ્ટિથી સમુદ્રમાંથી વહેતી સાત નદીઓનું રૂપક આપવામાં આવ્યું છે (सप्त धेनव:), અને બીજી દૃષ્ટિથી બધાનું સર્જન કરતા પિતા—સૂર્ય—સવિતાના કિરણોનું રૂપક આપવામાં આવ્યું છે.

વૈદિક રૂપકોમાં ગાયનું રૂપક સૌથી વધારે અગત્યનું છે. યજ્ઞપરક અર્થ કરનારને માટે ગો એટલે ભૌતિક ગાય છે, જેમ તેનો સહચર શબ્દ अश्व એટલે માત્ર ભૌતિક ઘોડો છે, અથવા घृत એટલે માત્ર ઘી કે જળ છે, અથવા वीर એટલે માત્ર પુત્ર, નોકર કે સેવક છે. જ્યારે ઋષિ ઉષાને પ્રાર્થના કરે છે કે गोमद् वीरवद् देही रत्नमुषो अश्वावत्, ત્યારે યજ્ઞપરક અર્થ કરનારાઓ એવો અર્થ કરે છે કે, 'હે ઉષા, અમને ગાયો—મનુષ્યો (અથવા પુત્રો) તથા

અશ્વો અને સુખપ્રદ ધન આપ.' પણ જો આ શબ્દોનો રૂપકમય અર્થ લેવામાં આવે, તો તેનો અનુવાદ આમ થાય, 'હે ઉષા, પ્રકાશથી, વિજયી શકિતથી અને અને પ્રાણિક બળથી પરિપૂર્ણ, આનંદની સ્થિતિ અમારામાં સ્થાપી આપ.' માટે વેદમાં ગો શબ્દના અર્થનો સદાને માટે ચોક્કસ અર્થ સ્થાપિત કરવાની જરૂર છે. જો તેનો અર્થ રૂપકમય હોય, તો તેની સાથે વપરાયેલા બીજા શબ્દો—અશ્વ, વીર, અપત્ય અથવા પ્રજા, હિરણ્ય, વાજ—પ્રાચુર્ય (સાયણના અર્થ પ્રમાણે—અન્ન), તે બધાનો અર્થ રૂપકમય કરવો જ પડે.

ગાયનું રૂપક વેદમાં હમેશાં ઉષા અને સૂર્ય સાથે વપરાયેલું જોવામાં આવે છે. પણિઓની ગુફામાં સંતાડી રખાયેલી ગાયોને ઈન્દ્રે અને બૃહસ્પતિએ સરમાની તથા અંગિરસ્ ઋષિઓની મદદથી પાછી મેળવી—તે કથામાં પણ તે રૂપકની પુનરાવૃત્તિ થાય છે. ઉષાનો ખ્યાલ અને અંગીરસોની કથા વૈદિક સંસ્કૃતિના હૃદયમાં રહેલાં છે, તે બે વેદના અર્થના રહસ્યની ચાવીરૂપ છે. માટે આપણે આપણી સંશોધનામાં સુસ્થિર પાયા માટે એ બેનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ.

ઉષાને ઉદ્દેશીને રચાયેલાં વૈદિક સૂકતોનો ઉપરછલ્લો અભ્યાસ કરતાં પણ જણાશે કે ઉષાની તથા સૂર્યની ગાયો માત્ર પ્રકાશનું રૂપક છે તે વાત સ્પષ્ટ છે. સંગતતાની દરકાર કર્યા સિવાય, સાયણને પણ તેનો અર્થ કોઈક વાર ગાયો, તો કોઈક વાર કિરણો કરવો પડયો છે. કેટલીક વાર તે એમ પણ કહે છે કે સત્યવાચક ઋત શબ્દની પેઠે, તેનો—ગો શબ્દનો અર્થ પાણી પણ થાય છે. એટલે વાસ્તવિક રીતે, આપણે ગો શબ્દ સ્થૂલ અર્થમાં ગાય, અને રૂપકના અર્થમાં પ્રકાશ કરવો જ રહ્યો.

ઇન્દ્રને ઉદ્દેશીને લખાયેલા મધુચ્છંદસ્ના સૂકતમાં (૧, ૭) ત્રીજા મંત્રમાં આ પ્રકાશનો અર્થ નિઃશંક છે– 'ઇન્દ્રે દૂર દર્શના માટે સૂર્યને આકાશમાં આરોહણ કરાવ્યું; પોતાનાં કિરણો વડે તેને તેણે અદ્રિ ઉપર વેગપૂર્વક ગતિ કરાવી वि गोभिरद्रिमैरयत् ।[1] પણ સાથે સાથે, સૂર્યનાં કિરણો સૂર્યની ગાયોનાં ધણ છે, ઓડિસ્સિમાં ઓડિસિયસના સાથીદારોએ મારી નાખેલી હેલિઓસની ગાયો છે કે જે ગાયોને, હર્મિસને ઉદ્દેશીને હોમરે લખેલા સૂકતમાં, પોતાના ભાઈ ઍપોલો પાસેથી હર્મિસ ચોરી ગયો હતો. તે ગાયોને વલ નામના શત્રુએ, પણિઓએ સંતાડી દીધી હતી. જ્યારે મધુચ્છંદસ્ ઇન્દ્રને કહે છે કે વલે જ્યાં

---

૧. આપણે તેનો અનુવાદ એમ પણ કરી શકીએ કે તેણે પોતાનાં કિરણો સાથે વજ્રને બધે મોકલ્યું. પણ તે અર્થ સારો નથી બનતો. આપણે તે અર્થ લઈએ, તો પણ गोभिः નો અર્થ પ્રકાશ થાય છે, ગાયો તો નહિ જ.

ગાયોને ગુફામાં સંતાડી દીધી હતી, તે તેં શોધી કાઢયું, ત્યારે તેનો અર્થ એવો થાય છે કે વલ ગાયોને સંતાડનાર, પ્રકાશને સંતાડનાર હતો; અને ઇન્દ્ર યજમાનને તે સંતાડેલો પ્રકાશ પાછો લાવી આપે છે. વૈદિક સૂકતોમાં સંતાડાયેલી અથવા ચોરાયેલી ગાયોની પુનઃપ્રાપ્તિની વાત વારંવાર આવે છે, અને તેનો અર્થ પણિઓની કથાનું તથા અંગિરસોની કથાનું અવલોકન કરવાથી આપણને સમજાશે.

એક વાર તે અર્થ સ્થાપિત થશે, એટલે વેદમાં સ્થૂલ ગાયો માટેની પ્રાર્થના છે—એ સિદ્ધાંત ખખડી જશે. એક વાર જો આપણે સ્થાપિત કરી શકીએ કે જે ખોવાયેલી ગાયોને પાછી મેળવવા માટે ઋષિઓ ઇન્દ્રને પ્રાર્થના કરે છે, તે દ્રાવિડિયનોએ ચોરેલી સ્થૂલ ભૌતિક ગાયો નથી, પણ સૂર્યનાં–પ્રકાશનાં તેજોમય ધણ છે, તો પછી શત્રુઓના વિરોધના ઉલ્લેખ વગર, માત્ર ગાયો માટે જ્યારે પ્રાર્થના કરવામાં આવે છે, ત્યારે પણ તે સ્થૂલ ગાયો નહિ, પણ પ્રકાશ છે, એ વાત પુરવાર થાય છે. દાખલા તરીકે, ઇન્દ્ર વિષે એમ કહેવામાં આવ્યું છે (૧, ૪, ૧—૨) કે તે સંપૂર્ણ રૂપોનો નિર્માતા છે, તે ગાયોને દોહવામાં હોશિયાર છે, તેનો સોમરસનો આનંદ ગાયોને આપનાર છે— गोदा इद् रेवतो मदः। આનો અર્થ એવો કરવો કે ઇન્દ્ર બહુ શ્રીમંત દેવ છે, અને સોમરસના નશામાં તે ગાયોનું દાન કરવામાં બહુ ઉદાર છે, એ તો અસંભાવનાની અને અતાર્કિકતાની પરાકાષ્ઠા ગણાય. એ વાત સ્પષ્ટ છે કે જેવી રીતે પહેલી ઋચામાંનું ગોદોહન રૂપકમય છે, તેવી રીતે બીજી ઋચામાંનું ગોદાન પણ રૂપકમય છે. જો વેદના બીજા મંત્રો પરથી ગાય પ્રકાશનું રૂપ છે, એ વાત સિદ્ધ થાય, તો અહીં પણ આપણે એ અર્થ કરવો રહ્યો કે જ્યારે ઇન્દ્ર સોમરસના આનંદથી પરિપૂર્ણ હોય છે, ત્યારે તે આપણને ચોક્કસ પ્રકાશનું દાન કરે છે.

ઉષાને ઉદ્દેશીને લખાયેલાં સૂકતોમાં ગાયોનો રૂપકમય અર્થ-પ્રકાશ તદ્દન સ્પષ્ટ છે. ઉષા હમેશાં गोमती તરીકે વર્ણવવામાં આવે છે. તેનો અર્થ પ્રકાશવાળી થાય છે, કારણ કે ઉષાના તે નિશ્ચિત વિશેષણનો અર્થ ગાયોવાળી કરવો, તે અર્થશૂન્ય છે. પણ ઉષાને માત્ર गोमती જ કહેવામાં નથી આવી; તેને अश्वावती પણ કહેવાઈ છે; તેની પાસે હમેશાં તેની ગાયો અને તેના ઘોડા હોય છે, તે સમગ્ર વિશ્વ માટે પ્રકાશ સર્જે છે, અને ગાયની અંધકારમય ગુહાને ખોલી નાખે છે; ત્યાં તો ગાયનો અર્થ પ્રકાશ છે એમાં શક નથી (૧,૯૨,૪) આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે તે જ સૂકતની સોળમી ઋચામાં અશ્વિનોને પોતાનો રથ પ્રકાશમય અને સોનેરી માર્ગ પર આગળ હાંકવાનું કહેવામાં આવ્યું છે—गोमद् हिरण्यमद्. વળી ઉષાના રથને કેટલીક વાર રાતી ગાયો તો કેટલીક વાર રાતા ઘોડા જોડયા છે, એવું પણ વર્ણન કરવામાં આવ્યું છે. તે તેની અનેક રાતી ગાયોને રથમાં જોડે છે-युंक्ते गवामरुणानामनीकम्

(૧, ૧૨૪, ૧૧). આમાં આપણને 'તેનાં અનેક રાતાં કિરણો' એવો અર્થ સ્પષ્ટ પ્રતીત થાય છે. તે ગાયોની (પ્રકાશોની) માતા તરીકે પણ વર્ણવાઈ છે—गवां जनित्री अकृत प्रकेतुम् । (૧, ૧૨૪, ૫.)—પ્રકાશોની માતાએ દર્શનનું સર્જન કર્યું છે. બીજે તેના દર્શન માટે કહેવાયું છે કે જ્યાં કંઈ જ—કશું જ દેખાતું ન હતું, ત્યાં તેણે વિવેક-દર્શનનો ઉદય કર્યો છે, આમાં પણ ગાયો સ્પષ્ટ રીતે પ્રકાશનાં તેજોમય ધણ છે. તેની પ્રકાશમાન ધણોની દોરનારી તરીકે પણ પ્રશંસા કરવામાં આવી છે—नेत्री गवाम् (૭, ૭૬, ૬); અને એક પ્રકાશ ફેંકતી ઋચામાં તો આ બંને અર્થો સંયુકત કરવામાં આવ્યા છે—ધણોની માતા, દિવસોને દોરીને લઈ આવનારી, गवां माता नेत्री अह्नाम् । (૭, ૭૭, ૨.) છેલ્લે આપણી શંકાને નાબૂદ કરવા વેદ પોતે જ કહે છે કે ગાયો પ્રકાશનાં કિરણો છે, તેનાં સુખપ્રદ કિરણો ગતિ કરતી ગાયોની પેઠે નજરે પડે છે—प्रति भद्रा अदृक्षत गवां सर्गा न रश्मयः । (૪, ૫૨, ૫.) બીજી એક તેથી પણ વધારે નિર્ણાયક ઋચા છે (૭, ૭૯, ૨)—તારી ગાયો (કિરણો) અંધકારને દૂર કરે છે અને પ્રકાશને વિસ્તૃત કરે છે—सं ते गावस्तम आ वर्तयन्ति ज्योतिर्यच्छन्ति ।[1]

ઉષાના રથને આ પ્રકાશયુકત ધણ ખેંચે છે એટલું જ નથી; તે યજમાનને ગાયોનું દાન કરે છે; ઈન્દ્રની પેઠે—સોમરસના આનંદવાળા ઈન્દ્રની પેઠે, તે પ્રકાશને આપનારી છે. વસિષ્ઠના સૂકતમાં (૭, ૭૫, ૭), ગાયોને જ્યાં સંતાડી રાખવામાં આવી છે તે મજબૂત સ્થાનોને તોડી-ફોડી નાખીને, તે ગાયો મનુષ્યોને આપવાના દેવોના કાર્યમાં મદદ કરે છે, એવું વર્ણન આવે છે. 'સત્ય દેવોની સાથે સત્ય, મહાન દેવોની સાથે મહાન, તે મજબૂત સ્થાનોને તોડી-ફોડી નાખે છે અને પ્રકાશયુકત ધણોને આપે છે; ગાયો ઉષા પ્રત્યે આરડતી-આરડતી જાય છે'—रुजद् दृक्हानि ददद्रुसियाणां, प्रति गाव उषसं वावशन्त । તેના પછીની ઋચામાં તેને યજમાનોને गोमद् रत्नं अश्वावत् पुरुभोजम्—પ્રકાશ, પ્રાણિક શકિત અને ઘણા ઉપભોગો સાથે આનંદની સ્થિતિ આપવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. એટલે ઉષા જે ગાયોનાં ધણ આપે છે, તે વલ અને પણિઓએ મજબૂત સ્થાનોમાં સંતાડી રાખેલાં, દેવો અને અંગિરસોની મદદથી પુનઃ પ્રાપ્ત કરાયેલાં, પ્રકાશનાં કિરણો છે; જે ગાયો અને અશ્વોની સમૃદ્ધિ માટે ઋષિઓ સતત પ્રાર્થના કરે છે તે આ કિરણોની જ સમૃદ્ધિ છે, કારણ કે સાતમા મંત્રમાં

---

૧. વેદમાં ગાયનો અર્થ પ્રકાશ છે, તેમાં કોઈ શંકા નથી. દાખલા તરીકે જ્યારે એમ કહેવામાં આવ્યું છે કે વૃત્રનો વધ ગાય વડે (गवा) કરવામાં આવ્યો હતો, ત્યાં તો તેનો અર્થ કિરણ—પ્રકાશ જ છે. માત્ર ગાયનું પ્રતીક પ્રકાશના અર્થમાં વપરાયું છે, તેના બે અર્થ થાય છે, એટલો જ સવાલ છે.

ઉષા જે ગાયોને આપે છે, તેમનાથી જુદી જ ગાયોની પ્રાર્થના આઠમા મંત્રમાં કરવામાં આવે, તે અસંભવ છે. સાતમા મંત્રમાં તેનો અર્થ પ્રકાશ કરવો, અને આઠમા મંત્રમાં તેનો અર્થ સ્થૂળ ભૌતિક ગાયો કરવો, અને ઋષિ એક ક્ષણમાં જ તેના હોઠમાંથી નીકળેલા શબ્દનો અર્થ તરત ભૂલી જાય એમ માનવું, તે અશકય છે.

કેટલીક વાર પ્રકાશયુકત આનંદ માટે અથવા પ્રકાશમય પ્રાચુર્ય માટે જ નહિ, પણ પ્રકાશમય આવેગ અથવા શકિત માટે પણ પ્રાર્થના કરવામાં આવે છે—હે સ્વર્ગની પુત્રી, સૂર્યનાં કિરણો સાથે, અમારે માટે પ્રકાશમય આવેગો પણ લઈ આવ—गोमतीरिष आ वह दुहितर्दिवः सा कं सूर्यस्य रशिभिः । (૫, ૭૯, ૮). સાયણ આનો અર્થ પ્રકાશમય અન્નો કરે છે, પણ સૂર્યનાં કિરણો સાથે, ઉષા પ્રકાશયુકત અન્નો લઈ આવે, તેવી વાત અર્થશૂન્ય છે. જો અહીં इष् શબ્દનો અર્થ અન્ન કરવામાં આવે, તો गोमतीरिषः નો અર્થ ગાયના માંસનું અન્ન થાય, અને જો કે બ્રાહ્મણો પરથી એવું જાણવા મળે છે કે તે જમાનામાં ગોમાંસ ખાવું તે નિષિદ્ધ ગણાતું ન હતું, છતાં પાછળના હિંદુઓને આઘાતજનક આ અર્થ જે સાયણે ટાળ્યો છે, તે અહીં અભિપ્રેત નથી. આ વાત ઋગ્વેદના એક બીજા મંત્રમાંથી સિદ્ધ થાય છે, જેમાં અશ્વિનોનું આવાહન અંધકારથી પેલે પાર લઈ જનાર પ્રકાશયુકત આવેગો આપવા માટે કરવામાં આવ્યું છે—या नः पिपरदश्विना ज्योतिष्मती तपस्तिरः, तापस्ये रासाथामिषम् । (૧, ૪૬, ૬)

આ બધાં દૃષ્ટાંતો પરથી આપણે જોઈ શકીશું કે પ્રકાશની ગાયનું આ રૂપક વેદમાં કેટલું વ્યાપક છે, અને તે કેટલી અનિવાર્ય રીતે વેદના માનસશાસ્ત્રીય અર્થ તરફ આંગળી ચીંધે છે. પણ તેમાં એક શંકા ઉપસ્થિત થાય છે. ગાયના આ પ્રતીકમય અર્થને સ્વીકારીએ, તો પણ વેદની ભાષા બતાવે છે તે મુજબ તેનો અર્થ માત્ર સૂર્યનો સ્થૂલ પ્રકાશ કેમ ન લેવો? ત્યાં રૂપકને ઋતના પ્રકાશના અર્થમાં શા માટે લેવું ? બે અર્થોની મુશ્કેલી શા માટે વહોરી લેવી —ઉષાનો પ્રકાશ અને આંતરિક પ્રકાશનું રૂપક? એમ શા માટે ન માનવું કે ઋષિઓ આધ્યાત્મિક પ્રકાશ માટે નહિ, પણ માત્ર દિવસના પ્રકાશ માટે પ્રાર્થના કરતા હતા?

તેની સામે અનેક, જેમનો ઉત્તર ન આપી શકાય તેવા, વાંધાઓ છે. જો આપણે એમ માનીએ કે વૈદિક સૂકતો ભારતમાં રચાયાં હતાં, અને આ ઉષા ભારતની ઉષા છે અને આ રાત્રિ ભારતવર્ષની ટૂંકી, દશબાર કલાકની જ રાત્રિ છે, તો આપણે વૈદિક ઋષિઓને જંગલી લોકો માનવા પડશે, કે જેમને અંધકારનો ખૂબ ભય લાગતો હતો, જે અંધકારમાં ભૂતાવળ ભમે છે, અને

જેમને રાત્રિ-દિવસનું તથા તેમના ક્રમિક આગમનના કુદરતી કાયદાનું કશું ભાન ન હતું, અને જેઓ એમ માનતા કે તેમની પ્રાર્થનાઓથી અને યજ્ઞોથી જ સૂર્ય આકાશમાં ઊગે છે અને ઉષા તેની બહેન રાત્રિના આલિંગનમાંથી મુકત થઈ ઉદય પામે છે. આ રાત્રિ-દિવસનું વર્ણન અનેક સૂકતોમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે. ઋષિઓ દેવોના અફર કાયદાની વાત કરે છે, ઉષા હમેશાં ઋતના સનાતન કાયદાને અનુસરે છે, તેની વાત કરે છે. તો તો પછી આપણે એમ જ, માનવું પડે કે જયારે ઋષિ 'અમે અંધકારને પેલે પાર પહોંચી ગયા' એમ વિજયનો પોકાર કરે છે, ત્યારે તે દૈનિક સૂર્યોદયની સાધારણ ઘટનાને સૂકતમાં આટલી બધી ઉત્સુકતાથી ગાય છે. તો તો આપણે એમ માનવું પડે કે વૈદિક ઋષિઓ ઉષાના સમયે યજ્ઞો કરવા બેસતા; અને જયારે પ્રકાશ આવતો, ત્યાર પછી પ્રકાશ માટે પ્રાર્થના કરતાં. અને આ બધી અસંભાવનાઓને આપણે સ્વીકારીએ, તો પણ વેદમાં એવું સ્પષ્ટ વિધાન મળે છે કે જયારે તેઓ યજ્ઞમાં નવ કે દસ માસ સુધી બેસતા, ત્યારે અંગિરસ ઋષિઓને ખોવાઈ ગયેલા પ્રકાશની તથા સૂર્યની પુનઃ પ્રાપ્તિ થતી. તો પછી આપણે પિતૃઓએ પુનઃ પ્રાપ્ત કરેલા પ્રકાશના સતત વિધાનનો શો અર્થ કરીશું ? 'અમારા પિતૃઓએ, પોતાના વિચારોમાંના સત્ય વડે, ખોવાયેલો પ્રકાશ શોધી કાઢયો, તેમણે ઉષાને જન્માવી, गूण्हं ज्योतिः पितरो अन्वविन्दन्, सत्यमन्त्रा अजनयन्नुषासम् । (૭, ૭૬, ૪) આપણે કોઈ પણ સાહિત્યમાં આવી કવિતાને જોઈએ, તો આપણે તરત તેનો માનસશાસ્ત્રીય કે આધ્યાત્મિક અર્થ કરીએ તો પછી વેદની બાબતમાં આપણે ભિન્ન વર્તન શા માટે કરવું ?

છતાં પણ જો આપણે વૈદિક સૂકતોનો પ્રાકૃતિક અર્થ જ કરીએ, તો એ વાત સ્પષ્ટ છે કે વૈદિક ઉષા અને રાત્રિ ભારતનાં દિન-રાત્રિ ન હોઈ શકે. જો આપણે તે રાતદિવસ ઉત્તર ધ્રુવના પ્રદેશનાં લઈએ, તો જ આ પ્રાકૃતિક ઘટનાઓ પ્રત્યેના ઋષિઓનું વલણ અને અંગિરસો પ્રત્યેનું તેમનું વિધાન સુબોધ અને સુગ્રાહ્ય બને. પણ ઉત્તર ધ્રુવના પ્રદેશમાંની સ્મૃતિઓ વેદના બાહ્ય અર્થમાં પ્રવેશી છે એવું સ્વીકારીએ, તો પણ પ્રકૃતિમાંથી લીધેલાં પ્રાચીન દૃશ્યોની પાછળ એક આંતરિક અર્થ રહેલો છે તેને આર્યોનો ઉત્તર ધ્રુવના પ્રદેશમાં નિવાસનો સિદ્ધાંત બહિષ્કૃત કરી શકતો નથી—નકારી શકતો નથી, અને ઉષાને ઉદ્દેશીને લખાયેલાં સૂકતોનો સુસંગત અને સીધોસટ અર્થ કરવાની જરૂરને તે ઉવેખી શકતો નથી.

દાખલા તરીકે, અશ્વિનોને ઉદ્દેશીને પ્રસ્કણ્વ કાણ્વે લખેલું એક સૂકત છે (૧, ૪૬). તેમાં આપણને અંધકારની પેલે પાર લઈ જતા પ્રકાશયુકત આવેગનો ઉલ્લેખ છે. આ સૂકત ઉષાના તથા રાત્રિના વૈદિક ખ્યાલ સાથે બહુ નિકટનો

સંબંધ ધરાવે છે. તેમાં નિશ્ચિત વૈદિક રૂપકોના ઘણા ઉલ્લેખો આવે છે, દાખલા તરીકે—ઋતનો માર્ગ, નદીઓનું સંતરણ, સૂર્યનો ઉદય, ઉષાનો અને અશ્વિનો સંબંધ, સોમરસની ગૂઢવાદી અસર અને તેનું સમુદ્રના રસરૂપ—સારરૂપ હોવું.

"અહો, જેના કરતાં કોઈ વધારે ઉચ્ચ—મહાન નથી તેવી ઉષા આકાશમાં આનંદ-સભર ઊગી. સમુદ્ર જેમની માતા છે, મન દ્વારા આનંદોને પ્રાપ્ત કરનારા, કાર્યને સિદ્ધ કરનારા, હે અશ્વિનો, હું તમારી વિશાળતાનું પ્રતિપાદન કરું છું. દિવ્ય એવા તમે વિચાર દ્વારા તે આનંદના તત્ત્વને શોધી કાઢો છો. મંત્રને માનસિક રૂપ આપનારા, યાત્રાના સ્વામીઓ, આ સોમરસ તમારી વિચારણાઓને ઓગાળી નાખનાર તત્ત્વ છે. તમે ખૂબ ધરાઈને સોમરસનું પાન કરો. હે અશ્વિનો, અમને અંધકારની પેલે પાર લઈ જનાર, પ્રકાશયુકત, આવેગ આપો. મનના વિચારોની પેલે પાર લઈ જવા માટે, તમે અમને તમારી નૌકામાં બેસાડી યાન કરો. હે અશ્વિનો, સ્વર્ગની નદીઓને પાર કરવામાં દિવ્ય હલેસાંવાળી નૌકાને—તમારા વાહનને જોડો. વિચાર દ્વારા આનંદની શકિતઓને જોતરવામાં આવી છે. સ્વર્ગમાં રહેલા આનંદની—સોમની શકિતઓ જળોનાં ધામોમાં તે પદાર્થરૂપ છે. પણ તમને આવૃત કરતો જે ઝભ્ભો (આવરણ) તમે પહેર્યો છે, તેને તમે કયાં નાખી દેશો? ના, સોમના આનંદ માટે પ્રકાશ જન્મ્યો છે; પહેલાં અંધકારમય હતો તે સૂર્યે પોતાની જિહ્વાને હિરણ્ય પ્રત્યે પ્રસારી છે. ઋતનો માર્ગ પ્રગટ થયો છે, જેના વડે અમે પેલે પાર યાત્રા કરી શકીશું; સ્વર્ગ તરફનો વિશાળ માર્ગ ખુલ્લો થયેલો દેખાયો છે. જ્યારે અશ્વિનો સોમરસના આનંદ વડે સંતુષ્ટિ પ્રાપ્ત કરે છે, ત્યારે એક પછી એક પ્રગટ થતા અશ્વિનોના આવિષ્કારોમાં સંવર્ધન પામતો સાધક પોતાના અસ્તિત્વમાં વૃદ્ધિને પામે છે. સર્વ—પ્રકાશમય સૂર્યમાં રહેતા (અથવા પ્રકાશતા), તમે સોમપાન વડે, શબ્દ (મંત્ર) વડે અમારી માનવતામાં આનંદના સર્જકો તરીકે પધારો. જ્યારે તમે અમારા લોકોને વ્યાપ્ત કરો છો, ત્યારે તમારા યશ મુજબ ઉષા અમારી પાસે આવે છે, અને તમે રાત્રિઓમાંથી ઋતોને જિતી લો છો. હે અશ્વિનો, તમે બંને સોમપાન કરો; તમે બંને અભેદ્ય સમગ્રતાવાળા વિસ્તારો દ્વારા અમને શાન્તિ આપો."

આ સૂકતનો સીધોસટ અને સ્વાભાવિક અર્થ છે, અને જો આપણે વૈદિક સિદ્ધાંતના મુખ્ય વિચારોને અને રૂપકોને યાદ રાખીએ, તો તેનો અર્થ સમજવો મુશ્કેલ નથી. રાત્રિ સ્પષ્ટ રીતે આંતરિક અંધકારનું રૂપક છે. ઉષાના આગમન વડે રાત્રિઓમાંથી ઋત જિતાય છે. અંધકારમાં ગુમ થઈ ગયેલા, દેવોએ તથા અંગિરસોએ ફરી પ્રાપ્ત કરેલા, સૂર્યનો આ ઉદય છે, પુનઃ પ્રાપ્તિ છે; તે ઋતનો સૂર્ય હવે પોતાની અગ્નિરૂપ જિહ્વા સોનેરી પ્રકાશ તરફ

પ્રસારે છે. हिरण्यं, સુવર્ણ—ઉચ્ચતર પ્રકાશનું, ઋતના હિરણ્યનું સ્થૂળ ભૌતિક રૂપક છે. વૈદિક ઋષિઓ આ ખજાના માટે દેવોને પ્રાર્થના કરે છે, નહિ કે સોનાના સિક્કા માટે. આનંદપૂર્ણ માનસિક ક્રિયાના તથા પ્રાણિક શકિતઓના સ્વામી એવા અશ્વિનો આ આંતર અંધકારમાંથી પ્રકાશનું મહાન રૂપાંતર સિદ્ધ કરે છે. તેઓ મન--શરીરમાં રેડાયેલા આનંદનું—અમર સોમરસનું પાન કરીને આ કાર્ય સિદ્ધ કરે છે. તે અભિવ્યંજક શબ્દને માનસિક રૂપ આપે છે; તે આ અંધકારની પેલે પાર, આપણને શુદ્ધ મનના સ્વર્ગમાં લઈ જાય છે, અને ત્યાં તે આ વિચાર દ્વારા આનંદની શકિતઓને કાર્યમાં જોતરે છે. તેઓ સ્વર્ગનાં જળોની પણ પેલે પાર જાય છે, કારણ કે સોમની શકિત તેમને બધી માનસિક રચનાઓને ઓગાળી નાખવામાં મદદ કરે છે, અને તેઓ તે આવરણને પણ દૂર ફેંકી દે છે; તેઓ મનની પાર જાય છે, અને તે છેલ્લી સિદ્ધિને નદીઓના સંતરણ રૂપે વર્ણવવામાં આવી છે, વિશુદ્ધ મનના સ્વર્ગની પેલે પારની યાત્રા—ઋતના માર્ગ દ્વારા પેલે પાર પહોંચવાનું આરોહણ કહેવામાં આવ્યું છે. જ્યાં સુધી આપણે ઉચ્ચતમ પરમને—परमा परावत्‌ને પ્રાપ્ત કરતા નથી, ત્યાં સુધી આ મહાન માનવયાત્રામાંથી આપણને વિશ્રાંતિ મળતી નથી.

માત્ર આ સૂકતમાં જ નહિ, પણ આપણે સર્વત્ર જોઈશું કે ઉષા ઋતને લાવનાર છે, ઋતનો પોતે જ પ્રકાશ છે. તે દિવ્ય ઉષા છે, અને ભૌતિક સ્થૂળ ઉષા તો તેની છાયા માત્ર છે, ભૌતિક વિશ્વમાં તેનું પ્રતીક માત્ર છે.

ઉષા અને ઋત

ઉષાને વારંવાર ગાયોની માતા તરીકે વર્ણવવામાં આવી છે. જો તે સ્થૂલ ભૌતિક પ્રકાશનું અથવા આધ્યાત્મિક પ્રકાશનું રૂપક હોય, તો તે શબ્દગુચ્છનો અર્થ કાં તો દિવસના ભૌતિક સ્થૂલ પ્રકાશનો—કિરણોની માતાનું અથવા તો શુભ દિવસનું અને આંતર પ્રકાશની સ્વચ્છતાઓની અને તેજની માતાનું રૂપક હોઈ શકે. પણ વેદમાં આપણે જોઈએ છીએ કે દેવોની માતા અદિતિને ગાય તરીકે અને સામાન્ય રીતે માતા તરીકે વર્ણવવામાં આવી છે; તે પરમ પ્રકાશ છે, અને સઘળાં તેજો તેનામાંથી ઉદ્ભવે છે. માનસશાસ્ત્રીય દૃષ્ટિએ તે પરમ અથવા અનંત ચેતના છે, દેવોની માતા છે, જ્યારે દનુ અથવા દિતિ[1] ભેદમય ચેતના, વૃત્રની અને બીજા દાનવોની—દેવોના તથા માનવી વિકાસના શત્રુઓની માતા છે. સામાન્ય અર્થમાં, અદિતિ શારીરિકથી માંડીને બધાં ભૌતિક ચેતનાનાં વૈશ્વિક સ્વરૂપોનું ઉદ્ગમસ્થાન છે; सप्त गावः સાત ગાયો તેનાં સ્વરૂપો છે, અને તે માતાનાં સાત નામો અને સાત ધામો છે. ગાયોની માતા તરીકે ઉષા માત્ર આ પરમ પ્રકાશનું—આ પરમ ચેતનાનું, અદિતિનું રૂપ અથવા શકિત હોઈ શકે. આપણે તેને ૧, ૧૧૩, ૧૯મા મંત્રમાં તેને તે રીતે વર્ણવાયેલી જોઈએ છીએ—माता देवानामदितेर नीकम्, દેવોની માતા, અદિતિનું રૂપ અથવા શકિત.

પણ ઉચ્ચતર અથવા અભેદમય ચેતનાની પ્રકાશયુકત ઉષા હમેશાં ઋતની ઉષા છે; જો ઉષા તે પ્રકાશયુકત ચેતના હોય, તો ઋગ્વેદની ઋચાઓમાં આપણને તેનું આગમન વારંવાર ઋતના વિચાર સાથે સંબંધિત પ્રાપ્ત થવું જોઈએ. અને તેવું સાહચર્ય આપણે વારંવાર જોઈએ છીએ. પ્રથમ તો ઉષાને ઋતના માર્ગને અસરકારક રીતે અનુસરતી વર્ણવવામાં આવી છે—ऋतस्य पन्थामन्वेति साधु (૧, ૧૨૪, ૩). અહીં ઋતશબ્દનો અર્થ—યજ્ઞવિધિપરક

---

૧. અદિતિ શબ્દ દિતિના વિરુદ્ધ અર્થનો વાચક નથી; તે બંને શબ્દો જુદા જુદા ધાતુઓમાંથી— अद् અને दि માંથી વ્યુત્પન્ન થયા છે.

તેમ જ પ્રાકૃતિક અર્થ બિલકુલ લાગુ થતા નથી. એમ કહેવું કે ઉષા, યજ્ઞના અથવા જળના માર્ગને અનુસરે છે, તેમાં કશો અર્થ નથી. તે સ્પષ્ટ દેખાતી મુશ્કેલીમાંથી આપણે તો જ ઊગરી શકીએ, જો આપણે ऋतस्य पन्था: નો અર્થ ઋતનો માર્ગ નહિ, પણ સૂર્યનો માર્ગ લઈએ. પણ વેદમાં સૂર્યને ઉષાના માર્ગનું અનુસરણ કરતો વર્ણવ્યો છે, અને ભૌતિક ઉષાનું અવલોકન કરનારને તે સ્વાભાવિક દૃશ્ય લાગે છે. પણ બીજાં સૂકતોમાં તથા મંત્રોમાં તે શબ્દગુચ્છનો અર્થ ઋતનો માર્ગ ન કરીએ, તો પણ માનસશાસ્ત્રીય અર્થ વચ્ચે આવે જ છે; કારણ કે પછી આપણે એવો અર્થ લેવો પડે કે પ્રકાશમય ઉષા, ઋતનો અથવા ઋતના સ્વામીનો—સૂર્ય સવિતાનો માર્ગ અનુસરે છે.

૧, ૧૨૪, ૩માં તે જ વિચારનું વધારે સ્પષ્ટ અને પૂર્ણ માનસશાસ્ત્રીય સૂચનો સાથે પુનરાવર્તન કરવામાં આવ્યું છે—ऋतस्य पन्थामन्वेति साधु, प्रजानतीव न दिशो मिनाति । 'તે ઋતના માર્ગને અનુસરે છે, અને જ્ઞાનયુકત હોય તે રીતે તે પ્રદેશોને મર્યાદિત કરતી નથી.' આપણે ધ્યાન રાખવું જોઈએ કે दिश: શબ્દના બે અર્થો થાય છે, પણ અહીં તેના પર આગ્રહ રાખવાની જરૂર નથી. ઉષા, ઋતના માર્ગને અનુસરે છે, અને જ્ઞાનયુકત અથવા દૃષ્ટિયુકત હોવાથી, તે જેનો પ્રકાશ છે તે અનંતતાને—बृहत्‌ને તે મર્યાદિત કરતી નથી. ૫, ૮૦, ૧ માંથી આપણે ચોક્કસ શંકારહિત કહી શકીએ કે આ ઋચાનો આ જ અર્થ ખરો છે. તેમાં ઉષાને આ રીતે વર્ણવી છે—द्युतद्यामानं बृहतीमृतेन ऋतावरीं स्वर् आवहन्तीम्, 'પ્રકાશયુકત ગતિવાળી, ઋત વડે વિશાળ, ઋતમાં પરમ, પોતાની સાથે સ્વરને લઈ આવતી;' અને ચોક્કસ આ બધા ખ્યાલો કાંઈ ભૌતિક ઉષા સાથે નિકટતાપૂર્વક ગાઢ રીતે સંબંધ ન ધરાવી શકે! આને આપણે ૭, ૭૫, ૧ સાથે સરખાવી શકીએ—व्युषा आवो दिविजा ऋतेन, आविष्कृण्वाना महिमान-मागात्, 'સ્વર્ગમાં જન્મેલી ઉષા ઋત વડે પદાર્થોને પ્રગટ કરે છે, મહિમાને પ્રગટ કરતી તે આવે છે,' અહીં ફરી ઉષાને ઋતની શકિત વડે બધા પદાર્થોને પ્રગટ કરતી વર્ણવી છે, અને અમુક પ્રકારની વિશાળતાના પ્રાગટયને તેના પરિણામ રૂપે વર્ણવવામાં આવ્યું છે.

છેલ્લે આપણને તે જ વિચાર વર્ણવાયેલો જોવા મળે છે, પણ અહીં ઋતને બદલે સત્ય શબ્દ વપરાયો છે, કે જેમાં કોઈ શંકા ઉદ્‌ભવતી જ નથી, सत्या सत्येभिर्महती महद्भिर्देवी देवेभिः । (૭, ૭૫, ૭)–'સત્ય દેવો સાથે સત્ય, મહાન દેવો સાથે મહાન, દેવી ઉષા.' ૪, ૫૧ સૂકતમાં વામદેવ ઉષાના આ સત્ય ઉપર ખૂબ ભાર મૂકે છે, કારણ કે તેમાં તે દેવી ઉષાને માત્ર 'ઋત—જોતરેલા ઘોડાઓ વડે તરત લોકોને વ્યાપ્ત કરતી' જ વર્ણવી નથી, પણ ઘોડાઓને ઋતમાંથી જન્મેલા હોવાને કારણે સુખી અને સત્ય વર્ણવ્યા છે

–ऋतयुग्भिरश्वैः (૬, ૬૫, ૨) ભદ્રા ઋતજાતસત્યાઃ । બીજા એક મંત્રમાં તે તેમને ઋતના ધામમાંથી જાગૃત થયેલી દેવીઓ તરીકે વર્ણવે છે (૪, ૫૧, ૮).

ભદ્ર અને ઋત વચ્ચેના આ નિકટ સંબંધ આપણને મધુચ્છંદસ્‌નાં અગ્નિને ઉદ્દેશીને લખાયેલાં સૂકતોમાં આવેલા તેવા સંબંધની યાદ અપાવે છે. વેદના માનસશાસ્ત્રીય અર્થમાં, પ્રાચીનોએ બાંધેલો 'ઋત આનંદનો માર્ગ છે' એ ખ્યાલ વારંવાર મળે છે. ઋતના પ્રકાશરૂપ ઉષાએ તો આ આનંદ ચોક્કસ પ્રકટ કરવો જ જોઈએ. ઉષા આનંદ લાવનારી છે, તે વિચાર આપણને વેદમાં સતત મળે છે. વસિષ્ઠ ૭, ૮૧, ૩માં તે વિચારને બહુ ભારપૂર્વક વ્યકત કરે છે— या वहसि पुरु स्पार्हं रत्नंनो दाशुषे मयः । 'તું યજમાનને—દાતાને અનેક પ્રકારનો ઈચ્છનીય આનંદ આપે છે.'

વેદમાં અનેક વાર વપરાયેલા સૂનૃતા શબ્દનો અર્થ સાયણ કરે છે—સુખપ્રદ અને સત્ય વાણી; પણ ઘણી વાર તેનો સામાન્ય અર્થ થાય છે— સુખમય સત્યો. ઉષાને કેટલીક વાર ઋતાવરી, ઋતથી પૂર્ણ વર્ણવી છે, અને કેટલીક વાર –सूनृतावरी વર્ણવી છે. તે સુખમય સત્ય શબ્દો ઉચ્ચારતી આવે છે—सूनृता ईरयन्ती. જેમ તેને પ્રકાશયુકત ધણને તથા દિવસોને લઈ આવનારી વર્ણવવામાં આવી છે, તેમ તેને સુખપ્રદ સત્યોની પ્રકાશયુકત નેત્રી (લઈ આવનારી) પણ વર્ણવવામાં આવી છે— भास्वती नेत्री सूनृतानाम् । (૧, ૯૨, ૭), બીજી એક ઋચામાં (૧, ૯૨, ૧૪) વૈદિક ઋચાઓના મનમાં રહેલા પ્રકાશના વિચાર, કિરણો અથવા ગાયો, અને ઋતના નિકટના સંબંધને વધારે સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યો છે—गोमती अश्वावती विभावरी...सूनृतावती, પ્રકાશયુકત ધણવાળી, તારા અશ્વોવાળી, વિશાળ પ્રકાશથી યુકત, સુખમય સત્યોથી પૂર્ણ, ઉષા. ૧, ૪૮, ૨માં એક તે જ પ્રકારનો પણ વધારે સ્પષ્ટ શબ્દગુચ્છ આ વિશેષણોના સાહચર્યના અર્થ પ્રત્યે આંગળી ચીંધે છે— गोमतीरश्वावतीर् विश्वसुविदः પ્રકાશો (ધણ)થી યુકત, વેગોથી (અશ્વોથી) યુકત, બધી વસ્તુઓના યથાર્થ જ્ઞાનવાળી, ઉષાઓ.

ઋગ્વેદમાં વૈદિક ઉષા માટે માનસશાસ્ત્રીય અર્થનાં માત્ર આટલાં જ સૂચનો આપણને નથી મળતાં. ઉષાને ઘણી વાર દર્શના– વિવેક– ઋતની ગતિ પ્રત્યે જાગ્રત કરતી વર્ણવવામાં આવી છે. ગોતમ રાહુગણ કહે છે કે ઉષાદેવી બધા લોકોની સમક્ષ ઉપસ્થિત થઈને તેમના ઉપર નજર નાખે છે, દર્શનાની આંખ સંપૂર્ણ વિશાળતાથી પ્રકાશે છે; સમગ્ર જીવનને ગતિ પ્રત્યે જાગ્રત કરતી તે વિચારશકિતવાળા બધાઓ માટે વાણીને પ્રગટ કરે છે— विश्वस्य वाचं अविदन् मनायोः (૧, ૯૨, ૯.) આ મંત્રમાં ઉષાને જીવનને તથા મનને તેમની સંપૂર્ણ વિશાળતામાં મુકત કરતી વર્ણવવામાં આવી છે; અને જો તેનો અર્થ આપણે માત્ર એટલો

મર્યાદિત કરીએ કે ભૌતિક ઉષાકાળમાં પાર્થિવ જીવન જાગે છે, તો ઋષિએ પસંદ કરેલા શબ્દોનું તથા શબ્દગુચ્છોનું બળ આપણે ગુમાવી બેસીશું. અહીં ઋષિએ વાપરેલો चक्षुः શબ્દ કેવળ સ્થૂળ આંખના અર્થમાં લઈ શકાય, પણ બીજી જગ્યાઓએ તેને બદલે केतुः શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, અને તેનો અર્થ થાય છે—વિવેચનાશકિત, માનસિક ચેતનામાં રહેલી વિવેચના-શકિત જ્ઞાનની શકિત. ઉષા प्रचेताः, આ વિવેચના-શકિતવાળી છે. પ્રકાશોની માતા એવી તેણે મનની આ વિવેચના-શકિતનું સર્જન કર્યું છે—गवां जनित्री अकृत प्र केतुम् (૧, ૧૨૪, ૫). તે પોતે જ તે દર્શના-વિવેચના-શકિત છે—જ્યાં પહેલાં કશું જ ન હતું, ત્યાં વિશાળતાપૂર્વક, વિવેચના-શકિતનો ઉદય થયો છે, वि नूनमुच्छाद् असति प्र केतुः । (૧, ૧૨૪, ૧૧.) તેની વિવેચનાશકિત વડે તેની પાસે સુખમય ઋતો છે— चिकित्वित् सूनृतावरी । (૪, ૫૨, ૪).

આ વિવેચના—દર્શના અમૃતત્વની છે એમ આપણને કહેવામાં આવ્યું છે—अमृतस्य केतुः । (૩, ૬૧, ૩), અર્થાત્ તે ઋતનું તેજ છે, અને અમર ઉચ્ચતર ચેતનાનો આનંદ છે. વેદમાં, રાત્રિ આપણી અજ્ઞાનપૂર્ણ અંધકાર-યુકત ચેતનાનું, સંકલ્પશકિતમાં તથા ક્રિયામાં થતાં સ્ખલનોનું, અને પરિણામે થતાં બધાં પાપ—અનિષ્ટો—પીડાઓનું પ્રતીક છે; પ્રકાશ, ઋત તથા સુખ પ્રત્યે દોરી જતી, પ્રકાશપૂર્ણ, ઉચ્ચતર ચેતનાનું આગમન છે. આપણને સતત દુરિત તથા સુવિત વચ્ચે વિરોધ જોવા મળે છે. दुरितम्નો અક્ષરાર્થ છે—ખોટી ગતિ; તેનો પછી અર્થ થયો— અનિષ્ટ, પાપ, પ્રમાદ, વિપત્તિ. सुवितम्નો અક્ષરાર્થ છે—સાચી અથવા સારી ગતિ; તેનો પછી અર્થ થયો— સુંદર, સુખપ્રદ, સન્માર્ગે ચાલવાથી મળતો આનંદ. વસિષ્ઠ ઉષાદેવી માટે કહે છે (૭,૭૮,૨)—પ્રકાશ વડે સર્વ અંધકારને તથા અનિષ્ટોને દૂર કરતી, દિવ્ય ઉષા આવે છે, विश्वा तमांसि दुरिता. અનેક મંત્રોમાં ઉષાદેવીને માણસોને યોગ્ય ગતિ પ્રત્યે (सुविताय), સુખ પ્રત્યે જાગૃત કરતી, પ્રેરતી, દોરતી વર્ણવવામાં આવી છે.

એટલે ઉષા માત્ર સુખમય સત્યોને જ લાવતી નથી, પણ આધ્યાત્મિક સમૃદ્ધિ અને આનંદને, સત્ય વડે પ્રાપ્ત થતા આનંદને પણ લાવે છે—एषा नेत्री राधसः सूनृतानाम् (૭, ૭૬, ૭). આ આધ્યાત્મિક સમૃદ્ધિ, જેને માટે ઋષિઓ પ્રાર્થના કરે છે, તેને ભૌતિક સમૃદ્ધિનું રૂપક આપવામાં આવ્યું છે; તે गोमद् अश्वावद् वीरवद् છે અથવા તે गोमद् अश्वावद् रथवच्च राधः છે. ગાય, અશ્વ, પ્રજા અથવા સંતતિ (नृ અથવા वीर), हिरण्य—સુવર્ણ, રથ, श्रवस्-કીર્તિ અથવા અન્ન કે જે અર્થ યજ્ઞવિધિપરક લોકો કરે છે—વૈદિક ઋષિઓ આ સમૃદ્ધિની ઇચ્છા કરતા હતા. આના કરતાં કશું જ વધારે વાસ્તવિક, પાર્થિવ, ભૌતિક ન હોઈ શકે. બળવાન, શકિતશાળી, પૃથ્વીની સારી ચીજોના ભૂખ્યા,

જંગલી લોકોની જાતિ પોતાના પ્રાથમિક અવસ્થાના દેવો પાસે આવી વસ્તુઓના જ આશીર્વાદ માગે. પણ હિરણ્યનો અર્થ ભૌતિક સુવર્ણ કરતાં બીજો પણ થાય છે, તે આપણે જોયું છે. ગાયોનો અર્થ ઉષા સાથે આવતો પ્રકાશ થાય છે– માત્ર ગાયો નહિ. આપણે એ પણ જોયું છે કે આ પ્રકાશ માનસિક દર્શના તથા આનંદ લાવનાર ઋત સાથે સંકળાયેલો છે. અશ્વ, આ માનસશાસ્ત્રીય સૂચનોથી પૂર્ણ સ્થૂળ રૂપમાં ગાયો સાથે સંબંધિત છે, ઉષા ગોમતી અશ્વાવતી છે. વસિષ્ઠ એક મંત્રમાં (૭, ૭૭, ૩) વૈદિક અશ્વના રૂપકમય અર્થને ખૂબ સ્પષ્ટતાપૂર્વક અને બળપૂર્વક પ્રગટ કરે છે–

देवानां चक्षुः सुभगा वहन्ती, श्वेतं नयन्ती सुदृशीकमश्वम् ।
उषा अदर्शि रश्मिभिर्व्यक्ता चित्रामघा विश्वमनु प्रभूता ।।

'સુખમય, દેવોની દર્શનારૂપ આંખને લઈ આવતી, પૂર્ણ દૃષ્ટિવાળા અશ્વને દોરી લાવતી, કિરણો વડે સ્પષ્ટ દેખાતી, વિવિધ સમૃદ્ધિથી પરિપૂર્ણ, બધી વસ્તુઓમાં પોતાના જન્મને પ્રગટ કરતી, ઉષા નજરે પડે છે.' આ શ્વેત અશ્વ કવિક્રતુ—દ્રષ્ટાની સંકલ્પશકિતરૂપ અગ્નિ છે, પોતાનાં કાર્યોમાં સંપૂર્ણ દર્શનાવાળી દિવ્ય સંકલ્પશકિત છે. તે અશ્વના રૂપકમાં[૧] વપરાય છે. તેમાં ઉષા જે વિવિધ સમૃદ્ધિને લઈ આવતી વર્ણવાઈ છે, તે પણ રૂપક છે, તેનો અર્થ ભૌતિક સમૃદ્ધિ નથી.

ઉષાને ગોમતી અશ્વાવતી વીરવતી વર્ણવવામાં આવી છે. તેમાં ગાયો અને અશ્વો રૂપક છે. તેમનો અર્થ થાય છે–જ્ઞાનના પ્રકાશોથી યુકત, શકિતના આવેગોથી યુકત. તેવી રીતે વીરવતી નો અર્થ માણસોથી—વીરોથી—પુત્રોથી યુકત ન હોઈ શકે, પણ રૂપકના અર્થમાં 'વિજય પ્રાપ્ત કરતી શકિતઓથી યુકત' હોઈ શકે. ૧, ૧૧૩, ૧૮ માં આ અર્થ સ્પષ્ટ થાય છે—या गोमतीरुषसः सर्ववीराः.....ता अश्वदा अश्नवत् सोमसुत्वा । તેનો અર્થ ઉષા પાસે ગાયો અને સર્વ નોકરો—વીરો છે, અને તે તે સોમ-પ્રદાન કરનારને, અશ્વો આપનારને ઉષા આપે છે— એવો ન થાય. આ ઉષા આંતર ઉષા છે, કે જે માનવને તેના વિશાળ અસ્તિત્વની બધી વિવિધ વિશાળતાઓ, શકિત, ચેતના, આનંદની વિશાળતાઓ આપે છે; તે ઉષા પોતાના પ્રકાશોથી પ્રકાશિત છે, તેની પાસે બધી શકય શકિતઓ છે, તે માણસને પૂર્ણ પ્રાણિક શકિત આપે છે, જેને

---

૧. દીર્ઘતમસ્‌નાં અશ્વમેધના સૂકતોમાં અશ્વનું આ રૂપક સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. દધિક્રવા અશ્વને ઉદ્દેશીને લખેલાં બીજા ઋષિઓનાં સૂકતોમાં પણ તે સ્પષ્ટ છે, બૃહદારણ્યક ઉપનિષદના પ્રારંભમાં ઉષાને અશ્વનું શિર કહી છે. તેમાં પરિશ્રમસાધ્ય રૂપક વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યું છે.

પરિણામે તે માણસ તે વધારે વિશાળ અસ્તિત્વના અનંત આનંદને માણી શકે.

આપણે गोमद् अश्वावद् वीरवद् राधः ને સ્થૂળ ભૌતિક અર્થમાં ન ઘટાવી શકીએ; વેદની ભાષા જ તદ્દન બીજા સત્ય તરફ આંગળી ચીંધે છે. પરિણામે આપણે આ ઉષા વડે અપાયેલી સમૃદ્ધિઓને આધ્યાત્મિક અર્થમાં લેવી જોઈએ. સંતાનો, સુવર્ણ, રથો રૂપક છે. શ્રવસ્ એટલે કીર્તિ કે અન્ન નહિ, પણ તેના માનસશાસ્ત્રીય અર્થમાં તે 'ઇન્દ્રિયજન્ય કે બુદ્ધિગમ્ય જ્ઞાન નહિ, પણ દિવ્ય શ્રુતિ અને સત્યની દિવ્ય દર્શનાર્થી પ્રગટ થતું જ્ઞાન' છે. —राधः दीर्घश्रुत्तमम् (७, ८१, ५), रयिं श्रवस्युम् (७, ७५, २). તે અસ્તિત્વની સમૃદ્ધ સ્થિતિ છે, આધ્યાત્મિક સમૃદ્ધિથી પરિપૂર્ણ આનંદ છે કે જે જ્ઞાન પ્રત્યે વળે છે (श्रवस्यु), અને અનંતના પ્રદેશોમાંથી (दिशः) આવતા શબ્દનાં આંદોલનોને—કંપનોને વિશાળ શ્રુતિ વડે ઝીલે છે. આમ ઉષાનું પ્રકાશપૂર્ણ રૂપક આપણને તેના ભૌતિક, યજ્ઞવિધિપરક, અજ્ઞાનપૂર્ણ, વેદની ગેરસમજવાળા ખ્યાલમાંથી મુકત કરે છે, કે જે ખ્યાલ આપણને એક ખાડામાંથી બીજા ખાડામાં પટકે અને અવ્યવસ્થા તથા અસ્પષ્ટતાની રાત્રિમાં ભમાવે. તે રૂપક આપણે માટે બંધ બારણાં ખોલી નાખે છે, અને વૈદિક જ્ઞાનના હૃદયમાં પ્રવેશ કરાવે છે.

ગાય અને અંગિરસ્‌ની કથા

હવે આપણે વેદનો અર્થ કરવામાં જેને ચાવી રૂપે વાપરીએ છીએ તે ગાયના રૂપકને વૈદિક કથાઓમાં સૌથી અગત્યની અંગિરસ્ ઋષિઓની સૌથી ધ્યાન-પાત્ર—નોંધપાત્ર કથાના સંદર્ભમાં જોઈએ.

વૈદિક સૂકતો બીજું ગમે તે હોય, પણ સાર્વત્રિક રીતે અમુક આર્ય દેવોને આવાહનરૂપ છે, જે દેવો તે ગાયકોના અભીષ્ટ હેતુઓની સિદ્ધિ માટે માનવને મદદગાર હતા, તેમના મિત્રો હતા. તે ગાયકો, ઋષિ, વિપ્ર કહેવાતા. આ અભીષ્ટ હેતુઓ માટે રાધસ્, રયિ શબ્દોનો પ્રયોગ થયો છે. તેમનો બાહ્ય અર્થ ભૌતિક સમૃદ્ધિ થઈ શકે, પણ માનસશાસ્ત્રીય અર્થની દૃષ્ટિએ તેમનો અર્થ થાય છે—અમુક આધ્યાત્મિક સમૃદ્ધિનાં સ્વરૂપોનું પ્રાચુર્ય, આનંદ, ઉપભોગ. તે સંયુકત કાર્યમાં માનવ યજ્ઞનો, શબ્દનો, સોમરસનો અને ઘૃતનો ફાળો પોતાના તરફથી આપે છે; અને સોમરસથી પ્રાપ્ત થયેલા આનંદ તથા શકિત—સામર્થ્ય વડે, તે યજમાનના હેતુઓને સિદ્ધ કરી આપે છે. આ રીતે પ્રાપ્ત થયેલી સમૃદ્ધિનાં મુખ્ય અંગો ગાય અને અશ્વ છે; પણ તે ઉપરાંત હિરણ્ય, વીરો, રથો, પ્રજા—અપત્યો—સંતાનો પણ છે. યજ્ઞનાં સાધનો—અગ્નિ, સોમરસ અને ઘૃત દેવો જ આપે છે; દેવો તે યજ્ઞના પુરોહિતો તરીકે, યજ્ઞને વિશુદ્ધ બનાવ-નારાઓ—ધારણ કરનારાઓ તરીકે, યુદ્ધમાં વીરો તરીકે હાજર રહે છે, કારણ કે યજ્ઞને ધિક્કારનારા, શબ્દને તિરસ્કારનારા, યજ્ઞમાં ભંગ પાડનારા, અને માનવને અભીષ્ટ સમૃદ્ધિ પ્રાપ્ત ન થવા દેનારા દૈત્યો પણ હોય છે. ખૂબ ઉત્કટતાપૂર્વક ઇચ્છા કરાયેલી આ સમૃદ્ધિની મુખ્ય શરતો આ છે — સૂર્યનો તથા ઉષાનો ઉદય, સાત નદીઓની આકાશમાંથી વૃષ્ટિ, કે જે નદીઓને વેદમાં સ્વર્ગની મહી, મહાન શકિતઓ કહેવામાં આવી છે—પછી તે ભૌતિક હોય કે ગૂઢવાદી. પણ ગાયોની, અશ્વોની, હિરણ્યની, વીરોની, રથોની, સંતાનોની આ પરિપૂર્ણ સમૃદ્ધિ ઋષિઓની આખરી માંગ નથી, છેલ્લો હેતુ નથી; આ બધું બીજા લોકોના ઉદ્‌ઘાટનના સાધનરૂપ છે, સ્વર્‌ની પ્રાપ્તિ માટે—સૂર્યલોકમાં આરોહણ માટે,

ઋતના માર્ગ વડે પ્રકાશની અને સ્વર્ગીય આનંદની પ્રાપ્તિ માટે સાધનરૂપ છે, કે જ્યાં છેવટે મર્ત્ય, અમરતાને પ્રાપ્ત કરે છે.

વેદનો આ નિઃશંક અર્થ છે. પ્રાચીન કાળથી વેદનો જે યજ્ઞવિધિપરક અને પૌરાણિક અર્થ કરવામાં આવ્યો છે, તે સુવિદિત છે, તેનો ખાસ નિર્દેશ કરવાની જરૂર નથી. ટૂંકમાં, તે યજ્ઞવિધિરૂપ માનવની મુખ્ય ફરજ બજાવીને અહીં અને પછી સ્વર્ગમાં સમૃદ્ધિ ભોગવવાનો છે. આપણે વેદના આધુનિક અર્થને પણ જાણીએ છીએ, જેમાં મૂર્તિમંત સૂર્ય, ચંદ્ર, તારાઓ, ઉષા, વાયુ, વર્ષા, અગ્નિ, આકાશ, નદીઓ અને પ્રકૃતિના બીજા દેવોની પૂજા માત્ર વેદમાં છે, એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેમને યજ્ઞ દ્વારા પ્રસન્ન કરીને આ લોકમાં માનવી--દ્રાવિડિયન શત્રુઓ પાસેથી, વિરોધી દૈત્યો પાંસેથી, માનવી લૂંટારાઓ પાસેથી સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની છે; અને મરણ પછી દેવોને, સ્વર્ગને મેળવવાનું છે. હવે આપણે જોયું છે કે આ અર્થ અસંસ્કૃત માણસો માટે ભલે સ્વીકાર્ય–ગ્રાહ્ય હોય, પણ વેદના ઋષિઓ—કવિઓ—વિપ્રોનો તે આંતર અર્થ ન હતો. તેમને મન આ ભૌતિક પદાર્થો અભૌતિકનાં પ્રતીકો હતાં; ગાયો, દિવ્ય ઉષાના પ્રકાશો હતા, અશ્વો અને રથો, શકિત અને ગતિનાં પ્રતીકો હતાં, હિરણ્ય-દિવ્ય સૂર્યનું–ऋतंज्योतिःનું તેજ-પ્રકાશયુકત સમૃદ્ધિ હતું; યજ્ઞ વડે પ્રાપ્ત થતી સમૃદ્ધિ અને યજ્ઞ પોતે, બધી વિગતોમાં, માનવના પ્રયાસનું અને મહાન હેતુ સિદ્ધ કરવાના—અમૃતત્વને પ્રાપ્ત કરવાના મહત્તર હેતુના સાધનનું પ્રતીક હતાં. વૈદિક ઋષિની અભીપ્સા પોતાના અસ્તિત્વને સમૃદ્ધ તથા વિસ્તૃત કરવાની હતી, તેના જીવન-યજ્ઞમાં દેવોને જન્માવવાની—તેમની રચના કરવાની હતી, તે દેવો જેની શકિતઓ છે તે શકિતની—ઋતની—પ્રકાશની આનંદની વૃદ્ધિ કરવાની હતી, છેવટે પોતાના અસ્તિત્વના વિશાળ બનેલા અને હમેશાં ઊઘડતા જતા લોકો દ્વારા ઊર્ધ્વ ગતિ કરીને દિવ્ય દ્વારોનાં દર્શન કરવાની (देवीर्द्वारः) હતી. તે દ્વારો તે માનવ આગળ ખુલ્લાં થઈ જાય, અને તે દિવ્ય અસ્તિત્વ—સત્તાના પરમ આનંદમાં, પૃથ્વી અને આકાશથી પર રહેલા પરમ આનંદમાં પહોંચી જાય, તે ઋષિની નેમ હતી. અંગિરસ્ ઋષિઓની કથા તે આ આરોહણની કથા છે.

બધા દેવો ગાયોને, અશ્વોને, દિવ્ય સમૃદ્ધિને જિતનારા અને આપનારા છે; પણ આ યુદ્ધમાં ઇન્દ્ર જ મહાન યુદ્ધ કરનાર વીર દેવ છે, કે જે માનવ માટે પ્રકાશ અને શકિતનો વિજય કરે છે. તેથી ઇન્દ્રને સતત ગાયોનો પતિ—ગોપતિ કહેવામાં આવ્યો છે; તેને પોતાને ગાય અને અશ્વ તરીકે રૂપકમાં વર્ણવવામાં આવ્યો છે, તે કુશળ દોગ્ધા છે—જે દોહન કરે એમ ઋષિ ઇચ્છે છે; તે જે વસ્તુઓ દોહી આપે છે તે પરિપૂર્ણ સ્વરૂપો અને આખરી વિચારો છે; તે

ગાયોનો વૃષભ છે; તેની ગાયો તથા અશ્વો રૂપી સમૃદ્ધિની માનવ ઇચ્છા કરે છે. ૬, ૨૮, ૫માં કહેવાયું છે કે 'હે લોકો, આ જે ગાયો છે તે ઇન્દ્ર છે; હું મારા સર્વ હૃદય તથા મન વડે ઇન્દ્રની કામના કરું છું.' આ ઇન્દ્રનું ગાયો સાથેનું તાદાત્મ્ય અગત્યનું છે, આપણે મધુચ્છંદસ્‌નાં ઇન્દ્રને ઉદ્દેશીને લખાયેલાં સૂક્તોમાં તેનો વિચાર કરવો પડશે.

સામાન્ય રીતે ઋષિઓ એમ કહે છે કે આ સમૃદ્ધિ કેટલીક શકિતઓ સાથે, દસ્યુઓ સાથે લડીને પ્રાપ્ત કરવાની છે. કેટલીક વાર તે દસ્યુઓ પાસે તે અભીષ્ટ સમૃદ્ધિ પહેલેથી છે અને તેમની પાસેથી તે બળજબરીથી લૂંટી લેવાની છે એમ કહેવાયું છે. કેટલીક વાર એમ કહેવાયું છે કે, તે દસ્યુઓ આર્યો પાસેથી તે સમૃદ્ધિ ચોરી ગયા હતા, અને આર્યોએ દેવોની મદદથી તે ખોવાયેલી સમૃદ્ધિને શોધી કાઢી ફરી પ્રાપ્ત કરવાની છે. ગાયોને ચોરી જઈ સંતાડનાર દસ્યુઓને પણિઓ કહેવામાં આવ્યા છે. પણિ શબ્દનો મૂળ અર્થ થાય છે કરનાર, વેપારી, ધંધો કરનાર; પણ આ અર્થ 'કંજૂસો'ના અર્થના રંગે રંગાયેલો છે. વલ તેમનો નેતા છે, જે શબ્દનો અર્થ થાય છે—મર્યાદિત કરનાર, બાંધીને રોકી રાખનાર,— જેવી રીતે વૃત્ર શબ્દનો અર્થ છે આવરણ કરનાર, અવરોધ કરનાર, ઢાંકી દેનાર શત્રુ. વેદમાં બને તેટલા પ્રાથમિક સમયના ઇતિહાસનો અર્થ વાંચનાર વિદ્વાનો પણિઓનો અર્થ દ્રાવિડિયનો કરે, અને વલ તેમનો અગ્રણી હતો એમ કહે, તે સમજી શકાય તેવું છે. પણ આવો અર્થ કોઈક મંત્રોમાં જ કરી શકાય. ઘણાં સૂક્તોમાં ઋષિઓએ વાપરેલા શબ્દો સાથે તે અર્થ સુસંગત નથી, પરિણામે તેવા અર્થ કરવાથી ઋષિઓના શબ્દો તથા પ્રતીકો ભપકાદાર અર્થ શૂન્યતાનો ખીચડો બની જાય છે. આપણે તે પ્રકારની અસંગતતા પહેલાં જોઈ લીધી છે. ખોવાયેલી ગાયોની કથાનું બારીક અવલોકન કરતાં આપણને તે અસંગતતા વધારે સ્પષ્ટ થશે.

વલ એક પર્વતની બખોલમાં રહે છે; ઇન્દ્ર અને અંગિરસ્ ઋષિઓ ત્યાં તેની પાછળ પાછળ જાય છે, અને તેને તેની સમૃદ્ધિ આપી દેવાની ફરજ પાડે છે, કારણ કે તે ગાયોવાળો વલ છે—वलस्य गोमतः । (૧, ૧૧, ૫). પણિઓએ પણ ચોરેલી ગાયોને પર્વતની ગુફામાં સંતાડી છે. તે ગુફા માટે वव्र શબ્દ વાપર્યો છે; व्रज ગાયોનો વાડો, કેટલીક વાર गव्यं ऊर्वम्, ગાયોથી યુકત વિશાળ જગ્યા—શબ્દો પણ નજરે પડે છે. આંતર અર્થમાં તેનો અર્થ થાય— પ્રકાશયુકત વિશાળતા, પ્રકાશમાન ગાયોના ધણની વિશાળ સમૃદ્ધિ. આ ગુમાવેલી સમૃદ્ધિને પાછી મેળવવા યજ્ઞ કરવાની જરૂર પડે છે; તેમાં અંગિરસોને અથવા બૃહસ્પતિને સત્ય શબ્દનું—મંત્રનું ઉચ્ચારણ કરવું પડે છે; દેવોની કૂતરી સરમાએ પણિઓની ગુફાને શોધી કાઢવાની હોય છે, સોમરસ વડે બળવાન બનેલો ઇન્દ્ર

અને તેના સાથીદાર અંગિરસ્ ઋષિઓ તે રસ્તે જાય છે, ગુફામાં પ્રવેશ કરે છે અથવા તો પર્વતનાં મજબૂત સ્થાનોને બળપૂર્વક તોડીફોડી નાખે છે, પણિઓને હરાવવાના રહે છે, અને મુકત કરેલી ગાયોને ઊર્ધ્વમાં હાંકી જવાની હોય છે.

આ કથાના અર્થનો નિર્ણય કરતી વખતે જે અમુક તત્ત્વો તરફ આપણે દુર્લક્ષ ન સેવવું જોઈએ, તેમનો આપણે પ્રથમ વિચાર કરીએ. પ્રથમ તો આ કથા અમુક અંશોમાં ગમે તેટલી ચોક્કસ હોય, પણ વેદમાં તે કેવળ સાદી પૌરાણિક પરંપરા નથી. પણ તેનો ઉપયોગ અમુક છૂટછાટપૂર્વક અને પ્રવાહી રીતે કરવામાં આવ્યો છે, જે તે પવિત્ર પરંપરાની પીઠમાં રહેલા અર્થને વ્યકત કરે છે. ઘણી વાર તેના પૌરાણિક કથાના અંશો લઈ લેવામાં આવે છે, મૂકી દેવામાં આવે છે, અને તેને ગાયકની અંગત જરૂરિયાતને અથવા અભીપ્સાને લાગુ કરવામાં આવે છે. કારણ કે તે ક્રિયા કરવા માટે માત્ર ઈન્દ્ર જ સમર્થ છે. જો કે એક વાર અંગિરસો દ્વારા તેણે તે કાર્ય સિદ્ધ કરી મૂકયું છે, છતાં વર્તમાન કાળમાં પણ તે સતત તે કાર્ય પુનઃ પુનઃ કરતો રહે છે; તે સતત ગાયોને શોધતો રહે છે—गवेषणः, અને ચોરાયેલી સમૃદ્ધિને જિતીને પાછી આપતો રહે છે.

કેટલીક વાર આપણને માત્ર ચોરાયેલી ગાયોનો અને ઈન્દ્ર તેમને પાછી લાવી આપે છે, તેટલો જ ઉલ્લેખ મળે છે—તેમાં સરમા, અંગિરસો કે પણિઓનું નામ આવતું નથી. પણ હમેશાં ઈન્દ્ર જ ગાયોને પાછી લાવી આપે છે, એમ નથી. દાખલા તરીકે, અગ્નિને ઉદ્દેશીને લખાયેલા અત્રિના સૂકતમાં (૫, ૨) ચોરાયેલી ગાયોના રૂપકને ઋષિ એવી ભાષામાં પોતાને જ લાગુ કરે છે, કે જે તેની રૂપકમયતાને સ્પષ્ટ રીતે કહી આપે છે. અગ્નિને પૃથ્વી માતાએ લાંબા સમય સુધી ગર્ભમાં દબાવી રાખ્યો છે; તે શિશુને તેના પિતા—આકાશને સોંપવા માગતી નથી; તેનું કારણ એ છે કે પૃથ્વી પોતે મર્યાદિત રૂપમાં દબાયેલી છે (पेशि); પણ જયારે તે મહાન અને વિશાળ (महिषी) બને છે, ત્યારે અગ્નિનો જન્મ થાય છે. અગ્નિના જન્મની સાથે પ્રકાશયુકત ઘણનાં ટોળાંનો પ્રાદુર્ભાવ અથવા દર્શન સંબંધિત છે. "મેં દૂર—સુદૂર એક ક્ષેત્રમાં એક સોનેરી સૂંઢવાળો, શુદ્ધ તેજસ્વી વર્ણવાળો, પોતાનાં હથિયારોનું નિર્માણ કરતો, દેવ જોયો; હું તેને અમૃત (સોમરસ) આપું છું; જેમની પાસે ઈન્દ્ર તેમ જ શબ્દ નથી તેવા લોકો મને શું કરવાના છે? મેં તે ક્ષેત્રમાં અનેક, પ્રકાશયુકત, સંચરતાં, સુખમય ઘણ દીઠાં. તેમણે તેને પકડયો નહિ, કારણ કે તે જન્મ્યો હતો; જે ગાયો જીર્ણ થઈ ગઈ હતી, તે પણ ફરી યુવાન બની." ઈન્દ્ર તથા શબ્દ વગરના આ દસ્યુઓ હવે તે પ્રકાશયુકત ગાયોને પકડવા સમર્થ નથી; પણ આ પ્રકાશમાન અને ઉગ્ર દેવના જન્મ પહેલાં તો દસ્યુઓ ગાયોની પકડી જતા. "જેમણે મારા બળને (मर्यकम्), મારા વીરોને ગાયોથી વિયુકત કર્યા હતાં, તેઓ કોણ હતા?

કારણ કે મારા વીરો પાસે કોઈ યોદ્ધો, તેમની ગાયોનો રક્ષક ન હતો. મારી પાસેથી જેઓ ગાયોને લઈ ગયા હતા, તે મારી ગાયોને મુકત કરો; તે જાણે છે અને પશુઓને હાંકી લાવતો અમારી પાસે આવે છે."

આપણે યોગ્ય રીતે પૂછી શકીએ કે આ પ્રકાશયુકત ગાયો કઈ હતી, કે જે જીર્ણ હતી અને ફરી યુવાન બની ગઈ? ચોક્કસ, તેઓ ભૌતિક ગાયો ન જ હોઈ શકે, અને જ્યાં આ સોનેરી સૂંઢવાળો દેવ—યોદ્ધો તથા પ્રકાશયુકત ગાયોનાં ધણ દેખાયાં, તે ક્ષેત્ર કોઈ યમુના કે જેલમ નદી પરનું પાર્થિવ ક્ષેત્ર ન હોઈ શકે. તે ગાયો કાં તો ભૌતિક હોય કે પછી દિવ્ય હોય; પણ પહેલો અર્થ ભાષા સાથે સુસંગત નથી; આ ગૂઢવાદી દૃશ્ય દિવ્ય પ્રકાશનું રૂપક છે. તે એવા પ્રકાશો છે કે જેમને અંધકારની શકિતઓ ચોરી ગઈ હતી, અને હવે તે દિવ્ય રીતે પાછા લાવવામાં આવ્યા છે. તેમને પાછા લાવનાર ભૌતિક અગ્નિનો દેવ ન હતો; પણ પહેલાં ભૌતિક અસ્તિત્વની ક્ષુદ્રતાઓમાં સંતાડી રખાયેલી, જાજવલ્યમાન અગ્નિશકિત છે, કે જેને હવે પ્રકાશમય માનસિક ક્રિયાઓમાં મુકત કરવામાં આવી છે.

એટલે ઈન્દ્ર એકલો જ દેવ નથી, કે જે જટિલ ગુહાઓને તોડીફોડીને ખોવાયેલા પ્રકાશોને પાછા લાવી આપે. બીજા દેવોને પણ આ મહાન વિજય કરતા વર્ણવવામાં આવ્યા છે. આ ગાયોનાં ધણોની માતા, દિવ્ય ઉષા તેમાંની એક છે. "સત્ય દેવોની સાથે સત્ય, મહાન દેવોની સાથે મહાન, યજ્ઞયુકત દેવોની સાથે યજ્ઞમય, આ ઉષા દેવી એ મજબૂત સ્થાનોને તોડીફોડી ઉધાડી નાખે છે અને ગાયોને પાછી લાવી આપે છે; ગાયો ઉષા પ્રત્યે આરડતી જાય છે." (૭, ૭૫ ૭.) ગાયો પાછી લાવનાર અગ્નિ બીજો દેવ છે. આપણે જોયું તેમ કેટલીક વાર તે ગાયો લાવવા એકલો યુદ્ધ કરે છે, તો કેટલીક વાર તે ઈન્દ્રની સાથે રહી યુદ્ધ લડે છે: 'હે ઈન્દ્ર અને અગ્નિ, તમે બે એકઠા થઈને ગાયો માટે લડયા.' (૬, ૬૦ ૨); અથવા તો તે અગ્નિ સોમ સાથે મળીને ગાયો માટે યુદ્ધ કરે છે: 'હે અગ્નિ અને સોમ, જ્યારે તમે પણિઓ પાસેથી ગાયો ઝૂંટવી લીધી, ત્યારે તમારા વીરત્વભરેલા બળનો પરચો મળ્યો' (૧, ૯૩, ૪.) બીજા એક સૂકતમાં સોમ ઈન્દ્ર સાથે મળીને આ વિજય પ્રાપ્ત કરે છે. તેવું વર્ણવાયું છે: 'બળ વડે જન્મેલો આ દેવ ઈન્દ્ર સાથે રહ્યો અને તેણે પણિઓ પર વિજય મેળવ્યો, અને દસ્યુઓ સામે લડતાં-લડતાં તેણે દેવોનાં બધાં પરાક્રમો બતાવ્યાં.' (૬, ૪૪, ૨૨.) અશ્વિનોને પણ તે કાર્ય સિદ્ધ કરતા વર્ણવવામાં આવ્યા છે: 'જેમાં ગાયો પૂરવામાં આવી છે તે મજબૂત વાડાનાં દ્વાર તમે બે જણ ખોલી નાખો છો' (૬, ૬૨, ૧૧.) 'હે અંગિરસ્ (કેટલીક વાર બંને અશ્વિનોને એક જ નામથી સંબોધવામાં આવે છે), તમે બંને મન વડે

આનંદને પ્રાપ્ત કરો છો, અને ગાયોના ધણની ગુફાનાં દ્વાર ખોલવા પ્રથમ તેમાં પ્રવેશ કરો છો.' (૧, ૧૧૨, ૧૮) છેલ્લી ઋચામાં ધણનો મુકત કરાયેલો પ્રવાહ તે પ્રકાશનો સમુદ્ર છે.

આ વિજયમાં બૃહસ્પતિનું વીર તરીકે વારંવાર વર્ણન કરવામાં આવ્યું છે. 'પરમ આકાશમાં મહાન પ્રકાશમાંથી પ્રથમ જન્મેલા, સાત મુખોવાળા, અનેક રૂપોવાળા, સાત કિરણોવાળા, બૃહસ્પતિએ અંધકારને ભગાડી મૂકયો; સ્તુભ અને ઋક્‌ના પોતાના સમૂહો વડે, તેણે શબ્દના ઉચ્ચાર દ્વારા વલના ટુકડે ટુકડા કરી નાખ્યા. આહુતિને વેગ આપતાં, પ્રકાશયુકત ધણોને બૃહસ્પતિ હાંકીને ઊર્ધ્વમાં લઈ ગયા; ગાયોએ પ્રત્યુત્તરમાં આરડવાનો અવાજ કર્યો.' (૪, ૫૦, ૪-૫.) વળી 'પર્વતને તોડનાર, પ્રથમ જન્મેલા, અંગિરસે—બૃહસ્પતિએ ખજાનાઓનો (वसूति) વિજય કર્યો; તે દેવે ગાયોથી પરિપૂર્ણ વાડાઓને જિતી લીધા.' (૬, ૭૩, ૧ અને ૩.) આ દિવ્ય કાર્ય સાથે, બૃહસ્પતિની પેઠે ઋચાઓના ગાયક મરુતો પણ કોઈક કોઈક વાર સંબંધિત છે. 'હે મરુતો, તમે જેનું પોષણ—સંવર્ધન કરો છો, તેઓ ગાયોના વાડા તોડી-ફોડીને ઊધાડી નાખશે.' (૬ ૬૬, ૮.) બીજી જગ્યાએ આપણે મરુતોની ગાયો વિષે સાંભળીએ છીએ (૧, ૩૮, ૨), ચોરાયેલી ગાયોને ફરી પ્રાપ્ત કરવા માટે, તેમનું અનુસરણ કરવા માટે, સૂર્યદેવના એક પોષક સ્વરૂપ રૂપ પૂષાનું પણ આવાહન કરવામાં આવ્યું છે (૪, ૫૪, ૫-૬-૧૦); 'પૂષા અમારી ગાયો પાછળ જાય, તે અમારા લડાયક અશ્વોનું રક્ષણ કરે.....હે પૂષા, તું અમારી ગાયોની પાછળ જા...અમે જે ગુમાવી છે તે ગાયોને તે અમારી પાસે પાછી હાંકી લાવે.' સરસ્વતીને પણ પણિઓનો સંહાર કરતી વર્ણવવામાં આવી છે. મધુચ્છંદસ્‌ના સૂકતમાં (૧, ૧૧, ૫) આપણે આ નોંધપાત્ર વર્ણન વાંચીએ છીએ, 'હે વજ્રના સ્વામી, તેં વલના—ગાયોના છિદ્રને ખુલ્લું કર્યું; નિર્ભય દેવોએ વેગપૂર્વક તારામાં પ્રવેશ કર્યો.'

આ રૂપાંતરોમાં તેમને એક સુસંગત વિચાર-સૂત્રમાં બાંધે, તેવો કોઈ નિશ્ચિત અર્થ છે? કે પછી ઋષિઓ સ્વચ્છંદતાપૂર્વક, ચોરાયેલી ગાયોને પાછી મેળવવા માટે કરવાના યુદ્ધ માટે, ઘડીકમાં આ દેવને તો ઘડીકમાં બીજા દેવને બોલાવે છે? જો ભિન્નભિન્ન વિગતોની રમતમાં ગૂંચવાયા સિવાય, આપણે સમગ્ર વેદના વિચારોને સમન્વિત રીતે લઈશું, તો આપણને તદ્દન સાદો અને સંતોષ-કારક જવાબ મળી રહેશે. આ ચોરાયેલી ગાયોની ઘટના એક પરસ્પર-સંબંધિક રૂપકો અને દૃશ્યોની સમગ્ર પદ્ધતિનો માત્ર એક ભાગ છે. ગાયોને યજ્ઞ વડે પાછી મેળવવામાં આવે છે; તે યજ્ઞની જ્વાળા, શકિત અને પુરોહિત છે અગ્નિદેવ; તેમાં બૃહસ્પતિ મંત્રનો—શબ્દનો પિતા છે, મંત્રના ઉદ્‌ગાતાઓ

અથવા બ્રહ્માઓ મરુતો છે (ब्रह्माणो मरुतः), સરસ્વતી તેની પ્રેરણા છે, સોમરસનું તેમાં પાન છે, અને અશ્વિનો તેના સંશોધકો, આપનારાઓ, પાન કરનારાઓ છે. ગાયો પ્રકાશનાં ધણ છે, અને પ્રકાશ ઉષામાંથી અને સૂર્યમાંથી આવે છે; પૂષા સૂર્યનું એક રૂપ છે. છેક છેલ્લે ઇન્દ્ર આ બધા દેવોનો સ્વામી છે, પ્રકાશનો સ્વામી છે, સ્વર્ નામના પ્રકાશમય સ્વર્ગનો રાજા છે, તે દિવ્ય મન છે; ગૂઢ પ્રકાશને પ્રગટ કરવાના કાર્યમાં બધા દેવો તેનામાં પ્રવેશ કરે છે, તેના કાર્યમાં સહાયક બને છે. આ રીતે આ એક જ વિજય-પ્રાપ્તિ જુદા જુદા દેવો પર આરોપિત કરવામાં આવી છે, તે યોગ્ય છે, વલનો સંહાર કરવામાં બધા દેવો ઇન્દ્રમાં પ્રવેશ કરે છે એમ મધુચ્છંદસ્ કહે છે તે યથાર્થ છે. તેમાં કોઈ સ્વચ્છંદ નથી, વિચારોનો પ્રવાહી ગૂંચવાડો નથી. વેદની સુસંગતતા અને એકમપણું સંપૂર્ણ અને સુંદર છે.

વળી પ્રકાશનો વિજય તો વૈદિક યજ્ઞના મહાન કાર્યનો એક ભાગ માત્ર છે. તેની પ્રાપ્તિ દ્વારા દેવોએ અમૃતત્વના વિજય માટે જરૂરી બધી જ વરણ કરવા યોગ્ય વસ્તુઓ (विश्वा वार्या) મેળવવાની છે; અને ગૂઢ પ્રકાશોનો ઉદય તેમાંની એક વસ્તુ છે. ગાય—પ્રકાશ જેટલી જ અશ્વની શકિતની જરૂર છે; માત્ર વલની પાસેથી—તેની ઈર્ષ્યાખોર પકડમાંથી પ્રકાશને મુકત કરવો તેટલું જ બસ નથી, પણ વૃત્રનો સંહાર કરીને જળોને મુકત પણ કરવાનાં છે; પ્રકાશયુકત ગાયોની પ્રાપ્તિ એટલે ઉષાનો તેમ જ સૂર્યનો ઉદય; તે પણ યજ્ઞ—અગ્નિ—સોમ સિવાય અપૂર્ણ છે. આ બધી વસ્તુઓ એક જ ક્રિયાનાં ભિન્ન ભિન્ન અંગો છે; કેટલીક વાર તેમનો ઉલ્લેખ જુદો જુદો કરવામાં આવ્યો છે, કેટલીક વાર સમૂહોમાં તો કેટલીક વાર બધાને એક જ ક્રિયામાં—આખરી મહાન વિજયમાં સમેટી લેવામાં આવ્યાં છે. પ્રકાશની પ્રાપ્તિનું પરિણામ છે વિશાળ ઋતનું પ્રાગટય—સ્વર્નો વિજય, કે જે પ્રકાશમય લોકને ઘણી વાર વિશાળ બીજો લોક उरुम् उ लोकम् અથવા માત્ર उ लोकम् કહેવામાં આવ્યો છે. ઋગ્વેદના વિવિધ મંત્રોમાં આ રૂપકોના ભિન્ન ભિન્ન અર્થોને સમજવા માટે, આપણે પ્રથમ આ એકતાને બરાબર સમજી લેવી જોઈએ.

આ રીતે જેનો અમે ઉલ્લેખ કર્યો છે તે ૬, ૭૩મા સૂકતમાં, જેમાં માત્ર ૩ ઋચાઓ છે, જેમાં આ રૂપકોને ટૂંકમાં એકતાપૂર્વક આપવામાં આવ્યાં છે; એક રીતે તે ત્રણ ઋચાઓમાં વેદના અર્થની અને રૂપકમયતાની એકતા ટૂંકમાં તાદૃશતાથી આપવામાં આવી છે. "પર્વતને ચીરનારો, પ્રથમ જન્મેલો, ઋતથી યુકત, બૃહસ્પતિ, અંગિરસ્, આહુતિ આપનારો, બંને લોકોને વ્યાપીને રહેનારો (સૂર્યની) ઉષ્માામાં તથા પ્રકાશમાં વસનારો, આપણો પિતા વૃષભની પેઠે આકાશ-પૃથ્વી પ્રત્યે ગર્જના કરે છે. દેવોના આવાહનમાં જેણે માનવ યાત્રી માટે તે

બીજા લોકનું નિર્માણ કર્યું છે એવો, વૃત્રનો સંહાર કરતો, બૃહસ્પતિ નગરોને તોડીફોડીને ઉધાડી નાખે છે, યુદ્ધોમાં શત્રુઓને પછાડી નાખી તેમના પર વિજય પ્રાપ્ત કરે છે. બૃહસ્પતિ પોતાને માટે ખજાનાને જિતી લે છે, તે દેવ ગાયોથી પૂર્ણ મહાન વાડાઓને જિતી લે છે, સ્વર્લોકને જિતવા પ્રયત્ન કરે છે, તેનો સામનો કોઈ કરી શકે તેમ નથી, બૃહસ્પતિ પ્રકાશયુકત મંત્રો વડે (अर्कैः) શત્રુઓનો સંહાર કરે છે." આમાં આપણે અનેક બાજુઓવાળી રૂપકમયતાની એકતા તરત જોઈ શકીએ છીએ.

બૃહસ્પતિના ઉપરના ટૂંકા સૂકતમાં જેમના સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો તે ઉષાના તથા સૂર્યમાં રહેલા પ્રકાશના નવીન જન્મના વિચારોને એકબીજા વધારે ગૂઢવાદી સૂકતમાં સ્પષ્ટ ભાષામાં પ્રગટ કરવામાં આવ્યા છે. તે સોમને ઉદ્દેશીને લખાયું છે, જેના પ્રારંભના શબ્દોને અમે આગળ ટાંકયા છે (૬, ૪૪, ૨૨). "બળ વડે જન્મેલો આ દેવ ઇન્દ્ર સાથે પણિ રૂપે રહ્યો; તેણે પોતાના શાપિત પિતા (ભેદમય અસ્તિત્વ) પાસેથી તેનાં હથિયારો અને જ્ઞાનનાં સ્વરૂપો (मायाः) ઝૂંટવી લીધાં, તેણે ઉષાઓને પોતાના સ્વામીમાં પ્રકાશયુકત બનાવી; તેણે અંદર સૂર્યમાં પ્રકાશનું નિર્માણ કર્યું; તેણે સ્વર્ગના ત્રિવિધ તત્ત્વને (અમૃતત્વને) પોતાના ત્રણ પ્રકાશયુકત લોકોમાં (સ્વર્‌ના ત્રણ લોકોમાં તથા ગૂઢ અમૃતત્વના ત્રણ લોકોમાં) શોધી કાઢયું (અત્રિના અગ્નિને ઉદ્દેશીને લખાયેલા સૂકતમાં ઉલ્લેખાયેલું આ વિવિધ અંગોમાં અપાયેલું આ અમૃત છે; ત્રણ ભૂમિકાઓ પર (त्रिषु सानुषु)—શરીર—પ્રાણ—મનની ભૂમિકાઓ પર અપાયેલી આ સોમની ત્રિવિધ આહુતિ છે); તે સોમે સ્વર્ગને તથા પૃથ્વીને વિશાળતામાં ધારણ કર્યાં; સાત કિરણો વડે તેણે રથનું નિર્માણ કર્યું; તેણે ગાયોમાં રહેલા પકવ રસને (મધુને અથવા ઘૃતને) તથા દસ ગતિઓના સ્રોતને બળપૂર્વક ધારણ કર્યા." (૬, ૪૪, ૨૨-૨૪.) મને એ વાતનું આશ્ચર્ય થાય છે કે આટલા બધા તીક્ષ્ણ અને ઉત્સુક મનવાળા લોકોએ આવાં સૂકતોને વાંચ્યાં, અને છતાં તેમને આ પ્રતીકવાદીઓનાં—ગૂઢવાદીઓનાં પવિત્ર કાવ્યોનો મર્મ ન સમજાયો, અને આ કાવ્યો પ્રકૃતિ-પૂજક જંગલી લોકોનાં, અથવા સંસ્કૃત વેદાંતિક દ્રાવિડિયનો સાથે યુદ્ધ કરતા, અસંસ્કૃત આર્ય આક્રમણકારોનાં ન હોઈ શકે એટલી વાત પણ ન સમજાઈ.

હવે આપણે ઝડપભેર એવાં અમુક સૂકતો જોઈ જઈએ કે જેમાં આ રૂપકો વેરવિખેર વપરાયાં છે. એક તો આપણે એ જોઈએ છીએ કે આ પર્વતમાં, ગુફાના વાડામાં ગાયો અને અશ્વોનું સાહચર્ય છે. આપણે જોયું કે ગાયોની શોધ કરવા માટે તથા અશ્વોના રક્ષણ માટે પૂષાનું આવાહન કરવામાં આવ્યું છે. શું આર્યોની આ બે પ્રકારની સમૃદ્ધિ હમેશાં લૂંટારાઓ લૂંટી જતા હશે ?

પણ આપણે આગળ જોઈએ: 'હે વીર (ઇન્દ્ર) સોમરસના પાનથી આનંદિત બનેલા તેં ગાય તથા અશ્વના કારાગૃહને—વાડાને—તે એક નગર હોય તેમ, બળપૂર્વક ખોલી નાખ્યો. (૮, ૩૨, ૫.) "અમારે માટે હજારો ગાયો તથા અશ્વોના વાડા ખોલી નાખ" (૮, ૩૪, ૧૪.) 'હે ઇન્દ્ર, તારી પાસે જે ગાય—ઘોડા—અવિનાશી ધન છે, તે યજમાનમાં સ્થિર કર—પણિમાં નહિ, જે પણિ ઊંઘે છે—કાર્ય કરતો નથી—દેવોને ખોજતો નથી, તે ભલે પોતાના આવેગોથી જ નાશ પામે. પછી તે વૃદ્ધિ પામતા જતા ધનને અમારામાં સદાને માટે સ્થિર કર.' (૮, ૯૭, ૨-૩.) બીજા સૂક્તમાં પણિઓને ગાયો તથા અશ્વો રૂપી ધનને રાખી મૂકતા—માનવને ન આપતા વર્ણવવામાં આવ્યા છે. પણિઓ હમેશાં અભીષ્ટ ધનને પ્રાપ્ત કરનારી, પણ તેને નહિ વાપરનારી, ઊંઘી જવાનું પસંદ કરતી, દિવ્ય કાર્ય (વ્રત)માંથી છટકી જનારી શકિતઓ છે. યજમાન તે ધનને સલામત રીતે પ્રાપ્ત કરે, ત્યાર પહેલાં તે શકિતઓએ નાશ પામવું જોઈએ અથવા તેમનો પરાજય કરવો જોઈએ. ગાય અને ઘોડો એક એવું સંતાડી રખાયેલું—વાડામાં પૂરી રખાયેલું ધન છે, કે જેને દિવ્ય શકિત વડે ખોલી કાઢીને નિર્મુકત કરવાનું છે.

પ્રકાશયુકત ધણના વિજય સાથે ઉષાના તથા સૂર્યના પ્રકાશનો જન્મ અથવા ઉદય સંબંધિત છે, પણ આ મુદ્દાની છણાવટ આપણે એક જુદા પ્રકરણમાં કરીશું. ધણ—ઉષા—સૂર્ય સાથે સંબંધિત છે જળો. વૃત્રનો સંહાર કરીને જળોને મુકત કરવાં તે, અને વલનો પરાજય કરીને ગાયોને મુકત કરવી તે—આ બે કથાઓ પરસ્પર સાહચર્ય ધરાવે છે, પરસ્પર સંબંધિત છે. ૧, ૩૨, ૪ માં વર્ણવાયું છે તે મુજબ, કેટલીક ઋચાઓમાં વૃત્રનો સંહાર થયા પછી સૂર્ય—ઉષા—સ્વર્ગનો જન્મ વર્ણવ્યો છે; બીજાં કેટલાંક સૂકતોમાં પર્વતને ચીર્યા પછી જળોનું પ્રવહન વર્ણવાયું છે. આ સામાન્ય જોવામાં આવતા સંબંધ માટે આપણે નીચેના મંત્રો જોઈએ: પ્રકાશયુકત ઉષાઓ કોઈ પણ પ્રકારની હાનિ વગર, સંપૂર્ણ રીતે ઊગી; ધ્યાન કરતા અંગિરસોએ વિશાળ પ્રકાશને શોધી કાઢયો, કામનાવાળા તેમણે ગાયોની વિશાળતાને ખોલી નાખી, અને તેમને માટે સ્વર્ગ-માંથી જળો પ્રવાહિત થયાં (૭, ૯૦, ૪). સત્ય વિચાર વડે, સ્વર્ગની સાત મહાન દેવીઓએ (સાત નદીઓએ) ઋતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને આનંદનાં દ્વાર ખોલી કાઢયાં; સરમાએ ગાયોની મજબૂત, વિશાળ, સંતાવાની જગ્યાઓ શોધી કાઢી, અને તેના વડે માનવ આનંદ માણે છે. (૧, ૭૨, ૮.) પોતાના પ્રકાશયુકત સાથીદારો (મરુતો) સાથે ઇન્દ્રે યુદ્ધમાં જય મેળવીને સૂર્યને જિત્યો, જળોને જીત્યાં (૧, ૧૦૦, ૧૮.) જન્મેલો અગ્નિ દસ્યુઓનો સંહાર કરતાં—પ્રકાશ વડે અંધકારનો સંહાર કરતાં પ્રકાશી ઊઠયો; તેણે ગાયોને, જળોને, સ્વર્‌ને શોધી

કાઢયા. (૫, ૧૪ ૪.) હે ઇન્દ્ર તથા અગ્નિ, તમે બંને ગાયોને, જળોને, સ્વર્‌ને, લૂંટાઈ ગયેલી ઉષાઓને પાછાં મેળવવા માટે યુદ્ધ કર્યું, હે ઇન્દ્ર—અગ્નિ, તમે અમને લોકો, સ્વર્‌, પ્રકાશયુકત ઉષાઓ, જળો, ગાયો પાછાં લાવી આપો છો (૬, ૬૦, ૨). હે વીર (ઇન્દ્ર), તેં ગાયને જિતી, સોમને જિત્યો; તેં સાત નદીઓને વહેવા માટે નિર્મુકત કરી (૧, ૩૨, ૧૨).

છેલ્લી ઋચામાં ઇન્દ્રે જે વસ્તુઓને જિતી, તેમાં ગાયોની સાથે સોમનો પણ સમાવેશ થાય છે. મોટે ભાગે તો સોમરસના પાનથી બળ મેળવીને, ઇન્દ્ર-ગાયોને જિતી લાવે છે. દાખલા તરીકે—સોમના આનંદને પ્રાપ્ત કરીને તેં ગાયોના વાડાઓને ખોલી નાખ્યા (૩, ૪૩, ૭). અંગિરસોએ જેને માટે મંત્રો ગાયા તેવા ઇન્દ્રે વલને હરાવ્યો, પર્વતનાં મજબૂત સ્થાનોને તોડીફોડી નાખ્યાં; તેમના કૃત્રિમ અવરોધોને છિન્ન—ભિન્ન— કરી નાખ્યા; આ બધું ઇન્દ્રે સોમરસના નશા વડે કર્યું (૨, ૧૫, ૮). પણ કેટલીક વાર આ ક્રિયાઓને ઊલટાવીને વર્ણવવામાં આવી છે; પ્રકાશ સોમરસના આનંદને લઈ આવે છે અથવા તો તે બંને એક સાથે આવે છે, એવું વર્ણન કરવામાં આવ્યું છે અંગિરસોએ જેની સ્તુતિ કરી છે એવા, હે મહાન કાર્યોના કરનારા ઇન્દ્ર, તેં સૂર્ય સાથે (અથવા વડે) ઉષાઓને પ્રગટ કરી, ગાયો સાથે (અથવા વડે) સોમને પ્રગટ કર્યો (૧, ૬૨, ૫).

સોમની માફક, અગ્નિ પણ યજ્ઞ માટે અનિવાર્ય અંગ છે; એટલે આ સાહચર્યમાં આપણે અગ્નિનો પણ સમાવેશ થયેલો જોઈએ છીએ. યજ્ઞના ધ્યેય તરીકે તેં તે વિશાળ બીજા લોકનું નિર્માણ કર્યું, અને સૂર્યને, ઉષાને તથા અગ્નિને જન્માવ્યાં. (૭, ૯૯, ૪). ૩, ૩૧, ૧૫ માં પણ તે જ ફૉર્મ્યુલા આવે છે—માત્ર તેમાં માર્ગનો ઉમેરો કરવામાં આવ્યો છે. ૭, ૪૪, ૩માં પણ તે જ ફૉર્મ્યુલા આવે છે—માત્ર ગાયોનો ઉમેરો થયો છે.

આ દાખલાઓ ઉપરથી આપણને જણાશે કે વેદનાં ભિન્નભિન્ન રૂપકો અને કથાઓ એકબીજા સાથે કેટલાં ગાઢ સંકળાયેલાં છે. એટલે જો આપણે અંગિરસોની અને પણિઓની કથાને એકલી—જુદી જ લઈશું, તો આપણે અર્થ-ઘટનના સાચા માર્ગને ખોઈ બેસીશું. સામાન્ય વિચારનો પ્રકાશ તે રૂપકોવાળી ભાષા પર જે પ્રકાશ નાખે છે તેની મદદ સિવાય, આપણે વેદનો ગમે તેવો અર્થ ઘટાવીશું.

ગુમાવેલો સૂર્ય અને ગુમાવેલી ગાયો

ઋગ્વેદમાં સૂર્ય તથા ઉષાની પુનઃપ્રાપ્તિને વારંવાર ગાવામાં આવી છે. કેટલીક વાર તે સૂર્યની શોધ છે, કેટલીક વાર તે સૂર્યના સ્વર્લોકની શોધ છે. સાયણ સ્વર્‌ને સૂર્યનો પર્યાય શબ્દ ગણે છે; પણ અનેક સૂક્તોના મંત્રો પરથી તે સ્પષ્ટ થાય છે કે સ્વર્ એક એવો લોક છે કે જે સામાન્ય આકાશ—પૃથ્વીથી પરનું પરમ સ્વર્ગ છે. કેટલીક વાર તેનો અર્થ—સૂર્યમાં તથા તેના પ્રકાશ વડે નિર્માણ થયેલા લોકમાં પ્રાપ્ત થતો સૂર્ય-પ્રકાશ છે. આપણે જોયું છે કે સ્વર્ગમાંથી અવતરતાં જળોને, અથવા ઇન્દ્ર તથા જેઓ તેને મિત્ર બનાવે છે તેવા મર્ત્યો વડે જિતાતાં અને ઉપભોગ કરાતાં જળોને स्वर्वतीः अपः તરીકે વર્ણવવામાં આવ્યાં છે. સાયણ આ જળોનો અર્થ ભૌતિક જળો કરે છે, અને તેથી તેને स्वर्वतीः નો બીજો અર્થ કાઢયે જ છૂટકો હતો. તે તેનો અર્થ सरणवतीः, વહેતાં—એવો કરે છે. પણ આ તે અર્થનો સાચો અર્થ નથી, તે મારી-મચડીને કાઢવામાં આવ્યો છે. ઇન્દ્રના વજ્રને સ્વર્ગનો પથ્થર—स्वर्यमश्मानम् કહ્યું છે; તેનો પ્રકાશ આ સ્વર્લોકના પ્રકાશમાંથી પ્રાપ્ત થાય છે. ઇન્દ્ર પોતે स्वर्पतीः છે, સ્વર્‌નો પતિ છે, પ્રકાશયુકત લોકનો સ્વામી છે.

આપણે જોયું છે કે ગાયોની પુનઃપ્રાપ્તિ ઇન્દ્ર કરે છે, ઘણી વાર તેમાં તે અંગિરસ્ ઋષિઓની, તેમના મંત્રની, યજ્ઞની, અગ્નિ તથા સોમની મદદ લે છે. તે રીતે સૂર્યની પુનઃપ્રાપ્તિમાં પણ તે જ સાધનો વર્ણવવામાં આવ્યાં છે. વળી, તે બંને ક્રિયાઓનો પરસ્પર સંબંધ—સાહચર્ય પણ જોવામાં આવે છે. મને લાગે છે કે ખુદ વેદમાં ખૂબ સાબિતીઓ મળી આવે છે, કે તે બધી વસ્તુઓ એક મહાન ક્રિયાનાં અંગો છે. ગાયો, ઉષાનાં કે સૂર્યનાં ગૂઢ કિરણો છે; અંધકારમાંથી તેમની પુનઃપ્રાપ્તિ અંધકારમાં ગૂઢ રહેલા સૂર્યનો ઉદય છે—તેની નિશાની છે. યજ્ઞના સાધન દ્વારા, તેના સંયોગો તથા સહાયક દેવો દ્વારા, પરમ પ્રકાશનો લોક—સ્વર્ જિતાય છે, તેની તે પૂર્વશરત છે. આ બધું ખુદ વેદની ભાષામાંથી જ સિદ્ધ થાય છે; પણ આ સૂર્ય દિવ્ય પ્રકાશ-શકિતનું રૂપક છે, સ્વર્ દિવ્ય

ઋતનો લોક છે, દિવ્યત્રાતની પ્રાપ્તિ વૈદિક ઋષિઓનો સાચો હેતુ હતો અને તેને જ તે સૂક્તોમાં ગાય છે—તે પણ વેદની ભાષામાંથી જ સિદ્ધ થાય છે. આ નિગમનને સિદ્ધ કરતા મંત્રોનું હું હવે ઝડપભેર ઉદ્ધરણ કરીશ.

પ્રથમ તો આપણે જોઈએ છીએ કે વૈદિક ઋષિઓના મનમાં સ્વર્ અને સૂર્યના ખ્યાલો ભિન્ન છે, અને છતાં નિકટતાપૂર્વક સંબંધિત છે—સંકળાયેલા છે. સોમ તથા ઇન્દ્રને ઉદ્દેશાયેલા ભારદ્વાજના સૂક્તમાં એક મંત્ર છે : 'તમે બંનેએ સૂર્યને શોધી કાઢયો, સ્વર્ને શોધી કાઢયું, તમે બધા અંધકારનો તથા મર્યાદાઓનો સંહાર કર્યો (૬, ૭૨, ૧).' ઇન્દ્ર તથા અંગિરસોની સિદ્ધિની સ્તુતિ કરતા, વામદેવના, ઇન્દ્રને ઉદ્દેશીને લખાયેલા સૂક્તમાં આવે છે કે જ્યારે પ્રકાશ-યુકત મંત્રો વડે (अर्कैः) સૂર્યને શોધી કાઢવામાં આવ્યો, તે તદ્દન દૃશ્યમાન થયો, જ્યારે અંગિરસોએ રાત્રિમાંથી મહાન પ્રકાશને પ્રકાશિત કર્યો, ત્યારે ઇન્દ્રે માણસો તેને જોઈ શકે તેટલા માટે, અંધકારની મજબૂત પકડને ઢીલી કરી નાખી (૪, ૧૬, ૪). પહેલા મંત્ર પરથી આપણે જોઈ શકીએ છીએ કે સ્વર્ અને સૂર્ય એકબીજાથી ભિન્ન છે, અને સ્વર્ સૂર્યનો પર્યાય શબ્દ નથી; અને છતાં સ્વર્ની પ્રાપ્તિ તથા સૂર્યની પ્રાપ્તિ વચ્ચે ખૂબ નિકટનો સંબંધ છે, તે એક જ ગતિ છે, અને તેનું પરિણામ એ આવે છે કે અંધકારનો તથા મર્યાદાઓનો નાશ થાય છે. બીજા મંત્રમાં સ્વર્ની પ્રાપ્તિ અંધકારમાંથી પ્રકાશતા મહાન પ્રકાશ સાથે સંબંધિત છે. આપણને તે બીજા સમાનાર્થક મંત્રોમાંથી જોવા મળે છે કે અંધકારમાં ગૂઢ રહેલા સૂર્યને અંગિરસોએ પુનઃપ્રાપ્ત કર્યો, તેમાં પણ તે જ ઘટનાનું વર્ણન છે. અંગિરસોએ પોતાના સત્ય મંત્રોની શકિત વડે સૂર્યને શોધી કાઢયો; સ્વર્ પણ અંગિરસોના મંત્રો વડે જ (अर्कैः) શોધી કઢાયું અને દૃશ્યમાન બન્યું. એટલે એ વાત સ્પષ્ટ છે કે સ્વર્નું મૂળ લક્ષણ મહાન પ્રકાશ છે, અને તે સૂર્યનો પ્રકાશ છે.

જો બીજા મંત્રોમાંથી સ્વર્ એ એક લોકનું નામ છે એ સિદ્ધ ન થઈ શકતું હોત, તો આપણે સ્વર્નો અર્થ સૂર્ય, પ્રકાશ કે આકાશ કરત. વારંવાર તેનો ઉલ્લેખ પૃથ્વી—આકાશ (રોદસી)થી પારના એક લોક તરીકે કરવામાં આવ્યો છે; તેને વિશાળ લોક—उरुः लोकः અથવા વિશાળ બીજો લોક—उरुः उ लोकः અથવા માત્ર બીજો લોક—उ लोकः કહેવામાં આવ્યું છે. આ લોકનું વર્ણન એવું આપવામાં આવ્યું છે કે તેમાં વિશાળ પ્રકાશ છે, ભયમાંથી સંપૂર્ણ મુકિત છે, જેમાં ગાયો—સૂર્યનાં કિરણો નિર્મુકત રીતે વિચરે છે. ૬, ૪૭, ૮માં કહેવામાં આવ્યું છે કે તું તારા જ્ઞાન વડે અમને વિશાળ લોક પ્રત્યે, સ્વર્ પ્રત્યે પણ, દોરી જાય છે, કે જ્યાંનો પ્રકાશ ભયથી મુકત છે અને જ્યાં અસ્તિત્વ સુખમય છે—स्वर् ज्योतिरभयं स्वस्ति । ૩, ૨, ૭ માં અગ્નિ વૈશ્વાનરને

આકાશ—પૃથ્વી અને વિશાળ સ્વર્ને વ્યાપ્ત કરતો વર્ણવવામાં આવ્યો છે—આ રોદસી અપૃણદા સ્વર્મહત્ । તે જ રીતે વિષ્ણુને ઉદ્દેશીને લખાયેલા સૂક્તમાં વસિષ્ઠ કહે છે કે 'હે વિષ્ણુ, તેં આકાશ—પૃથ્વીને દૃઢતાપૂર્વક ધારણ કર્યાં, અને (સૂર્યનાં) કિરણોથી તું પૃથ્વીને બધી બાજુઓથી ધારણ કરી રહ્યો છે. તમે બંનેએ યજ્ઞના ફળ તરીકે વિશાળ બીજા લોકનું નિર્માણ કર્યું, અને સૂર્યને, ઉષાને અને અગ્નિને જન્માવ્યા.' (૭, ૯૯, ૩, ૪) અહીં પણ આપણે સ્વર્ તથા સૂર્ય—ઉષાના જન્મ વચ્ચે ગાઢ સંબંધ જોઈએ છીએ. સ્વર્ને યજ્ઞના ફળ રૂપે, આપણી યાત્રાના લક્ષ્ય રૂપે, આપણે જ્યાં પહોંચીએ તે વિશાળ ઘર રૂપે, સારી રીતે યજ્ઞકર્મ કરનાર લોકો જે પરલોકમાં જાય છે તે પરલોક રૂપે—सुकृतामु लोकम् રૂપે વર્ણવવામાં આવ્યું છે. અગ્નિ, પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે દૂત તરીકે જાય છે, અને પછી પોતાના અસ્તિત્વ વડે આ વિશાળ ઘરને વ્યાપી લે છે—क्षयं बृहन्तं परि भूषति । (૩, ૩, ૨). વૈદિક ઋષિઓ આનંદપૂર્ણ લોકને તથા સમૃદ્ધિની પરિપૂર્ણતાને પ્રાપ્ત કરવાની અભીપ્સા સેવતા હતા. 'હે અગ્નિ, જાતવેદા, સારાં કૃત્યો કરનાર માટે તું આનંદપૂર્ણ પરલોકનું નિર્માણ કરવાની ઈચ્છા કરે છે; તે સુકૃતીને ઘોડા—વીરો— પુત્રો— ગાયો— સુખમય અસ્તિત્વથી પરિપૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે,' (૫, ૪, ૧૧). આ આનંદ પ્રકાશ વડે પ્રાપ્ત થાય છે; માનવ જાતિની ઈચ્છા મુજબ, સૂર્ય—ઉષા—દિનોને જન્માવવાથી અંગિરસો તે આનંદને પ્રાપ્ત કરે છે, ઇન્દ્ર, જે દિનોના જન્મ દ્વારા સ્વર્ની પ્રાપ્તિ કરે છે, તેણે કામના કરતા માણસો દ્વારા (उर्शिग्भिः તે શબ્દ नृ શબ્દની પેઠે મનુષ્યોનો તથા દેવોનો વાચક છે, પણ કેટલીક વાર તેનો અર્થ અંગિરસો થાય છે) શત્રુઓની સેનાઓને જિતી છે; તેણે માણસો જોઈ શકે તેટલા માટે, દિવસોના દર્શનને પ્રકાશિત કર્યું છે (केतुमहनाम्), અને મહાન આનંદ માટે પ્રકાશને પ્રાપ્ત કર્યો છે—अविन्दज्ज्योतिर्बृहतेरणाय । (૩, ૩૪, ૪).

આ અને બીજી છૂટક કંડિકાઓનો અર્થ એવો ઘટાવી શકાય કે તે આકાશ—પૃથ્વીની પેલે પારનું, એક રેડ ઇન્ડિયનોની કલ્પનાનું ભૌતિક જગત હતું, કે જેનું નિર્માણ સૂર્યનાં કિરણો વડે કરવામાં આવ્યું હતું; જેમાં માનવ પ્રાણી જાય અને મર્યાદાઓથી મુકત બનતું હતું, કારણ કે તે વિશાળ લોક હતો, અને ત્યાં માનવની બધી ઈચ્છાઓ પૂર્ણ થતી. તેને અસંખ્ય ઘોડા, ગાયો, પુત્રો અને નોકરો પ્રાપ્ત થતાં. પણ આપણે તે સાબિત કરવા નથી નીકળ્યા. ઊલટું, આપણે તો એ સિદ્ધ કરવા માગીએ છીએ કે આ વિશાળ લોક (बृहद् द्यौः અથવા स्वर्) જેમ આપણે સ્વર્ગ તથા પૃથ્વીથી પાર જઈને પ્રાપ્ત કરવાનો છે, તે પાર-સ્વર્ગીય વિશાળતા છે, આ મર્યાદા-રહિત પ્રકાશ પારમાનસિક સ્વર્ગ

છે, પારમાનસિક ઋતનું સ્વર્ગ છે, અમર્ત્ય આનંદનું સ્વર્ગ છે; અને તેના વાસ્તવિક પદાર્થરૂપ—સારરૂપ પ્રકાશ, ઋતનો પ્રકાશ છે. તેની પ્રાપ્તિ સ્વર્ગ તથા પૃથ્વીથી પર જઈને કરવાની છે, એમ અનેક વાર કહેવામાં આવ્યું છે: મનુષ્યો વૃત્રનો સંહાર કરીને આકાશ-પૃથ્વીની પાર ગયા છે, અને તેમણે પોતાના નિવાસ માટે વિશાળ લોકનું નિર્માણ કર્યું છે—घ्नन्तो वृत्रमतरन् रोदसी अपः उरु क्षयं चक्रिरे । (૧, ૩૬, ૮). પણ અત્યારે એટલું કહેવું પર્યાપ્ત થશે કે તે લોક અમુક પ્રકારના અંધકારને લીધે આપણે અત્યારે જોઈ શકતા નથી; તેને આપણે ખોળી કાઢી દૃશ્યમાન કરવાનો છે, અને તેને ખોળી કાઢવાનો આધાર ઉષા—સૂર્ય—સૂર્યની ગાયો તેમની ગૂઢ ગુફામાંથી બહાર પ્રગટ થાય તેના પર છે. સફળતાપૂર્વક યજ્ઞ કરનાર લોકો—જીવાત્માઓ સ્વર્દૃશ્ અને સ્વર્વિદ્ બની જાય છે, અથાત્ તેઓ સ્વર્‌ને જોનારા તથા શોધી કાઢનારા અથવા જાણનારા બની જાય છે, વિદ્ ધાતુના બે અર્થ છે—એક શોધવું, મેળવવું, અને બીજો જાણવું; એક બે મંત્રોમાં તો વિદ્‌ને બદલે ज्ञा ધાતુ વાપર્યો છે, કે જેનો અર્થ નિશ્ચિત છે; અને વેદ કહે છે કે પ્રકાશને અંધકારમાંથી જાણવા—જણાવવાનો છે. બાકીની વાતમાં, આ સ્વર્ અથવા વિશાળ લોકના સ્વરૂપનો પ્રશ્ન બહુ અગત્યનો છે, કારણ કે તેના નિર્ણય ઉપર એ વાત આધાર રાખે છે કે વેદ જંગલી લોકોએ ગાયેલાં સૂકતો જ માત્ર છે કે પ્રાચીન જ્ઞાનનો ગ્રંથ છે? તેની પૂર્ણ ચકાસણી કરવા માટે આપણે સો કરતાં વધારે સૂકતો જોવાં જોઈએ, જેમાં આ વિશાળ લોકનું વર્ણન આવે છે; અને આ પ્રકરણોમાં તેનો સમાવેશ કરવો તે શક્ય નથી. પણ અંગિરસોનાં સૂકતોના વિચાર કરતી વખતે આપણે આ મુદ્દા પર પાછો વિચાર કરવાનું પ્રાપ્ત થશે.

એટલે સૂર્યનો તથા ઉષાનો જન્મ સ્વર્‌ને જોવાની તથા પ્રાપ્ત કરવાની પૂર્વ શરત છે, અને તેથી વેદમાં આ કથાને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે, અને સત્ય મંત્ર વડે અંધકારમાંથી પ્રકાશને પ્રકાશિત કરવાનું, શોધી કાઢવાનું, અને જન્માવવાનું કામ બહુ અગત્યનું ગણવામાં આવ્યું છે. આ કાર્ય ઈન્દ્ર અને અંગિરસો કરે છે, અને ઘણાં સૂકતોમાં તે વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈન્દ્રને તથા અંગિરસોને સ્વર્ શોધી કાઢતા—સૂર્યને શોધી કાઢતા (अविदत्), તેમને પ્રકાશિત કરતા (अरोचयत्) તેમને જન્માવતા (अजनयत्) વર્ણવવામાં આવ્યા છે (અને આપણે યાદ રાખવું જોઈએ કે વેદમાં દેવોના યજ્ઞમાં આવિર્ભાવને તેમનો જન્મ કહેવામાં આવ્યો છે), અને તેમને જિતતા અને તેમનું સ્વામિત્વ ધરાવતા વર્ણવવામાં આવ્યા છે. ઘણી વાર તેમાં એકલા ઈન્દ્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈન્દ્ર જ રાત્રિઓમાંથી પ્રકાશને પ્રગટાવે છે અને સૂર્યને જન્માવે છે—क्षपां वस्ता जनिता सूर्यस्य (૩, ૪૯, ૪),

અથવા વધારે વિસ્તારપૂર્વક તે સૂર્ય અને ઉષાને જન્માવે છે (૨, ૧૨, ૭), અથવા સૂર્યને—સ્વર્ગને—ઉષાને ભેગાં જન્માવે છે (૬, ૩૦, ૫). પોતાના પ્રકાશ વડે તે ઉષાને પ્રકાશિત કરે છે, પોતાના પ્રકાશિત તે સૂર્યને પ્રકાશિત કરે છે —हर्यन्उषसम् अर्चयः सूर्यं हर्यन् अरोचयः । (૩, ૪૪, ૨). આ ઇન્દ્રની મહાન સિદ્ધિઓ છે—जजान सूर्यमुषसं सुदंसाः (૩, ૩૨, ૮); પોતાના પ્રકાશયુકત સાથીદારો વડે તે ક્ષેત્રની માલિકીને પ્રાપ્ત કરે છે (આ તે ક્ષેત્ર નથી કે જેમાં અત્રિએ પ્રકાશયુકત ગાયો જોઈ હતી?), તે સૂર્યને—જળોને જિતે છે—सनत् क्षेत्रं सखिभिः श्वित्न्येभिः सनत् सूर्यं सनदपः सुवज्रः (૧, ૧૦૦, ૧૮.) તે સ્વર્ને પણ જિતે છે (स्वर्षाः) આપણે જોયું છે કે તે દિવસોને જન્માવીને સ્વર્ને પ્રાપ્ત કરે છે. કેટલાક છૂટક મંત્રોમાં આપણે એવો અર્થ કાઢી શકીએ કે : સૂર્યનો આ જન્મ દેવોએ પ્રથમ સૃષ્ટિ સમયે કર્યો હતો, પણ જ્યારે આ અને બીજાં સૂકતો ભેગાં લઈએ, ત્યારે તે અર્થ શકય નથી. તેનો આ જન્મ ઉષાના જન્મ સાથે, અંધકારમાંથી થયેલો વર્ણવાયો છે. યજ્ઞ વડે આ જન્મ થાય છે— इन्द्र सुयज्ञा उषसः स्वर् जनत् । (૨, ૨૧, ૪.), ઇન્દ્ર સારી રીતે યજ્ઞ કરીને ઉષાઓને તથા સ્વર્ને જન્માવે છે; મનુષ્યોની મદદથી તે એ પ્રમાણે કરે છે— अस्माके भिर्तृभिः सूर्यं सनत्, અમારા માણસો વડે તે સૂર્યને જિતે છે (૧, ૧૦૦, ૬); ઘણાં સૂકતોમાં તેને અંગિરસોના કાર્યના પરિણામ તરીકે વર્ણવ્યું છે, અને તેને ગાયોને મુકત કરવાના અથવા પર્વતને તોડવાના કાર્ય સાથે સંબંધિત કર્યું છે.

આ સંયોગ બીજાં કારણો સાથે આપણને સૂર્ય-જન્મને માત્ર રોજ બનતા, આકાશમાંથી (ઇન્દ્ર) ઉષા કાળે ઊગતા સૂર્યનો અર્થ લેતાં અટકાવે છે. જ્યારે એવું વર્ણન આવે છે કે તે ગાઢ અંધકારમાં પણ પ્રકાશને શોધી કાઢે છે— सो अन्धे चित् तमसि ज्योतिर्विदत् । (૧, ૧૦૦, ૮) ત્યારે એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આ પ્રકાશ તે જ છે કે જેને અગ્નિએ તથા સોમે શોધી કાઢયો હતો, જે પ્રકાશ આ અનેક પ્રાણીઓ માટે એક જ છે—अविन्दतां ज्योतिरेकं बहुभ्यः; જે પ્રકાશને તેમણે પણિઓ પાસેથી ગાયો ચોરી લેતી વખતે પ્રાપ્ત કર્યો હતો (૧, ૯૩, ૪); જે જાગ્રત્ પ્રકાશને ઋતની વૃદ્ધિ કરનારાઓએ—દેવ માટે દેવ રૂપે, જન્માવ્યો હતો (૮, ૮૯, ૧); જે ગૂઢ જ્યોતિને અંગિરસોએ—પિતૃઓએ સત્ય મંત્ર વડે ઉષાને જન્માવતી વખતે પ્રાપ્ત કર્યું હતું (૭, ૭૬, ૪). મનુ વૈશ્રવાવત અથવા કશ્યપે લખેલા, વિશ્વેદેવોને ઉદ્દેશાયેલા, સૂકતમાં તેનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ઋક્ને ખાતરીપૂર્વક ગાતા વિશ્વેદેવોએ મહાન સામનો વિચાર કર્યો, અને તે રીતે તેમણે સૂર્યને પ્રકાશિત કર્યો, (૮, ૨૯, ૧૦). આ કાંઈ માનવની સૃષ્ટિ પહેલાં

કરવામાં આવ્યું ન હતું. ૬, ૯૧, ૧માં કહેવામાં આવ્યું છે કે આપણાં અર્પણોથી વૃદ્ધિ પામતા, પ્રાચીન, અનિંદિત, દેવોએ અંધકારથી ઘેરાયેલા માનવ માટે ઉષાને સૂર્ય વડે પ્રકાશિત કરી. અંગિરસોએ દસ માસ સુધીના યજ્ઞને કરીને, અંધકારમાં રહેતા સૂર્યને શોધી કાઢયો. આ કથાનું મૂળ ગમે તે હોય, પણ તે ખૂબ પ્રાચીન અને પ્રચલિત છે, અને તે એમ માનીને પ્રવૃત્ત થાય છે કે સૂર્ય, માનવ માટે ઘણા લાંબા સમય સુધી ઢંકાઈ—આચ્છાદિત થઈ ગયો હતો, જે સમય દરમિયાન અંધકારથી ઘેરાઈ ગયો હતો. આ કથા આપણને માત્ર ભારતના આર્યોમાં જ પ્રચલિત નથી મળતી, પણ અમેરિકાના મય-લોકોમાં પણ જોવા મળે છે—જેમની સંસ્કૃતિ ઈજિપ્તની સંસ્કૃતિનું વધારે અસંસ્કૃત અને પહેલાંનું રૂપ હતું. તે કથામાં પણ સૂર્ય ઘણા મહિના સુધી અંધકાર વડે આચ્છાદિત થઈ ગયો હતો, અને વિદ્વાનોનાં (અંગિરસ્ ઋષિઓનાં?) સૂક્તોથી તથા પ્રાર્થનાઓથી તેને ફરી પ્રાપ્ત કરવામાં આવ્યો હતો, તેવી વાત આવે છે. વેદમાં પ્રકાશની પુનઃપ્રાપ્તિ અંગિરસોએ—સપ્તર્ષિઓએ—પ્રાચીન માનવના પિતૃઓએ કરી, એવું વર્ણન છે; અને તેમના દ્વારા માનવ અનુભૂતિમાં તે ઘટના વારંવાર—સતત બનતી રહે છે, તેમ પણ કહેવામાં આવ્યું છે.

આ સમાલોચના પરથી જોઈ શકાશે કે ગુમાવી દીધેલા સૂર્યની યજ્ઞ તથા મંત્ર દ્વારા પુનઃ પ્રાપ્તિની કથા તથા ગુમાવી દીધેલી ગાયોની પણ મંત્ર દ્વારા પુનઃ પ્રાપ્તિ—અને તે બંને ઈન્દ્ર તથા અંગિરસો કરે—તે બે જુદી કથાઓ નથી, પણ એક જ છે. ગાયો અને ઉષાના સંબંધોની ચર્ચા કરતી વખતે અમે આ એકતા પર ભાર મૂકયો જ છે. ગાયો ઉષાનાં કિરણો છે, સૂર્યનાં ધણ છે, અને ભૌતિક પશુઓ નથી. ગાયો સૂર્યનાં ખોવાઈ ગયેલાં કિરણો છે; તેમની પુનઃ પ્રાપ્તિ પ્રથમ થાય છે અને ત્યાર પછી ખોવાઈ ગયેલા સૂર્યની પુનઃ પ્રાપ્તિ થાય છે. પણ આ એકતાને, વેદમાંનાં જ સ્પષ્ટ વચનો દ્વારા શંકા-રહિત રીતે સ્થિર પાયા પર મૂકવાની જરૂર છે.

વેદ સ્પષ્ટ રીતે કહે છે કે ગાયો તે પ્રકાશ છે, અને જેમાં તેમને પૂરવામાં આવી છે તે વાડો અંધકાર છે. ૧, ૯૨, ૪માં ગાયોની તથા વાડાની રૂપકમયતાનું સૂચન કરવામાં આવ્યું છે જે મંત્ર અમે ટાંકયો છે, 'ઉષાએ, ગાયોના વાડાની પેઠે, અંધકારને ખોલી નાખ્યો.' ૧, ૯૩, ૪માં ગાયોની પુનઃ પ્રાપ્તિનો પ્રકાશની શોધ સાથે સતત સંબંધ વર્ણવવામાં આવ્યો છે—તમે બે જણે પણિઓ પાસેથી ગાયો ચોરી લીધી—તમે ઘણાને માટે એક પ્રકાશને શોધી કાઢયો. ૨, ૨૪, ૩માં કહેવામાં આવ્યું છે કે દેવોમાંના સૌથી વધારે દિવ્ય દેવે તે કાર્ય કરવાનું છે; વાડાનાં મજબૂત સ્થાનો તોડીફોડી નાખવામાં આવ્યાં; કિલ્લેબંધીને નબળી કરી નાખવામાં આવી; મંત્ર વડે (ब्रह्मणा) બૃહસ્પતિ

ગાયોને (કિરણોને) ઉપર હાંકી ગયા; તેમણે વલને હરાવ્યો, અંધકારને દૂર કર્યો, સ્વર્ને દૃશ્યમાન કર્યું. ૫, ૩૧, ૩માં કહ્યું છે કે ગાયોને જેમાં પૂરી રાખવામાં આવી હતી તે વાડામાં તેણે સારા દોગ્ધાઓને પ્રેરણા કરી મોકલ્યા, સર્વત્ર વ્યાપક અંધકારને તેણે પ્રકાશ વડે ખોલી નાખ્યો. પણ કોઈ એમ કહે છે કે વેદમાં એક પેટાવાક્ય ને બીજા સાથે સંબંધ નથી, ઋષિઓનું મન સતર્કતા અને બુદ્ધિમયતાનાં બંધનોમાંથી સુખમય રીતે નિર્મુકત થઈ ગયું હતું અને તેઓ આમથી તેમ ગમે ત્યાં કૂદકા મારતા—ફાળો ભરતા, ગાયોમાંથી સૂર્ય તરફ અને અંધકારમાંથી દ્રાવિડિયનોની ગુફા તરફ, તો તેને જડબાંતોડ જવાબ ૧, ૩૩, ૧૦માં મળી રહે છે—ઇન્દ્રે વજ્રને પોતાનું સાથીદાર સહાયક બનાવ્યું અથવા તેનો વિનિયોગ કર્યો (युजम्); પ્રકાશ વડે તેણે ગાયોને—કિરણોને અંધકારમાંથી દોહી કાઢયાં. (આપણે યાદ રાખવું જોઈએ કે વજ્ર સ્વર્ય अश्मा, સ્વર્નો પથ્થર છે અને તેમાં સ્વરનો પ્રકાશ છે.) ૪, ૫૧, ૨ માં પણિઓનો પ્રશ્ન છે, તેમાં કહેવાયું છે કે ઉદય પામતી, વિશુદ્ધ, વિશુદ્ધ બનાવતી, ઉષાઓએ વાડાનાં દ્વાર—અંધકારનાં પણ દ્વાર ખોલી નાખ્યાં—व्रजस्य तमसो द्वारा. આ બધી સાબિતીઓ મળવા છતાં, જો આપણે ગાયોની અને પણિઓની કથામાં ઐતિહાસિક વસ્તુ જોવા આગ્રહ સેવીશું, તો તો આપણે જે વેદનો સાચો અર્થ નથી, તેને તેમાંથી પ્રગટ કરવાનો દુરાગ્રહ સેવ્યો ગણાશે. નહિ તો આપણે કબૂલ રાખવું પડશે કે પણિઓની આ પરમ ગૂઢ સંપત્તિ—निधिं पणीनां परमं गुहाहितम् (૨, ૨૪, ૬) પાર્થિવ ગાયોનાં ધણ નથી, પણ પુરુચ્છેપ દૈવોદાસિએ ૧, ૧૩૦, ૩ માં સ્પષ્ટ રીતે કહ્યું છે તેમ, પક્ષીના બચ્ચાની પેઠે, અનંત પર્વતમાં, એકાંત સ્થાનમાં સંતાડી રાખેલો સ્વર્ગનો ખજાનો છે, ગાયોના વાડા પેઠે ગુપ્ત રાખેલો સ્વર્ગીય ખજાનો છે—अविन्दद् दिवो निहितं गुहा निधिं वेर्न गर्भं परिवीतमश्मनि अनन्ते अन्तरश्मनि, व्रजं वज्री गवामिव सिषासन् ।

આ બે કથાઓ વચ્ચેના સંબંધને—એકતાને પ્રગટ કરતા મંત્રો અનેક છે. હું માત્ર થોડાકનું જ ઉદ્ધરણ કરીશ. ૧. ૬૨ મા સૂકતમાં આ કથાનું વિસ્તારપૂર્વક વર્ણન મળે છે—'હે બળવાન ઇન્દ્ર, દશગ્વો (અંગિરસો) સાથે તેં મંત્ર વડે વલને ચીરી નાખ્યો; અંગિરસોએ તારી સ્તુતિ કરી અને તેં સૂર્ય વડે ઉષાઓને ઉઘાડી, અને ગાયો વડે સોમને પ્રગટ કર્યો.' ૬, ૧૭, ૩માં કહેવામાં આવ્યું છે કે—હે ઇન્દ્ર, સૂકતને સાંભળ અને મંત્રો દ્વારા વૃદ્ધિને પ્રાપ્ત કર; સૂર્યને પ્રકાશિત કર, શત્રુનો સંહાર કર, ગાયોને પર્વત ચીરીને બહાર કાઢ. ૮, ૯૮, ૬ માં કહ્યું છે કે—સૂર્યની આંખ વડે તું તારી પાસે—આસપાસ જે ગાયોનું ધણ જુએ છે, તે તારું છે; તું આ ગાયોનો એક માત્ર માલિક છે—गवामसि

गोपतिरेक इन्द्र। તે ગાયો કયી જાતની છે કે ઇન્દ્ર જેમનો માલિક છે તે આપણને ૩, ૩૧ મા સૂકતમાં—સરમા અને ગાયોના સૂકતમાં કહેવામાં આવ્યું છે—ગાયો તેને ચીકટી રહી, તેમને અંધકારમાંથી મહાન પ્રકાશનું જ્ઞાન થયું; તે જ્ઞાનયુકત ગાયો ઊર્ધ્વમાં તેની પાસે ગઈ, અને ઇન્દ્ર તે ગાયોનો એકમાત્ર માલિક બન્યો—पतिर्गवामभवदेक इन्द्रः। તે જ સૂકતમાં સપ્તર્ષિઓ—અંગિરસો મન વડે અને ઋતના સમગ્ર માર્ગની શોધ વડે, કેવી રીતે ગાયોને તેમના મજબૂત કારાગૃહમાંથી બહાર લઈ આવ્યા, અને જ્ઞાનયુકત સરમા કેવી રીતે પર્વતની ગુહા પાસે આવી, અને અવિનાશી ગાયોના આરડવાના અવાજને સાંભળીને આવી, તેનું વર્ણન છે., ૯૦, ૪ માં આપણે ઉષાઓના તથા સ્વર્ના વિશાળ સૂર્ય-પ્રકાશની શોધના સંબંધને જોઈએ છીએ—ઉષાઓ સંપૂર્ણ પ્રકાશ સાથે, કશી ઈજા વગર, બહાર નીકળી આવી; ધ્યાન કરતા અંગિરસોએ વિશાળ પ્રકાશને—उरु ज्योतिः ને શોધી કાઢયું; કામનાવાળા તેમણે ગાયોના વિશાળ સ્થાનોને ખોલી નાખ્યાં; તેમના પર સ્વર્ગમાંથી જળો પ્રવાહિત થયાં.

૨, ૧૯, ૩ માં આપણને દિવસો, સૂર્ય અને ગાયો જોવા મળે છે—તેણે સૂર્યને જન્માવ્યો, ગાયોને શોધી કાઢી, રાત્રિમાંથી દિવસોને પ્રગટ કર્યા. ૪, ૧, ૧૩માં ઉષાઓ અને ગાયોનું તાદાત્મ્ય કરવામાં આવ્યું છે—પર્વતમાંના વાડાવાળા કુશળ દોગ્ધાઓ પ્રકાશયુકત ગાયોને કારાગૃહમાંથી બહાર હાંકી લાવ્યા; ગાયો તેમના અવાજનો જવાબ આપતી હતી. તેનો અર્થ એવો પણ થઈ શકે કે પહેલાંની ઋચામાં વર્ણવાયેલા, આપણા માનવી પૂર્વજો, અંગિરસોએ ગાયોને તેમને માટે હાંકી બહાર કાઢી. ૬, ૧૭, ૫ માં વાડાને તોડવાના કાર્યને સૂર્યના પ્રકાશિત થવામાં સાધનરૂપ ગણવામાં આવ્યું છે—મજબૂત સ્થાનોને તોડી-ફોડી નાખતા તેં સૂર્યને તથા ઉષાને પ્રકાશિત કર્યાં; ગાયોને આવૃત કરનાર મહાન અદ્રિને તેં પાયામાંથી હચમચાવી મૂકયો. છેક છેલ્લે ૩, ૩૯, ૪—૫ માં તે બંને રૂપકમય કથાઓનું સંપૂર્ણ તાદાત્મ્ય જોવામાં આવે છે—પણિની ગાયો માટે યુદ્ધ કરનાર આપણા પૂર્વજોની નિંદા કોઈ મર્ત્ય કરી શકે તેમ નથી, કોઈ તેમની આગળ અવરોધ ઊભો કરી શકે તેમ નથી; મહાન બળવાળા, અદ્‌ભુત પરાક્રમો કરનાર ઇન્દ્રે તેમને માટે મજબૂત વાડાનાં કારાગૃહોને તોડી-ફોડી નાખ્યાં; ત્યારે નવગ્વોના મિત્ર રૂપે તે ઘૂંટણ પર ચાલીને ગાયોનું અનુસરણ કરતો હતો; ત્યારે દશગ્વો સાથે ઇન્દ્રે સત્ય સૂર્યને શોધી કાઢયો (મારા મત અનુસાર—સત્યને તથા સૂર્યને શોધી કાઢયાં) કે જે અંધકારમાં રહેતો હતો. આ કંડિકા નિર્ણાયક છે. આ ગાયો પણિઓની ગાયો છે, અંગિરસો તેમની પાછળ પાછળ, હાથ-ઘૂંટણ પર ચાલીને, ગુફામાં પ્રવેશ કરે છે, નવગ્વો તથા દશગ્વો કહેવાતા અંગિરસો સાથે ઇન્દ્ર તેમને શોધી કાઢે છે, અને પર્વતની ગુફામાં આવેલા પણિઓના

વાડાઓમાંથી જે સમૃદ્ધિને તેઓ પ્રાપ્ત કરે છે, તે આર્યોની ચોરાયેલી સમૃદ્ધિ નથી, પણ 'અંધકારમાં રહેલો સૂર્ય' છે.

એટલે એ નિર્ણય હવે પાકો છે કે વેદમાં વર્ણવાયેલી ગાયો, પણિઓની ગાયો, જે ચોરાઈ ગઈ હતી, જેમને માટે યુદ્ધ ખેલાય છે, જેમની પાછળ પાછળ જઈને જેમને ફરી પ્રાપ્ત કરવામાં આવે છે, જેમની ઋષિઓ કામના કરે છે, જેમને મંત્ર દ્વારા તથા યજ્ઞ દ્વારા જિતવામાં આવે છે, જેમની પ્રાપ્તિ પ્રકાશમાન અગ્નિ દ્વારા—દેવત્વની વૃદ્ધિ કરનાર મંત્ર દ્વારા અને દેવોને આનંદનો નશો ચઢાવનાર સોમરસ દ્વારા કરવામાં આવે છે, તે રૂપકયુકત ગાયો છે, પ્રકાશની ગાયો છે, તેમને गो, उस्रा, उस्रिया—સૂર્યનાં ધણો, પ્રકાશો રૂપે વર્ણવવામાં આવી છે, તે ઉષાનાં પ્રકાશયુકત રૂપો છે. આ અનિવાર્ય નિગમન દ્વારા સાચા વૈદિક અર્થનો પાયો સલામત રીતે સુસ્થાપિત થાય છે, તેમાં જંગલી લોકોની પૂજાની સ્થૂળ ભૌતિકતા નથી, વેદ એકરૂપકમય મહાગ્રંથ તરીકે પ્રગટ થાય છે, સૂર્યપૂજા તથા ઉષાપૂજાના—ઉચ્ચતર આંતરિક પ્રકાશના પવિત્ર ધર્મપુસ્તક રૂપે પ્રગટ થાય છે, જે આપણા અજ્ઞાનના અંધકારમાં નિગૂઢ રહે છે, જે સત્ય-સૂર્યના આંતર પ્રકાશ રૂપે, પક્ષીના બચ્ચાની પેઠે, દિવ્ય હંસની પેઠે, આ ભૌતિક અસ્તિત્વના અનંત પર્વતની ગુહામાં નિગૂઢ—अनंते अन्तरश्मनि । (૧, ૧૩૦, ૩) રહે છે.

જો કે આ પ્રકરણમાં, ગાયો અંધકારમાં નિગૂઢ સૂર્યનો પ્રકાશ છે એ સિદ્ધ કરવા તરફ જ મેં ધ્યાન આપ્યું છે, છતાં મેં ટાંકેલા એક બે મંત્રોમાંથી ઋતના પ્રકાશ સાથે—જ્ઞાનના સૂર્ય સાથે તે ગાયોનો સંબંધ નજરે ચડે તેવો છે. જ્યારે આપણે અંગિરસ્—સૂકતોનો છૂટક છૂટક નહિ, પણ સમગ્ર સૂકતોનું અવલોકન કરીશું, ત્યારે આ સૂચન સ્પષ્ટ નિશ્ચિતતામાં વિકસશે, તે આપણે જોઈશું. પણ પ્રથમ આપણે આ અંગિરસ્ ઋષિઓ તરફ, ગુફામાંનાં પ્રાણીઓ—અંધકારના મિત્રો—ગૂઢ પણિઓ તરફ નજર નાખી લઈએ, કે જે પણિઓ પાસેથી તે ઋષિઓ પ્રકાશયુકત ગાયોનાં ધણને તથા ગુમાવેલા સૂર્યને ફરીથી પ્રાપ્ત કરે છે.

અંગિરસ્ ઋષિઓ

અંગિરસ્ નામ વેદમાં બે સ્વરૂપોમાં જોવા મળે છે—એક અંગિરા અને બીજું અંગિરસ્, જો કે બીજું વધારે વપરાશવાળું છે; આપણે અનેક વાર બૃહસ્પતિને પિતૃવંશનું અંગિરસ્—નામ લાગુ કરાયેલું જોઈએ છીએ. પાછળના સમયમાં, ભૃગુ અને બીજા ઋષિઓની પેઠે, અંગિરસ્ને મૂળ ઋષિઓમાંના—ઋષિવંશ—પ્રવર્તકોમાંના એક ગણવામાં આવ્યા છે. તેમના બધા વંશજોને આંગિરસો, અત્રિઓ, ભાર્ગવો કહેવામાં આવતા. વેદમાં પણ આ ઋષિઓના વંશો જોવામાં આવે છે—અત્રિઓ, ભૃગુઓ, કાણ્વો વગેરે. અત્રિઓના એક સૂકતમાં અંગિરસ્ ઋષિઓએ અગ્નિની શોધ કરી એમ કહેવામાં આવ્યું છે. (૫, ૧૧, ૬); પણ બીજા સૂકતમાં તે શોધ ભૃગુઓએ કરી એમ કહેવામાં આવ્યું છે (૧૦, ૪૬, ૯)[૧]. ઘણી વાર સાત મૂળના અંગિરસ્ ઋષિઓનું માનવ પિતૃઓ તરીકે (पितरो मनुष्याः) વર્ણન કરવામાં આવ્યું છે, જેમણે પ્રકાશ શોધી કાઢયો હતો, સૂર્યને પ્રકાશિત કર્યો હતો, અને જેઓ ઋતના સ્વર્ગમાં આરોહણ કરી ગયા હતા. દશમા મંડળનાં કેટલાંક સૂકતોમાં તેમને પિતૃઓ તરીકે યમ સાથે સંબંધિત કર્યા છે કે જે યમદેવ પાછળનાં સૂકતોમાં જ મહત્ત્વને પ્રાપ્ત કરે છે; દેવો સાથે અંગિરસ્—પિતૃઓ બર્હિસ્—પવિત્ર દર્ભ પર આસન મેળવે છે, અને તેમને યજ્ઞનો ભાગ પણ મળે છે.

જો આટલું જ હોય, તો અંગિરસ્ ઋષિઓએ ગાયોને શોધી કાઢીને પાછી મેળવવામાં જે ભાગ ભજવ્યો છે, તેની સમજૂતી આપવી તે બહુ સરળ બની જાય. તેઓ વૈદિક ધર્મના સંસ્થાપક પિતૃઓ હતા, જેમને તેમના વંશજોએ અંશતઃ દેવત્વ અર્પણ કર્યું હતું, અને તેમને લાંબી ઉત્તર ધ્રુવના પ્રદેશમાંની

---

૧. ઘણું કરીને અંગિરસ્ ઋષિઓ અગ્નિની શિખા-શકિતઓ છે, જ્યારે ભૃગુઓ સૂર્યની શકિતઓ છે.

રાત્રિઓમાં ઉષા તથા સૂર્યને પાછાં જિતી લાવવામાં અથવા તો પ્રકાશ અને ઋતને પ્રાપ્ત કરવામાં તેમના વંશજોએ સતત સંબંધિત કર્યા હતા. પણ આટલું જ બસ નથી, તે વૈદિક કથાને ગહનતર બાજુઓ છે. અંગિરસ્ ઋષિઓ માત્ર દેવત્વને પ્રાપ્ત થયેલા માનવના પૂર્વજો જ માત્ર નથી; તેમને સ્વર્ગના દ્રષ્ટાઓ, દેવોના પુત્રો, સ્વર્ગના પુત્રો, અસુર (મહાન દેવના) વીરો અથવા શકિતઓ તરીકે વર્ણવવામાં આવ્યા છે—दिवस्पुत्रासो असुरस्य वीराः (૩, ૫૩, ૭), જેમની સંખ્યા સાતની ગણાવી છે. અને તેથી તે ઇરાનના પુરાણશાસ્ત્રના અહુર્ મઝદના સાત દેવદૂતોની યાદ અપાવે છે. વળી તેવાં પણ સૂકતો આવે છે, જેમાં તેઓ તદ્દન રૂપકમય, અગ્નિની—મૂળ અંગિરસ્ની શકિતઓ રૂપે, પુત્રો તરીકે, રૂપકમય પ્રકાશ અને જવાળાની શકિતઓ તરીકે વર્ણવાયા છે. તેઓ સાત મુખોવાળા એક અંગિરસ્માં સંયુકત બની જાય છે કે જેને પ્રકાશનાં નવ અથવા દશ કિરણો હતાં, नवग्वे अंगिरे दशाग्वे सप्तास्ये, જેમના ઉપર અને જેમના વડે ઉષા પોતાના સર્વ આનંદ તથા સમૃદ્ધિ સાથે ઉદય પામે છે, અને છતાં આ ત્રણેય વર્ણનો એક જ અંગિરસ્નાં છે, કારણ કે તેમનાં લક્ષણો તથા કાર્ય એક જ છે.

આ ઋષિઓ દિવ્ય છે તેમ જ મનુષ્યો છે, તે તેમના દ્વિવિધ ચરિત્ર માટે બે તદ્દન વિરોધી સમજૂતીઓ આપી શકાય. તેઓ મૂળ માનવી ઋષિઓ હોઈ શકે, જેમને તેમના વંશજોએ દેવો કલ્પ્યા અને તેમને માટે દિવ્ય પિતૃવંશ તથા દિવ્ય કાર્ય નિર્ણીત કર્યાં; અથવા તો તેઓ મૂળ અર્ધદેવો— પ્રકાશ તથા જવાલાની શકિતઓ હોઈ શકે, જેમને પાછળથી માનવજાતિના પૂર્વજો કલ્પ્યા, અને તેના જ્ઞાનને શોધી કાઢનારા તરીકે જે વર્ણવાયા. પ્રાચીન પુરાણકથાઓમાં આ બંને પ્રક્રિયાઓ નજરે પડે છે. દાખલા તરીકે, ગ્રીક પુરાણકથામાં કૅસ્ટર અને પોલિડયુસિસ તથા તેમની બહેન હેલન, ઝિયસનાં બાળકો હોવા છતાં, માનવીઓ હતાં; તેમના મૃત્યુ પછી તેમને દેવો કલ્પવામાં આવ્યાં હતાં; પણ સંભવ વધારે એવો છે કે મૂળ ત્રણેય જણ દેવો હતા. જોડિયા ભાઈઓ, ઘોડા પર સવારી કરનારા, સમુદ્રના યાત્રીઓનું રક્ષણ કરનારા, કૅસ્ટર અને પોલિ-ડયુસિસ વૈદિક અશ્વિનો સાથે ચોક્કસ તાદાત્મ્ય ધરાવે છે. અશ્વિનો પણ, તેમનું નામ સૂચવે છે તે પ્રમાણે ઘોડા પર સવારી કરતા, તેમના અદ્ભુત રથમાં મુસાફરી કરતા, જોડિયા ભાઈઓ હતા. તેમણે પણ સમુદ્રમાંથી ભુજ્યુને બચાવ્યો હતો, તેઓ મહાન જળો પર યાત્રીઓને સલામતીપૂર્વક લઈ જતા નાવિકો હતા. તેઓ ઉષાના ભાઈઓ હતા. ઉષા હેલન હોઈ શકે, અથવા હેલન સ્વર્ગની કૂતરી સરમા હોઈ શકે. દક્ષિણાની પેઠે સરમા એક શકિત છે, મોટે ભાગે ઉષાનું રૂપક છે. ગમે તેમ હોય, પણ આ માનવીઓના પાછળના વિકાસમાં તેમને

દેવો કલ્પવામાં આવ્યા અથવા અર્ધદેવો કલ્પવામાં આવ્યા, અને તેમને માનસ-શાસ્ત્રીય કાર્યો માટે નક્કી કરવામાં આવ્યા. તે પ્રક્રિયા લગભગ એવી જ છે, કે જે આપણે ગ્રીક ધર્મમાં જોઈએ છે, જેમાં ઍથિની—ઉષા જ્ઞાનની દેવી બની ગઈ, અને ઍપોલો—સૂર્ય દિવ્ય ગાયક અને દ્રષ્ટા બની ગયો, આગાહી કરનાર કાવ્યમય પ્રેરણાનો સ્વામી બની ગયો.

વેદના પ્રાચીન ગૂઢવાદી ઋષિઓમાં એક બીજું વલણ જોવામાં આવે છે. તેમના મનને વારંવાર સર્વવ્યાપક રૂપકો વાપરવાની ટેવ હતી. તેમનાં પોતાનાં નામો, રાજાઓ તથા યજમાનોનાં નામો, તેમના જીવનના સામાન્ય સંજોગો—આ બધાને તેઓ પોતાના ગૂઢ અર્થ માટે રૂપકો તરીકે વાપરતા. તેમના આહીરી જીવનમાં ગો—ગાય સ્વાભાવિક રીતે હોય. તે શબ્દનો તેમણે પ્રકાશ અર્થ પણ કર્યો. તે બાહ્ય અને આંતર—બંને અર્થો તેમને અભિપ્રેત હતા. દેવો પાસે તેઓ આ આધ્યાત્મિક સમૃદ્ધિની—ગાયોની માગણી કરતા. તે જ રીતે તેઓ પોતાનાં નામ ગોતમ (ખૂબ પ્રકાશયુકત) અને ગવિસ્થિર (પ્રકાશમાં સ્થિર) પોતાની અંગત માગણીઓ સૂચવવા, પોતાના વિચારના સામાન્ય ખ્યાલને સૂચવવા, વાપરતા. તે જ રીતે તેઓ પોતાની તેમ જ બીજા ઋષિઓની આંતર—બાહ્ય અનુભૂતિઓનો પણ ઉપયોગ કરતા. શુન:શેપને યજ્ઞની વેદી પર બલિ તરીકે બાંધવામાં આવ્યો હતો. આપણે જોઈશું કે ઋગ્વેદમાં તે કથાનો રૂપક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. શુન:શેપ પાપના ત્રણ પાશો વડે બંધાયેલો જીવાત્મા છે; અગ્નિ—સૂર્ય—વરુણની દિવ્ય શકિતઓ તેને તે પાશોમાંથી મુકત કરે છે. તે જ રીતે કુત્સ, કણ્વ, ઉશનસ્ કાવ્ય-ઋષિઓ પણ અમુક અનુભૂતિઓનું તથા વિજયોનું રૂપક બની ગયા છે—ટાઈપ બની ગયા છે, અને દેવ તરીકે તેમને દેવોની સાથે સ્થાન આપવામાં આવ્યું છે. એટલે આ બાબતમાં પણ, સાત અંગિરસ્ ઋષિઓ દિવ્ય શકિતઓ, આધ્યાત્મિક જીવનની જીવંત શકિતઓ બની ગયા હોય, અને છતાં તેમનું પરંપરાગત અથવા ઐતિહાસિક માનવ ચરિત્ર કાયમ રહ્યું હોય, તે બનવાજોગ છે. આપણે આ અનુમાનોને અને સંભાવનાઓને બાજુએ રહેવા દઈશું, અને ગાયોના રૂપકમાં તથા અંધકારમાંથી સૂર્ય—ઉષાને પુન:પ્રાપ્ત કરવામાં, તેમના વ્યકિતત્વની ત્રણ બાજુઓએ અથવા તત્ત્વોએ શો ભાગ ભજવ્યો છે, તેનું બારીક અવલોકન કરીશું.

આપણે ધ્યાનમાં લેવું જોઈએ કે વેદમાં અંગિરસ્ શબ્દ ગાયોના તથા ઉષાના રૂપકમાં વિશેષણ તરીકે વાપરવામાં આવ્યો છે. બીજું કે તે અગ્નિના નામ તરીકે વપરાયો છે. ઈન્દ્રને તથા બૃહસ્પતિને અંગિરસ્ અને આંગિરસ કહેવામાં આવ્યા છે; એ કાંઈ શોભા માટેનું અથવા પૌરાણિક નામ નથી, પણ તે શબ્દના માનસ-શાસ્ત્રીય અર્થને ખાસ ખ્યાલમાં રાખીને તે વાપરવામાં આવ્યો છે. અશ્વિનોને

પણ સામૂહિક રીતે અંગિરસો કહેવામાં આવ્યા છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે વેદમાં અંગિરસ્ શબ્દ ઋષિઓના અમુક કુલનું નામ માત્ર નથી; પણ તે શબ્દમાં જ કોઈક સ્પષ્ટ અર્થ રહેલો છે. નામ તરીકે તે વાપરવામાં આવે છે, ત્યારે પણ આ આંતરિક અર્થના ખ્યાલને સ્પષ્ટ રીતે મગજમાં રાખવામાં આવ્યો હોય છે. વેદમાં બધાં—ઘણાંખરાં નામોને તેમના અર્થ પર ભાર મૂકીને જ વાપરવામાં આવ્યા છે—ખાસ કરીને દેવોનાં, ઋષિઓનાં અને રાજાઓનાં નામો. 'ઇન્દ્ર' શબ્દ સામાન્ય રીતે નામ તરીકે વાપરવામાં આવ્યો છે. પણ જ્યારે ઉષાને इन्द्रतमा अंगिरस्तया વર્ણવવામાં આવી છે (ખૂબ ઇન્દ્રનાં લક્ષણોથી યુકત, ખૂબ અંગિરસ્નાં લક્ષણોથી યુકત), ત્યારે આપણને વૈદિક પદ્ધતિનો ખ્યાલ આવી જાય છે. પણિઓને अनिन्द्रा કહેવામાં આવ્યા છે (ઇન્દ્રનાં લક્ષણો વગરના). એટલે ઇન્દ્ર—શબ્દ તથા અંગિરસ્—શબ્દ તે બંનેનાં લક્ષણો—ગુણો—કાર્યો—શકિતઓના વાચક છે. તો પછી આપણે તપાસવું જોઈએ કે આ અર્થ કયો હોઈ શકે, અને તે અંગિરસ્ ઋષિઓના સ્વભાવ પર તથા લક્ષણો પર કયા પ્રકારનો પ્રકાશ ફેંકે છે.

અંગિરસ્-શબ્દ અગ્નિ સાથે સંબંધ ધરાવે છે. अंग् ધાતુ મૂળ अग् છે, તેમાં વચ્ચે અનુનાસિક ઉમેરવામાં આવ્યો છે. अग्नि શબ્દ अग् ધાતુમાંથી બન્યો છે. તેનો અર્થ થાય છે—બળવાન હોવું, લાગણી—ગતિ—ક્રિયા—પ્રકાશ[1] વધારે પ્રમાણમાં હોવાં. 'પ્રકાશ હોવા' અર્થમાંથી અગ્નિ શબ્દ બન્યો છે. अंगति, अंगार—બળતો કોયલો તેમાંથી બન્યા છે. એટલે अंगिरस् નો અર્થ પ્રકાશમાન, જાજવલ્યમાન હોવો જોઈએ. વેદમાંથી તથા બ્રાહ્મણોની પરંપરામાંથી આપણને જાણવા મળે છે કે અંગિરસો મૂળ રૂપે અગ્નિ સાથે ખૂબ સંબંધિત છે. બ્રાહ્મણોમાં કહ્યું છે કે अग्नि એટલે અગ્નિ, અને अंगिरसो એટલે બળતા અંગારા. પણ વેદમાં તેમને અગ્નિની જવાળાઓ—અગ્નિનાં તેજ કહ્યા છે. દશમા મંડળના બાસઠમા સૂકતમાં (જે અંગિરસોને ઉદ્દેશીને લખવામાં આવ્યું છે) તેમને અગ્નિના પુત્રો કહ્યા છે, તેઓ વિવિધ સ્વરૂપોમાં સ્વર્ગની આસપાસ બધે જ અગ્નિની આસપાસ વિચરે છે, અને પછીના પદમાં તેમનો સામૂહિક રીતે એકવચનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે—नवग्वो नु दशग्वो अंगिरस्तमः सचा देवेषु मंहते । નવ કિરણોવાળો, દશ કિરણોવાળો,

---

૧. સ્થિતિ હોવી—ના અર્થમાં अग्र શબ્દ (પ્રથમ, શિખર) બન્યો છે, ગ્રીક શબ્દ अगन्નો અર્થ થાય છે ખૂબ ખૂબ. લાગણીના અર્થમાં ગ્રીક agape શબ્દ બન્યો છે, તેનો અર્થ છે પ્રેમ; સંસ્કૃત अंगना શબ્દને તેની સાથે સંબંધ છે. ગતિ—ક્રિયાવાચક અનેક શબ્દો ગ્રીક, લૅટિન, સંસ્કૃતમાં अग् ધાતુમાંથી બન્યા છે.

ખૂબ અંગિરસ્ના ગુણોવાળો, આ અંગિરા—વંશ દેવોમાં પ્રાચુર્યને પ્રાપ્ત કરે છે; ઇન્દ્રની મદદ વડે તેઓ ગાયોને તથા અશ્વોને વાડામાંથી મુકત કરે છે, યજમાનને તેઓ રહસ્યમય આઠ કાનવાળી ગાયો આપે છે અને તે રીતે દેવોમાં શ્રવસ્—દિવ્ય શ્રુતિ, ઋતની પ્રેરણાનું સર્જન કરે છે. અહીં સ્પષ્ટ છે કે અંગિરસ્ ઋષિઓ દિવ્ય અગ્નિનાં પ્રકાશયુકત તેજ છે, કે જે સ્વર્ગમાં જન્મ્યાં હોવાથી દિવ્ય જવાળાનાં તેજ છે, નહિ કે ભૌતિક અગ્નિનાં, તેઓ પ્રકાશનાં નવ કિરણોને—દશ કિરણોને પ્રાપ્ત કરે છે અને વધારેમાં વધારે અંગિરસ્ બને છે, અર્થાત્ અગ્નિની દિવ્ય શિખાનાં જાજવલ્યમાન તેજોથી વધારેમાં વધારે પરિપૂર્ણ બને છે, અને પરિણામે કારાગૃહમાં પુરાયેલા પ્રકાશને તથા શકિતને નિર્મુકત કરે છે અને પારમાનસિક જ્ઞાનનું સર્જન કરે છે.

આ રૂપકમયતાનો અર્થ સ્વીકારવામાં ન આવે, તો પણ તેમાં રૂપકમયતા છે એટલું તો કબૂલ કરવું જ પડશે. આ અંગિરસો માનવી યજમાનો નથી, પણ સ્વર્ગમાં જન્મેલા અગ્નિના પુત્રો છે—જો કે તેમનું કાર્ય માનવી પિતૃ—અંગિરસો જેવું જ છે—पितरो मनुष्याः તેઓ ભિન્ન ભિન્ન રૂપોમાં જન્મે છે (विरूपासः); અને આ બધાનો એવો જ અર્થ થાય છે કે તેઓ અગ્નિની શકિતનાં વિવિધ સ્વરૂપો છે. પ્રશ્ન એ છે કે તે કયા અગ્નિનાં સ્વરૂપો છે? યજ્ઞના સામાન્ય અગ્નિતત્ત્વનાં કે પછી તે પવિત્ર અગ્નિની જવાળાનાં કે જેને 'દ્રષ્ટાના સંકલ્પયુકત પુરોહિત' કહ્યો છે અથવા જે દ્રષ્ટાનું કાર્ય કરે છે, સત્ય છે, પ્રેરણાના વિવિધ પ્રકાશ વડે સમૃદ્ધ છે—अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तमः (૧, ૧, ૫) તે અગ્નિનાં? જો તે અગ્નિતત્ત્વ જ હોય, તો જાજવલ્યમાન તેજોવાળો તે છે, તે સૂર્યનાં હોવાં જોઈએ; તે સૂર્યનાં કિરણોને પ્રતિબિંબિત કરતો અને ઇન્દ્રરૂપી આકાશ સાથે ઉષાને સર્જાવતો, અગ્નિ હોવો જોઈએ. અંગિરસ્-કથાની વિગતો તથા સંયોગો સાથે બીજો કોઈ ભૌતિક અર્થ સુસંગત નથી. પણ આ અર્થ અંગિરસોના આગળ આવતા વર્ણન સાથે બંધબેસતો નથી, જ્યારે તેમને દ્રષ્ટાઓ, સૂકતના ગાયકો, બૃહસ્પતિની—સૂર્યની—ઉષાની શકિતઓ તરીકે વર્ણવવામાં આવ્યા છે.

૬, ૬, ૩, ૪, ૫ વેદના મંત્રોમાં દિવ્ય અંગિરસોનું અગ્નિનાં જાજવલ્યમાન તેજો સાથેનું તાદાત્મ્ય સ્પષ્ટ રીતે પ્રગટ કરવામાં આવ્યું છે: "હે વિશુદ્ધ પ્રકાશતા અગ્નિ, પવન વડે, પ્રજવલિત બનતાં તમારાં વિશુદ્ધ તેજને સર્વત્ર પ્રસરાવો (भामासः) બળપૂર્વક વિજય પ્રાપ્ત કરતા, સ્વર્ગીય નવગ્વો (નવ કિરણોવાળા, दिव्या नवग्वाः)[1] વનોને ભાંગી નાખીને માણે છે (वना वनन्ति, જેમાં 'ઉપભોગના

---

૧. સાયણ તેનો અર્થ 'યજ્ઞનાં ઇન્ધન' કરે છે.

પદાર્થોને ભોગવે છે' એ ગૂઢ અર્થ પણ સૂચિત થયો છે.); હે વિશુદ્ધ પ્રકાશ, વિશુદ્ધ અને પ્રકાશયુકત નવગ્વો પૃથ્વી પર આક્રમણ કરે છે;[1] તે બધી દિશાઓમાં દોડતા, તારા ઘોડા છે. પછી તારું વિચરણ વિશાળતાપૂર્વક બધે પ્રકાશે છે, અને પૃશ્નિ (મરુતોની ગાયમાતા, અનેક રંગોવાળી દેવી) ની યાત્રાને ઉચ્ચતર ભૂમિકા પર લઈ જાય છે. પછી ગાયો માટે યુદ્ધ કરતા વૃષભની (ઇન્દ્રની) વીજળીની પેઠે, તારી બેવડી જીભ (આકાશ અને પૃથ્વી?) આગળ કૂદી પડે છે." સાયણ ઋષિઓનું જવાળાઓ સાથે તાદાત્મ્ય ટાળવા માટે, नवग्व નો અર્થ 'નવાં જન્મેલાં કિરણો' કરે છે. પણ અહીં दिव्या नवग्वाः (દિવ્ય નવગ્વો) અને સ્વર્ગમાં જન્મેલા અગ્નિના પુત્રો (૧૦, ૬૨) કે જેમને नवग्वाः કહેવામાં આવ્યા છે, તે બંને એક જ છે, જુદા ન હોઈ શકે. અને ઉપરના વિધાનમાં એમ કહેવામાં આવ્યું છે કે અગ્નિના વિચરણમાં, નવગ્વોના કાર્ય વડે, તેની જિહ્વા, ગાયો માટે યુદ્ધ કરનાર ઇન્દ્રનું વજ્ર બની જાય છે, અને તે વજ્ર તેના હાથમાંથી સ્વર્ગના અદ્રિમાં રહેલી અંધકારની શકિતઓનો સંહાર કરવા તૂટી પડે છે, તેનાથી તે તાદાત્મ્ય સિદ્ધ થાય છે, કારણ કે એમાં અગ્નિ અને નવગ્વોનું આક્રમણ, પૃથ્વી પર વિચર્યા પછી, અદ્રિ પર આરોહણ કરતું વર્ણવાયું છે (सानु पृश्नेः).

અહીં જવાળાનું તથા પ્રકાશનું રૂપક સ્પષ્ટ છે; દિવ્ય જવાળાઓ પ્રથમ પૃથ્વીનું ભક્ષણ કરે છે, પછી આકાશમાં વીજળી બની જાય છે, અને સૂર્યની શકિતઓનું તેજ બની જાય છે. કારણ કે વેદમાં અગ્નિ સૂર્યનું તેજ, તેમ જ વીજળી, તેમ જ જળોમાંની જવાલા, અને પૃથ્વી પરનો પ્રકાશ બને છે, તેમ કહેલું છે. અંગિરસ્ ઋષિઓ, અગ્નિની શકિતઓ હોવાથી, આ વિવિધ પ્રકારનાં કાર્યોમાં ભાગ લે છે. યજ્ઞ વડે પ્રજ્વલિત કરાયેલી, દિવ્ય જવાળા ઇન્દ્રને વીજળી, હથિયાર, સ્વર્ગીય પથ્થર (स्वर्य अश्मा) ની દ્રવ્યસામગ્રી પૂરી પાડે છે, જેના વડે તે અંધકારની શકિતઓનો સંહાર કરે છે, અને ગાયોને—સૂર્યના પ્રકાશોને પ્રાપ્ત કરે છે.

અંગિરસોનો પિતા આ અગ્નિ માત્ર આ દિવ્ય જવાળાઓનું જ ઉદ્ગમ-સ્થાન નથી, પણ વેદમાં તેને પ્રથમ–મૂળ પરમ અંગિરસ્ વર્ણવવામાં આવ્યો છે—प्रथमो अंगिराः। વૈદિક ઋષિઓ આ વર્ણન વડે આપણને શું કહેવા માગે છે? આ વિશેષણ જે મંત્રોમાં તે પ્રકાશયુકત જાજવલ્યમાન દેવને આપવામાં આવ્યું છે, તેમનું અવલોકન કરવાથી આપણને તેનો મર્મ સમજાશે. પ્રથમ તો તે વિશેષણની સાથે સાથે, અગ્નિને એક બીજું વિશેષણ બે વાર

---

૧. સાયણ અર્થ કરે છે 'પૃથ્વીના કેશનું મુંડન કરે છે.'

આપવામાં આવ્યું છે—सहसः सूनुः, ઊર્જોનપાત્, બળ અથવા શકિતનો પુત્ર. ૮, ૬૦, ૨ માં તેને—'હે અંગિરસ્ બળના પુત્ર' એમ સંબોધવામાં આવ્યો છે--सहसः सूनो अंगिरः। ૮, ૮૪, ૪માં તેને अग्ने अंगिरा ऊर्जोनपात्—'હે અગ્નિ, અંગિરા, શકિતના પુત્ર,' એમ સંબોધવામાં આવ્યો છે. ૫, ૧૧, ૬ માં કહેવામાં આવ્યું છે કે હે પ્રત્યેક વનમાં (वने वने) ગુપ્ત સ્થાનમાં રહેલા, હે અંગિરા અગ્નિ, અથવા પ્રત્યેક ઉપભોગના પદાર્થમાં રહેલા હે અંગિરા અગ્નિ, મથન કરવાથી (मथ्यमानः) તું મહાન શકિત રૂપે જન્મે છે; તેથી હે અંગિરસ્, તું બળનો પુત્ર કહેવાય છે—स जायसे मथ्यमानः सहो महत् त्वामहुः सहसस्पुत्रमंगिरः । એટલે વેદના ખ્યાલ અનુસાર, અંગિરસ્માં આ બળનો—શકિતનો વિચાર એક અગત્યનું તત્ત્વ છે, અને અંગિરસ્ શબ્દનો અર્થ પણ તે પ્રકારનો છે, તે આપણે જોઈ ગયા છીએ. અગ્નિ અને અંગિરસ્—શબ્દો अग् અથવા अंग् ધાતુમાંથી બન્યા છે; અને તેના અર્થમાં સ્થિતિ, કાર્ય, ગતિ, પ્રકાશ, લાગણી--બધાનો અંતર્ભાવ થાય છે. અહીં શકિત અને પ્રકાશ—બંને અર્થો અભિપ્રેત છે. માટે પવિત્ર અગ્નિની જવાળા પ્રકાશની જાજવલ્યમાન શકિત છે; અંગિરસો પણ પ્રકાશની જાજવલ્યમાન શકિતઓ છે.

પણ કયા પ્રકાશની? ભૌતિક કે રૂપકમય? આપણે વૈદિક ઋષિઓને—કવિઓને અસંસ્કૃત જંગલી બુદ્ધિવાળા લોકો ન માની લેવા જોઈએ કે જેઓ બધી ભાષાઓમાં જોવામાં આવતા સ્પષ્ટ રૂપકને ન વાપરી શકે, કે જે રૂપકમાં ભૌતિક પ્રકાશને માનસિક કે આધ્યાત્મિક પ્રકાશનું—આંતરજ્ઞાનનું રૂપક આપવામાં આવ્યું છે. વેદમાં પ્રકાશયુકત ઋષિઓની—द्युमतो विप्राःની વાત આવે છે, અને સૂરિ, વિદ્વાન—શબ્દને સૂર્ય સાથે વ્યુત્પત્તિ શાસ્ત્રીય સંબંધ છે, અને તેથી સૂરિનો મૂળ અર્થ પ્રકાશયુકત થાય છે. ૧, ૩૧, ૧માં અગ્નિ—જવાળાના દેવ માટે કહેવામાં આવ્યું છે કે હે અગ્નિ, તું પ્રથમ અંગિરસ્ હતો, દ્રષ્ટા અને મંગલકારી મિત્ર હતો, દેવ હતો, દેવોનો તું હતો; તારા કાર્યના કાયદા અનુસાર પ્રકાશમાન ભાલાઓવાળા મરુતો જન્મ્યા હતા, જેઓ જ્ઞાન વડે કાર્યો કરનાર દ્રષ્ટાઓ છે. આ સ્પષ્ટ બતાવી આપે છે કે અગ્નિ અંગિરસ્ના ખ્યાલમાં બે વિચારો રહેલા છે—જ્ઞાન અને ક્રિયા; પ્રકાશમાન અગ્નિ અને પ્રકાશમાન મરુતો તેમના પ્રકાશ વડે ઋષિ છે, કવિ છે; જ્ઞાનના પ્રકાશ વડે બળશાળી મરુતો તેમનું કાર્ય કરે છે, કારણ કે તેઓ અગ્નિના વ્રતમાં જન્મેલા છે. અગ્નિ પોતે कविक्रतुः—દ્રષ્ટાની સંકલ્પશકિતવાળો, પ્રેરણામય અથવા પારમાનસિક જ્ઞાન (श्रवस्) અનુસાર કાર્યો કરનાર ક્રિયાશકિતરૂપ છે, કારણ કે કવિ શબ્દનો અર્થ થાય છે તે પ્રકારનું પારમાનસિક જ્ઞાન અને નહિ કે બૌદ્ધિકતા. માટે આ મહાન શકિત, અગ્નિ અંગિરસ્ (सहो महत्), પ્રકાશ

અને શકિતરૂપ સંપૂર્ણ સંવાદિતાપૂર્વક કાર્ય કરતા બે ગુણોથી યુકત, દિવ્ય ચેતનાના જાજવલ્યમાન બળ સિવાય બીજું શું હોઈ શકે? મરુતોને પણ કવયો विद्मना अपसः, જ્ઞાન વડે કાર્ય કરતા ઋષિઓ—દ્રષ્ટાઓ તરીકે વર્ણવ્યા છે. આપણે કારણો દ્વારા એવો નિર્ણય કર્યો હતો કે ઉષા એ દિવ્ય ઉષા છે, માત્ર ભૌતિક ઉષા નથી; તેની ગાયો અથવા ઉષાનાં કિરણો અને સૂર્ય ઉદય પામતી દિવ્ય ચેતનાના પ્રકાશો છે; અને પરિણામે સૂર્ય પ્રકાશકારક, જ્ઞાન તથા સ્વર્નો સ્વામી છે—આકાશપૃથ્વીથી પર સ્વર્લોકનો સ્વામી છે; સ્વર્લોક દિવ્ય ઋત અને આનંદનો લોક છે; ટૂંકમાં કહીએ તો વેદમાં પ્રકાશ એ જ્ઞાનનું, દિવ્ય ઋતના પ્રકાશનું પ્રતીક છે. હવે આપણે એ નિગમન પર આવી શકીએ તેમ છીએ કે જવાળા પ્રકાશનું જ બીજું સ્વરૂપ છે, અને તે દિવ્ય ચેતનાની—પારમાનસિક ઋતની શકિતનું પ્રતીક છે.

૬, ૧૧, ૩માં એક ઉલ્લેખ આવે છે—દ્રષ્ટા, અંગિરસોમાં સૌથી વધારે પ્રકાશયુકત—वेपिष्ठो अंगिरसां विप्रः, કે જેનો અર્થ બહુ સ્પષ્ટ નથી. વેપિષ્ઠ એટલે ખૂબ જ્ઞાનયુકત. તેનો વિપ્ર સાથે સંબંધ અર્થને સ્પષ્ટ કરે છે, છતાં સાયણ કહે છે કે અહીં તે સૂકતના પરંપરાગત રચયિતા ભારદ્વાજ પોતાને જ દેવોના 'સૌથી વધારે સ્તુતિગાયક' તરીકે વખાણે છે; પણ આ સૂચન શંકાગ્રસ્ત છે. આમાં અગ્નિ હોતા–યજમાન છે; તે દેવોને તથા પોતાના દેહતત્ત્વને આહુતિ આપે છે—तन्वं तवं स्वाम् (૬, ૧૧, ૨) તથા મરુતોને, મિત્રને, વરુણને, આકાશપૃથ્વીને આહુતિ આપે છે. સૂકતમાં કહે છે કે જયારે ખૂબ પ્રકાશયુકત અંગિરસોમાંનો શ્રેષ્ઠ યજ્ઞમાં મધુરતાના છંદનું ગાન કરે છે, ત્યારે સમૃદ્ધિથી પરિપૂર્ણ વિચાર હજી દેવોની, દિવ્ય જન્મોની કામના કરે છે, કે જેને પરિણામે તે સૂકતનો ગાયક તેમને આહુતિ આપે. અહીં અંગિરસોમાં સૌથી વધારે પ્રકાશમાન ઋષિ અગ્નિ પોતે જ છે. ઊલટું, આ વર્ણન બૃહસ્પતિને સૌથી વધારે લાગુ પડે છે.

કારણ કે બૃહસ્પતિ પણ અંગિરસ્ છે, અંગિરસ્ બને છે. આપણે જોયું છે કે પ્રકાશયુકત ગાયોની પુનઃપ્રાપ્તિ કરવાના કાર્યમાં તે અંગિરસ્ ઋષિઓ સાથે નિકટતાનો સંબંધ ધરાવે છે, અને તે સંબંધ તેનો બ્રહ્મણસ્પતિ—પવિત્ર અથવા પ્રેરિત મંત્રના (ब्रह्मणः) પતિ—સ્વામી તરીકેનો છે; કારણ કે તેના મંત્રથી વલના ચુરૂરા થઈ જાય છે, અને ગાયો કામનાપૂર્વક તેના અવાજને ઉત્તર આપવા આરડે છે. અગ્નિની શકિતઓ તરીકે, આ ઋષિઓ પણ અગ્નિ પેઠે કવિક્રતુ છે; તેમની પાસે દિવ્ય પ્રકાશ છે, અને તેના વડે તેઓ દિવ્ય શકિતથી કાર્ય કરે છે; તેઓ માત્ર ઋષિઓ જ નથી, પણ વૈદિક યુદ્ધના વીરો છે—दिवस्पुत्रासो असूरस्य वीराः । (૩, ૫૩, ૭), સ્વર્ગના પુત્રો, મહાન દેવના વીરો છે.

૬, ૭૫, ૯માં વર્ણન આવે છે કે જે પિતૃઓ મધુરતામાં (આનંદના લોકમાં) રહે છે, જેઓ વિશાળ જન્મને સ્થાપી આપે છે, જેઓ શકિતશાળી અને ગભીર[1] છે, જેઓ પોતાનાં પ્રકાશયુકત સૈન્યો વડે તથા બાણોના બળ વડે અજય છે, પોતાના અસ્તિત્વમાં જે વીરો છે, શત્રુઓના સમૂહોને વિશાળતાથી જિતનારા છે; પણ પછીના મંત્રમાં તેમને આમ વર્ણવવામાં આવ્યા છે—ब्राह्मणास: पितर: सोम्यास:, અર્થાત્ તેમની પાસે દિવ્ય મંત્ર છે અને તેની સાથે સાથે દિવ્ય જ્ઞાન છે.[2] આ દિવ્ય શબ્દ તે સત્ય મંત્ર છે, તે જે સત્યના વિચાર દ્વારા અંગિરસો ઉષાને જન્માવે છે અને ખોવાઈ ગયેલા સૂર્યનો ફરી સ્વર્ગમાં ઉદય કરે છે, તે ઋતનો વિચાર છે. મંત્રનો બીજો શબ્દ છે अर्क, જેના બે અર્થો થાય છે—મંત્ર અને પ્રકાશ; કેટલીક વાર તે સૂર્યના પ્રકાશ માટે વપરાયો છે. એટલે તે પ્રકાશનો શબ્દ છે, તે સૂર્ય જેનો સ્વામી છે તે સત્યના અર્થનો દ્યોતક છે; ઋતના ગૂઢ ધામમાંથી શબ્દનું પ્રાગટ્ય સૂર્યની ગાયોનાં ધણ—તેજોનાં પ્રાગટ્ય સાથે સંબંધિત છે. ૭, ૩૬, ૧ માં આપણે વાંચીએ છીએ કે ઋતના ધામમાંથી શબ્દને બહાર પ્રગટ થવા દો; સૂર્યે પોતાનાં કિરણો વડે ગાયોને નિર્મુકત કરી છે—प्र ब्रह्मैतु सदनादृत्रस्य, वि रश्मिभि: ससृजे सूर्यगा:। શબ્દને—મંત્રને સૂર્યની પેઠે જિતવાનો છે, અને તેની માલિકી માટે (अर्कस्य सातौ) તથા સૂર્યની પ્રાપ્તિ માટે (सूर्यस्य सातौ) અને સ્વર્ની પ્રાપ્તિ માટે (स्वर्सातौ) દેવોએ મદદ કરવાની છે.

એટલે અંગિરસ્ માત્ર અગ્નિ—શકિત જ નથી; તે બૃહસ્પતિ—શકિત પણ છે. બૃહસ્પતિને અનેક વાર અંગિરસ્ કહેવામાં આવ્યો છે. ૬, ૭૩, ૧માં यो अद्रिभित् प्रथमजा ऋतावा बृहस्पतिरांगिरसो हविष्मान्। બૃહસ્પતિ અદ્રિ-નો (પણિઓની ગુફાનો) ભાંગનાર, સત્યયુકત, પ્રથમ જન્મેલો, હવિથી યુકત, આંગિરસ છે. ૧૦, ૪૭, ૬માં બૃહસ્પતિનું આંગિરસ તરીકે વધારે સ્પષ્ટ વર્ણન છે—प्र सप्तगुं ऋतधीतिं सुमेधां बृहस्पतिं मतिरच्छा जिगाति, य आंगिरसो नमसा उपसद्य:। સાત કિરણોવાળા, ઋતનો વિચાર કરનારા, પરિપૂર્ણ બુદ્ધિવાળા, આંગિરસ, સમર્પણથી પ્રાપ્ત કરવા યોગ્ય, બૃહસ્પતિ પ્રત્યે વિચાર વળે છે.

---

૧. ૧૦, ૬૨, ૫માં અંગિરસોનું વર્ણન સરખાવો—જેઓ અગ્નિના પુત્રો છે, જે બધા ભિન્ન ભિન્ન સ્વરૂપોવાળા હોવા છતાં જ્ઞાનમાં ગભીર છે—गभीरवेपस:।

૨. વેદમાં બ્રાહ્મણ શબ્દનો એ અર્થ થાય છે. તેનો અર્થ ચોક્કસ 'બ્રાહ્મણ જ્ઞાતિનો અથવા પુરોહિતનો ધંધો કરનાર' નથી જ; અહીં પિતૃઓ, યોદ્ધાઓ અને ઋષિઓ—બંને છે. ઋગ્વેદમાં ચાર વર્ણોનો ઉલ્લેખ એક જ વાર કરવામાં આવ્યો છે, અને તે પાછળથી રચાયેલા, ગભીર પુરુષસૂકતમાં.

૨, ૨૩, ૧૮ માં ગાયોની નિર્મુકિતના તથા જળોની નિર્મુકિતના પ્રસંગમાં બૃહસ્પતિને આંગિરસ તરીકે સંબોધવામાં આવ્યા છે : 'જ્યારે તમે ગાયોને વાડા-માંથી ઊર્ધ્વમાં મુકત કરી, ત્યારે તમારા યશ માટે અદ્રિ ચીરાઈ ગયો; હે બૃહસ્પતિ, ઈન્દ્રની મદદ વડે તમે અંધકાર વડે વ્યાપ્ત જળોનાં પૂરને મુકત કર્યાં.' આપણે એ પણ નોંધવું જોઈએ કે વૃત્રની કથા અનુસાર જળોની નિર્મુકિત, અને આંગિરસ ઋષિઓ તથા પણિઓની કથા અનુસાર ગાયોની નિર્મુકિત એ બે વચ્ચે કેટલો બધો ગાઢ સંબંધ છે. વૃત્ર તથા પણિઓ અંધકારની શકિતઓ છે. ગાયો ઋતનો પ્રકાશ છે, સત્ય પ્રકાશક સૂર્ય છે—सत्यं तत्...सूर्यम्। વૃત્રના અંધકારથી વ્યાપ્ત જળોને કેટલીક વાર ઋતના પ્રવાહો કહ્યા છે—ऋतस्य धारा। અને કેટલીક વાર स्वर्वतीरप:—સ્વર્નાં પ્રકાશયુકત સૂર્યલોકનાં જળો કહ્યાં છે.

આપણે આ રીતે જોઈએ છીએ કે પ્રથમ તો અંગિરસ્ અગ્નિની—ઋષિના સંકલ્પની શકિત છે; જે જ્ઞાન વડે, પ્રકાશ વડે કાર્ય કરે તેને કવિ કહેવાય, ઋષિ કહેવાય; તે અગ્નિશકિતની જવાળા છે, યજ્ઞના પુરોહિત તરીકે તથા યાત્રાના અગ્રણી તરીકે કાર્ય કરવા માટે તે મહાન શકિત જન્મી છે; વામદેવ ૪, ૧, ૧ માં કહે છે તે પ્રમાણે મર્ત્યમાં અમૃતત્વ સ્થાપવા માટે દેવો જે પ્રયાસ કરે છે તેમની તે શકિત છે, મહાન કાર્ય (अरति) કરનાર બળ છે. બીજી વાત એ છે કે અગ્નિ બૃહસ્પતિની શકિત છે, અથવા તો ઓછામાં ઓછું તેનામાં બૃહસ્પતિની શકિત છે. બૃહસ્પતિ ઋતના વિચારથી પૂર્ણ, સાત કિરણો-વાળા છે; તે જેનો વિચાર કરે છે તે ઋતને તેમનાં સાત કિરણો ધારણ કરે છે; તેમનાં સાત મુખો ઋતને અભિવ્યકત કરનાર મંત્રનો ઉચ્ચાર કરે છે. તે દેવને માટે ૪, ૫૦, ૪—૫ માં કહેવામાં આવ્યું છે કે પરમ સ્વર્ગમાંના મહાન પ્રકાશમાંથી પ્રથમ જન્મેલા, અનેક રૂપોમાં પ્રગટ થયેલા, સાત મુખોવાળા, સાત કિરણોવાળા (सप्तास्य: सप्तरश्मि:), બૃહસ્પતિએ પોતાના મંત્રોચ્ચાર વડે અંધકારનો નાશ કર્યો; પોતાની સેનાઓ સાથે, ऋक् અને स्तुभ् વડે (પ્રકાશની ઋચા અને દેવોનું પ્રતિપાદન કરનાર છંદ વડે), તેમણે મંત્રોચ્ચાર કરીને વલને ભાંગી નાખ્યો. બૃહસ્પતિની આ સેના (सुष्टुभा ऋक्वता गणेन) તે અંગિરસ્ ઋષિઓ છે, જેઓ પોતાના સત્ય મંત્ર વડે તેના વિજયમાં મદદ કરે છે.

ઈન્દ્ર પણ અંગિરસ્ થતો—અંગિરસ્નાં લક્ષણો તથા ગુણો ધારણ કરતો વર્ણવાયો છે. 'ઈન્દ્ર વૃષભો સાથે વૃષભ છે (વૃષભ પુરુષ-શકિત છે (नृ), કિરણો અને જળો જે ગાયો-ધેનુઓ છે, તેમનો તે વૃષભ છે), મિત્રો સાથે મિત્ર છે ઋક્વાળાઓ સાથે ઋગ્મી છે (ऋग्मिभि: ऋग्मी), યાત્રા કરનારા (गातुभी:) જીવો (વિશાળ ઋત પ્રત્યે વિકાસ સાધનારા જીવો) સાથે તે મહાન છે; તેવો ઈન્દ્ર અંગિરસો સાથે વધારેમાં વધારે અંગિરા—ગુણોવાળો થાઓ,

અમારી સમૃદ્ધિ માટે તે મરુતો સાથે સંયુકત (मरुत्वान) થાઓ. (૧, ૧૦૦, ૪.) આમાં બધાં ઇન્દ્રનાં વિશેષણો અંગિરસોનાં ખાસ લક્ષણો છે, અને ઇન્દ્રને તેમના ગુણો તથા લક્ષણો પોતાનામાં ધારણ કરતો વર્ણવ્યો છે. ૩. ૩૧, ૭ માં કહ્યું છે કે ખૂબ જ્ઞાનના પ્રકાશથી યુકત (विप्रतम:; ૬, ૧૧, ૩ માં તેને બદલે वेपिष्ठो अंगिरसां विप्रो શબ્દગુચ્છ વપરાયો હતો) મિત્ર બનતો (सखियन्, મહાન યુદ્ધમાં અંગિરસો ઇન્દ્રના મિત્રો—સહાયકો છે), ઇન્દ્ર આગળ વધ્યો-ચાલ્યો (अगच्छत्, માર્ગમાં આગળ વધ્યો—સરખાવો गातुभि: કે જે માર્ગને સરમાએ શોધી કાઢયો હતો); સારું કાર્ય કરનાર માટે અદ્રિએ પોતામાં રહેલાં ધન તરત આપી દીધાં (गर्भम्), યુવાનો સાથે પુરુષત્વમાં બળવાન (मर्योयुवभि: યૌવન વૃદ્ધત્વ વગરની, હીન ન થતી શકિતનો ખ્યાલ આપે છે), તેણે સમૃદ્ધિની પરિપૂર્ણતાને શોધી કાઢી અને તેનો સ્વામી બન્યો (ससान मखस्यन्), અને તેથી મંત્રોચ્ચાર કરતો (अर्चन) તે તરત અંગિરસ્ બની ગયો. આપણે યાદ રાખવું જોઈએ કે અંગિરસ્ના બધા ગુણોને ધારણ કરતો આ ઇન્દ્ર સૂર્યના—ઋતના વિશાળ લોકનો સ્વામી છે, સ્વર્નો સ્વામી છે, અને બે પ્રકાશયુકત અશ્વો સાથે તે આપણા પર ઊતરી આવે છે (हरी) કે જે અશ્વોને બીજા એક મંત્રમાં સૂર્યસ્ય કેતૂ, સૂર્યની બે મહાન શકિતઓ, વિવેચના શકિત તથા જ્ઞાનની દર્શના શકિત કહેવામાં આવ્યા છે, અંધકારના પુત્રો સાથે યુદ્ધ કરવા અને મહાન યાત્રામાં મદદ કરવા તે આપણા પર ઊતરી આવે છે. જો વેદનો જે આંતર અર્થ આપણે કર્યો છે તે સાચો હોય, તો ઇન્દ્ર (પ્રકાશયુકત; इन्दु, ચંદ્ર સરખાવો, इन, સૂર્ય સરખાવો, इन्धू, પ્રજ્વલિત કરવું સરખાવો) માનવમાં જન્મેલા દિવ્ય મનની શકિત છે, અને મંત્ર તથા સોમ વડે તે પોતાના પરિપૂર્ણ દેવત્વમાં વિકાસ સાધે છે. આ વિકાસ પ્રકાશની પ્રાપ્તિ તથા વૃદ્ધિ વડે વધતો ચાલે છે, અને છેવટે ઇન્દ્ર—જ્ઞાનના પ્રકાશનો, દિવ્ય મનનો સ્વામી પોતાની 'સૂર્યની આંખ વડે' જેમને ખોળી કાઢે છે તે બધી પ્રકાશયુકત ગાયોનો માલિક બને છે.

અંગિરસ્ બનવામાં ઇન્દ્ર મરુત્વાન, મરુતોરૂપી સાથીદારોવાળો બને છે. આ મરુતોમાં—વાવાઝોડાના તથા વીજળીના પ્રકાશયુકત વેગવાન દેવોમાં વાયુની—પ્રાણની શકિત છે, તથા કવિદ્રષ્ટાના સંકલ્પવાળા અગ્નિની શકિત છે. પરિણામે મરુતો જ્ઞાન વડે કાર્ય કરતા દ્રષ્ટાઓ—कवयो विद्मना अपस:, અને સાથે સાથે સ્વર્ગીય પ્રાણની તથા સ્વર્ગીય વીજળીની શકિતઓ પણ છે, જે સ્થાપિત વસ્તુઓને, કૃત્રિમ અવરોધોને તોડીફોડી ભાંગી નાખે છે—(कृत्रिमाणि रोधांसि) કે જેમાં અંધકારના પુત્રો ભરાઈ બેઠા છે, અને મરુતો તે રીતે વૃત્રનો તથા દસ્યુઓનો સંહાર કરવામાં ઇન્દ્રને મદદ કરે છે. વેદના આંતર અર્થમાં, મરુતો પોતાને પ્રાણિક શકિતઓ વડે વિચાર-ક્રિયાઓને ટેકો આપે છે, જેને પરિણામે

મર્ત્ય ચેતના ઋત અને આનંદની અમરતામાં વિકાસ સાધી શકે. ૬, ૪૯, ૧૧ માં તેમને અંગિરસ્ના ગુણો ધારણ કરતા (अंगिरस्वत्) વર્ણવ્યા છે: 'હે યુવાન, યજ્ઞના કવિઓ તથા શકિતઓ, મરુતો, શબ્દનો ઉચ્ચાર કરતા તમે મહાન સ્થાન પ્રત્યે આવો (પૃથ્વીની અભીષ્ટ ભૂમિકા અથવા અદ્રિ—अधि सानु पृश्नेः જેનો ઉલ્લેખ ૬, ૬, ૪ માં આવી ગયો છે; તે જ અર્થ वरस्याम्નો થતો લાગે છે.), તમે અંગિરસ્ની પેઠે (માર્ગ પર, गातु) યોગ્ય ગતિ કરો છો, વૃદ્ધિ પામતી શકિતઓ છો; તમે પ્રકાશ-રહિતને પણ આનંદ આપો (अचित्रम्, જેને ઉષાનો વિવિધ પ્રકાશ નથી મળ્યો, આપણા સામાન્ય અંધકારની રાત્રિ.) તેમાં આપણને અંગિરસ્-કાર્યનાં તે જ લક્ષણો જોવા મળે છે—અગ્નિનું સનાતન યૌવન[1] તથા શકિત (अग्ने यविष्ठ) મંત્રનું સ્વામિત્વ તથા ઉચ્ચારણ; કવિપણું; યજ્ઞકાર્યનું વિધાન; ઋતના લોક પ્રત્યે દોરી જતા—વિશાળ પ્રકાશયુકત આનંદ પ્રત્યે દોરી જતા, મહાન માર્ગ પર સાચી યોગ્ય ગતિ. ૧૦, ૭૮, ૫ માં મરુતોને અંગિરસોની પેઠે સામમંત્રોથી યુકત, બધાં રૂપોને ધારણ કરતા વર્ણવવામાં આવ્યા છે—विश्वरूपा अंगिरसो न सामभिः।

આ બધું કાર્ય તથા ગતિ ઉષાના આગમનથી શકય બને છે. ઉષાને પણ अंगिरस्तमा તથા इन्द्रतमा વર્ણવવામાં આવી છે. અગ્નિની શકિત, અંગિરસ્ શકિત ઈન્દ્રની વીજળીમાં પણ તથા ઉષાનાં કિરણોમાં પ્રગટ થાય છે. અંગિરસ્ શકિતની આ બાજુ પર પ્રકાશ ફેંકતા બે મંત્રોને અમે ટાંકીશું. ૭, ૭૯, ૨-૩ માં કહ્યું છે કે ઉષાઓ પોતાનાં કિરણોને આકાશના ખૂણાઓ—છેડાઓ સુધી પ્રકાશિત કરે છે, કામમાં જોડેલા માણસો પેઠે તે મજૂરી કરે છે; તેનાં કિરણો અંધકારને ભગાડી મૂકે છે; જાણે સૂર્ય પોતાના બે હાથ પસારતો હોય, તેમ તે પ્રકાશને પ્રસારે છે; ઉષા ઈન્દ્રનાં ખૂબ ખૂબ લક્ષણોવાળી બાળા બની છે; તે ખૂબ સમૃદ્ધિશાળી છે; તેણે આપણી સુખમય ગતિ માટે (અથવા કલ્યાણ અને આનંદ માટે) જ્ઞાનની પ્રેરણાઓ જન્માવી છે; સ્વર્ગની પુત્રી, વધારેમાં વધારે અંગિરસ્નાં લક્ષણોવાળી (अंगिरस्तमा), ઉષા-દેવીએ સારાં કાર્યો કરનારને પોતાની સમૃદ્ધિ મળે તેથી આજ્ઞા કરી છે. ઉષાની આ સમૃદ્ધિઓ પ્રકાશ તથા ઋતની શકિતઓની સમૃદ્ધિઓ જ હોઈ શકે. દિવ્ય પ્રકાશયુકત મનની—ઈન્દ્રની શકિતથી પરિપૂર્ણ ઉષા તે મનને પ્રેરણાઓ (श्रवांसि) આપે છે કે જે પ્રેરણાઓ આપણને

---

૧. સાયણ આનો અર્થ કરે છે—ગતિમાન કિરણો (अंग्, ગતિ કરવી—ધાતુ પરથી) અથવા અંગિરસ્ ઋષિઓ. જો તે મહા વિદ્વાન વધારે હિંમતપૂર્વક તેમના વિચારોને સહેતુક—સયુકિતક નિગમનો સુધી લઈ ગયા હોત, તો આધુનિક સિદ્ધાંતના ઘણા અગત્યના મુદ્દાઓ તે પ્રાપ્ત કરી શકયા હોત.

આનંદ પ્રત્યે લઈ જાય છે; પોતામાં રહેલી પ્રકાશયુકત જાજ્વલ્યમાન અંગિરસ્-શકિત વડે તે મહાન કાર્યને યોગ્ય રીતે કરનાર માર્ગ પર યોગ્ય રીતે ગતિ કરનાર લોકો માટે પોતાના ખજાના વ્યવસ્થિત ગોઠવે છે—इत्था नक्षन्तो अंगिरस्वत् (६, ४९, ११).

બીજા મંત્રો ૭, ૭૫ માં છે : 'સ્વર્ગમાં જન્મેલી ઉષાએ ઋત વડે અંધકારના પડદાને ખોલી નાખ્યો છે, વિશાળતાને (महिमानम्) પ્રગટ કરતી તે આવે છે, તે હાનિઓના—અંધકારના—અનિષ્ટના પડદાને (द्रुहस्तमः) હટાવી દે છે; અંગિરસોનાં ખૂબ ખૂબ લક્ષણોથી યુકત એવી ઉષા (મહાન યાત્રાના) માર્ગોને પ્રગટ કરે છે. 'હે ઉષા, આજે અમારે માટે તું અમને વિશાળ આનંદની યાત્રામાં (महे सुविताय) પ્રેરે, ઉપભોગની વિશાળ સ્થિતિ માટે તારી સમૃદ્ધિને વિસ્તારાવ; હે માનુષ તથા દિવ્ય ઉષા, તું મર્ત્ય એવા અમારામાં વિવિધ પ્રકાશયુકત (चित्रम्), પ્રેરણાયુકત જ્ઞાનવાળી (श्रवस्युम्) સંપત્તિને સ્થિર કર. વિવિધ તેજોવાળાં તથા અમર્ત્ય, દૃશ્યમાન ઉષાનાં આ તેજો આવી પહોંચ્યાં છે; દિવ્ય કાર્યોને જન્માવતાં તે તેજો અંતરિક્ષનાં તેજોમાં પ્રસરી જાય છે'— जनयन्तो दैव्यानि व्रतानि, आपृणन्तो अंतरिक्षा व्यस्थुः । (ઋચાઓ ૧—૩). અહીં ફરીથી આપણને અંગિરસ્-શકિતનું યાત્રા સાથે, અંધકારને દૂર કરીને તેના માર્ગને પ્રગટ કરવાનું, અને ઉષાનાં તેજોને લઈ આવવાનું—ત્રણેનું સાહચર્ય જોવા મળે છે; પણિઓ અનિષ્ટકારી શકિતઓ માનવને જે હાનિઓ પહોંચાડે છે તે અથવા તેમના કરનારા છે; અંધકાર તેમની ગુહા છે; પ્રકાશ —શકિત—જ્ઞાનની વધતી જતી સમૃદ્ધિ વડે દિવ્ય આનંદને—અમર આનંદની સ્થિતિને પ્રાપ્ત કરાવનાર ગતિ તે યાત્રા છે; ઉષાનાં અમર તેજો માનવમાં સ્વર્ગીય કાર્યોને પ્રગટાવે છે; અને તે કાર્યોમાં આકાશ—પૃથ્વીના અંતરાલ લોકનાં—અંતરિક્ષના કાર્યોની પરિપૂર્ણતા માને છે, અર્થાત્ આપણા ભૌતિક તથા શુદ્ધ માનસિક અસ્તિત્વ વચ્ચે કડીરૂપ, વાયુ વડે નિયમિત થયેલી પ્રાણિક ભૂમિકાઓનાં કાર્યોનો ઉમેરો કરે છે. આ ઉષાનાં અમર તેજો અંગિરસ્ શકિતઓ જ હોઈ શકે. કારણ કે દિવ્ય કાર્યોને હાનિ વગર ટકાવી રાખવાથી (अमर्धन्तो दैव्या व्रतानि), તે તેજો પણ ઋતને ધારણ કરી શકે છે, તેનો લાભ મેળવે છે. મર્ત્ય સ્વભાવમાં દિવ્ય ઉષાને લઈ આવવાનું કાર્ય તે તેજોનું છે, જેને પરિણામે દૃશ્યમાન ઉષા દેવી તેની સમૃદ્ધિ વરસાવે, કે જે ઉષા એકીસાથે દિવ્ય તેમ જ માનુષી છે, મર્ત્યોમાં રહેલી માનવી દેવી છે.

સાત શિરોવાળો વિચાર, સ્વર્ અને દશગ્વો

આમ સૂકતોની ભાષા અંગિરસ્ ઋષિઓ માટે બે પાસાં સ્થાપિત કરે છે. એક વેદના બાહ્ય અર્થને લાગુ પડે છે; તે સૂર્ય, જવાળા, ઉષા, ગાયો, અશ્વ, સોમ, યજ્ઞનો મંત્ર, એ બધાં પ્રાકૃતિક દૃશ્યોને એક સાથે ગૂંથી લે છે; બીજું પાસું તેમાંથી આંતર અર્થને નિર્મુકત કરે છે. અંગરિસો જવાળાના પુત્રો છે, ઉષાનાં તેજ છે, સોમરસ પીનાર તથા આપનાર છે, સૂકતના ગાયકો છે, સનાતન યુવાનો છે, અને અંધકારના પુત્રોની પકડમાંથી આપણે માટે સૂર્યને, ગાયોને, અશ્વોને, બધા ખજાનાઓને જિતનાર વીરો છે. પણ તેઓ ઋતના દ્રષ્ટાઓ પણ છે, ઋતના મંત્રના શોધકો તથા ગાયકો છે, ઋતની શકિતથી તે આપણે માટે પ્રકાશના તથા અમરતાના લોકને જિતી લે છે—જે લોકને વેદમાં સત્યં ઋતં બૃહત્ વિશાળ સત્ય ઋત તરીકે, જેના તેઓ પુત્રો છે તે જવાળાના ઘર તરીકે વર્ણવવામાં આવે છે. આ ભૌતિક દૃશ્યોને અને આ માનસશાસ્ત્રીય સૂચનોને એકબીજા સાથે ગાઢ રીતે ગૂંથી લેવામાં આવ્યાં છે; તે બેને જુદા પાડી શકાય તેમ નથી. તેથી સામાન્ય બુદ્ધિ આપણને એવું નિગમન તારવવાની ફરજ પાડે છે કે સત્ય અને ઋત જેનું ઘર છે તે જવાળા પોતે જ સત્ય—ઋત—રૂપ હોવી જોઈએ; ઋત વડે તથા સત્ય વિચારની શકિત વડે જિતાતો પ્રકાશ માત્ર ભૌતિક પ્રકાશ ન હોઈ શકે; સરમા જેમને ઋતના માર્ગ પર શોધી કાઢે છે તે ગાયો માત્ર ભૌતિક ગાયો ન હોઈ શકે; અશ્વો, આક્રમણ કરનાર આર્યો—દ્રાવિડિયનો પાસેથી જેમને જિતી લે છે તે ભૌતિક અશ્વ-સમૃદ્ધિ ન હોઈ શકે; તે માત્ર ભૌતિક ઉષાનાં, તેના પ્રકાશનાં અને ઝડપભેર ગતિ કરતાં તેનાં કિરણોનાં દૃશ્યો ન હોઈ શકે; અને જેમનું રક્ષણ પણિઓ અને વૃત્ર કરે છે તે અંધકાર માત્ર ભારતની અથવા ઉત્તરધ્રુવના પ્રદેશની રાત્રિનો ભૌતિક અંધકાર ન હોઈ શકે. અમે એક એવી સયુકિતક માન્યતા રજૂ કરવાનું સાહસ કર્યું છે કે જેના વડે આપણે આ દૃશ્યોમાંથી સાચા અર્થને છૂટો પાડી

શકીએ, અને આ પ્રકાશયુકત દેવોના તથા આ દિવ્ય પ્રકાશયુકત અંગિરસ્—ઋષિઓના સાચા દેવત્વને ઓળખી શકીએ.

અંગિરસ્ ઋષિઓ એકીસાથે દિવ્ય અને માનવ ઋષિઓ છે. આ દ્વિવિધતા વેદમાં માત્ર આ ઋષિઓનું જ અસાધારણ લક્ષણ નથી. વૈદિક દેવોમાં પણ દ્વિવિધતા છે; તેઓ ખુદ પોતામાં દિવ્ય અને પહેલેથી અસ્તિત્વ ધરાવતા છે, પણ જ્યારે તેઓ માનવમાં મહાન આરોહરણ-કાર્યમાં વૃદ્ધિને પામે છે ત્યારે મર્ત્ય ભૂમિકા પરના પોતાના કાર્યમાં તે દેવો માનવ છે. ઉષાની બાબતમાં, આ લક્ષણ ધ્યાન ખેંચે તે રીતે વર્ણવવામાં આવ્યું છે—દેવી મર્તેષુ માનુષી (૭, ૭૫, ૨), મર્ત્યોમાં માનુષી દેવી. પણ અંગિરસ્ ઋષિઓની બાબતમાં, આ દ્વિવિધ લક્ષણમાં એક વધારે ગૂંચવાડો પરંપરાએ ઊભો કર્યો છે, કે જે પરંપરા તેમને માનવ પિતૃઓ બનાવે છે, માર્ગ અને ધ્યેયરૂપ પ્રકાશના શોધકો બનાવે છે. આ ગૂંચવાડાની અસર આપણા વૈદિક સિદ્ધાંત ઉપર તથા વૈદિક રૂપકમયતા પર શી અસર પડે છે તે આપણે હવે તપાસવું જોઈએ.

સામાન્ય રીતે અંગિરસ્ ઋષિઓની સાત સંખ્યા કહેવાઈ છે. તેઓ सप्त विप्राः સપ્તર્ષિઓ છે, જેમને આપણે પૌરાણિક પરંપરામાં (જુદાં નામોથી) જોઈએ છીએ, અને ભારતીય જ્યોતિષ્શાસ્ત્રે જેમને સાત ઋક્ષ (રીંછ)ના તારાઓ રૂપે પ્રતિષ્ઠિત (The Great Bear) કર્યા છે. પણ તેમને નવગ્વો તથા દશગ્વો તરીકે પણ વર્ણવવામાં આવ્યા છે. ૬, ૨૨, ૨ માં આ પ્રાચીન પિતૃઓને—સપ્તર્ષિઓને નવગ્વો કહેવામાં આવ્યા છે—पूर्वे पितरो नवग्वाः सप्त विप्रासः । પણ ૩, ૩૯, ૫ માં તેમને બે વર્ગોમાં—નવગ્વોમાં તથા દશગ્વોમાં વહેંચી દેવામાં આવ્યા છે; તેમાં પ્રથમ વર્ગમાં નવ અંગિરસો કહેવામાં આવ્યા છે, અને બીજા વર્ગમાં દશ. सखा ह यत्र सखिभिर्नवग्वैरभिज्ञ्वा सत्वभिर्गा अनुग्मन्, सत्यं तदिन्द्रो दशभिर्दशग्वैः सूर्यं विवेद तमसि क्षियन्तम् । નવગ્વો—મિત્રો સાથે મિત્ર તરીકે, ગાયોને અનુસરતા ઇન્દ્રે, દસ દશગ્વો સાથે, તે સત્યને—અંધકારમાં રહેતા સૂર્યને શોધી કાઢયો. જ્યારે ૪, ૫૧, ૪ માં આપણે સાત મુખોવાળા, સાત વદનોવાળા, નવ કિરણોવાળા, દસ કિરણોવાળા અંગિરસ્નું સામૂહિક વર્ણન વાંચીએ છીએ—नवग्वे अंगिरे दशग्वे सप्तास्ये । ૧૦, ૧૦૮, ૮ માં અયાસ્ય ઋષિને નવગ્વ અંગિરસો સાથે જોડવામાં આવ્યો છે. ૧૦, ૬૭, ૧ માં આ અયાસ્ય તે આપણા પિતૃ તરીકે વર્ણવ્યો છે, કે જેણે ઋતમાંથી જન્મેલા વિશાળ, સાત શિરોવાળા વિચારને શોધી કાઢયો અને જેણે ઇન્દ્રને મંત્રગાન કર્યું. નવગ્વોની સંખ્યા સાત કે નવ લઈએ, તે અનુસાર અયાસ્ય ઋષિ આઠમા કે દશમા થશે.

પરંપરા અંગિરસ્ ઋષિઓના બે વર્ગો હતા એમ કહે છે—નવગ્વો તથા

દશગ્વો. નવગ્વોએ નવ મહિના સુધી યજ્ઞ કર્યો, અને દશગ્વોએ દશ મહિના સુધી યજ્ઞ કર્યો. આ અર્થ અનુસાર, આપણે તે બે શબ્દોના અર્થ—'નવ ગાયોવાળા તથા દશ ગાયોવાળા' કરવો જોઈએ, કે જેમાંથી દરેક ગાય સામૂહિક રીતે ૩૦ ઉષાઓ, અર્થાત્ યજ્ઞના વર્ષનો એક માસ સૂચવે છે. પણ ખુદ વેદમાં એક મંત્ર છે કે જેનો અર્થ આ પરંપરા-પ્રાપ્ત અર્થથી તદ્દન વિરુદ્ધ છે. ૫, ૪૫, ૭માં અને ફરી ૫, ૪૫, ૧૧ માં એમ કહેવામાં આવ્યું છે કે, નવગ્વોએ દશ મહિના સુધી યજ્ઞ કર્યો અથવા વેદગાન કર્યું, દશગ્વોએ નહિ. સાતમો મંત્ર આ રહ્યો : अनुनोदत्र हस्तयतो अद्रिरार्चन् येन दश मासो नवग्वाः, ऋतंयती सरमा गा अविन्दद् विश्वानि सत्याङ्गिराश्चकार। અહીં હાથ વડે ફેંકાયેલા પથ્થરે અવાજ કર્યો (અથવા ગતિ કરી), જેનાથી નવગ્વોએ દશ માસ સુધી સૂક્ત ગાન કર્યું; ઋત તરફ ગતિ કરતી સરમાએ તેને પ્રાપ્ત કર્યું; અંગિરાએ બધી વસ્તુઓને સત્ય કરી. અગિયારમા મંત્રમાં તે વાતને ફરી વાર કહેવામાં આવી છે : धियं वो अप्सु दधिषे स्वर्षां ययातरन् दश मासो नवग्वाः, अया धिया स्याम देवगोपा अया धिया तुतुर्यामात्यंहः ॥ 'હું તમારે માટે જળોમાં (સાત નદીઓમાં)[1] સ્વર્લોકને પ્રાપ્ત કરાવનાર વિચારને મૂકી આપું છું (આ ઋતમાંથી જન્મેલો સાત શિરોવાળો વિચાર છે, જેને અયાસ્યે શોધી કાઢયો હતો), જેના વડે નવગ્વોએ દશ માસો પસાર કર્યા હતા; આ વિચાર દ્વારા દેવોને અમે રક્ષકો તરીકે પ્રાપ્ત કરીએ, આ વિચાર દ્વારા અમે પાપને તરી જઈએ.' આ ઉક્તિ સ્પષ્ટ છે. સાયણ દશ માસ નો અર્થ, જાણે તે વિશેષણ હોય તે પ્રમાણે, કરે છે—દશ માસોવાળા દશગ્વો; પણ તે વિકલ્પ રૂપે આપે છે, અને અગિયારમા મંત્રમાં તે તેને છોડી દે છે.

ત્યારે શું આપણે એમ માનવું કે આ સુકતનો રચયિતા પરંપરાને ભૂલી ગયો હતો, અને તેથી દશગ્વો તથા નવગ્વો વચ્ચે ગૂંચવાડો ઊભો કરે છે? તેમ માની શકાય તેમ નથી. આપણે એમ માની લઈએ છીએ કે વૈદિક ઋષિઓના મનમાં અંગિરસ્ ઋષિઓના નવગ્વો તથા દશગ્વો—બે જુદા વર્ગો હતા, તેથી એ ગરબડ ઊભી થાય છે. વધારે સાચી વાત તો એ છે કે અંગિરસ્પણાની તે બે ભિન્ન ભિન્ન શકિતઓ હતી, અને તેમ સમજીએ તો નવગ્વો પોતાના

---

૧. સાયણ તેનો અર્થ આવો કરે છે : હું જળો માટે સૂકતનું ઉચ્ચારણ કરું છું, અર્થાત્ વરસાદ મેળવવા માટે, પણ (अप्सु) સપ્તમી, વિભકિતનું બહુવચન છે, અને दधिषेનો અર્થ છે--હું ધારણ કરું છું, તેનો માનસશાસ્ત્રીય અર્થ છે—હું ધ્યાન કરું છું. ધિષણાનો અર્થ ધીની પેઠે 'વિચાર' થાય છે એટલે धियं दधिषेનો અર્થ હું વિચારનું ધ્યાન કરું છું.

યજ્ઞ-સત્રનો સમય નવ માસથી દશ માસ સુધી લંબાવે, એટલે તેઓ જ દશગ્વો બની જાય છે, તેમ માનવું સરળ છે. મંત્રમાં दश मासो अतरन् શબ્દો બતાવી આપે છે કે દશ માસનો પૂરો સમય વીતાવવામાં કોઈક મુશ્કેલી હતી. તે સમયના ગાળામાં અંધકારના પુત્રોમાં યજ્ઞ પર હુમલો કરવાની શકિત આવતી, કારણ કે એવું વિધાન આવે છે કે સ્વર્લોકને—સૂર્યના લોકને જિતનાર વિચારને સ્થાપિત કરવાથી ઋષિઓ દશ માસ પૂરા કરી શકતા; એક વાર તે વિચાર સ્થાપિત થઈ જાય, એટલે તેમને દેવોની મદદ—રક્ષણ મળવાની ખાતરી રહેતી, અને તેઓ પણિઓની—વૃત્રોની હાનિઓને તથા પાપમય આક્રમણની ઈજાઓને વટાવી જતા. આ સ્વર્લોકને જિતનાર પ્રકાશ ચોક્કસ તે જ સાત શિરોવાળો વિચાર છે, જે ઋતમાંથી જન્મ્યો હતો અને જેને નવગ્વોના સાથીદાર અયાસ્યે શોધી કાઢયો હતો; કારણ કે આપણને એમ કહેવામાં આવ્યું છે કે તેના વડે અયાસ્ય વૈશ્વિક બની ગયો હતો, બધા લોકોમાં જન્મો લેતો બની ગયો હતો, તે ચોથા લોકને અથવા ચાર લોકોને અસ્તિત્વમાં લાવી શકયો હતો, જે ચોથો લોક દ્યૌ:—અંતરિક્ષ—પૃથ્વીના નિમ્ન ભૂમિકાના લોકોથી પરનો પારમાનસિક લોક છે, કે જે લોકને, ઘોરપુત્ર કણ્વના કથન મુજબ, મનુષ્યો વૃત્રને માર્યા પછી બે રોદસી (આકાશ-પૃથ્વી)ને ઓળંગીને પ્રાપ્ત કરે છે. અયાસ્યનો સાત શિરોવાળો વિચાર તેને વિશ્વજન્ય—સર્વ લોકોમાં વ્યાપી જવા માટે, જીવના બધા જન્મો પ્રાપ્ત કરવા માટે, સમર્થ બનાવે છે, અથવા તો તે વિરાટ બની જાય છે, બધાં પ્રાણીઓ સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરે છે, અને અમુક ચોથા લોકનો પ્રાદુર્ભાવ કરવા સમર્થ બનાવે છે (स्वर्)–तुरीयं स्विज् जनयद् विश्वजन्य। (૧૦, ૬૭, ૧.) વળી નવગ્વ ઋષિઓને દશ માસ પસાર કરવા માટે સમર્થ બનાવનાર, જળોમાં સ્થાપિત વિચાર પણ स्वर्षा: છે. સ્વર્લોક લાવી આપનારો છે. જળો સાત નદીઓ છે, અને બંને વર્ણવાયેલા વિચારો એક જ છે. તો પછી આપણે એવું અનુમાન કેમ ન તારવવું કે અયાસ્યને ઉમેરવાથી નવગ્વો, દશગ્વો (નવમાંથી દશ) બની જાય છે, અને સાત શિરોવાળા સ્વર્લોકને જિતનારા વિચારને શોધી કાઢવાથી તેઓ પોતાના નવ માસના યજ્ઞને દશ માસનો પરિપૂર્ણ યજ્ઞ બનાવી શકે છે? આમ તેઓ દશગ્વો બને છે. આ બાબતમાં આપણે એ પણ નોંધવું જોઈએ કે જેના વડે ઈન્દ્ર સ્વર્નું અથવા સ્વર્—પુરુષનું (स्वर्नर) બળ પ્રગટ કરે છે અથવા તેને વૃદ્ધિગત કરે છે તે સોમરસને દશ કિરણોવાળો અને પ્રકાશકારક વર્ણવવામાં આવ્યો છે—दशग्वं वेपयन्तम्। (૮, ૧૨, ૨)

૩, ૩૯, ૫મો મંત્ર આ વાતનું સમર્થન કરે છે, કે જે અમે ટાંકયો છે. તેમાં કહ્યું છે કે નવગ્વોની મદદથી ઈન્દ્ર ખોવાયેલી ગાયોનો પત્તો મેળવે છે,

પણ દશગ્વોની મદદથી જ તે તે શોધનો અંત પ્રાપ્ત કરે છે અને સફળતાપૂર્વક સત્યને—सत्यं तत्ने, સૂર્યને મેળવે છે, જે અંધકારમાં ગૂઢ હતો. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે નવ માસનો યજ્ઞ દશમા માસમાંથી પસાર થાય છે, જ્યારે દશમા ઋષિ, અયાસ્યના સાત શિરોવાળા વિચાર દ્વારા નવગ્વો બને છે, ત્યારે સૂર્ય જડે છે, ત્યારે જેમાં આપણને સત્ય અથવા વિશ્વરૂપ દેવ પ્રાપ્ત થાય છે તે પ્રકાશયુકત સ્વર્લોક પ્રગટ થાય છે અને જિતાય છે. આ સ્વર્લોકનો વિજય યજ્ઞનું લક્ષ્ય છે, અને મહાન કાર્યને અંગિરસ્ ઋષિઓ સિદ્ધ કરે છે.

પણ આ મહિનાઓની સંખ્યાનો મર્મ શો છે એ વાત તો સ્પષ્ટ છે કે તે એક રૂપક છે; વર્ષ તેમ જ મહિનાઓ રૂપકમય છે.[1] વર્ષના ચક્રમાં—પરિવર્તનમાં ખોવાયેલો સૂર્ય તથા ખોવાયેલી ગાયો પાછાં પ્રાપ્ત કરાય છે. આપણને ૧૦, ૬૨, ૨માં જોવા મળે છે કે—ऋतेनाभिन्दन् परिवत्सरे वलम् ।—વર્ષના ગાળામાં, ઋત વડે, તેમણે વલને ભેદ્યો, અથવા સાયણ ભાષ્યમાં કહે છે તે મુજબ, 'એક વર્ષ ચાલતા યજ્ઞ દ્વારા.' આ મંત્ર ઉત્તર ધ્રુવના પ્રદેશના સિદ્ધાંતને ટેકો આપે છે, કારણ કે તેમાં સૂર્ય રોજ નથી ઊગતો, પણ વર્ષ પછી ઊગે છે. પણ આપણે બાહ્ય દૃશ્ય સાથે નિસ્બત નથી, અને તેની સપ્રમાણતા—પ્રામાણિકતા આપણા સિદ્ધાંતને ખલેલ પહોંચાડતી નથી. કારણ કે સંભવ છે કે ઉત્તર ધ્રુવના પ્રદેશનો નોંધપાત્ર, લાંબી રાત્રિનો અનુભવ, વાર્ષિક સૂર્યોદય અને સતત ચાલતી ઉષાઓ—તે બધાનો ગૂઢવાદી ઋષિઓએ આધ્યાત્મિક રાત્રિના અને તેના મુશ્કેલ પ્રકાશના રૂપકમાં ઉપયોગ કર્યો હોય. પણ સમયના આ ખ્યાલને, મહિનાઓના તથા વર્ષોના ખ્યાલને રૂપક તરીકે વાપરવામાં આવ્યો છે, તે વાત વેદના બીજા મંત્રોમાંથી, ખાસ કરીને ગૃત્સમદે રચેલા, બૃહસ્પતિને ઉદ્દેશાયેલા, ૨, ૨૪મા સૂકતમાંથી સ્પષ્ટ થાય છે.

તે સૂકતમાં બૃહસ્પતિને ગાયોને હાંકી લાવતો, દિવ્ય મંત્રે વડે, (ब्रह्मणा વલનો સંહાર કરતો, અંધકારને દૂર કરતો, અને સ્વર્ને દૃષ્ટિગોચર કરતો વર્ણવ્યો (ઋક્—૩). તેનું પ્રથમ પરિણામ છે–બળપૂર્વક પર્વતરૂપી મુખવાળા કૂવાને તોડી નાખવો, કે જે કૂવાના પ્રવાહોમાં મધુ—સોમની મધુરતા છે, अश्मास्यमवतं मधुधारम् (ઋક્—૪.) આ મધનો કૂવો—ઝરો કે જેને પર્વત વડે ઢાંકી દેવામાં આવ્યો છે, તે પરમ ત્રિવિધ આનંદમય લોકોનો—સત્ય, તપસ્ અને જન લોકોનો દિવ્ય આનંદ હોવો જોઈએ. પુરાણની પદ્ધતિ અનુસારના તે ત્રણ લોકોના પાયામાં સત્, ચિત્—તપસ્, અને આનંદનાં ત્રણ પરમ તત્ત્વો રહેલાં છે. તેમનો

---

૧. પુરાણોમાં કહ્યું છે કે યુગો, ક્ષણો, મહિનાઓ વગેરે સર્વ રૂપકમય છે, અને એમ પણ કહેવામાં આવ્યું છે કે માનવનો દેહ તે વર્ષ છે.

પાયો વેદનું સ્વર્ છે, ઉપનિષદોનો તથા પુરાણોનો મહર્લોક છે, ઋતનો લોક છે.[૧] આ ચાર એકઠા મળીને ચતુર્વિધ ચોથો લોક બનાવે છે, ઋગ્વેદમાં તેમને ચાર પરમ, ગૂઢ ધામો કહ્યાં છે, ચાર ઊર્ધ્વની નદીઓનું ઉદ્ગમસ્થાન કહ્યું છે. કેટલીક વાર આ ઊર્ધ્વ લોકના બે ભાગ પાડવામાં આવ્યા છે—સ્વર્ પાયા રૂપે, અને मयस्—દિવ્ય આનંદ તેના શિખર રૂપે, પરિણામે આરોહણ કરતા જીવાત્માના પાંચ લોકો અથવા જન્મો બને છે. બીજી ત્રણ નદીઓ તે અસ્તિત્વની ત્રણ નિમ્ન શકિતઓ છે, અને ત્રણ નિમ્ન લોકોનાં તત્ત્વોને પૂરાં પાડે છે.

આ મધના ઝરાનું પાન સ્વર્ને જોનારા લોકો કરી શકે છે, અને તેઓ તેની મધુર ઊર્મિઓના પ્રવાહોને અનેક રૂપે નીચે વહેવરાવે છે—तमेव विश्वे पपिरेस्वर्दृशो बहु साकं सिसिचुरुत्समुद्रिणम्। (૨, ૨૪, ૪.) આ અનેક નીચે વહેતા પ્રવાહો તે વૃત્રનો સંહાર કર્યા પછી ઇન્દ્રે પર્વતથી નીચે વહાવેલી સાત નદીઓ છે—ऋतस्य धाराः; અમારા મત પ્રમાણે, તે સચેતન અસ્તિત્વનાં સાત તત્ત્વો છે, જે ઋતમાં તથા આનંદમાં પોતાની દિવ્ય પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે છે. તેથી જ સાત શિરોવાળા વિચારને—સાત શકિતઓથી યુકત, દિવ્ય અસ્તિત્વના જ્ઞાનને, બૃહસ્પતિના સાત કિરણોવાળા જ્ઞાનને (सप्तगुम्) જળોમાં વિચાર દ્વારા સ્થાપિત કરવાનો છે, સાત નદીઓમાં સ્થિર કરવાનો છે, અર્થાત્ દિવ્ય ચેતનાનાં સાત સ્વરૂપોને દિવ્ય અસ્તિત્વનાં સાત રૂપોમાં અથવા ગતિઓમાં સ્થિર કરવાનાં છે—धियं वो अप्सु दधिषे स्वर्षाम्। 'હું જળોમાં સ્વર્ને જિતનાર વિચારને સ્થિર કરું છું—ધારણ કરું છું.'

પછીના મંત્રમાં, ૨, ૨૪, ૫માં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે સ્વર્ને દેખનારાઓને સ્વર્ દૃષ્ટિગોચર કરવું (स्वर्दृशः) તેમનું મધુમય ઝરામાંથી પાન કરવું, દિવ્ય જળોનું નિર્ગમન—તે બધાનો અર્થ થયો એ કે, માણસ આગળ નવીન લોકોનો અથવા અસ્તિત્વની નવીન સ્થિતિઓનો આવિર્ભાવ થાય છે—सना ता काचिद् भुवना भवित्वा माद्भिः शरद्भिः दुरोवरन्त वः, अयतन्ता चरतो अन्यदन्यदिद्, या चकार वयुना ब्रह्मणस्पतिः। અમુક સનાતન લોકોને (અસ્તિત્વની સ્થિતિઓને) પ્રગટ થવાનું છે; તેમનાં દ્વાર તમારે માટે મહિનાઓએ

---

૧. ઉપનિષદોમાં અને પુરાણોમાં સ્વર્ અને દ્યૌઃ વચ્ચે કોઈ ભેદ નથી. એટલે ઋતના લોક માટે એક ચોથું નામ શોધવાનું હતું. તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યા પ્રમાણે—મહાયમસ્ય નામના ઋષિએ આ મહર્ને શોધી કાઢયું, અને તેને ચોથી વ્યાહૃતિ ગણવામાં આવી. પહેલી ત્રણ સ્વર્, ભુવર્ અને ભૂઃ છે—દ્યૌઃ, અંતરિક્ષ અને પૃથ્વી, વેદમાં કહ્યાં છે, તે છે.

અને વર્ષોએ બંધ[૧] રાખ્યાં છે (અથવા ઊઘાડયાં છે); પ્રયત્ન સિવાય તે એક લોકમાંથી બીજા લોકમાં ગતિ કરે છે; બૃહસ્પતિએ તે લોકોને જ્ઞાન પ્રત્યે ખુલ્લા કર્યા છે. વયુનાનો અર્થ જ્ઞાન છે, અને બ્રહ્મણસ્પતિએ જે બે રૂપોનું નિર્માણ કર્યું છે, તે દિવ્ય બનેલાં આકાશ-પૃથ્વી છે. આ ચારે સનાતન લોકો ગુહામાં નિગૂઢ છે; તે રહસ્યમય, અપ્રગટ અથવા પારચેતન અસ્તિત્વના ભાગો છે; તે સનાતન કાલ માટે અસ્તિત્વની વિદ્યમાન સ્થિતિઓ છે (सना भुवना), છતાં આપણે માટે અત્યારે તથા ભવિષ્યમાં અવિદ્યમાન જેવી છે; આપણે માટે તેમને પ્રગટ કરવાની છે (भवित्वा), હજી તેમનું નિર્માણ કરવાનું છે. માટે વેદમાં કેટલીક વાર સ્વર્ને અહીં દૃષ્ટિગોચર કરવાનું છે व्यचक्षयत् स्वः ૨, ૨૪, ૩), પ્રગટ કરવાનું છે, તેના પર માલિકી સ્થાપવાની છે—अविदत् असनत्; કેટલીક વાર તેનું નિર્માણ કરવાનું છે (भू અથવા कृ). ઋષિ કહે છે કે કાલની ગતિ વડે, માસો તથા વર્ષો વડે, આ ગૂઢ સનાતન લોકો આપણે માટે બંધ છે; એટલે સ્વાભાવિક રીતે જ આપણે તેમને શોધી કાઢવાના છે, પ્રગટ કરવાના છે, જિતી લેવાના છે. એક રીતે જોતાં કાળની ગતિ દ્વારા અને બીજી રીતે જોતાં કાળની સામે જઈને આપણામાં તે લોકોનું નિર્માણ કરવાનું છે. મને લાગે છે કે આંતર અથવા માનસશાસ્ત્રીય કાળમાં થતાં આ વિકાસને યજ્ઞના વર્ષનું અને દશ માસનું રૂપક આપવામાં આવ્યું છે; આપણે જીવાત્માનું સૂકત (ब्रह्म) સાત શિરોવાળા, સ્વર્ને જિતનારા વિચારને શોધી કાઢે કે જે વિચાર આપણને સદા માટે વૃત્રની તથા પણિઓની હાનિઓથી પર લઈ જાય છે, ત્યાર પહેલાં આપણે તે યજ્ઞના વર્ષને અને દશ માસોને પસાર કરવાના છે.

૧, ૬૨, ૪માં આપણે સ્પષ્ટ રીતે નદીઓના તથા લોકોના સંબંધને જોઈ શકીએ છીએ, જેમાં ઈન્દ્રને નવગ્વોની મદદથી પર્વતને ચીરતો વર્ણવવામાં આવ્યો છે, અને દશગ્વોની મદદથી વલનો સંહાર કરતો વર્ણવ્યો છે. અંગિરસ્ ઋષિઓ વડે સ્તુતિ કરાયેલો ઈન્દ્ર ઉષા—સૂર્ય—ગાયો વડે અંધકારને ભેદી નાખે છે, તે પાર્થિવ અદ્રિની ઉચ્ચ અધિત્યકાને વિશાળતાપૂર્વક વિસ્તારે છે, અને ઉચ્ચતર સ્વર્ગલોકને ધારણ કરે છે. કારણ કે ચેતનાની ઉચ્ચતર ભૂમિકાઓને ઉઘાડવાનું

---

૧. અહીં સાયણ 'ઉઘાડાં રાખ્યાં છે' એવો અર્થ કરે છે. તે શકય છે. પણ वृ ધાતુનો સામાન્ય અર્થ થાય છે—બંધ કરવું, ખાસ કરીને જ્યારે તે જેમાંથી નદીઓને વહેવાનું છે તથા ગાયોને બહાર આવવાનું છે, તે પર્વતનાં દ્વારો માટે તે વપરાય ત્યારે. વૃત્ર તે દ્વારોને બંધ કરનાર છે. वृ એટલે બંધ કરવું, અને अपावृ એટલે ઉઘાડવું.. પણ જો અહીં સાયણ ઉઘાડવાનો અર્થ કરે છે, તો તે અમારી માન્યતાને પુષ્ટિ આપે છે.

પરિણામ છે ભૌતિક ચેતનાની વિશાળતામાં વૃદ્ધિ, માનસિક ચેતનાની ઊંચાઈને ઊર્ધ્વમાં લઈ જવી તે. નોધા ઋષિ કહે છે કે તેનું આ કાર્ય સૌથી મહાન છે, મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરનારની સૌથી વધારે સુંદર સિદ્ધિ છે—दस्मस्य चारुतममस्ति दंसः; તેથી વહેતા મધુની, ઊર્ધ્વની ચાર નદીઓ વક્રતાના બે લોકોનું પોષણ કરે છે—उपह्वरे यदुपरा अपिन्वन् मध्वर्णसो नद्यश्चतस्रः। (૧, ૬૨, ૬). આ પણ મધુ—વહેતો ઝરો છે, જે પોતાના અનેક પ્રવાહોને નીચે વહેવરાવે છે; દિવ્ય અસ્તિત્વ, દિવ્ય સચેતન શક્તિ, દિવ્ય આનંદ તથા દિવ્ય ઋતની ચાર ઊર્ધ્વની નદીઓ મન-શરીરના બે લોકોને પુષ્ટ કરતી, પોતાનાં મધુરતાનાં પૂર સાથે નીચે ઊતરી આવે છે. આ બે, રોદસી, સામાન્યતઃ વક્રતાના લોકો છે, અર્થાત્ અનૃતના લોકો છે—કારણ કે ઋત અથવા સત્ય સીધું સરળ હોય છે, જ્યારે અનૃત અથવા અસત્ય વક્ર હોય છે, કારણ કે અદિવ્ય શક્તિઓ, વૃત્રો અને પણિઓ, અંધકાર અને ભેદમયતાના પુત્રોની હાનિઓ પ્રત્યે તે ખુલ્લા હોય છે. હવે તે સત્યનાં, જ્ઞાનનાં સ્વરૂપો (વયુના) બની જાય છે, તે બાહ્ય ક્રિયાઓ સાથે સુસંગત હોય છે; ગૃત્સમદ તેનું જ વર્ણન કરે છે—चरतोऽन्यदन्यद्, અને या चकार वयुना ब्रह्मणस्पति। પછી ઋષિ અયાસ્યના કાર્યનું પરિણામ વર્ણવે છે; તે કાર્ય આકાશ–પૃથ્વીના સત્ય, સનાતન, સંયુકત સ્વરૂપને પ્રગટ કરવાનું છે—અયાસ્યે પોતાના મંત્રો વડે તે દ્વિવિધ (દિવ્ય અને માનુષ?) બંનેને—એક માળામાં રહેલાં તે સનાતન બંનેને શોધી કાઢયાં; સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરીને તેણે પરમ આકાશમાં સ્વર્ગ-પૃથ્વીને ધારણ કર્યાં (પરમ આકાશમાં, परमे व्योमन, પ્રગટ થયેલા પરચેતન આકાશમાં)—જાણે બે પત્નીઓને ભોગવતો પતિ (૧, ૬૨, ૭). આધ્યાત્મિક અસ્તિત્વના સનાતન આનંદમાં ઊર્ધ્વીકૃત, દિવ્ય બનેલી માનસિક તથા શારીરિક અસ્તિત્વના, જીવાત્મા વડે કરાતા ઉપભોગનું આનાથી વધારે સ્પષ્ટ અને સુંદર વર્ણન બીજું ન હોઈ શકે.

આ વિચારો તથા આમાંના ઘણા શબ્દો ગૃત્સમદના સૂકતમાં આવે છે તે જ છે. નોધા કહે છે કે રાત્રિ અને ઉષા તે અંધકારમય શારીરિક ચેતના અને પ્રકાશમય માનસિક ચેતના છે; નવીન જન્મ પામેલી (पुनर्भवा), પૃથ્વી-આકાશ રૂપ તેઓ પોતપોતાની ખાસ ગતિઓ સાથે એકબીજામાં ભળી જાય છે—स्वेभिरेवैः—चरतो अन्यान्या (૧, ૬૨, ૮)[૧]. તેમના પુત્રે પોતાની

---

૧. ગૃત્સમદના શબ્દો છે-अयतन्ता चरतोरन्यदन्यद् જેમનો અર્થ स्वेभिरेवैः જેવો જ છે. આ અને બીજા મંત્રો પરથી મને ચોક્કસ એમ લાગે છે કે આ अन्यद् अन्यद् પૃથ્વી તથા આકાશ છે, શારીરિક ચેતનાના પાયાવાળો માનવ અને પાર-શારીરિક સ્વર્લોકના પાયાવાળો દિવ્ય પરમાત્મા.

મહાન સિદ્ધિ વડે જે સનાતન મૈત્રી સ્થાપી છે તેમાં તેઓ વિચરે છે કે જે પુત્ર તેમને ધારણ કરે છે—सनेमि सख्यं स्वपस्यमान: सूनुर्दाधार शवसा सुदंसा : (૧, ૬૨, ૯.) ગૃત્સમદના તથા નોધાના બંનેનાં સૂક્તોમાં અંગિરસો સ્વર્ને પ્રાપ્ત કરે છે, કે જે સ્વર્ પોતે જેમાંથી મૂળ આવ્યા હતા તે ઋત છે, બધા દિવ્ય પુરુષોનું પોતાનું ઘર છે; અંગિરસો ઋતની પ્રાપ્તિ દ્વારા તથા અનૃતને પકડી પાડવા વડે તે સ્વર્ને પ્રાપ્ત કરે છે. જેમણે લક્ષ્ય પ્રત્યે ગતિ કરી છે અને પણિઓના ગુહામાં સંતાડેલા ખજાનાને પ્રાપ્ત કર્યો છે, તે અંગિરસો, જ્ઞાન પ્રાપ્ત કરવાથી અને અનૃતને પકડી પાડવાથી, જ્યાંથી તે લાવ્યા હતા ત્યાં પાછા ઊર્ધ્વમાં આરોહણ કરે છે અને તે લોકમાં પ્રવેશ કરે છે. ઋતને પ્રાપ્ત કરેલા, અનૃતને પકડી પાડતા, તે ઋષિઓ ફરી તે માર્ગમાં આરોહણ કરે છે—महस्पथ : (૨, ૨૪, ૬, ૭)—જે માર્ગ ઋતનો, મહાન અને વિશાળ લોકનો છે, ઉપનિષદોનો महस् છે.

હવે આપણે આ વૈદિક રૂપકની ગ્રંથિ છોડી શકીએ તેમ છીએ. બૃહસ્પતિ સાત કિરણોવાળા વિચારક છે (सप्तगु:, सप्तरश्मि :), તે અનેક રૂપોમાં જન્મેલા, સાત મુખોવાળા, સાત વદનોવાળા અંગિરસ્ છે—सप्तास्य: तुविजात:; તે નવ કિરણોવાળા, દશ કિરણોવાળા છે. સાત મુખો તે દિવ્ય શબ્દનો (ब्रह्म) ઉચ્ચાર કરતા સાત અંગિરસો છે, જે શબ્દ ઋતના ધામમાંથી સ્વર્માંથી, આવે છે, અને જે મંત્રના સ્વામી છે (ब्रह्मणस्पति:). તેમનામાંનો દરેક બૃહસ્પતિનાં સાત કિરણોમાંનું એકેક છે; તેથી તેઓ સાત વિપ્રો છે—सप्त विप्रा:, सप्त ऋषय: છે, જેઓ જ્ઞાનનાં સાત કિરણોના જુદા જુદા પ્રતિનિધિઓ છે. આ સાત કિરણો સૂર્યના સાત પ્રકાશયુકત અશ્વો પણ છે (सप्त हरित:), અને તેમનું પરિપૂર્ણ ઐક્યવાળું જૂથ તે અયાસ્યનો સાત શિરોવાળો વિચાર છે, જેના વડે ખોવાયેલા સૂર્યને ફરી મેળવવામાં આવ્યો હતો. તે વિચાર સાત નદીઓમાં—માનવ તથા દિવ્ય અસ્તિત્વનાં સાત તત્ત્વોમાં પ્રતિષ્ઠિત છે—જે તત્ત્વોની સંપૂર્ણતાના પાયા પર પરિપૂર્ણ આધ્યાત્મિક જીવન રચાય છે. વૃત્ર વડે રૂંધી રખાયેલી આ સાત નદીઓની મુકિત; વલ વડે રૂંધી રખાયેલાં આ સાત કિરણોની મુકિત; બધાં અનૃતોમાંથી મુકત થયેલી, આપણી સંપૂર્ણ દિવ્ય ચેતનાની પ્રાપ્તિ—જે ઋતના મુકત અવતરણથી શકય બને છે—આ બધું આપણને સ્વર્લોક પર સલામત માલિક આપે છે; અંધકાર અનૃત-મૃત્યુથી પર રહેલા દેવ-વમાં—આપણાં દિવ્ય તત્ત્વોની અંદર વહી આવવાને પરિણામે— પ્રતિષ્ઠિત આપણા માનસિક તથા શારીરિક અસ્તિત્વનો ઉપભોગ આપે છે. આ વિજય આપણી ઊર્ધ્વયાત્રાના બાર ગાળાઓમાં મળે છે, જેમને યજ્ઞના વર્ષના બાર માસનાં પરિવર્તનો કહેવામાં આવ્યાં છે; તે માસો વિશાળતર અને વધુ વિશાળતર ઋતની ક્રમિક

આવતી ઉષાઓનાં દ્યોતક છે; દશમો માસ વિજયને લાવી આપે છે. આ નવ કિરણોનો તથા દશ કિરણોનો ચોક્કસ અર્થ શો છે, તે કહેવું મુશ્કેલ છે, અમે હજી સુધી તેનો ઉત્તર મેળવી શકયા નથી. પણ આપણને પ્રાપ્ત થયેલા પ્રકાશ વડે આપણે ઋગ્વેદના મુખ્ય રૂપકને સમજી શકીએ તેમ છીએ.

વેદના રૂપકમાં માનવ જીવન એક યજ્ઞ છે, યાત્રા છે, યુદ્ધ છે. પ્રાચીન ગૂઢવાદી ઋષિઓનું વિષય-વસ્તુ માનવનું આધ્યાત્મિક જીવન હતું; પણ પોતાને માટે તેને સ્થૂલ બનાવવા માટે તથા અયોગ્ય વ્યકિતઓ પાસે તેનો મર્મ સંતાડવા માટે, તેમણે પોતાના યુગના બાહ્ય જીવનનાં કાવ્યમય રૂપકોમાં તેને અભિવ્યકત કર્યું. તે જમાનાના લોકો મોટે ભાગે પશુપાલકો અને ખેડૂતો હતા; પોતપોતાના રાજાઓની રાહબરી નીચે, તેમની ટોળીઓ સ્થળાંતર કરતી તથા માંહ્યોમાંહ્ય યુદ્ધો કરતી—તે ઘરના તેમના જીવનમાં કોઈ નવીન રંગ પૂરતી; પણ આ બધી ક્રિયાઓમાં યજ્ઞ વડે દેવોની પૂજા કરવી તે તેમને માટે એક ખૂબ ગભીર અને ભવ્ય તત્ત્વ બની ગયું હતું, કે જે બીજી બધી ક્રિયાઓની નાભિરૂપ, ગ્રંથિરૂપ હતું. કારણ કે યજ્ઞ કરવાથી તેમને જમીનને ફળદ્રૂપ બનાવતી વૃષ્ટિ પ્રાપ્ત થતી; યુદ્ધમાં તેમ જ શાન્તિના સમયમાં તેમના જીવનને જરૂરી એવાં પશુઓ અને ઘોડા યજ્ઞથી પ્રાપ્ત થતાં; સુવર્ણ, ક્ષેત્ર, નોકરો, યુદ્ધ કરનાર વીરો—જે વસ્તુઓ દ્વારા તેમને મોટાઈ-શેઠાઈ મળતી, તે બધું પણ યજ્ઞથી મળતું; યુદ્ધમાં વિજય, ટોળીબંધી જીવનમાં શિથિલ સંગઠનવાળા, વાહનવ્યવહારનાં સાધનોની અછતના તે જમાનામાં બહુ મુશ્કેલ એવી, સ્થળ પરની કે જળ પરની મુસાફરીઓમાં સલામતી—આ બધું તેમને યજ્ઞથી મળતું. બાહ્ય જીવનમાં આ બધું ગૂઢવાદી ઋષિઓએ જે જે જોયું; તેનો તેમણે આંતર જીવનનાં રૂપકો તરીકે ઉપયોગ કર્યો. માનવના જીવન માટે તેમણે ત્રણ રૂપકો વાપર્યાં છે—એક દેવોને અપાયેલા યજ્ઞ તરીકેનું; બીજું જોખમકારક જળોને પાર કરવાનું અથવા અસ્તિત્વના અદ્રિની ભૂમિકાઓ પર એક પછી એક ઉપર ચઢવાનું; અને ત્રીજું વિરોધી રાષ્ટ્રો સાથે યુદ્ધ કરવાનું. પણ આ ત્રણ રૂપકોને જુદાં જુદાં નથી વાપર્યાં. યજ્ઞ પણ મુસાફરી છે; યજ્ઞને પોતાને જ દિવ્ય લક્ષ્ય તરફ જતી યાત્રા રૂપે વર્ણવવામાં આવ્યો છે; અને યજ્ઞને તથા યાત્રાને બંનેને અંધકારમય શકિતઓ સાથે યુદ્ધ તરીકે વારંવાર વર્ણવવામાં આવ્યાં છે.

અંગિરસોની કથામાં આ વૈદિક રૂપકોનાં આ ત્રણેય મુખ્ય તત્ત્વો વપરાયાં છે. અંગિરસો પ્રકાશના યાત્રીઓ છે. તેમના લાક્ષણિક કાર્યને વર્ણવવા માટે नक्षन्तः અથવા अभिनक्षन्तः શબ્દનો વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. તેઓ લક્ષ્ય તરફ મુસાફરી કરતા અને ઉચ્ચતમ ધ્યેયને પહોંચતા લોકો છે अभिनक्षन्तो अभि ये तं आनशुर्निधिं परमम्—જેઓ પરમ નિધિને પ્રાપ્ત કરવા

મુસાફરી કરે છે (૨, ૨૪, ૬). તે ધ્યેયને પહોંચવા માટે, માનવ જીવનને દોરવા માટે, તેમના કાર્યનું આવાહન કરવામાં આવે છે—सहस्रसावे प्र तिरन्त आयुः। (૩, ૫૩, ૭). પણ ગુપ્ત નિધિને પ્રાપ્ત કરવા માટેની આ મુસાફરી, અંધકારની શકિતઓના વિરોધને લઈને, યુદ્ધરૂપ પણ બની જાય છે; અંગિરસો તે યુદ્ધના વીર યોદ્ધાઓ છે, गोषु योधाः—ગાયો અથવા કિરણો માટે યુદ્ધ ખેલનારા છે. માર્ગ પર મુસાફરી કરતા (सरण्युभिः) તેમનો ઇન્દ્ર સાથીદાર બને છે, सखिभिः ऋग्मिभिः कविभिः—મિત્રોનો, દ્રષ્ટાઓનો, કવિઓનો સાથીદાર બને છે; પણ તેઓ सत्त्वभिः પણ છે—યુદ્ધ કરનારા પણ છે. ઇન્દ્રને જ્યારે પ્રકાશયુકત ગાયો માટે યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવા બોલાવવામાં આવે છે, ત્યારે ઘણી વાર તેમને પણ नृ અથવા વીર કહેવામાં આવ્યા છે—अस्माके भिर्तृभिः, અમારા વીરો વડે અંગિરસો વડે બળ પ્રાપ્ત કરેલો ઇન્દ્ર મુસાફરીમાં વિજય મેળવે છે, અને ધ્યેયને પહોંચે છે—नक्षद्दाभं तुतुरिम् સ્વર્ગની કૂતરી સરમા વડે શોધાયેલા માર્ગ પર આ આગેકૂચ આગળ ધપે છે. તે ऋतस्य पंथाः ઋતનો માર્ગ છે, મહાન માર્ગ છે—महस्पथः, જે ઋતના પ્રદેશોમાં દોરી જાય છે. તે યજ્ઞની યાત્રા પણ છે, કારણ કે તેના તબક્કાઓ નવગ્વોના યજ્ઞના ગાળાઓને અનુરૂપ હોય છે, અને તે સોમરસની તથા પવિત્ર મંત્રની શકિત વડે સિદ્ધ થાય છે.

બળ, વિજય, સિદ્ધિ મેળવવા માટે સોમરસનું પાન વેદમાં એક વ્યાપક રૂપક છે. ઇન્દ્ર અને અશ્વિનો ખૂબ સોમપાન કરનારા છે, પણ બધા દેવોને તે અમર બનાવનાર સોમપાનમાં ભાગ મળે છે. અંગિરસો પણ સોમપાન વડે મળેલા બળથી વિજય પ્રાપ્ત કરે છે. અયાસ્ય અને નવગ્વો—અંગિરસો સોમરસના પાન વડે આનંદપૂર્ણ બનીને આવશે—એવી ધમકી સરમા પણિઓને આપે છે एहागमन् ऋषयः सोमशिता अयास्यो अंगिरसो नवग्वाः। (૧૦, ૧૦૮, ૮). ઋતના માર્ગનું અનુસરણ કરવા માટે સોમપાન માનવોને મહાન બળ આપે છે. 'હે ઇન્દ્ર, જેના વડે તેં સ્વર્‌ના અથવા સ્વર્—પુરુષના (स्वर्णरम्) બળને વૃદ્ધિગત કર્યું, તે સોમના આનંદની અમે કામના કરીએ છીએ, કે જે આનંદને દશ કિરણો છે અને જે જ્ઞાનનો પ્રકાશ લાવે છે અથવા જે પોતાના બળથી સમગ્ર અસ્તિત્વને ઝણઝણાવી મૂકે છે (दशग्वं वेपयन्तम्), જે આનંદ વડે તેં સમુદ્રનું પોષણ કર્યું હતું, જેના વડે તેં મહાન જળોને આગળ વધવા વેગ આપ્યો હતો—રથોની પેઠે સમુદ્ર તરફ વહેવા માટે ધકેલ્યાં હતાં, તે સોમની અમે કામના કરીએ છીએ કે જેના પરિણામે અમે ઋતના માર્ગ પર આગળ વધી શકીએ—पन्थामृतस्य यातवे तमीमहे'। (૮, ૧૨, ૨—૩). સોમના બળ વડે અદ્રિ ભેદી શકાય છે, અંધકારના પુત્રોને ઉખેડી નાખી શકાય છે. આ સોમરસ ઊર્ધ્વના ગૂઢ લોકમાંથી—ત્યાંના ઝરાઓમાંથી નીચે વહી આવતી મધુરતા

છે, તે સાતેય નદીઓમાં વહે છે, રહસ્યમય યજ્ઞનું ઘૃત તેનાથી વ્યાપ્ત—પરિપૂર્ણ છે, તે જીવનના સમુદ્રમાંથી ઊઠતું મધુમય મોજું છે. આવાં રૂપકોનો એક જ અર્થ હોઈ શકે; તે સમગ્ર અસ્તિત્વમાં ગૂઢ રહેલો દિવ્ય આનંદ છે, કે જે એક વાર પ્રગટ થયા પછી જીવનની બધી શ્રેષ્ઠ ક્રિયાઓને ટકાવી રાખે છે, અને જે છેવટે મર્ત્યને અમર બનાવે છે; તે દેવોનું અમૃત છે.

પણ અંગિરસો પાસે ખાસ કરીને શબ્દ છે; તેમનું દ્રષ્ટાપણું તેમનું ખાસ લક્ષણ છે. તેઓ ब्राह्मणासः पितरः सोम्यासः.....ऋतावृधः (૭, ૭૫, ૧૦) છે—સોમથી પરિપૂર્ણ પિતૃઓ છે, તેમની પાસે શબ્દ છે અને તેથી તેઓ ऋतની વૃદ્ધિ કરનારા છે. તેમને માર્ગ પર આગળ ધપાવવા માટે, ઈન્દ્ર પણ તેમના વિચારના છંદોમાં જોડાય છે, અને તેમના આત્માના શબ્દોને પરિપૂર્ણતા તથા બળ અર્પણ કરે છે—सो अंगिरसामुचथा जुजुष्वान् ब्रह्मा तूतोद् इन्द्रो गातुमिष्णन् । (૨, ૨૦, ૫). જ્યારે અંગિરસો તેને વિચારનો પ્રકાશ તથા બળ આપે છે, ત્યારે ઈન્દ્ર તેની વિજયી યાત્રા પૂરી કરી શકે છે અને અદ્રિ પરના લક્ષ્યને પહોંચવા સમર્થ બને છે. 'અમારા મૂળ પિતૃઓ, સાત ऋषिઓ, નવગ્વો ઈન્દ્રમાં પોતાના પ્રાચુર્યની વૃદ્ધિ કરે છે, જેથી તે પોતાની વિજયી યાત્રા પૂરી કરે છે અને લક્ષ્યને હાંસલ કરે છે; ત્યારે ઈન્દ્ર અદ્રિ ઉપર ઊભો રહે છે, તેની વાણી અમોઘ હોય છે, તેના વિચારો ખૂબ પ્રકાશથી તથા બળથી યુકત હોય છે'—नक्षद्दाभं ततुरिं पर्वतेष्ठां, अद्रोघवाचं मतिभिः शविष्ठम् । (૬, ૨૨, ૨). ऋतुનું ગાન કરવાથી, પ્રકાશના સૂકતને ગાવાથી તેમને આપણા અસ્તિત્વની ગુહામાં રહેલા સૂર્ય-પ્રકાશો પ્રાપ્ત થાય છે—अर्चन्तो[1] गा अविन्दन् (૧, ૬૨, ૨). સાત ऋषिઓના સૂકતના, બધાને ટેકો આપતા, છંદ વડે—स्तुभ् વડે—નવગ્વોના કંપનયુકત સ્વર્ વડે, ઈન્દ્ર સ્વર્ની સંપૂર્ણ શકિતથી યુકત બને છે, स्वरेण स्वर्यः । અને દશગ્વોના શબ્દઉચ્ચારણ વડે ઈન્દ્ર વલને ભેદી નાખે છે (૧, ૬૨, ૪). કારણ કે આ શબ્દ ઉચ્ચતર સ્વર્લોકનો અવાજ છે, જે ઈન્દ્રના વજ્રની વીજળીના ચમકારામાં ગર્જના રૂપે પ્રગટ થાય છે; અંગિરસો તેમના માર્ગ પર આગળ ધપે છે, તે આ સ્વર્ગના અવાજની આગળ ધપતી ગતિ છે—प्र ब्रह्माणो अंगिरसो नक्षन्त, प्र क्रन्दनुर्नभन्यस्य वेतु । (૭, ૪૨, ૧). આપણને કહેવામાં આવ્યું છે કે સૂર્યને, ઉષાને, ગાયને, શબ્દના પ્રકાશને શોધી કાઢતો, બૃહસ્પતિ અંગિરસનો અવાજ આકાશનું ગર્જન છે—बृहस्पतिरुषसं सूर्यं गामर्कं विवेद स्तन्यमिव द्यौः । (૧૦, ૬૭, ૫). સત્ય મંત્ર દ્વારા, ऋतના

---

૧. रुच् (अर्चन्तः) નો અર્થ વેદમાં થાય છે—પ્રકાશવું અને ऋचાનું ગાન કરવું; अर्क ના પણ બે અર્થો છે-સૂર્ય, પ્રકાશ અને વૈદિક ऋचा.

છંદમાં પ્રગટ થયેલા સત્ય વિચાર દ્વારા, ગૂઢ પ્રકાશને શોધી કાઢવામાં આવે છે અને ઉષાને જન્માવવામાં આવે છે—गू ळ्हं ज्योतिः पितरो अन्विन्दन्, सत्यमंत्रा अजनयन् उषासम् । (७, ७६, ४). કારણ કે આ અંગિરસો સત્યવાણી બોલે છે —इत्था वदद्भिः अंगिरोभिः (६, १८, ५), તેઓ ऋक्‌ના સ્વામી છે, તેઓ વિચારને સંપૂર્ણ રીતે મૂકી આપે છે—स्वाधिभिर्ऋक्वभिः (६, ३२, २); તેઓ સ્વર્ગના પુત્રો છે, શકિતશાળી પ્રભુના વીરો છે, સત્ય બોલે છે અને ऋजु વિચારો કરે છે, અને તેથી તેઓ પ્રકાશમય જ્ઞાનના ધામને ધારણ કરવા સમર્થ બને છે, યજ્ઞના પરમ ધામને માનસિક વિચારોમાં વ્યકત કરી શકે છે- ऋतं शंसन्त ऋजु दिध्याना दिध्वस्पुत्रासो असुरस्य वीराः, विप्रं पदमंगिरसो दधाना यज्ञस्य धाम प्रथमं मनन्त । (१०, ६७, २).

આવા શબ્દોનો માત્ર એટલો જ અર્થ કરવો કે તે કોઈ દેવ અને તેની કૂતરી દ્વારા દોરાયેલા આર્ય ऋषिઓએ ગુફામાં રહેતા અને પોતાની ગાયોને ચોરી ગયેલા દ્રાવિડિયનો પાસેથી તે ગાયો પાછી મેળવી, અથવા તો રાત્રીના અંધકાર પછી ઉષાનો ઉદય થયો, તે અશકય છે. રૂપકોનું સાહચર્ય જોતાં; શબ્દ-વિચાર-ऋतના વિચાર પર મુકાયેલા ભારને જોતાં; આ સૂકતોમાં સતત દેખાતા, અનૃતના વિજયને તથા યાત્રાના ખ્યાલને જોતાં, આપણે એમ તો ન જ માની શકીએ કે આમાં ઉત્તર ધ્રુવના પ્રદેશનાં આશ્ચર્યો જ ગવાયાં છે. અમે જે માન્યતા રજૂ કરી છે, તે કાંઈ બહારથી લાવવામાં નથી આવી, સૂકતોની ભાષામાંથી તથા તેમાં મળતાં સૂચનોમાંથી તે ઉદ્‌ભવી છે. માત્ર તે જ અર્થ-પદ્ધતિ આ વિવિધ રૂપકોને એક અર્થમાં ગ્રથિત કરી શકે તેમ છે, દેખીતી અસંગતતાઓના અને અસંબદ્ધતાઓના કોકડાને સ્પષ્ટતાપૂર્વક ઉકેલી શકે તેમ છે, તેમાં સંગતતા લાવી શકે તેમ છે. સાચી વાત તો એ છે કે એક વાર આ કેન્દ્રસ્થ વિચાર પર પકડ આવી જાય, અને વૈદિક ऋषिઓનું માનસ તથા તેમનાં રૂપકોનું તત્ત્વ— તેમાંનો સિદ્ધાંત સમજાઈ જાય, તો પછી કોઈ અસંગતતા કે અવ્યવસ્થા રહેતી નથી. વેદમાં રૂપકોની એક સુનિશ્ચિત પદ્ધતિ છે, તેમાં કેટલાંક પાછળનાં સૂકતોમાં ભલે થોડાક ફેરફારો થયા હોય—પણ અન્યત્ર કોઈ મહત્ત્વનો ફેરફાર કરવામાં નથી આવ્યો. તે પદ્ધતિના પ્રકાશ વડે વેદનો આંતરિક અર્થ સહેલાઈથી સમજમાં આવી જાય તેમ છે. અલબત્ત, દરેક કાવ્યમય રૂપકોમાં બને છે તેમ, આ રૂપકોના સંયોગીકરણમાં થોડીઘણી નિયંત્રિત છૂટ લેવાઈ છે, દાખલા તરીકે વૈષ્ણવોની પવિત્ર ધાર્મિક કવિતામાં; પણ પાછળ રહેલી વિચારની સામગ્રી હમેશાં કાયમી, સુસંગત છે; તેમાં કોઈ ફેરફાર થયો નથી.

માનવ પિતૃઓ

અંગિરસ્ ઋષિઓનાં આ લક્ષણો પ્રથમ દૃષ્ટિએ એમ સૂચવે છે કે વૈદિક પદ્ધતિમાં તેઓ એક અર્ધદેવોનો વર્ગ છે, તેમની બાહ્ય બાજુમાં તેઓ પ્રકાશનાં—શબ્દનાં—જવાળાનાં મૂર્તિમંત રૂપો છે, પણ તેમની આંતર બાજુમાં તેઓ દેવોને યુદ્ધમાં મદદ કરતી, ઋતની શકિતઓ છે. પણ દિવ્ય દ્રષ્ટાઓ તરીકે પણ, સ્વર્ગના પુત્રો તથા પરમાત્માના વીરો તરીકે પણ, આ ઋષિઓ અભીપ્સુ માનવ-જાતિના પ્રતિનિધિઓ છે. સાચી વાત છે કે મૂળ તેઓ દેવોના પુત્રો (देवपुत्राः) છે, અગ્નિનાં સંતાનો છે, અનેક રૂપે જન્મેલા બૃહસ્પતિનાં સ્વરૂપો છે, અને ઋતના લોકમાં આરોહણ કરતા તેમને જ્યાંથી તેઓ આવ્યા હતા ત્યાં પાછા આરોહણ કરતા વર્ણવવામાં આવ્યા છે; પણ આ લક્ષણોમાં પણ તેઓ માનવ-આત્માના પ્રતિનિધિઓ છે, કારણ કે માનવ-આત્મા પોતે પણ તે લોકમાંથી આવ્યો છે અને ત્યાં તેને પાછું આરોહણ કરવાનું છે; કારણ કે તે મૂળ મુદ્દે માનસિક પ્રાણી છે, અમૃતનો પુત્ર (अमृतस्य पुत्राः) છે, સ્વર્ગમાં જન્મેલો સ્વર્ગનો પુત્ર છે, અને જે શરીરો તે ધારણ કરે છે તેમાં જ તે મર્ત્ય છે. અંગિરસ્ ઋષિઓ યજ્ઞમાં જે ભાગ ભજવે છે, તે માનવી ભાગ છે,—તેમને શબ્દ શોધવાનો છે, દેવો પ્રત્યે માનવ-આત્માનું સૂકત ગાવાનું છે, સ્તુતિ વડે, આહુતિ તથા સોમરસ વડે દિવ્ય શકિતઓને ટકાવી રાખવાની છે અને તેમનું સંવર્ધન કરવાનું છે, તેમની મદદ વડે દિવ્ય ઉષાને જન્માવવાની છે, સર્વ-પ્રકાશક ઋતના પ્રકાશયુકત સ્વરૂપને જિતવાનું છે, અને તે ઋતના રહસ્યમય, દૂર-સુદૂરના ઊર્ધ્વમાં રહેલા ધામને પામવાનું છે.

આ યજ્ઞના કાર્યમાં તેઓ ત્રિવિધ રૂપમાં[1] દેખા દે છે—એક તો દિવ્ય

---

૧. પુરાણો પિતૃઓના ખાસ બે વર્ગો પાડે છે—દિવ્ય પિતૃઓ, કે જે દેવોનો એક વર્ગ છે; અને માનવ પિતૃઓ; તે બંનેને પિંડદાન કરવાનું હોય છે. સ્પષ્ટ છે કે આ બાબતમાં પુરાણો મૂળની વૈદિક પરંપરાને વળગી રહ્યાં છે, આગળ ચલાવી રહ્યાં છે.

અંગિરસો (ऋषयो दिव्याः) જેઓ કેટલાંક માનસશાસ્ત્રીય બળો તથા કાર્યોનાં રૂપકો છે અને તેમના પર અધિષ્ઠાત્-પદે, દેવોની પેઠે, બિરાજે છે; અને માનવ પિતૃઓ (पितरो मनुष्याः), જેમણે ઋભુઓની પેઠે કે જેમને પણ માનવો તરીકે વર્ણવવામાં આવ્યા છે, અથવા તો પોતાનાં કાર્યો વડે અમરતાને પ્રાપ્ત કરેલા માનવો તરીકે વર્ણવવામાં આવ્યા છે—પોતાના લક્ષ્યને સિદ્ધ કર્યું છે, અને જેમનું આવાહન, પછીની માનવ-જાતિને તે જ દિવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરવામાં મદદ માટે કરે છે. ઋગ્વેદના દશમા મંડળમાં યમ-સૂકતોમાં, અંગિરસોને, ભૃગુઓ તથા અથર્વાણો પેઠે, બર્હિષદ્ પિતૃઓ કહેવામાં આવ્યા છે, તેમને યજ્ઞમાં તેમનો ખાસ ભાગ મળે છે; પણ વેદના બાકીના ભાગમાં પણ તેમનું આવાહન ઓછા નિશ્ચિત, પણ વધારે વિશાળ તથા અર્થપૂર્ણ રૂપક દ્વારા કરવામાં આવ્યું છે; કારણ કે પિતૃઓએ મર્ત્યતામાંથી અમરતા પ્રત્યે, અનૃતમાંથી ઋત પ્રત્યે જે યાત્રા સિદ્ધ કરી હતી, તે માનવ યાત્રા છે, તે રીતે તેમણે તેમના વંશજો માટે માર્ગ ખોલી આપ્યો છે.

૭, ૪૨ અને ૭, ૫૨માં આપણે તેમના આ કાર્યને જોઈએ છીએ. વસિષ્ઠનાં એ બે સૂકતોમાંથી પહેલા સૂકતમાં દેવોને આ મહાન યાત્રા માટે આવાહન કરવામાં આવ્યું છે—अध्वर यज्ञ[1], યજ્ઞ કે જે દેવોના ઘર પ્રત્યે જનાર અથવા યાત્રારૂપ યજ્ઞ છે. અને સાથે સાથે યુદ્ધ પણ છે. એક મંત્રમાં ગાયું છે કે 'હે અગ્નિ, માર્ગ તારે માટે સુખમય મુસાફરી છે; તું તેને પ્રાચીન કાળથી જાણે છે—પરિચિત છે. વીરને વહન કરનાર, તારી રાતી (અથવા વેગપૂર્વક દોડતી) ઘોડીઓને સોમયાગ માટે જોતર. બેઠેલો હું દિવ્ય જન્મોનું આવાહન કરું છું.' (બીજી ઋચા). આ માર્ગ કયો છે ? તે માર્ગ દ્વારા દેવો પોતાના ધામમાંથી, અંતરિક્ષમાં (પ્રાણિક પ્રદેશોમાં) થઈને આપણી પાર્થિવ મર્ત્યતા ઉપર-નીચે અવતરણ કરે છે—પાર્થિવ યજ્ઞમાં પધારે છે, અને તે માર્ગ દ્વારા યજ્ઞ અને યજમાન યજન દ્વારા દેવોના ધામમાં જાય છે. અગ્નિ પોતાની વિવિધ-રંગી ઘોડીઓ—દિવ્ય શકિતની શકિતઓ અથવા જ્વાળાઓને જોતરે છે, કે જે ઘોડીઓ

---

૧. અધ્વર યજ્ઞનો અર્થ સાયણ 'ઈજા વગરનો યજ્ઞ' કરે છે, પણ 'ઈજા વગરનો' વિશેષણ અથવા પર્યાય, યજ્ઞ માટે વપરાતું નથી. अध्वर નો અર્થ થાય છે—મુસાફરી, ગમન; તે अध्वा, માર્ગ-શબ્દ સાથે સંબંધિત છે. अध् એક ઉપયોગ ન થતો ધાતુ છે; તેનો અર્થ થાય છે—સંચલન કરવું, વિસ્તરવું, પહોળું થવું, ઘટ્ટ થવું. अध्वन्, अध्वर શબ્દોનો સંબંધ अध्वा સાથે છે, જેનો અર્થ થાય છે—હવા, આકાશ. વેદમાં ઘણા મંત્રો આવે છે, જેમાં अध्वर અથવા अध्वर यज्ञ—મુસાફરી, આગળ વધવું, યાત્રા સાથે સંબંધ ધરાવે છે.

આપણામાં રહેલી યુદ્ધ શકિતને—વીરને વહન કરે છે, કે જે વીર તે મુસાફરી કરે છે. દિવ્ય જન્મો એટલે દેવો પોતે, અને દિવ્ય જીવનના આવિર્ભાવો—જેમને વેદમાં દેવો કહેવામાં આવ્યા છે. આ ઋચાનો આ અર્થ ચોથી ઋચા પરથી સ્પષ્ટ થાય છે. 'જ્યારે આનંદની સમૃદ્ધિવાળા વીરના દ્વારયુકત ઘરમાં, આનંદમાં રહેતો અતિથિ, જ્ઞાન વડે સચેતન બને છે, જ્યારે અગ્નિ પૂરો સંતુષ્ટ થાય છે અને ઘરમાં દૃઢતાપૂર્વક પ્રતિષ્ઠિત થાય છે, ત્યારે તે યાત્રા કરનાર પ્રાણીને અભીષ્ટ કલ્યાણનું પ્રદાન કરે છે, અથવા તેની મુસાફરીને સફળ બનાવવા તે કલ્યાણ આપે છે.'

એટલે આ સૂકતમાં અગ્નિનું આવાહન પરમ કલ્યાણ પ્રત્યેની યાત્રા માટે, દિવ્ય જન્મ માટે, આનંદ માટે કરવામાં આવ્યું છે. પ્રથમ ઋચામાં યાત્રાની જરૂરી શરતો માટે પ્રાર્થના છે, અધ્વર યજ્ઞના સ્વરૂપ માટે જરૂરી ચીજો માટે પ્રાર્થના છે (अध्वरस्य पेशः), અને તેમાં પ્રથમ આવે છે અંગિરસોની આગળ ગતિ. 'શબ્દના પુરોહિતો, અંગિરસોને પ્રથમ આગળ જવા દો; સ્વર્ગના અવાજને (અથવા સ્વર્ગની ચીજને—વાદળ અથવા વીજળીને) આગળ જવા દો; પોતાનાં જળોને પ્રસરાવતી, પોષણકર્ત્રી ગાયોને આગળ જવા દો; સોમરસના બે પથ્થરોને સંયુકત થવા દો--એ અધ્વર યજ્ઞનું સ્વરૂપ છે.' प्र ब्रह्माणो अंगिरसो नक्षन्त, प्र क्रन्दनुर्नभन्यस्य वेतु । प्र धेनव उदप्रुतो नवन्त युज्यातामद्रि अध्वरस्य पेशः । (७, ४२, १). દિવ્ય શબ્દવાળા અંગિરસો, સ્વર્‌ના અવાજરૂપ સ્વર્ગનો અવાજ, પ્રકાશયુકત સ્વર્ગ, શબ્દમાંથી પ્રગટતી વીજળીઓ તથા ગર્જનાઓનો અવાજ, સ્વર્પતિ ઇન્દ્રની સ્વર્ગીય વીજળીઓ વડે મુકત કરાયેલાં દિવ્ય જળો અથવા સાત નદીઓ, દિવ્ય જળોના પ્રસરણ સાથે અમર્ત્ય બનાવતા સોમરસને કાઢવો તે—આ બધાં અધ્વર યજ્ઞનું સ્વરૂપ છે. તેનું સામાન્ય લક્ષણ છે—આગળ વધતી ગતિ, બધાની લક્ષ્ય તરફ આગેકૂચ; ત્રણ ગતિવાચક ક્રિયાપદો આ વાતને ભારપૂર્વ જણાવે છે नक्षन्त, वेतु અને नवन्त; તેમાં प्र ઉત્સર્ગ દરેક પેટાવાકયની શરૂઆતમાં હોઈ, તે ભારમાં વૃદ્ધિ કરે છે.

પણ બાવનમું સૂકત તો ખૂબ અગત્યનું અને સૂચક છે. તેનો પહેલો મંત્ર છે, 'હે અનંત માતાના પુત્રો (आदित्यासः), અમે અનંત પ્રાણીઓ બનીએ (अदितयः स्याम); વસુઓ દેવત્વનું તથા મર્ત્યત્વનું રક્ષણ કરો (देवत्रा मर्त्यत्रा); હે મિત્ર તથા વરુણ, પ્રાપ્ત કરતા અમે તેમને પ્રાપ્ત કરીએ; હે આકાશ-પૃથ્વી બનતા એવા અમે તમારા રૂપ બનીએ.—सनेम मित्रावरुणा सनन्तः भवेम द्यावापृथिवी भवन्तः । આનો સ્પષ્ટ અર્થ છે કે આપણે અનંતતાને પ્રાપ્ત કરવાની છે, અદિતિના પુત્રો બનવાનું છે, દેવો બનવાનું છે—आदित्याः आदित्यासः આપણે યાદ રાખવું જોઈએ કે મિત્ર અને વરુણ સૂર્ય સવિત્‌ની—પ્રકાશ તથા

ઋતના દેવની શકિતઓ છે. ત્રીજી ઋચાનો અર્થ આ છે: 'જેઓ લક્ષ્ય પ્રત્યે ત્વરાથી ગતિ કરે છે તેવા અંગિરસો દિવ્ય સવિતૃના આનંદ પ્રત્યે ગતિ કરો; અમારા મહાન પિતા, યજમાન અને એક મનવાળા બનેલા દેવો તે આનંદને હૃદયમાં સ્વીકારો' —तुरण्यवो अंगिरसो नक्षन्त रत्नं देवस्य सवितुरियाना: । એટલે એ વાત સ્પષ્ટ છે કે અંગિરસો સૂર્ય સવિતૃ દેવના પ્રકાશ તથા ઋત પ્રત્યે ગતિ કરતા યાત્રીઓ છે, કે જેમાંથી પ્રકાશયુકત ગાયો જન્મે છે, જેમને તેઓ પણિઓ પાસેથી ઝૂંટવી લે છે; અંગિરસો તે સવિત્ દેવના આનંદ પ્રત્યે ગતિ કરતા યાત્રીઓ છે કે જે પ્રકાશ તથા ઋત ઉપર પ્રતિષ્ઠિત છે. એ વાત પણ સ્પષ્ટ છે કે આ યાત્રા દેવત્વમાં વૃદ્ધિ પ્રાપ્ત કરવી તે છે, અનંત અસ્તિત્વમાં વૃદ્ધિ મેળવવી તે છે (अदितय: स्याम). આ સૂકતની બીજી ઋચામાં એમ પણ કહ્યું છે કે તે અનંત અસ્તિત્વ મિત્ર, વરુણ અને આપણામાં દેવત્વનું તથા મનુષ્યત્વનું રક્ષણ કરતા વસુઓના કાર્ય દ્વારા વૃદ્ધિ પામતાં શાન્તિ તથા આનંદ દ્વારા આવે છે.

આ બે સૂકતોમાં સામાન્ય રીતે અંગિરસ્ ઋષિઓનો ઉલ્લેખ થયો છે; પણ બીજાં સૂકતોમાં બીજા માનવ પિતૃઓના નિશ્ચિત ઉલ્લેખો જોવા મળે છે, કે જેમણે પ્રથમ પ્રકાશ ખોળી કાઢયો હતો, વિચાર તથા શબ્દ પર સ્વામિત્વ સ્થાપ્યું હતું, અને જેમણે પ્રકાશયુકત આનંદના ગૂઢ લોકોમાં મુસાફરી કરી હતી. આપણે જે પ્રકાશ પ્રાપ્ત કર્યો છે તેની મદદથી હવે આપણે વધારે ગહન, અગત્યના, સુંદર અને પ્રકાશયુકત મંત્રોનું અધ્યયન કરીશું, જેમાં માનવ પિતૃઓની આ મહાન શોધનાં ગાન કરવામાં આવ્યાં છે. તેમાં આપણને તે મહાન આશાનો સરવાળો મળશે, જે આશાને વેદના ગૂઢવાદી ઋષિઓએ પોતાની દૃષ્ટિ સમક્ષ રાખી હતી; તે યાત્રાને—વિજયને આવતી માનવી પેઢીઓ માટે એક પ્રાચીન, પાયાની સિદ્ધિ તરીકે, પ્રકાશયુકત પિતૃઓની ટાઇપ તરીકે, રજૂ કરવામાં આવ્યાં છે. તે મર્યાદિત કરતી રાત્રિની શકિતઓ (रात्रि परितकम्या, (૫, ૩૦, ૧૪) પર, વૃત્રો-શંબરો-વલો-રાક્ષસો-પિશાચો-અવચેતનાની શકિતઓ પર વિજયની ગાથા છે, કે જે શકિતઓ પોતામાં પ્રકાશ તથા શકિતને ધારણ કરી રાખે છે, તેમની અંધકારમય ભ્રમણાપૂર્ણ નગરીઓમાં ગોંધી રાખે છે; પણ જેમને તેઓ યોગ્ય રીતે વાપરી શકતા નથી, અને છતાં માનવને—માનસિક પ્રાણીને તે આપતા પણ નથી. તેમના અજ્ઞાનને, અનિષ્ટને, મર્યાદાને માત્ર આપણામાંથી દૂર કરવાનાં જ નથી, પણ તેમણે સંપૂર્ણપણે તોડીફોડીને પ્રકાશ —કલ્યાણ—અનંતતાનું રહસ્ય આપવાની ફરજ પાડવાની છે. આ મૃત્યુમાંથી તે અમરતાને જિતવાની છે. આ અજ્ઞાનની પાછળ એક ગૂઢ જ્ઞાન અને ઋતનો મહાન પ્રકાશ ગોંધી રખાયેલાં પડયાં છે; આ પાપના પડદા પાછળ કલ્યાણની અનંત સામગ્રી ભરી પડી છે; આ મર્યાદાકારક મૃત્યુમાં અમર્યાદ અમરતાનું

બીજ રહેલું છે. દાખલા તરીકે વલ તેજોનો વલ છે—वलस्य गोमत: (૧, ૧૧, ૫), તેનો દેહ પ્રકાશનો બનેલો છે—गोवपुषो वलस्य (૧૦, ૬૮, ૯); તેની ગુહા ખજાનાઓની નગરી છે. તે દેહને તોડીફોડી નાખવાનો છે, તે નગરીને બળપૂર્વક ખોલી નાખવાની છે, તે ખજાનાઓનો કબજો લેવાનો છે. માનવ-જાતિ માટે આ મહાન કાર્ય કરવાનું છે; સમગ્ર જાતિ માટે પિતૃઓએ તે કાર્ય કર્યું છે, કે જેથી માર્ગનું જ્ઞાન મળે, અને તે જ ઉપાયો વડે તથા પ્રકાશના દેવોની સહાય વડે લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકે. 'હે કાર્યોને સિદ્ધ કરનાર દેવ, જ્યારે અંગિરસોએ શબ્દનો ઉચ્ચાર કર્યો અને તેં સ્થિર વસ્તુઓને જમીન-દોસ્ત કરી, અને તારા પર હુમલો કરવા દોડી આવતા વલને તેં મારી નાખ્યો, અને તેની નગરીનાં બધાં દ્વાર તેં બળપૂર્વક ખોલી નાખ્યાં, તે સમયે તારી અને અંગિરસો વચ્ચે જે મૈત્રી હતી; તેવી પ્રાચીન મૈત્રી અમારી અને દેવોની વચ્ચે થાઓ—બંધાઓ' (૬, ૧૮, ૫). બધી માનવ પરંપરાઓના પ્રારંભમાં આ પ્રાચીન સ્મૃતિ રહેલી છે. તે ઇન્દ્ર અને વૃત્ર સર્પ હોય, કે પછી એપોલો અને પાયથન હોય, કે પછી થોર અને રાક્ષસો હોય, સિગર્ડ અને ફાફ્નર હોય —કેલ્ટિક પુરાણશાસ્ત્રના પરસ્પર ઝઘડતા દેવો હોય; પણ આ પ્રાગૈતિહાસિક માનવ-જાતિની આશાને અથવા જ્ઞાનને સંતાડી રાખનાર રૂપકોને સમજવાની ચાવી આપણને માત્ર વેદમાંથી જડે છે.

વિશ્વામિત્ર નામના મહાન ઋષિનું સૂક્ત (૩, ૩૯) આપણે પ્રથમ લઈશું, કારણ કે તે આપણને આપણા વિષયના હાર્દમાં લઈ જાય છે. શરૂઆતમાં તેમાં પિતૃઓના વિચારનું (पीत्र्या धी:) વર્ણન આવે છે. તે વિચાર તે જ છે કે જે સ્વર્ને પ્રાપ્ત કરાવનાર વિચારને અત્રિઓએ ગાયો છે, જે સાત શિરોવાળા વિચારને નવગ્વો માટે અયાસ્યે શોધી કાઢયો હતો, કારણ કે આ સૂક્તમાં પણ તે વિચારનો સંબંધ અંગિરસો સાથે—પિતૃઓ સાથે જોડેલો છે. હૃદયમાંથી પોતાને અભિવ્યકત કરતો, સ્તોત્ર રૂપે પ્રગટ થતો, વિચાર પોતાના સ્વામી ઇન્દ્ર પ્રત્યે જાય છે. (ઋચા પહેલી). ઇન્દ્ર પ્રકાશયુકત મનની શકિત છે, પ્રકાશના લોકનો તથા તેની વીજળીઓનો સ્વામી છે. શબ્દો અથવા વિચારોને વારંવાર ગાયોનું અથવા યોષિતોનું (સ્ત્રીઓનું) રૂપક આપવામાં આવ્યું છે, ઇન્દ્ર તેમનો વૃષભ અથવા પતિ છે, અને શબ્દો તેની કામના કરે છે, તેને શોધવા માટે ઊર્ધ્વમાં વેગપૂર્વક ગતિ કરે છે—गिर: प्रतित्वां उद् अहासत...वृषभं पतिम् । (૧, ૯, ૪). વૈદિક વિચાર અને વૈદિક વાણી સ્વર્ના પ્રકાશયુકત મનને શોધે છે; તે વિચાર અને વાણી આત્મામાંથી ઊર્ધ્વમાં જવા મથતી, પ્રકાશોની ગાયો છે, જેમાં તેમને પૂરી રાખવામાં આવી હતી તે અવચેતનાની ગુહામાંથી તે ઊર્ધ્વમાં ધસે છે, સ્વર્પતિ ઇન્દ્ર વૃષભ છે, આ ગાયોનો પતિ (गोपति:) છે.

ઋષિ વિચારને વર્ણવવાનું ચાલુ રાખે છે. તે વિચાર વ્યકત થયા પછી, જ્ઞાનમાં જાગ્રત રહે છે, પણિઓની નિદ્રામાં ખોવાઈ જતો નથી—या जागृविर्विदथे शस्यमाना। 'હે ઇન્દ્ર, તારામાંથી (અથવા, તારે માટે) જન્મેલા તે વિચારનું જ્ઞાન તું પ્રાપ્ત કરી લે.' આ ફૉર્મ્યુલા વેદમાં સતત આવે છે. દેવે માનવમાં પોતાની પ્રત્યે ગતિ કરતા વિચારનો ખ્યાલ કરવાનો છે, આપણામાં જ્ઞાન વડે તેના પ્રત્યે જાગ્રત રહેવાનું છે (विद्धि, चेतथः વગેરે); નહિ તો તે માત્ર માનવી જ રહે છે, દેવો પ્રત્યે ગતિ કરતો નથી (देवेषु गच्छति). તે પ્રાચીન (અથવા સનાતન છે), તે સ્વર્ગમાંથી જન્મ્યો છે, વ્યકત થયા પછી તે જ્ઞાનમાં જાગ્રત રહે છે, તેણે શુભ્ર સુખમય ઝભ્ભા પહેર્યા છે, તે આપણામાં રહેલો પિતૃઓનો પ્રાચીન વિચાર છે—सेयं अस्मे सनजा पित्र्या धीः। (ઋક્—૨). પછી ઋષિ આગળ કહે છે કે આ વિચાર બે જોડિયાં બાળકોની માતા છે, તે બે જોડિયાં બાળકોને અહીં જન્મ આપે છે; તે જીભના ટેરવા પર ઊતરીને ઊભો રહે છે; બે જોડિયા દેહો જન્મ્યા પછી એકબીજાને વળગી રહે છે, અંધકારનો નાશ કરે છે, અને જાજવલ્યમાન શકિતના પાયામાં સંચરણ કરે છે. (ઋક્—૩). આ બે જોડિયાં બાળકોની ચર્ચામાં હું નહિ ઊતરું, કારણ કે તેમ કરવાથી વિષયાન્તર થાય. એટલું કહેવું બસ થશે કે બીજા મંત્રોમાં તેમને અંગિરસો સાથે સંબંધિત કરવામાં આવ્યા છે, તેમને પરમ જન્મમાં (ઋતની ભૂમિકા પર) પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે; ઇન્દ્ર તેમનામાં અભિવ્યંજક શબ્દ મૂકી આપે છે (૧, ૮૩, ૩); તે જેના પાયામાં સંચરણ કરે છે તે જાજવલ્યમાન શકિત સૂર્ય છે કે જે અંધકારને હણે છે; એટલે આ પાયો તે પરમ ભૂમિકા—ઋતનો પાયો (ऋतस्य बुध्नः) છે, અને છેલ્લું કે તે સૂર્યનાં બે જોડિયાં બાળકો—યમ તથા યમી સાથે સંબંધિત છે—કે જે યમને દશમા મંડળમાં અંગિરસ્ ઋષિઓ સાથે સંબંધિત કરેલો છે.[૧]

પ્રાચીન વિચારને તથા તેનાં બે જોડિયાં, અંધકારનો નાશ કરનાર બાળકોને વર્ણવ્યા પછી વિશ્વામિત્ર પ્રાચીન પિતૃઓનું કથન કરે છે કે જેમણે તે વિચારનું નિર્માણ કર્યું હતું, અને જે પિતૃઓએ ઋતને—અંધકારમાં છુપાયેલા સૂર્યને શોધી કાઢીને મહાન વિજય પ્રાપ્ત કર્યો હતો. મર્ત્યોમાં કોઈ એવો નથી કે જે આપણા પિતૃઓનો દોષ કાઢી શકે કે નિંદા કરી શકે (હું અર્થ કરું છું કે મર્ત્યોમાંની કોઈ શકિત તેમને બંધનમાં નાખી શકે અથવા મર્યાદિત કરી

---

૧. દશમા મંડળમાં આવેલા યમ-યમીના સંવાદને આપણા આ પ્રકાશમાં સમજવો જોઈએ. તેમાં બહેન, ભાઈ સાથે પરણવા માગે છે, પણ તે વાતને પછીના જન્મો માટે બાકી રાખવામાં આવે છે, કે જે જન્મો સમયના ગાળાનાં પ્રતીક છે. અહીં 'પછીના' એટલે ઉચ્ચતર (उत्तर)—એવો અર્થ છે.

શકે), કે જે પિતૃઓએ ગાયો માટે યુદ્ધ ખેડયું હતું; બળવાન તથા મહાન સિદ્ધિ પ્રાપ્ત કરનાર ઇન્દ્રે ગાયો માટે કારાગૃહના વાડાઓને ખોલી નાખ્યા, નવગ્વો—વીરો તેના મિત્રો હતા, તેઓએ ઘૂંટણ પર ઇન્દ્રનું અનુસરણ કર્યું, દશગ્વો સાથે ઇન્દ્રે તે સત્યને શોધી કાઢયું (सत्यं तत्), અંધકારમાં રહેતા સૂર્યને પણ શોધી કાઢયો. (ઋચાઓ ૪—૫). પ્રકાશયુકત ગાયોની તથા ગૂઢ સૂર્યની પુનઃ પ્રાપ્તિને મોટે ભાગે આ પ્રકારે વર્ણવવામાં આવી છે. પણ પછીની ઋચામાં તે ઘટનાને વેદમાં વારંવાર આવતાં બીજાં રૂપકો સાથે સંયોજિત કરી છે, અને તે છે—ગાયનું ક્ષેત્ર (ચરો) અને ગાયમાં મળેલું મધુ. ઇન્દ્ર પ્રકાશયુકત, ખરીઓયુકત પગવાળી ગાયને ગાયના[1] ચરામાં શોધી કાઢી. (ઋક્—૬) गो શબ્દની પેઠે उस्रिया તથા उस्रा શબ્દના બે અર્થો થાય છે—કિરણ અને ગાય. ગાયમાં ગૂઢ રહેલા, પણિઓએ તેનામાં—વામદેવ કહે છે તે પ્રમાણે ત્રણ ભાગોમાં સંતાડેલા ઘૃતની વાત આપણે વેદમાં વારંવાર સાંભળીએ છીએ; કેટલીક વાર તે મધુયુકત ઘૃત હોય છે, અને કેટલીક વાર માત્ર ઘૃત હોય છે (मधुमद् घृतम् અથવા તો घृतम्) (૯, ૮૬, ૩૭). બીજાં સૂકતોમાં ગાય વડે અપાતા ઘૃતને તથા સોમવલ્લીમાંથી પ્રાપ્ત થતા સોમરસને સંબંધિત કરાયેલાં આપણે વારંવાર જોઈએ છીએ. હવે આપણને ગાયનો અર્થ સ્પષ્ટતાથી સમજાઈ ગયો છે, એટલે આ વિચિત્ર અને અસંગત લાગતો સંબંધ તદ્દન સ્પષ્ટ અને સરળ બની જાય છે. घृत નો અર્થ પણ 'પ્રકાશયુકત' થાય છે, પ્રકાશયુકત ગાયનું પ્રકાશયુકત ઘી; તે માનસમાં રહેલા સચેતન જ્ઞાનનો રૂપયુકત પ્રકાશ છે, કે જે પ્રકાશમય ચેતનામાં સંચિત થઈ રહેલો છે, અને ગાયની નિર્મુકિત સાથે જે નિર્મુકત થાય છે. સોમ અસ્તિત્વની પ્રકાશમય સ્થિતિથી અવિભાજય આનંદ છે. વેદ અનુસાર, આપણામાં મનની ત્રણ ભૂમિકાઓ રહેલી છે; એટલે સૂર્ય—ઇન્દ્ર—સોમ એ ત્રણ દેવોના પર આધાર રાખતા ઘૃતના ત્રણ અંશો—ભાગો વર્ણવાયા છે, અને અદ્રિની ત્રણ ભૂમિકાઓ ઉપર (त्रिषु सानुषु), સોમને ત્રણ ભાગોમાં અર્પણ કરવામાં આવે છે. તે ત્રણ દેવોના સ્વભાવના જ્ઞાન પરથી આપણે એવું અનુમાન કરી શકીએ કે સોમ ઇન્દ્રિય--મનમાંથી દિવ્ય પ્રકાશને મુકત કરે છે, ઇન્દ્ર તેને સક્રિય મનમાંથી મુકત કરે છે, સૂર્ય દિવ્ય પ્રકાશને વિશુદ્ધ વિચારક મનમાંથી મુકત કરે છે. ગાયના ક્ષેત્ર સાથે તો આપણે પરિચિત થઈ ચૂકયા છીએ. તે ક્ષેત્ર એ છે કે જેને ઇન્દ્રે

---

૧. नामे गोः । नम्, ગતિ કરવી, ચરવું, ફરવું—એ ધાતુ પરથી नाम શબ્દ બન્યો છે. ગ્રીક nemo (નેમો) nemos (નેમોસ), ગ્રીક શબ્દનો અર્થ 'ચરાની જમીન, ક્ષેત્રં' થાય છે.

પોતાના પ્રકાશયુકત સાથીદારો માટે દસ્યુઓ પાસેથી જિતી લીધું હતું, જેમાં અત્રિએ વીર અગ્નિને તથા પ્રકાશયુકત ગાયોને જોયાં હતાં, કે જે ગાયો વૃદ્ધ હતી છતાં ફરી યુવાન બની ગઈ હતી, આ ક્ષેત્ર તે પ્રકાશયુકત ઘર (ક્ષમ) છે, જ્યાં દેવો યજ્ઞ વડે માનવ જીવાત્માને લઈ જાય છે.

પછી વિશ્વામિત્ર આ બધાં રૂપકોનો સાચો રહસ્યમય અર્થ આપે છે. દક્ષિણાને પાસે રાખેલા તેણે પોતાના જમણા હાથમાં તે ગૂઢ વસ્તુને રાખી (दक्षिणे दक्षिणावान्), કે જે વસ્તુને ગૂઢ ગુહામાં મૂકવામાં આવી હતી અને જળોમાં સંતાડી રાખવામાં આવી હતી. સંપૂર્ણ જ્ઞાનવાળો તે અંધકારમાંથી જ્યોતિને જુદું પાડો (ज्योतिर्वृणीत तमसो विजानन्); પાપની હાજરીથી અમે દૂર રહીએ, (ઋચાઓ ૬–૭). આ મંત્રોમાંથી આપણને દક્ષિણા દેવીના અર્થની ચાવી મળી રહે છે. કેટલાક મંત્રોમાં दक्षिणा શબ્દને ઉષાના વિશેષણ અથવા સ્વરૂપ તરીકે વાપરવામાં આવ્યો છે, અને બીજા મંત્રોમાં તેને યજ્ઞના ભાગો વહેંચતી વર્ણવવામાં આવી છે. ઉષા દિવ્ય પ્રકાશ છે, અને દક્ષિણા ઉષા સાથે આવતું વિવેક-જ્ઞાન છે, કે જે મન-શકિતરૂપ ઇન્દ્રને યથાર્થ જ્ઞાન માટે, અંધકારમાંથી પ્રકાશને છૂટો પાડવા માટે, અનૃતમાંથી ઋતને તથા વક્રતામાંથી સરળતાને છૂટાં પાડવા માટે સમર્થ બનાવે છે (वृणीत विजानन्). ઇન્દ્રનો જમણો તથા ડાબો હાથ જ્ઞાનયુકત ક્રિયાની તેની બે શકિતઓ છે; કારણ કે તેના બે હાથને गभस्ति કહેવામાં આવ્યા છે. गभस्तिનો સામાન્ય અર્થ કિરણ થાય છે, પણ તેનો અર્થ હાથનો આગલો ભાગ–બાવડું પણ થાય છે. તે બે તેની બે વિવેચનાયુકત શકિતઓ છે, તેના બે પ્રકાશયુકત અશ્વો (હરી) છે, જેમને સૂર્યની આંખોવાળા (सूरचक्षुषः) અને સૂર્યની દૃષ્ટિ શકિતરૂપ (सूर्यस्य केतू) વર્ણવવામાં આવ્યા છે. दक्षिणा તેના જમણા હાથની શકિતની અધિષ્ઠાત્રી દેવી છે, અને તેથી दक्षिणे दक्षिणावान् શબ્દગુચ્છનો પ્રયોગ થયો છે. આ વિવેચનાશકિત યજ્ઞના સત્ય કાર્યની તથા યજ્ઞ ભાગોની યોગ્ય વહેંચણીની અધિષ્ઠાત્રી છે, અને તે દેવી, ઇન્દ્રને તેના જમણા હાથમાં સલામતીપૂર્વક પણિઓના ધનને—ગાયોને પકડી રાખવા સમર્થ બનાવે છે. છેક છેલ્લે આપણને ગુહામાં મુકાયેલી તથા અસ્તિત્વનાં છળોમાં છુપાયેલી ગૂઢ વસ્તુ વિષે કહેવામાં આવ્યું છે કે જે જળોમાં પિતૃઓના વિચારને સ્થાપિત કરવાનો છે—अप्सु धियं दधिषे । તે નિગૂઢ સૂર્ય છે, આપણા દિવ્ય અસ્તિત્વનો ગૂઢ પ્રકાશ છે, જેને શોધી કાઢવાનો છે, અને જેમાં તેને સંતાડી દેવામાં આવ્યો છે તે અંધકારમાંથી જ્ઞાન વડે પ્રાપ્ત કરવાનો છે. આ પ્રકાશ ભૌતિક નથી, તે वात विजानन् શબ્દ પુરવાર કરે છે. કારણ કે યોગ્ય જ્ઞાન વડે તેને શોધી કાઢવાનો છે; સૂર્ય જડે અને દિવ્ય ઉષા ઊગે ત્યાર પહેલાં આપણે નૈતિક સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે, આપણા અસ્તિત્વની

રાત્રિના અંધકારમાં વાગતી ઠેસોમાંથી, અસત્ય ગતિમાંથી (दुरित) મુકત થવાનું છે.

એક વાર આપણને ગાયોના, સૂર્યના, મધુયુકત સોમના સાચા અર્થની ચાવી મળી જાય, એટલે અંગિરસ્—કથાના સંયોગો તથા પિતૃઓનું કાર્ય તદ્દન સ્પષ્ટ અને સુસંબદ્ધ થઈ જાય છે, કારણ કે તે બે વસ્તુઓ એકબીજા પર પ્રકાશ ફેંકે છે. નહિ તો તો યજ્ઞવિધિપરક કે પ્રાકૃતિક અર્થ કરવા જતાં બધો અસંગત ખીચડો બની જાય છે; ઐતિહાસિક અથવા આર્ય—દ્રાવિડિયન અર્થ કરવો તે તદ્દન અશકય જ છે. પેલી ચાવી વડે આપણે દરેક સૂકતને, સમગ્રપણે અને બીજાં સૂકતોના સંદર્ભમાં, સમજી શકીએ છીએ. વેદમાંની દરેક છૂટક પંકિત, દરેક મંત્ર, દરેક છૂટોછવાયો ઉલ્લેખ અનિવાર્ય તથા સુસંગત રીતે, એક સામાન્ય સમગ્રતામાં ગોઠવાઈ જાય છે. અહીં આપણને સમજાય છે કે ઋતના પ્રકાશયુકત જ્યોતિમાં—ગાયમાં મધુ—ઘૃત—આનંદ કેવી રીતે છુપાયેલો રહ્યો છે; મધુયુકત ગાયનો સૂર્ય સાથે—તે પ્રકાશના ઉદ્ગમસ્થાન તથા સ્વામી સાથે શો સંબંધ છે; અંધકારમાં રહેલા સૂર્યની પ્રાપ્તિને અંગિરસોએ પણિઓ પાસેથી પાછી મેળવેલી ગાયોના વિજય સાથે કેમ જોડવામાં આવી છે; શા માટે તેને તે ઋતની શોધ કહેવામાં આવી છે; ખરીયુકત પગોવાળું ધન તથા ગાયનો ચરો શું છે, તે સમજાઈ જાય છે. પણિઓની ગુફા શું છે; વલના વાડાઓમાં છુપાયેલી વસ્તુને (ગાયોને) શા માટે વૃત્રના કબજામાંથી ઈન્દ્ર વડે મુકત કરવાનાં, ગૂઢ જળો કેમ કહેવામાં આવ્યાં છે, અયાસ્યનો સાત શિરોવાળો, સ્વર્ને જિતતો, વિચાર કેવી રીતે સાત નદીઓ પર માલિકી મેળવે છે; ગુહામાંથી સૂર્યની પ્રાપ્તિ—અંધકારમાં પ્રકાશની વિવેચના દક્ષિણા (સર્વ વિવેચક શકિતની દેવી) શા માટે કરે છે, દક્ષિણા અને સરમા કોણ છે, ઈન્દ્ર જેને પોતાના જમણા હાથમાં ધારણ કરે છે તે ખરીયુકત પગોવાળું ધન શું છે—આ બધું સમજાઈ જાય છે. આ સમજૂતીને પ્રાપ્ત કરવા માટે આપણે શબ્દોના અર્થને મારી-મચડીને કાઢવા નથી પડતા, આપણી સગવડ કે અનુકૂળતા પ્રમાણે નિશ્ચિત શબ્દ-ગુચ્છોને જુદી જુદી રીતે સમજાવવા નથી પડતા, જુદાં જુદાં સૂકતોમાં એક જ પંકિતનો અથવા શબ્દસમૂહનો અર્થ જુદો જુદો નથી કરવો પડતો, અસંગતતાને સાચી સમજૂતીનો માપદંડ નથી બનાવવી પડતી. ઊલટું, ઋચાઓના શબ્દોને તથા રૂપોને વધારે વફાદારીપૂર્વક ચીટકી રહેવાથી વેદનો સામાન્ય વિગતવાર અર્થ સતત સ્પષ્ટતાપૂર્વક અને સંપૂર્ણતાપૂર્વક કરી શકાય છે.

એટલે આપણે શોધી કાઢેલ અર્થઘટન-પદ્ધતિને હવે બીજા મંત્રોને લાગુ પાડવાનો આપણને અધિકાર પ્રાપ્ત થાય છે. હવે હું વસિષ્ઠના સાતમા

મંડળના છોતેરમા સૂકતનું અવલોકન કરીશ. બાહ્ય દૃષ્ટિએ જોતાં તે ભૌતિક ઉષાનું માત્ર આનંદ-ઉદ્રેકપૂર્ણ ચિત્ર છે. પણ ઝીણવટથી અવલોકન કરતાં, આ પ્રથમ છાપ ભૂંસાઈ જાય છે; આપણે તેમાં ગહનતર અર્થનું સતત સૂચન જોઈ શકીએ છીએ; અને આપણને મળેલી ચાવી લાગુ કરતાં, સાચા અર્થનો સંવાદ પ્રગટ થાય છે. સૂકતના પ્રારંભમાં પરમ ઉષાના ઉદયમાં સૂર્યોદયનું વર્ણન આવે છે, જે સૂર્યોદય દેવોએ તથા અંગિરસોએ સિદ્ધ કર્યો છે. સવિતૃ દેવ, વૈશ્વિક પુરુષ, અમર તથા બધા જન્મોના પ્રકાશમાં ઉપર આવ્યા છે (ज्योतिरमृतं विश्वजन्यम्); યજ્ઞકાર્ય વડે દેવોનાં ચક્ષુ પ્રગટ થયાં છે (અથવા દેવોની સંકલ્પ-શકિતથી દર્શના-શકિત જન્મી છે); ઉષાએ સમગ્ર વિશ્વનો આવિર્ભાવ કર્યો છે (અથવા બધાં અસ્તિત્વોને—विश्वं भुवनम् ને પ્રગટ કર્યાં છે) (ઋચા-૧). આ સૂર્યોદયના અમર પ્રકાશને બીજા મંત્રોમાં સત્ય પ્રકાશ (ऋतं ज्योतिः) કહેવામાં આવ્યો છે, કારણ કે વેદમાં ઋત અને અમરતાને સંબંધિત કરવામાં આવ્યાં છે. જ્યારે અયાસ્ય विश्वजन्य—વૈશ્વિક અસ્તિત્વવાળા બન્યા, ત્યારે તેમને જે સાત શિરોવાળો વિચાર પ્રાપ્ત થયો હતો તેના વડે અપાયેલા જ્ઞાનનો એ પ્રકાશ છે; તેથી આ પ્રકાશને પણ विश्वजन्य કહેવામાં આવ્યો છે, કારણ કે ચતુર્થ ભૂમિકાનો—અયાસ્યના तुरीयं स्विद् નો પ્રકાશ છે, જેમાંથી બીજું બધું જન્મે છે, અને જેના સત્ય વડે બીજું બધું તેમની વિશાળ વૈશ્વિકતામાં જોઈ શકાય છે અને નહિ કે અનૃતની અને વક્રતાની મર્યાદિતતામાં. તેથી તેને દેવોનું ચક્ષુ અને દિવ્ય ઉષા કહેવામાં આવ્યો છે, કે જે સમગ્ર અસ્તિત્વને પ્રગટ કરે છે.

આ દિવ્ય દર્શનાનું પરિણામ એ આવે છે કે માનવનો માર્ગ તેની સમક્ષ ખુલ્લો થઈ જાય છે, અને તેની દેવો પ્રત્યેની યાત્રા (देवयानाः) પ્રગટ થઈ જાય છે, જે તેને દિવ્ય અસ્તિત્વની અનંત વિશાળતા પ્રત્યે દોરી જાય છે. 'મારી સમક્ષ યાત્રાના માર્ગો દૃષ્ટિગોચર થયા છે, જે યાત્રા ઉલ્લંઘન કરતી નથી, જેની ગતિઓનું નિર્માણ વસુઓએ કર્યું હતું. ઉષાનાં ચક્ષુ સામે પ્રગટ થયું છે, અને ઉષા અમારાં ઘર ઉપર અમારી પ્રત્યે આવી છે' (ઋચા-૨). વેદમાં ઘરો એટલે જીવાત્માના નિવાસરૂપ શરીરો અને ક્ષેત્ર અથવા ધામ એટલે જીવાત્મા જેના પર આરોહણ કરી વિશ્રામ મેળવે છે તે ભૂમિકા. માનવની યાત્રાનો માર્ગ એટલે સર્વોચ્ચ ભૂમિકા પ્રત્યેની મુસાફરીનો માર્ગ; અને પાંચમી ઋચામાં જેની પુનરુકિત કરવામાં આવી છે તે–દેવોની મુસાફરીઓ જેનો ભંગ કરતી નથી તે છે દેવોનાં કાર્યો, જેમાં જીવાત્માએ વૃદ્ધિ પામવાની છે તે જીવનનો દિવ્ય કાયદો. પછી એક એવું દૃશ્ય વર્ણવાયું છે કે જે ઉત્તર ધ્રુવના પ્રદેશના સિદ્ધાંતને ટેકો આપે. સૂર્યોદય પહેલાં ઘણા દિવસો વીતી ગયા, જે દરમિયાન 'હે ઉષા, તું તારા પતિની પાસે જ—આસપાસ સંચરતી હતી, અને જાણે પાછી ન

આવવાની હોય તેમ લાગતું હતું.' (ઋચા—૩) સાચે જ, આ સતત રહેલી, રાત્રી જેમાં ખલેલ પાડતી નથી એવી, ઉષાઓનું વર્ણન છે, કે જે ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં જ જોવા મળે છે. આ ઋચામાં રહેલો માનસશાસ્ત્રીય અર્થ સ્પષ્ટ દેખાઈ આવે છે.

આ ઉષાઓ કયી હતી? પિતૃઓએ, પ્રાચીન અંગિરસોએ સર્જેલી તે ઉષાઓ હતી. ઋતને પ્રાપ્ત કરેલા, પ્રાચીન ઋષિઓ, દેવો[1] સાથે, તે (સોમના) આનંદનો ઉપભોગ કરતા હતા; પિતૃઓએ ગૂઢ પ્રકાશને શોધી કાઢયો; પ્રેરણા-યુકત શબ્દ વડે વ્યકત થયેલા સત્ય વિચારવાળા તેમણે ઉષાને જન્માવી (ઋચા—૪). તે ઉષા, માર્ગ, દિવ્ય યાત્રા પિતૃઓને કયાં દોરી ગઈ? સમતલ વિશાળતા તરફ (समाने ऊर्वे); બીજા મંત્રોમાં જેને વિઘ્નરહિત વિશાળતા (उरौ अनिबाधे) કહેવામાં આવી છે ત્યાં. તે વિશાળતા વૃત્રને મારીને આકાશ—પૃથ્વીની પાર ગયેલા લોકો પ્રાપ્ત કરે છે—એમ કણ્વે કહ્યું છે; તે અદિતિનું વિશાળ ઋત છે, અનંત અસ્તિત્વ છે. તે સમતલ વિશાળતામાં પિતૃઓ તેમના જ્ઞાનમાં સંયુકત બને છે (અથવા સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે છે) અને એકબીજા સાથે સંઘર્ષમાં આવતા નથી; તેઓ દેવોનાં કાર્યોને ન્યૂન બનાવતા નથી; તેમનું ઉલ્લંઘન કર્યા સિવાય તેઓ વસુઓના બળ વડે પોતાના લક્ષ્ય તરફ આગળ વધે છે. (ઋચા—૫). એ સ્પષ્ટ છે કે સાત અંગિરસો પછી તે માનવ હોય કે દિવ્ય, જ્ઞાનનાં, વિચાર અથવા શબ્દનાં, સાત શિરોવાળા વિચારનાં, બૃહસ્પતિના સાત મુખોવાળા શબ્દનાં દ્યોતક છે, ભિન્ન ભિન્ન તત્ત્વો છે; સમતલ વિશાળતામાં તે બધાં વૈશ્વિક જ્ઞાનમાં સુસંવાદી બની જાય છે; જેમને લઈને માનવો દેવોનાં કાર્યોનો ભંગ કરે છે, અને જે તત્ત્વો જુદાં જુદા રહેવાથી માનવોની ચેતનામાં—અસ્તિત્વમાં—જ્ઞાનમાં ગૂંચવાડા-ભરેલો સંઘર્ષ પેદા કરે છે, તે બધી ભૂલો—વકતાઓ—અનૃતો હવે દિવ્ય ઉષાનાં ચક્ષુથી અથવા દર્શના-શકિતથી દૂર થઈ ગયાં હોય છે.

સૂકતના અંતમાં વસિષ્ઠો આ દિવ્ય અને આનંદમય ઉષાની ગાયોની નેત્રી તરીકે, પ્રાચુર્યની સ્વામિની તરીકે, સુખ તથા સત્યોની નેત્રી તરીકે (सूनृतानाम्) અભીપ્સા સેવે છે. મૂળ પિતૃઓની પેઠે, ઋષિઓની પેઠે તે જ સિદ્ધિને પ્રાપ્ત કરવાની તેઓ કામના સેવે છે; અને આ પરથી એમ લાગે છે કે તે પિતૃઓ દિવ્ય અંગિરસો નહિ, પણ માનવ અંગિરસો હોવા જોઈએ. ગમે તેમ પણ, અંગિરસ્-કથાનો વિગતવાર અર્થ નિશ્ચિત થઈ જાય છે—માત્ર પણિઓ

---

૧. હું સઘમાદ: શબ્દના પરંપરાપ્રાપ્ત અર્થને સ્વીકારું છું, જો કે તે જ અર્થ સાચો છે તેની મને ખાતરી નથી.

તથા સરમાનું તાદાત્મ્ય નક્કી થવાનું બાકી રહે છે. હવે આપણે ચોથા મંડળના શરૂઆતના મંત્રોનું અવલોકન કરીશું, જેમાં માનવ પિતૃઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેમની સિદ્ધિ વર્ણવવામાં આવી છે. અંગિરસ્-કથાની આ બાજુ માટે, વામદેવના આ સૂકતો બહુ પ્રકાશક અને મહત્ત્વનાં છે, અને ઋગ્વેદનાં બધાં સૂકતોમાં આમેય તે સૌથી વધારે રસપ્રદ છે.

પિતૃઓનો વિજય

મહર્ષિ વામદેવનાં, દિવ્ય જવાળારૂપ, ઋષિની સંકલ્પશકિતરૂપ, અગ્નિને ઉદ્દેશીને લખાયેલાં સૂકતો ઋગ્વેદમાં ખૂબ ગૂઢ અને રહસ્યમય છે; જો ઋષિઓએ પ્રયોજેલી મહત્ત્વની રૂપક-પદ્ધતિનો ખ્યાલ મનમાં બરાબર દૃઢ કરી લીધો હોય તો તેમનો અર્થ સરળ છે; અને નહિ તો આપણી સમજમાં ન આવે તેવાં દૃશ્યોની તે પ્રકાશમાન ભુલભુલામણીરૂપ છે. વાચકે હગલે ને પગલે સૂકતોનો અર્થ કરવામાં તે ચાવીરૂપ નિશ્ચિત પ્રતીક-પદ્ધતિને લાગુ કરવાની છે; નહિ તો સતત વપરાતા તત્ત્વચિંતનના પારિભાષિક શબ્દોના અર્થ પર જેણે પ્રભુત્વ મેળવ્યું નથી તેવો વાચક જેમ તત્ત્વચિંતનનો—પરા વિદ્યાનો અર્થ ન સમજી શકે; અથવા તો પાણિનિનાં સૂત્રોનાં વ્યાકરણીય નિયમોની ખાસ પદ્ધતિના જ્ઞાન વગરના માણસને જેમ તે સૂત્રો ન સમજાય, તેમ તે સૂકતોનો સાચો અર્થ વાચકને હાથ નહિ લાગે. પણ વામદેવ, માનવ પિતૃઓની આ મહાન સિદ્ધિ વિષે જે કહે છે, તે સમજવા માટે આપણી પાસે આ પ્રતીકોની પદ્ધતિ પર ખૂબ પ્રકાશ ફેંકાયેલો છે.

તે પિતૃઓની મહાન સિદ્ધિનો આપણને બરાબર ખ્યાલ આવે, તેટલા માટે પરાશર શાકત્યની સ્પષ્ટ અને પર્યાપ્ત ફૉર્મ્યુલાઓને પ્રથમ સમજી લઈએ. અંગિરસોએ—આપણા પિતૃઓએ તેમના શબ્દો વડે તે મજબૂત બળવાન સ્થાનોને ભેદ્યાં, તેમના ઉચ્ચારણ વડે તેમણે અદ્રિને ભેદ્યો—ઉઘાડી નાખ્યો, તેમણે આપણે માટે મહાન સ્વર્ગનો માર્ગ ખુલ્લો કર્યો, તેમણે દિવસને, સ્વર્‌ને અને દર્શનાશકિતને તથા ગાયોને ખોળી કાઢયાં चक्रुर्दिवो बृहतो गातुमस्ये, अहः स्वर्विविदुः केतुमुस्राः । (૧, ૭૧, ૨). પરાશર શાકત્ય કહે છે કે તે માર્ગ આપણને અમૃતત્વ પ્રત્યે લઈ જાય છે; સત્ય ફળને ધારણ કરનારી સર્વ વસ્તુઓમાં જેમણે પ્રવેશ કર્યો હતો તેવા, તેમણે અમરતાના માર્ગને બનાવ્યો; મહિમા વડે તથા મહાન દેવો વડે, તેમને માટે પૃથ્વી વિશાળ બની ગઈ; ધારણ કરવા

માટે પોતાના પુત્રો સાથે માતા અદિતિ પ્રગટ થઈ. (૧, ૭૨, ૯).[૧] અર્થાત્, ઉપરની અનંત ભૂમિકાઓના મહિમા વડે તથા તે ભૂમિકાઓ પર શાસન કરતા મહાન દેવોની શકિત વડે મિલન પામેલી શારીરિક ચેતનાએ તેની મર્યાદાઓને તોડી નાખી, તે ચેતના પ્રકાશ પ્રત્યે ખુલ્લી બની અને અનંત ચેતનારૂપ માતા અદિતિએ, તથા પરમાત્માની દિવ્ય શકિતઓરૂપ અદિતિના પુત્રોએ તેની નવીન વિશાળતામાં પૃથ્વીનું ધારણ કર્યું (શારીરિક ચેતનાનું ધારણ કર્યું). આ વૈદિક અમરતા છે.

આ પ્રાપ્તિ અને વિકાસનાં સાધનોને પણ પરાશરે પોતાની રહસ્યવાદી પણ સ્પષ્ટ અને છાપ પાડે તેવી શૈલીમાં ગાયાં છે. તેમણે ઋતને ધારણ કર્યું, તેના વિચારને સમૃદ્ધ બનાવ્યો; પછી તે અભીપ્સાવાળા (आर्याः) જીવાત્માઓએ તેને વિચારમાં ધારણ કરીને, ઋતને પોતાના સમગ્ર અસ્તિત્વમાં પ્રસરાવ્યું दधन् ऋतं धनयन्नस्य धीतिं, आदिदर्यो दिधिष्वो विभृत्राः । (૧, ૭૧, ૩) विभृत्राः ઋતના વિચારને આપણા અસ્તિત્વનાં બધાં તત્ત્વોમાં ધારણ કરવાના અર્થને સૂચવે છે; વૈદિક રૂપકમાં કહીએ તો, બીજા મંત્રોમાં કહ્યું છે તેમ, 'સાતેય જળોમાં સાત શિરોવાળા વિચાર'ને સૂચવે છે—अप्सु धियं दधिषे। આ વાત પાછળ આવતા વર્ણનથી સ્પષ્ટ પુરવાર થાય છે—કાર્યના કરનારાઓ તૃષારહિત જળો પ્રત્યે ગતિ કરે છે, કે જે જળો આનંદની સંતુષ્ટિ વડે દિવ્ય જન્મોની વૃદ્ધિ કરે છે—अतृष्यन्तीरपसो यन्ति अच्छा, देवान् जन्म प्रयसा वर्धयन्तीः । સપ્તવિધ, સંતુષ્ટ, ઋત-અસ્તિત્વમાં રહેલી સપ્તવિધ ઋતચેતના આપણામાં, જીવાત્માની આનંદ માટેની તૃષાને સંતોષીને, દિવ્ય જન્મોની વૃદ્ધિ કરે છે—એ અમરતામાં વિકાસ છે. દિવ્ય અસ્તિત્વ-પ્રકાશ-આનંદની આ ત્રિપુટીના આવિર્ભાવને પાછળથી વેદાંતીઓએ સચ્ચિદાનંદ નામ આપ્યું છે.

૧, ૬૮ માં પરાશર ઋતના આ વૈશ્વિક પ્રસરણના અર્થને, અને આપણામાં અત્યારની મર્યાદિત મર્ત્યતાને સ્થાને વૈશ્વિક તથા અમર જીવનને ખાતરીપૂર્વક સ્થાપિત કરતી બધા દેવોની ક્રિયાને તથા તેમના જન્મને વધારે સ્પષ્ટ કરે છે. દિવ્ય ઋષિ—સંકલ્પરૂપ અગ્નિને સ્વર્ગમાં આરોહણ કરતો, તથા બધી ચરાચર વસ્તુઓમાંથી રાત્રિઓના પડદાને ચીરી નાખતો વર્ણવ્યો છે. જ્યારે પોતાના અસ્તિત્વના મહિમાથી આ એક મહાન દેવ અગ્નિ આ બધા દેવોમાં વ્યાપ્ત થઈ જાય છે, ત્યારે હે અગ્નિ દેવ, તારા સંકલ્પને બધા જ સ્વીકારે છે અને વળગી રહે છે, તું શુષ્કતામાંથી (રણમાંથી, ઋતનાં જળોથી રહિત ભૌતિક

---

૧. आ ये विश्वा स्वपत्यानि तस्थुः कृण्वांसो अमृतत्वाय गातुम् ।
महना महद्भिः पृथिवी वि तस्थे माता पुत्रैरदितिर्धायसे वेः ।।

અસ્તિત્વમાંથી) તું જીવંત આત્મા તરીકે જન્મે છે; બધા પોતાની ગતિઓ વડે અમરતાને પ્રાપ્ત કરે છે; સત્યપ્રાપ્તિથી દેવત્વને માણે છે—भजन्त विश्वे देवत्वं नाम, ऋतं सपन्तो अमृतं एवैः । ઋતનો આવેગ, ઋતનો વિચાર વૈશ્વિક જીવન બની જાય છે (અથવા સમગ્ર જીવનને વ્યાપી લે છે), અને તેમાં બધા પોતાનાં કાર્યોને પરિપૂર્ણ કરે છે—ऋतस्य प्रेषा ऋतस्य धीति विश्वायुर्विश्वे अपांसि चक्रुः । (ઋચાઓ ૧—૩).

યુરોપીય વિદ્વાનોએ આપણા મગજમાં જે ભૂસું ભર્યું છે, તેને પરિણામે આ માનવ પિતૃઓની પર-પાર્થિવ સિદ્ધિમાં આપણે પંજાબની સાત પાર્થિવ નદીઓને ન ઘસડી લાવીએ, અને વેદનો કમનસીબ ખોટો અર્થ ન કરીએ, તેટલા માટે પરાશર તે સાત નદીઓ વિષે તેની સ્પષ્ટ પ્રકાશયુકત શૈલીમાં આપણને કહે છે કે : ઋતની પોષણ કરતી ગાયોએ (धेनवः કે જે રૂપક નદીઓને આપવામાં આવ્યું છે, જ્યારે गावः અથવા उस्राः સૂર્યની પ્રકાશયુકત ગાયોનો અર્થ બતાવે છે) તેનું પોષણ કર્યું; આરડતી, સુખમય આંચળવાળી તે ગાયો સ્વર્ગમાં આનંદ માણવા લાગી; પર-ચેતનાની ભૂમિકા પરથી સત્ય વિચારણાને વરદાન તરીકે પ્રાપ્ત કરેલી નદીઓ અદ્રિ ઉપર વિશાળતાપૂર્વક, એક સરખી રીતે, વહેવા લાગી—ऋतस्य हि धेनवो वावशानाः स्मदूध्नीः पीपयन्त द्युभक्ताः; परावतः सुमतिं भिक्षमाणाः, वि सिन्धवः समया सस्रुरद्रिम् । (૧, ૭૩, ૬). ૧, ૭૨, ૮માં, બીજાં સૂકતોમાં નદીઓને માટે વપરાયેલા શબ્દનો પ્રયોગ કરતાં પરાશર કહે છે કે વિચારને યોગ્ય સ્થાને મૂકતી, ઋતને જાણતી, સ્વર્ગની મહાન સાત નદીઓએ જ્ઞાનમાં આનંદનાં દ્વારોને વિવેકપૂર્વક શોધી કાઢયાં; સરમાએ પ્રકાશયુકત ગાયોનાં વિશાળ મજબૂત બંધનસ્થાનો શોધી કાઢયાં; તેનાથી માનવ પ્રાણી આનંદનો ઉપયોગ કરે છે—स्वाध्यो दिव आ सप्त यह्वीः रायो दुरो वि ऋतज्ञा अजानन् । विदद् गव्यं सरमा द्रघमूर्वं, येना नु कं मानुषी भोजते वित् ।।

સ્પષ્ટ છે કે આ પંજાબની નદીઓ નથી, પણ સ્વર્ગની નદીઓ છે, ઋતની[1] નદીઓ છે, સરસ્વતી માફક દેવીઓ છે, જેઓ જ્ઞાનમાં સત્યની પ્રાપ્તિ કરે છે, અને તેના વડે માનવ પ્રાણી માટે આનંદનાં દ્વાર ખોલી નાખે છે. મેં જેના પર ભાર મૂકયો છે તે વાતને અહીં પણ આપણે જોઈએ છીએ કે ગાયોને શોધી કાઢવી અને નદીઓને મુકત કરી પ્રવાહિત કરવી--તે બે વચ્ચે ગાઢ સંબંધ છે;

---

૧. ૧, ૩૨, ૮માં હિરણ્યસ્તૂપ અંગિરસ્ વૃત્રના પંજામાંથી નિર્મુકત કરાયેલાં જળોને 'મન પર આરોહણ કરતાં' વર્ણવે છે—मनो रुहानाः; બીજા મંત્રોમાં પણ તેમને જ્ઞાનયુકત જળો કહેવામાં આવ્યાં છે—आपो विचेतसः । (૧, ૮૩, ૧).

તે એક જ ક્રિયાના બે વિભાગો છે કે જે ક્રિયા ઋતની પ્રાપ્તિ અને માણસોની અમરતા છે– ऋतं सपन्तो अमृतं एवैः ।

આના ઉપરથી નીચેની વાતો સ્પષ્ટ થાય છે કે ઋતનો તથા અમૃતત્વનો વિજય તે અંગિરસોની સિદ્ધિ છે; સ્વર્ અથવા તો મહાન સ્વર્ગ (बृहद्द्यौः) સામાન્ય આકાશ—પૃથ્વીથી પર, ઋતની ભૂમિકા છે; આકાશ—પૃથ્વી સામાન્ય માનસિક તથા શારીરિક અસ્તિત્વ છે; મહાન સ્વર્ગના જે માર્ગને-ઋતના જે માર્ગને અંગિરસોએ નિર્માણ કર્યો છે અને સરમા જે માર્ગે ગઈ છે, તે માર્ગ અમરતાનો માર્ગ છે (अमृतत्वाय गातुम्—१, ७२, ९); ઉષાની દર્શના (केतुः)—અંગિરસોએ જિતેલો દિવસ તે ઋત-ચેતનાની દૃષ્ટિ શકિત છે; પણિઓ પાસેથી ઝૂંટવી લીધેલી, સૂર્યની તથા ઉષાની પ્રકાશયુકત ગાયો તે ઋત-ચેતનાના પ્રકાશો છે, જે આપણને અયાસ્યના સાત શિરોવાળા વિચારમાં પરિપૂર્ણ થયેલા દેખાતા, ઋતના વિચારનું નિર્માણ કરવામાં મદદ કરે છે; વેદની રાત્રિ તે મર્ત્ય માનવીની અંધકારમય ચેતના છે, જેમાં સત્ય અવચેતનામાં—અદ્રિની ગુહામાં નિગૂઢ છે; રાત્રિના અંધકારમાં રહેલા સૂર્યની પુનઃપ્રાપ્તિ તે અંધકારમય અવચેતનાની સ્થિતિમાંથી ઋતના સૂર્યની પુનઃપ્રાપ્તિ છે; નીચે પૃથ્વી પ્રત્યે વહેતી સાત નદીઓ તે દિવ્ય અથવા અમર અસ્તિત્વના સત્યમાં આકારિત, આપણા અસ્તિત્વનાં સપ્તવિધ તત્ત્વોનું બહાર પ્રગટ થતું કાર્ય (ક્રિયા) છે. તેમાંથી એ ફલિત થાય છે કે પણિઓ, અવચેતનાની સ્થિતિમાંથી પ્રગટ થતા ઋતને અવરોધતી શકિતઓ હોવી જોઈએ, કે જે શકિતઓ માનવ પાસેથી પ્રકાશોને સતત ચોરી લેવા મથે છે અને તેને ફરી રાત્રિમાં ધકકેલી દેવા પ્રયત્ન કરે છે; વૃત્ર, એવી શકિત હોવી જોઈએ કે જે ઋતની પ્રકાશયુકત નદીઓની સ્વચ્છંદ ગતિઓને રોકે છે—અટકાવે છે, આપણામાં ऋतस्य प्रेषा—ઋતના આવેગમાં અવરોધ કરે છે, પ્રકાશયુકત આવેગને રૂંધે છે—द्युमतीमिषम् (७, ५, ८)—કે જે આવેગ આપણને રાત્રિમાંથી અમૃતત્વ પ્રત્યે લઈ જાય છે. તેથી ઊલટું, અદિતિના પુત્રો—દેવો અનંત ચેતનારૂપ અદિતિમાંથી જન્મેલી, પ્રકાશયુકત, દિવ્ય શકિતઓ હોવી જોઈએ, જેમનું આપણા માનવ-મર્ત્ય અસ્તિત્વમાં નિર્માણ તથા કાર્ય આપણી દેવત્વની વૃદ્ધિ માટે જરૂરી છે, કે કે જે દેવત્વ તે અમૃતત્વ છે. ઋત–ચેતનાનો દ્રષ્ટા–સંકલ્પ, અગ્નિ આપણને યજ્ઞ સિદ્ધ કરાવનાર મુખ્ય દેવ છે; તે યજ્ઞને ઋતના માર્ગ પર આગળ ધપાવે છે; તે યુદ્ધ કરનાર વીર છે; કાર્ય કરનાર કર્તા છે; અને પોતાનામાં બધા દેવોને સમાવી દેનાર, તેની એકતા અને વૈશ્વિકતા અમૃતત્વનો પાયો છે. આપણે જે ઋતની ભૂમિકાને પ્રાપ્ત કરીએ છીએ, તે અગ્નિનું પોતાનું ઘર છે, બીજા દેવોનું પોતાનું ઘર છે, અને માનવ આત્માનું પણ આખરી ઘર છે. આ

અમરતાને આનંદ રૂપે અનંત આધ્યાત્મિક સમૃદ્ધિ તથા પ્રાચુર્ય રૂપે રત્ન, રધિ, વાજ, રાધસ્ રૂપે વર્ણવવામાં આવી છે; આપણા દિવ્ય ઘરનાં બારણાંનું ઉદ્ઘાટન તે આનંદનાં દ્વારોનું (रायो दुरः) ઉદઘાટન છે; તે દ્વારો ઋતની વૃદ્ધિ કરેલા લોકો માટે (ऋतावृधः) ખૂલી જાય છે; આપણે માટે સરસ્વતી અને તેની બહેનો—સાત નદીઓ, સરમાની મદદ વડે, તે દ્વારો શોધી કાઢે છે; બૃહસ્પતિ અને ઈન્દ્ર પ્રકાશયુકત ગાયોને તે દ્વારો પ્રત્યે, વિશાળ ઋતની વિધિરહિત તથા સમતલ અનંતતાઓના વિશાળ ક્ષેત્ર—ચરા પ્રત્યે દોરી જાય છે.

આ ખ્યાલોને આપણા મગજમાં સ્પષ્ટતાપૂર્વક સ્થાપિત કરવાથી આપણે વામદેવના મંત્રોને સમજી શકવા સમર્થ થઈશું, કે જે મંત્રો પરાશરે સ્પષ્ટ રીતે વ્યકત કરેલી વિચાર-સામગ્રીને રૂપકમય ભાષામાં દોહરાવે છે. વામદેવના પ્રારંભિક મંત્રો દ્રષ્ટા-સંકલ્પરૂપ અગ્નિને ઉદ્દેશાયેલા છે, તેમાં અગ્નિને માનવનો મિત્ર, માનવના યજ્ઞનો રચયિતા, તેને દર્શના તથા જ્ઞાન (केतु) પ્રત્યે જાગ્રત્ કરતો વર્ણવ્યો છે—स चेतयन् मनुषो यज्ञबन्धुः (४, १, ९). એવો અગ્નિ આ અસ્તિત્વનાં દ્વારયુકત ઘરોમાં રહી, કાર્ય પૂર્ણ કરે છે; દેવ હોવા છતાં, તે મર્ત્યની સિદ્ધિ માટે સાધનારૂપ બનીને આવ્યો છે—स क्षेति अस्य दुर्यासु साधन् देवो मर्त्यस्य सघनित्वमाप । તે શું સિદ્ધ કરે છે? તે વાત પછીના મંત્રમાં કહેવામાં આવી છે. પોતાના જ્ઞાનમાં રહેલો અગ્નિ આપણને તે આનંદ પ્રત્યે લઈ જાઓ, કે જે આનંદને દેવો ભોગવે છે, જે આનંદને પોતાના વિચાર દ્વારા બધા અમર્ત્ય દેવોએ સર્જ્યો હતો, તથા દ્યૌષ્પિતા—દ્યુલોકના પિતાએ ઋતને નીચે વહેવરાવીને સર્જન કર્યું હતું—सनोअग्निर्नयतु प्रजानन् अच्छा रत्नं देवभक्तं यदस्य । धिया यद् विश्वे अमृता अकृण्वन्, द्यौष्पिता जनिता सत्यमुक्षन् ।। પરાશરે વર્ણવેલા અમરતાના આ આનંદને બધાં અમર દેવોએ, ઋતના વિચારમાં તથા તેના આવેગમાં, પોતાનું કાર્ય કરતાં કરતાં સર્જ્યો છે; उक्षन् શબ્દ બતાવી આપે છે કે ઋતનું સિંચન તે જળોનું સિંચન છે, જેને પરાશરે "અદ્રિ ઉપર ઋતની સાત નદીઓનાં જળોનું સમાન પ્રસરણ" કહીને વર્ણવ્યું છે.

પછી વામદેવ આ મહાન, પ્રથમ, પરમ શકિતરૂપ અગ્નિના ઋતમાં—જળોમાં—તેના મૂળના ઘરમાં જન્મનું વર્ણન કરે છે. પ્રથમ એવો તે, જળોમાં, વિશાળ સ્વર્લોકના પાયામાં, તેની યોનિમાં (અર્થાત્ તેના ધામમાં, જન્મસ્થાનમાં, તેના મૂળ ઘરમાં) જન્મ્યો હતો; તેને શિર કે પગ ન હતાં; તેના બે છેડા—અંત ભાગો તેણે સંતાડી રાખ્યા હતાં; વૃષભના ગૂઢ સ્થાનમાં તેણે પોતાનું કાર્ય કરવું શરૂ કર્યું (ઋચા—૧૧). વૃષભ તે દેવ અથવા પુરુષ છે; તેનું ગૂઢ સ્થાન તે ઋતની ભૂમિકા છે; અને દ્રષ્ટા—સંકલ્પરૂપ અગ્નિ ઋત-ચેતનામાં

કાર્ય કરતો કરતો, લોકોનું નિર્માણ કરે છે. પણ તે તેના બે અંત ભાગોને—શિર તથા પાદોને સંતાડી રાખે છે, અર્થાત્ પર-ચેતના તથા અવચેતનાની વચ્ચે તેનાં કાર્યો કામ કરે છે—જેમાં તેની ઉચ્ચતમ તથા નિમ્નતમ સ્થિતિઓ ગૂઢ રહેલી છે, એક સંપૂર્ણ પ્રકાશમાં છે, જ્યારે બીજી સંપૂર્ણ અંધકારમાં છે, તેમાંથી તે પ્રથમ પરમ શકિત તરીકે આગળ વધે છે, અને આનંદની સાત શકિતઓ—સાત પ્રિયાઓના કાર્ય વડે તે વૃષભને ત્યાં જન્મ પામે છે. પ્રકાશયુકત જ્ઞાન વડે, તે ઋતના ધામમાં—વૃષભના ગૂઢ સ્થાનમાં, પ્રથમ શકિત રૂપે આગળ વધ્યો; તે યુવાન, સંપૂર્ણ દેહવાળો, વિશાળ પ્રકાશવાળો હતો; સાત પ્રિયાઓએ પરમાત્મા માટે તેને જન્મ આપ્યો. (ઋચા—૧૨).

પછી ઋષિ, માનવ પિતૃઓની સિદ્ધિને વર્ણવે છે—अस्माकमत्र पितरो मनुष्या: अभि प्र सेदुर्ऋतमाशुशाना: । ઋતને શોધતા, અમારા માનવ પિતૃઓ તેની પ્રત્યે આગળ વધ્યા; તેમણે સંતાડી રાખતા વાડાઓમાંથી—પર્વતની ગુહા-માંથી ખૂબ દૂધ આપતી પ્રકાશયુકત ગાયોને (ઋત તરફ) હાંકી; ઉષાઓએ તેમના અવાજને પ્રત્યુત્તર આપ્યો. પિતૃઓએ અદ્રિને ભેદી નાખ્યો અને તેને પ્રકાશિત બનાવ્યો; તેમની આસપાસના બીજાઓએ તેમના આ ઋતને જાહેર કર્યું; ગાયો હાંકી લાવનાર પિતૃઓએ કાર્યસાધક અગ્નિની સ્તુતિમાં સૂકતોનું ગાન કર્યું; તેમને પ્રકાશને શોધી કાઢયો; તેઓ તેમના વિચાર વડે પ્રકાશતા હતા (કારણ કે તે વિચાર દ્વારા તેમણે પોતાનું કાર્ય સિદ્ધ કર્યું હતું.) પ્રકાશ શોધતા મન વડે (गव्यता मनसा) તેમણે પ્રકાશયુકત ગાયોને પૂરી રાખતા દૃઢ ધટ્ટ અદ્રિને ભેદ્યો; અભીપ્સાવાળા તે જીવાત્માઓએ તેમના દિવ્ય શબ્દ વડે (वचसा दैव्येन) ગાયોવાળા દૃઢ વાડાને ખોલી નાખ્યો (ઋચાઓ-૧૩-૧૫) અંગિરસ્—કથાનાં આ સામાન્ય દૃશ્યો છે, પણ પછીની ઋચામાં વામદેવ વધારે ગૂઢવાદી ભાષાનો પ્રયોગ કરે છે. તેમણે પોષણ કરતી ગાયોના પ્રથમ નામને મનમાં વિચારી કાઢયું; તેમણે માતાનાં એકવીસ પરમ ધામોને શોધી કાઢયાં; ગાયોએ તે જાણ્યું અને તેઓ તેની પાછળ પાછળ ગઈ; પ્રકાશની ગાયની વિજયી પ્રાપ્તિ (અથવા તેજ) વડે લાલ શકિત પ્રગટ થઈ—ते मन्वत प्रथमं नाम धेनोस्त्रि: सप्त मातु: परमानि विन्दन् । तज्जानतीरभ्यनूषत व्रा आविर्भुजवरुणीर्यशसा गो: ।। આમાં માતા અદિતિ—અનંત ચેતના છે, તે સાત પ્રવાહોવાળી સાત નદીઓ સાથે धेनु:—પોષણ કરતી ગાય છે; તે ઉષાઓ રૂપી પ્રજાઓ સાથે गो:—પ્રકાશની ગાય પણ છે; લાલ શકિત તે દિવ્ય ઉષા છે, અને ગાયો અથવા કિરણો તેના ઉદય પામતા પ્રકાશો છે, તેનાં એકવીસ, પરમ ધામો સામે, માતાનું પ્રથમ નામ તે પરમાત્મા—અનંત સત્, અનંત ચિત્, અનંત આનંદરૂપ છે—ઉષાઓ અથવા માનસિક પ્રકાશો તે નામને જાણે

છે અને તેના પ્રત્યે ગતિ કરે છે; તે ધામો તે ત્રણ દિવ્ય લોકો છે, જેમને સૂકતમાં પહેલાં અગ્નિના ત્રણ પરમ જન્મો તરીકે વર્ણવવામાં આવ્યાં છે, જેમને પુરાણોમાં સત્ય—તપસ્—જન લોકો કહેવામાં આવ્યા છે અને જે દેવનાં ત્રણ અનંત સત્—ચિત્—આનંદને અનુરૂપ છે અને જે દરેક પોત-પોતાની રીતે આપણા અસ્તિત્વનાં સપ્તવિધ તત્ત્વોને પરિપૂર્ણ કરે છે. આમ[1] ઋતની ઉષાના ઉદય વડે આપણને અદિતિનાં એકવીસ ધામોની પરંપરા, પૂર્ણ તેજમાં પ્રગટ થતી, પ્રાપ્ત થાય છે. આમ આપણે જોઈએ છીએ કે માનવ પિતૃઓ વડે પ્રાપ્ત કરાયેલી, પ્રકાશ તથા ઋતની સિદ્ધિ પણ પરમ દિવ્ય સ્થિતિની અમર્ત્યતા પ્રત્યે આરોહણ છે, સર્વ-સર્જક અનંત માતા અદિતિના પ્રથમ નામ પ્રત્યે ઊર્ધ્વમાં ગતિ કરતા અસ્તિત્વનાં એકવીસ પરમ ધામો પ્રત્યે—સનાતન અદ્રિનાં ઉચ્ચતમ શિખરો (सानु) પર આરોહણ છે.

આ અમર્ત્યતા તે દેવો વડે ભોગવાતો આનંદ છે. તેના વિષે વામદેવે કહ્યું છે કે અગ્નિએ, યજ્ઞ દ્વારા, તે એકવીસ હર્ષોથી યુકત પરમ આનંદની પ્રાપ્તિ કરવાની છે (૧, ૨૦, ૭). વામદેવ કહે છે કે પાયામાંથી હચમચી ગયેલો અંધકાર અદૃશ્ય થયો; (સ્વર્ના ત્રણ પ્રકાશયુકત લોકોને (दिवो रोचनानि) પ્રગટ કરતું સ્વર્ગ) પ્રકાશી ઊઠયું; દિવ્ય ઉષાનો પ્રકાશ ઊગ્યો, મર્ત્યોનાં સુવિત-દુરિતોને (પુણ્ય-પાપોને) જોતા સૂર્યે (ઋતનાં) વિશાળ ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો. પછી તે જાગૃત થયા, અને (સૂર્યે પાપ-પુણ્યને જુદાં પાડેલાં--ઋત-અનૃતને જુદાં પાડેલાં હોવાને કારણે) તેમને બધું સંપૂર્ણપણે દેખાયું; પછી સ્વર્ગના આનંદને તેમણે પોતામાં ધારણ કર્યો—रत्नं धारयन्त द्युभक्तम्। 'હે મિત્ર અને વરુણ, બધા દેવો અમારાં બધાં ઘરોમાં વસો, અમારા વિચાર માટે સત્ય હો—' विश्वेविश्वासु दुर्यासु देवा मित्र धिये वरुण सत्यमस्तु। (ઋચાઓ ૧૭—૧૮). આ તે જ વિચાર છે કે જેને પરાશર શાકત્યે જુદી ભાષામાં વ્યકત કર્યો છે—ઋતના વિચારનું તથા આવેગનું સમગ્ર અસ્તિત્વમાં વ્યાપી જવું, અને તે વિચારમાં તથા આવેગમાં બધા દેવોનું કાર્ય કરવું, જેને પરિણામે આપણા અસ્તિત્વના પ્રત્યેક ભાગમાં આનંદ અને અમર્ત્યતા સર્જાય.

સૂકતનો અંત આ રીને આવે છે—વિશુદ્ધ પ્રકાશયુકત, આહુતિના પુરોહિત, યજ્ઞમાં સર્વથી મહાન, અમને બધું લાવી આપનાર, અગ્નિ પ્રત્યે હું શબ્દનો ઉચ્ચાર કરું; તે પ્રકાશની ગાયનાં બંને આંચળ દબાવે, અને આનંદના—

---

૧. મેધાતિથિ કાણ્વે ૧, ૨૦, ૭ માં તે જ વિચાર પ્રગટ કર્યો છે—એકવીસ આનંદો रत्नानि त्रिः सप्तानि, જેમને દરેકને ઋતોએ સંપૂર્ણ રીતે પ્રગટ કર્યા હતા –एकं एकं सुशष्टिभिः।

સોમરસના વિશુદ્ધ અન્નને દબાવી બહાર કાઢે અને બધે તે રેલાવે. યજ્ઞના બધા સ્વામીઓનું તે અગ્નિ પરમ સત્ છે, બધા માનવોનો અતિથિ છે; દેવોના વૃદ્ધિ પામતા આવિર્ભાવોને પોતામાં સ્વીકારતો, જન્મોને જાણતો, અગ્નિ સુખનું પ્રદાન કરે. (ઋચાઓ ૧૯, ૨૦).

ચોથા મંડળના બીજા સૂક્તમાં આપણને સાત ઋષિઓનું કથન મળે છે કે જેઓ દિવ્ય અંગિરસો છે, માનવ પિતૃઓ છે. તે મંત્રોની પહેલાં ચાર મંત્રો (૪, ૨, ૧૧–૧૪) આવે છે, જેમાં ઋત અને આનંદને શોધતા માનવનો વિચાર વર્ણવવામાં આવ્યો છે. 'જ્ઞાનયુકત તે જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેનો ભેદ સંપૂર્ણપણે પારખો, મર્ત્યોને મર્યાદિત કરતી વિશાળ ભૂમિકાઓ અને વક્ર ભૂમિકાઓનો ભેદ પારખો; અને હે દેવ, સંતતિના ફળરૂપ આનંદ માટે, તું છૂટે હાથે અમને દિતિ આપ અને અદિતિનું રક્ષણ કર.' આ અગિયારમી ઋચાનો અર્થ બહુ મહત્ત્વનો, નોંધપાત્ર છે. વેદાંતમાં કરેલા વિદ્યા—અવિદ્યાના વિરોધથી આપણે પરિચિત છીએ; વેદમાં વારંવાર વિશાળ, ખુલ્લી ભૂમિકાઓ કહેવામાં આવી છે; યજ્ઞમાં પરિશ્રમ કરતા લોકો તે વિશાળ ભૂમિકાઓમાં આરોહણ કરે છે, અને ત્યાં તેઓ સ્વાત્માનંદમાં બેઠેલા અગ્નિને જુએ છે; તે ભૂમિકાઓ અગ્નિએ પોતાના દેહ માટે બનાવેલું વિશાળ અસ્તિત્વ છે (૫, ૭, ૫—૬), કે જે અસ્તિત્વ સમતલ વિધિરહિત વિશાળતા છે. એટલે ઋતની ભૂમિકા પર આપણે દેવના અનંત અસ્તિત્વને પ્રાપ્ત કરીએ છીએ અને તેમાં અદિતિ માતાનાં એકવીસ પરમ ધામો છે—અનંતતામાં અગ્નિના ત્રણ પરમ જન્મો છે अनन्ते अन्तः (૪, ૧, ૭). જ્યારે અવિદ્યાને વક્ર અથવા ઊંચી નીચી ભૂમિકાઓ[1] કહેવામાં આવી છે, કે જે મર્ત્યોને મર્યાદિત કરે છે, અને તેથી તે મર્યાદિત, વિભાજિત, મર્ત્ય અસ્તિત્વ છે. પછીના મંત્રાર્ધમાં કહેવાયેલી दिति તે અવિદ્યા છે—दितिं च रास्व अदितिम् उरुष्य; અને અદિતિ તે વિદ્યા છે. दिति અથવા दनु એટલે ભેદ; અવરોધક શક્તિઓ અથવા વૃત્રો તેના પુત્રો છે—દનુઓ, દાનવો, દૈત્યો છે; જ્યારે અદિતિ એટલે અનંત અસ્તિત્વ છે, દેવોની માતા છે. ઋષિ, સંતાનો રૂપી ફળવાળા આનંદની કામના કરે છે, અર્થાત્ દિવ્ય કાર્યોના તથા તેમનાં પરિણામોના આનંદની કામના કરે છે; એ વસ્તુ આપણા વિભાજિત

---

૧. चित्तिमचित्तिं चिनवद् वि विद्वान् पृष्ठेव वीता वृजिना च मर्तान् वृजिना। એટલે વક્ર. વેદમાં તેનો ઉપયોગ અનૃતની વક્રતા બતાવવા કરવામાં આવે છે, જ્યારે ઋતની ખુલ્લી સરળતા તેની વિરોધી છે. પણ કવિના મનમાં वृ ધાતુનો 'ભેદ પારખવો, જુદાં પાડવાં' અર્થ હાજર છે, અને તે અર્થયુકત વિશેષણ मर्तान् ને લાગુ પાડવામાં આવ્યું છે.

મર્ત્ય જીવનમાં ગૂઢ રહેલી સમૃદ્ધિને પ્રાપ્ત કરવાથી સિદ્ધ થાય છે કે જે સમૃદ્ધિને વૃત્રોએ અને પણિઓએ ઝૂંટવી લીધી છે; આપણે તે સમૃદ્ધિને જિતીને અનંત દિવ્ય જીવનમાં ધારણ કરવાની છે. તેને આપણા માનવ-જીવનના ક્ષુદ્ર વલણથી, અથવા દિતિના પુત્રોના કબ્જામાંથી સુરક્ષિત રાખવાની છે. આ વિચાર ઈશોપનિષદ્‌માં પણ આવે છે કે જેમાં—અમૃતત્વની સિદ્ધિ માટે શરત મૂકવામાં આવી છે કે વિદ્યા તથા અવિદ્યા પર, એક બ્રહ્મમાં એકતા તથા અનેકતા પર સ્વામિત્વ સ્થાપન કરવું.

પછી આપણે સાત દિવ્ય ઋષિઓની વાત પર આવીએ છીએ. અપરાજિત ઋષિઓએ દ્રષ્ટાને (અગ્નિ દેવને) માનવ પ્રાણીનાં ઘરોમાં ધારણ કરીને તેને જાહેર કર્યો. 'હે અગ્નિ, ત્યાંથી (માનવ પ્રાણીમાંથી) તારાં કાર્ય વડે અભીપ્સા કરતો (अर्यः) તું તારી આગળ વધતી ગતિઓ વડે આ મને જો, કે જેમની દર્શના તને પ્રાપ્ત થઈ છે— આ પરાત્પર દેવોને જો'—कविं शशासुः कवयो अदब्धाः निधारयन्तो दुर्यासु आयोः । अतस्त्वं दृश्यन्— अग्न एतान् पद्भिः पश्येरद्भुतान् अर्य एवैः ।। (ઋચા—૧૨) આ પરમાત્માના દર્શનની યાત્રા પણ છે. 'હે અગ્નિ, વધારેમાં વધારે યુવાન શકિત, શબ્દનું ગાન કરનાર, સોમરસનું પ્રદાન કરનાર, યજમાનનો તું (યાત્રામાં) માર્ગદર્શક છે; કાર્ય સિદ્ધ કરનાર પ્રકાશયુકત યજમાન માટે તું વિશાળ આનંદ લઈ આવ, કે જેનાથી તે સંવર્ધન પામે, યજમાન સંતુષ્ટ થાય' (અથવા માનવ સંતુષ્ટ થાય, चर्षणिप्राः). હે અગ્નિ, અમારા હાથ-પગ-શરીર વડે અમે જે કાંઈ કર્યું છે તે બધા વડે સત્ય-વિચારવાળા (અંગિરસો) જાણે કે બે હાથ વડે (આકાશ-પૃથ્વી વડે, मूरिजोः) તારો રથ બનાવે છે; ઋતને પ્રાપ્ત કરવા શોધતા તેમણે તેને પ્રાપ્ત કર્યું છે—ऋतं येमुः सुध्या आशुशानाः । (ઋચાઓ ૧૩-૧૪.) હવે ઉષાના, માતાના સાત ઋષિઓ તરીકે, યજ્ઞના પરમ નિર્માતાઓ તરીકે, અમે અમારે માટે દેવોને જન્માવીએ; ગાયો રૂપી ધનથી પૂર્ણ અદ્રિને ભેદીને, વિશુદ્ધિથી પ્રકાશમાન, અમે અંગિરસો, સ્વર્ગના પુત્રો બનીએ. (ઋચા—૧૫.) અહીં આપણને સાત દિવ્ય ઋષિઓ વિશ્વ-યજ્ઞના પરમ નિર્માતાઓ છે, અને માનવ-પ્રાણી આ સાત ઋષિઓ બને છે, તેવો સ્પષ્ટ વિચાર પ્રાપ્ત થાય છે. 'સાત ઋષિઓ બને છે,' અર્થાત્ માનવ પોતામાં તેમનું સર્જન કરે છે અને તેમની વસ્તુતામાં વૃદ્ધિ પામે છે—જેવી રીતે તે આકાશ-પૃથ્વી અને બીજા દેવો બને છે, અથવા બીજી રીતે તે જ વાત કહેવામાં આવી છે તેમ, તે પોતાના અસ્તિત્વમાં દિવ્ય જન્મોને પ્રગટાવે છે (जन्, कृ, तन्).

પછી આ મહાન 'બનવાની' ક્રિયાની અને સિદ્ધિની મૂળ ભૂમિકા તરીકે માનવ પિતૃઓનો દાખલો આપવામાં આવ્યો છે. 'હે અગ્નિ, અમારા પરમ

પ્રાચીન પિતૃઓની માફક, ઋતને શોધતા, શબ્દને વ્યકત કરતા, ઋષિઓ અત્યારે પણ વિશુદ્ધિ તથા પ્રકાશ તરફ યાત્રા કરે છે. પૃથ્વીને (ભૌતિક અસ્તિત્વને) ભેદીને તેમણે રાતી ગાયોને (ઉષાઓને) શોધી કાઢી; કાર્યોમાં તથા પ્રકાશમાં પૂર્ણતાને પામેલા, દેવોને શોધતા, દેવોરૂપ, દિવ્ય જન્મોને લોઢાની પેઠે દીપી-દીપ્ત બનાવતા, અગ્નિને વિશુદ્ધ જ્વાળાના રૂપમાં પ્રગટાવતા, ઈન્દ્રનું સંવર્ધન કરતા, તેમણે પ્રકાશની ગાયોની (गव्यं ऊर्वम्) વિશાળતાને પ્રાપ્ત કરી. હે શકિતમાન અગ્નિ, સમૃદ્ધિના ક્ષેત્રમાં ગાયોનાં ધણ હોય તેમ, તે વસ્તુ કે જે અંદર દેવોના જન્મો છે તે દૃષ્ટિગોચર થઈ; તે બંનેએ મર્ત્યોના મહાન ઉપભોગોને (અથવા કામનાઓને) સિદ્ધ કર્યા, અને ઉચ્ચતર અસ્તિત્વની વૃદ્ધિ માટે તેમણે અભીપ્સુઓ તરીકે કાર્ય કર્યું'—આ यूथेव क्षुमति पश्वो अख्यद् देवानां यज्जनिमान्त्युग्र । मर्तानां चिद् उर्वशीरकृप्रन् वृधे चिदर्य उपरस्यायोः ।। (ઋચાઓ ૧૬—૧૮). સ્પષ્ટ છે કે અહીં, બીજી ભાષામાં, દિતિની સમૃદ્ધિને પ્રાપ્ત કરતાં છતાં; અદિતિને સુરક્ષિત રાખવાની જ વાત ફરી કહેવાઈ છે. અમે તારા માટે કાર્ય કર્યું છે, અમે કાર્યોમાં પરિપૂર્ણ બન્યા છીએ, વિશાળ તેજવાળી ઉષાઓએ ઋતમાં પોતાનાં ઘર લઈ લીધાં છે (અથવા ઋતના ઝભ્ભા પહેર્યા છે), અગ્નિની પરિપૂર્ણતામાં, તેના અનેકવિધ આનંદમાં, સંપૂર્ણ તેજથી યુકત દેવની પ્રકાશયુકત આંખમાં ઉષાઓએ પોતાનાં ઘર જમાવ્યાં છે. (ઋચા—૧૯).

૬—૩—૧૧માં અને ઉપરની ઋચામાં વપરાયેલા કેટલાક શબ્દો નોંધપાત્ર છે, કારણ કે અનેક વાર ભારપૂર્વક અમે કહ્યું છે કે કોઈ પણ દેવનો મંત્ર તેના સંદર્ભમાં, સૂકતના સમગ્ર વિચારમાં, જે વાત આગળ થઈ છે અને પાછળ આવવાની છે તેના સંબંધમાં લઈએ, તો જ બરાબર સમજી શકાય. ઋતમાં યજ્ઞ કરતા અગ્નિને, તેના સુવર્ણમય પ્રકાશના સ્વરૂપમાં (हिरण्यरूपम्—હિરણ્ય હમેશાં ઋતના સૂર્યપ્રકાશનું પ્રતીક છે; ऋतम् ज्योति), અજ્ઞાનનું નિર્માણ થાય ત્યાર પહેલાં માનવોએ ઉત્પન્ન કરવો જોઈએ, તેવા આહ્વાનથી સૂકતનો પ્રારંભ થાય છે पूरा तनयिन्तोरचित्तात् । (૪, ૩, ૧). અગ્નિદેવને માનવના કાર્યમાં, તેનામાં રહેલા ઋતના કાર્યમાં, વિચારને યોગ્ય રૂપમાં મૂકનાર ઋત ચેતના તરીકે પ્રગટ થવા વિનંતી કરવામાં આવી છે—ऋतस्य बोधि ऋतचित् स्वाधिः । (૪, ૩, ૪), કારણ કે બધું અનૃત માત્ર ઋતને અયોગ્ય સ્થાને મૂકવાથી જન્મે છે. અગ્નિ, માનવમાં રહેલી બધી અપૂર્ણતાઓને, દોષોને, પાપોને દિવ્ય-સત્‌ની દિવ્ય શકિતઓ પ્રત્યે—વિવિધ દેવો પ્રત્યે ખુલ્લાં કરે છે, જેને પરિણામે તે બધાં દૂર થાય, અને અનંત માતાની આગળ તે માનવ છેવટે નિર્દોષ જાહેર થાય—अदितये अनागसः (૧, ૨૪, ૧૫), અથવા

બીજે કહેવાયું છે તેમ, અનંત અસ્તિત્વ માટે યોગ્ય જાહેર થાય.

નવમા અને દશમા મંત્રોમાં, માનવ અસ્તિત્વ તથા દિવ્ય અસ્તિત્વ સંયુકત બને, દિતિ અને અદિતિ સંયુકત બને, જેમાં અદિતિના પાયા પર દિતિની સ્થાપના થાય, તેનું નિયમન થાય, અને દિતિમાં અદિતિનો પ્રકાશ સભર ભરાઈ જાય—વ્યાપી જાય, તે વિચારને વ્યકત કરવામાં આવ્યો છે. હું કામના રાખું છું કે ઋતનું નિયમન થાય (દિવ્ય વડે માનવી-તત્ત્વ પર કાબૂ રાખવામાં આવે); ગાયની અપકવ વસ્તુઓ અને તેની પકવ મધુમય વસ્તુઓ સંયુકત થાય (અપૂર્ણ માનવી-તત્ત્વો અને વૈશ્વિક ચેતનાનાં—અસ્તિત્વનાં આનંદમય દિવ્ય ફળો સંયુકત થાય); કાળી ગાય (દિતિ, અંધકારમય ભેદમય જીવન) ને પાયાનાં પ્રકાશયુકત જળો વડે—સાથીદાર પ્રવાહોનાં જળો વડે પોષણ મળે (जामर्येण पयसा). તેની ભૂમિકાઓના જળ વડે છંટકાવ પામેલો વૃષભ—નર, સત્ય વડે, અકંપિત બનીને વિચરે છે, વિશાળતાને (વિશાળ આવિર્ભાવને) સ્થાપે છે; કાબરચીતરો વૃષભ વિશુદ્ધ પ્રકાશમાન આંચળને દોહે છે. વેદમાં, એકની પ્રકાશયુકત શ્વેત વિશુદ્ધતા કે જે એક ઉદ્‌ભવસ્થાન છે, ધામ છે, પાયો છે અને ત્રિવિધ લોકમાં પ્રગટ થતા જીવનનું રંગબેરંગીપણું આ બંનેનો વિરોધ વારંવાર નજરે પડે છે. કાબરચીતરા વૃષભનું તથા શુદ્ધ-પ્રકાશયુકત આંચળનું, જળોના ઉદ્‌ગમસ્થાનનું રૂપક, બીજાં રૂપકોની પેઠે, એક જ અર્થનું દ્યોતન કરે છે; અને તે એ છે કે વિશુદ્ધ બનાવેલું, પોતાની ક્રિયાઓમાં શાન્ત, ઋતનાં તથા અનંતતાનાં જળો વડે પોષણ પામેલું, માનવ-જીવન અનેક પ્રકારના આવિર્ભાવોમાં પ્રગટ થાય છે.

છેવટે ઋષિ પ્રકાશયુકત ગાયોને તથા જળોને ભેગા મૂકે છે—જે આપણે અનેક વાર જોયું છે. ઋત વડે અંગિરસોએ અદ્રિને તોડીફોડીને ભેદી નાખ્યો, અને ગાયોને પ્રાપ્ત કરી; માનવ જીવાત્માઓએ આનંદપૂર્ણ ઉષામાં વસવાટ કર્યો; અગ્નિ જન્મ્યો એટલે સ્વર્ પ્રગટ થયું. ઋત વડે, અમૃત, અવરોધરહિત, મધુમય પ્રવાહોવાળાં, દિવ્ય જળો, દોડતા ઘોડાની પેઠે, સનાતન પ્રવાહમાં વહેવા લાગ્યાં (ઋચાઓ ૧૧—૧૨). ખરું પૂછો તો, આ ચાર ઋચાઓમાં અમૃતત્વની મહાન સિદ્ધિ માટેની પૂર્વ શરતો વર્ણવવામાં આવી છે. તે રહસ્યવાદીઓની ભવ્ય રૂપક-કથાઓ છે, જેમાં તેમણે પોતાની પરમ આધ્યાત્મિક અનુભૂતિઓને અસંસ્કૃત લોકોથી સંતાડી રાખી હતી—અને દિલગીરીની વાત છે કે પછી આવતી પેઢીઓથી પણ તે ગુપ્ત જ રહી. તે ગૂઢ પ્રતીકો, રૂપકો સત્યને માત્ર દીક્ષિત લોકો સમક્ષ, જાણનાર ઋષિઓ સમક્ષ જ પ્રગટ કરે, તે વાત વામદેવ આ સૂકતના છેલ્લા મંત્રમાં ખૂબ સીધીસટ અને ભારયુકત ભાષામાં આપણને કહે છે. 'હે વિધાન કરનાર અગ્નિ, આ બધા શબ્દો—દ્રષ્ટાના જ્ઞાન-

પૂર્ણ શબ્દો, દ્રષ્ટાને જ પોતાનો અર્થ પ્રગટ કરનારા શબ્દો મેં જાણનારા એવા તારી સમક્ષ ઉચ્ચાર્યા છે, મારા શબ્દોમાં અને વિચારણામાં પ્રકાશ પામેલા તે શબ્દોને મેં તારી આગળ કહ્યા છે'—एता विश्वा विषे तुभ्यं वेघो, निथानि अग्ने निन्या वचांसि । निवचना कवये काव्यानि, अशंसिषं मतिभिर्विप्र उक्थैः ।। (४, ३, १६) ગૂઢ શબ્દો કે જેના રહસ્યની પુરોહિતોએ, યજ્ઞવિધિ કરનારાઓએ, વૈયાકરણિઓએ, પંડિતોએ, ઈતિહાસવિદોએ, પુરાણશાસ્ત્રીઓએ ઉપેક્ષા કરી છે; અને પરિણામે તે શબ્દો તેમને બધાને અંધકારમય શબ્દો અથવા ગૂંચવાડાની મુદ્રાઓ જેવા લાગ્યા છે, અને જે રીતે તે શબ્દો પ્રાચીન પરમ પિતૃઓને, તેમની પ્રકાશયુકત પેઢીઓને સ્પષ્ટ લાગ્યા હતા, તે રીતે સ્પષ્ટ લાગ્યા નથી— निन्या वचांसि निथानि निवचना काव्यानि ।

સ્વર્ગની કૂતરી

ઋતના, પ્રાચીન પિતૃઓએ ઉષાના પ્રકાશોની કરેલી શોધના ખ્યાલને પૂરેપૂરો સમજવા માટે આપણને થોડો વધારે પ્રકાશ મળે તે હેતુથી અંગિરસ્-કથામાં બે સતત આવતાં પ્રતીકોને સમજવાનાં રહે છે—એક સરમાનું તાદાત્મ્ય અને બીજું પણિઓનું ચોક્કસ કાર્ય; વૈદિક અર્થ-ઘટનના આ બે મુદ્દાઓ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. સરમા પ્રકાશની—ઘણું કરીને ઉષાની કોઈ શકિત છે, એ વાત તો તદ્દન સ્પષ્ટ છે. ઈન્દ્ર અને આર્ય ઋષિઓ તથા ગુહાના પુત્રો વચ્ચેનો સંઘર્ષ એ પ્રાથમિક અવસ્થાના ભારતીય ઈતિહાસની કોઈ વિચિત્ર વિકૃતિ નથી, પણ પ્રકાશની તથા અંધકારની શકિતઓ વચ્ચેનો રૂપકમય સંઘર્ષ છે, એ વાત એક વાર સ્પષ્ટતાપૂર્વક સમજાઈ જાય, એટલે એ પણ સ્પષ્ટ સમજાઈ જાય કે પ્રકાશયુકત ગાયોની શોધમાં આગેવાનીભર્યો ભાગ લેનાર તથા માર્ગને અને પર્વતમાં તેમની નિગૂઢ ગુહાને શોધી કાઢનાર સરમા માનવ-મનમાં ઋતની ઉષાની પુરોગામિની હોવી જોઈએ. જો એમ પ્રશ્ન થાય કે સત્યશોધક શકિતઓમાંની કયી શકિત એવી છે કે જે આ પ્રમાણે આપણા અસ્તિત્વના અવિજ્ઞાત અંધકારમાંથી તેમાં રહેલા નિગૂઢ સત્યને શોધી કાઢે છે, તો આપણને તરત આંતર-દર્શનાનો ખ્યાલ આવે છે. કારણ કે સરમા સરસ્વતી નથી—આંતર-પ્રેરણા નથી—જો કે તેમનાં બંનેનાં નામ સમાન છે, સરસ્વતી જ્ઞાનનું પૂર્ણ પૂર આપે છે, તે મહાન પ્રવાહ છે કે તેને જાગૃત કરે છે—महो अर्णः, અને બધા વિચારોના પ્રાચુર્યને પ્રકાશિત કરે છે—विश्वा धियो विराजति । સરસ્વતી ઋતનો પ્રવાહ છે, તેની તે સ્વામિની છે; સરમા તે માર્ગની શોધક છે, મુસાફર છે; તે સ્વામિની નથી, પણ ખોવાયેલી વસ્તુને શોધી રહી છે. તે દેવી ઈલાની પેઠે, માનવનો ગુરુ નથી, પ્રગટીકરણનો પરિપૂર્ણ શબ્દ નથી; કારણ કે જે વસ્તુ તે શોધી રહી છે તે તેને મળે છે, ત્યારે પણ તે તેનો કબજો લેતી નથી, પણ ઋષિઓને તથા તેમના દિવ્ય સહાયકોને તે તેનો સંદેશો આપે છે, કે જેમને

હજી શોધાયેલી વસ્તુ પર કબજો મેળવવા યુદ્ધ કરવાનું રહે છે.

પણ વેદ પોતે સરમા વિષે શું કહે છે, તે આપણે જોઈએ. ૧, ૧૦૪, ૫ માં સરમાના નામનો ઉલ્લેખ આવતો નથી, તે સૂકત અંગિરસોને કે પણિઓને વિષે લખાયેલું નથી, પણ એક પંકિત વેદમાં વર્ણવેલા સરમાના કાર્યનું આબેહૂબ વર્ણન કરે છે—જ્યારે આ માર્ગદર્શિકા દૃષ્ટિગોચર થઈ, ત્યારે જ્ઞાનયુકત તે દસ્યુના ઘર સમાન સ્થાન પ્રત્યે ગઈ—प्रति यत् स्या निथा अदर्शि दस्योरोको न अच्छा सदनं जानती गात्। સરમાની આ બે તાત્ત્વિક ખાસિયતો છે: તેને જ્ઞાન પહેલેથી—દર્શન થતા પહેલાં આવી જાય છે, જરાક સૂચન મળતાં તે જ્ઞાન સહજ વૃત્તિથી તેનામાં ઝબકી જાય છે, અને તે જ્ઞાન વડે તે બીજી શોધ કરતી દિવ્ય શકિતઓને દોરી જાય છે. અને તે તેમને દસ્યુઓના (વિનાશકોના) ઘરરૂપ સ્થાનમાં (सदनम्)—ઋતના ઘરમાં દોરી જાય છે, કે જે ઘર અસ્તિત્વના બીજે છેડે છે (सदनमृतस्य), અંધકારની ગુહામાં છે, જેવી રીતે દેવોનું ઘર પ્રકાશની ગુહામાં છે. અર્થાત્, તે પર ચેતનાના ઋતમાંથી ઊતરી આવેલી શકિત છે, જે આપણને આપણી અવચેતનામાં નિગૂઢ રહેલા પ્રકાશ પ્રત્યે દોરી જાય છે. આ બધાં લક્ષણો અક્ષરશ: અંતર-પ્રેરણાને લાગુ પડે છે.

સરમાનો ઉલ્લેખ વેદનાં ઘણાં થોડાં સૂકતોમાં કરવામાં આવ્યો છે અને તે અંગિરસોની સિદ્ધિના સંબંધમાં અથવા ઉચ્ચતમ અસ્તિત્વની ભૂમિકાઓના વિજયના સંબંધમાં કરવામાં આવ્યો છે. નવગ્વો તથા દશગ્વો અંગિરસોનું અવલોકન કરતાં આપણે જે જોઈ ગયા છીએ તે અત્રિઓ વડે રચાયેલું સૂકત તે બાબતમાં ખૂબ અગત્યનું છે—૫, ૪૫. પહેલા ત્રણ મંત્રોમાં તે મહાન સિદ્ધિનો સાર વર્ણવવામાં આવ્યો છે. સ્વર્ગના અદ્રિને મંત્ર વડે ભેદીને તેણે તેમને પ્રાપ્ત કરી, ઊગતી ઉષાની પ્રકાશયુકત ગાયો બહાર આવી; વાડામાં પુરાયેલી ગાયોને તેણે મુકત કરી; સ્વર્ પ્રગટ થયું; દેવે માનવદ્વારોને ખોલી નાખ્યાં. સૂર્યે વિશાળતાપૂર્વક બળ તથા યશને પ્રાપ્ત કર્યાં; જ્ઞાનયુકત ઉષા—ગાયોની માતા વિશાળતામાંથી આવી પહોંચી; નદીઓ પ્રવાહની નીકોને ચીરીને, પૂરની પેઠે, વહેવા લાગી; ઘાટીલા સ્તંભની પેઠે આકાશને સ્થિર કરવામાં આવ્યું. મહીઓના (નદીઓ, અથવા ઓછો સંભવ છે કે ઉષાઓ) પરમ જન્મ માટે ગર્ભયુકત અદ્રિની અંદરની ગાયો શબ્દના ઉચ્ચાર વડે બહાર આવી; અદ્રિ ભેદાયો; સ્વર્ગની પૂર્ણ રચના થઈ; તેમણે પૃથ્વી પર સ્થિર બનીને વિશાળતાને વિભકત કરી. બાકીનું સૂકત કહે છે તે પ્રમાણે, અને વપરાયેલા શબ્દો સ્પષ્ટ રીતે બતાવી આપે છે તે પ્રમાણે, ઋષિ આ સૂકતમાં ઇન્દ્રનું તથા અંગિરસોનું કથન કરે છે, કારણ કે અંગિરસ્-કથામાં તથા ઉષાની, ગાયોની તથા સૂર્યની નિર્મુકિતનાં સૂકતોમાં જે ચોક્કસ શબ્દો વાપરવામાં આવે છે, તે ફૉર્મ્યુલાઓનો અહીં ઉપયોગ

થયો છે. આપણે તેમનો અર્થ જાણીએ છીએ. ઈન્દ્ર શિખર પર સ્વર્ગમાં આરોહણ કરતા, આપણા રચાયેલા ત્રિવિધ અસ્તિત્વના અદ્રિને ભેદે છે, અને ગૂઢ પ્રકાશો બહાર વિચરવા લાગે છે; પ્રકાશયુકત ગાયોના ઊર્ધ્વગમનથી પરચેતનાનું ઉચ્ચતર સ્વર્ગ પ્રગટ થાય છે. ઋતનો સૂર્ય પોતાના પ્રકાશનું સર્વ બળ તથા સર્વ યશ બધે પ્રસરાવે છે, જ્ઞાનપૂર્ણ આંતર ઉષા પ્રકાશમય વિશાળતામાંથી બહાર આવે છે—जानाति गात् કે જે શબ્દો દસ્યુઓના ઘર તરફ લઈ જતી ઉષા માટે ૧, ૧૦૪, ૫ માં, તથા ૩, ૩૧, ૬ માં સરમા માટે વાપરવામાં આવ્યા છે; ઋતની નદીઓ—ઋતના અસ્તિત્વનો તથા તેની ગતિનો પ્રવાહ (ऋतस्य प्रेषा) ધસમસતાં પૂરોમાં અવતરણ કરે છે, અને પોતાનાં જળો માટે અહીં નીકનું નિર્માણ કરે છે; ઉચ્ચતર અથવા અમર્ત્ય, હવે પ્રગટ થયેલા, જીવનના વિશાળ ઋતને ધારણ કરવા માટે સ્વર્ગને—મનની ચેતનાને પરિપૂર્ણ અને ઘાટીલા સ્તંભની પેઠે દૃઢ કરવામાં આવી છે; અને સમગ્ર શારીરિક અસ્તિત્વમાં અહીં ઋતની વિશાળતાને પ્રતિષ્ઠિત કરવામાં આવી છે; પ્રેરણાયુકત શબ્દના પ્રત્યુત્તરમાં નીચે આવતી અદ્રિની ગર્ભરૂપ ગાયો (पर्वतस्य गर्भः) સાત શિરોવાળા વિચારના પ્રકાશો (ऋतस्य धीतिः) સાત મહાન નદીઓના પરમ જન્મને લાવે છે, કે જે નદીઓ ઋતના પદાર્થને સક્રિય ગતિમાં મૂકી આપે છે—ऋतस्य प्रेषा.

પછી પરિપૂર્ણ વાણીના, દેવોને વહાલા, શબ્દો વડે ઈન્દ્રનું તથા અગ્નિનું આવાહન કરવામાં આવે છે, કારણ કે તે શબ્દો વડે, ઋષિઓ પેઠે યજ્ઞ કરનારા, ઋષિ-જ્ઞાનથી યજ્ઞકાર્યને સારી રીતે સિદ્ધ કરનારા, મરુતો[1] યજ્ઞને પરિપૂર્ણ કરે છે—उक्थेभिर्हिष्मा कवयः सुयज्ञाः.....मरुतो यजन्ति (ઋચા—૪). પછી ઋષિ માણસોના મુખમાં પ્રોત્સાહક શબ્દો મૂકે છે, અને પિતૃઓની પેઠે તે જ દિવ્ય પરિણામો પ્રાપ્ત કરવા પાનો ચઢાવે છે. 'આજે આવો, આપણે વિચારમાં પરિપૂર્ણ બનીએ; આપણે દુઃખ અને અસ્વસ્થતાનો નાશ કરીએ; આપણે ઉચ્ચતર કલ્યાણને આલિંગીએ—एतो नु अद्य सुध्यो भवाम, प्रदुच्छुना मिनवामा वरीयः । આપણે આપણાથી બધી વિરોધી વસ્તુઓને (द्वेषांसि, આક્રમણ કરનારી—ભેદ પડાવનારી વસ્તુઓને) દૂર ફેંકી દઈએ; આપણે યજ્ઞના સ્વામી પ્રત્યે આગળ વધીએ; હે મિત્રો, આવો, આપણે વિચારનું (સાત શિરોવાળા અંગિરસ્-વિચારનું, સર્જન કરીએ, કે જે માતા (અદિતિ અથવા ઉષા) છે અને જે પૂરી રાખનાર, ગાયોના વાડાને તોડી નાખે છે' (ઋચાઓ ૫—૬). આનો અર્થ સ્પષ્ટ છે. આવા મંત્રોમાં વેદનો અર્થ રૂપકના પડદાને ચીરીને બહાર પ્રગટ થાય છે.

પછી ઋષિ, માણસોને અંગિરસોના મહાન પ્રાચીન દાખલાનું પુનરાવર્તન

---

૧. જીવનની વિચારને પ્રાપ્ત કરતી શકિતઓ.

કરવાનું, સરમાની સિદ્ધિને દોહરાવવાનું કહે છે. અહીં તે પથ્થરને ગતિમાં મૂકવામાં આવ્યો હતો, જેના વડે નવગ્વોએ દસ માસ સુધી મંત્રોનું ગાન કર્યું હતું, ઋત પ્રત્યે જતી સરમાએ ગાયોને શોધી કાઢી હતી, અંગિરસે બધી વસ્તુઓને સત્ય બનાવી હતી. જ્યારે આ વિશાળ દેવીના (અનંત અદિતિ રૂપે ઉષાના—माता देवानामदितेरनीकम्) ઉદય—સમયે બધા અંગિરસો ગાયો (પ્રકાશો) સાથે આવ્યા; પરલોકમાં આ પ્રકાશોનો નિર્ઝર હતો; ઋતના માર્ગ વડે સરમાએ ગાયોને શોધી કાઢી (ઋચાઓ ૭—૮). અહીં આપણે જોઈએ છીએ કે સરમા ઋતને માર્ગે સીધી ઋત પ્રત્યે ગતિ કરે છે; સાત ઋષિઓ—અયાસ્યનો અને બૃહસ્પતિનો સાત શિરોવાળો વિચાર ગૂઢ પ્રકાશોને શોધી કાઢે છે, અને આ પ્રકાશોના બળ વડે—વસિષ્ઠના કથન મુજબ, તે સાત ઋષિઓ સમતળ વિશાળતા પર એકત્રિત થાય છે (समाने ऊर्वे), તે જે વિશાળતા પરથી જ્ઞાનયુકત ઉષાએ અવતરણ કર્યું છે—ऊर्वाद् जानती गात् (ઋચા—૨) અથવા આ ઋચામાં કહ્યું છે તે પ્રમાણે આ વિશાળતાની ઉદય-સમયે, અર્થાત્ અનંત ચેતના પ્રાપ્ત થતાં ઉષા અવતરણ કરે છે. વસિષ્ઠે કહ્યું છે તેમ, ત્યાં તેઓ પરસ્પર સંમત થાય છે—સંઘર્ષ કરતા નથી—संगतासः सं जानते न यतन्ते मिथस्ते (૭, ૭૬, ૫); બીજા સૂકતમાં કહ્યું છે તેમ તે સાતેય એક બની જાય છે, તેઓ એક સાત મુખોવાળો અંગિરસ્ બની જાય છે, અને સરમાની શોધના પરિણામે આ એકરૂપ બનેલો અંગિરસ્ બધી વસ્તુઓને સત્ય બનાવે છે (ઋચા—૭). સંવાદમય, એકરૂપ, પરિપૂર્ણ થયેલો તે ઋષિ-સંકલ્પ બધાં અનૃતોને, વક્રતાઓને સુધારે છે, અને સર્વ-વિચાર-જીવનક્રિયાને ઋતમાં પલટાવી નાખે છે. આ સૂકતમાં સરમાનું કાર્ય પ્રેરણાશકિત જેવું જ વર્ણવાયું છે. પ્રેરણા ઋતના માર્ગે સીધી ઋત પ્રત્યે જાય છે; તે શંકાના તથા ભૂલોના વાંકાચૂંકા માર્ગો અપનાવતી નથી, અને અંધકારના તથા અસત્ય આભાસોના પડદામાંથી ઋતને સીધીસટ લાવી સોંપી દે છે; સરમાએ શોધી કાઢેલા પ્રકાશો વડે દ્રષ્ટા-મન ઋતના પરિપૂર્ણ આવિષ્કારને પ્રાપ્ત કરી શકે છે. તે સૂકતના બાકીના મંત્રોમાં, લાંબી યાત્રાના અંતે તેને માટે વિશાળ પથરાયેલા ક્ષેત્રમાં સાત ઘોડાવાળા સૂર્યનો ઉદય, વેગવાન પક્ષી વડે કરાતી સોમની પ્રાપ્તિ, પ્રકાશયુકત ગાયોના ક્ષેત્રની યુવાન દ્રષ્ટાને થતી પ્રાપ્તિ, પ્રકાશયુકત સમુદ્ર પ્રત્યે સૂર્યનું આરોહણ, વિચારકો વડે હંકારાતી નૌકાની પેઠે સૂર્ય તે સમુદ્રને પાર કરી જાય છે તે વાત, તેમની માગણીના જવાબમાં તે સમુદ્રનાં જળોનું માનવ પર અવતરણ—આ બધું વર્ણવાયું છે. માનવ ઋષિ અંગિરસ્ના સપ્તવિધ વિચારને તે જળોમાં સ્થાપિત કરે છે. સૂર્ય એ પર-ચેતનાનો પ્રકાશ અથવા ઋત-ચેતન જ્ઞાન છે, અને પ્રકાશમય સમુદ્ર તે અદિતિ માળાનાં એકવીસ ધામોવાળા, પર-ચેતનાના પ્રદેશો છે—એ વાત જો આપણે યાદ

રાખીએ, તો આ રૂપકોનો[1] અર્થ સમજવામાં મુશ્કેલી નહિ પડે. અંગિરસોની સંપૂર્ણ સિદ્ધ પછી, તેમના એકરૂપ બનીને ઋતની ભૂમિકામાં થયેલા આરોહણ પછી પ્રાપ્ત થતા પરમ લક્ષ્યનું તે વર્ણન છે, જેવી રીતે સરમા ગાયોને શોધી કાઢે છે ત્યાર પછી અંગિરસોની સિદ્ધિ અને લક્ષ્ય પ્રાપ્તિ થાય છે તેમ.

આ વિષયમાં વિશ્વામિત્રે રચેલું, ત્રીજા મંડળનું એકત્રીસમું સૂક્ત પણ ખૂબ મહત્ત્વનું છે. પ્રકાશમાન રુદ્ર-દેવના મહાન પુત્રોને અપાયેલી યજ્ઞની આહુતિમાંથી, જ્વાળાથી જાજ્વલ્યમાન અગ્નિ (દિવ્ય શક્તિ) જન્મે છે; તેમનો પુત્ર મહાન છે—તે મહાન જન્મ છે; પ્રકાશયુક્ત ગાયોનો હાંકનાર (ઇન્દ્ર, દિવ્યમન) યજ્ઞની આસપાસ ખૂબ ગતિ કરે છે; વિજય મેળવતી ઉષાઓ યુદ્ધ કરતા તેને વળગી રહે છે; અંધકારમાંથી તેઓ પોતાના જ્ઞાન વડે મહાન પ્રકાશને જન્માવે છે; જ્ઞાનવાળી ઉષાઓ તેના પ્રત્યે જાય છે; ઇન્દ્ર, પ્રકાશ-યુક્ત ગાયોનો એક માત્ર સ્વામી બન્યો છે. પણિઓનાં દૃઢ સ્થાનોમાં રહેલી ગાયોને વિચારકોએ મુક્ત કરી; વિચાર વડે સાત ઋષિઓએ તેમને પરમ પ્રત્યે ગતિ કરાવી; તેમણે ઋતનો સર્વ માર્ગ શોધી કાઢયો; ઋતનાં પરમ ધામોને જાણતા ઇન્દ્રે નમનો વડે તેમાં પ્રવેશ કર્યો—विलौ सतीरभि धीरा अतृन्दन् प्राचाहिन्वन् मनसा सप्त विप्राः, विश्वामविन्दन् पथ्यामृतस्य प्रजानन्नित्ता मनसा विवेश ।। (ઋચાઓ ૩—૫) આ મહાન જન્મ છે, મહાન પ્રકાશ છે, ઋત—જ્ઞાનની મહાન દિવ્ય ગતિ છે, જેની દ્વારા લક્ષ્ય સિદ્ધ થાય છે, અને દેવો તથા ઋષિઓ ઊર્ધ્વની પરમ ભૂમિકામાં પ્રવેશ કરે છે. પછી આ કાર્યમાં સરમા જે ભાગ ભજવે છે, તેનું વર્ણન આવે છે. જ્યારે સરમાએ અદ્રિના ભેદાયેલા સ્થાનને જોયું, ત્યારે તેણે તે મહાન પરમ ધ્યેયને સતત ગતિમાન બનાવ્યું, સુંદર પગવાળી સરમા તેને ઉષાની અવધ્ય ગાયો પ્રત્યે લઈ ગઈ; તેમના અવાજ પ્રત્યે જ્ઞાનયુક્ત તે પ્રથમ ગઈ (ઋચા—૬). પ્રેરણા જ આ દોરવણી કરે છે; નિગૂઢ પ્રકાશોના અવાજ પ્રત્યે તે સૌથી—બધાથી પ્રથમ વેગપૂર્વક ગતિ કરે છે, દૃઢ અને અભેદ્ય દેખાતા (वीलु, दृल्ह) અદ્રિના સ્થાન પ્રત્યે તે પહેલી દોડી જાય છે કે જે સ્થાન હવે ભેદાયું છે અને જેમાં શોધકો પ્રવેશ કરી શકે તેમ છે.

સૂક્તના બાકીના ભાગમાં અંગિરસોની તથા ઇન્દ્રની સિદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે. તે બધામાં સૌથી મહાન ઋષિ, અંગિરસો સાથે મૈત્રી બાંધતો,

---

૧. આ અર્થ લેવાથી જ આપણે વેદના કેટલાક અસ્પષ્ટ લાગતા મંત્રોના શબ્દોને સમજી શકીશું; દાખલા તરીકે ૮, ૬૮, ૯—તારી મદદ વડે અમે જળોમાં તથા સૂર્યમાં રહેલા મહાન ધનને જિતીએ—अप्सु सूर्ये महद् धनम् ।

ઈન્દ્ર ગયો; પરિપૂર્ણ કાર્યો કરનાર તેને ગર્ભયુકત અદ્રિએ પોતામાં રહેલી ગાયો સોંપી દીધી; યુવાન અંગિરસો સાથે સમૃદ્ધિના પ્રાચુર્યને શોધી રહેલા, ઈન્દ્રે પૌરુષના બળ વડે તેમના પર સ્વામિત્વ પ્રાપ્ત કર્યું; પછી સૂકતનું ગાન કરતો તે એકદમ અંગિરસ્ બની ગયો. લોકની દરેક વિદ્યમાન વસ્તુને અનુરૂપ રૂપ તથા માપ આપણી આગળ ધારણ કરીને, તે બધા જન્મોને જાણે છે અને શુષ્મનો સંહાર કરે છે; અર્થાત્ લોકની દરેક વિદ્યમાન વસ્તુને અનુરૂપ રૂપ ધારણ કરીને, દિવ્ય મન તેની સત્ય દિવ્ય આકૃતિ અને અર્થ પ્રગટ કરે છે, અને તેનાં જ્ઞાન તથા ક્રિયાને વિકૃત કરનારી અસત્ય શકિતને હણે છે. ગાયોને શોધતો, સ્વર્ગના ધામનો યાત્રી, મંત્રોનો ગાયક, મિત્ર એવો તે પોતાના મિત્રોને સત્ય આત્માભિવ્યકિતના દોષમાંથી મુકત કરે છે. અમૃતત્વ પ્રત્યેના માર્ગને બનાવતા, તેઓએ પ્રકાશને (ગાયોને) શોધી કાઢતા મન વડે પ્રકાશક શબ્દોનાં ધામોમાં પ્રવેશ કર્યો—नि गव्यता मनसा सेदूरर्कैः कृण्वानासो अमृतत्वाय गातुम् । આ તેમનું વિશાળ ધામ છે— ઋત છે, જેના વડે તેમણે માસો પર (દશગ્વોના દશ માસો પર) કબજો મેળવ્યો. દર્શનામાં સંવાદમય બનેલા (અથવા સંપૂર્ણ દર્શન કરતા), (વસ્તુઓના) પ્રાચીન બીજના દૂધને દહોતા, તેઓ તેમના સ્વર્લોકમાં આનંદ માણવા લાગ્યા. તેમના મંત્રોચ્ચારે પૃથ્વી-આકાશને તપાવ્યાં (અર્થાત્ જાજવલ્યમાન સ્પષ્ટતાનું—ઘૃતનું—तप्तं घृतम—ધર્મનુ સર્જન કર્યું, કે જે સૂર્યની ગાયોમાંથી પ્રાપ્ત થાય છે); જન્મેલી વસ્તુમાં તેમણે સ્થિર નિવાસ-સ્થાન બનાવ્યું, અને ગાયોમાં વીરોને સ્થાપિત કર્યા (અર્થાત્ જ્ઞાનના પ્રકાશમાં યુદ્ધની શકિતને સ્થાપિત કરી).

જે જન્મ્યા હતા (તે યજ્ઞના પુત્રો) વડે, આહુતિઓ વડે; પ્રકાશના મંત્રો વડે, વૃત્રનો સંહાર કરનાર ઈન્દ્રે પ્રકાશયુકત ગાયોને મુકત કરી; વિશાળ અને આનંદપૂર્ણ ગાયે (અદિતિ રૂપી ગાયે— વિશાળ, આનંદપૂર્ણ; ઉચ્ચતર ચેતનાએ) તેના પોતાના દૂધને, ઘી સાથે સંમિશ્રિત મધુને, મધુર ભોજય રૂપે આપ્યું. આ પિતા માટે પણ (સ્વર્ગ માટે) તેમણે વિશાળ અને પ્રકાશમય ધામ બનાવ્યું; પરિપૂર્ણ કાર્યોને કરનાર તેમની પાસે તેની પરિપૂર્ણ દર્શના હતી. માત-પિતાને (આકાશ-પૃથ્વીને) વિશાળતાપૂર્વક ધારણ કરતા તેઓ તે ઉચ્ચ લોકમાં બિરાજ્યા, અને તેના સમગ્ર આનંદને આલિંગ્યા. જ્યારે અનૃતને તથા પાપને ભેદી નાખવા માટે, વિશાળ વિચાર તેને ધારણ કરી, આકાશ-પૃથ્વીમાં વ્યાપી જવા માટે ઈન્દ્રનું સંપૂર્ણ સંવર્ધન કરે છે, ત્યારે સમ અને દોષરહિત શબ્દોવાળા ઈન્દ્રમાં બધી અપ્રતિધર્ષ્ય શકિતઓ આવે છે. તેને મહાન, આનંદપૂર્ણ, અનેકરૂપ ક્ષેત્ર (ગાયોનું વિશાળ ક્ષેત્ર—સ્વર્) પ્રાપ્ત થાય છે; તે પોતાના મિત્રો માટે બધી ગતિ કરતી ગાયોને મોકલી આપે છે. માનવ આત્માઓ (અંગિરસો) વડે પ્રકાશયુકત ઈન્દ્રે

એકસામટાં સૂર્ય—ઉષા—માર્ગ—જવાળાને જન્માવ્યાં છે. (ઋચાઓ ૭—૧૫).

બાકીની ઋચાઓમાં તે જ રૂપકો ચાલુ રહ્યાં છે, માત્ર જેને વિષે બહુ ગેરસમજ થઈ છે તેવું, વિખ્યાત, વૃષ્ટિનું રૂપક વચ્ચે ઉમેરવામાં આવ્યું છે. "પ્રાચીન—જન્મેલાને હું નવીન બનાવું છું જેથી હું વિજય પ્રાપ્ત કરી શકું. તું અમને ઈજા કરનાર, અદિવ્ય, શત્રુઓને દૂર કર, અને અમને સ્વર્‌ની માલિકી આપ. વિશુદ્ધ કરતી વૃષ્ટિઓ અમારી સમક્ષ વિસ્તરે છે (જળ રૂપે); તું અમને તેમને પેલે પાર, આનંદની સ્થિતિમાં લઈ જા. અમને જલદી ગાયોના વિજેતાઓ બનાવ. વૃત્રનો સંહાર કરનાર, ગાયોના સ્વામીએ (મનુષ્યને) ગાયો બતાવી; કાળા લોકોમાં (પણિઓની પેઠે, પ્રકાશ વગરના લોકોમાં) તેણે, પોતાના પ્રકાશયુકત કાયદાઓથી (અથવા તેજો વડે) પ્રવેશ કર્યો છે; ઋત વડે સત્યોને (સત્યની ગાયોને) બતાડતા, તેણે પોતાનાં બધાં દ્વારો ખોલી નાખ્યાં છે"—प्र सूनृता दिशमान ऋतेन दुरश्च विश्वा अवृणोदप स्वाः । (ઋચાઓ ૧૯–૨૧); અર્થાત્ પણિઓ વડે બંધ રખાયેલાં, આપણાં માનુષ દ્વારોને—આપણા અંધકારમાં પ્રવેશ કરીને (अन्तः कृष्णं गात्), તે ખોલી નાખે છે, અને પછી તેના પોતાના સ્વર્લોકનાં બારણાં તે ઉઘાડે છે.

આ નોંધપાત્ર સૂકતનો મેં મોટા ભાગનો અનુવાદ કર્યો છે, કારણ કે તે વૈદિક કવિતાના ગૂઢવાદી તથા તદ્દન માનસશાસ્ત્રીય લક્ષણને ભારપૂર્વક પ્રગટ કરે છે, અને તેમ કરીને સરમાના રૂપકને સ્પષ્ટ કરે છે. ઋગ્વેદમાં સરમાનો ઉલ્લેખ કરતા બીજા મંત્રો આમાં કોઈ વધારે મહત્ત્વનો ઉમેરો કરતા નથી. ૪, ૧૬, ૮ માં એ ટૂંકો ઉલ્લેખ છે. "જયારે તેં અદ્રિને ચીરીને જળોને નિર્મુકત કર્યાં, ત્યારે સરમા તારી આગળ પ્રગટ થઈ. માટે અંગિરસો વડે સ્તુતિ કરાયેલો તું, અમારા આગેવાન તરીકે, વાડાને ભાંગી નાખીને અમારે માટે ખૂબ ગોધન લાવી આપ." વૃત્ર વડે અદ્રિમાં પૂરી રખાયેલો જળોને જયારે દિવ્ય મન મુકત કરે છે, ત્યારે ઋતનાં જળો અદ્રિમાંથી બહાર વહેવા લાગે છે; તે કાર્યમાં પ્રેરણા દિવ્ય મન સમક્ષ તેની અગ્રદૂતી તરીકે પ્રગટ થાય છે (ઋચા-૭); પણિઓના કિલ્લામાં—પર્વતની અંદર સંતાડેલા ધનને જિતવામાં, પ્રકાશની પુનઃ પ્રાપ્તિ કરવામાં, પ્રેરણા વડે ઇન્દ્ર દેવ આપણો આગેવાન બને છે.

પરાશર શાકત્યના બીજા સૂકતમાં (૧, ૭૨) સરમાનો ઉલ્લેખ આવે છે, આ સૂકત વૈદિક રૂપકોના અર્થને બહુ જ સ્પષ્ટતાપૂર્વક પ્રગટ કરે છે, કારણ કે પરાશર એક એવો પ્રકાશયુકત કવિ છે કે જે તે હમેશાં ગૂઢવાદી અર્થના પડદાને વધારે પ્રમાણમાં હટાવી દેવાનું પસંદ છે. તે સૂકત ટૂંકું છે, અને હું તેના આખાનો અનુવાદ કરીશ. "તેણે વસ્તુઓના સનાતન વિધાતાના સમગ્ર ઋષિ-જ્ઞાનને પોતાનામાં સજર્યું છે, તેણે પોતાના હાથમાં અનેક શકિતઓને

(દિવ્ય પુરુષોની શકિતઓને–नार्याः पुरुणीः ને) ધારણ કરી છે; બધી અમર્ત્યતાઓનું પોતામાં સર્જન કરતો, અગ્નિ દિવ્ય સમૃદ્ધિનો સ્વામી બને છે. અજ્ઞાન વડે મર્યાદિત નહિ બનેલા, બધા અમર્ત્યોએ, કામના કરતાં કરતાં, સર્વત્ર વિદ્યમાન તેને, અદિતિ—ગાયના વાછરડાની પેઠે, શોધી કાઢયો; પરિશ્રમ કરતા, ધામ પ્રત્યે ગતિ કરતા, વિચારને ધારણ કરતા, તેમણે પરમ ધામમાં અગ્નિના પ્રકાશમાન યશને પ્રાપ્ત કર્યો. હે અગ્નિ, જ્યારે ત્રણ વર્ષો દરમિયાન (ત્રણ માનસિક સ્વર્ગોમાંથી પસાર થવારૂપ ત્રણ પ્રતીકમય સમયો દરમિયાન) વિશુદ્ધ એવા તેમણે તારી ઉપાસના કરી, વિશુદ્ધ એવા તારી ઘૃત વડે ઉપાસના કરી, ત્યારે તેમણે યાજ્ઞિક નામોને ધારણ કર્યાં, અને સારી રીતે જન્મેલાં રૂપોને (પરમ સ્વર્ગ પ્રત્યે) ગતિ કરાવી. તેમને વિશાળ આકાશ-પૃથ્વીનું જ્ઞાન હતું, તે તે બંનેને આગળ લઈ ગયા—તેઓ કે જે રુદ્રના પુત્રો હતા, યજ્ઞના સ્વામીઓ હતા; મર્ત્ય માનવીને દર્શના પ્રાપ્ત થઈ, પરમ ધામમાં પ્રકાશતા અગ્નિને તેમણે જોયો. સંપૂર્ણ જ્ઞાનયુકત તે તેની આગળ ઘૂંટણિયે પડયા; પોતાની પત્નીઓ (દેવોની સ્ત્રી-શકિતઓ) સાથે, નમન-યોગ્ય તેને તેમણે નમન કર્યું; પોતાને વિશુદ્ધ કરતા (અથવા આકાશ-પૃથ્વીની મર્યાદાઓને વટાવી જતા), તેમણે (પોતાનાં યોગ્ય દિવ્ય) રૂપોનું સર્જન કર્યું; મિત્રરૂપ અગ્નિની દૃષ્ટિ તેમને દરેકને મિત્રની પેઠે રક્ષતી. યક્ષના દેવોએ તારામાં અંદર નિગૂઢ, એકવીસ ધામોને દીઠાં; એકરૂપ હૃદયવાળા હોવાને કારણે, તે ધામો વડે, તેઓ અમૃતત્વનું, રક્ષણ કરે છે. હે અગ્નિ, વિશ્વના આવિર્ભાવોને—જન્મોને (અથવા, પ્રાણીઓને) જાણતા હે અગ્નિ, જીવન માટે તારી બધી શકિતઓને સતત સ્થાપન કર. દેવોની યાત્રાના માર્ગોને અંદર જાણતો, તું તેમનો નિદ્રા રહિત (સદા જાગૃત) દૂત બને છે, અને આહુતિઓને લઈ જઈ દેવોને પહોંચાડે છે. વિચારને યોગ્ય રીતે મૂકતી, ઋતને જાણતી, સ્વર્ગની સાત મહાન નદીઓએ આનંદનાં દ્વાર શોધી કાઢયાં; સરમાએ ગાયોનાં વિશાળ મજબૂત સ્થાનોને શોધી કાઢયાં, જેને પરિણામે હવે માનવ પ્રાણી તે પરમ સમૃદ્ધિનો ઉપભોગ માણે છે. સત્ય પરિણામો પ્રગટાવનાર બધી વસ્તુઓમાં પ્રવેશ કરેલા તેમણે અમૃતનો માર્ગ બનાવ્યો; મહીઓ (મહાન નદીઓ) વડે તથા મહિમા વડે પૃથ્વી વિશાળ બની; પોતાના પુત્રો સાથે અદિતિ તેને ધારણ કરવા આવી. જ્યારે તેમણે સ્વર્ગની બે આંખોનું નિર્માણ કર્યું (સૂર્યની બે દર્શન શકિતઓ, ઇન્દ્રના બે ઘોડા), ત્યારે અમર્ત્યોએ તેનામાં પ્રકાશયુકત યશને સ્થાપ્યો; નિર્મુકત બનેલી નદીઓ નીચે વહેવા લાગી; હે અગ્નિ, નીચે રહેલી પ્રકાશયુકત ગાયોને તે વાતનું જ્ઞાન થયું."

પરાશરના સૂકતનો મેં ઉપર અનુવાદ કર્યો છે; જરાક કઢંગું લાગે, છતાં મેં તેનો બને તેટલો અક્ષરશઃ અનુવાદ કરવા પ્રયત્ન કર્યો છે. પ્રથમ

દૃષ્ટિએ જણાશે કે તે જ્ઞાનનું, ઋતનું, પરમ દેવથી અભિન્ન હોય તેમ દિવ્ય જવાળાનું, અમર્ત્યતાનું, દેવો પ્રત્યે આરોહણનું, દિવ્ય શકિતઓનું સૂકત છે; તે આરોહણ તેમના દેવત્વ માટે, તેમનાં પરમ નામો માટે, તેમનાં યોગ્ય રૂપો માટે, દેવત્વનાં એકવીસ ધામોની પરમ સ્થિતિના પ્રકાશમાન યશ માટે કરવામાં આવતા યજ્ઞ વડે સિદ્ધ થાય છે. એ આરોહણ માનવામાં રહેલી દિવ્ય શકિતઓનું—તેમના સામાન્ય વૈશ્વિક દેખાવોમાંથી પરાત્પર પ્રકાશમાન ઋત પ્રત્યેનું આરોહણ છે. પરાશર પોતે જ કહે છે કે દેવોના આ કાર્યથી મર્ત્ય માનવી જ્ઞાન પ્રત્યે જાગ્રત બને છે અને પરમ ધામમાં—લક્ષ્યમાં રહેલા અગ્નિને પ્રાપ્ત કરે છે—विदन् मर्तो नेमधिता चिकित्वान् अग्निं पदे परमे तस्थिवांसम् । જો સરમા ઋતની શકિત ન હોય, જો તેની ગાયો પ્રકાશમય દિવ્ય ઉષાનાં કિરણો ન હોય, તો આવા સૂકતમાં સરમાનું શું કામ હતું? અમૃતત્વના અને દેવત્વના આ પ્રકાશમાન સૂકત સાથે, ગાયો માટે યુદ્ધ કરતી આર્ય-દ્રવિડોની ટોળીઓને શો સંબંધ છે? એકબીજાની ગાયોને ચોરી જતી તે પ્રાચીન ટોળીઓને આવા સૂકત સાથે શી નિસ્બત હોઈ શકે? વિચાર કરતી, ઋતને જાણતી, ગૂઢ દ્વારોને શોધી કાઢતી, આ નદીઓ કોણ હોઈ શકે? કે પછી હજી યે આપણે એમ જ માનવાનો આગ્રહ સેવીશું કે આ નદીઓ દુકાળ અથવા દ્રાવિડિયનો વડે રૂંધાયેલી, પંજાબની જ નદીઓ છે, અને સરમા આર્યોની એક પૌરાણિક દૂતીનું રૂપક અથવા માત્ર ભૌતિક ઉષા જ છે?

દશમા મંડળના એક સૂકતમાં આ સરમાનું દૂત-કાર્ય જ વર્ણવવામાં આવ્યું છે; તેમાં સરમા અને પણિઓ વચ્ચે સંવાદ આવે છે; પણ આપણે જાણીએ છીએ તેમાં તેનાથી કશો ઉમેરો થતો નથી; ગુફામાં સંતાડેલા ધનના સ્વામીઓ વિષે સાચો ખ્યાલ બાંધવામાં આપણને તે સંવાદ મહત્ત્વપૂર્ણ મદદ આપે છે. આ સૂકતમાં તેમ જ બીજાં આપણે જોઈ ગયેલા સૂકતોમાં એવું જરા પણ સૂચન મળતું નથી કે સરમા એક દિવ્ય કૂતરી છે, કે જે રૂપક વેદમાં પાછળથી આપવામાં આવ્યું છે. તે એક પ્રકાશયુકત, સુંદર પગવાળી દેવી છે કે જેના પ્રત્યે પણિઓને આકર્ષણ થયું હતું, અને જેને તેઓ બહેન તરીકે પોતાની સાથે રહે તેમ પણિઓ ઈચ્છતા હતા; તેમના પશુઓનું રક્ષણ કરતી કૂતરી તરીકે નહિ, પણ તેમની સમૃદ્ધિમાં ભાગ રાખતી માલિકણ તરીકે, પણ સ્વર્ગનું કૂતરી તરીકેનું રૂપક તેને બરાબર યોગ્યતાપૂર્વક લાગુ પડે છે, અને તે કથામાંથી તે રૂપક ઉદ્ભવે અને વિકસે તે સ્વાભાવિક હતું. ૧, ૬૨ માં સરમાએ પોતાના પુત્ર માટે ભોજન મેળવ્યાનો ઉલ્લેખ આવે છે—અલબત્ત પ્રાચીનોએ તેવો અર્થ કાઢયો છે, અને તેમાંથી એવી કથા પણ મળી આવે છે કે ખોવાયેલી ગાયોને શોધવા જવા માટે સરમા-કૂતરીએ પોતાનાં સંતાનો માટે

યજ્ઞમાં ભોજનનો ભાગ મળે, તેવી પૂર્વ-શરત મૂકી. પણ આ કથા ખુદ ઋગ્વેદમાં મળતી નથી; સમજૂતી આપવા માટે તે પાછળથી શોધી કાઢવામાં આવી છે. વેદ તો એમ કહે છે કે યજ્ઞમાં અથવા તો ઇન્દ્ર તથા અંગિરસોની ગાયો માટેની શોધમાં, સરમાને પુત્ર માટે પાયો જડયો—विदत् सरमा तनयाय धासिम् । (૧, ૬૨, ૩), धासिम् શબ્દનો તે અર્થ અહીં વધારે સયુક્તિક છે, આ પુત્ર તે યજ્ઞમાંથી જન્મેલો પુત્ર છે, જે વાત વૈદિક રૂપકનું સતત તત્ત્વ છે, અને નહિ કે સરમાના વંશવેલાને ચલાવનાર શ્વાન-જાતિ. વેદમાં આપણને તેવા શબ્દસમૂહો પ્રાપ્ત થાય છે, દાખલા તરીકે ૧, ૯૬, ૪ માં, मातरिश्वा पुरूवारपुष्टिर्विदद् गातुं तनयाय स्वर्वित् । અનેક ઇષ્ટ વસ્તુઓની વૃદ્ધિ કરતા (જીવનના ઉચ્ચતર પદાર્થોની વૃદ્ધિ કરતા) માતરિશ્વાએ (જીવનના દેવે—વાયુએ) પુત્ર માટે માર્ગ શોધી કાઢયો, સ્વર્ શોધી કાઢયું; આમાં વિષય તે જ છે, પણ તેને કૂતરાંની જાતિ સાથે કોઈ નિસ્બત નથી.

દશમા મંડળમાં, એક પાછળથી રચાયેલા સૂકતમાં, યમના બે દૂતોનો—સારમેય કૂતરાઓનો ઉલ્લેખ આવે છે; પણ તેમાં તેમની માતા સરમા હતી એવું કોઈ કથન નથી. તે ૧૦, ૧૪—પ્રસિદ્ધ મરણસૂકતમાં આવે છે, અને ઋગ્વેદમાં યમના તથા તેના બે કૂતરાના ચરિત્રને સમજવા માટે તે નોંધપાત્ર છે. પાછળના વિચારો અનુસાર, યમ મૃત્યુનો દેવ છે અને તેનો પોતાનો એક ખાસ લોક છે; પણ ઋગ્વેદમાં તે મૂળ સૂર્યનું એક સ્વરૂપ છે (ઈશોપનિષદ્‌ના પાછળના જમાનામાં પણ તેને—યમ શબ્દને સૂર્યના નામ તરીકે વાપરવામાં આવ્યો છે), અને વિશાળ પ્રકાશવાળા ઋતના સ્વામીના બે જોડિયા પુત્રોમાંનો યમ એક છે. તે ધર્મનો—સત્યના કાયદાનો રક્ષક છે—सत्यधर्मा; તે અમૃતત્વ પ્રાપ્ત કરવાની પૂર્વશરત છે; અને પરિણામે યમ અમૃતત્વનો પણ રક્ષક છે. તેનો લોક સ્વર્ છે; અમૃતત્વનો લોક છે—अमृते लोके अक्षिते; અને ૯, ૧૧૩, ૭ માં કહેવામાં આવ્યું છે કે તે લોકમાં અવિનાશી પ્રકાશ છે, સ્વર્ પ્રતિષ્ઠિત છે—यत्र ज्योतिरजस्रम्, यस्मिन् लोके स्वर्हितम् । ૧૦, ૧૪ મું સૂકત જેટલું જીવન તથા અમૃતત્વનું સૂકત છે, તેટલું મૃત્યુનું સૂકત નથી. યમે તથા પ્રાચીન પિતૃઓએ તે લોકના માર્ગને શોધી કાઢયો છે—જે લોકમાં ગાયોનો ચરો છે, અને જયાંથી શત્રુઓ તે પ્રકાશયુકત ગાયોને હરી જઈ શકતા નથી—यमो नो गातु प्रथमो विवेद, नैषा गव्यूतिरपभर्तवा उ, यत्र नः पूर्वे पितरः परेयुः । (ઋચા—૨). સ્વર્ગમાં આરોહણ કરતા મર્ત્ય માનવીના જીવાત્માને એવી રીતે દોડી જવાનું કહેવામાં આવ્યું છે કે જેથી ચાર આંખોવાળા, પચરંગી બે સારમેય કૂતરાઓ તેમને સુંદર માર્ગ પર પહોંચી—પકડી શકે નહિ (ઋચા—૧૦). સ્વર્ગના તે રસ્તાના તે ચાર આંખોવાળા રક્ષકો છે; પોતાની દિવ્ય દર્શના વડે તેઓ રસ્તામાં માનવીનું રક્ષણ કરે છે—

यौ ते श्वानौ यम रक्षितारौ चतुरक्षौ पथिरक्षी नृचक्षसौ । (ઋચા—૧૧), અને તે કૂતરાને જીવના રખોપા તરીકે આપવા માટે યમને પ્રાર્થના કરવામાં આવી છે. આ કૂતરા વિશાળ ગતિ કરે છે, સહેલાઈથી સંતુષ્ટ કરી શકાય તેવા નથી, અને તે માનવીઓમાં ધર્મના કાયદાના સ્વામીના દૂતો તરીકે વિચરે છે. સૂકતમાં પ્રાર્થના કરવામાં આવી છે કે તે કૂતરા આ દુ:ખી લોકમાં અમને આનંદ પાછો આપે, જેથી અમે સૂર્યને જોઈ શકીએ (ઋચા—૧૨). આમાં આપણને વૈદિક વિચારો જ મળે છે—પ્રકાશના, આનંદના, અમૃતત્વના; આ સારમેય કૂતરાઓમાં સરમાનાં બધાં જ તાત્ત્વિક લક્ષણો હાજર છે—દર્શનાશકિત, વિશાળતાપૂર્વક વિચરતી ગતિ, લક્ષ્યને પહોંચાડનારી માર્ગ પર મુસાફરી કરવાની શકિત. સરમા ગાયોની વિશાળતાને પ્રાપ્ત કરાવે છે; આ કૂતરાઓ અભેદ્ય, પ્રકાશયુકત અવિનાશી ગાયોના ક્ષેત્રમાં—ચરામાં જવા કરાતી મુસાફરીમાં જીવાત્માનું રક્ષણ કરે છે. સરમા આપણને ઋત પાસે, સૂર્યદર્શના પાસે લઈ જાય છે, કે જે આનંદનો માર્ગ છે; આ કૂતરાઓ આ દુ:ખમય લોકમાં માનવીને સુખ લાવી આપે છે, જેથી તેને સૂર્યનાં દર્શન થાય. સરમા સુંદર પગવાળી, માર્ગમાં ઝડપથી ગતિ કરતી, દેવી હોય કે માર્ગના, વિશાળ ગતિવાળા, રક્ષકો એવા આ કૂતરાઓની માતા—સ્વર્ગની કૂતરી હોય, પણ તે એક જ વિચાર છે; તે શોધ કરતી અને પ્રાપ્ત કરતી, ઋતની શકિત છે કે જે આંતરદર્શનાની દિવ્ય પ્રતિભા વડે ગૂઢ પ્રકાશને અને ન અપાતા અમૃતત્વને શોધી કાઢે છે. પણ તેનું કાર્ય આ સંશોધના અને પ્રાપ્તિ પૂરતું મર્યાદિત છે.

અંધકારના પુત્રો

આપણે એક વાર નહિ, પણ અનેક વાર જોયું છે કે અંગિરસોની, ઇન્દ્રની, સરમાની, પણિઓની ગુહાની અને ઉષા-સૂર્ય-ગાયોની પુનઃપ્રાપ્તિની આ કથા તે આક્રમણકારી આર્યો અને ગુહા-નિવાસી દ્રાવિડિયનો વચ્ચેના રાજકારણી અને યુદ્ધકારણી સંગ્રામની કથા નથી. તે પ્રકાશ-શોધકો તથા અંધકારની શકિતઓ વચ્ચેનો સંઘર્ષ છે; ગાયો સૂર્યના તથા ઉષાના પ્રકાશો છે; તેઓ ભૌતિક ગાયો નથી; ઇન્દ્રે આર્યો માટે જિતેલું ગાયોનું, ભયમુકત, વિશાળ ક્ષેત્ર તે વિશાળ સ્વર્લોક છે, સૂર્યના પ્રકાશોનો લોક છે, સ્વર્ગના ત્રિવિધ પ્રકાશયુકત પ્રદેશો છે. એટલે આપણે પણિઓને અંધકારની ગુહાની શકિતઓ સમજવા જોઈએ. એ વાત સાચી છે કે પણિઓ દસ્યુઓ અથવા દાસો છે; વારંવાર તેમને તે નામ આપવામાં આવ્યું છે; તેમને આર્ય-વર્ણના વિરોધી દાસ-વર્ણ તરીકે વર્ણવવામાં આવ્યા છે; બ્રાહ્મણોમાં અને પાછળના ગ્રંથોમાં 'વર્ણરંગ' શબ્દ જાતિ કે વર્ગના અર્થમાં વાપરવામાં આવ્યો છે, જો કે તેથી ઋગ્વેદમાં પણ તેનો તે જ અર્થ છે એમ સિદ્ધ થતું નથી. દસ્યુઓ પવિત્ર શબ્દનો તિરસ્કાર કરનાર લોકો છે, તેઓ દેવોને હોમભાગ અથવા સોમરસ અર્પણ કરતા નથી, તેઓ પોતાની ગાયોને—અશ્વોને—ધનને પોતાને માટે રાખે છે અને ઋષિઓને આપતા નથી, તેઓ યજ્ઞ કરતા નથી. આપણે એવો અર્થ ઘટાવી શકીએ કે ભારતમાં તે સમયે બે સંસ્કૃતિઓ વચ્ચે સંઘર્ષ હતો, અને ઋષિઓએ તે માન્યતાઓના પ્રતિનિધિ રૂપ માનવીઓ વચ્ચેના તે સ્થૂલ સંઘર્ષનું રૂપક આધ્યાત્મિક સંઘર્ષને વ્યકત કરવા માટે વાપર્યું—જેવી રીતે તેમણે પોતાના ભૌતિક જીવનની વિગતોને આધ્યાત્મિક યજ્ઞ, આધ્યાત્મિક સમૃદ્ધિ, આધ્યાત્મિક સંઘર્ષ અને યાત્રાનાં રૂપકો તરીકે વાપરી હતી તેમ. પણ એટલી વાત તો ચોક્કસ સ્પષ્ટ છે કે ઋગ્વેદમાં આધ્યાત્મિક સંઘર્ષ તથા વિજયની વાત છે, ભૌતિક યુદ્ધ અને લૂંટની નહિ. જુદા જુદા મંત્રોનો અમુક અર્થ કરવો કે જે તે સંદર્ભમાં યોગ્ય હોઈ શકે, પણ જ્યાં તે અર્થ સ્પષ્ટ રીતે લાગુ કરી શકાય તેમ નથી તેવા બીજા અનેક મંત્રો પ્રત્યે

ઉપેક્ષા સેવવી, એ રીત અયુકિતક અને બુદ્ધિ-રહિત છે. પણિઓનો, તેમનાં ધનનો, તેમનાં લક્ષણોનો, દેવોના વિજયનો, પણિઓ પર પ્રાપ્ત કરેલા ઋષિઓના તથા આર્યોના વિજયનો—એ બધાના સમગ્ર વેદમાં કરાયેલા બધા ઉલ્લેખોનો વિચાર કરીને, તેમાંથી જે અર્થ નિષ્પન્ન થાય તેને આપણે એક સરખી રીતે બધે લાગુ પાડવો જોઈએ. જ્યારે આપણે આ રીત અખત્યાર કરીએ છીએ, ત્યારે આમાંના ઘણાખરા મંત્રોમાં પણિઓ માનવો હતા તે વિચાર સ્વીકારવો, એ તદ્દન અશકય છે; તેઓ કાં તો ભૌતિક કે આધ્યાત્મિક અંધકારની શકિતઓ ભાસે છે; બીજા મંત્રોમાં તેઓ ભૌતિક અંધકારની શકિતઓ નથી લાગતી, પણ દેવોના સંશોધકોના તથા યજ્ઞ કરનાર લોકોના માનવી શત્રુઓ લાગે છે અથવા આધ્યાત્મિક પ્રકાશના શત્રુઓ લાગે છે; બીજા મંત્રોમાં તેઓ માનવ શત્રુઓ અથવા ભૌતિક પ્રકાશના શત્રુઓ નથી લાગતા, પણ ચોક્કસ આધ્યાત્મિક પ્રકાશ—ઋત—વિચારના શત્રુઓ લાગે છે. આ હકીકતો પરથી આપણે એક જ નિગમન તારવી શકીએ કે તેઓ હમેશાં આધ્યાત્મિક પ્રકાશના શત્રુઓ જ છે.

આ દસ્યુઓના સામાન્ય ચરિત્રને સમજવામાં ગુરુ-કૂંચી રૂપે આપણે ૪, ૧૪, ૪ સૂકતને લઈ શકીએ. "જન્મેલો અગ્નિ દસ્યુઓને હણતો પ્રકાશવા લાગ્યો; તે પ્રકાશથી અંધકારને હણતો હતો; તેણે ગાયોને, જળોને, સ્વર્‌ને શોધી કાઢયાં" अग्निर्जातो अरोचत घ्नन दस्युं ज्योतिषा तमः । अविन्दद् गा अपः स्वः । દસ્યુઓના બે વિભાગો છે—એક પણિઓ કે જે ગાયોનો તથા જળોનો અવરોધ કરે છે, પણ ગાયોને પાછી સોંપવા માગતા નથી; બીજા વૃત્રો કે જે જળોનો તથા પ્રકાશનો અવરોધ કરે છે, પણ ખાસ કરીને જળોને પાછાં આપવા માગતા નથી. કોઈ પણ અપવાદ સિવાય, બધા દસ્યુઓ સ્વર્‌માં આરોહણનો અને આર્ય ઋષિઓ ધનની પ્રાપ્તિ કરે તેનો વિરોધ કરે છે પ્રકાશ આપવાની અનિચ્છા તે સ્વર્‌ની (स्वर्दृश) દર્શનાનો—સૂર્યની દર્શનાનો, જ્ઞાનની પરમ દર્શનાનો વિરોધ છે—उपमा केतुः (૫, ૩૪, ૯); જળો મુકત કરવાની અનિચ્છા તે સ્વર્‌ની પ્રચુર ગતિનો (स्वर्वतीरपः), ઋતના પ્રવાહોની ગતિનો (ऋतस्य प्रेषा. ऋतस्य धाराः) વિરોધ છે; ધનપ્રાપ્તિનો વિરોધ તે સ્વર્‌ના પ્રચુર પદાર્થને આપવાની અનિચ્છા છે (वसु, धन, वाज, हिरण्य) જે મહાન ધન સૂર્યમાં અને જળોમાં પ્રાપ્ત થાય છે—अप्सु सूर्ये महद् धनम् (૮, ૬૮, ૯). પણ આખો સંઘર્ષ પ્રકાશ અને અંધકાર વચ્ચે, ઋત અને અનૃત વચ્ચે, દિવ્ય માયા અને અદિવ્ય માયા વચ્ચે છે; એટલે અહીં બધા દસ્યુઓનું તાદાત્મ્ય અંધકાર સાથે કરવામાં આવ્યું છે; અને અગ્નિના જન્મ તથા પ્રકાશનથી પ્રકાશ સર્જાય છે, જેના વડે અગ્નિ દસ્યુઓને તથા અંધકારને હણે છે. આમાં ઐતિહાસિક અર્થ જરા પણ નહિ લાગુ કરી શકાય—જો કે આપણે મંત્રને અલગ લઈએ અને

યજ્ઞના અગ્નિને પ્રજ્વલિત કરવાથી દૈનિક સૂર્યોદય થાય છે એમ માનીએ, તો પ્રાકૃતિક અર્થ ઘટાવી શકાય, પણ આપણે છૂટક છૂટક મંત્રોનાં બલ પર નહિ, પણ વેદનો તુલનાત્મક અભ્યાસ કરીને નિર્ણય બાંધવાનો છે.

૫, ૩૪ માં પણિઓ અથવા દસ્યુઓ અને આર્યોના વિરોધને વર્ણવવામાં આવ્યો છે, અને ૩, ૩૪ આપણને आर्यं वर्णम् શબ્દો વપરાયેલા જોવા મળે છે. આપણે યાદ રાખવું જોઈએ કે દસ્યુઓનું તાદાત્મ્ય અંધકાર સાથે કરવામાં આવ્યું છે; એટલે આર્યોને પ્રકાશ સાથે સંબંધિત કરવા જોઈએ, આપણને ખુદ વેદમાં સૂર્યપ્રકાશને આર્ય જ્યોતિ તરીકે વર્ણવાયેલો જોવા મળે છે, તેના વિરોધમાં દાસ અંધકાર છે. વસિષ્ઠ ૭, ૩૩, ૭ માં ત્રણ આર્ય-લોકોનું ज्योतिरग्राः—જ્યોતિ વડે દોરાયેલા એવું કથન કરે છે. આર્ય-દસ્યુનો પ્રશ્ન બરાબર ત્યારે જ ઉકેલી શકાય, જ્યારે આપણે બધા સંબંધિત મંત્રોનો ઝીણવટથી અભ્યાસ કરીએ અને મુશ્કેલીઓનો સામનો કરીએ. પણ મારા અત્યારના હેતુ માટે આ આરંભ-બિંદુ પર્યાપ્ત છે. વેદમાં આપણને 'ऋतं ज्योतिः' 'हिरण्य ज्योतिः'--સત્ય પ્રકાશ, સુવર્ણમય પ્રકાશ—જેવા શબ્દગુચ્છો મળે છે, જેમાંથી આપણને વધારે સૂચન પ્રાપ્ત થાય છે. મારું સૂચન એવું છે કે સૂર્ય-પ્રકાશનાં આ ત્રણ વિશેષણો—आर्य, ऋत, हिरण्य પરસ્પર અર્થ-પ્રકાશક છે, લગભગ પર્યાયો છે. સૂર્ય ઋતનો સ્વામી છે, એટલે તેનું તેજ ऋतं ज्योतिः છે. આર્ય—દેવ કે માનવ પાસે ઋતનું તેજ હોય છે, તે જ તેની આર્યતા છે. વેદમાં સૂર્યને સુવર્ણમય વિશેષણ વારંવાર લાગુ કરવામાં આવ્યું છે, હિરણ્ય એટલે ઋતનો પદાર્થ, કારણ કે તેનો પદાર્થ પ્રકાશ છે, જે સોનેરી ધન સૂર્યમાં અને સ્વર્નાં જળોમાં જડે છે એટલે આપણને हिरण्य ज्योतिः શબ્દસમૂહ પ્રાપ્ત થયો. આ સોનેરી અથવા પ્રકાશમય તેજ ઋતનો રંગ—वर्ण છે; આર્યો વડે જિતાયેલી ગાયોનો—પ્રકાશયુકત વિચારોનો વર્ણ પણ હિરણ્યમય છે (शुक्र, श्वेत), તે પ્રકાશનો વર્ણ છે; જ્યારે અંધકારની શકિત હોવાથી દસ્યુનો રંગ કાળો છે. મારું સૂચન એવું છે કે ઋતના પ્રકાશની શુભ્રતા—ज्योतिरार्यम् (૧૦, ૪૩, ૪) તે આર્યવર્ણ છે, ज्योतिरग्राः—જ્યોતિ વડે દોરાતા આર્યોનો રંગ છે, અજ્ઞાન—રાત્રિનો અંધકાર પણિઓને વર્ણ છે—દાસ વર્ણ છે. આમ વર્ણનો અર્થ સ્વભાવ, અથવા તે સ્વભાવવાળા બધા લોકો થયો, તેમાં રંગ સ્વભાવનું પ્રતીક બન્યું. પાછળથી ચાર વર્ણોને—જાતિઓને તે ચાર રંગો વડે વર્ણવવામાં આવી, શ્વેત, લાલ, પીળી અને કાળી—તે બતાવી આપે છે કે વર્ણનો એ ખ્યાલ પ્રાચીન આર્યોમાં પ્રચલિત હતા.

૫, ૩૪ ની સૂકત-કંડિકાનો અર્થ આ છે; ઈન્દ્ર પાંચ-દશ વડે આરોહણ કરવાની કામના નથી કરતો; તે માણસ પુષ્ટ બને અને વૃદ્ધિ પામે, છતાં સોમ

ન આપનાર મનુષ્ય સાથે તે ઇન્દ્ર સંબંધ રાખતો નથી; તે ઇન્દ્ર તેવા મનુષ્યનો પરાજય કરે છે અથવા તેનો વેગવાળી ગતિથી સંહાર કરે છે. તે દેવના શોધકને ઉપભોગ માટે ગાયોથી પૂર્ણ વાડો આપે છે. યુદ્ધના આઘાતમાં તે શત્રુને ચીરી નાખે છે, તે ચક્રને ધારણ કરે છે, સોમ ન આપનારથી તે વિમુખ હોય છે, સોમ આપનારની તે વૃદ્ધિ કરે છે, ઇન્દ્ર ઉગ્ર છે, બધાને વશ વર્તાવે છે; આર્ય હોઈ તે દાસને સંપૂર્ણ રીતે તાબે કરે છે. પણિના તે ધનને લૂંટી લઈને, તેને હાંકતો-હાંકતો તે આવે છે, વીરોની (सुनराणां वसु; વીરો અને नृ પર્યાય શબ્દો છે) સમૃદ્ધિ તે સોમ આપનારને ભોગવવા માટે પ્રદાન કરે છે; ઇન્દ્રના બળને ક્રુદ્ધ કરનાર માનવીને તે અનેક પ્રકારે મુશ્કેલીભરી યાત્રામાં પાછો પાડે છે (दुर्गे[1] चन ध्रियते आ पुरु). જ્યારે મઘવા, પ્રકાશયુકત ગાયોમાં, ધન-સમૃદ્ધિવાળા સર્વ શકિતઓવાળા બે જણને ઓળખે છે, ત્યારે જ્ઞાનયુકત ઇન્દ્ર ત્રીજાને પોતાનો મદદગાર-સહાયક બનાવે છે; અને વેગપૂર્વક દોડતો તે યોદ્ધાઓની મદદથી ગાયોનાં ધણને (गव्यम्) ઉપર જવા માટે મુકત કરે છે. છેલ્લી ઋચામાં વર્ણવવામાં આવ્યું છે કે આર્ય (દેવ અથવા માનવ) ઉચ્ચતમ જ્ઞાન-દર્શનાને પ્રાપ્ત કરે છે (उपमां केतुमार्यः), સંમીલિત થતાં જળો તેનું પોષણ-વર્ધન કરે છે, અને દૃઢ તેજસ્વી યુદ્ધ શકિતને તેનું ઘર બનાવે છે—क्षत्रं अमवत् त्वेषम् (ઋચાઓ, ૫—૯)

આપણે આ પ્રતીકોનો અર્થ જાણીએ છીએ, એટલે તે સૂકતનો આંતરિક અર્થ આપણે તરત ગ્રહણ કરી શકીએ તેમ છીએ. દિવ્ય મન-શકિતરૂપ ઇન્દ્ર અજ્ઞાનની શકિતઓ પાસેથી તેમના ગૂઢ ધનને લઈ લે છે; તે શકિતઓ સમૃદ્ધિ-શાળી હોય, તો પણ તેમની મૈત્રી ઇન્દ્ર કરતો નથી; તે પ્રકાશમય ઉષાની પૂરી રખાયેલી ગાયોને દેવત્વની કામના કરતા યજમાનને આપે છે. તે પોતે આર્ય છે કે જે અજ્ઞાનમય જીવનને ઉચ્ચતર જીવનના કબજામાં સોંપી દે છે, જેથી તે પોતાની બધી સમૃદ્ધિને ઉચ્ચતર ઉપયોગો માટે સોંપી દે છે. આ વિષયમાં, દેવો માટે, આ મંત્રમાં તેમ જ બીજા મંત્રોમાં વપરાયેલા, આર્ય અને અર્ય શબ્દો બતાવી આપે છે કે આર્ય તથા દસ્યુઓનો વિરોધ કોઈ રાષ્ટ્રીય અથવા ટોળી-ઓનો અથવા માત્ર માનવીઓ વચ્ચેનો વિરોધ નથી, પણ તેનો કોઈ ગહનતર અર્થ છે. યોદ્ધાઓ ચોક્કસ સાત અંગિરસો છે, કારણ કે સાયણ सत्वभिःનો અર્થ કરે છે તે મરુતો ગાયોને નિર્મુકત કરવામાં ઇન્દ્રના સહાયકો નથી, પણ તે

---

૧. ઋષિઓ પોતાના સર્વ શ્રેષ્ઠ આનંદના માર્ગને સુગમ (सुग-दुर्ग નો વિરોધી શબ્દ છે) બનાવવા દેવોને પ્રાર્થના કરે છે. તે માર્ગમાં ઘણાં (पुरु) જોખમો, મુશ્કેલીઓ હોય છે.

સહાયકો અંગિરસો છે. પણ જે ત્રણ જણને ઈન્દ્ર પ્રકાશયુકત ગાયોમાં પ્રવેશ કરવાથી અને વિચારના પ્રકાશ-સમૂહો પર માલિકી સ્થાપવાથી ઓળખે છે, તે ત્રણ જણ કોણ, તેનો અર્થ નક્કી કરવો તે બહુ મુશ્કેલ છે. ઘણે ભાગે આ ત્રણ જણ વડે અંગિરસ્-જ્ઞાનનાં સાત કિરણો વધીને દશ બને છે, જેથી તેઓ સફળતાપૂર્વક દશ મહિના પસાર કરે છે, અને સૂર્યને તથા ગાયોને મુકત કરે છે; કારણ કે બે જણને જાણ્યા પછી, અને ત્રીજાની મદદ મેળવવાથી ઈન્દ્ર પણિ-ઓની ગાયોને મુકત કરે છે. કદાચ તે ત્રણ પ્રકારના, પ્રકાશ વડે દોરાતા, આર્ય લોકો સાથે, અને સ્વર્ના ત્રણ લોકો સાથે સંબંધિત હોય; કારણ કે તેમના કાર્યનું પરિણામ પરમ જ્ઞાન-દર્શનાની (उपमा केतुः) પ્રાપ્તિ છે, અને ૩, ૨, ૧૪માં કહ્યા પ્રમાણે, આ પરમ જ્ઞાનને સ્વર્નું દર્શન થાય છે, અને તે જ્ઞાન ત્રણ પ્રકાશમય લોકોમાં (रोचनानि) સ્થિતિ કહે છે—स्वर्दृशं केतुं दिवो रोचनस्थामुषर्बुधम्, તે જ્ઞાન-દર્શના સ્વર્ને જુએ છે, પ્રકાશમય લોકોમાં સ્થિત રહે છે, અને ઉષામાં જાગે છે.

૩, ૩૪માં વિશ્વામિત્ર આપણને आर्य वर्ण શબ્દોનો પ્રયોગ કરીને, તેના માનસશાસ્ત્રીય અર્થને સમજવાની ચાવી આપે છે. તેની ત્રણ ઋચાઓ (૮-૧૦)નો અનુવાદ આ છે : તેઓ પરમ અભીષ્ટ, સદા વિજયી, બળના દાતાનું ગાન કરે છે, કે જે ઈન્દ્ર સ્વર્ની તથા દિવ્ય જળોની માલિકીને પ્રાપ્ત કરે છે; આકાશ-પૃથ્વીનો કબજો લેતા ઈન્દ્રની પાછળ પાછળ વિચારકો આનંદને પ્રાપ્ત કરે છે. ઈન્દ્ર ઘોડાઓનો કબજો મેળવે છે, સૂર્યને તથા અનેક પ્રકારના ઉપભોગો આપતી ગાયને જિતે છે; તે સોનેરી ઉપભોગને જિતે છે, દસ્યુઓને હણીને તે આર્ય વર્ણનું રક્ષણ—સંવર્ધન કરે છે; ઈન્દ્ર ઓષધિઓને, દિવસોને, વૃક્ષોને તથા અંતરિક્ષને જિતી લે છે; તે વલને ભેદે છે અને શબ્દોનું ઉચ્ચારણ કરનારને વેગપૂર્વક આગળ ધપાવે છે, તે રીતે કાર્યોમાં તેના સંકલ્પથી વિરુદ્ધ કામ કરનારાઓને તે વશ કરે છે (अभिक्रतूनाम्). અહીં આપણને આર્ય માટે ઈન્દ્ર વડે જિતાયેલી સમૃદ્ધિનાં બધાં તત્ત્વો મળે છે, તેમાં સૂર્ય-દિવસો-પૃથ્વી-આકાશ-અંતરિક્ષ-ઘોડાઓ-પૃથ્વીની વૃદ્ધિરૂપ ઓષધિઓ-વૃક્ષો (वनस्पति ના બે અર્થો છે—વનનો પતિ, તથા સુંદર ઉપભોગનો પતિ). એ બધાંનો સમાવેશ થાય છે; તેમાં વલ અને દસ્યુઓની સામે આર્ય-વર્ણનો ઉલ્લેખ છે.

પણ આગલા મંત્રોમાં (૪—૬) આપણને વર્ણ શબ્દ આર્ય વિચારોના રંગના અર્થમાં, સત્ય અને પ્રકાશપૂર્ણ વિચારોના રંગના અર્થમાં વપરાયેલો પ્રાપ્ત થાય છે. સ્વર્ને જિતતા, દિવસોને જન્માવતા, ઈન્દ્રે કામનાયુકત અંગિરસો વડે દસ્યુઓનાં આ સૈન્યો પર આક્રમણ કર્યું, તેમના પર વિજય મેળવ્યો; તેણે માનવ માટે દિવસોની જ્ઞાન-દર્શનાને પ્રકાશિત કરી (केतुमह्नाम्),

તેણે વિશાળ ઉપભોગ માટે પ્રકાશને પ્રાપ્ત કર્યો; પોતાના પૂજક માટે તેણે આ વિચારોને જ્ઞાનમાં સચેતન કર્યા, આ વિચારોના શુભ વર્ણને તે (દસ્યુઓના અવરોધથી પર) આગળ લઈ ગયો—अचेतयद् धिया इमा जरित्रे, प्र इमं वर्णं अतिरच्छुक्रमासाम् । મહાન ઈન્દ્રના મહાન અને સંપૂર્ણ કાર્યોને તેમણે ગતિમાં મૂકયાં (અથવા, તેમના યશ ગાયા); પોતાની જ્ઞાનક્રિયાઓ વડે (मायाभिः), તેની વિજયી શકિત વડે, ઈન્દ્ર વક્ર દસ્યુઓને બળપૂર્વક કચડી નાખે છે.

અહીં આપણને વૈદિક શબ્દગુચ્છ—केतुमह्नाम्, દિવસોની જ્ઞાનદર્શના પ્રાપ્ત થાય છે, તેનો અર્થ છે-વિશાળ આનંદ પ્રત્યે લઈ જનાર ઋતના સૂર્યનો પ્રકાશ; કારણ કે ઈન્દ્ર માનવ માટે સ્વર્ને જિતે છે તે ઘટના અંગિરસોની મદદથી પણિઓની સેનાનો વિનાશ થયા પછી, અને સૂર્યના તથા પ્રકાશયુકત ગાયોના આરોહણ પછી, બનતી વર્ણવાઈ છે. દેવો આ બધું માનવી માટે, માનવની શકિતઓ તરીકે કરે છે, પોતાને માટે નહિ, કારણ કે તે બધું તેમની પાસે તો હોય છે જ. માનવ માટે, દિવ્ય નર અથવા તો પુરુષ, ઈન્દ્ર, પૌરુષનાં અનેકવિધ બળોને ધારણ કરે છે—नृवद्...नर्या पुरूणि, પણિઓ પાસેથી મુકત કરાયેલી, પ્રકાશમય ગાયો જેમનું રૂપક છે તેવા આ વિચારોના જ્ઞાન પ્રત્યે ઈન્દ્ર માનવને જાગૃત કરે છે; અને આ વિચારોનો પ્રકાશમય રંગ (વર્ણ) शुक्रं वर्णमासाम् તે ૯મી ઋચામાં ઉલ્લેખાયેલો શુક્ર અથવા શ્વેત, આર્ય વર્ણ છે. પણિઓ વિરોધ ન કરી શકે તે રીતે, ઈન્દ્ર આ વિચારોના વર્ણને—રંગને આગળ વધારે છે—प्र वर्णमतिरच्छुक्रम्; તેમ કરવામાં તે દસ્યુઓને હણે છે અને આર્ય વર્ણનું રક્ષણ કરે છે, તેનું સંવર્ધન—પોષણ કરે છે—हत्वी दस्युं प्र आर्यं वर्णमावत् । વળી આ દસ્યુઓ વક્ર છે (वृजिनान्) અને તેઓ ઈન્દ્રનાં કાર્યોથી અથવા જ્ઞાનનાં રૂપોથી (मायाः) જિતાય છે, જેમના વડે—બીજા મંત્રોમાં કહેવાયું છે તેમ—ઈન્દ્ર દસ્યુઓની, વૃત્રની, વલની વિરોધ કરતી માયાઓને જિતે છે. વેદમાં ઋજુ અને વક્ર સતત ઋત અને અનૃતના પર્યાય શબ્દો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ પણિ દસ્યુઓ અનંતની, અજ્ઞાનની વક્ર શકિતઓ છે કે જે પોતાનાં અનૃતમય, જ્ઞાનને અનૃતમય શકિતને, અનૃતમય સંકલ્પ તથા કાર્યોને દેવોનાં તથા આર્યોનાં ઋતમય જ્ઞાન સામે, ઋતમય શકિત સામે, ઋતમય સંકલ્પ તથા કાર્યો સામે વિરોધમાં મૂકે છે. પ્રકાશનો વિજય તે ઋતના દિવ્ય જ્ઞાનનો આ અનૃતમય અથવા દાનવી જ્ઞાનના અંધકાર સામેનો વિજય છે, તે વિજય સૂર્ય પ્રત્યેનું આરોહણ છે, દિવસોનો જન્મ છે, ઉષાનું આગમન છે, પ્રકાશયુકત કિરણોની—ગાયોનાં ધણની મુકિત અને તેમનું પ્રકાશના લોકમાં આરોહણ છે.

સોમને ઉદ્દેશીને લખાયેલા ૯, ૧૧૧ માં સૂકતમાં એ વાત સ્પષ્ટ કહેવાઈ છે કે ગાયો ઋતના વિચારો છે. વિશુદ્ધ એવો સોમ, પોતાના આત્મ-નિયુકત

અશ્વો વડે, જાણે કે તે સૂર્યના આત્મ-નિયુકત ઘોડા હોય તેમ, પોતાના જાજ્વલ્યમાન પ્રકાશ વડે વિરોધી શકિતઓને ભેદી નાખે છે. જ્યારે તે ઋચાઓના ગાયકો સાથે, સાત મુખોવાળા ઋચાઓને ગાનારા અંગિરસો સાથે, વસ્તુઓનાં બધાં રૂપોને વ્યાપ્ત કરે છે, ત્યારે વાટીને બહાર કઢાયેલા પ્રવાહરૂપ સોમ, પ્રકાશયુકત, પોતાને વિશુદ્ધ કરતો, દેદીપ્યમાન સોમ પ્રકાશી ઊઠે છે. હે સોમ, તું પણિઓના ધનને શોધી કાઢે છે; તારી માતાઓ સાથે (પણિની ગાયો સાથે), તારા ઘરમાંના ઋતના વિચારો વડે, તું તારા ઘરમાં (સ્વર્માં) તારી જાતને પ્રકાશિત કરે છે—सं मातृभिः मर्जयसि स्व आदमे ऋतस्य धीतिभिर्दमे । જાણે કે સામ (સમાન પરિપૂર્તિ—समाने ऊर्वे, સમતળ વિશાળતામાં)—परावतः, ઉચ્ચતર લોકનું સામ તે સ્વર્ છે, જ્યાં ઋતના વિચારો આનંદ માણે છે. ત્રિવિધ લોકની તે પ્રકાશયુકત ગાયો (વિચારો) વડે, તે (જ્ઞાનના) વિશાળ આવિર્ભાવને ધારણ કરે છે, પ્રકાશનો એવો સોમ તે વિશાળ આવિર્ભાવને ધારણ કરે છે, આમ આપણે જોઈએ છીએ કે પણિની આ ગાયો વડે સોમ પોતાના ઘરમાં—અગ્નિના તથા બીજા દેવોના ઘરમાં સ્વર્ના વિશાળ ઋતમાં (ऋतं बृहत्) સ્પષ્ટ અને પ્રકાશયુકત બને છે; આ પ્રકાશયુકત ગાયોમાં પરમ લોકનો ત્રિવિધ સ્વભાવ છે—त्रिधातुभिः अरुषीभिः અને તે[1] ઋતના વિશાળ આવિર્ભાવને અથવા જન્મને સોમ તેમના વડે ધારણ કરે છે કે જે વિચારો ઋતનો સાક્ષાત્કાર કરે છે. આ ત્રણ પ્રકાશમય લોકો સાથેના સ્વર્ની વિશાળતામાં ત્રિધાતુની સમ પરિપૂર્ણતા છે; ત્રિધાતુ એટલે ત્રિવિધ શ્રેષ્ઠ લોક (तिस्रः परावतः)ની રચના કરતું પરમ ત્રિવિધ તત્ત્વ; તે લોકને બીજા મંત્રમાં વિશાળ, ભયરહિત ચરો—ક્ષેત્ર રૂપે વર્ણવવામાં આવ્યું છે, જેમાં ગાયો સ્વચ્છંદતાપૂર્વક વિચરે છે અને આનંદ માણે છે (रणन्ति); અને આ મંત્રમાં પણ તે પ્રદેશમાં ઋતના વિચારો સ્વચ્છંદે આનંદ માણે છે—यत्र रणन्ति धीतयः એવું વર્ણન આવે છે. પછીની ઋચામાં કહેવામાં આવ્યું છે કે જ્ઞાનયુકત સોમનો રથ તે પરમ દિશામાં આગળ વધે છે, અને કિરણો વડે દર્શના પ્રાપ્ત કરીને આગળ ધપવા પરિશ્રમ કરે છે—पूर्वामनु प्रदिशं याति चेकितत्, सं रश्मिभिर्यतते दर्शतो रथो दैव्यो दर्शतो रथः । આ પરમ દિશા તે સ્પષ્ટ રીતે દિવ્ય અથવા વિશાળ ઋતની દિશા છે; આ કિરણો સ્પષ્ટ રીતે ઉષાનાં અથવા ઋતના સૂર્યનાં કિરણો છે; તે પણિઓ વડે

---

૧. ૬, ૨૧, ૨—૩ માં वयः કહ્યું છે તેને સરખાવો—જ્ઞાનયુકત, આપણા શબ્દોને ધારણ કરતો, યજ્ઞમાં શબ્દો વડે વૃદ્ધિને પામતો ઇન્દ્ર (इन्द्रं यो विदानो गिर्वाहसं गीर्भिर्यज्ञावृधम्) સૂર્ય વડે જ્ઞાનના આવિર્ભાવને રચે છે, અને તે પણ અજ્ઞાનમય સર્વત્ર વિસ્તરેલા, અંધકારમાં—स इत् तमोऽवयुनं ततन्वत् सूर्येण वयुनवच्चकार ।

સંતાડેલી ગાયો છે, શુભ્ર વર્ણના, પ્રકાશમય વિચારો છે—धियः, ऋतस्य धीतयः ।

જ્યાં જ્યાં પણિઓનું, ગાયોનું, અંગિરસોનું રૂપક વેદમાં આવે છે, ત્યાંની આંતરિક સાબિતી આ જ નિગમનને સ્થાપિત કરે છે. પણિઓ ઋતના વિચારોના અવરોધકો છે, જ્ઞાનરહિત અંધકારના નિવાસીઓ છે (तमोः अवयुनम्), અને ઇન્દ્ર તથા અંગિરસો, શબ્દ તથા સૂર્ય વડે, તેમાં પ્રકાશ મૂકી આપે છે, ઋતની વિશાળતાને પ્રગટ કરે છે. ઇન્દ્ર પણિઓ સાથે ભૌતિક આયુધો વડે યુદ્ધ નથી કરતો, પણ શબ્દો વડે યુદ્ધ કરે છે (૬, ૩૯, ૨)—पणीन् वचोभिरभि योधदिन्द्रः । તે રૂપકના અર્થને પ્રગટ કરતો આ શબ્દ-સમૂહ જેમાં આવે છે, તેવા એક સૂકતનો હું ટીકા-ટિપ્પણી સિવાય માત્ર અનુવાદ આપીશ. આ દિવ્ય અને આનંદયુકત ઋષિ (સોમ), યજ્ઞને ધારણ કરનાર, પ્રકાશયુકત વિચાર સાથે મધુમય વચનો બોલનાર સોમના પ્રકાશની ગાયોને લાવનાર આવેગને, હે દેવ, તું અમને આપ (इषो गोअग्राः). અદ્રિ ઉપરની ગાયોની—પ્રકાશયુકત ગાયોની (उस्राः) સોમ કામના કરી; તેને ઋતનું જોતરું છે; તેણે પોતાના રથને ઋતના વિચારોને જોતર્યા (ऋतधीतिभिर्ऋतयुग युजानः); પછી ઇન્દ્રે વલના અદ્રિની અભેદ્ય ભૂમિકાઓ ભેદી નાખી; પણિઓ સાથે તેણે શબ્દો વડે યુદ્ધ કર્યું. ઇન્દુ-શકિત તરીકે સોમે રાતદિવસ વર્ષો સુધી પ્રકાશ-રહિત રાત્રિઓને પ્રકાશિત કરી; અને તેમણે દિવસોની દર્શનાને ધારણ કરી; સોમે જન્મોમાં વિશુદ્ધ ઉષાઓનું સર્જન કર્યું. પ્રકાશયુકત બનીને, તેણે પ્રકાશ-રહિત રાત્રિઓને પ્રકાશપૂર્ણ બનાવી, તેણે અનેક ઉષાઓને ઋત વડે પ્રકાશિત કરી, ઋત વડે જોતરાયેલા ઘોડાઓ વડે, સ્વર્‌ને શોધી કાઢતા ચક્ર વડે, તે આગળ ધપ્યો; તેણે યજમાનને સમૃદ્ધિ આપી સંતુષ્ટ કર્યો (૬, ૩૯, ૧–૪). પણિઓની ગાયોને હમેશાં વિચાર, ઋત, શબ્દ સાથે સંબંધિત કરવામાં આવી છે; દિવ્ય મનશકિતરૂપ ઇન્દ્રના શબ્દો વડે ગાયોને રૂંધનાર પણિઓ જિતાય છે; અંધકાર પ્રકાશમાં પલટાઈ જાય છે; ઋત વડે જોતરાયેલા ઘોડાવાળો રથ ઋત વડે (જ્ઞાન વડે, स्वर्विदा नाभिना) અસ્તિત્વની ચેતનાની—આનંદની પ્રકાશમય વિશાળતાઓને પ્રાપ્ત કરે છે, કે જે અત્યારે આપણી દૃષ્ટિથી ગૂઢ છે. ब्रह्म—શબ્દ વડે ઇન્દ્ર વલને ચીરી નાખે છે, અંધકારને દૂર કરે છે, સ્વર્‌ને દૃષ્ટિગોચર કરે છે (૧૧, ૨૪, ૩)—उद् गा आजदभिनद् ब्रह्मणा वलमगूहत्तमो व्यचक्षयत् स्वः ।

સમગ્ર ઋગ્વેદ પ્રકાશની શકિતઓની, તથા ઋતની શકિત વડે અને દર્શના વડે, અનૃતના આક્રમણના ભયથી મુકત, ઋતના ધામ પ્રત્યે આરોહણની ઋતના ઉદ્‌ગમસ્થાનના સ્વામિત્વની જયગાથા છે. ઋત વડે ગાયો (પ્રકાશયુકત વિચારો) ઋતમાં પ્રવેશ કરે છે; ઋત પ્રત્યે પરિશ્રમપૂર્વક ગતિ કરનાર માનવ ઋતને જિતે છે; ઋતની આક્રમક શકિત પ્રકાશની ગાયોને શોધે છે, અને શત્રુઓને

વિદારતી આગળ ધપે છે; ઋત માટે બે વિશાળ જાણ (આકાશ તથા પૃથ્વી) અનેકરૂપ અને ગહન બને છે; બે પરમ માતાઓ ઋત માટે પોતાનું દૂધ આપે છે—ऋतेन गाव ऋतमा विवेशुः ऋतं येमाना ऋतमिद् वनोति। ऋतस्य शुष्मस्तुरया उ गव्युः ऋताय पृथ्वी बहुले गभीरे, ऋताय धेन परमे दुहाते ।। (४, २३, ९—१०).

દસ્યુઓ પર વિજય

દસ્યુઓ આર્ય દેવોના તથા આર્ય ઋષિઓના વિરોધીઓ છે. દેવો વસ્તુઓના પરમ ઋતમાં અદિતિમાંથી જન્મ્યા છે; દસ્યુઓ અથવા દાનવો નિમ્ન અંધકારમાં દિતિમાંથી જન્મ્યા છે. તે બંને પૃથ્વી, સ્વર્ગ અને અંતરિક્ષમાં શરીર, મન અને પ્રાણમાં એકબીજા સાથે ઝઘડે છે; પ્રકાશના અને રાત્રિના તે બે સ્વામીઓ એકબીજાનો સામનો કરે છે. ૧૦, ૧૦૮ માં સરમા પરમ પ્રદેશમાંથી (पराकात्) ઊતરેલી વર્ણવાઈ છે; તેને રસાનાં જળો ઓળંગવાનાં હોય છે; તે રાત્રિને મળે છે, જે રાત્રિ ઉલ્લંઘનના ભયથી તેને માર્ગ આપે છે—अतिष्कदो भियसा; તે દસ્યુઓના ઘરમાં આવે છે—दस्योरोको न सदनम्; તે ઘરને દસ્યુઓ પોતે જ રેકુ પદમલકમ્—વસ્તુઓની મર્યાદાથી પર, અંધકારનો લોક, કહીને વર્ણવે છે. પરમ લોક પણ વસ્તુઓની મર્યાદાથી પર હોય છે, તે પણ રેકુ પદમ્ હોય છે, પણ તે सत्यं હોય છે, अलकं નહિ—સત્યનો લોક હોય છે, અનૃતનો લોક નહિ. આ દસ્યુઓનો લોક જ્ઞાન વગરનો અંધકાર છે—तमः अवयुनं ततन्वत्; જ્યારે ઈન્દ્રની વિશાળતા આકાશ—પૃથ્વી—અંતરિક્ષને વટાવી જાય છે (रिरिचे), યારે તે આર્ય માટે તેનો વિરોધી સત્ય તથા જ્ઞાનનો લોક સર્જે છે (वयुनवत्) કે જે લોક આ ત્રણ પ્રદેશોને વટાવી જાય છે, અને તેથી તે રેકુ પદં છે. અંધકારને—વસ્તુઓના નિર્માણ થયેલા અસ્તિત્વમાં રાત્રિ તથા અવચેતનાના નિમ્ન લોકને અદ્રિનું રૂપક આપવામાં આવ્યું છે, કે જે અદ્રિ પૃથ્વીના પેટાળ-માંથી આકાશની પીઠ સુધી ઊંચો વિસ્તરેલો છે; તે અદ્રિના પાયામાં ગૂઢ અંધકારમય ગુહા છે.

પણ તે ગુહા માત્ર પણિઓનું ઘર છે; તેમનું કાર્યક્ષેત્ર પૃથ્વી, આકાશ અને અંતરિક્ષ હોય છે. તેઓ અવચેતનાના પુત્રો હોય છે, પણ તેમના કાર્યમાં તેઓ અવચેતન હોતા નથી; તેમની પાસે આભાસ-જ્ઞાનનાં સ્વરૂપો (मायाः) હોય છે; પણ આ સ્વરૂપો અજ્ઞાનનાં સ્વરૂપો હોય છે, તેમનું સત્ય અચેતનના

અંધકારમાં નિગૂઢ હોય છે, તેમનું મુખ અનૃત હોય છે, ઋત નહિ. આપણે જે જગત જોઈએ છીએ, તે અંધકાર વડે નિગૂઢ, સર્વ વસ્તુઓને ઢાંકી દેતા ખાડા-રૂપ પૂર, અચેતન સમુદ્ર, અંધકારમાંથી પ્રગટ થયું છે—अप्रकेतं सलिलम् (૧૦, ૧૨૯, ૩); તે અસત્‌માં ઋષિઓએ પોતાના હૃદયની કામના વડે તથા મનમાંના વિચાર વડે સત્ય અસ્તિત્વની રચના કરતા સત્‌ને શોધી કાઢયું છે. અચેતન સમુદ્રમાંથી—અસત્‌માંથી—વસ્તુઓના સત્યના અભાવમાંથી તેમનું પ્રથમ દર્શન જન્મે છે; તેનો મહાન અંધકાર તે વૈદિક રાત્રિ છે—रात्रि जगतो निवेशनीम् । (૧, ૩૫, ૧), જે રાત્રિ વિશ્વને તથા તેની અપ્રગટ શકયતાઓને પોતાના અંધકારમય ઉદરમાં ધારણ કરે છે. રાત્રિનું શાસન આપણા ત્રિવિધ લોક પર ચાલે છે, અને તે અંધકારમાં નિગૂઢ-ગ્રસ્ત રહેલા સૂર્યને અંધકારમાંથી મુકત કરે છે, અને તે ઉષા રાત્રિમાં—અસત્‌માં પરમ દિવસની દર્શનાનું સર્જન કરે છે—असति प्र केतुः (૧, ૧૨૪, ૧૧). એટલે પ્રકાશના સ્વામીઓ તથા અજ્ઞાનના સ્વામીઓ વચ્ચે આ ત્રણ લોકોમાં યુદ્ધ, અનેક સતત કટોકટીઓમાં, ચાલતું રહે છે.

પણિ શબ્દનો અર્થ છે—સોદો કરનાર, વેપારી. पन्[1] અથવા पण् (સરખાવો—તામિલ પન્, ગ્રીક પોનોસ—શ્રમ) ધાતુમાંથી પણિ શબ્દ વ્યુત્પન્ન થયો છે. એટલે આપણે પણિઓને જીવનની સામાન્ય, પ્રકાશિત, ઇન્દ્રિય—ક્રિયાઓ કરનારા—કહી શકીએ, કે જે ક્રિયાઓનું નિકટનું મૂળ અંધકારમય, અવચેતન, શારીરિક અસ્તિત્વ છે, દિવ્ય મન નહિ. માણસનો સમગ્ર સંઘર્ષ એક જ છે, અને તે એ કે એ ક્રિયાઓને બદલે પ્રકાશયુકત મન—જીવનની ક્રિયાઓ સ્થાપવી, કે જે ઊર્ધ્વમાંથી મન દ્વારા નીચે આવે છે. જે કોઈ આ પ્રમાણે કરવાની અભીપ્સા સેવે છે, પરિશ્રમ કરે છે, યુદ્ધ કરે છે, યાત્રા કરે છે, અસ્તિત્વના અદ્રિ પર આરોહણ કરે છે, તે આર્ય છે (आर्य, अर्य, अरि શબ્દો अर् ધાતુમાંથી આવ્યા છે, જેના અનેક અર્થો થાય છે—મજૂરી કરવી, યુદ્ધ કરવું, આરોહણ કરવું, મુસાફરી કરવી, યજ્ઞની તૈયારી કરવી); કારણ કે આર્યનું કાર્ય છે યજ્ઞ, કે જે એકીસાથે યુદ્ધ, આરોહણ અને યાત્રા છે—અંધકારની શકિતઓ સાથે યુદ્ધ, આકાશ-પૃથ્વીની પાર સ્વર્‌માં—અદ્રિના ઉચ્ચતમ શિખરો પર આરોહણ,

---

૧. સાયણ વેદમાં पन् ધાતુનો અર્થ 'પ્રશંસા કરવી' એવો કરે છે. પણ એક જગ્યાએ તે તેનો અર્થ 'વ્યવહાર કરવો' એવો કરે છે. મને લાગે છે કે ઘણાખરા મંત્રોમાં તેનો અર્થ 'કાર્ય કરવું' થાય છે. पण् ધાતુમાંથી જ पाणि, હાથ, પગ અથવા ખરી, લૅટિન પેનિસ અને पायु (ગુદા)—ઇન્દ્રિયવાચક શબ્દો વ્યુત્પન્ન થયા છે.

નદીઓ તથા સમુદ્રને પાર કરીને વસ્તુઓની દૂરતમ અનંતતામાં પહોંચવારૂપ યાત્રા. આર્યને તે કામ કરવાનો સંકલ્પ હોય છે, તે કાર્યનો કરનારો (कारु, किरि) હોય છે, તેના કાર્યમાં શકિત મૂકી આપનારા દેવો સુક્રતુ—યજ્ઞની શકિતમાં પરિપૂર્ણ હોય છે; દસ્યુઓ અથવા પણિઓ તે બંનેના—આર્યના તથા દેવોના વિરોધીઓ હોય છે—अक्रतु. આર્ય યજમાન, યજ્યુ હોય છે; તેના યજ્ઞનો સ્વીકાર કરનારા, ધારણ કરનારા, આવેગ આપનારા દેવો યજત, યજત્ર, યજ્ઞની શકિતઓ હોય છે; દસ્યુ તે બંનેનો વિરોધી—अयज्यु હોય છે. આર્યને યજ્ઞમાં દિવ્ય શબ્દ પ્રાપ્ત થાય છે—गीः, मंत्रः, ब्रह्म, उक्थ, તે બ્રહ્મા શબ્દનો ગાયક હોય છે, દેવો શબ્દમાં આનંદ લે છે, તેને ધારણ કરે છે—गिर्वाहसः, गिर्वणसः, દસ્યુઓ શબ્દનો તિરસ્કાર તથા નાશ કરનારા હોય છે--ब्रह्मद्विषः, વાણીને વગાડનારા—मृध्रवाचसः હોય છે. તેમની પાસે દિવ્ય પ્રાણની શકિત અથવા તે શબ્દનો ઉચ્ચાર કરનારું મુખ નથી હોતું—अनासः; તેમની પાસે વિચારશકિત નથી હોતી, શબ્દને તથા શબ્દમાં રહેલા સત્યને માનસિક સ્વરૂપ આપવાની શકિત નથી હોતી—अमन्यमानाः । પણ આર્યો શબ્દના વિચારકો હોય છે—मन्यमानाः, વિચારને ધારણ કરનારા—વિચારમનને તથા દ્રષ્ટાજ્ઞાનને ધારણ કરનારા હોય છે—धीरः, मनीषी, कवि; દેવો પણ વિચારના પરમ વિચારકો હોય છે—प्रथमो मनोता धियः, कवयः । આર્યો દેવત્વની કામના કરનારા હોય છે—देवयवः, उशिजः; યજ્ઞ-શબ્દ-વિચાર દ્વારા તેઓ પોતાના અસ્તિત્વમાં તથા પોતાનામાં રહેલા દેવોમાં વૃદ્ધિ કરવા માગે છે. દસ્યુઓ દેવોને ધિક્કારનારા હોય છે—देवद्विषः, દેવોના કાર્યમાં વિક્ષેપ નાખનારા હોય છે—देवनिदः, તેમને વૃદ્ધિની કામના હોતી નથી—अवृधः । દેવો આર્યને સમૃદ્ધિ આપે છે, આર્ય દેવોને ધન આપે છે. જ્યાં સુધી તે બળજબરીથી લઈ લેવામાં ન આવે, ત્યાં સુધી દસ્યુ આર્યને ધન આપતો નથી; દસ્યુ માનવમાં રહી સોમરસના આનંદને ચાખવા ઈચ્છનાર દેવો માટે અમર સોમરસ કાઢતો નથી; તે સમૃદ્ધિશાળી (रेवान्) હોવા છતાં, તેની ગુહામાં ખૂબ ખૂબ ગાયો-અશ્વો-ખજાનાઓ હોવા છતાં (गोभिरश्वेभिर्वसुभिर्न्दृष्टः १०, १०८, ७), ને अराधस् છે, કારણ કે તેની સમૃદ્ધિ માનવને કે તેને પોતાને સુખ-સંપત્તિ આપતી નથી; પણિ અસ્તિત્વનો—જીવનનો કંજૂસ છે. આર્ય—દસ્યુના સંગ્રામમાં દસ્યુ હમેશાં લૂંટવા—વિનાશ સર્જવા ઈચ્છે છે. આર્યની પ્રકાશયુકત ગાયો ચોરી લઈને તેમને ફરી ગુહાના અંધકારમાં સંતાડી દેવા માગે છે. 'ભક્ષક પણિનો સંહાર કર, કારણ કે તે વરુ છે' (वृक, ફાડી ખાનાર). (૬, ૫૧, ૧૪).

એ વાત સ્પષ્ટ છે કે આ વર્ણનો આર્યોની સંસ્કૃતિને તથા તેમના દેવોને ધિક્કારનાર, માનવી-શત્રુઓને સહેલાઈથી લાગુ કરી શકાય; પણ આપણે જોઈશું

કે તેમ કરવું તદ્દન અશક્ય છે. ૧, ૩૩ મા સૂકતમાં આર્ય-દસ્યુ વચ્ચેના ભેદ બહુ સ્પષ્ટતાપૂર્વક વર્ણવવામાં આવ્યા છે, ઈન્દ્ર અને તેના માનવી સાથીદારો તથા દસ્યુઓ વચ્ચેનું યુદ્ધ બહુ વિગતવાર વર્ણવવામાં આવ્યું છે. તે ઝીણવટથી વાંચતાં એમ સ્પષ્ટ લાગે છે કે આ દસ્યુઓ, પણિઓ, વૃત્રો, માનવી યોદ્ધાઓ, ટોળીઓ કે લૂંટારુઓ હોઈ ન શકે. હિરણ્યસ્તૂપ અંગિરસે રચેલા આ સૂકતના પહેલા દશ મંત્રોમાં ગાયો માટેના યુદ્ધનું, અને તેથી પણિઓનું વર્ણન આવે છે. 'આવો, ચાલો, આપણે ગાયોની કામના કરતાં કરતાં, ઈન્દ્ર પાસે જઈએ, કારણ કે તે આપણામાંના વિચારમાં વૃદ્ધિ કરે છે; તે અજેય છે, તેના આનંદો પરિપૂર્ણ છે; તે આપણે માટે પ્રકાશયુકત ગાયોની પરમ જ્ઞાન-દર્શનાને (અંધકાર-માંથી મુકત કરે છે—गवां केतं परमावर्जते नः । પંખી જેમ પોતાના વહાલા માળામાં ઊડી જાય, તેમ હું સમૃદ્ધિના અપ્રતિઘર્ષ્ય દાતા ઈન્દ્ર પાસે દોડી જાઉં છું; જેને તેના સ્તુતિકારો પોતાની યાત્રામાં નિમંત્રે છે તે ઈન્દ્રને હું પ્રકાશના પરમ શબ્દો વડે નમન કરું છું. તે પોતાની બધી સેનાઓ સાથે આવે છે, તેણે દૃઢ રીતે બાણનાં ભાથાં બાંધેલાં છે, પોતે જેને ઈચ્છે તેને ગાયો લાવી આપનાર તે યોદ્ધો (आर्य) છે. અમારા શબ્દ વડે વૃદ્ધિ પામેલા હે ઈન્દ્ર, તારા પ્રચુર આનંદથી અમને વંચિત ન રાખીશ, અમારે માટે પણિ ન બનીશ'—चोष्कूयमाण इन्द्र भूरि वायं मा पणिर्भूरस्मदधि प्रवृद्ध । એમાંનો છેલ્લો શબ્દ-સમૂહ નોંધપાત્ર છે, પણ પ્રચલિત અર્થઘટનમાં તેની શકિત બરાબર પ્રગટ થતી નથી—અમારે માટે પણિ ન બનતો. પણ તે અર્થમાં તે વાત સ્પષ્ટ નથી થતી કે પણિઓ તે લોકો છે કે જે સમૃદ્ધિને—ધનને આપતા નથી, પોતાને માટે રાખે છે, દેવો માટે કે માનવી માટે ખર્ચતા નથી. અર્થ એવો છે કે તારી પાસે આનંદની ખૂબ ખૂબ સમૃદ્ધિ છે; તું પણિ ન બનતો, કે જે પોતાની માલિકીની વસ્તુઓને માત્ર પોતાને માટે જ રાખે છે અને માનવીથી સંતાડે છે, પણિઓ જેમ આનંદને અવચેતનની ગૂઢતામાં સંતાડી રાખે છે, તેમ તું તારા આનંદને તારી પર-ચેતનામાં સંતાડી ન રાખતો, અમને તે ભરપટ્ટે આપ.

પછીના સૂકતમાં પણિનું, દસ્યુનું અને આકાશ-પૃથ્વીની માલિકી માટે ઈન્દ્રના તેનો સાથે કરાયેલા યુદ્ધનું વર્ણન આવે છે. 'હે ઈન્દ્ર, તારી સેવા કરતી તારી શકિતઓ સાથે સંચરતો તું તારા આયુધ વડે સમૃદ્ધિશાળી દસ્યુને મારે છે, તારા ધનુષ પરથી છૂટેલાં બાણો બધી દિશાઓમાં વેગપૂર્વક વ્યાપી જાય છે, અને પોતાના ધનની માલિકીને ન છોડનાર, યજ્ઞ ન કરનાર દસ્યુઓ મૃત્યુને ભેટે છે–તેમનાં માથાં ધડથી જુદાં થઈ ભૂમિ પર રગદોળાય છે; હે પ્રકાશયુકત અશ્વોના સ્વામી, હે સ્વર્ગમાં દૃઢ સ્થિતિવાળા ઈન્દ્ર, જ્યારે યજ્ઞને ન કરનાર દસ્યુઓ યજમાનો સાથે યુદ્ધ કરવા લાગ્યા, ત્યારે તેં તારા વ્રતને—તારા કાર્ય-

ધર્મને પાલન નહિ કરનાર લોકોને (अव्रतान्) આકાશ–પૃથ્વીમાંથી બહાર ફેંકી દીધા. દોષ રહિત એવાં તારાં સૈન્યો સાથે તેમણે યુદ્ધ કર્યું; નવગ્વોએ તેને આક્રમણ કરવામાં મદદ કરી, વૃષભ સાથે યુદ્ધ કરતા વૃષભો જેવા તેમને તેં ઉખેડી નાખ્યા, ઇન્દ્ર શી ચીજ છે તેની તેમને ખબર પડી, તેઓ અદ્રિના ઢોળાવો પરથી જીવ લઈને ભાગ્યા. મધ્ય લોકની બીજી બાજુએ હસતા અને રુદન કરતા (रजसः पारे, સ્વર્ગના સીમાડા પર) તેમની સાથે તેં યુદ્ધ ખેલ્યું; ઉચ્ચ સ્વર્ગ પરથી તેં દસ્યુઓને બાળી નાખ્યા. તને સોમ આપનાર અને તારી સ્તુતિ કરનારના શબ્દની તેં વૃદ્ધિ કરી. પૃથ્વીની પરિક્રમા કરીને, તેઓ સોનેરી મણિના (સૂર્યના) પ્રકાશમાં ચમકયા, પણ અનેક પ્રયત્નો કર્યા છતાં તે ઇન્દ્રની પાસેથી છટકી શકયા નહિ, કારણ કે તેણે સૂર્યની આસપાસ બધે પોતાના જાસૂસો મૂકી દીધા હતા. હે ઇન્દ્ર, ત્યારે તેં તારી વિશાળતા વડે આકાશ-પૃથ્વી પર સ્વામિત્વ મેળવ્યું, શબ્દનો ઉચ્ચાર કરનારાઓ વડે (ब्रह्मभिः), વિચારનું મનન કરનારાઓ વડે, તેં સત્યનું મનન ન કરી શકનાર દસ્યુઓને આક્રમણ કરી ઉખાડી નાખ્યા–अमन्यमानान् अभि मन्यमानैः। તેઓ આકાશ-પૃથ્વીના છેડાને પહોંચી શકયા નહિ; ઇન્દ્રે-વૃષભે વીજળીને સહાયક બનાવી; પ્રકાશ વડે તેણે અંધકારમાંથી પ્રકાશયુકત ગાયોના દૂધને દોહ્યું.'

તે યુદ્ધ પૃથ્વી પર નહિ, પણ અંતરિક્ષને પેલે પાર થાય છે; વજ્રની જવાળાઓ વડે દસ્યુઓને સ્વર્ગમાંથી હાંકી કાઢવામાં આવે છે; તેઓ પૃથ્વીને ચોમેર વીંટળાઈ વળે છે અને સ્વર્ગ તથા પૃથ્વી—બંનેમાંથી તેમને હાંકી કાઢવામાં આવે છે, કારણ કે સ્વર્ગ તથા પૃથ્વી બંને હવે ઇન્દ્રના મહિમાથી વ્યાપ્ત બની ગયાં છે, તેથી દસ્યુઓને તે બેમાં જગ્યા મળતી નથી; દસ્યુઓ ઇન્દ્રની વીજળીઓમાંથી સંતાઈ જઈ શકતા નથી, કારણ કે સૂર્ય તેનાં કિરણો વડે ઇન્દ્રને જાસૂસો આપે છે; જેમને ઇન્દ્ર બધે ગોઠવી દે છે, અને તે કિરણોનો પ્રકાશ સંતાયેલા પણિઓને છતા કરી મૂકે છે. આ વર્ણન પૃથ્વી પર લડતી આર્ય તથા દ્રાવિડિયન લોકોની ટોળીઓ વચ્ચેના યુદ્ધનું ન હોઈ શકે; આ વીજળીઓ ભૌતિક ન હોઈ શકે, કારણ કે ભૌતિક વીજળીઓને રાત્રિની શકિતઓના વિનાશ સાથે તથા અંધકારમાં ઉષાની ગાયોને દોહવા સાથે કોઈ નિસ્બત નથી. આ ઉપરથી સ્પષ્ટ થશે કે આ યજ્ઞ ન કરનાર, શબ્દને ધિક્કારનાર, તેનો વિચાર પણ કરી શકવા અસમર્થ લોકો આર્ય સંસ્કૃતિના માનવી શત્રુઓ નથી. તેઓ માનવમાં જ સ્વર્ગ-પૃથ્વી પર કબજો મેળવવા મથતી શકિતઓ છે; તેઓ રાક્ષસો—દૈત્યો છે, દ્રાવિડિયનો નહિ.

તેઓ પ્રયત્ન કરવા છતાં, સ્વર્ગ–પૃથ્વીના છેડાને પ્રાપ્ત કરી શકતા નથી, તે નોંધપાત્ર હકીકત છે; માત્ર શબ્દ તથા યજ્ઞ વડે જ પ્રાપ્ત થઈ શકે તેવા,

સ્વર્ગ-પૃથ્વીથી પર, ઉચ્ચતર લોકને પામવા માટે તેઓ, યજ્ઞ તથા શબ્દ વગર જ, મહેનત કરે છે—તેઓ અજ્ઞાનના કાયદા વડે ઋતને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે; પણ તેઓ સ્વર્ગ-પૃથ્વીના છેડાને પહોંચી શકતા નથી; માત્ર ઇન્દ્ર અને દેવો જ મન-શરીર-પ્રાણની ત્રિવિધ ભૂમિકાને પોતાના મહિમાથી પરિપૂર્ણ કરી, તે ત્રણેયની પર જઈ શકે છે. ૧૦, ૧૦૮, ૬માં સરમા પણિઓની મહત્ત્વાકાંક્ષાને સૂચવે છે : 'તમારા શબ્દો તેને પ્રાપ્ત ન કરી શકો; તમારાં સ્વરૂપો પાપમય અને અપશુકનિયાળ બની રહો; તે માર્ગ પર ચાલીને તમે તેને ભ્રષ્ટ ન કરો; બૃહસ્પતિ તમને (દિવ્ય તથા માનવ) બે લોકોનું સુખ ન આપો.' પણિઓ ઉદ્ધતાઈપૂર્વક મૈત્રીની શરતો રજૂ કરે છે કે, "જો ઇન્દ્ર અમારી ગુફામાં રહે, અમારી ગાયોનો રક્ષક બને, તો અમે તેની ભાઈબંધી કરવા તૈયાર છીએ." સરમા તેનો જવાબ વાળે છે, : 'ઇન્દ્ર બધા પર વિજયી બને છે, તેના પર કોઈ વિજય મેળવી શકતું નથી, તેના પર કોઈ જુલ્મ કરી શકતું નથી.' પણિઓ સરમાને લલચાવે છે 'જો તું અમારી સાથે રહે; દેવોની શકિત વડે બધાં વિઘ્નોને પાર કરીને, તું જે સુદૂરના લોકમાંથી આવી છે ત્યાં પાછી ન જાય, તો અમે તને બહેન ગણી રાખીશું, प्रबाधिता सहसा दैव्येन ।' સરમા તેનો પ્રત્યુત્તર વાળે છે: 'હું ભાઈ-બેનની સગાઈને ઓળખતી નથી, માત્ર ઇન્દ્ર અને અંગિરસોને જાણું છું. ગાયોની કામનાવાળા તેઓ મારું રક્ષણ કરે છે, જેથી હું અહીં આવી છું. હે પણિઓ, તમે અહીંથી કોઈ બીજી વધારે સારી જગ્યાએ ચાલ્યા જાઓ. તમે જે ગાયોને પૂરી રાખી છે, જે ગૂઢ ગાયોને બૃહસ્પતિએ, સોમે, સોમરસ વાટવાના પથ્થરોએ અને પ્રકાશયુકત ઋષિઓએ ખોળી કાઢી છે, તે ગાયો ઋત વડે ઉપર જાઓ.'

૬, ૫૩ મા સૂકતમાં, કે જે સૂકત પોષણ કરનાર પૂષાના તરીકે સૂર્યને ઉદ્દેશાયેલું છે તેમાં, પણિઓ સ્વેચ્છાપૂર્વક પોતાની ગાયોનો ખજાનો આપી દે તેવાં પ્રાર્થનાનું વર્ણન છે. 'હે માર્ગના સ્વામી પૂષા, રથની પેઠે, અમે તને પ્રાચુર્યને તથા વિચારને જિતવા માટે, જોતરીએ છીએ. હે પ્રકાશમાન પૂષા, અદાતા પણિને દાન કરવા પ્રેરણા કર; પણિના ચિત્તને પણ મૃદુ બનાવ. સમૃદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેવા માર્ગોને સ્પષ્ટ દેખાડ, આક્રમણખોરોનો સંહાર કર, અમારા વિચારો પરિપૂર્ણ થાઓ. હે ઋષિ, તારા અંકુશનો પણિઓને પ્રહાર કર, અને પણિઓના હૃદયમાં અમારા આનંદ માટે (દાન આપવાની) કામના પેદા કર, પણિને અમારે હવાલે કર. હે પ્રકાશમાન ઋષિ, તેં ધારણ કરેલું અંકુશ શબ્દને જાગવાની પ્રેરણા કરે છે; તેના વડે બધા પણિઓના હૃદયમાં તારી પંકિતને કોતર-લખ; તેમને જુદા પાડી નાખીને, અમારે તાબે આવે તેમ કર, તારા અંકુશની અણી તે તારું કિરણ છે; તે અંકુશ ગાયોને (વિચાર-દર્શન) પરિપૂર્ણ

કરે છે (पशुसाधनी; સરખાવો–૪થી ઋચાંમાં साधन्तां धियेः) અમે તેના આનંદની કામના કરીએ છીએ. જે ગાયને-અશ્વને-ધનના પ્રાચુર્યને જિતે છે, તે વિચારનું અમારે માટે સર્જન કર.'

પણિઓના આ રૂપકનું આ અર્થઘટન સાચું હોય, તો કોઈ પણ શબ્દના સામાન્ય અર્થમાં ખેંચતાણ કર્યા સિવાય આ વિચારો સ્પષ્ટ રીતે સમજાય તેવા છે. સાયણ પણિનો અર્થ કરે છે—લોભી, કંજૂસ માણસ; ભૂખ્યો કવિ તેના હૃદયને મૃદુ બનાવી, તેને અન્નદાન કરવા માટે પ્રેરે—એવી તે પૂષાદેવને કૃપણતાપૂર્વક આજીજી કરે છે. વૈદિક વિચારણા એવી હતી કે અવચેતન અંધકારમાં અને અજ્ઞાનના સામાન્ય જીવનમાં દિવ્ય જીવનની બધી વસ્તુઓ સંતાઈને પડેલી છે; આ ગૂઢ સમૃદ્ધિને પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો અજ્ઞાનની, પશ્ચાત્તાપ ન કરતી શકિતઓનો સંહાર કરવાનો છે, અને પછી નિમ્ન જીવનને ઉચ્ચતર જીવનના કાબૂ હેઠળ મૂકી, તેના પર પ્રભુત્વ સ્થાપવાનું છે. આપણે જોઈ ગયા છીએ કે ઇન્દ્ર પણિને કાં તો મારી નાખીને અથવા જિતી લઈને, તેની સમૃદ્ધિ આર્યને આપે છે. તે રીતે સરમા પણ પણિઓ સાથે સંધિ કરવાનો ઇન્કાર કરે છે, અને તેમને દેવો તથા આર્યોને તાબે થઈ, ગાયોને સોંપી દેવાનું અને ઊર્ધ્વમાં પુરાયેલી ગાયોનું આરોહણ કરવા દેવાનું, તથા અંધકારમાંથી બીજી કોઈ સારી જગ્યાએ જવાનું સૂચવે છે—वरीयः (૧૦, ૧૦૮, ૯–૧૦). પ્રકાશમય ઋષિ, ઋતના સ્વામી, પૂષાના અંકુશની અણીનો તીક્ષ્ણ સ્પર્શ પણિના બંધ હૃદયને ભેદીને તેમાંથી–તેના ઊંડાણોમાંથી પવિત્ર શબ્દને પ્રગટાવે છે; પ્રકાશમય અણીવાળું અંકુશ પ્રકાશયુકત ગાયોને પરિપૂર્ણ કરે છે, પ્રકાશમય વિચારોને સિદ્ધ કરે છે, કે જેને પરિણામે પણિનો હૃદય-પલ્ટો થાય છે; પછી તો તેના અંધકારમય હૃદયમાં રહેલો ઋત-દેવ પણ આર્ય જેની કામના કરે છે તે વસ્તુની કામના કરે છે. એટલે પ્રકાશ તથા ઋતના આ વેધક કાર્ય વડે, સામાન્ય, અજ્ઞાનમય, ઇન્દ્રિય-પ્રક્રિયાઓની શકિતઓ આર્યને તાબે થાય છે.

પણ સામાન્ય રીતે તેઓ આર્યના શત્રુઓ છે, તેના દાસ નહિ—નોકરો નહિ (दस्, કામ કરવું-ધાતુમાંથી 'दास, નોકર' શબ્દ બન્યો છે; પણ અહીં दस्, વિભાજન કરવું, ઇજા કરવી, હાનિ પહોંચાડવી—ધાતુમાંથી दास, दस्यु, લૂંટારુ, શત્રુ—શબ્દ બન્યો છે.) પણિ લૂંટારો છે, જે પ્રકાશની ગાયોને, વેગના અશ્વોને, દિવ્ય પ્રાચુર્યના ખજાનાઓને ઝૂંટવી લઈ જાય છે, તે વરુ છે, ખાઈ જનારો છે—अत्रि, वृक; તે શબ્દનો અવરોધ કરનાર અને તેને બગાડી મૂકનાર છે—निद् તે શત્રુ છે, ચોર છે, અસત્ય અને પાપનો વિચાર કરનાર છે, કે જે તેની લૂંટફાટો તથા અવરોધોથી માર્ગને મુશ્કેલીભર્યો બનાવે છે. 'અમારાથી શત્રુને, ચોરને, વક્રતાવાળાને દૂર કરો કે જે વિચારને અસત્ય રીતે મૂકે છે, હે અસ્તિત્વના

સ્વામી, અમારા માર્ગને સુગમ બનાવો. પણિને મારી નાખો, કારણ કે તે ભક્ષણ કરનાર વરુ છે' (૬, ૫૧, ૧૩-૧૪). તેના આક્રમણને દેવોએ અટકાવવું જોઈએ. તેના જન્મમાં, ઈન્દ્રની મદદ વડે, આ દેવે (સોમ) બળપૂર્વક પણિને અટકાવ્યો (૬, ૪૪, ૨૨), અને સ્વર્‌ને, સૂર્યને તથા બધી સમૃદ્ધિને જીતી લીધાં. પણિઓને મારી નાખવાના છે, ભગાડી મૂકવાના છે, કે જેથી તેમની સમૃદ્ધિને ઝૂંટવી લઈને ઉચ્ચતર જીવનમાં વિનિયોજી શકાય. 'હે સ્વરસ્વતી, તેં પણિઓની અખૂટ સેનાને ભગાડી મૂકી; તેં ખૂબ દાન આપ્યાં. હે સરસ્વતી, દેવોના અવરોધકોને તું છૂંદી નાખ. (૬, ૬૧, ૧-૩). હે અગ્નિ અને સોમ, જ્યારે તમે પણિ પાસેથી ગાયો ઝૂંટવી લીધી અને અનેક જણ માટે પ્રકાશને પ્રાપ્ત કર્યો, ત્યારે તમારું બળ જાગૃત થયું હતું.' (૧, ૯૩, ૪).

જ્યારે દેવો ઉષાકાળમાં યજ્ઞ માટે જાગે છે, ત્યારે પણિઓએ તેમના સૂક્ષ્મ કાર્યમાં વિક્ષેપ કરવા માટે જાગવું જોઈએ નહિ; તેઓ ભલે તેમની ગુફાના અંધકારમાં ઊંઘે. 'હે પ્રાચુર્યોની રાણી ઉષા, અમને (દેવોને) તૃપ્ત કરનાર લોકોને જગાડ; પણ પણિઓ જાગ્યા સિવાય ભલે ઊંઘે. પ્રાચુર્યોના સ્વામીઓ માટે સમૃદ્ધિશાળી ઉષા, હે પ્રાચુર્યની રાણી, હે ઋતરૂપ ઉષા, તારી સ્તુતિ કરનારાઓને તું સમૃદ્ધિ આપ. યુવતિ એવી ઉષા અમારી સમક્ષ, સત્ય રૂપે પ્રકાશે છે; તેણે પોતાની લાલ ગાયો રૂપી સેનાને સર્જી છે; અસત્‌માં દર્શનાનો વિશાળ ઉદય થયો છે.' (૧, ૧૨૪, ૧૦—૧૧). ૪, ૫૧, ૧—૩માં, આવે છે. 'જુઓ, અમારી સામે જ્ઞાનપૂર્ણ પરમ પ્રકાશ અંધકારમાંથી ઉદય પામ્યો છે; વિશાળ પ્રકાશવાળી, સ્વર્ગની પુત્રીઓએ—ઉષાઓએ માનવ પ્રાણી માટે માર્ગનું નિર્માણ કર્યું છે. અમારી આગળ ઉષાઓ યજ્ઞ-સ્તંભોની (યૂપોની) પેઠે ઊભી રહી છે; વિશુદ્ધ અને વિશુદ્ધ બનાવતી ઉષાએ અંધકારના વાડાઓનાં બારણાંને ખોલી નાખ્યાં છે. આજે ઉદય પામતી ઉષાઓએ આનંદ-ભોકતાઓને; સમૃદ્ધિશાળી આનંદ આપવા માટે, જ્ઞાન પ્રત્યે જાગૃત કર્યા છે; પ્રકાશ-રહિત અંધકારના હૃદયમાં ન જાગતા પણિઓ ભલે ઊંઘે.' જ્યારે તેમના વડે પૂરી રખાયેલી ઉષાઓને તે રાત્રિમાં ઉચ્ચતમ ભૂમિકાઓમાં ઊંચે લઈ જવાની છે, ત્યારે ઉચ્ચતર ભૂમિકાઓમાંથી પણિઓને નિમ્ન અંધકારમાં ફેંકી દેવાના છે. 'વક્રતાની ગાંઠને બાંધનારા કાર્યો માટે સંકલ્પ નહિ રાખનારા, વાણીને બગાડનારા, શ્રદ્ધા વગરના, વૃદ્ધિ નહિ પામતા, યજ્ઞ નહિ કરતા, પણિઓને અગ્નિએ દૂર સુદૂર ભગાડી મૂકયા છે; પરમ દેવ અગ્નિએ યજ્ઞ નહિ કરનારા તેમને નીચે—ખૂબ નીચે ધકેલી દીધા છે. નિમ્ન અંધકારમાં આનંદ માણતી ગાયોને તથા ઉષાઓને અગ્નિએ પોતાની શકિત વડે ઉચ્ચતમ સ્થાન પર ગતિ કરાવી છે. મર્યાદાઓ ઉપસ્થિત કરતી ભીંતોને તેણે પ્રહારો કરીને તોડી નાખી છે, તેણે ઉષાને માલિકી માટે આર્યોને

આપી છે'—अर्यपत्नीरुषसः चकारा (७, ६, ३—५). જ્યારે નદીઓ અને ઉષાઓ વૃત્ર અથવા વલની માલિકી હેઠળ હતી, ત્યારે તેમને दासपत्नीः (દસ્યુઓની પત્નીઓ) તરીકે વર્ણવવામાં આવી હતી; દેવોના કાર્યથી તે આર્યપત્નીઓ બને છે, તે આર્યની સહાયિકાઓ બને છે.

અજ્ઞાનના સ્વામીઓને કાં તો મારી નાખવાના છે, અથવા તો તેમને ઋતના અને ઋત-શોધકોના દાસ બનાવવાના છે; પણ માનવીની સિદ્ધિ માટે તેમની સમૃદ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે; જેમ પણિઓના ખૂબ ખૂબ સમૃદ્ધિવાળા શિર પર (६, ४५, ३) ઇન્દ્ર પગ મૂકીને સ્થાન પ્રાપ્ત કરે છે—पणीनां वर्षिष्ठे मूर्धन् अस्थात्; ઇન્દ્ર પોતે પ્રકાશની ગાય અને વેગનો અશ્વ બની જાય છે, અને સદા વૃદ્ધિ પામતા હજારગણા ધનને વરસાવે છે. પણિઓના પ્રકાશમય ધનની પરિપૂર્ણતા અને તેનું સ્વર્ગ પ્રત્યે આરોહણ તે, આપણે જાણીએ છીએ તેમ, માર્ગ છે, અમૃતત્વનો જન્મ છે. 'અગ્નિને પ્રજ્વલિત કરનારા અંગિરસોએ, કાર્યની પરિપૂર્ણ સિદ્ધિ દ્વારા, ઋતના પરમ આવિર્ભાવને ધારણ કર્યો; તેમણે પણિના સમગ્ર ઉપભોગને, તેની ગાયોને તથા અશ્વોને પ્રાપ્ત કર્યાં. પ્રથમ તે માર્ગ અથર્વાએ બનાવ્યો; પછી ધર્મના રક્ષક તરીકે, આનંદપૂર્ણ દેવ તરીકે સૂર્ય જન્મ્યો—ततः सूर्यो व्रतपा वेन आजनि। ઉશનસ્ કાવ્યે ગાયોને ઊર્ધ્વમાં હાંકી. તેમની સાથે, યજ્ઞ વડે, અમે ધર્મના સ્વામીના બાળક રૂપે જન્મેલા અમૃતત્વને પ્રાપ્ત કરીએ—यमस्य जातं अमृतं यजामहे। (१, ८३, ४-५). અંગિરસ્ દ્રષ્ટા-સંકલ્પનો ઋષિ છે; અથવા માર્ગ પરની યાત્રાનો ઋષિ છે; ઉશનસ્ કાવ્ય દ્વારા-જ્ઞાનમાંથી જન્મેલી સ્વર્ગની કામનાનો ઋષિ છે. અંગિરસો નિમ્ન જીવન તથા તેની વક્રતાની પાછળ સંતાઈ રહેલી પ્રકાશોની સમૃદ્ધિને તથા ઋતની શકિતઓને જિતી લે છે; અથવા બળ વડે માર્ગનું નિર્માણ કરે છે, અને પછી પ્રકાશનો સ્વામી સૂર્ય દિવ્ય ધર્મના રક્ષક તરીકે—યમશકિત તરીકે જન્મે છે; ઉશનસ્ આપણા વિચારના પ્રકાશોની ગાયોને ઋતને માર્ગે હાંકે છે અને સૂર્યના આનંદ પ્રત્યે લઈ જાય છે; તે રીતે ઋતના ધર્મમાંથી અમૃતત્વ જન્મે છે, જેને માટે આર્ય જીવાત્મા યજ્ઞ દ્વારા અભીપ્સા સેવે છે.

નિગમનોનો ટૂંક સાર

આપણે ઋગ્વેદમાંની અંગિરસ્-કથાનું, બધાં શકય દૃષ્ટિબિંદુઓથી તથા તેનાં મુખ્યે રૂપકો દ્વારા, ઝીણવટભરેલું અવલોકન કર્યું છે, અને હવે આપણે તેમાંથી દોરેલાં નિગમનોનું સરવૈયુ કાઢી શકવાની સ્થિતિમાં છીએ. મેં કહ્યું છે તેમ, અંગિરસ્-કથા અને વૃત્ર-કથા વેદનાં બે મુખ્ય રૂપકો છે. તે વારંવાર સર્વત્ર નજરે પડે છે; તે બધાં સૂકતોમાં પરસ્પર સંકળાયેલાં રૂપકોના તાણાવાણા તરીકે ગૂંથાઈ ગયેલાં છે; બાકીનું વૈદિક રૂપક તે બેની આસપાસ વણાયેલું છે. તે બે રૂપકો વેદના કેન્દ્રસ્થ વિચારો છે એમ નથી; પણ આ પ્રાચીન ઈમારતના તે બે મુખ્ય સ્તંભો છે. આપણે તે બેના અર્થનો નિર્ણય કર્યો, એટલે આપણે આખી ઋક્—સંહિતાના અર્થનો નિર્ણય કર્યો ગણી શકાય. જો વૃત્ર અને જળો વાદળ અને વૃષ્ટિનાં—પંજાબની ખળખળ વહેલી સાત નદીઓના પ્રવાહોનાં રૂપકો હોય, અને જો અંગિરસો ભૌતિક ઉષાને લાવનારા હોય, તો વેદ પ્રાકૃતિક દૃશ્યોનું રૂપક છે, જે દૃશ્યોને દેવોમાં, ઋષિઓમાં, અનિષ્ટકારક દૈત્યોમાં આકાર આપવામાં આવ્યો છે. જો વૃત્ર અને વલ દ્રાવિડિયન દેવો હોય, અને પણિઓ તથા વૃત્રો માનવી શત્રુઓ હોય, તો વેદ એ પ્રકૃતિ-પૂજક જંગલી લોકોએ દ્રાવિડિયન ભારત પર કરેલા આક્રમણના કાવ્યમય કથાનકનું વર્ણન છે. તેથી ઊલટું, જો આ આધ્યાત્મિક પ્રકાશની શકિતઓ તથા અંધકારની શકિતઓ વચ્ચેના સંઘર્ષનું રૂપક હોય, ઋત તથા અનૃતની શકિતઓ વચ્ચેના જ્ઞાન તથા અજ્ઞાનની શકિતઓ વચ્ચેના, મૃત્યુ તથા અમૃતત્વની શકિતઓ વચ્ચેના સંઘર્ષનું રૂપક હોય, તો તે સમગ્ર વેદનો સાચો અર્થ છે.

આપણે એવું નિગમન તારવ્યું છે કે અંગિરસ્ ઋષિઓ ઉષાને લાવનારા છે, સૂર્યને અંધકારમાંથી પુનઃ પ્રાપ્ત કરનારા છે; પણ આ ઉષા, સૂર્ય અને અંધકાર આધ્યાત્મિક અર્થનાં રૂપકો છે. અજ્ઞાનના અંધકારમાંથી ઋતનો વિજય એ વેદનો સાચો કેન્દ્રસ્થ વિચાર છે, અને ઋતની પ્રાપ્તિથી અમૃતત્વનો વિજય

પ્રાપ્ત થાય છે. કારણ કે વૈદિક ઋતનો ખ્યાલ આધ્યાત્મિક તેમ જ માનસશાસ્ત્રીય છે. તે શરીરની પૃથ્વી-પ્રાણશકિતના, અંતરિક્ષ-મનના સ્વર્ગથી પર, અસ્તિત્વનાં સત્ય સત્, સત્ય ચેતના, સત્ય આનંદ છે. આપણે પારમાનસિક ઋતની ઉચ્ચતર ભૂમિકાને પ્રાપ્ત કરવા માટે, આ બધી ભૂમિકાઓને ઓળંગીને પાર જવાનું છે, કે જે ઋતની ઉચ્ચતર ભૂમિકા દેવોનું પોતાનું ઘર છે, અમૃતત્વનો પાયો છે. આ સ્વર્નો લોક છે, જ્યાં જવાના માર્ગને નવી પેઢીઓ માટે અંગિરસોએ શોધી કાઢયો છે.

અંગિરસો દિવ્ય ઋષિઓ છે, જે દેવોનાં તથા તેમના પાર્થિવ પ્રતિનિધિઓનાં વૈશ્વિક તથા માનવીય કાર્યોમાં મદદ કરે છે; તેઓ પ્રાચીન પિતૃઓ છે જેમણે પ્રથમ તે જ્ઞાનને પ્રાપ્ત કર્યું હતું, જે જ્ઞાનને વૈદિક સૂકતો ગાય છે, જે સૂકતો જ્ઞાનની સ્મૃતિરૂપ છે, અને અનુભૂતિમાં જે જ્ઞાનની પુન: પ્રાપ્તિ છે. સાત દિવ્ય અંગિરસો અગ્નિની—દ્રષ્ટા સંકલ્પની, દિવ્ય જ્ઞાનથી પૂર્ણ દિવ્ય શકિતની જવાળાની શકિતઓ છે અથવા પુત્રો છે, જે જવાળાને વિજય માટે પ્રજ્વલિત કરવામાં આવે છે. પાર્થિવ અસ્તિત્વની વૃદ્ધિઓ નિગૂઢ તે જવાળાને ભૃગુઓએ શોધી કાઢી હતી; પણ અંગિરસો તેને યજ્ઞવેદિમાં પ્રજ્વલિત કરે છે, અને યજ્ઞના વર્ષના ગાળાઓ દરમિયાન યજ્ઞને ટકાવી રાખે છે, કે જે ગાળાઓ તે દિવ્ય પરિશ્રામના સમયના દ્યોતક છે, જે પરિશ્રામ દ્વારા ઋતના સૂર્યને અંધકારમાંથી ફરી પ્રાપ્ત કરવામાં આવે છે. આ, વર્ષના નવ માસો માટે યજ્ઞ કરનાર અંગિરસો નવગ્વો કહેવાય છે, નવ ગાયોના અથવા કિરણોના દ્રષ્ટાઓ છે, જે સૂર્યની ગાયોની શોધ કરે છે, અને પણિઓ સાથેના યુદ્ધમાં ઈન્દ્રના સાથીદારો બને છે. જે દશ માસ સુધી યજ્ઞ કરે છે તે દશગ્વો છે, દશ કિરણોના દ્રષ્ટાઓ છે, જેઓ ઈન્દ્ર સાથે પણિઓની ગુફામાં પ્રવેશ કરે છે અને ખોવાયેલી ગાયોને પાછી મેળવે છે.

યજ્ઞ એટલે માનવી પાસે જે કાંઈ છે તે સર્વ ઉચ્ચતર અથવા દિવ્ય સ્વભાવને અર્પણ કરવું; અને તેનું પરિણામ છે દેવોના પુષ્કળ દાન વડે તેની માનવતા વધારે સમૃદ્ધ બને તે. આ રીતે પ્રાપ્ત કરાયેલું ધન એક પ્રકારની આધ્યાત્મિક સમૃદ્ધિની તથા આનંદની સ્થિતિ છે, કે જે તેની યાત્રામાં—યુદ્ધ કરવામાં એક શકિતરૂપ બની જાય છે. કારણ કે યજ્ઞ એક યાત્રા છે, ઉત્તરોત્તર વિકાસ છે; અગ્નિ વડે દોરી જવાયેલો યજ્ઞ દેવોના દિવ્ય માર્ગમાં માનવીને આગળ ધપાવે છે; અને અંગિરસ્ પિતૃઓ સ્વર્ના દિવ્ય લોકમાં આરોહણ કરે છે, તે યાત્રા આનું અનુકરણ છે. યજ્ઞની આ યાત્રા એક પ્રકારનું યુદ્ધ પણ છે, કારણ કે પણિઓ, વૃત્રો અને બીજી અનૃતની—પાપની શકિતઓ તેમાં વિરોધ કરે છે; અને ઈન્દ્ર તથા અંગિરસોનો પણિઓ સાથે સંઘર્ષ તે આ યુદ્ધની

એક મુખ્ય કથા છે.

યજ્ઞનાં મુખ્ય અંગો છે આ—દિવ્ય જવાળાને પ્રગટાવવી, ઘૃત અને સોમ-રસની આહુતિ આપવી અને પવિત્ર શબ્દનું ઉચ્ચારણ કરવું. મંત્ર તથા આહુતિ વડે દેવો વૃદ્ધિને પામે છે; તેઓ માનવમાં જન્મે છે—તેમનું સર્જન થાય છે અથવા આવિર્ભાવ પામે છે; અને તેમની વૃદ્ધિથી તથા મહિમાથી દેવો સ્વર્ગની તથા પૃથ્વીની વૃદ્ધિ કરે છે, અર્થાત્ શારીરિક અને માનસિક અસ્તિત્વની બધી શકિતઓનો વિકાસ કરે છે, અને આ લોકોને વટાવી જઈને ઉચ્ચતમ લોકોનું અથવા ભૂમિકાઓનું સર્જન કરે છે. ઉચ્ચતર અસ્તિત્વ દિવ્ય, અનંત હોય છે; અને પ્રકાશમાન ગાય—અનંત અદિતિમાતા તેનું પ્રતીક છે; નિમ્ન અસ્તિત્વ તેના અંધકારમય સ્વરૂપ દિતિને તાબે હોય છે, ઉચ્ચતર અથવા દિવ્ય અસ્તિત્વને પ્રાપ્ત કરવું, અને માનવના નિમ્ન અસ્તિત્વને તેના વડે તાબે કરવું, તેના ધર્મને વશ વર્તાવવું—એ યજ્ઞનો હેતુ છે. યજ્ઞનું ઘૃત પ્રકાશયુકત ગાયની દેણ છે: તે માનવના મનમાં સૂર્યપ્રકાશની સ્વચ્છતા—પ્રકાશમયતા છે. સોમ જળોમાં તથા ઔષધિઓમાં ગૂઢ રહેલો, અસ્તિત્વનો આનંદ છે; દેવો અને મનુષ્યો તેનું પાન કરી શકે તે માટે તેને વાટીને તેનો રસ કાઢવામાં આવે છે. શબ્દ એ આત્મામાંથી પ્રગટતા ઋતના વિચાર–પ્રકાશોને અભિવ્યકત કરતી વાણી છે; હૃદયમાં તેનું સ્વરૂપ બંધાય છે, મનમાં તેનો આકાર ઘડાય છે. ઘૃત વડે વૃદ્ધિ પામતો અગ્નિ અને સોમના આનંદથી પ્રકાશયુકત શકિતવાળો ઈન્દ્ર—શબ્દથી વૃદ્ધિ પામેલો ઈન્દ્ર સૂર્યની ગાયોને પાછી મેળવવામાં અંગિરસોને મદદ કરે છે.

બૃહસ્પતિ સર્જનાત્મક શબ્દનો સ્વામી છે. જો અગ્નિ પરમ અંગિરસ્ છે, જ્યાંથી અંગિરસો જન્મે છે તે જવાળા છે, તો બૃહસ્પતિ સાત મુખોવાળો, પ્રકાશક વિચારનાં સાત કિરણોવાળો, પ્રકાશક વિચારને અભિવ્યકત કરતા સાત શબ્દોવાળો અંગિરસ્ છે; આ સાત ઋષિઓ તેની ઉચ્ચારણ શકિતઓ છે. તે ઋતનો સાત મુખોવાળો પરિપૂર્ણ વિચાર છે, કે જે માનવ માટે સંપૂર્ણ આધ્યાત્મિક ધનને, અગ્નિના હેતુને પ્રાપ્ત કરીને, માનવ માટે ચોથા દિવ્ય લોકને જિતે છે. એટલે અગ્નિ, ઈન્દ્ર, બૃહસ્પતિ અને સોમ સૂર્યની ગાયોને જિતનારા અને દસ્યુઓનો સંહાર કરનારા વર્ણવાયા છે, કે જે દસ્યુઓ માનવ પાસેથી સૂર્યની ગાયોને સંતાડી રાખે છે–તેને આપતા નથી. ઋતના શબ્દ અથવા પ્રેરણાના પ્રવાહરૂપ સરસ્વતી પણ દસ્યુઓનો સંહાર કરનારી અને પ્રકાશયુકત ગાયોને જિતનારી વર્ણવાઈ છે; ઈન્દ્રની આગળ દોડતી દૂતી સરમા, જે સૂર્યની કે ઉષાની દેવી છે અને ઋતની આંતર-દર્શનાશકિતના પ્રતીકરૂપ છે, તે એ ગાયોને શોધી કાઢે છે. ઉષા તે મહાન વિજયમાં ભાગ લેનારી પણ છે, અને તેના સંપૂર્ણ આગમનમાં તે તેના પ્રકાશમય પરિણામરૂપ પણ છે.

ઉષા દિવ્ય ઉષા છે, કારણ કે તેના આગમન સાથે ઉદય પામતો સૂર્ય પર-ચેતનાના ઋતનો સૂર્ય છે; તે સૂર્ય જે દિવસને લઈ આવે છે, તે સત્ય જ્ઞાનના સત્યમય જીવનનો દિવસ છે; જે રાત્રિને તે સૂર્ય દૂર કરે છે, તે અજ્ઞાનની રાત્રિ છે કે જે પોતાના ઉદરમાં ઉષાને સંતાડી રાખે છે. દિવ્ય ઉષાનાં આ સત્યોને તેની ગાયો—પ્રકાશમાન ગાયો કહેવામાં આવ્યાં છે; તે ગાયોની સાથે આવતી અને પ્રાણમાં રહેતી ઋતની શકિતઓને ઉષાના અશ્વો કહેવામાં આવ્યા છે. આ ગાયોના તથા અશ્વોના રૂપકની આસપાસ વેદનાં ઘણાં રૂપકો સંચરે છે; કારણ કે દેવો પાસેથી માનવ જે સમૃદ્ધિને મેળવવા માગે છે, તેનાં આ મુખ્ય તત્ત્વો છે. દૈત્યો, અંધકારના સ્વામીઓ ઉષાની આ ગાયોને ચોરી ગયા છે, અને તેમને ગૂઢ અવચેતનાની નિમ્ન ગુફામાં સંતાડી રાખી છે. તે ગાયો જ્ઞાનના પ્રકાશો છે, ઋતના વિચારો છે—गावो मतयः; તેમને કેદમાંથી મુકત કરવાની છે. તેમની નિર્મુકિત એ દિવ્ય ઉષાની શકિતઓનો ઉદ્‌ગમ છે.

તે અંધકારમાં રહેલા સૂર્યની પણ પુનઃપ્રાપ્તિ છે, કારણ કે એમ કહેવામાં આવ્યું છે કે તે ઋતને-સૂર્યને ઇન્દ્રે તથા અંગિરસોએ પણિઓની ગુફામાં શોધી કાઢયો. તે ગુફાને ચીરી નાખવાથી, દિવ્ય ઉષાની ગાયો—ઋતના સૂર્યનાં કિરણો અસ્તિત્વના અદ્રિ પર આરોહણ કરે છે, અને સૂર્ય પોતે દિવ્ય અસ્તિત્વના પ્રકાશયુકત ઊર્ધ્વ સમુદ્રમાં આરોહણ કરે છે; વિચારકો—ઋષિઓ તેને, જળ પર વહેતી નૌકાની પેઠે આરોહણ કરાવે છે, અને છેલ્લે સૂર્ય તેમને પેલે પાર પહોંચી જાય છે.

ગાયોને સંતાડી રાખનાર, નિમ્ન ગુફાના સ્વામી, પણિઓ દસ્યુઓના વર્ગમાં છે; વૈદિક રૂપકમાં તેમને આર્યદેવોના, આર્ય ઋષિઓના તથા કાર્ય કરનારાઓના વિરોધી ગણવામાં આવ્યા છે. આર્ય તે છે કે જે યજ્ઞ કરે છે, પ્રકાશના પુનિત શબ્દને ખોળી કાઢે છે, દેવોની કામના તથા વૃદ્ધિ કરે છે, અને દેવો સત્ય અસ્તિત્વની વિશાળતામાં જેની વૃદ્ધિ કરે છે; તે પ્રકાશનો યોદ્ધો છે, ઋતનો યાત્રી છે. દસ્યુ અદિવ્ય પ્રાણી છે, કે જે યજ્ઞ કરતો નથી; પર-ચેતનાના ઋતને વિચારમાં મૂર્ત ન કરી શકવાને કારણે અથવા શબ્દ બોલી ન શકવાને કારણે જે પોતાની એકઠી કરી સંઘરી રાખેલી સમૃદ્ધિનો સદુપયોગ કરતો નથી; જે શબ્દને, દેવોને તથા યજ્ઞને ધિક્કારે છે; જે ઉચ્ચતર જીવન માટે પોતાની કોઈ પણ ચીજ આપતો નથી, પણ આર્યને લૂંટીને તેના ધનને રૂંધી રાખે છે. તે ચોર છે, શત્રુ છે, વરુ છે, ભક્ષક છે, વિભાજન કરનારો છે, અવરોધ કરનારો છે, જેલમાં પૂરી રાખનારો છે. દસ્યુઓ અંધકારની તથા અજ્ઞાનની શકિતઓ છે, જે ઋતના તથા અમૃતત્વના શોધકનો વિરોધ કરે છે.

દેવો પ્રકાશની શકિતઓ છે, અનંતતાના પુત્રો છે, એક પરમાત્માનાં સ્વરૂપો અને મૂર્તિકરણો છે કે જે પોતાની મદદથી, વૃદ્ધિથી, માનવમાં કરાતાં કાર્યોથી, માનવને ઋત તથા અમૃતત્વ પ્રત્યે ઊર્ધ્વમાં લઈ જાય છે.

આ રીતે અંગિરસ્ કથાનો અર્થ આપણે વેદનું સમગ્ર રહસ્ય સમજવાની ચાવી આપે છે. જો આર્યોની ખોવાયેલી ગાયો તથા અશ્વો દેવો વડે પાછી પ્રાપ્ત કરાયેલી ગાયો તથા અશ્વો—જેમનો ઈન્દ્ર સ્વામી છે, દાતા છે, ઈન્દ્ર પોતે જ ગાય અને અશ્વ છે, તે ભૌતિક પશુઓ ન હોય; જો યજ્ઞ વડે જેમને પ્રાપ્ત કરવા માનવી મથે છે તે સમૃદ્ધિનાં તત્ત્વો આધ્યાત્મિક સંપત્તિનાં રૂપક હોય, તો તેમની સાથે સંબંધિત બીજાં તત્ત્વો—વીરો, પુત્રો, હિરણ્ય, ખજાનો વગેરે પણ આધ્યાત્મિક જ હોવાં જોઈએ. જો ઘૃતને આપતી ગાય ભૌતિક ગાય નહિ, પણ પ્રકાશયુકત માતા હોય, તો જળોમાં પ્રાપ્ત થતું, જેને પણિઓ ગાયમાં ત્રિવિધ રૂપે દોહી લે છે—શોષી લે છે તેવું ઘૃત પણ ભૌતિક હોમદ્રવ્ય ન હોઈ શકે; તો પછી નદીઓમાં રહેતો, સમુદ્રમાંથી મધુમાન ઊર્મિ રૂપે ઊઠતો, અને દેવો પ્રત્યે પ્રવાહ રૂપે વહેતો, સોમરસ પણ ભૌતિક ન હોઈ શકે. તો તો પછી યજ્ઞનાં બીજાં હોમદ્રવ્યો પણ પ્રતીકો હોવાં જોઈએ; ખુદ બાહ્ય રીતે કરાતો યજ્ઞ પણ આંતર સમર્પણનું જ પ્રતીક રૂપક હોવો જોઈએ. જો અંગિરસ્ ઋષિઓ અંશતઃ રૂપકમય—દેવો સમાન હોય, યજ્ઞમાં મદદ કરનાર અર્ધદેવો હોય, તો ભૃગુઓ, અથર્વણો, ઉશના, કુત્સ અને તેમના કાર્યમાં બીજા સાથીદાર ઋષિઓ પણ તેવા જ હોવા જોઈએ. જો અંગિરસ્-કથા અને દસ્યુઓ સાથેના યુદ્ધની કથા રૂપક કથા હોય, તો પછી ઋગ્વેદમાં મળી આવતી બીજી કથાઓ—જેમાં દેવો દૈત્યો સામેના સંઘર્ષમાં ઋષિઓને મદદ કરે છે તેવી બધી કથાઓ પણ રૂપક-કથાઓ હોવી જોઈએ, કારણ કે તેમાં પણ તે જ શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને વૈદિક કવિઓ વારંવાર તે કથાઓને અંગિરસ્—કથાની સમાન કક્ષામાં જ મૂકતા હોય છે.

તે જ રીતે, જો દાન તથા યજ્ઞ કરનારા, શબ્દને તથા દેવોને ધિક્કારનારા, જેમની સાથે આર્યો સતત યુદ્ધ કરતા વર્ણવાયા છે, તે દસ્યુઓ, વૃત્રો, પણિઓ માનવી શત્રુઓ નહિ, પણ અંધકારની—અનૃતની—પાપની શકિતઓ હોય, તો પછી આર્યોનાં યુદ્ધો, રાજાઓ, રાષ્ટ્રો—બધું જ આધ્યાત્મિક રૂપક બની જાય છે. તે સંપૂર્ણપણે આધ્યાત્મિક રૂપક છે કે અંશતઃ, તે વાત તો વિગતવાર અવલોકનથી નક્કી કરી શકાય; પણ અત્યારે તેમ કરવાનો અમારો હેતુ નથી. અમારો હેતુ તો અમે જે વિચાર રજૂ કર્યો હતો, તેને માટે પ્રથમ-દર્શનીય બાબત છે કે નહિ, તેટલું જ જોવાનો છે. અમારો વિચાર એ હતો કે વૈદિક સૂકતો પ્રાચીન ભારતીય ગૂઢવાદીઓનું રૂપકમય ધર્મ-શાસ્ત્ર છે કે નહિ, તે સૂકતોનો અર્થ

આધ્યાત્મિક અને માનસશાસ્ત્રીય છે કે નહિ ? અને તેવી પ્રથમ-દર્શનીય બાબત સ્થાપિત થઈ છે, કારણ કે આ દૃષ્ટિબિંદુથી વેદનો ગંભીરતાપૂર્વક અર્થ કરવો, અને તેને ઊર્મિમય રૂપકમયતાની વિગતપૂર્ણ દૃષ્ટિથી સમજાવવો, તેને માટે પૂરતી ભૂમિકા વિદ્યમાન છે.

છતાં અમારા મંતવ્યને મજબૂત કરવા માટે વૃત્ર અને જળોની કથાને ઝીણવટપૂર્વક તપાસવી જરૂરી હતું, કારણ કે તે કથા અંગિરસો તથા પ્રકાશની કથા સાથે ખૂબ ગાઢ સંબંધ ધરાવે છે; અને તે કથાને આપણે તપાસી છે. પ્રથમ તો વૃત્રનો સંહાર કરનાર ઇન્દ્ર તથા અગ્નિ વૈદિક દેવોમાં મુખ્ય બે દેવો છે, અને જો ઇન્દ્રનું ચરિત્ર તથા તેનાં કાર્યોનું સ્વરૂપ યોગ્ય રીતે સ્થાપિત કરી શકાય, તો આપણે આર્ય દેવોની સામાન્ય ભૂમિકાને સુસ્થાપિત કરી શકીશું. બીજી વાત એ કે ઇન્દ્રના સાથીદારો, પવિત્ર મંત્રોના ગાયકો, મરુતો વૈદિક પૂજાના પ્રાકૃતિક સિદ્ધાંત માટે ખૂબ સબળ મુદ્દો છે; કારણ કે તેઓ નિઃશંક રીતે વાવાઝોડાના દેવો છે; વૈદિક મહાન દેવોમાંથી કોઈ દેવનું—અગ્નિ, અશ્વિનો, વરુણ, મિત્ર, ત્વષ્ટા, દેવીઓ, સૂર્ય પોતે, ઉષા-કોઈનું મરુતો જેટલું, સ્પષ્ટ દેખાઈ આવે તેવું, સ્થૂળ, ભૌતિક ચરિત્ર નથી. એટલે જો આ ઝંઝાવાતનાં મરુત્-દેવોનું ચરિત્ર માનસશાસ્ત્રીય-રૂપકમય છે એવું સાબિત કરી શકાય, તો પછી વૈદિક ધર્મ તથા વિધિના ગહનતર અર્થ માટે કોઈ શંકા રહેતી જ નથી. છેલ્લું, જો વૃત્ર અને તેના સાથીદાર દૈત્યો—શુષ્મ ,નમુચિ વગેરે—ઝીણવટભરેલા અભ્યાસ પછી, આધ્યાત્મિક અર્થયુકત દસ્યુઓ જ સાબિત થાય, અને વૃત્ર વડે રૂંધાયેલા સ્વર્ગીય જળોનો બરાબર ઝીણવટથી અભ્યાસ થાય, તો પછી ઋષિઓની, દેવોની, દૈત્યોની રૂપકકથાઓને આપણે, વૈદિક લોકોની—જગતોની રૂપકમયતાની દૃષ્ટિએ, નિશ્ચિત આરંભબિંદુ પ્રાપ્ત કરીને, સમગ્ર વેદનું સંતોષકારક અર્થ-ઘટન કરી શકીએ.

અત્યારે આપણે આનાથી વધારે કહી શકીએ તેમ નથી; કારણ કે સૂકતોમાં આવતાં વૈદિક રૂપકો બહુ જટિલ છે, તેમનાં દૃષ્ટિબિંદુઓ અનેક છે, તેની અર્થ-છાયાઓમાં તથા પેટા-ઉલ્લેખોમાં તે અર્થઘટન કરનાર માટે અનેક મુશ્કેલીઓ અને અવરોધો ઊભા કરે છે; વળી યુગો સુધીની વિસ્મૃતિથી તથા ગેરસમજથી તે ખૂબ અસ્પષ્ટ બની ગયા છે; તેથી એક જ પુસ્તકમાં તે બધાને યોગ્ય ન્યાય ન આપી શકીએ. અત્યારે તો આપણે મુખ્ય મુખ્ય ચાવીઓને શોધી કાઢીએ, અને બને તેટલી શકય સલામતીપૂર્વક યોગ્ય પાયો રચી શકીએ.

ખંડ ૨

પસંદ કરાયેલાં સૂક્તો

ઇન્દ્ર અને અગસ્ત્યનો સંવાદ

ઋગ્વેદ ૧, ૧૭૦

इन्द्र

न नूनमस्ति नो श्वः कस्तद्वेद यदद्भूतम् ।
अन्यस्य चित्तमभि संचरेण्यमुताधीतं वि नश्यति ।।१।।

ઇન્દ્ર

(૧) તે અત્યારે પણ નથી, કાલે પણ નથી; પરમ અને અદ્‌ભુતને કોણ જાણી શકે? બીજાની ચેતનામાં તેને ગતિ તથા કાર્ય છે; પણ જ્યારે વિચાર દ્વારા તેની પાસે જવામાં આવે છે, ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે.*

अगस्त्य

किं न इन्द्र जिघांससि भ्रातरो मरुतस्तव ।
तेभिः कल्पस्व साधुया मा नः समरणे वधीः ।।२।।

અગસ્ત્ય

(૨) હે ઇન્દ્ર, તું અમને હણવાની ઇચ્છા શા માટે કરે છે? મરુતો તારા ભાઈઓ છે. તેમની સાથે તું પૂર્ણતા સિદ્ધ કર; અમારા સંઘર્ષમાં તું અમારો વધ ન કર.

---

* આ અનુવાદો સામાન્ય વાચકના રસ માટે, તેમનાં પરિણામો રૂપે, અમે રજૂ કરેલા સિદ્ધાન્તનાં દૃષ્ટાંતો રૂપે આપવામાં આવ્યા છે. તેમની શબ્દવ્યુત્પત્તિ શાસ્ત્રીય અને વિવેચનાત્મક સાબિતીમાં થોડા જ વાચકોને રસ પડે. છતાં એ પદ્ધતિનો ખ્યાલ આવે તેટલા માટે, કેટલાંક સૂચનો પાછળ આપવામાં આવ્યાં છે.

इन्द्र

किं नो भ्रातरगस्त्य सखा सन्नति मन्यसे ।
विद्मा हि ते यथा मनोऽस्मभ्यमिन्न दित्ससि ।।३।।
अरं कृण्वन्तु वेदिं समग्निमिन्धतां पुरः ।
तत्रामृतस्य चेतनं यज्ञं ते तनवावहै ।।४।।

ઈન્દ્ર

(૩) હે ભાઈ અગસ્ત્ય, તું મારો મિત્ર છે, છતાં તું તારા વિચારને મારાથી બીજે કેમ લઈ જાય છે? તું મારું મન મને આપવાની ઈચ્છા રાખતો નથી, તે હું બરાબર જાણું છું.

(૪) તેઓ યજ્ઞની વેદિને તૈયાર કરે; તેઓ સામે અગ્નિને પ્રજ્વલિત કરે. તેમાં અમૃતત્વની ચેતના જાગૃત થશે. અમે બે તારે માટે તારા અસરકારક યજ્ઞને વિસ્તારીએ.

अगस्त्य

त्वमीशिषे वसुपते वसूनां त्वं मित्राणां मित्रपते धेष्ठः
इन्द्र त्वं मरुद्भिः सं वदस्वाध प्राशान ऋतुथा हवींषि ।।५।।

અગસ્ત્ય

(૫) હે અસ્તિત્વનાં સર્વ દ્રવ્યોના સ્વામી, તું શકિતમાં સ્વામી છે! હે પ્રેમની શકિતઓના પ્રેમસ્વામી, તું સ્થિતિમાં ધારણ કરવામાં સૌથી વધારે બળવાન છે! હે ઈન્દ્ર, તું મરુતો સાથે સમાધાન કરી લે, અને પછી ઋતની પદ્ધતિ અનુસાર, તું હોમદ્રવ્યોનો આનંદ માણ.

ભાષ્ય

આ સૂકતનો નિયામક વિચાર આધ્યાત્મિક વિકાસની એક એવી ભૂમિકા સૂચવે છે કે જ્યારે માનવ આત્મા કેવળ વિચારની શકિત વડે, અસ્તિત્વની સભાન ક્રિયાની ક્રમિક વિકાસ સાધતી ભૂમિકાઓ પ્રાપ્ત કર્યા વિના જ, બધી વસ્તુઓના ઉદ્‌ગમ-સ્થાનને વહેલો-વહેલો પહોંચી જવા પ્રયત્ન કરે છે. માનવ વિશ્વની તથા જગત્‌ની અધિષ્ઠાત્રી દેવ-શકિતઓ તે પ્રયાસનો વિરોધ કરે છે, અને પરિણામે અહંતાપૂર્ણ ઉત્સુકતાવાળા, વ્યકિતગત આત્મા તથા વિશ્વમાં દિવ્ય હેતુને પરિપૂર્ણ કરવા મથતી વૈશ્વિક શકિતઓ વચ્ચે, માનવ-ચેતનામાં, ઉગ્ર સંઘર્ષ પ્રગટ છે.

એવી કટોકટીની ક્ષણમાં, અગસ્ત્ય ઋષિ, પોતાની આંતર અનુભૂતિમાં, સ્વર્‌ના પતિ, વિશુદ્ધ બુદ્ધિના પ્રદેશના સ્વામી ઈન્દ્રને પ્રત્યક્ષ કરે છે જે પ્રદેશને પસાર કરીને આરોહણ કરતો જીવાત્મા દિવ્ય ઋતને પ્રાપ્ત કરે છે.

પ્રથમ ઈન્દ્ર વસ્તુઓના તે અજ્ઞેય મૂળનું કથન કરે છે, જે તે પ્રાપ્ત કરવા અગસ્ત્ય ખૂબ અધીરાઈપૂર્વકનો પ્રયાસ કરે છે. તે મૂળ કાળમાં જડતું નથી. તે વર્તમાનની વાસ્તવિકતાઓમાં કે ભાવિની શકય ઘટનાઓમાં પ્રાપ્ત થઈ શકતું નથી. તે અત્યારે પણ નથી, અને હવે પછી થવાનું નથી. તેનું અસ્તિત્વ દેશ તથા કાળથી પર છે, અને તેથી દેશ-કાળમાં રહેનાર વડે તે જ્ઞેય નથી. તે પોતાનાથી ભિન્ન ચેતનામાં, તેનાં રૂપો તથા ક્રિયાઓ વડે, પ્રગટ થાય છે; અને તે ક્રિયાઓ દ્વારા તેનો સાક્ષાત્કાર કરવો જોઈએ, તેવો તેનો અર્થ છે. પણ જો કોઈ તેની નિકટ જઈ તેના મૂળ સ્વરૂપે અભ્યાસ કરવા માગે છે, તો તેને પકડવા માગતા વિચારમાંથી તે છટકી જાય છે, અને જાણે પોતે ન હોય તેવું બની રહે છે.

જે ખોજ સમગ્ર અસ્તિત્વનો આખરી હેતુ છે, અને જેની માગણી તેના સર્વ વિચારો તથા સર્વ માગણીઓ કરી રહી છે, તે ખોજમાં તેનો આટલો બધો ઉગ્ર વિરોધ શા માટે કરવામાં આવે છે, તે અગસ્ત્ય હજી સમજી શકતા નથી. મરુતો વિચાર-શકિતઓ છે, જે પોતાની પ્રગતિની બળવાન તથા દેખીતી રીતે વિનાશક ગતિ વડે સ્થાપિત વસ્તુને તોડીફોડી નાખે છે, અને નવીન રચનાઓ કરવામાં મદદ કરે છે. વિશુદ્ધ બુદ્ધિશકિતરૂપ ઈન્દ્ર મરુતોનો ભાઈ છે; સ્વભાવમાં તે તેમને મળતો છે, જો કે તે મોટો ભાઈ છે. મરુતો દ્વારા, તેણે અગસ્ત્ય જેને માટે પ્રયાસ કરી રહ્યા છે તે પરિપૂર્ણતાને સિદ્ધ કરી આપવી જોઈએ, અને લક્ષ્યને પહોંચવા માટેના આ ઉગ્ર સંઘર્ષમાં શત્રુ બનીને મિત્રનો સંહાર ઈન્દ્રે ન કરવો જોઈએ.

ઈન્દ્ર જવાબ આપે છે કે અગસ્ત્ય મારો મિત્ર છે, ભાઈ છે, એક જ પરમાત્માના પુત્ર રૂપે આત્મબંધુ છે: બંને વચ્ચે સાધારણ પ્રયાસમાં સાથીદાર તરીકે મિત્ર છે; પરમાત્માને તથા માનવને એક કરનાર, દિવ્ય પ્રેમમાં એકરૂપ છે; ક્રમિક પરિપૂર્ણતામાં ઈન્દ્રની મદદથી—મિત્રતાથી અગસ્ત્ય અત્યારની ભૂમિકા સુધી પહોંચ્યા છે; પણ હવે તે ઈન્દ્રને નિમ્ન કોટિની શકિત ગણે છે, અને પરમાત્માના રાજ્યમાં આત્મ—પૂર્ણતા સિદ્ધ કર્યા સિવાય, પાર જવા ઇચ્છે છે. તે પોતાની વૃદ્ધિ પામેલી વિચાર-શકિતઓનો પોતાના હેતુઓ માટે ઉપયોગ કરવા માગે છે; ખરી રીતે તેમણે તે વિચાર-શકિતઓનું વૈશ્વિક બુદ્ધિને સમર્પણ કરી દેવું જોઈતું હતું, જેને પરિણામે તે અગસ્ત્ય દ્વારા પોતાના સાક્ષાત્કારોને માનવ જાતિમાં સમૃદ્ધ બનાવે, અને અગસ્ત્યને ઋતને માર્ગે આગળ લઈ જાય. તે અહંતાપૂર્ણ પ્રયાસ અટકવો જોઈએ, મહાન યજ્ઞ પાછો ચાલુ કરાવો જોઈએ, દિવ્ય શકિતરૂપ અગ્નિની જ્વાળાને, પોતાની આગળ, યજ્ઞના અધિપતિ તરીકે— યાત્રાના નેતા તરીકે, પ્રજ્વલિત કરવી જોઈએ. તેથી

ઇન્દ્ર અને અગસ્ત્ય–વૈશ્વિક શકિત અને માનવી જીવ એકઠા મળીને, સંવાદ સ્થાપીને, વિશુદ્ધ બુદ્ધિની ભૂમિકા પર અસરકારક આંતર કાર્યને આગળ ધપાવી શકશે, જેને પરિણામે તે બુદ્ધિ ત્યાં પોતાને સમૃદ્ધ બનાવીને આગેકૂચ કરી શકશે. કારણ કે નિમ્ન અસ્તિત્વનું દિવ્ય ક્રિયાઓને ક્રમિક સમર્પણ કરવાથી, મર્ત્યની મર્યાદિત અને અહંતાપૂર્ણ ચેતના અનંત અને અમર્ત્ય સ્થિતિ પ્રત્યે જાગૃત થાય છે, જે સ્થિતિ તેનું લક્ષ્ય છે.

અગસ્ત્ય દેવના સંકલ્પને સ્વીકારે છે અને તેને તાબે થાય છે. તે ઇન્દ્રની ક્રિયાઓમાં પરમાત્માને જોવાનું અને પરિપૂર્ણ કરવાનું કબૂલે છે. પોતાના પ્રદેશમાંથી, ઇન્દ્ર મન-પ્રાણ-શરીરના ત્રિવિધ લોકોમાં પ્રગટ થતા, અસ્તિત્વના પદાર્થોનો પરમ સ્વામી છે; અને તેથી તેનાં સ્વરૂપોનો પોતાની મરજી મુજબ ઉપયોગ કરવાની શકિત ધરાવે છે, કે જેથી તેઓ પ્રકૃતિની ગતિમાં, વિશ્વમાં પ્રગટ થતા દિવ્ય ઋતની પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે; ઇન્દ્ર તે ત્રિવિધ લોકોમાં પ્રકટ થતા પ્રેમ તથા આનંદનો પરમ સ્વામી છે; અને તેથી પ્રકૃતિની અવસ્થામાં તે સ્વરૂપ-નિર્માણોને સંવાદમય રીતે વ્યવસ્થિત ગોઠવવાની તેનામાં શકિત છે. અગસ્ત્ય પોતાનામાં થયેલા સર્વ સાક્ષાત્કારોનું સમર્પણ ઇન્દ્રને કરી દે છે— જાણે કે તે યજ્ઞનાં હોમદ્રવ્યો ન હોય, જેથી ઇન્દ્ર તે સાક્ષાત્કારોને અગસ્ત્યની ચેતનાના નિશ્ચિત ભાગોમાં ધારણ કરે, અને નવીન સ્વરૂપો ધારણ કરવા માટે તેમને ગતિમાન કરે. અગસ્ત્યના અસ્તિત્વની ઊર્ધ્વની અભીપ્સુ શકિતઓ સાથે ઇન્દ્ર ફરી એક વાર મૈત્રીનો સંવાદ કરે છે, અને ઋષિના વિચારો તથા વિશુદ્ધ બુદ્ધિ દ્વારા આવતા પ્રકાશ વચ્ચે સંધિ સ્થાપી આપે છે. પછી તે શકિત અગસ્ત્યમાં રહી યજ્ઞની આહુતિઓનો ઉપભોગ, પરમ ઋત વડે નિયમિત અને આકારિત-યોગ્ય ક્રમપૂર્વક કરશે.

પ્રકાશ-દાતા ઈન્દ્ર

ઋગ્વેદ ૧, ૪

सुरूपकृत्नुमूतये सुदुघामिव गोदुहे ।
जुहूमसि द्यविद्यवि ॥१॥

(૧) પરિપૂર્ણ રૂપોના નિર્માતા, ગાયોના દોગ્ધા ને સારા દાતા સમાન, દેવને અમે રોજરોજ વૃદ્ધિ માટે આવાહન કરીએ છીએ.

उप नः सवना गहि सोमस्य सोमपाः पिब ।
गोदा इद्रेवतो मदः ॥२॥

(૨) અમારાં સોમ-સદનોમાં આવ. હે સોમનું પાન કરનાર, સોમરસનું પાન કર, તારા આનંદનો નશો ખરેખર પ્રકાશને આપે છે.

अथा ते अन्तमानां विद्याम सुमतीनाम् ।
मा नो अति ख्य आ गहि ॥३॥

(૩) ત્યારે અમે તારી ખૂબ સત્ય વિચારણાઓને કંઈક જાણી શકીશું. અમને દૂર રાખીને બીજે જોતો નહિ, આવ.

परेहि विग्रमस्तृतमिन्द्रं पृच्छा विपश्चितम् ।
यस्ते सखिभ्य आ वरम् ॥४॥

(૪) આવ; સ્પષ્ટ દર્શન કરતા મનવાળા, શકિતશાળી, અપરાજિત, ઈન્દ્રને પૂછ કે કોણ તારા મિત્રો માટે ઉચ્ચતમ કલ્યાણને લઈ આવ્યું છે ?

उत ब्रुवन्तु नो निदो निरन्यतश्चिदारत ।
दधाना इन्द्र इद् दुवः ॥५॥

(૫) રોકી[1] રાખનારાઓ અમને કહો કે: 'બીજાં ક્ષેત્રોમાં પ્રયાસો કરો, ઈન્દ્રમાં તમારી ક્રિયાને આધારિત કરો.'

---

૧. निदः, નિંદા કરનારાઓ. મારા મત પ્રમાણે निद् ધાતુનો અર્થ વેદમાં 'બંધનમાં રાખવું, રોકી રાખવું' થાય છે. તેમાંથી निदिते, બંધાયેલું; निदान,

उत न सुभगां अरिर्वोचेयुर्दस्म कृष्टयः ।
स्यामेदिन्द्रस्य शर्मणि ।।६।।

(૬) હે કાર્ય સિદ્ધ કરનાર, યુદ્ધ કરનારાઓ, કાર્ય કરનારાઓ[૨] અમને સંપૂર્ણપણે ભાગ્યશાળી જાહેર કરો; અમે ઇન્દ્રના કલ્યાણમાં રહીએ.

एमाशुमाशवे भर यज्ञश्रियं नृमादनम् ।
पतयन्मन्दयत्सखम् ।।७।।

(૭) ઉત્કટ માટે ઉત્કટ, તું માણસને નશો ચઢાવનારી યજ્ઞ-શોભાને લાવ, અને મિત્રને આનંદ આપનાર ઇન્દ્રને આગળ વધારનારી યજ્ઞ-શોભાને લાવ.

अस्य पीत्वा शतक्रतो घनो वृत्राणामभवः ।
प्रावो वाजेषु वाजिनम् ।।८।।

(૮) હે સેંકડો ક્રિયાઓવાળા ઇન્દ્ર, જ્યારે તું સોમ રસનું પાન કરે છે, ત્યારે તું વૃત્રનો સંહાર કરનાર બન્યો, અને સમૃદ્ધ મનની સમૃદ્ધિઓનું રક્ષણ કર્યું.

तं त्वा वाजेषु वाजिनं वाजयामः शतक्रतो ।
धनानामिन्द्र सातये ।।९।।

(૯) હે સેંકડો ક્રિયાઓવાળા ઇન્દ્ર, સમૃદ્ધિઓમાં સમૃદ્ધિશાળી તને અમે સમૃદ્ધ કરીએ છીએ, જેથી અમે અમારાં ધનોને સલામતીપૂર્વક ભોગવી શકીએ.

यो रायोऽवनिर्महान्त्सुपारः सुन्वतः सखा ।
तस्मा इन्द्राय गायत ।।१०।।

(૧૦) પોતાની વિશાળતામાં જે આનંદની ભૂમિ છે, જે સોમ આપનારનો મિત્ર છે અને તેને સલામતીપૂર્વક પાર લઈ જાય છે, તે ઇન્દ્ર માટે ગાન કરો.

સાયણનો અર્થ

(૧) સુંદર ઘાટવાળા (કાર્યોના કરનાર), હે ઇન્દ્ર, જેમ ગાયોનો દોગ્ધા સુંદર દૂઝણી ગાયને બોલાવે તેમ, અમે રોજ રક્ષણ માટે તારું આવાહન કરીએ છીએ.

દોરડું શબ્દો બન્યા છે. પણ તે ધાતુનો અર્થ 'નિંદા કરવી, દોષ કાઢવો' પણ થાય છે. સંદર્ભ અનુસાર, મંત્રોમાં એક યા તો બીજો અર્થ લઈ શકાય છે, પણ સાથે સાથે બીજો અથવા પહેલો અર્થ હાજર હોય છે.

૨. अरिः कृष्टयः નો અનુવાદ 'આર્ય લોકો' અથવા 'યુદ્ધશીલ રાષ્ટ્રો' થઈ શકે. कृष्ट અને चर्षणि નો અર્થ સાયણ 'મનુષ્ય' કરે છે. પણ कृष्ट અને चर्ष ધાતુનો મૂળ અર્થ 'મજૂરી, પરિશ્રમ, પ્રયાસ' સૂચવે છે. કેટલીક વાર એ શબ્દો 'વૈદિક કર્મ કરનાર' સૂચવે છે, તો કોઈક વાર 'કર્મ' સૂચવે છે.

(૨) અમારી (ત્રણ) આહુતિઓમાં તું આવ; હે સોમપાન કરનાર, અમારો સોમરસ પી, સમૃદ્ધિશાળી તારો મદ ખરેખર ગાયો આપનારો છે.

(૩) તારી ખૂબ નિકટના, બુદ્ધિશાળી લોકોમાં રહેલા અમે તને જાણીએ. અમને વટાવીને બીજે ન જા; બીજાઓ આગળ પ્રગટ થા, પણ અમારી પાસે આવ.

(૪) મારે માટે બુદ્ધિશાળી માણસ આવીને પૂછ કે (મેં તારી યોગ્ય સ્તુતિ કરી છે કે નહિ.) બુદ્ધિશાળી અને ઈજા વગરનો ઈન્દ્ર, જે તારા મિત્રોને (પુરોહિતોને) શ્રેષ્ઠ ધન આપે છે.

(૫) અમારા પુરોહિતો ઈન્દ્રની સ્તુતિ કરે; હે નિંદા કરનાર લોકો, તમે અહીંથી તેમ જ બીજેથી ચાલ્યા જાઓ, અમારા પુરોહિતો ઈન્દ્રનું યજ્ઞ-કર્મ બરાબર કરે છે.

(૬) હે શત્રુઓનો સંહાર કરનાર ઈન્દ્ર, અમારા દુશ્મનો પણ અમને સારી સંપત્તિવાળા વર્ણવે; અમારા મિત્રો તો તેમ કહેશે જ; અમે ઈન્દ્રના આપેલા કલ્યાણમાં વસીએ.

(૭) યજ્ઞની સંપત્તિ રૂપ, માણસોને મદ ચઢાવનાર, સોમની આહુતિને વ્યાપ્ત કરનાર ઈન્દ્ર માટે ત્રણ આહુતિઓવાળો, સોમરસ લાવો—તે સોમ, કે જે વિધિને પ્રાપ્ત કરે છે અને યજમાનને આનંદ આપનાર ઈન્દ્રનો મિત્ર છે.

(૮) હે અનેક કાર્યો કરનાર ઈન્દ્ર, સોમરસનું પાન કરીને તેં વૃત્રોને હણ્યા, વૃત્ર વડે દોરાયેલા શત્રુઓને હણ્યા અને યુદ્ધમાં લડનારાઓનું રક્ષણ કર્યું.

(૯) હે અનેક કાર્યો કરનાર ઈન્દ્ર,[1] યુદ્ધોમાં બળવાન એવા તને અમે પુષ્કળ અન્નવાળો કરીએ છીએ, જેથી અમે સમૃદ્ધિનો ઉપભોગ કરી શકીએ.

(૧૦) સમૃદ્ધિના રક્ષક, મહાન, કાર્યોને સારી રીતે પરિપૂર્ણ કરનાર, યજમાનના મિત્ર, ઈન્દ્ર માટે મંત્રગાન કરો.

---

૧. સાયણ ૧, ૪૮ માં वाजिनम् નો અર્થ 'યુદ્ધોમાં લડનાર' કરે છે, અને તેના પછીના મંત્રમાં તે જ શબ્દનો અર્થ 'યુદ્ધોમાં બળવાન' કરે છે; वाजेषु वाजिनं वाजयाम: માં તે वाज ના ત્રણ અર્થો લે છે : યુદ્ધ, બળ અને અન્ન. સાયણની પદ્ધતિની હેતુપૂર્વકની અસંગતતા આમાં સ્પષ્ટ જણાઈ આવે છે.

મેં બંને અર્થોના અનુવાદો આપ્યા છે, જેથી વાચક બંને પદ્ધતિઓની તુલના કરી શકે. હું તેવી સમજૂતી માટે સાયણના અર્થો ઘણી વાર કૌંસમાં આપું છું. સંસ્કૃત નહિ જાણતો વાચક પણ આ એક જ દૃષ્ટાંત પરથી સમજી શકશે કે વેદનો અર્થ કરવામાં આધુનિક વિવેચનાયુકત મન સાયણને ભરોસાપાત્ર પ્રમાણ રૂપ કેમ ગણતું નથી.

ભાષ્ય

વિશ્વામિત્રના પુત્ર મધુચ્છંદસ્ સોમયાગમાં પ્રકાશયુકત મનના સ્વામી ઈન્દ્રને, પ્રકાશ-વૃદ્ધિ માટે, આવાહન કરે છે. સૂકતનાં પ્રતીકો સામૂહિક યજ્ઞનાં પ્રતીકો છે. તેનો વિષય છે અમૃતત્વને પ્રાપ્ત કરાવનાર સોમરસના પાન વડે શકિતમાં વૃદ્ધિ અને ઈન્દ્રમાં આનંદની પ્રાપ્તિ, અને તેને પરિમામે માનવના અસ્તિત્વમાં પ્રકાશ કે જે આંતરિક જ્ઞાનના અવરોધોને દૂર કરે છે, અને માનવી મુકત મનનાં ઉચ્ચતમ તેજોને પ્રાપ્ત કરે છે.

પણ કોઈક વાર અમૃત (ગ્રીક-એમ્બ્રોસિયા) કહેવાતો આ સોમરસ કયી ચીજ છે, કે જેને અમૃતત્વનો જ પદાર્થ હોય તેમ વર્ણવવામાં આવ્યો છે? તે દિવ્ય આનંદનું પ્રતીક છે, આનંદનું તત્ત્વ છે, જેમાંથી માનવનું–માનસિક અસ્તિત્વનું સત્ ખેંચી કાઢવામાં આવ્યું છે, એમ વૈદિક ઋષિઓ માને છે. નિગૂઢ આનંદ અસ્તિત્વનો પાયો છે, તેને ટકાવી રાખતું વાયુમંડળ છે, લગભગ તેનો પદાર્થ છે. તૈત્તિરીય ઉપનિષદમાં આ આનંદને આનંદનું આકાશ કહીને વર્ણવ્યું છે, જેના વગર કોઈ પણ પ્રાણી અસ્તિત્વ ટકાવી શકે નહિ. ઐતરેય ઉપનિષદમાં કહ્યું છે કે ચન્દ્રનો દેવ, સોમ વિરાટ-પુરુષના ઈન્દ્રિય-મનમાંથી જન્મેલો વર્ણવાયો છે; અને જ્યારે માનવની ઉત્પત્તિ થઈ, ત્યારે માનવના અસ્તિત્વમાં રહેલી ઈન્દ્રિય-માનસિકતા રૂપે વર્ણવાયો છે. કારણ કે આનંદ એ ઈન્દ્રિય-સંવેદનાનો હેતુ છે, અથવા તો આપણે એમ કહી શકીએ કે સંવેદના એ અસ્તિત્વના ગૂઢ આનંદને શારીરિક ચેતનામાં પ્રગટ કરવાનો પ્રયાસ છે. પણ ઘણી વાર અદ્રિ-પર્વત-પથ્થર-ઘન પદાર્થ રૂપે વર્ણવાયેલી શારીરિક ચેતનામાં દિવ્ય પ્રકાશ તથા દિવ્ય આનંદ બંને નિગૂઢ રહેલા-પુરાયેલા છે, અને તે બંનેને તેમાંથી મુકત કરવાના હોય છે અથવા ખેંચી કાઢવાના હોય છે. ઈન્દ્રિય-પદાર્થોમાં તથા ઈન્દ્રિય-અનુભૂતિઓમાં આનંદ રસ રૂપે, સારભાગ રૂપે રહેલો છે, તે પૃથ્વી-સ્વભાવની ઔષધિઓમાં તથા વૃક્ષોમાં પણ રસ રૂપે રહેલો છે, અને આ વૃદ્ધિઓમાં રહેલો રહસ્યમય સોમરસ બધી ઈન્દ્રિય-ક્રિયાઓ તથા તેમના ઉપભોગની પાછળ રહેલા દિવ્ય આનંદરસનું પ્રતીક છે. તેને ગાળવાનો હોય છે, ગાળ્યા પછી તેનું શુદ્ધીકરણ કરવાનું હોય છે, જેને પરિણામે તે આનંદરસ પ્રકાશયુકત, વેગયુકત, શકિતયુકત બને—ગોમત્, આશુ, યુવાકુ. તે દેવોનું મુખ્ય ભોજન છે; સોમયાગમાં બોલાવાયેલા દેવો તે આનંદનો ભાગ પ્રાપ્ત કરે છે; અને તે આનંદથી પ્રાપ્ત થયેલી શકિત વડે માનવીમાં ઉચ્ચતમ શકયતાઓની વૃદ્ધિ કરે છે, તેને ઊર્ધ્વમાં લઈ જાય છે, તેને પરમ અનુભૂતિઓ માટે સમર્થ બનાવે છે. જે લોકો તેમના દ્વારા પ્રાપ્ત થયેલા આનંદનું દેવોને સમર્પણ કરતા નથી, તેને પોતાની ઈન્દ્રિયો

તથા નિમ્નતર જીવન માટે રાખી મૂકવાનું પસંદ કરે છે, તેઓ દેવ-પૂજકો નથી, પણ પણિઓ છે. ઇન્દ્રિય-ચેતનાના સ્વામીઓ છે, તેની મર્યાદિત ક્રિયાઓમાં સોદાબાજી કરનારા છે; તેઓ રહસ્યમય સોમરસને વાટીને કાઢતા નથી, પવિત્ર હોમ કરતા નથી, પુનિત મંત્રનું ઉચ્ચારણ કરતા નથી. તેઓ પણિઓ છે, કે જેઓ આપણાં પ્રકાશમય ચેતનાનાં કિરણોને—સૂર્યની પ્રકાશયુકત ગાયોને ચોરી લે છે, અને તેમને અવચેતનાની ગુફામાં, પદાર્થ-તત્ત્વના ઘટ્ટ અદ્રિમાં પૂરી રાખે છે; જ્યારે સ્વર્ગની કૂતરી, પ્રકાશમય પ્રેરણારૂપ સરમા પણિઓની ગુફાના માર્ગને શોધતીશોધતી ત્યાં આવી ચઢે છે, ત્યારે પણિઓ તેને પણ લલચાવીને દૂષિત કરે છે.

પણ આ સૂકતમાંનો વિચાર આંતર વિકાસની તે ભૂમિકાનો છે કે જ્યારે સાધક પણિઓને વટાવી ગયો છે. અને જ્યારે આપણી પૂર્ણ શકિતઓનો તથા ક્રિયાઓનો અવરોધ કરનાર વૃત્રોને તથા પ્રકાશને ઢાંકી દેનાર વલને પણ તે વટાવી ગયો છે. પણ ત્યારેય આપણી પૂર્ણતાના માર્ગને રોકનાર શકિતઓ ઊભી હોય છે. તે મર્યાદિતતાઓની અથવા નિંદા કરનારાઓની શકિતઓ છે, જે કિરણોનો તથા શકિતઓનો પૂરો અવરોધ કર્યા સિવાય, સતત આપણી આત્માભિવ્યકિતની ન્યૂનતાઓને સારી ગણાવવા પ્રયત્ન કરે છે અને સાધેલી પ્રગતિમાં સંતોષ પામી ભાવિમાં આવનારી ઉચ્ચતર પ્રગતિને અટકાવે છે. મધુચ્છંદસ્ તે ન્યૂનતાને દૂર કરવા માટે ઇન્દ્રનું આવાહન કરે છે, અને વૃદ્ધિ પામતા પ્રકાશ માટે પ્રાર્થના કરે છે.

ઇન્દ્ર જ્ઞાનતંતુઓની ચેતનાની મર્યાદાઓથી તથા અસ્પષ્ટતાઓથી મુકત મન-શકિતનો પ્રતિનિધિ છે. આ પ્રકાશયુકત બુદ્ધિ જ્ઞાનતંતુઓના આવેગોથી તથા ઇન્દ્રિયોનાં અનૃતોથી વિકૃત થવા દીધા સિવાય, વિચાર અથવા ક્રિયાનાં યોગ્ય અથવા પરિપૂર્ણ સ્વરૂપોનું નિર્માણ કરે છે. તે માટે ગાયોના દોગ્ધાને પુષ્કળ દૂધ આપતી ગાયનું રૂપક વાપરવામાં આવ્યું છે. સંસ્કૃતમાં गो શબ્દનો અર્થ ગાય તથા કિરણ બંને થાય છે. વૈદિક ઋષિઓ તે શબ્દના રૂપકને આ બંને અર્થોમાં વાપરતા; તેમને મન એ માત્ર રૂપક જ ન હતું, કારણ કે તેમને મન પ્રકાશ માત્ર વિચારનું કાવ્યમય પ્રતીક જ ન હતું પણ વિચારનું સ્થૂલ-ભૌતિક રૂપ પણ હતું. આમ દોહન કરાતી ગાયો દર્શનાયુકત, આંતર પ્રેરણાયુકત મનના દેવ સૂર્યની ગાયો છે, અથવા સૂર્યના તેજને પ્રગટ કરતી ઉષા દેવીની ગાયો છે. ઋષિ એવી કામના કરે છે કે ઇન્દ્ર તેની ક્રિયાને વધારે પરિપૂર્ણ બનાવીને અભિમુખ મન પર સમૃદ્ધ કિરણો વરસાવીને, તેનામાં રહેલા ઋતના પ્રકાશમાં વૃદ્ધિ કરે.

વિશુદ્ધ પ્રકાશમય બુદ્ધિનું કાર્ય આપણામાં રહેલા દિવ્ય અસ્તિત્વના

તથા દિવ્ય ક્રિયાના આનંદને—સોમને સભાનપણે અભિવ્યકત કરવાથી, ટકી રહે છે અને વૃદ્ધિને પામે છે. જેમ જેમ બુદ્ધિ તે સોમના આનંદનું પાન કરે છે, તેમ તેમ તેનું કાર્ય પ્રેરણાનો મદપૂર્ણ આનંદ બને છે, જેના વડે કિરણો ખૂબ પ્રમાણમાં આનંદપૂર્વક આપણી અંદર વરસે છે. 'હે ઇન્દ્ર, પ્રકાશદાન એ તારા આનંદનો મદ છે.'

ત્યારે જ વૃત્રો જેમના પર આગ્રહ રાખે છે તે મર્યાદાઓને વટાવી જઈને, પ્રકાશમય બુદ્ધિને શકય હોય તેવી જ્ઞાનની અંતિમતાઓને કંઈક પ્રમાણમાં પ્રાપ્ત કરી શકાય છે. સુમતિનો અર્થ છે સત્ય વિચારો, સત્ય સંવેદનાઓ, કારણ કે વૈદિક मतिમાં માત્ર વિચારોનો જ નહિ, પણ આપણા માનસની લાગણીઓનો પણ સમાવેશ થાય છે. સુમતિ વિચારોમાં પ્રકાશ છે; તે આત્મામાં તેજયુકત આનંદ અને ભલમનસાઈ પણ છે. પણ આ સૂકતમાં માગણીઓ પર નહિ, પણ સત્ય વિચારના અર્થ પર ભાર મૂકવામાં આવ્યો છે. પણ છતાંયે પ્રાપ્ત કરેલી ચેતનાના ક્ષેત્રમાં, સત્ય વિચારમાં પ્રગતિ શરૂ થવી જોઈએ; તેમાં માત્ર ચમકારા અને આંજી નાખે તેવા આવિષ્કારો ન હોવા જોઈએ; કારણ કે તે આપણી શકિતઓની પકડમાં આવતા નથી, અને પરિણામે યોગ્ય રૂપોમાં અભિવ્યકત કરી શકતા નથી અને આપણા અભિમુખ મનને ગૂંચવાડામાં નાખી દે છે. ઇન્દ્ર માત્ર પ્રકાશનો દાતા જ નહિ, પણ યોગ્ય વિચાર-ઘાટોનો ઘડવૈયો પણ હોવો જોઈએ—सुरूपकृत्नु.

પછી ઋષિ સામૂહિક યોગના પોતાના સાથીદાર સાધકને અથવા તો પોતાના મનને ઉદ્દેશીને, તેને વિરોધી સૂચનોના અવરોધની પાર જવા માટે પ્રોત્સાહન આપે છે; તેને દિવ્ય બુદ્ધિને પ્રશ્ન કરીને ઉચ્ચતમ કલ્યાણ તરફ પ્રગતિ સાધવાનું કહે છે, કે જે પ્રગતિ તેણે બીજાઓને સધાવી છે. કારણ કે દિવ્ય બુદ્ધિ જ સ્પષ્ટતાપૂર્વક વિવેક કરી શકે છે, અને હજી રહેલા ગૂંચવાડાને તથા અસ્પષ્ટતાને દૂર કરી શકે છે. તે બુદ્ધિ વેગયુકત ગતિવાળી, ઉત્કટ, શકિતપૂર્ણ હોય છે; ઇન્દ્રિય-ચેતનાના આવેગોની પેઠે, તે, પોતાની શકિતને લઈને, માર્ગમાં લથડાતી નથી, તેને ઠેસ વાગતી નથી. અથવા પોતાની અજેય શકિતને કારણે, તે વૃત્રોના અથવા વલના (મર્યાદિત કરતી શકિતઓના) હુમલાઓને તાબે થતી નથી.

પછી સાધક જે પરિણામો પ્રાપ્ત કરવાની અભીપ્સા સેવે છે, તેમનું વર્ણન કરવામાં આવ્યું છે. માનસિક જ્ઞાનની અંતિમતાઓનો આ પ્રકાશ પૂર્ણપણે ઉદય પામે, એટલે મર્યાદિત કરનારી શકિતઓ, સંતોષ પામીને, પોતાની મેળે જ ખસી જાય છે, સાધકની નવીન પ્રકાશયુકત ક્રિયાઓમાં તથા આગળ પ્રાપ્ત કરવાની પ્રગતિમાં પોતાની સંમતિ આપે છે. સારાંશમાં તે કહે છે કે,

"હા, હવે અત્યાર સુધી અમે જેનો વિરોધ કરતા હતા, તે અધિકાર તમે મેળવ્યો છે. માત્ર તમે જિતી લીધાં છે એ ક્ષેત્રોમાં જ નહિ, પણ બીજાં તદ્દન નવીન ક્ષેત્રોમાં એ હવે તમે તમારી વિજયી યાત્રા આગળ ધપાવો. આ ક્રિયાને તમે સંપૂર્ણપણે દિવ્ય બુદ્ધિને સોંપી દો, તમારી નિમ્ન શકિતઓને નહિ; કારણ કે વધારે સમર્પણ કરવાથી વધારે અધિકાર મળે છે."

आरत શબ્દનો અર્થ છે-- ગતિ કરો, પ્રયત્ન કરો. તેના જેવા બીજા શબ્દો अरि, अर्य, आर्य, अरत, अरणि ની પેઠે, તે શબ્દ વેદના કેન્દ્રસ્થ વિચારનો દ્યોતક છે. अर् ધાતુમાં પ્રયત્નપૂર્ણ ગતિ, સંઘર્ષ, ઉચ્ચતાની અથવા સુભગતાની સ્થિતિ— એ બધા અર્થો હાજર છે. તે ધાતુ—હલેસાં મારવાં, ખેડવું, લડવું, ઊંચકવું, આરોહણ કરવું, એ બધી ક્રિયાઓને સૂચવે છે. અર્થાત્, આર્ય એવો માણસ છે કે જે આંતર તેમ જ બાહ્ય વૈદિક કર્મ દ્વારા (कर्म, अपस्) દેવોને માટે કરાતા યજ્ઞ દ્વારા, પોતાને પરિપૂર્ણ બનાવવા મથતો હોય. પણ તે ક્રિયા માટે યાત્રા-આગેકૂચ-યુદ્ધ-આરોહણનાં રૂપકો પણ વપરાયાં છે. આર્ય હમેશાં ઊંચાઈ પર જવા મથે છે, યાત્રામાં અથવા આરોહણમાં આગેકૂચ કરે છે. તેમાં તેની આર્યતા છે, (ગ્રીક શબ્દ Arete, સદ્ગુણ તે જ ધાતુમાંથી બન્યો છે). आरत વગેરે શબ્દોનો અર્થ થાય— બહાર પડો અને બીજાં ક્ષેત્રોમાં આગળ ધપો.

વેદમાં શબ્દ-ધ્વનિ વડે વિચાર-સંબંધો સૂચિત કરવામાં આવે છે; તે સૂક્ષ્મ રીત પ્રમાણે પછીના મંત્રમાં अरि: कृष्टय: નું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું છે. મારા મત પ્રમાણે, આ પૃથ્વી પરનાં આર્ય રાષ્ટ્રો નથી--જો કે સામૂહિક અથવા રાષ્ટ્રીય યોગનો વિચાર લઈએ, તો તે અર્થ પણ સંભવિત બને છે; પણ માનવના આરોહણમાં મદદ કરતી શકિતઓ, તેના આધ્યાત્મિક ભાઈઓ-સંબંધીઓ-સાથીદારો-સમાન જોતરે જોડાયેલા મિત્રો છે (सखाय:, युज:, जामय:), કારણ કે તેની અભીપ્સા એ તેમની પણ અભીપ્સા છે; અને તે પરિપૂર્ણ બને એટલે તેમને પણ પરિપૂર્ણતા મળવાની છે, જેવી રીતે વૃત્રો સંતુષ્ટ બનીને પોતાની મેળે ચાલ્યા જાય છે, તેમ આ સાથીદારો પણ સંતુષ્ટ બનીને માનવી આનંદની પરિપૂર્ણતા દ્વારા સિદ્ધ થયેલા કાર્યને ટેકો આપે છે. તેની સ્તુતિ કરે છે—જ્યારે જીવ પ્રકાશ સાથે આવતી ઈન્દ્રની શાન્તિમાં આરામ કરે છે, પરિપૂર્ણ બનેલી ચેતના અને આનંદનાં શિખરો પર સ્થિતિ કરેલા, પરિપૂર્ણ બનેલા માનસની શાન્તિમાં આનંદ માણે છે.

તેથી દિવ્ય આનંદને રેલાવીને, તેને આધારમાં વેગપૂર્ણ અને ઉત્કટ બનાવવાનો છે, ઈન્દ્રને, તેની ઉત્કટતાઓ ટકી રહે તે માટે, તે સોમરસ આપવાનો હોય છે. આ આંતર સંવેદનાઓમાં વ્યકત થતો ગહન આનંદ હર્ષને આપે છે, કે જેના વડે માનવી તથા દેવ બળવાન બને છે. દિવ્ય બુદ્ધિ હજી, બાકી રહેલી

યાત્રામાં ઝડપી ગતિ કરવા હવે સમર્થ બનશે, અને મિત્ર અથવા દેવ પર અવતરણ કરતા આનંદની તાજી નવીન શકિતઓનું બદલામાં પ્રદાન કરશે.

આ બળ પ્રાપ્ત કરીને, માનવનું દિવ્ય મન વૃત્રોનો, વલોનો, તેમની સેંકડો સંકલ્પની તથા વિચારોની ક્રિયાઓનો સંહાર કરવા સમર્થ બન્યું હતું; અત્રિઓ તથા દસ્યુઓ પાસેથી યુદ્ધ કરીને જિતાયેલી અનેક પ્રકારની સમૃદ્ધિઓનું રક્ષણ કરવા ઇન્દ્ર, તે જ સોમરસના બળને મેળવીને, સમર્થ થયો હતો.

મધુચ્છંદસ્ આગળ કહે છે કે આ પ્રમાણે સમૃદ્ધ તથા અનેક રીતે સંચિત બનેલી બુદ્ધિને તથા તેના પ્રાચુર્યની શકિતને અમે હજી પણ, વૃત્રોને તથા વલોને દૂર કરીને વધારે વૃદ્ધિ પમાડવા માગીએ છીએ, જેથી અમને અમારી સમૃદ્ધિ પર પૂરેપૂરો નિશ્ચિત કબજો મળે.

આ પ્રકાશ તેના મહિમામાં મર્યાદાઓથી મુકત છે, સુખનો ખંડ (ભૂમિ) છે; તે શકિત માનવની મૈત્રી કરીને, યુદ્ધમાં તેને સલામત રાખે છે, અને યાત્રા પૂરી કરાવીને તેની અભીપ્સાના શિખરે પહોંચાડે છે.

ઇન્દ્ર અને વિચાર-શકિતઓ

ઋગ્વેદ ૧, ૧૭૧

प्रति व एना नमसाहमेमि सूक्तेन भिक्षे सुमतिं तुराणाम् ।
रराणता मरुतो वेद्याभिर्नि हेलो धत्त वि मुचध्वमश्वान् ।।१।।

(૧) હું તમારા પ્રત્યે નમન વડે આવું છું; વેગપૂર્ણ ગતિવાળા મરુતો પાસેથી હું પરિપૂર્ણ શબ્દ વડે સત્ય માનસની યાચના કરું છું. હે મરુતો, જ્ઞાનની વસ્તુઓમાં આનંદ પ્રાપ્ત કરો, ક્રોધ બાજુએ મૂકી દો, અશ્વોને છોડો.

एष वः स्तोमो मरुतो नमस्वान् हृदा तष्टो मनसा धायि देवाः ।
उपेमा यात मनसा जुषाणा यूयं हि ष्ठा नमस इद् वृधासः ।।२।।

(૨) હે મરુતો, આ નમન-યુકત તમારી સ્તુતિ છે. હે દેવો, હૃદય વડે તે ઘડાઈ હતી, મન વડે તે પ્રતિષ્ઠિત થઈ હતી. મારા શબ્દો પ્રત્યે આવો, મન વડે તેમને આલિંગન આપો, કારણ કે તમે[1] નમનની વૃદ્ધિ કરનારા છો.

स्तुतासो नो मरुतो मृलयन्तूत स्तुतो मघवा शंभविष्ठः ।
ऊर्ध्वा नः सन्तु कोम्या वनान्यहानि विश्वा मरुतो जिगीषा ।।३।।

(૩) સ્તુતિ કરાયેલા મરુતો અમારા પર કૃપા કરો; સ્તુતિ કરાયેલો ઇન્દ્ર (પ્રાચુર્યનો સ્વામી) ખૂબ કલ્યાણકારી બનો. હે મરુતો અમારા અભીષ્ટ આનંદો[2] ઊર્ધ્વમાં ચઢો; જયના સંકલ્પ વડે અમારા બધા દિવસો ઊર્ધ્વમાં ચઢો.

---

૧. સાયણ नमस्‌નો અર્થ અન્ન કરે છે; કારણ કે 'નમનની વૃદ્ધિ કરનારા' એ અર્થ તેમને અશકય લાગે છે. તે શબ્દના સ્થૂલ અર્થ 'નમન' ની પાછળ, માનસશાસ્ત્રીય અર્થ 'સમર્પણ' પણ હાજર છે, એ સ્પષ્ટ છે.

૨. वनाति શબ્દના બંને અર્થો છે— વનો તથા ઉપભોગો-આનંદો. वन વિશેષણનો અર્થ છે 'ઉપભોગ કરવા યોગ્ય.' વેદમાં તેનો સામાન્ય અર્થ છે શારીરિક અસ્તિત્વની સુખપ્રદ વૃદ્ધિઓ—रोमा पृथिव्याः ।

अस्मादहं तविषादीषमाण इन्द्राद् भिया मरुतो रेजमानः ।
युष्मभ्यं हव्या निशितान्यासन् तान्यारे चकृमा मृलता नः ।।४।।

(૪) હે મરુતો, બળવાન ઈન્દ્ર વડે શાસન કરાયેલા, તેના ભયથી ધ્રૂજતા, મે તમારે માટે તીવ્ર બનાવેલાં હવ્યોને દૂર રાખી મૂકયાં છે. મારા પર કૃપા કરો.

येन मानासश्चितयन्त उस्रा व्युष्टिषु शवसा शश्वतीनाम् ।
स नो मरुद्भिर्वृषभ श्रवो धा उग्र उग्रेभिः स्थविरः सहोदाः ।।५।।

(૫) જેના વડે, પ્રભાતકાળમાં સતત ઉષાઓની પ્રકાશમય શકિતથી,[1] અમારા મનની ગતિઓ સચેતન અને પ્રકાશયુકત બને છે એવા, હે ગાયોના ધણના[2] સ્વામી, અમારાં મરુતો વડે પ્રેરણાયુકત જ્ઞાનને સ્થાપ; તેમની શકિત વડે તું શકિતમાન, સ્થિર, બલદાતા બને છે.

त्वं पाहीन्द्र सहीयसो नॄन् भवा मरुद्भिरवयातहेलाः ।
सुप्रकेतेभिः सासहिर्दधानो विद्यामेषं वृजनं जीरदानुम् ।।६।।

(૬) હે ઈન્દ્ર, વૃદ્ધિ પામેલા બળવાળી શકિતઓનું[3] તું રક્ષણ કર; તું મરુતો સામેના ગુસ્સાને દૂર કર. સત્ય જ્ઞાનશકિતઓ વડે મરુતો તારું ધારણ કરે છે, તેમના વડે તું શકિતશાળી છે. ઝડપથી ભેદી નાખતા બળવાન આવેગને અમે પ્રાપ્ત કરીએ.

ભાષ્ય

ઈન્દ્ર અને અગસ્ત્યના સંવાદના પરિણામરૂપ આ સૂકત અગસ્ત્યે રચેલું છે. તેમાં તે મરુતોને પ્રસન્ન કરવા માગે છે, કારણ કે વધારે બળવાન ઈન્દ્રની

---

૧. शवासा— વેદમાં બળ-શકિત-વેગવાચક અનેક શબ્દો છે, અને તે દરેકની અર્થછાયા જુદી જુદી હોય છે. शवस् નો અર્થ 'પ્રકાશયુકત શકિત' થાય છે.

૨. સ્ત્રીલિંગનો उस्रा શબ્દ गो શબ્દની પેઠે, ગાય તથા પ્રકાશનું કિરણ સૂચવે છે. उषाः— ઉષા પણ गोमती છે— સૂર્યનાં કિરણોથી યુકત છે. उस्रा वि-उष्टिषुમાં સ્વર-સામ્ય છે. ઋષિઓ સ્પષ્ટ કર્યા સિવાય અમુક અર્થને તે યુકિતથી સૂચવે છે.

૩. नृ શબ્દનો મૂળ અર્થ છે— સક્રિય, વેગયુકત, બલવાન. नृष्णा, नृतमो नृणां— ખૂબ શકિતશાળી—વેદમાં વપરાય છે. પછી તે શબ્દનો અર્થ 'પુરુષ' થયો; પછી પ્રકૃતિની શકિતઓના અધિષ્ઠાતા દેવો માટે नृ શબ્દ વપરાવા લાગ્યો; તે પુરુષ-શકિતઓને સૂચવતો, જ્યારે સ્ત્રી-શકિતઓ માટે ज्ञाः અથવા ज्ञावः શબ્દ વપરાયો છે.

આજ્ઞાથી તેણે મરુતોનો યજ્ઞ બંધ રાખ્યો હતો. આડકતરી રીતે, તે પહેલા મંડલના ૧૬૧ મા સૂકત સાથે વિચારમાં સંબંધિત છે– જેમાં ઇન્દ્ર-મરુતોનો સંવાદ આવે છે. તેમાં સ્વર્પતિ ઇન્દ્રની શ્રેષ્ઠતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે, અને આ ઓછી પ્રકાશ-શકિતવાળા મરુતોને તાબેદાર શકિતઓ તરીકે સ્વીકારવામાં આવ્યા છે, કે જે મરુતો ઇન્દ્રનાં મહાન સત્યો પ્રત્યે ગતિ કરવા માટે માણસોને વેગ આપે છે. તે સંવાદના છેલ્લા મંત્રમાં ઇન્દ્ર મરુતોને આજ્ઞા કરે છે કે તેમના વિવિધ પ્રકાશથી યુકત વિચારોને તમે તમારા પ્રાણની શકિત આપો, તેમને મારાં સત્યોના જ્ઞાન તરફ ગતિમાન કરાવો. હે મરુતો, જ્યારે સાધક કાર્ય માટે સક્રિય બને, અને વિચારકની બુદ્ધિ તેનામાં આપણું સર્જન કરે, ત્યારે તમે તે પ્રકાશયુકત ઋષિ તરફ ગતિ કરો.

આ ઋચાઓ મરુતોના માનસશાસ્ત્રીય કાર્યને સ્પષ્ટ રીતે નિશ્ચિત કરે છે. તેઓ વિચારના નહિ, પણ શકિતના દેવો છે; પણ છતાંયે તેમની શકિતઓ મનમાં અસરકારક બને છે. અશિક્ષિત આર્ય-પૂજક માટે, મરુતો પવનની, ઝંઝાવાતની, વૃષ્ટિની શકિતઓ હતા; તુફાનોનાં વર્ણનો તેમને મોટે ભાગે લાગુ કરવામાં આવે છે, તેમને રુદ્રો-ઉગ્ર આવેગપૂર્ણ કહેવામાં આવે છે, કે જે નામ (રુદ્ર) અગ્નિને—શકિતના દેવને પણ આપવામાં આવે છે. જો કે ઇન્દ્રને મરુતોમાં જ્યેષ્ઠ કહેવામાં આવે છે—इन्द्रज्येष्ठो मरुद्गणः । છતાં પણ વૈદિક પદ્ધતિમાં તેઓ વાયુના લોકમાં આવે છે; વેદમાં વાયુદેવ જીવનનો—પ્રાણનો સ્વામી છે, પ્રાણ અથવા સક્રિય શકિતનો પ્રેરક છે; તે પ્રાણ માણસમાં પ્રાણિક તથા જ્ઞાનતંતુઓની ક્રિયાઓને કરાવે છે. પણ એ તો મરુતોની શરીર-રચનાનો એક ભાગ માત્ર છે. વેગપૂર્ણતાની સાથે સાથે, તેજસ્વિતા તેમનું લક્ષણ છે. તે પોતે, તેમનાં પ્રકાશ-યુકત આયુધો, તેમનાં સુવર્ણ–આભૂષણો, તેમના તેજોયુકત રથો—બધું જ તેજયુકત છે. તેઓ વૃષ્ટિ, જળો, આકાશની સમૃદ્ધિ મોકલી આપે છે, અને નવીન ગતિઓ તથા નવીન રચનાઓ માટે સુસ્થાપિત વસ્તુઓને તોડી-ફોડી ભાંગી નાખે છે; એ કાર્ય તો ઇન્દ્ર, મિત્ર, વરુણ વગેરે બીજા દેવો પણ કરે છે. એટલું જ નહિ, પણ બીજા દેવોની પેઠે, મરુતો ઋતના મિત્રો છે, પ્રકાશના સર્જકો છે. ગોતમ રહૂગણ નામના ઋષિ તે રીતે જ તેમની સ્તુતિ કરે છે : 'હે ઋતના જાજવલ્ય-માન બળવાળા મરુતો, તમારી શકિત વડે તમે તે ઋતને પ્રગટ કરો; તમારી વિદ્યુત વડે તમે રાક્ષસને ભેદી નાખો; સંતાડી દેતા અંધકારને દૂર કરો, દરેક ભક્ષકને પાછો હઠાવી દો, અમે જેની આકાંક્ષા રાખીએ છીએ તે પ્રકાશનું સર્જન કરો.' (૧, ૮૬, ૯-૧૦). બીજા સૂકતમાં અગસ્ત્ય તેમને કહે છે કે 'તેઓ આનંદને પોતાના સનાતન સંતાન તરીકે સાથે રાખે છે, અને જ્ઞાનની ક્રિયાઓમાં તેમની ક્રીડા કરે છે' (૧, ૧૬૬, ૨). એટલે મરુતો માનસની શકિતઓ છે' કે

જે જ્ઞાન ઉત્પન્ન કરે છે. તેમનું ઋત સુસ્થિર ઋત નથી હોતું, પ્રસરેલો પ્રકાશ નથી હોતો; પણ ગતિ, શોધ, વિદ્યુતનો ઝબકારો હોય છે, અને ઋત પ્રાપ્ત થયા પછી તેના જુદા જુદા પ્રકાશોની અનેકવિધ ક્રીડા હોય છે.

આપણે જોયું છે કે અગસ્ત્ય-ઇન્દ્ર સંવાદમાં, અગસ્ત્ય અનેક વાર મરુતોનો ઉલ્લેખ કરે છે. તેઓ ઇન્દ્રના ભાઈઓ છે, અને તેથી ઇન્દ્રે અગસ્ત્ય પર તેની પૂર્ણતા માટેના સંઘર્ષમાં પ્રહાર કરવો જોઈએ નહિ. તે પૂર્ણતા માટે મરુતો અગસ્ત્યનાં સાધનો છે, અને તેથી ઇન્દ્ર તેમનો ઉપયોગ કરવો જોઈએ. એટલે છેલ્લી સમર્પણ તથા સમાધાનની ભૂમિકામાં, અગસ્ત્ય ઇન્દ્રને મરુતો સાથે વાતચીત કરી સંધિ સ્થાપવાની પ્રાર્થના કરે છે, જેથી યજ્ઞ વિધિપૂર્વક આગળ વધે અને દિવ્ય ઋતને પ્રાપ્ત કરે, જે તે યજ્ઞનો હેતુ છે. ઋષિના મન પર આવી પ્રબળ અસર પેદા કરનાર કટોકટી એક ઉગ્ર સંઘર્ષ હતો, જેમાં ઉચ્ચતર દિવ્ય શકિત અગસ્ત્ય તથા મરુતો સામે પ્રગટ થઈ, અને તેમની વેગયુકત આગેકૂચનો તેણે વિરોધ કર્યો. વિશ્વનું નિયમન કરતી દિવ્ય બુદ્ધિ તથા અગસ્ત્યના મનની વેગયુકત અભીપ્સુ શકિતઓ વચ્ચે ક્રોધપૂર્ણ સંઘર્ષ જામ્યો હતો. બંનેની ઇચ્છા હતી કે માનવી અગસ્ત્ય લક્ષ્યને પહોંચે; પણ નિમ્ન કોટિની દિવ્ય શકિતઓ ઇચ્છે તે પ્રમાણે તે આગેકૂચ ન થવી જોઈએ, પણ ઊર્ધ્વની ગૂઢ બુદ્ધિએ દૃઢ સંકલ્પપૂર્વક નક્કી કર્યું તે માર્ગે, કારણ કે તે બુદ્ધિ સ્વામિની છે. જ્યારે પ્રગટ થયેલી બુદ્ધિ હજી શોધ કરી રહી છે. તેથી માનવી પ્રાણીનું મન મહત્તર શકિતઓની યુદ્ધભૂમિ બની ગયું હતું, અને હજી તે પોતાની અનુભૂતિનાં ભય-જોખમથી ધ્રૂજી રહ્યું હતું.

ઇન્દ્રને સમર્પણ થઈ ચૂકયું છે; હવે અગસ્ત્ય મરુતોને સંધિની શરતો સ્વીકારવા માટે પ્રાર્થના કરે છે, જેથી તેના આંતરિક જીવનમાં ફરી સંપૂર્ણ સંવાદ સ્થપાય. મહત્તર દેવને કરેલા સમર્પણ સાથે તે આવે છે, અને પ્રકાશયુકત મરુદ્‌ગણને પણ તે સમર્પણ કરે છે. જે માનસિક સ્થિતિ તથા તેની શકિતઓની પૂર્ણતા તે ઝંખી રહ્યો છે, સ્પષ્ટતા—પ્રામાણિકતા—ઋતદર્શીશકિતને તે માગી રહ્યો છે, તે ઉચ્ચતર જ્ઞાન પ્રત્યે ગતિ કરતી, ઝડપથી સંચરતી, વિચારશકિતઓ સિવાય શકય નથી. પણ ભૂલભરેલી રીતે નિયમન કરાયેલી, યોગ્ય રીતે પ્રકાશિત નહિ કરાયેલી તે ગતિને ઇન્દ્રના ઉગ્ર વિરોધે અટકાવી છે, અને તે ગતિ અગસ્ત્ય-ના મનમાંથી તાત્કાલિક તો ચાલી ગઈ છે; આ રીતે પાછા પડેલા મરુતો અગસ્ત્યને ત્યજીને બીજા યજ્ઞ કરનારાઓ પાસે ગયા છે; તેમના તેજ-યુકત રથો બીજે પ્રકાશે છે, તેમના પવન-પગી અશ્વોની ખરીઓ બીજાં ક્ષેત્રો પર પડઘીઓ પાડે છે. ઋષિ મરુતોને ગુસ્સો ત્યજી દેવા, જ્ઞાન અને તેની ક્રિયાઓની સાધનામાં ફરી એક વાર રસ લેવા માટે પ્રાર્થના કરે છે; અગસ્ત્યને હવે વટાવી

ન જતાં, તેમણે તેમના ઘોડાને ત્યાં છોડવા જોઈએ, નીચે ઊતરીને યજ્ઞના આસન પર બેસવું જોઈએ, અને તેમનો આહુતિનો ભાગ સ્વીકારવો જોઈએ.

અગસ્ત્ય ફરી આ ભવ્ય શકિતઓની સ્તુતિ કરવા તૈયાર છે; તે મરુતો માટે વૈદિક ઋષિઓનો સ્તોમ-સૂકત રચે છે. ભારતી યોગદર્શનમાં જે અંશત: સચવાઈ રહી છે તે રહસ્યવાદીઓની પદ્ધતિમાં, શબ્દ એક શકિત છે, શબ્દ સર્જના કરે છે. કારણ કે સઘળી સૃષ્ટિ એક અભિવ્યકિત છે; દરેક વસ્તુ અનંતના ગૂઢ ધામમાં અસ્તિત્વ ધરાવે જ છે ગુહા હિતમ્, અને સકિય ચેતનાએ તેને અહીં દૃષ્ટિગોચર રૂપમાં માત્ર પ્રગટ કરવાની છે. વૈદિક વિચારની કેટલીક શાળાઓ એમ માને છે કે વાણીએ આ વિશ્વોનું સર્જન કર્યું છે, અને દરેક સ્વરૂપનિર્માણની પહેલાં ધ્વનિ તેના પ્રથમ આકાશીય આકંપન તરીકે પ્રગટ થાય છે. વેદમાં ઘણા મંત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે પવિત્ર મંત્રોના છંદો, અનુષ્ટુભ્, ત્રિષ્ટુભ્, જગતી, ગાયત્રી—એ બધા છંદો વૈશ્વિક ગતિ—જેમાં બધી વસ્તુઓ ઢાળવામાં આવે છે, એવા છંદોનાં પ્રતીક છે.

વ્યકિત દ્વારા આપણે સર્જના કરીએ છીએ, અને એમ પણ કહેવામાં આવ્યું છે કે માનવો મંત્ર વડે દેવોનું પોતાનામાં સર્જન કરે છે. શબ્દ વડે આપણે આપણી ચેતનામાં જેનું સર્જન કર્યું છે, તેને શબ્દ વડે આપણે સુસ્થિર કરીને આપણા ભાગરૂપ બનાવી શકીએ; અને માત્ર આપણા આંતરિક જીવનમાં જ નહિ, પણ બાહ્ય ભૌતિક જગતમાં પણ તેને અસરકારક બનાવી શકીએ. અભિવ્યકિત દ્વારા આપણે રૂપ-નિર્માણ કરીએ છીએ; તેને સ્થિરતાથી ધારણ કરવા વડે આપણે તેને પ્રતિષ્ઠિત કરીએ છીએ. અભિવ્યતિકની શકિત તરીકે શબ્દ ગિર્ અથવા વચસ્ કહેવાય છે; ધારણાની શકિત તરીકે શબ્દ સ્તોમ કહેવાય છે. તે બંને સ્વરૂપોમાં તે મન્મ અથવા મંત્ર કહેવાય છે; મનમાં વિચારની અભિવ્યકિતને મન્મ અથવા મંત્ર કહે છે, જ્યારે હૃદય અથવા આત્માની અભિવ્યકિતને બ્રહ્મન્ કહેવાય છે. મૂળ બ્રહ્મન્[1] શબ્દનો એ અર્થ હતો, પાછળથી તે પરમાત્મા અથવા વૈશ્વિક સત્ના અર્થમાં વાપરવામાં આવ્યો.

મંત્રની રચનાની પ્રક્રિયાને તથા તેની અસરકારકતાની શરતોને બીજી ઋચામાં વર્ણવવામાં આવ્યાં છે. અગસ્ત્ય મરુતો સમક્ષ સ્તોમ—ધારણાનું તથા સમર્પણનું સૂકત ગાય છે. હૃદય વડે રચાયેલા તે સ્તોમ, મન વડે કરાયેલી

---

૧. તેને માટે બૃહ શબ્દ પણ વપરાય છે, જેમ કે બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ; વધારે પ્રાચીન રૂપો બૃહન્ અને બ્રહન્ પણ મળી આવે છે. બ્રહન્ (બ્રહનસ્)માંથી ગ્રીક Phren (ફ્રેન), Phrenos (ફ્રેનોસ) શબ્દો બન્યા છે, જેમનો અર્થ છે--મન.

ધારણા દ્વારા, માનસમાં પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે છે. મંત્ર મનમાં વિચારને અભિવ્યકત કરતો હોવા છતાં, તાત્ત્વિક રીતે બુદ્ધિનું સર્જન નથી. પવિત્ર અને અસરકારક શબ્દ બનવા માટે, તેણે ઋતમાંથી—પાર-માનસિક ભૂમિકામાંથી પ્રેરણા રૂપે પ્રગટવું જોઈએ; અને ઉપરની—ઉપરછલ્લી ચેતનાએ તેનો સ્વીકાર હૃદય દ્વારા અથવા પ્રકાશમય બુદ્ધિ દ્વારા કરેલો હોવો જોઈએ– મનીષા. વૈદિક માનસશાસ્ત્રમાં હૃદય એ માત્ર લાગણીઓનું સ્થાન નથી; તે સાહજિક માનસના વિશાળ પ્રદેશને આવરી લે છે, કે જેમાંથી સંવેદનાઓ, લાગણીઓ, સહજ વૃત્તિઓ, આવેગો, આંતરદર્શનાઓ તથા આંતર પ્રેરણાઓ જન્મે છે, જે પ્રદેશ આપણી અવચેતનાની બહુ નિકટનો છે, અને બુદ્ધિમાં તેમનું સ્વરૂપ-નિર્માણ થાય ત્યાર પહેલાં, તેમને બધી સ્થિતિઓમાંથી પસાર થવાનું હોય છે. વેદનું તથા વેદાન્તનું હૃદય તે આ છે; તેને हृद् અથવા ब्रह्मन् પણ કહેવામાં આવે છે. માનવ-જાતિની અત્યારની સ્થિતિમાં પુરુષ કેન્દ્ર રૂપે ત્યાં બેઠેલો મનાય છે. માનવ હજી તે ઉચ્ચતર ભૂમિકાને પહોંચ્યો નથી, જ્યાં અનંત સાથેનો તેનો સંપર્ક પ્રકાશમય, નિકટ અને સીધોસટ હોય; એટલે અવચેતનાની ખૂબ નજીકમાં, ત્યાં–હૃદયમાં વિરાટ આત્માની પ્રેરણાઓ ખૂબ સહેલાઈથી પ્રવેશ કરી શકે છે, અને ખૂબ ઝડપથી વ્યકિતના આત્મા પર પ્રભુત્વ મેળવી શકે છે. તેથી હૃદયની શકિતથી મંત્રનું સ્વરૂપ-નિર્માણ થાય છે. પણ તેનો સ્વીકાર કરીને, તેનું બુદ્ધિના વિચારમાં તેમ જ હૃદયની દર્શનાઓમાં ધારણ કરવાનું હોય છે; કારણ કે જ્યાં સુધી બુદ્ધિએ તેનો સ્વીકાર કરી તેના પર મનન કર્યું હોતું નથી, ત્યાં સુધી શબ્દનું સત્ય જે વિચારના સત્યને વ્યકત કરવા માગે છે તે વિચાર-સત્ય દૃઢપણે પોતાનું બનાવી શકાતું નથી અથવા સામાન્ય રીતે અસરકારક બનાવી શકાતું નથી. હૃદય તેની રચના કરે છે, મન તેને સુસ્થિર બનાવે છે.

પણ બીજી એક વાતની જરૂર છે. વ્યકિતના મને તેનો સ્વીકાર કર્યો છે; પણ વિશ્વની અસરકારક શકિતઓએ પણ તેનો સ્વીકાર કરવો જોઈએ. મને પોતાનામાં રાખેલા સૂકતના શબ્દોથી નવીન માનસિક વલણનો પાયો રચે છે, જેમાંથી ભાવિની વિચાર-શકિતઓને આગળ વધવાનું હોય છે. મરુતોએ તેમના પ્રત્યે આવી તેમના પર સ્થિતિ કરવી જોઈએ; આ વૈશ્વિક શકિતઓના મને તેમાં સંમતિ આપવી જોઈએ, અને વ્યકિતના મનમાંનાં સ્વરૂપ-નિર્માણો સાથે એકતા સાધવી જોઈએ. તે રીતે જ આપણું આંતરિક અથવા બાહ્ય કાર્ય પરમ કાર્ય-સાધકતાને પ્રાપ્ત કરે છે.

મરુતોને હવે સ્વીકૃતિ—મંજૂરી ન આપવાનું તથા વિસંવાદને ચાલુ રાખવાનું કોઈ કારણ નથી. દિવ્ય શકિતઓને પોતાને પણ અંગત આવેગ કરતાં એક વધારે મહાન કાયદાનું પાલન કરવાનું હોય છે. જેમ તેમનો સ્વભાવ

છે, તેમ તેમનું એ કાર્ય પણ છે કે તેમણે માનવીના અમર પરમાત્માને કરાતા સમર્પણમાં સહાય કરવી, તેમની ઋતની આજ્ઞાધીનતામાં વૃદ્ધિ કરવી, માનવી શકિતઓ જેની અભીપ્સા સેવે છે તે ઋત પ્રત્યે—વિશાળ પ્રત્યે માનવીની આજ્ઞાધીનતાને વધારવી.

એક વાર ઈન્દ્રની સ્તુતિ અને સ્વીકૃતિ થાય, એટલે માનવી સાથેનો તેનો સંબંધ દુ:ખનું કારણ બનતો નથી; હવે તેનો દિવ્ય સ્પર્શ શાન્તિ અને આનંદનું સર્જન કરે છે. સ્તુતિ તથા સ્વીકૃતિ કરાયેલા મરુતોએ પણ હવે તેમનો વિરોધ ત્યજી દેવાનો રહે છે. હવે તેમણે સૌમ્ય રૂપો ધારણ કરીને, કાર્યમાં કલ્યાણકારી બનીને, જીવને પ્રયાસ અને વિક્ષેપ દ્વારા આગળ દોરવાનો હોતો નથી, તેમણે પણ તદ્દન ભદ્ર અને બળવાન સાધનો બનવાનું છે.

આ સંપૂર્ણ સંવાદ સ્થપાઈ જાય; એટલે અગસ્ત્યનો યોગ, તેને માટે નિયત થયેલા, નવા, સીધા માર્ગ પર વિજયી આગેકૂચ કરશે. ભેદમય, અહંતાપૂર્ણ સંવેદના-લાગણી-વિચાર-ક્રિયાના સામાન્ય જીવન કરતાં વધારે ઉચ્ચ ભૂમિકામાં આરોહણ કરવું, એ યોગનો હેતુ છે. દરેક વિઘ્ન અને વિક્ષેપનો સામનો તે જ બળવાન સંકલ્પ વડે કરીને, સાધકે હમેશાં વિજય પ્રાપ્ત કરવા માટે યોગના માર્ગમાં આગળ વધવાનું છે. પણ તે પૂર્ણ આરોહણ—ઊર્ધ્વીકરણ હોવું જોઈએ. માનવી જેની કામના કરે છે તે બધાં સુખો, તેની જાગ્રત ચેતનાની બધી સક્રિય શકિતઓ, વેદમાં રૂપકમય વાણીમાં કહ્યું છે તેમ—તેના 'દિવસો' આ ઉચ્ચતર ભૂમિકા પર ઊર્ધ્વીકૃત થવાં જોઈએ. બધાં વનાનિ નો અર્થ છે—સર્વ હેતુઓમાં—ક્રિયાઓમાં આનંદને શોધતી, અભિમુખ સંવેદનાઓ, કે જે આનંદની શોધ કરવા માટે તેમનું અસ્તિત્વ છે. આ બધાનો પણ અંતર્ભાવ કરી લેવામાં આવ્યો છે—તેમને નકારવામાં નથી આવી. કશાનો અસ્વીકાર કરવાનો નથી; સર્વનું દિવ્ય ચેતનાની શુદ્ધ ભૂમિકાઓ પર ઊર્ધ્વીકરણ કરવાનું છે.

પહેલાં અગસ્ત્યે મરુતો માટે બીજી પરિસ્થિતિઓમાં યજ્ઞની તૈયારી કરી હતી. જે વિચાર-શકિતઓને તે પોતાની સઘળી શકયતાઓનું સમર્પણ કરવા માગતા હતા, તે તેમણે પોતાની જાતને સોંપી દીધી હતી. તે ન્યૂનતાને લઈને તેમના યજ્ઞમાં મહાન શકિતશાળી ઈન્દ્ર શત્રુ બનીને વચ્ચે આવ્યા. ભય અને ઉગ્ર દુ:ખ પામ્યા પછી જ તેમની આંખો ઊઘડી, અને તેમના આત્માએ સમર્પણ કર્યું. તે અનુભૂતિની માગણીઓથી હજી તે કંપતા હતા; તેમણે જે ક્રિયાઓ માટે આટલી જબ્બર તૈયારી કરી હતી, તે બધી તેમને છોડી દેવી પડી. હવે તે ફરી મરુતો માટે યજ્ઞ કરે છે, પણ તે તેજયુકત નામ સાથે હવે તે વધારે બળવાન ઈન્દ્રને સંયુકત કરે છે. એટલે હવે મરુતોએ, યજ્ઞમાં વિક્ષેપ પડવાને કારણે, ગુસ્સો ન કરવો જોઈએ, પણ આ નવીન, વધારે યોગ્ય રીતે

દોરવણી પામેલા, કાર્યનો સ્વીકાર કરવો જોઈએ.

છેલ્લી બે ઋચાઓમાં અગસ્ત્ય મરુતોને છોડીને ઇન્દ્ર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મરુતો માનવીના માનસનો વિકાસશીલ પ્રકાશ છે; અવચેતનાના અંધકારમાંથી બહાર આવતી, મનની પ્રાથમિક અસ્પષ્ટ ગતિઓના તેઓ પ્રતિનિધિ છે; ધીમે ધીમે તેમનું અસ્તિત્વના પ્રતિનિધિરૂપ ઇન્દ્ર-પુરુષની પ્રકાશમય ચેતનામાં રૂપાંતર થઈ જાય છે, પહેલાં અસ્પષ્ટ હતા, તે મરુતો હવે સચેતન બને છે; પહેલાં તેઓ સંધ્યાના જેવા તેજવાળા, અર્ધ-તેજોમય, અથવા ગેરમાર્ગે દોરનારા વિચાર-રૂપ હતા; હવે તેઓ તે ન્યૂનતાઓ વટાવી જાય છે અને દિવ્ય તેજોમયતાને ધારણ કરે છે. આ મહાન ઉત્ક્રાંતિ ક્રમે ક્રમે કાળમાં સિદ્ધ થાય છે, માનવ આત્માનાં પ્રભાતોમાં સિદ્ધ થાય છે, અવિરત ધારામાં ચાલી આવતી ઉષાઓમાં સિદ્ધ થાય છે. વેદમાં ઉષા માનવીની શારીરિક ચેતનામાં ઉદય પામતા દિવ્ય પ્રકાશની દેવી છે. તે અને તેની બેન રાત્રિ વારાફરતી આવે છે; પણ અંધકાર પોતે પ્રકાશની માતા છે, અને કાળાં ભવાંવાળી માતા જેને તૈયાર કરે છે તેને પ્રગટ કરવા ઉષા હમેશાં આવે છે. પણ અહીં ઋષિ સતત આવતી, દેખીતા આરામ તથા અસ્પષ્ટતાના ગાળાઓ વગરની, ઉષાઓની પરંપરાની વાત કરે છે. સતત આવતા પ્રકાશોની પરંપરાની તેજ-યુકત શકિત વડે, માણસનું મન ઝડપથી પૂર્ણતમ પ્રકાશમાં આરોહણ કરે છે. પણ તે રૂપાંતરનું નિયમન કરનારી, તેને સિદ્ધ કરનારી શકિત તે ઇન્દ્રની શકિત છે. તે પરમ બુદ્ધિ, ઉષાઓ તથા મરુતો દ્વારા, માનવ પ્રાણીમાં પોતાની જાતને રેડે છે— રેલાવે છે. ઇન્દ્ર પ્રકાશયુકત ગાયોનો વૃષભ છે, વિચાર-શકિતઓનો સ્વામી છે, પ્રકાશમય ઉષાઓનો પતિ છે.

હવે ઇન્દ્ર મરુતોનો ઉપયોગ પોતાના પ્રકાશનાં સાધનો તરીકે ભલે કરે. તેમના વડે તે ઋષિના પાર-માનસિક જ્ઞાનને ભલે સુસ્થાપિત કરે. તેમની શકિત માનવીના સ્વભાવમાં ઇન્દ્રની શકિતને ટેકો આપશે, અને ઇન્દ્ર તે સ્વભાવને પોતાની દિવ્ય દૃઢતા, દિવ્ય શકિત બક્ષશે, અને પરિણામે માનવ સ્વભાવ આઘાત પામવાથી લથડશે નહિ, સામાન્ય માનવી શકિત જેમને ધારણ ન કરી શકે તેવી બળવાન ક્રિયાઓની વિશાળતર ક્રીડાને હવે તે ધારણ કરી શકશે.

આ રીતે બળમાં વૃદ્ધિ પામેલા મરુતોને ઇન્દ્રની પરમ શકિતની દોરવણી તથા રક્ષણની હમેશાં જરૂર રહેશે. મરુતો ભિન્ન-ભિન્ન વિચારશકિતઓના પુરુષો છે; ઇન્દ્ર સર્વ વિચાર-શકિતનો એકમાત્ર પુરુષ છે. ઇન્દ્રમાં બધી વિચાર-શકિતઓ તેમની પૂર્ણતાને અને સુસંવાદને પ્રાપ્ત કરે છે. એટલે હવે આ સમગ્ર તથા અંશો વચ્ચે કોઈ સંઘર્ષ કે વિસંવાદ ન રહેવો જોઈએ. ઇન્દ્રનો સ્વીકાર કરેલા મરુતોને, ઇન્દ્ર પાસેથી, જ્ઞેય વસ્તુઓ, સત્ય વિવેચના પ્રાપ્ત થશે. આંશિક

પ્રકાશના તેજ વડે હવે તેઓ ખોટે માર્ગે દોરવાઈ નહિ જાય, મર્યાદિત શકિતમાં તલ્લીન બનીને તેઓ ઘસડાઈ નહિ જાય. સાધક અને તેની સિદ્ધિની વચ્ચે આવતાં વિઘ્નો સામે જ્યારે ઈન્દ્ર પોતાની શકિતનો પ્રયોગ કરશે, ત્યારે મરુતો તેના કાર્યને ટકાવી રાખવા સમર્થ બનશે.

આ દિવ્ય શકિતઓ તથા તેમની અભીપ્સાઓના સુસંવાદથી માનવ-જાતિને એવો આવેગ મળી રહેશે કે જે આવેગ આ વિશ્વના હજારો વિરોધોને તોડી-ફોડી નાખવા સમર્થ હશે; પરિણામે, પોતાના સંકુલ વ્યકિતત્વમાં એક વ્યકિત અથવા તો સમગ્ર જાતિ, પોતાના લક્ષ્યને ઝડપભેર પહોંચી જશે કે જે લક્ષ્ય વારંવાર ઝબકી જાય છે પણ હજીયે તે માનવથી દૂર છે, અને જે માનવી પોતાને સિદ્ધ થયેલો માની લે છે તેનાથી પણ હજી દૂર છે.

અગ્નિ, પ્રકાશયુક્ત સંકલ્પશક્તિ

ઋગ્વેદ ૧, ૭૭

कथा दाशेमाग्नये कास्मै देवजुष्टोच्यते भामिने गीः ।
यो मर्त्येष्वमृत ऋतावा होता यजिष्ठ इत् कृणोति देवान् ।।१।।

(૧) અમે અગ્નિને કેવી રીતે અર્પણ કરીશું ? પ્રકાશયુકત જ્વાળાવાળા અગ્નિ માટે દેવો વડે સ્વીકારાયેલા, કયા શબ્દનો ઉચ્ચાર થાય છે ? જે અગ્નિ મર્ત્યોમાં અમૃત છે, ઋતનો સ્વામી છે, આહુતિનો પુરોહિત છે, યજ્ઞમાં સૌથી બળવાન છે, અને દેવોનું સર્જન કરે છે.

यो अध्वरेषु शंतम ऋतावा होता तमू नमोभिरा कृणुध्वम् ।
अग्निर्यद् वेर्मर्ताय देवान्त्स चा बोधाति मनसा यजाति ।।२।।

(૨) જે યજ્ઞોમાં આહુતિનો પુરોહિત છે, શાન્તિથી પરિપૂર્ણ છે, ઋતથી પૂર્ણ છે, તેનું તમે નમનો વડે તમારામાં સ્વરૂપ-નિર્માણ કરો. જ્યારે મર્ત્ય માનવી માટે અગ્નિ દેવોને પ્રગટ કરે છે (અથવા દેવોમાં પ્રવેશ કરે છે), ત્યારે તે તેમને જાણે છે, અને મન વડે તેમને યજ્ઞનું અર્પણ કરે છે.

स हि क्रतुः स मर्यः स साधुर्मित्रो न भूदद्भूतस्य रथीः ।
तं मेधेषु प्रथमं देवयन्तीर्विश उप ब्रुवते दस्ममारीः ।।३।।

(૩) કારણ કે તે સંકલ્પ છે, તે બળ છે, તે પૂર્ણતાને સિદ્ધ કરનારો છે, મિત્રની પેઠે તે અદ્‌ભુત પરમાત્માનો સારથિ બને છે. દેવત્વને શોધતા આર્ય લોકો—સમૃદ્ધ આહુતિઓમાં પ્રથમ, પરિપૂર્ણતા પ્રાપ્ત કરાવનાર અગ્નિ પ્રત્યે શબ્દનો ઉચ્ચાર કરે છે.

स नो नृणां नृतमो रिशादा अग्निर्गिरोऽवसा वेतु धीतिम् ।
तना च ये मघवानः शविष्ठा वाजप्रसूता इषयन्त मन्म ।।४।।

શકિતમાં સૌથી વધારે શકિતશાળી, સંહાર કરનારાઓનું ભક્ષણ કરી જનાર, આ અગ્નિ પોતાની હાજરી વડે શબ્દોમાં અને તેમની સમજૂતીમાં

પ્રગટ થાઓ (અથવા, પ્રવેશ કરો). પોતાના વિસ્તાર વડે પ્રાચુર્યના સ્વામીઓ, શકિતમાં સૌથી વધારે તેજયુકત, તેઓ (શબ્દો) તેમનું પ્રાચુર્ય વરસાવો અને વિચારને તેમનો વેગ આપો.

एवाग्निर्गोतमेभिर्ऋतावा विप्रेभिरस्तोष्ट जातवेदाः ।
स एषु द्युम्नं पीपयत् स वाजं स पुष्टिं याति जोषमा चिकित्वान् ।।५।।

(૫) આ પ્રમાણે પ્રકાશના સ્વામીઓ[1] એવા વિપ્રોએ ઋત વડે યુકત વિશ્વને જાણનાર અગ્નિની સ્તુતિ કરી છે. જ્ઞાનયુકત અગ્નિ તે વિપ્રોમાં પ્રકાશ-શકિતની, પ્રાચુર્યની, પુષ્ટિની સંવાદપૂર્વક વૃદ્ધિ કરે છે.

ભાષ્ય

આ સૂકતના રચયિતા ઋષિ ગોતમ રહૂગણ છે. વિશ્વમાં કાર્ય કરી રહેલી, દિવ્ય સંકલ્પ-શકિતરૂપ અગ્નિનું તે સ્તોત્ર (સ્તુતિ) છે.

અગ્નિ વેદના બધા દેવોમાં સૌથી વધારે અગત્યનો, સૌથી વધારે વૈશ્વિક દેવ છે. ભૌતિક જગતમાં તે સામાન્ય ભક્ષક અને ભોકતા છે. તે પાવક-પવિત્ર કરનારો દેવ પણ છે; જ્યારે તે ભક્ષણ તથા ઉપભોગ કરે છે, ત્યારે તે વિશુદ્ધ પણ કરે છે. તે તૈયાર કરનાર અને પરિપૂર્ણ કરનાર અગ્નિ છે. તે આત્મ-સાત્કરણ કરનાર અગ્નિ છે, નિર્માણ કરનાર શકિતની ઉષ્મા છે. તે જીવનની ઉષ્મા છે, અને બધી વસ્તુઓમાં રસ પેદા કરે છે, જે રસ તેમના પદાર્થત્વનો સાર ભાગ છે, તેમના આનંદનો નિષ્કર્ષ છે.

તે પ્રાણનો, સક્રિય પ્રાણશકિતનો પણ સંકલ્પ છે, અને તે શકિતમાં પણ અગ્નિ તે જ કાર્યો કરે છે. ભક્ષણ કરતો, ઉપભોગ કરતો, વિશુદ્ધ કરતો, તૈયાર કરતો, આત્મસાત્કરણ કરતો, નિર્માણ કરતો, અગ્નિ હમેશાં ઊર્ધ્વમાં આગળ ધપે છે, અને પોતાની શકિતઓને મરુતોમાં—મનની શકિતઓમાં પલટી નાખે છે. આપણી કામનાઓ તથા અસ્પષ્ટ ઊર્મિઓ અગ્નિના બળવાના ધુમાડા છે. તેના ટેકા વડે જ આપણા જ્ઞાનતંતુઓની બધી શકિતઓ નિશ્ચિતપણે પોતાનું કાર્ય કરી રહી છે.

જો તે આપણા જ્ઞાનતંતુઓના—ઈન્દ્રિયોના અસ્તિત્વમાં સંકલ્પરૂપ હોઈ ક્રિયા વડે તેને વિશુદ્ધ બનાવે છે, તો મનમાં સંકલ્પરૂપ હોઈ, તે અભીપ્સા

---

૧. गोतमेभिः બાહ્ય અર્થમાં ગોતમ રહૂગણ—આ સૂકતના રચયિતાનું તે ગોતમ કુલ છે. પણ ઋષિઓનાં નામોમાં, શબ્દવ્યુત્પત્તિની દૃષ્ટિથી, બીજો ગૂઢ અર્થ પણ રહેલો છે. આ ઋચામાં, गोतमेभिः विप्रैः તથા ત્રીજી ઋચામાં दस्ममारिः શબ્દોના સાનિધ્યથી તે હકીકત સ્પષ્ટ બને છે.

વડે મનને વિશુદ્ધ બનાવે છે. જ્યારે તે બુદ્ધિમાં પ્રવેશ કરે છે, ત્યારે તે પોતાના દિવ્ય જન્મ-સ્થાનની, પોતાના ઘરની નજીક પહોંચી જાય છે. તે વિચારોને અસરકારક શકિત પ્રત્યે દોરી જાય છે; તે સક્રિય શકિતઓને પ્રકાશ પ્રત્યે દોરી જાય છે.

જો કે તે સર્વત્ર જન્મે છે અને બધી વસ્તુઓમાં રહે છે, છતાં તેનું દિવ્ય જન્મ-સ્થાન, તેનું ઘર ઋત-અનંતતા-વિશાળ વૈશ્વિક બુદ્ધિ છે, જેમાં જ્ઞાન અને શકિત એકરૂપ બની જાય છે. કારણ કે ત્યાં સર્વ સંકલ્પો વસ્તુઓના ઋત સાથે સંવાદિત હોય છે, અને પરિણામે અસરકારક હોય છે; ત્યાં દરેક વિચાર જ્ઞાનનો અંશ હોય છે, કે જે જ્ઞાન દિવ્ય ધર્મ-કાયદો છે, અને પરિણામે તે દિવ્ય કર્મનું સંપૂર્ણપણે નિયમન કરે છે. પરિપૂર્ણ થયેલો અગ્નિ પોતાના ઘરમાં-ઋત-સત્ય-વિશાળમાં બળવાન બને છે. તે માનવજાતિની અભીપ્સાને, આર્યના આત્માને, વૈશ્વિક યજ્ઞના શિરોભાગને ત્યાં ઊર્ધ્વમાં દોરી જાય છે.

તે એવું બિંદુ છે કે જ્યાં મહાન માર્ગની પ્રથમ શકયતા છે, મનનું પર-મનમાં રૂપાંતર થવાની શકયતા છે, અત્યાર સુધી મનની નેતારૂપ બુદ્ધિનું દિવ્ય પ્રકાશમાં રૂપાંતર થવાની શકયતા છે. વૈદિક યોગની આ પરમ કટોકટીની પળમાં, ઋષિ ગોતમ રહૂગણ પોતાનામાં પ્રેરણાયુકત શબ્દને ખોજે છે. તે રૂપાંતર સિદ્ધ કરે તેવી શકિતનો, પોતાને માટે તેમજ બીજાઓ માટે, સાક્ષાત્કાર કરવામાં તે શબ્દ ઋષિને મદદ કરશે, તે પ્રકાશપૂર્ણ પ્રાચુર્યની સ્થિતિમાંથી તે રૂપાંતરની શરૂઆત થશે.

માનસશાસ્ત્રીય દૃષ્ટિએ જોતાં, વૈદિક યજ્ઞ આત્મ-સભાન, પ્રકાશિત, લક્ષ્યના ભાનવાળી-વ્યકિતની ક્રિયાનું પ્રતીક છે. વિશ્વની સમગ્ર પ્રક્રિયા સ્વાભાવિક રીતે જ એક યજ્ઞ છે—પછી તે ઐચ્છિક હોય કે અનૈચ્છિક. આત્મ-બલિદાન દ્વારા આત્મ-પૂર્ણતા, આપવા વડે વૃદ્ધિ પામવી—એ વિશ્વનો નિયમ છે. પોતાની જાતને અર્પણ કરવાની ના પાડનારનું પણ વૈશ્વિક શકિતઓ ભક્ષણ કરી જાય છે. ઉપનિષદો વિશ્વના આ સત્યને એક અર્થગર્ભ ભયંકર ફૉર્મ્યુલામાં વ્યકત કરે છે—ભોજન કરતો ભોકતા ભોજ્ય બની જાય છે. બીજા મંત્રમાં ઉપનિષદ માનવોને દેવોના પશુઓ કહીને વર્ણવે છે. જ્યારે આ કાયદાનો સ્વીકાર કરવામાં આવે છે, સ્વેચ્છાપૂર્વક તેનું પાલન કરવામાં આવે છે, ત્યારે માનવી આ મૃત્યુના પ્રદેશને વટાવી જાય છે, અને યજ્ઞકાર્ય દ્વારા અમૃતત્વની પ્રાપ્તિ શકય બને છે. યજ્ઞના પ્રતીકમાં, માનવ જીવનની સર્વ શકિતઓ તથા શકયતાઓ વિશ્વમાં રહેલા દિવ્ય જીવનને સમર્પણ કરી દેવાની હોય છે.

દિવ્ય જીવનની શકિતઓ ત્રણ છે—જ્ઞાન, શકિત અને આનંદ. તેમને અનુરૂપ ત્રણ માનવ-ક્રિયાઓ છે—વિચાર અને તેનાં સ્વરૂપો, સંકલ્પ અને તેનાં

કાર્યો, પ્રેમ અને તેની સુસંવાદિતાઓ; એ ત્રણેયનું દિવ્ય ભૂમિકા પર ઊર્ધ્વીકરણ કરવાનું છે. ઋત અને અનૃત, પ્રકાશ અને અંધકાર, સારા-ખોટાના બાંધેલા માનસિક ખ્યાલો–એ દ્વંદ્વો અહંતાપૂર્ણ ભેદમાંથી જન્મેલા જ્ઞાનના ગૂંચવાડાઓ છે; અહંતાપૂર્ણ પ્રેમ તથા ધિક્કાર, હર્ષ તથા શોક, સુખ તથા દુ:ખનાં દ્વંદ્વો પ્રેમના ગૂંચવાડા છે, આનંદની વિકૃતિઓ છે; બળ તથા નિર્બળતા, પાપ તથા પુણ્ય, કર્મ તથા અકર્મનાં દ્વંદ્વો સંકલ્પશકિતના ગૂંચવાડાઓ છે, તે દિવ્ય શકિતને વેડફી નાખે છે. આ બધા ગૂંચવાડાઓ જન્મે છે, અને તે આપણી ક્રિયાની જરૂરી પદ્ધતિઓ પણ છે, કારણ કે દિવ્ય જીવનની તે ત્રણ શકિતઓ આપણામાં વિભાજક અજ્ઞાનને લીધે એકબીજાથી વિચ્છિન્ન થયેલી છે; જ્ઞાન બળથી વિચ્છિન્ન-વિયોજિત છે, અને પ્રેમ તે બંનેથી વિયોજિત છે. મૂળ મુદ્દે તો મુખ્ય સત્તા ચલાવતા અનૃતનો, અજ્ઞાનનો નાશ કરવાનો છે. ઋત દ્વારા, સાચી સંવાદિતાનો, પરિપૂર્ણ આનંદનો દિવ્ય આનંદમાં પ્રેમની આખરી પરિપૂર્ણતાનો માર્ગ વિસ્તરે છે, રહેલો છે. એટલે જ્યારે માનવીની સંકલ્પશકિત દિવ્ય અને ઋતપૂર્ણ બનશે (अमृत: ऋतावा), ત્યારે જ આપણે જેના તરફ ગતિ કરી રહ્યા છીએ તે પરિપૂર્ણતા માનવમાં સિદ્ધ થશે.

એટલે માનવમાં અગ્નિદેવે સચેતન-જાગૃત થવું જોઈએ. પ્રેરણાયુકત શબ્દે તેને વ્યકત કરવાનો છે, આ દ્વારવાળી દેહ-પુરીમાં સ્થાપિત કરવાનો છે, આ યજ્ઞની વેદિના આસન પર બેસાડવાનો છે.

ઋષિ પૂછે છે કે અગ્નિને આપણે કેવી રીતે અર્પણ કરવાનું છે? યજ્ઞના દાન માટેનો શબ્દ છે दाशेय, જેનો અક્ષરશ: અર્થ છે વહેંચવું. दश्, વિવેકપૂર્વક જોવું—તે અર્થ સાથે એને ગૂઢ સંબંધ છે. તાત્ત્વિક રીતે, યજ્ઞ એક વ્યવસ્થા છે, જુદા જુદા વૈશ્વિક દેવોમાં માનવીની ક્રિયાઓની તથા ઉપભોગોની વહેંચણી છે, કારણ કે ખરું જોતાં બધી માનવીની ક્રિયાઓ તથા ઉપભોગો પર વૈશ્વિક દેવોનો અધિકાર છે. એટલે સૂકતોમાં વારંવાર દેવોના ભાગોની વાત આવે છે. યજમાન પાસે પ્રશ્ન એ છે કે પોતાનાં કાર્યોની યોગ્ય વ્યવસ્થા તથા વહેંચણી કેવી રીતે કરવી? કારણ કે યજ્ઞ દિવ્ય ઋત અનુસાર (ઋતુ, પછીનો વિધિ), ધર્મ અનુસાર હમેશાં થવો જોઈએ. મર્ત્યમાં યોગ્ય વ્યવસ્થા કરવાનો સંકલ્પ એ ઋત અને પરમ ધર્મના શાસન માટેની, બહુ અગત્યની તૈયારી છે.

તે પ્રશ્નનો ઉકેલ આવે છે સત્ય સાક્ષાત્કારથી, અને સત્ય સાક્ષાત્કારનો પ્રારંભ થાય છે પ્રકાશક શબ્દથી, વિશાળમાંથી ઋષિને મોકલવામાં આવતા, પ્રેરણામય વિચારની અભિવ્યકિતથી. એટલે ઋષિ આગળ પૂછે છે કે અગ્નિ પ્રત્યે કયો શબ્દ ઉચ્ચારવામાં આવે છે? સ્તુતિનો—સાક્ષાત્કારનો તે કયો શબ્દ છે? બે શરતો પૂરી કરવાની હોય છે. બીજી દિવ્ય શકિતઓએ તે શબ્દનો

સ્વીકાર કરવો જોઈએ, અર્થાત્ તે શબ્દે સ્વભાવમાં એવા કોઈ શકયતા અથવા સાક્ષાત્કારનો એવો કોઈ પ્રકાશ લાવવાં જોઈએ, કે જેનાથી દિવ્ય કાર્ય કરનારી શકિતઓને તેની માનવતાની ઉપરછલ્લી ચેતનામાં પ્રકટ થવાનું અને તેમનાં ખાસ કાર્યોને આલિંગવાનું મન થાય. બીજું તે શબ્દે પ્રકાશમય જવાળાના સ્વામી અગ્નિના ટ્રિવિધ સ્વભાવને પ્રગટ કરવો જોઈએ. भाम શબ્દના બે અર્થો છે— જ્ઞાનનો પ્રકાશ અને ક્રિયાની જવાળા. અગ્નિ પ્રકાશ પણ છે, અને શકિત પણ છે.

શબ્દ આવે છે. यो मर्त्येषु अमृतो ऋतावा । અગ્નિ, ખાસ કરીને, મર્ત્યોમાં અમૃત છે. આ અગ્નિ વડે અનંતતાના બીજા તેજયુકત પુત્રો દિવ્ય પરમાત્માના આવિર્ભાવને તેમને આત્મ-પ્રસારણને લઈ આવે છે (देवताति, देववीति), કે જે વૈશ્વિક તેમજ માનવીય યજ્ઞનો હેતુ તથા પ્રક્રિયા બંને એકીસાથે છે. કારણ કે અગ્નિ દિવ્ય સંકલ્પશકિત છે, કે જે બધી વસ્તુઓમાં હમેશાં વિદ્યમાન હોય છે, હમેશાં વિનાશ કરે છે અને સર્જન કરે છે. હમેશાં રચના કરે છે અને પરિપૂર્ણતા લાવે છે, વિશ્વના સંકુલ વિકાસને હમેશાં ટકાવી રાખે છે. તે સર્વ મૃત્યુમાં તથા પરિવર્તનમાં અવશેષ રહે છે. તે સદા અને અવિભાજ્ય રીતે ઋતની સાથે જ રહે છે. પ્રકૃતિની આખરી અસ્પષ્ટતામાં, પદાર્થતત્ત્વની નિમ્નતમ જડતામાં, આ સંકલ્પશકિત ગૂઢ જ્ઞાન રૂપે રહેલી છે; અને જાણે કે યાંત્રિક રીતે હોય તેમ, આ બધી અંધકારમય ગતિઓને દિવ્ય કાયદાનું પાલન કરવાની તથા તેમની પ્રકૃતિના સત્યને વળગી રહેવાની ફરજ પાડે છે એ સંકલ્પશકિત જ તેના બીજ અનુસાર વૃક્ષને ઊગવાની ફરજ પાડે છે, અને દરેક કર્મને તેને યોગ્ય ફળ આપે છે. જડ પ્રકૃતિ કરતાં ન્યૂન અને છતાં મહાન, માનવીના અજ્ઞાનની અસ્પષ્ટતામાં પણ આ સંકલ્પશકિત જ નિયમન કરે છે તથા દોરવણી આપે છે, તેની અંધતાના અર્થને તથા ભૂલના ધ્યેયને જાણે છે, અને તેનામાં રહેલા વૈશ્વિક અનૃતની વક્ર ક્રિયાઓમાંથી વૈશ્વિક ઋતના વિકાસશીલ આવિર્ભાવને વિકસાવે છે. બધા પ્રકાશયુકત દેવોમાં, તે એકલો જ જાજવલ્યમાન રીતે પ્રજ્વલિત થાય છે, અને તેને તેજોમય દિવસોના જેટલી જ રાત્રિના અંધકારની સંપૂર્ણ દર્શના હોય છે. બીજા દેવો તો उषर्बुधः, ઉષામાં જાગનારા છે.

તેથી તે આહુતિનો પુરોહિત છે, યજ્ઞ માટે ખૂબ બળશાળી છે, સર્વશકિતમાન છે, હમેશાં ઋતના કાયદાને અનુસરનારો છે. આપણે યાદ રાખવું જોઈએ કે હવ્ય એ કર્મનું પ્રતીક છે, અને આપણા શરીર અથવા મનનું પ્રત્યેક કર્મ વૈશ્વિક અસ્તિત્વમાં અને વૈશ્વિક હેતુમાં આપણા વડે અપાતી આહુતિ છે. દિવ્ય સંકલ્પશકિતરૂપ અગ્નિ કાર્યો કરી રહેલા, માનવી સંકલ્પની પીઠમાં સદા હાજર

હોય છે. સભાનપણે આહુતિ અપાય, તો અગ્નિ આગળ આવે છે; તે પુરોહિત (પુરઃ+હિત, આગળ મુકાયેલો) છે, તે આહુતિને દોરવણી આપે છે, અને તેની અસરકારકતાને નક્કી કરે છે.

આ આત્મા વડે દોરાયેલા, જાતે દોરાયેલા ઋત વડે, વિશ્વમાં ભૂલ વગર કાર્ય કરી રહેલી સંકલ્પશકિતરૂપ જ્ઞાન વડે, અગ્નિ મર્ત્યોમાં દેવોનું નિર્માણ કરે છે. મૃત્યુ વડે ઘેરાયેલા દેહમાં અગ્નિ દિવ્ય શકયતાઓને પ્રગટ કરે છે. અગ્નિ તેમને અસરકારક વાસ્તવિકતાઓ રૂપે પરિણત કરે છે અને પરિપૂર્ણતા જન્માવે છે. તે આપણામાં અમર દેવોનાં પ્રકાશયુકત સ્વરૂપોનું સર્જન કરે છે.

આ કાર્ય તે વૈશ્વિક શકિત તરીક બળવાખોર માનવ-પદાર્થતત્ત્વ ઉપર પરિશ્રમપૂર્વક કરે છે; જ્યારે આપણી અજ્ઞાનતામાં આપણે સ્વર્ગ પ્રત્યેના આવેગનો સામનો કરીએ છીએ, અહંતાપૂર્ણ જીવનને આપણાં કાર્યોનું સમર્પણ કરવા ટેવાયેલા આપણે દિવ્ય સમર્પણ કરવા સમર્થ હોતા નથી, ત્યારે પણ અગ્નિનું કાર્ય તો ચાલુ જ હોય છે. પણ જ્યારે આપણે અહંતાને તાબે કરવાનું શીખીએ છીએ, દરેક કાર્યમાં વૈશ્વિક અસ્તિત્વને નમન કરવાની અને તેની નાનામાં નાની ગતિઓમાં પરમ સંકલ્પશકિતની સભાનપણે સેવા કરવાની આપણે અહંતાને ફરજ પાડીએ છીએ, ત્યારે અગ્નિ આપણામાં સ્વરૂપ ધારણ કરે છે. દિવ્ય સંકલ્પ માનવ મનમાં હાજર અને સભાન બને છે, અને તેને દિવ્ય જ્ઞાનથી આલોકિત કરે છે, આ રીતે માનવી પોતાના પરિશ્રમ વડે મહાન દેવોનું સર્જન કરે છે.

અહીં સંસ્કૃતમાં आ कृणुध्वम् શબ્દ વપરાયો છે. आ ઉપસર્ગ સૂચવે છે કે કોઈ બહારની વસ્તુને આપણી અંદર આપણે સ્વીકારીએ છીએ, અને તેને આપણી ચેતનામાં ઘાટ આપીએ છીએ. आ+कृ ની વિરુદ્ધનો અર્થ आ+भू માં છે. જ્યારે દેવો અમૃતત્વના સ્પર્શને માનવીમાં લઈ આવે છે, અને જ્યારે દેવનું દિવ્ય સ્વરૂપ માનવીના સ્વરૂપ પર અભિભવ કરે છે. ત્યારે તે ધાતુ વપરાય છે. વૈશ્વિક શકિતઓ વિશ્વમાં છે, કામ કરી રહી છે. માનવ તેમને પોતાનામાં સ્વીકારે છે, પોતાની ચેતનમાં તેમનો આકર ઘડે છે, અને તે આકારમાં જીવન તથા શકિતને પ્રતિષ્ઠિત કરે છે, કે જે જીવનને તથા શકિતને પરમાત્માએ પોતાનાં દિવ્ય સ્વરૂપોમાં તથા વિશ્વની શકિતઓમાં નિઃશ્વાસ રૂપે મૂકી આપ્યાં છે.[1]

જ્યારે અગ્નિ આ રીતે મર્ત્ય માનવીમાં[2] ગૃહપતિ તરીકે હાજર અને સભાન રહે છે, ત્યારે તે પોતાની દિવ્યતાના સાચા સ્વભાવમાં પ્રગટ થાય છે.

---

૧. હિંદુઓની મૂર્તિ-પૂજામાં આ જ સિદ્ધાંત અને સાચો અર્થ રહેલો છે.

૨. विश्पति, પ્રાણીમાં રહેલો રાજા અથવા સ્વામી.

જ્યારે આપણે અસ્પષ્ટતામાં સબડતા હોઈએ છે, ઋત અને કાયદા સામે બળવો પોકારતા હોઈએ છીએ, ત્યારે આપણી પ્રગતિ એક અજ્ઞાનમાંથી બીજા અજ્ઞાન પ્રત્યે ઠોકર-રૂપ હોય છે, તેમાં ખૂબ વેદના અને વિક્ષેપો હાજર હોય છે. ઋતને સતત સમર્પણ કરવાથી (नमोभिः), આપણે આપણામાં દિવ્ય સંકલ્પનો એવો આકાર આપણામાં ઘડીએ છીએ, કે જે શાન્તિમય હોય છે, કારણ કે તેને ઋતની અને કાયદાની ખાતરી હોય છે. વૈશ્વિક જ્ઞાનને સમર્પણ કરવાથી પ્રાપ્ત થતી આત્મ-સમતા[1] આપણને પરમ શાન્તિ અને અક્ષુબ્ધતા આપે છે. ઋતના સીધા માર્ગો ઉપર આપણાં પગલાંને જ્ઞાન દોરી રહ્યું હોવાને કારણે, આપણને ઠોકરો વાગતી નથી (दुरितानि).

અગ્નિ આપણી માનવતામાં સભાન બને, એટલે આપણામાં દેવોનો આવિર્ભાવ સાચાં પ્રગટીકરણો બની રહે છે, પડદા પાછળની વૃદ્ધિ રૂપે નહિ. અંદરની સંકલ્પશકિતને વધતા જતા દેવત્વનું ભાન આવે છે, તે પ્રક્રિયા પ્રત્યે જાગૃત બને છે, પ્રગતિની લાઈન-દોરીઓને સ્પષ્ટ જોઈ શકે છે. બુદ્ધિપૂર્વક નિયમન કરાયેલી, વૈશ્વિક શકિતઓને સમર્પિત થયેલી, માનવી ક્રિયા યાંત્રિક, અનૈચ્છિક અથમા અપૂર્ણ આહુતિ રહેતી નથી; વિચાર કરતું તથા અવલોકન કરતું મન તેમાં ભાગ લે છે, અને યજ્ઞમય સંકલ્પશકિતનું સાધન બની જાય છે.

આપણે જેને સંકલ્પશકિત કહીએ છીએ તે અગ્નિ મન-શરીરનાં કાર્યોની પીઠમાં રહેલી, અસરકારક, સચેતન અસ્તિત્વની શકિત છે. અગ્નિ અંદર રહેલો બળવાન (मर्यः) દેવ છે, કે જે બધી આક્રમણકારી શકિતઓ સામે બળપૂર્વક મુકાબલો કરે છે, જડતાને આવવા દેતો નથી, હૃદયની કમતાકાતને તથા શકિતની નબળાઈને દૂર કરે છે, બધી નામર્દાઈને તિરસ્કારી કાઢે છે. જે વસ્તુ માત્ર બિન-અસરકારક વિચાર કે અભીપ્સા જ રહી હોત, તેને અગ્નિ વાસ્તવિકતા બનાવે છે. તે યોગનો સાધક (साधु) છે; પોતાની ભઠ્ઠી આગળ મજૂરી કરતો દિવ્ય લુહાર છે, કે જે હથોડાના ઘણ વડે પરિપૂર્ણતાને ઘડે છે. અહીં તેને પરમાત્માનો સારથિ કહેવામાં આવ્યો છે. તે પરમાત્મા અદ્‌ભુત છે, વિચરતો તે બીજાની ચેતનામાં પોતાનાં કાર્યો પરિપૂર્ણ કરે છે (૧, ૧૭૦)—અદ્‌ભુત શબ્દ ઈન્દ્ર-અગસ્ત્યના સંવાદમાં પણ વાપરવામાં આવ્યો છે. અગ્નિને સારથિ બનાવીને, પોતાનાં કાર્યોની લગામ અગ્નિના હાથમાં મૂકીને, તે પોતાનાં કાર્યો સિદ્ધ કરે છે. પ્રકાશયુકત પ્રેમ સંવાદિતાને પરિપૂર્ણ કરે છે, કે જે સંવાદિતા દિવ્ય ગતિનું લક્ષ્ય છે. પણ તેમાં સંકલ્પના તથા પ્રકાશના આ દેવની જરૂર પડે છે. શકિત અને પ્રેમ સંયુકત થાય, અને તે બંને જ્ઞાન વડે આલોકિત થાય,

---

૧. ગીતાની સમતા.

એટલે વિશ્વમાં પરમાત્માનો હેતુ સિદ્ધ થાય છે.

સંકલ્પ પ્રથમ જરૂરિયાત છે, વાસ્તવિકતા માટેની મુખ્ય શકિત છે. જ્યારે માનવ-જાતિ સભાનપણે મહાન લક્ષ્ય પ્રત્યે વળે છે, સ્વર્ગના પુત્રોને પોતાની સમૃદ્ધ શકિતઓ સમર્પિત કરે છે, પોતાનામાં દિવ્ય પરમાત્માને પ્રગટાવવા મથે છે, ત્યારે તે પ્રથમ-મુખ્યત્વે પોતાના સાક્ષાત્કાર કરતા વિચારને અગ્નિ પ્રત્યે ઊર્ધ્વીકરણ કરે છે, સર્જનાત્મક શબ્દનું નિર્માણ કરે છે. કારણ કે આ સૌથી વધારે વિશાળ, સૌથી વધારે ભવ્ય પ્રયાસને કરનારા આર્ય લોકો છે, અને અગ્નિ કાર્યને આલિંગન આપતી શકિત છે, અને કાર્ય વડે તે હેતુને સિદ્ધ કરે છે. જો પરિશ્રામને અને યુદ્ધને સ્વીકારતી, કાર્ય કરીને વિજયને પ્રાપ્ત કરતી, દુ:ખો સહન કરીને સફળતાને વરતી, સંકલ્પશતિ ન હોય, તો પછી તે માણસને આર્ય કેવી રીતે કહી શકાય ?

એટલે આ સંકલ્પશકિત તે પ્રયાસમાં વિઘ્ન નાખનારી બધી શકિતઓનો સંહાર કરે છે, તે બધી દિવ્ય શકિતઓમાં સૌથી શ્રેષ્ઠ છે, પરમાત્માએ તેમાં પોતાનો આકાર ઘડયો છે, આ માનવ દેહોમાં તેણે પોતાની હાજરી બક્ષવી જોઈએ. ત્યાં તે મનનો ઉપયોગ યજ્ઞના સાધન તરીકે કરશે; પોતાની હાજરી વડે, દેવો જેમાં ગતિ કરી શકે તેવા રથરૂપી પ્રેરણામય સાક્ષાત્કારક શબ્દોને પ્રગટ કરશે, ધ્યાન કરતા વિચારને પ્રકાશક સમજશકિત આપશે કે જે સમજ-શકિત દિવ્ય શકિતઓનાં સ્વરૂપોને આપણી જાગૃત ચેતનામાં રેખાકૃતિઓ દોરવાનું શકય બનાવે છે.

પછી ઉચ્ચતર જીવનની સમૃદ્ધિઓને લઈ આવતા બીજા બળવાન દેવો— ઇન્દ્ર, અશ્વિનો, ઉષા, સૂર્ય, વરુણ, મિત્ર, અર્યમા પોતાના નિર્માયક વિસ્તાર વડે માનવના અસ્તિત્વમાં તેમની ખૂબ પ્રકાશયુકત શકિતઓને ધારણ કરે છે. તેઓ આપણામાં તેમનું પ્રાચુર્ય સર્જે, આપણા અસ્તિત્વનાં ગૂઢ સ્થાનોમાંથી તે પ્રાચુર્યને રેલાવો, જેથી દિવસના પ્રકાશમય વિસ્તારોમાં તેનો ઉપયોગ થઈ શકે; અને તેમના આવેગો મનમાં રહેલા, દિવ્યીકરણ કરતા વિચારને ઊર્ધ્વમાં ધકકેલો કે જેથી અંતે તે મનનું પરમ તેજમાં રૂપાંતર થાય.

આમ સૂકત પૂરું થાય છે. આમ ગોતમોએ આ પવિત્ર સ્તોત્રમાં દિવ્ય સંકલ્પશકિત રૂપ અગ્નિની સ્તુતિને ગાઈ છે. ઋષિ પોતાના તથા પોતાના કુળના નામને પ્રતીક-શબ્દ તરીકે વાપરે છે. गोतम એટલે વધારેમાં વધારે પ્રકાશયુકત કારણ કે પ્રકાશયુકત બુદ્ધિના પ્રાચુર્યવાળા લોકો જ દિવ્ય ઋતના સ્વામીને સંપૂર્ણપણે સ્વીકારી શકે, અને નિમ્ન પ્રકારના કિરણવાળા આ જગતમાં તેની સ્તુતિ કરી શકે— गोतमेभिर्ऋतावा । જેમનું મન વિશુદ્ધ, સ્પષ્ટ અને અભિમુખ છે (विप्र) તેવા લોકો જ મહાન જન્મોના સત્ય જ્ઞાનનાં દર્શન કરી શકે, કે

જે જન્મો સ્થૂલ જગતની પીઠમાં છે, અને જેમનામાંથી સ્થૂલ જગત પોતાની શકિતઓને મેળવે છે અને ટકાવી રાખે છે— विप्रेभिर्जातवेदाः ।

અગ્નિ જાતવેદા છે— જન્મોને, બધા લોકોને જાણનારો છે. તે પાંચેય લોકોને[1] સંપૂર્ણ રીતે જાણે છે; અને પોતાની ચેતનામાં તે આ મર્યાદિત, પરાધીન ભૌતિક સંવાદમયતામાં મર્યાદિત થયેલો નથી. તે બધાની ત્રણ ઉચ્ચતમ સ્થિતિઓમા[2] પણ ગતિ કરી શકે છે, રહસ્યમય ગાયના[3] આંચળને પ્રાપ્ત કરી શકે છે, ચાર શિંગડાંવાળા વૃષભના[4] પ્રાચુર્યને પ્રાપ્ત કરી શકે છે. તે પ્રાચુર્ય વડે અગ્નિ આર્ય સાધકોમાં પ્રકાશનું પોષણ-ધારણ કરશે, તેમની દિવ્ય શકિતઓની પુષ્કળતામાં વૃદ્ધિ કરશે. તે પરિપૂર્ણતા અને પ્રકાશયુકત દર્શનાઓની સમૃદ્ધિ વડે તે વિચારને બીજા વિચાર સાથે, શબ્દને બીજા શબ્દ સાથે સંયુકત કરશે, જેને પરિણામે માનવ બુદ્ધિ સમૃદ્ધ અને સંવાદમય બની દિવ્ય વિચારને ટેકો આપશે, દિવ્ય વિચાર-રૂપ બની જશે.

---

૧. જેમાં અનુક્રમે પદાર્થતત્ત્વ, પ્રાણશકિત, મન, ઋત અને આનંદ—આ પાંચ તાત્ત્વિક શકિતઓ કામ કરી રહી છે તે લોકો. તેમને અનુક્રમે ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, અને જનઃ અથવા મયઃ કહેવામાં આવ્યા છે.

૨. દિવ્ય સત્, ચેતના અને આનંદ— સચ્ચિદાનંદ.

૩. અદિતિ, અનંત ચેતના, લોકોની માતા.

૪. દિવ્ય પુરુષ, સચ્ચિદાનંદ. ત્રણ ઉચ્ચતમ સ્થિતિઓ અને ઋત— એ ચાર તેનાં શિંગડાં છે.

સૂર્ય સવિતૃ, સર્જક અને વૃદ્ધિ કરનાર

ઋગ્વેદ ૫, ૮૧

युञ्जते मन उत युञ्जते धियो विप्रा विप्रस्य बृहतो विपश्चत: ।
वि होत्रा दधे वयुनाविदेक इन्मही देवस्य सवितु: परिष्टुति: ।।१।।

(૧) પ્રકાશયુકત મનુષ્યો પોતાના મનને તથા વિચારોને પ્રકાશયુકત, વિશાળતારૂપ, સ્પષ્ટ દર્શનાવાળા સવિતૃમાં જોડે છે. બધાં દૃશ્યોને જાણનાર તે એકલો યજ્ઞની શકિતઓને વ્યવસ્થિત કરે છે. દિવ્ય સ્રષ્ટા— સવિતોની સ્તુતિ બધી વસ્તુઓમાં મહાન છે.

विश्वा रूपाणि प्रति मुञ्चते कवि: प्रासावीद् भद्रं द्विपदे चतुष्पदे ।
वि नाकमख्यत् सविता वरेण्योऽनु प्रयाणमुषसो विराजति ।।२।।

(૨) ઋષિ એવો તે બધાં રૂપોને ધારણ કરે છે; તેમાંથી દ્વિવિધ તથા ચતુર્વિધ અસ્તિત્વ માટે તે કલ્યાણને સર્જે છે. પરમ કલ્યાણરૂપ, સ્રષ્ટા સ્વર્ગને સંપૂર્ણપણે પ્રગટ કરે છે; અને જયારે તે ઉષાની પાછળ પાછળ ગતિ કરે છે, ત્યારે તેનો પ્રકાશ બધે વ્યાપ્ત થાય છે.

यस्य प्रयाणमन्वन्य इद् ययुर्देवा देवस्य महिमानमोजसा ।
य: पार्थिवानि विममे स एतशो रजांसि देव: सविता महित्वना ।।३।।

(૩) તેના માર્ગે પ્રયાણ કરવાથી, તેની શકિત વડે, બીજા દેવો પણ તે દેવના મહિમાને પ્રાપ્ત થયા. પોતાની શકિતથી, તે પ્રકાશયુકત દિવ્ય સ્રષ્ટાએ પાર્થિવ પ્રકાશના પ્રદેશોનો નકશો નક્કી કર્યો.

उत यासि सवितस्त्रीणि रोचनोत सूर्यस्य रश्मिभि: समुच्यसि ।
उत रात्रीमुभयत: परीयस उत मित्रो भवसि देव धर्मभि: ।।४।।

(૪) હે સવિતૃ, તું ત્રણ પ્રકાશયુકત સ્વર્ગોને પહોંચી જાય છે; સૂર્યનાં

કિરણો તને સંપૂર્ણપણે વ્યકત કરે છે; તું બંને બાજુએથી રાત્રિને આવરી લે છે; હે દેવ, તારાં કાર્યોના નિયમ વડે તું પ્રેમનો સ્વામી બને છે.

उतेशिषे प्रसवस्य त्वमेक इदुत पूषा भवसि देव यामभिः ।
उतेदं विश्वं भुवनं वि राजसि श्यावाश्वस्ते सवितः स्तोममानशे ।।५।।

(૫) તું દરેક સૃષ્ટિ માટે સમર્થ—શકિતશાળી છે; હે દેવ, તારી ગતિઓ વડે તું પોષણકર્તા બને છે; આ સત્ત્વોના સકલ વિશ્વને તું પ્રકાશિત કરે છે; હે સવિતૃ શ્યાવાશ્વે તારી સ્તુતિને પ્રાપ્ત કરી છે.[૧]

ભાષ્ય

વૈદિક પદ્ધતિમાં ઇન્દ્ર, તેના પ્રકાશયુકત ગણ મરુતો, આર્યના યજ્ઞને પરિપૂર્ણ કરનાર, દિવ્ય શકિતરૂપ અગ્નિ—આટલા બહુ મહત્ત્વના દેવો છે. અગ્નિ પ્રારંભ છે, તેમ જ અંત છે. મર્ત્યને અમૃતત્વના ઊર્ધ્વગમનના પ્રયાસની દીક્ષા આપનાર સંકલ્પશકિત જ્ઞાનરૂપ છે. અમર અસ્તિત્વના પાયારૂપ, દિવ્ય શકિત સાથે એકરૂપ, આ દિવ્ય ચેતનાને આપણે પ્રાપ્ત કરીએ છીએ. સ્વર્પતિ, પ્રકાશયુકત બુદ્ધિ, ઇન્દ્રમાં આપણે આપણા અસ્પષ્ટતામય, ભૌતિક માનસનું રૂપાંતર કરવાનું છે, જેથી આપણે દિવ્ય ચેતનાને પ્રાપ્ત કરવા માટે સમર્થ બનીએ; તે ઇન્દ્ર આપણો મુખ્ય સહાયક છે. ઇન્દ્ર તથા મરુતોની મદદ વડે આપણે એ રૂપાંતર સિદ્ધ કરી શકીએ છીએ. મરુતો આપણા ઇન્દ્રિય-જ્ઞાનતંતુઓવાળા મનના આવેગોથી પૂર્ણ, પાશવી ચેતનાને હાથમાં લે છે, એ આવેગો પર તેમના પ્રકાશો વડે કાબૂ જમાવે છે, અને તેમને અસ્તિત્વના અદ્રિ પર સ્વર્લોક પ્રત્યે, ઇન્દ્રનાં ઋતો પ્રત્યે લઈ જાય છે. આ પશુ-ગણો વડે આપણા માનસિક વિકાસનો પ્રારંભ થાય છે; આપણે જેમ જેમ પ્રગતિ—આરોહણ કરીએ છીએ તેમ તેમ આ પશુઓ, સૂર્યની પ્રકાશયુકત ગાયો, કિરણો, દિવ્ય ગાયોનાં ધણ બને છે. વૈદિક રૂપકમયતાનો આ માનસ-શાસ્ત્રીય અર્થ છે.

પણ આ કિરણો જેનામાંથી પ્રગટે છે, તે સૂર્ય કોણ છે? તે ઋતનો સ્વામી છે, સૂર્ય પ્રકાશક છે, સવિતૃ સર્જક છે, પૂષા પોષણ કરનાર છે. સ્વભાવથી જ તેનાં કિરણો આંતર-દર્શનાની, આંતર પ્રેરણાની, આંતર-સંવેદનોની,

---

૧. મૂળના ભાવને તથા લયને વ્યકત કરવા માટે અક્ષરશઃ અનુવાદ ન કરતાં, મેં જરૂર લાગી ત્યાં સંસ્કૃતનું રૂપાંતર કરવામાં છૂટ લીધી છે. ભાષ્યમાં મેં તેના શબ્દોનો અક્ષરશઃ અનુવાદ આપ્યો છે.

પ્રકાશયુકત વિવેચના-શકિતની પાર-માનસિક ક્રિયાઓ છે; વેદાંત જેને વિજ્ઞાન કહે છે, વેદ જેને ઋત-સત્ય કહે છે, તે પરાત્પર તત્ત્વની તે ક્રિયા છે. પણ આ કિરણો માનવી માનસમાં પણ અવતરણ કરે છે, અને તેના શિખર પર પ્રકાશયુકત બુદ્ધિના લોકનું, ઇન્દ્ર જેનો પતિ છે એવા સ્વર્લોકનું નિર્માણ કરે છે.

કારણ કે આ વિજ્ઞાન માનવીય નહિ, પણ દિવ્ય શકિત છે. માનવીય મન, દિવ્ય મનની પેઠે, આત્મા-પ્રકાશવાળા ઋતનું બનેલું નથી; ઇન્દ્રિય-મન છે, જે ઋતનો સ્વીકાર કરી તેને સમજી શકે છે,[1] પણ તેની સાથે એકરૂપ બની શકતું નથી. જ્ઞાનના પ્રકાશે આ માનવીય સમજ-શકિત આગળ પ્રગટ થવાનું છે; અને તે પણ એવી રીતે કે તેની શારીરિક ચેતનાની શકિતઓ તથા મર્યાદાઓ તે જ્ઞાન-પ્રકાશને ઝીલી શકે. તે જ્ઞાન-પ્રકાશે તે મનને પોતાના સત્ય સ્વભાવ પ્રત્યે ક્રમે ક્રમે દોરી જવાનું છે, આપણા માનસિક વિકાસ માટે ક્રમિક વિકાસની ભૂમિકાઓને પ્રગટ કરવાની છે. એટલે આપણા મનના અસ્તિત્વનું નિર્માણ કરવા માટે પ્રયત્ન કરતાં, સૂર્ય-કિરણોએ એક ઉપર બીજા— એમ ત્રણ ક્રમિક માનસ-લોકોનું સર્જન કરવાનું છે, એક તો સંવેદનામય, કલા-રસિક, ઊર્મિમય મન; બીજું વિશુદ્ધ બુદ્ધિ, અને ત્રીજું દિવ્ય બુદ્ધિ. મનના આ ત્રિવિધ લોકોની પરિપૂર્ણતા માત્ર સત્‌ની વિશુદ્ધ માનસિક ભૂમિકા પર જ હોય છે. (આપણી સત્‌ની સ્વાભાવિક ભૂમિકા શારીરિક ચેતના હોય છે; પણ બીજી ભૂમિકાઓ પણ આપણી સમક્ષ ખુલ્લી છે, કારણ કે આપણા સત્‌નો અંશ તે દરેકમાં જીવતો હોય છે.) તે પરિપૂર્ણતા એ ત્રણ સ્વર્ગોથી પર (तिस्रो दिवः), તેમની ત્રણ જ્યોતિર્મયતાઓ તરીકે (त्रीणि रोचनानि) પ્રકાશતી હોય છે. પણ તેમનો પ્રકાશ શારીરિક ચેતનામાં અવતરણ કરે છે, અને તેના પ્રદેશોમાં પોતાને અનુરૂપ નિર્માણો કરે છે, જેમ તે વેદમાં पार्थिवानि रजांसि— પ્રકાશના પાર્થિવ પ્રદેશો કહેલા છે. તે પણ ત્રણ છે—तिस्रः पृथिवीः, ત્રણ પૃથ્વીઓ છે. સૂર્ય સવિતૃ આ બધા લોકોનો સ્રષ્ટા છે.

વિવિધ માનસશાસ્ત્રીય ભૂમિકાઓ આ રૂપકમાં, દરેકને એક લોક કહેવામાં આવ્યો છે, કે જે વૈદિક ઋષિઓના ખ્યાલોની ચાવી છે. માનવ વ્યકિત અસ્તિત્વનું એક સંગઠિત એકમ છે, કે જે વિશ્વની રચનાને પ્રતિબિંબિત કરે છે. તે પોતાનામાં વિશ્વની તે જ સ્થિતિઓનું તથા શકિતઓની ક્રીડાનું પુનરાવર્તન કરે છે. વિષયીગત રીતે માનવીમાં બધાં જગતો સમાયેલાં છે; વિષયગત રીતે તે બધાં જગતોમાં સમાયેલો છે. સામાન્ય રીતે ઋષિઓ ભાવગમ્ય નહિ, પણ

---

૧. સમજણ માટે વૈદિક શબ્દ ધી છે, કે જે સ્વીકારે છે અને યોગ્ય સ્થાનમાં ધારણ કરે છે.

સ્થૂળ ભાષાનો પ્રયોગ કરે છે, તેથી તેઓ શારીરિક ચેતનાને પૃથ્વી, ભૂલોક, ભૌતિક જગત કહે છે. વિશુદ્ધ માનસિક ચેતનાને તેઓ દ્યૌઃ—સ્વર્ગ કહે છે, જેનું શિખર છે स्वर् પ્રકાશયુકત મન. વચગાળાની ક્રિયાશીલ, જ્ઞાનતંતુમય, પ્રાણિક ચેતનાને તેઓ અંતરિક્ષ, ભુવર્લોક કહે છે, કે જે અનેકવિધ સક્રિય લોકો પૃથ્વીનું નિર્માણ કરે છે.

કારણ કે ઋષિઓના વિચાર અનુસાર, લોક મુખ્યત્વે ચેતનાનું નિર્માણ છે, અને ગૌણ રીતે જ વસ્તુઓનું ભૌતિક નિર્માણ છે. કારણ ઋત, જેનો પ્રતિનિધિ સૂર્ય સવિતૃ છે, તે બધાં રૂપોનો સ્રષ્ટા છે. કારણ કે તે અનંત सत्‌માં કારણ-વિચાર છે— ભાવગમ્ય વિચાર નહિ, પણ સત્ય અને ક્રિયાશીલ વિચાર; તે નિયમને, શકિતઓને વસ્તુઓનાં નિર્માણ-સ્વરૂપોને, અને નિયત પ્રક્રિયાઓ દ્વારા, નિયમ સ્વરૂપોમાં, તેમની શકયતાઓને કાર્યાન્વિત કરવાને સર્જે છે. કારણ-વિચાર અસ્તિત્વની સત્ય શકિત, અને તથા તેને सत्यम् કહેવામાં આવે છે; તે દરેક ક્રિયા અને રૂપ-નિર્માણનું નિર્ણાયક સત્ય છે, અને તેથી તેને ऋतम् કહેવામાં આવે છે— ગતિમાં સત્ય; તે આત્મ-દર્શનમાં, ક્ષેત્રમાં અને ક્રિયામાં વિશાળ અને અનંત છે, અને તેથી તેને बृहत् કહેવામાં આવે છે— મહાન અને વિશાળ.

સત્ય વડે સવિતૃ સ્રષ્ટા છે, પણ તે વસ્તુઓના યાંત્રિક ઉત્પાદનના— રચનાના અર્થમાં નહિ. सू ધાતુમાં આવેગ, વિસર્જન, બહાર મોકલવું તે—એ અર્થો રહેલા છે, કે જે અર્થો આપણે સૃષ્ટિ શબ્દમાં જોઈએ છીએ. કારણ વિચારની ક્રિયા ઉત્પાદન કરતી નથી, પણ તપ વડે બહાર પ્રગટ કરે છે; ચેતનાના દબાણ વડે પોતાના અસ્તિત્વમાં નિગૂઢ રહેલી પરાત્પર સત્યમાં વિદ્યમાન, શકયતાને બહાર પ્રગટ કરે છે.

ભૌતિક વિશ્વની શકિતઓ અને પ્રક્રિયાઓ તેમને પોતાને પેદા કરનાર પાર-ભૌતિક ક્રિયાનાં સત્યોનું, રૂપક હોય તે પ્રમાણે, પુનરાવર્તન કરે છે. ભૌતિક વિશ્વોને તથા પાર-ભૌતિક વિશ્વોને તે જ શકિતઓ અને તે જ પ્રક્રિયાઓ નિયમિત કરે છે; એટલે ઋષિઓએ આંતર જીવનનાં કાર્યોને વર્ણવવા ભૌતિક પ્રકૃતિનાં દૃશ્યોને રૂપક તરીકે સ્વીકાર્યાં. કારણ કે તે પવિત્ર કવિતાને સ્થૂલ ભાષામાં પ્રગટ કરવી, અને સાથે સાથે દૃષ્ટિગોચર વિશ્વની શકિતઓ તરીકે તે દેવોની બાહ્ય પૂજાને સ્થાપિત કરવી, તે ખૂબ મુશ્કેલ કામ હતું. સૂર્ય-શકિત તે પ્રકાશના તથા ઋતના સ્વામી સૂર્યનું ભૌતિક રૂપ છે; આપણે ઋત દ્વારા વૈદિક સાધનાના લક્ષ્યરૂપ અમૃતત્વને પ્રાપ્ત કરી શકીએ છીએ. એટલે આર્ય ઋષિઓએ માનવ આત્માની ક્રમિક-પ્રકાશ-પ્રાપ્તિને સૂર્ય અને તેનાં કિરણો દ્વારા, ઉષા-દિવસ-રાત્રિ દ્વારા, પ્રકાશ તથા અંધકારના બે છેડાઓ

વચ્ચે પસાર થતા માનવ જીવનના રૂપક દ્વારા વર્ણવી. અત્રિકુળનો ઋષિ શ્યાવાશ્વ તે રીતે સવિતૃ દેવનું— સ્રષ્ટા, પોષક, આવિર્ભાવક દેવનું ગાન આ સૂક્તમાં કરે છે.

સૂર્ય ઋતના પ્રકાશો વડે મનને તથા વિચારોને આલોકિત કરે છે. તે વિપ્ર છે, પ્રકાશપૂર્ણ છે. તે માનવ વ્યકિતના મનને તથા પરિસ્થિતિને તેની મર્યાદિત ચેતનામાંથી મુકત કરે છે, અને તેના વ્યકિતત્વમાં જ માત્ર ગૂંચવાઈ રહેવાથી પેદા થયેલી સીમિત ગતિને વિસ્તૃત કરે છે. તેથી સવિતૃ બૃહત્-વિશાળ છે. પણ તેનો પ્રકાશ અનિશ્ચિત નથી હોતો, તેની વિશાળતા વિષય-વિષયીના ગૂંચવાડાભરેલા અને વિસર્જિતે કરાયેલા દર્શનમાંથી નથી આવતી; તે પોતામાં સમગ્ર વસ્તુઓની સ્પષ્ટ વિવેચનાને ધારણ કરે છે—તે વસ્તુઓના અંશોની તથા સંબંધોની પણ. તેથી સવિતૃ વિપશ્ચિત્ છે, સ્પષ્ટ દર્શનાવાળા છે. જ્યારે માણસો આ સૂર્ય પ્રકાશને, થોડાઘણા પ્રમાણમાં પણ, પોતામાં સ્વીકારવાની શરૂઆત કરે છે, ત્યારે તેઓ પોતાના સમગ્ર માનસને તથા વિચારોને પોતાનામાં રહેલા દિવ્ય સૂર્યના સચેતન અસ્તિત્વ સાથે જોતરવાનો પ્રયાસ કરે છે. અર્થાત્ તેઓ પોતાની અસ્પષ્ટતામય માનસિક સ્થિતિને અને તેમના બધા ભૂલો કરતા વિચારોને પોતાનામાં આવિર્ભાવ પામેલા પ્રકાશને લાગુ કરે છે, જેથી તે પ્રકાશ તેમના મનની અસ્પષ્ટતાનું સ્પષ્ટતામાં રૂપાંતર કરે, અને તેમની વિચાર-ભૂલોને તે સત્યોના રૂપમાં પલ્ટાવી દે કે જેનું તેઓ વિકૃત પ્રતિબિંબ પાડતી હતી. આ જોતરાણ (युञ्जते) તેમનો યોગ બની જાય છે. તેઓ પોતાના મનને તથા વિચારોને તે વધારેમાં વધારે પ્રકાશમય, વિશાળ, સ્પષ્ટ દર્શનાવાળા સવિતૃ સાથે જોતરે છે.

પછી ઋતનો સ્વામી તેને સમર્પણ કરાયેલી, બધી માનવીય શકિતઓને ઋતની પરિભાષામાં વ્યવસ્થિત ગોઠવે છે; કારણ કે તે સવિતૃ દેવ માનવનાં સમગ્ર જ્ઞાન-ક્રિયાઓનું નિયમન કરનાર, એક માત્ર, પરમ શકિત બની રહ્યો હોય છે. પરસ્પર સંઘર્ષ કરતી શકિતઓ તેમાં ડખલ ન કરતી હોવાને કારણે, તે દેવ પરિપૂર્ણ રીતે શાસન ચલાવે છે; કારણ કે તે બધા આવિર્ભાવોને જાણે છે, તેમનાં કારણોને સમજનો હોય છે, તેમના નિયમને તથા પ્રક્રિયાને પોતામાં ધારણ કરનો હોય છે, અને તેથી તે સાચાં પરિણામો લાવવાની ફરજ પાડે છે. માનવ પ્રાણીમાં આ યજ્ઞમય શકિતઓરૂપ, સાત હોતાઓ હોય છે; તેમાંનો દરેક તેના માનસશાસ્ત્રીય અસ્તિત્વનાં સાત ઘટકોને અનુરૂપ હોય છે—શરીર, પ્રાણ, મન, પાર-મન, આનંદ, સંકલ્પ અને તાત્ત્વિક સત્. મનના જ્ઞાનની અસ્પષ્ટતા વડે પેદા થતા અને ચાલુ રહેતા, અનિયમિત કાર્યમાંથી અથવા ખોટા સંબંધમાંથી બધાં સ્ખલનો, દુઃખો, પાપો અને અનિષ્ટ સ્થિતિ જન્મે

છે. જ્ઞાનનો સ્વામી સૂર્ય તે દરેકને યજ્ઞમાં તેની યોગ્ય જગ્યાએ મૂકી આપે છે. દૃશ્યોને જાણતો, તે એકલો યજ્ઞમય શકિતઓને વ્યવસ્થિત ગોઠવે છે.

આ પ્રમાણે માનવ આ દિવ્ય સ્રષ્ટાની સર્વને આલિંગન આપતી સ્તુતિને પોતામાં પ્રાપ્ત કરે છે. માનવના સમગ્ર અસ્તિત્વ રૂપી વિશ્વમાં—કારણ કે આપણું સમગ્ર અસ્તિત્વ એક સતત સર્જન છે—તેથી એક સત્યમય અને સુખમય સર્જન થાય છે. એ વાત આ ઋચામાં સૂચવાઈ છે, અને પછીની ઋચામાં વધારે સ્પષ્ટ રીતે કહેવાઈ છે. સવિતૃ દેવની સર્વનો અંતર્ભાવ કરતી સ્તુતિ મહાન હોય છે.

સૂર્ય ઋષિ છે, આવિષ્કાર કરનાર છે. તેના પ્રકાશમાં તેનાં ઋતવસ્તુઓનાં સર્વ સ્વરૂપોનો, આપણા જગતનાં સર્વ દૃશ્યોનો તથા અનુભૂતિઓનો, આપણામાં રહેલી તથા બહાર રહેલી વૈશ્વિક ચેતનાની બધી આકૃતિઓનો સમાવેશ—અંતર્ભાવ થાય છે. તે તેમનામાં રહેલા સત્યને, તેમના અર્થને, તેમના હેતુને, તેમની યથાર્થતાને, તેમના સાચા ઉપયોગને પ્રગટ કરે છે. યજ્ઞની શકિતઓને યોગ્ય રીતે વ્યવસ્થિત કરતો તે દેવ કલ્યાણનું સર્જન કરે છે, કે જે કલ્યાણ આપણા સમગ્ર અસ્તિત્વનો કાયદો બની જાય છે. કારણ કે બધી જ વસ્તુઓને પેદા થવાનું યોગ્ય કારણ, તેમનો સદુપયોગ, અને તેમને યોગ્ય ઉપભોગ હોય છે. જ્યારે તેમનું આ સત્ય જડે છે અને તેનો સાચો ઉપયોગ થાય છે, ત્યારે બધી વસ્તુઓ જીવાત્મા માટે કલ્યાણકારી બની જાય છે, તેના ભદ્રમાં વૃદ્ધિ કરે છે, તેના આનંદને વિશાળ બનાવે છે. આ દિવ્ય વ્યુત્ક્રાન્તિ તેના નિમ્ન શારીરિક અસ્તિત્વમાં અને તેના વધારે પૂર્ણ આંતર જીવનમાં આવે છે, કે જે જીવન ભૌતિક અસ્તિત્વનો ઉપયોગ પોતાના આવિર્ભાવ માટે કરતું હોય છે. તે ઋષિ (સવિતૃ દેવ) બધાં રૂપો પોતામાં લઈ લે છે, દ્વિવિધ (બેપગાં પ્રાણીઓ) તથા ચતુર્વિધ (ચોપગાં પ્રાણીઓ)[1] માટે તે કલ્યાણની રચના કરે છે.

સૂકતના બાકીના ભાગમાં આ નવીન સર્જનની પ્રક્રિયાનું વર્ણન કરવામાં આવ્યું છે. સ્રષ્ટા તરીકે, પરમ કલ્યાણ તરીકે, સૂર્ય આપણી માનવ ચેતનામાં વિશુદ્ધ મનની ભૂમિકાઓ ઉપર તેના ગૂઢ સ્વર્ગમય શિખરને પ્રગટ કરે છે, અને આપણે આપણા શારીરિક અસ્તિત્વની પૃથ્વી પરથી ઊર્ધ્વમાં દૃષ્ટિ કરવા સમર્થ થઈએ છીએ, અને અજ્ઞાન-રાત્રિની અસ્પષ્ટતાઓથી મુકત બનીએ છીએ. સૂર્યની પેઠે, સૂર્યદેવ ઉષાની પાછળ પાછળ આવે છે, આપણા

---

૧. દ્વિપદે અને ચતુષ્પદે ના અનેક રૂપકમય અર્થો થઈ શકે. પણ તેની ચર્ચા આ સ્થાન માટે ઘણી જગ્યા રોકે એવી છે.

અસ્તિત્વના બધા પ્રદેશોને તે તેના પ્રકાશ વડે પ્રકાશિત કરે છે, કારણ કે ઋત પોતે-પારમાનસિક તત્ત્વ આપણા નિમ્ન અસ્તિત્વનો કબ્જો લે ત્યાર પહેલાં માનસિક પ્રકાશ પુરોગામી તરીકે પ્રગટવો જોઈએ. "સ્રષ્ટા, પરમ અભીષ્ટ પદાર્થ, સૂર્ય સકલ સ્વર્ગને પ્રગટ કરે છે, અને ઉષાની ગતિને અનુસરતો તે દેવ, સર્વત્ર વ્યાપતો, પ્રકાશ છે."

સૂર્યના આ અનુગમનની પાછળ પાછળ બધા દેવો આવે છે, અને તેના પ્રકાશના બળથી તેની વિશાળતાને પ્રાપ્ત કરે છે. અર્થાત્, માનવમાં ઋત અને પ્રકાશ વિસ્તૃત બને, તેમ તેમ તેની બીજી દિવ્ય શકિતઓ અથવા શકયતા વિસ્તૃત બનવા લાગે છે; આદર્શમય પાર-મનના બળમાં તેઓ પણ સત્ય સત્તા, સત્ય ક્રિયા અને સત્ય જ્ઞાનની અનંત વિશાળતાઓને પ્રાપ્ત કરે છે. વિશાળ ઋત સર્વને અનંત, વૈશ્વિક જીવનના ઘાટમાં ઘડે છે, મર્યાદિત વ્યકિત-ગત જીવનને સ્થાને તે સર્વને વ્યવસ્થિત ગોઠવે છે, અને સવિતૃ તરીકે તેણે જે શારીરિક ચેતનાના પ્રદેશોને સજર્યા હતા, તેમને તેમના સત્ય અસ્તિત્વમાં દોરીને મૂકી આપે છે. આ પણ આપણામાં એક પ્રકારનું સર્જન છે, જો કે વસ્તુત: આપણામાં અજ્ઞાનના અંધકારમાં જે ગૂઢ પણ વિદ્યમાન હતું, તેને તે માત્ર પ્રગટ કરે છે, જેવી રીતે અંધકાર આપણી આંખોને ભૌતિક પૃથ્વીના પ્રદેશો અદૃશ્ય બનાવી દે છે, પણ જેમને ઉષાની પાછળ પાછળ આવતો સૂર્ય પ્રગટ કરે છે અને એક પછી એક આપણી દૃષ્ટિ સમક્ષ લાવીને દૃશ્ય બનાવે છે, તેમ તેના બળ વડે તેનું અનુસરણ કરતા, બીજા દેવો તેના દેવત્વની વિશાળતામાં પહોંચી જાય છે—તે પ્રકાશમય સવિતૃ દેવ કે જે પોતાના મહિમા વડે, સંપૂર્ણપણે પ્રકાશના પાર્થિવ પ્રદેશોનો નકશો દોરી આપે છે.

પણ આ દિવ્ય સત્ય માત્ર આપણી ભૌતિક અથવા પાર્થિવ ચેતનાની સમગ્ર શકિતને આલોકિત નથી કરતું, માત્ર તેનું જ સંપૂર્ણ ક્રિયા માટે નિર્માણ નથી કરતું. તે વિશુદ્ધ મનના ત્રણ પ્રકાશયુકત પ્રદેશોને પણ (त्रिणीरोचना) વ્યાપ્ત કરી લે છે; તે સંવેદનાઓની, લાગણીઓની, બુદ્ધિની, આંતર-દર્શનાવાળી તર્કશકિતની બધી દિવ્ય શકયતાઓ સાથે આપણને સંપર્કમાં મૂકે છે; અને આપણી ઉચ્ચ શકિતઓને તેમની મર્યાદામાંથી મુકત કરીને તથા ભૌતિક જગત સાથે સતત સુસંગતતા તરફ દૃષ્ટિ રાખીને, તે આપણા સમગ્ર માનસિક અસ્તિત્વને પરિપૂર્ણ બનાવે છે. તેની ક્રિયાઓ તેમના પરિપૂર્ણ આવિર્ભાવનો સ્વીકાર કરે છે; સૂર્યનાં કિરણો તેમને સંપૂર્ણ સત્યના જીવનમાં એકત્રિત કરે છે; અર્થાત્ આપણામાં પ્રગટતા દિવ્ય પાર-મનના સંપૂર્ણ તેજ વડે તે તે કરે છે. "હે સવિતૃ, તું ત્રણ પ્રકાશમયતાઓ પ્રત્યે ગતિ કરે છે, અને સૂર્યનાં કિરણો તને સંપૂર્ણપણે અભિવ્યકત કરે છે. (અથવા, કિરણો તને એકત્રિત કરે છે.)"

ત્યારે જ અમૃતત્વનું ઉચ્ચતર શાસન વિશ્વમાં સંપૂર્ણપણે પ્રકાશે છે, સચ્ચિદાનંદ પ્રગટ થાય છે. પારમાનસિક પ્રગટીકરણના પ્રકાશમાં ઉચ્ચતર અને નિમ્નતરનો સમન્વય સધાય છે. રાત્રિ-અજ્ઞાનની રાત્રિ આપણા સમગ્ર અસ્તિત્વના બંને છેડાઓએ પ્રકાશિત બને છે, આપણી અત્યારની સ્થિતિમાં હોય છે તેમ માત્ર એક છેડાએ પ્રકાશિત નથી બનતી. તે ઉચ્ચતર શાસન આનંદના તત્ત્વમાં સ્વીકૃતિ પામે છે, કે જે તત્ત્વ આપણે માટે, મિત્ર-દેવ વડે પ્રતિનિધિત્વ પામેલું, પ્રેમ તથા પ્રકાશનું તત્ત્વ છે. જ્યારે ઋતનો સ્વામી પૂર્ણ દેવત્વમાં પોતાની જાતને પ્રગટ કરે છે, ત્યારે તે આનંદનો સ્વામી બની જાય છે. તેના અસ્તિત્વનો કાયદો, તેની ક્રિયાઓનું નિયમન કરતું તત્ત્વ પ્રેમ છે; કારણ કે જ્ઞાન-ક્રિયાની સાચી વ્યવસ્થામાં, અહીં બધું જ ભદ્ર, સુખમય, આનંદરૂપ બની જાય છે. 'અને તું રાત્રિને બંને છેડે વ્યાપી રહે છે; હે દેવ, તું તારા કાર્યના કાયદાઓ વડે મિત્ર બને છે.'

પરિણામે દિવ્ય અસ્તિત્વનું ઋત આપણામાં સર્વ સર્જનનો એક માત્ર સ્વામી બને છે; અને તેના સતત આગમનથી, અવિરત પ્રગતિથી, સ્રષ્ટા પોષક બને છે— સવિતૃ પૂષા બને છે. તે પ્રગતિકારક કાર્ય વડે આપણી વૃદ્ધિ કરે છે, અને આખરે તે આપણા અસ્તિત્વના સમગ્ર લોકને આલોકિત કરે છે. આપણે સંપૂર્ણમાં–અનંતમાં, વિરાટમાં વૃદ્ધિ પામીએ છીએ. અત્રિકુળનો શ્યાવાશ્વ પોતાના જીવનમાં સવિતૃનો સ્વીકાર કરવામાં સફળ બન્યો છે, કે જે સવિતૃ પ્રકાશક ઋત છે, માનવનો સર્જક-પ્રગતિકારક વૃદ્ધિ કરનાર દેવ છે, જે તેને અહંતાપૂર્ણ મર્યાદિતતામાંથી વૈશ્વિકતામાં લાવે છે, સાન્તમાંથી અનંતમાં લાવે છે. "તારામાં એકલામાં જ સર્જનની શકિત છે; હે દેવ, તારી ગતિઓ વડે તું પોષણ કરનાર બને છે; તું આ સમગ્ર લોકને સંપૂર્ણપણે પ્રકાશિત કરે છે. હે સવિતૃ શ્યાવાશ્વે તારી સ્વીકૃતિને પ્રાપ્ત કરી છે."

દિવ્ય ઉષા

ઋગ્વેદ ૩, ૬૧

उषो वाजेन वाजिनि प्रचेता: स्तोमं जुषस्व गृणतो मघोनि ।
पुराणी देवि युवति: पुरंधिरनु व्रतं चरसि विश्ववारे ।।

(૧) હે સમૃદ્ધિશાળી, પદાર્થ વડે પરિપૂર્ણ, ઉષા, સચેતન એવી તું તને અભિવ્યકત કરતા મારી સ્તુતિને વળગી રહે. હે દેવી, સર્વ વરદાનોને ધારણ કરતી, પુરાણી અને છતાં નિત્ય યુવાન, અનેક વિચારોથી યુકત, તું તારી ક્રિયાઓના નિયમને અનુસરતી, ગતિ કરે છે.

उषो देव्यमर्त्या वि भाहि चन्द्ररथा सूनृता ईरयन्ती ।
आ त्वा वहन्तु सुयमासो अश्वा हिरण्यवर्णा: पृथुपाजसो ये ।।२।।

(૨) હે દિવ્ય ઉષા, સુખમય પ્રકાશના તારા રથમાં અમર્ત્ય એવી તું, ઋતના સુખપ્રદ શબ્દોને પ્રગટ કરતી, પ્રકાશ-સુવર્ણ જેવા પ્રકાશતા, વિશાળ બળવાળા; સુંદર રીતે નિયમમાં રહેનારા, અશ્વો તને અહીં લઈ આવો.

उष: प्रतीची भुवनानि विश्वोर्ध्वा तिष्ठस्यमृतस्य केतु: ।
समानमर्थं चरणीयमाना चक्रमिव नव्यस्या ववृत्स्व ।।३।।

(૩) હે ઉષા, સર્વ લોકોની સામે તું ઊર્ધ્વમાં ઊભી રહે છે, તું તેમની અમૃતત્વની દર્શના છે; હે નવીન દિવસ, સમાન ક્ષેત્ર ઉપર સંચરતી તું તેમના પર ચક્રની પેઠે વિચરણ કર.

अव स्यूमेव चिन्वती मघोन्युषा याति स्वसरस्य पत्नी ।
स्वर्जनन्ती सुभगा सुदंसा आन्ताद् दिव: पप्रथ आ पृथिव्या: ।।४।।

(૪) સમૃદ્ધિશાળી, આનંદની પત્ની, ઉષા પોતાના વસ્ત્રને સરી પડવા

દેતી દેતી ગતિ કરે છે; સ્વર્નું સર્જન કરતી, પોતાના કાર્યમાં પરિપૂર્ણ ઉપભોગમાં સંપૂર્ણ, ઉષા દ્યુલોકના અંત ભાગમાંથી પૃથ્વી પર વિસ્તરી છે.

अच्छा वो देवीमुषसं विभातीं प्र वो भरध्वं नमसा सुवृक्तिम् ।
ऊर्ध्वं मधुधा दिवि पाजो अश्रेत् प्र रोचना रुरुचे रण्वसंदृक् ।।५।।

(૫) તમારા પ્રત્યે વિશાળતાપૂર્વક પ્રકાશતી ઉષાને તમે મળો; સમર્પણ સાથે તમે તમારી સંપૂર્ણ શકિતને બહાર પ્રગટ કરો. મધુરતાને ધારણ કરતી તે દ્યુલોકમાં ઊર્ધ્વ બળનો આશ્રય કરે છે; તેણે પ્રકાશયુકત લોકોને પ્રકાશિત કર્યા; તેનો દેખાવ આનંદપ્રદ છે.

ऋतावरी दिवो अर्कैरबोध्या रेवती रोदसी चित्रमस्थात् ।
आयतीमग्न उषसं विभातीं वाममेषि द्रविणं भिक्षमाणः ।।६।।

(૬) ઋતને ધારણ કરતી ઉષાને માણસ દ્યુલોકના પ્રકાશો વડે જુએ છે; આનંદપૂર્ણ તે તેના વિવિધ પ્રકાશ સાથે આકાશ-પૃથ્વીમાં આવે છે; હે અગ્નિ, આવતી, પ્રકાશતી ઉષા પાસે આનંદનું દ્રવ્ય માગતો તું તેને પ્રાપ્ત કરે છે.

ऋतस्य बुध्न उषसामिषण्यन् वृषा मही रोदसी आ विवेश ।
मही मित्रस्य वरुणस्य माया चन्द्रेव भानुं वि दधे पुरुत्रा ।।७।।

(૭) ઋતના પાયામાં, ઉષાઓના પાયામાં પોતાના આવેગોને મૂકતો, તેમનો પતિ આકાશ-પૃથ્વીની વિશાળતામાં પ્રવેશ કરે છે. વરુણનું તથા મિત્રનું વિશાળ જ્ઞાન, જાણે કે સુખમય તેજોમયતામાં, અનેક જગ્યાઓમાં પ્રકાશને વ્યવસ્થિત મૂકી આપે છે.

ભાષ્ય

સૂર્ય સવિતૃ પોતાના પ્રકાશનના કાર્યમાં ઉષાની પ્રગતિને અનુસરે છે. બીજા એક સૂકતમાં, સતત આવતી ઉષાઓની પ્રકાશયુકત શકિત વડે મનની ગતિઓ સચેતન અને પ્રકાશયુકત બને છે, એવું વર્ણવવામાં આવ્યું છે. વેદમાં સર્વત્ર દ્યુલોકની પુત્રી ઉષાનું એ જ કાર્ય વર્ણવવામાં આવ્યું છે. તે બીજા દેવોને જગાડવાનું, તેમની ક્રિયાનું, તેમની વૃદ્ધિનું માધ્યમ છે; તે વૈદિક સાક્ષાત્કારની પ્રથમની અવસ્થા છે. તેના વૃદ્ધિ પામતા પ્રકાશથી માનવનો સમગ્ર સ્વભાવ સ્પષ્ટ બને છે; તેના વડે માનવ ઋતને પ્રાપ્ત કરે છે, તેના વડે તે આનંદનો ઉપભોગ માણે છે. ઋષિઓની દિવ્ય ઉષા દિવ્ય પ્રકાશનું આગમન છે, જે એક પછી એક બધા પડદાને ચીરી નાખે છે, અને માનવીની ક્રિયાઓમાં પ્રકાશયુકત દેવત્વને પ્રગટ કરે છે. તેના પ્રકાશમાં કર્મ પરિપૂર્ણ થાય છે, યજ્ઞ

અર્પણ થાય છે, અને તેનાં અભીષ્ટ ફળોને માનવજાતિ પ્રાપ્ત કરે છે.

આ ઉષાદેવીના આંતરિક સત્યને પાર્થિવ ઉષાનાં સમૃદ્ધ અને સુંદર રૂપકોમાં અનેક સૂક્તોમાં વર્ણવવામાં આવ્યું છે; પણ વિશ્વામિત્ર ઋષિના આ સૂક્તમાં વૈદિક ઉષાની માનસશાસ્ત્રીય રૂપકમયતા, શરૂઆતથી તે અંત સુધી, ખુલ્લા શબ્દોમાં અને વિચારની ઉપલી સપાટી પર પ્રગટ થઈ છે. વિશ્વામિત્ર ઉષાને કહે છે, 'હે સમૃદ્ધિશાળી, પદાર્થમાં દ્રવ્યના ભંડારવાળી ઉષા, તને વ્યકત કરતા મારી સ્તુતિને તું સભાનપણે વળગી રહે.' प्रचेतस् અને તેનો સંબંધિત શબ્દ विचेतस् વેદમાં વારંવાર વાપરવામાં આવ્યા છે; અને પાછળથી વેદાંતમાં વપરાતા प्रज्ञान અને विज्ञान શબ્દોને અનુરૂપ અર્થ ધરાવે છે. પ્રજ્ઞાન એટલે સન્મુખ રહેલા પદાર્થોને વિષય રૂપે જોતી ચેતના; દિવ્ય મનમાં, તે વસ્તુઓને તેમના મૂળમાં જોતું, સ્વામિત્વયુકત, સાક્ષીરૂપ જ્ઞાન. વિજ્ઞાન એટલે વસ્તુઓને વીંધીને જોતું, તેમના સત્ય સાથે તાદાત્મ્ય કરીને ચેતનામાં તેમને વ્યાપ્ત કરીને, આવરી લેતું જ્ઞાન. ઉષાએ ઋષિના આવિષ્કારક વિચારમાં અને શબ્દમાં સ્થાન જમાવવાનું છે, તેમના વડે મન સમક્ષ, માનવમાં અભિવ્યકિત માટે મુકાયેલી, બધી વસ્તુઓના સચેતન જ્ઞાનની શકિતરૂપ બનવાનું છે. એવું સૂચવાયું છે કે તે સ્વીકૃતિ અને સ્તુતિ સંપૂર્ણ અને વિશાળ હશે; કારણ કે ઉષા वाजेन वाजिनि मघोनि છે— તેના પદાર્થદ્રવ્યમાં સમૃદ્ધ અને પ્રાચુર્યોથી યુકત છે.

આ ઉષા હમેશાં દિવ્ય કાર્યના નિયમ અનુસાર ગતિ કરે છે; પોતાની ગતિમાં તે અનેક વિચારો લઈ આવે છે; પણ તેનાં પગલાં સુનિશ્ચિત હોય છે, અને તે સર્વ અભીષ્ટ વસ્તુઓને, આનંદનાં વરદાનોને, દિવ્ય અસ્તિત્વના આશીર્વાદોને પોતાના હાથમાં રાખે છે. તે પ્રાચીન અને સનાતન છે; પ્રકાશવાળી તે ઉષા સૃષ્ટિના પ્રારંભકાળમાં હતી—पुराणी; પણ આગમનમાં તે તેને સ્વીકારતા આત્મા માટે નિત્ય નવીન અને યુવાન છે.

તેનો પ્રકાશ વિશાળ છે; અમર અસ્તિત્વના પ્રકાશ તરીકે તેણે માનવીમાં ઋતના તથા આનંદના શબ્દોને અથવા શકિતઓને લાવવાની છે (सूनृताः શબ્દમાં બંને અર્થો છે— સત્ય અને સુખપ્રદ); કારણ કે તેનો રથ શું એકીસાથે પ્રકાશનું તથા સુખનું વાહન નથી ? चन्द्ररथा માં ચન્દ્ર શબ્દ સોમને, માનવમાં રેલાતા અમૃતત્વના આનંદના સ્વામીને સૂચવે છે; તે શબ્દના બે અર્થો થાય છે— પ્રકાશયુકત અને આનંદપૂર્ણ. આપણા કાર્યને ટકાવી રાખતી અને આગળ વધારતી, જ્ઞાનતંતુઓની શકિતઓ રૂપી, ઉષાના અશ્વો સંપૂર્ણપણે નિયમિત કરાયેલા— કાબૂમાં રખાયેલા હોવા જોઈએ; તે સોનેરી છે, પ્રકાશયુકત રંગના છે, તેમનો સ્વભાવ (પ્રાચીન રૂપકમયતામાં રંગ એ ગુણની, ચરિત્રની,

મિજાજની નિશાની છે) તેની એકાગ્ર તેજોમયતામાં આદર્શ-જ્ઞાનની ક્રિયાશીલતારૂપ હોવો જોઈએ; તે એકાગ્ર શકિતનો સમૂહ વિસ્તારમાં વિશાળ હોવો જોઈએ— पृथुपाजसोये ।

દિવ્ય ઉષા આ પ્રમાણે, તેના જ્ઞાનના પ્રકાશ સાથે (प्रज्ञान), બધાં વિશ્વોને પોતાના વિષય-ક્ષેત્ર તરીકે નિહાળતી આવે છે— બધાં વિષયક્ષેત્રો એટલે આપણું વૈશ્વિક અસ્તિત્વ— મન, પ્રાણ, શારીરિક ચેતના. તે બધાંની ઉપર, આપણા મનની ઊંચાઈઓ પર, ઉચ્ચતમ સ્વર્લોકમાં, અમૃતત્વની અથવા અમર તત્ત્વની દર્શના તરીકે તે રહેલી છે (अमृतस्य केतुः); તે તેમનામાં સનાતન આનંદમય અસ્તિત્વને અથવા સનાતન આનંદરૂપ દેવને પ્રગટ કરે છે. તે રીતે ઊર્ધ્વમાં રહેલી તે દિવ્ય જ્ઞાનની ગતિને સિદ્ધ કરવા ખડી રહે છે, સનાતન સત્યના નવીન સાક્ષાત્કાર તરીકે પ્રગતિ કરતી રહે છે (नव्यसी), તેમની સંવાદમય સમત્વયુકત ક્રિયાઓમાં તે, સમતળ ક્ષેત્રમાં ગતિ કરતા ચક્રની પેઠે, ગતિ કરે છે; કારણ કે હવે તેમની ભેદમયતાઓ અને વિસંવાદો દૂર થઈ ગયાં હોવાથી, તેઓ તે સમત્વયુકત ગતિમાં વિક્ષેપ કરતાં નથી.

પોતાના પ્રાચુર્યમાં, તે જાણે કે પોતાના પરિશ્રમપૂર્વક વણાયેવા-સિવાયેલા વસ્ત્રને નીચે નાખી દે છે— સેરવી દે છે, કે જે વસ્ત્રના આવરણ હેઠળ વસ્તુઓનું સત્ય નિગૂઢ હતું, અને પોતાના પ્રેમીની પત્ની તરીકે, આનંદરૂપ સ્વામીની શકિત તરીકે, હવે તે ગતિ કરે છે (स्वसरस्य पत्नी). તે સુખનો પૂર્ણ ઉપભોગ કરતી, બધી ક્રિયાઓમાં પૂર્ણ અસરકારકતા લઈ આવતી (सुभगा सुदंसाः), તે પોતાના આવિર્ભાવો વડે આપણા અસ્તિત્વમાં સ્વર્ને— આપણા ઉચ્ચતમ માનસિક સ્વર્લોકને લઈ આવે છે; અને આ રીતે માનસિક અસ્તિત્વના દૂર-દૂરના છેડેથી શારીરિક ચેતનામાં તે વિસ્તરી જાય છે.

જેમ જેમ આ દિવ્ય ઉષા માણસો પર પોતાના પ્રકાશને વિશાળતા-પૂર્વક રેલાવે છે, તેમ તેમ માણસોએ, ઉષાના દિવ્ય કાર્ય તથા ગતિના નિયમને તાબે થઈને, તેને માટે પોતાના અસ્તિત્વની સંપૂર્ણ રીતે શકિતમાન બનેલી પરિપૂર્ણતાને પ્રગટ કરવાની રહે છે, પોતાની શકિતઓને તેના પ્રકાશના વાહન તરીકે, તેની યજ્ઞમય ક્રિયાઓના આસન તરીકે, નિવેદિત કરવાની રહે છે.

પછી ઋષિ દિવ્ય ઉષા માનવમાં જે બે મહાન કાર્યો સિદ્ધ કરે છે, તેનું વર્ણન કરે છે—એક તો માનવનું પ્રકાશની પૂર્ણ શકિતમાં ઊર્ધ્વકરણ તથા ઋતનું પ્રગટીકરણ; અને બીજું ઉષા આનંદને, અમૃતને, સોમરસને, અમર અસ્તિત્વના આનંદને માનસિક તથા શારીરિક અસ્તિત્વમાં રેલાવે છે. તે વિશુદ્ધ મનના લોકમાં (दिवि), તે પૂર્ણ શકિત રૂપે તથા પ્રકાશના સમૂહ રૂપે પ્રગટે છે (ऊर्ध्वं पाजो अश्रेत्), અને તે શુદ્ધ ઉચ્ચ ભૂમિકાઓ પરથી તે મધુને, સોમને,

મધુરતાને સ્થાપિત કરે છે. તે ત્રણ પ્રકાશયુકત લોકોને (रोचना) પ્રકાશિત કરે છે; પછી તે રમણીય દૃશ્ય બની રહે છે અથવા તો રમણીય દૃશ્યને લઈ આવે છે. વિશુદ્ધ માનસના અસરકારક પ્રકાશો વડે, સાક્ષાત્કારક શબ્દો દ્વારા (दिवोअर्कैः), તે સત્યને ધારણ કરતી દેખાય છે; અને તે સત્ય સાથે ઉષા મનની પેલે પારના લોકમાંથી પ્રવેશ કરે છે; તે આનંદપૂર્ણ, અનેકવિધ વિચારો તથા ક્રિયાઓની વિવિધ ક્રીડાથી યુકત, તે માનસિક અને શારીરિક ચેતનામાં પ્રવેશ કરે છે— કે જે સ્થાપિત સીમાડાઓની વચ્ચે માનવીનું કાર્ય ગતિ કરી રહ્યું છે. જ્યારે તે આ પ્રમાણે સમૃદ્ધિથી સભર ભરેલી (वाजेन वाजिनि) આવે છે, ત્યારે માનવને ઊર્ધ્વમાં લઈ જવા માટે તેના શરીર-મનમાં પરિશ્રમ કરી રહેલો અગ્નિ-દિવ્યશકિત તેની પાસે પ્રાર્થના કરીને સોમરસને—આનંદને—આનંદપૂર્ણ પદાર્થદ્રવ્યને પ્રાપ્ત કરે છે.

આપણામાં રહેલો પાર-માનસિક લોક, ઋતનો પાયો ઉષાઓનો પાયો છે. ઉષાઓ એ મર્ત્ય સ્વભાવ પર થયેલું, ऋतं ज्योतिः નું—અમર ઋતના પ્રકાશનું અવતરણ છે. ઉષાઓનો સ્વામી, ઋતનો સ્વામી, પ્રકાશક, સ્રષ્ટા, સંગઠનકાર, સવિતૃ દેવ મનથી પર, ઋતના પાયામાં પોતાની ક્રિયાઓના આવેગોને મૂકી આપે છે; આ દેવી દ્વારા, તેમની સાથે, શારીરિક અને માનસિક અસ્તિત્વમાં પ્રવેશ કરે છે, કે જે શરીર-મન હવે અસ્પષ્ટતાઓની મર્યાદાઓમાંથી મુકત થયાં હોય છે, અને વિશાળતા માટે સમર્થ બન્યાં હોય છે—मही रोदसी. ઋતનો સ્વામી વસ્તુઓનો એક માત્ર સ્વામી છે. તે વરુણ—વિશાળતાનો તથા વિશુદ્ધિનો આત્મા છે; તે મિત્ર—પ્રેમનું, પ્રકાશનું, સંવાદનું ઉદ્‌ગમસ્થાન છે. તેનું સર્જનાત્મક જ્ઞાન (मही मित्रस्य वरुणस्य माया) મર્યાદા-રહિત છે, કારણ કે તે વરુણ છે; તે આનંદના પ્રકાશરૂપ દેખાય છે (चन्द्रेव), કારણ કે તે મિત્ર છે; તે સંપૂર્ણ રીતે વ્યવસ્થા કરે છે, અનેક રૂપોમાં સંગઠન કરે છે, મુકત સ્વભાવની વિશાળતામાં પ્રકાશમય વિસ્તારોને, ઋતની ભવ્ય અભિવ્યકિતઓને ગોઠવે છે. જે વિવિધ તેજોમયતાઓ સાથે તેની ઉષાએ આપણાં આકાશ-પૃથ્વીમાં પ્રવેશ કર્યો છે, તેમનું તે પોતાનામાં સંયોગીકરણ કરે છે; તે ઉષાના સત્ય અને સુખમય અવાજોને એક સંવાદિતામાં સંમિશ્રિત કરે છે.

દિવ્ય ઉષા એટલે દેવનું આગમન તે જ્ઞાનના તથા આનંદના સ્વામીનો આપણા ઉપર વરસતો ઋત-આનંદનો પ્રકાશ છે—अमृतस्य केतुः, स्वसरस्य पत्नी.

પ્રકરણ ૭

ઉપભોક્તા, ભગ સવિતૃને

ઋગ્વેદ ૫, ૮૨

तत्सवितुर्वृणीमहे वयं देवस्य भोजनम् ।
श्रेष्ठं सर्वधातमं तुरं भगस्य धीमहि ।।१।।

(૧) દિવ્ય સવિતૃના શ્રેષ્ઠ, સર્વને યોગ્ય સ્થાને મૂકનાર, લક્ષ્યને પહોંચનાર, ભગના પણ ઉપભોગને અમે આલિંગીએ છીએ, વિચાર વડે ધારણ કરીએ છીએ.

अस्य हि स्वयशस्तरं सवितुः कच्चन प्रियम् ।
न मिनन्ति स्वराज्यम् ।।२।।

(૨) તેઓ તેના વસ્તુઓના આનંદને ન્યૂન કરી શકતા નથી, કારણ કે તે આત્મ-વિજયી છે; આ ઉપભોકતાના સ્વરાજ્યને પણ તેઓ ન્યૂન કરી શકતા નથી.

स हि रत्नानि दाशुषे सुवाति सविता भगः ।
तं भागं चित्रमीमहे ।।३।।

(૩) વસ્તુઓનો પ્રસવ કરનાર તે દેવ દાતાને આનંદો મોકલી આપે છે; અમે તે ઉપભોગની વિવિધ સમૃદ્ધિને શોધીએ છીએ.

अद्या नो देव सवितः प्रजावत् सावीः सौभगम् ।
परा दुःष्वप्न्य सुव ।।४।।

(૪) હે દિવ્ય પ્રસૂતિ કરનાર, આજે તું અમારે માટે ફળયુકત આનંદને મોકલી આપ; ખરાબ સ્વપ્નને દૂર કર.

विश्वानि देव सवितर्दुरितानि परा सुब ।
यद् भद्रं तन्न आसुव ।।५।।

(૫) હે દિવ્ય પ્રસૂતિ કરનાર, બધાં પાપોને દૂર કર; ભદ્રને અમારા પ્રત્યે મોકલ.

अनागसो अदितये देवस्य सवितुः सवे ।
विश्वा वामानि धीमहि ।।६।।

(૬) દિવ્ય પ્રસૂતિ કરનારનાં દાનોમાં, દોષ-રહિત એવા અમે વિચાર વડે સર્વ આનંદની વસ્તુઓને ધારણ કરીએ છીએ.

आ विश्वदेवं सत्पतिं सूक्तैरद्या वृणीमहे ।
सत्यसवं सवितारम् ।।७।।

(૭) આજે અમે પૂર્ણ શબ્દો દ્વારા વિશ્વના દેવ, અસ્તિત્વના પતિ, સત્યનું સર્જન કરનાર, સવિતૃ દેવનો સ્વીકાર કરીએ છીએ.

य इमे उभे अहनी पुर एत्यप्रयुच्छन्
स्वाधीर्देवः सविता ।।८।।

(૮) જરા પણ ચૂક વગર જે આ દિવસ-રાત્રિ બંનેની આગળ ગતિ કરે છે, તે સવિતૃ દેવ પોતાના વિચારને યોગ્ય રીતે મૂકે છે,

य इमा विश्वा जातान्या श्रावयति श्लोकेन ।
प्र च सुवाति सविता ।।९।।

(૯) તે દિવ્ય પ્રસૂતિ કરનાર દેવ શ્લોક વડે બધા જન્મોને સંભળાવે છે, અને તેમને પ્રગટ કરે છે, તે સવિતૃ દેવ છે.

ભાષ્ય

વેદમાં ચાર દેવો તેમના સ્વભાવમાં તથા કાર્યમાં નિકટતાપૂર્વક સંબંધિત છે— વરુણ, મિત્ર, ભગ અને અર્યમા. ઋષિઓના વિચારોમાં વરુણ તથા મિત્રને હમેશાં ભેગા મૂકવામાં આવ્યા છે; કેટલીક વાર ત્રણ દેવો ભેગા મુકાયેલા નજરે પડે છે— વરુણ, મિત્ર અને ભગ; અથવા વરુણ, મિત્ર અને અર્યમા. તેમાંના દરેકને ભાગ્યે જ કોઈ જુદાં સૂકતો ઉદ્દેશાયેલાં હશે, જો કે વરુણને એકલાને ઉદ્દેશીને ઘણાં સૂકતો રચાયાં છે. પણ બીજા દેવોનાં સૂકતોમાં તથા વિશ્વેદેવોનાં સૂકતોમાં તેઓ ઘણી વાર નજરે પડે છે.

સાયણના મત પ્રમાણે આ ચારે ય દેવો સૂર્યની શકિતઓ છે; નિષેધાત્મક રીતે વરુણ રાત્રિનો સ્વામી છે, મિત્ર વિધ્યાત્મક રીતે દિવસનો સ્વામી છે, અને ભગ તથા અર્યમા સૂર્યનાં નામો છે. આપણે આ તાદાત્મ્યોને વધારે અગત્ય આપવાની જરૂર નથી; પણ એટલી વાત ચોક્કસ છે કે આ ચારેયમાં સૂર્યનાં લક્ષણો હાજર છે. વૈદિક દેવોનું એક લક્ષણ કે—બધા દેવોના વ્યકિતત્વમાં તથા

ગુણધર્મોમાં તાત્ત્વિક એકરૂપતા, આ ચાર દેવોમાં ખાસ નજરે પડે છે. તે ચાર પરસ્પર ખૂબ સંબંધિત છે એટલું જ નહિ, પણ તેઓ એકબીજાના સ્વભાવને તથા વિશેષણોને પોતાનામાં ધારણ કરે છે, અને બધા જ સૂર્ય સવિતૃનાં પ્રગટીકરણો છે, તેના સર્જનાત્મક તથા પ્રકાશક રૂપમાં દિવ્ય સૂર્ય દેવના આવિર્ભાવો છે.

સૂર્ય સવિતૃ સ્રષ્ટા છે. દિવ્ય ચેતના, અનંત સત્‌ની દેવી, દેવોની માતા, અભેદમય ચેતના, રહસ્યમય અભેદ્ય અવધ્ય ગાય રૂપી પ્રકાશ, અદિતિમાંથી, ઋત અનુસાર, દરેક વસ્તુમાં રહેલા ઋત પ્રમાણે, બધી વસ્તુઓનું સર્જન થયું છે. તે સૃષ્ટિમાં વરુણ તથા મિત્ર, અર્યમા તથા ભગ—એ ચાર અસરકારક શકિતઓ છે. વરુણ વિશુદ્ધ વિશાળ સત્‌નો—સચ્ચિદાનંદમાંના સત્‌નો પ્રતિનિધિ છે; અર્યમા શકિત તરીકે કાર્ય કરી રહેલ, દિવ્ય ચેતનાના પ્રકાશનો પ્રતિનિધિ છે; પ્રકાશ તથા જ્ઞાનનો પ્રતિનિધિ મિત્ર સૃષ્ટિ માટે આનંદના તત્ત્વનો ઉપયોગ કરે છે, તે સંવાદમયતાના કાયદાને પ્રેમ તરીકે ધારણ કરી રાખે છે; ભગ સર્જનાત્મક આનંદનો ઉપભોગ બતાવે છે, તે સર્જનમાં આનંદ માણે છે, બધી સર્જાયેલી વસ્તુઓમાં આનંદને માણે છે. અદિતિના જે પ્રકાશને સૃષ્ટિને પ્રગટ કરવા માટે ઉષા લઈ આવે છે, તેને અનેક રૂપોમાં વરુણની તથા મિત્રની માયા—નિર્માયક જ્ઞાન મૂકી આપે છે.

તેમનાં માનસશાસ્ત્રીય કાર્યોમાં આ ચાર દેવો માનવી મનમાં—મિજાજમાં કાર્ય કરી રહેલાં તે જ તત્ત્વોના પ્રતિનિધિઓ છે. તેઓ માનવમાં તેના અસ્તિત્વની જુદી જુદી ભૂમિકાઓ રચે છે, અને આખરે તેમને દિવ્ય ઋતનાં સ્વરૂપોનો ઘાટ આપે છે. ખાસ કરીને વરુણ તથા મિત્ર તેમના કાર્યના નિયમને દૃઢતાપૂર્વક ધારણ કરતા, ઋતમાં વૃદ્ધિ કરતા, ઋતનો સ્પર્શ કરતા, ઋત વડે દિવ્ય સંકલ્પની વિશાળતાનો અથવા તેના મહાન અસંકુચિત યજ્ઞમય કાર્યનો ઉપભોગ માણતા વર્ણવાયા છે. વરુણ વિશાળતાનો, સત્યનો, વિશુદ્ધિનો પ્રતિનિધિ છે; સત્ય તથા વિશુદ્ધિમાંથી દૂર સરી જતી દરેક વસ્તુ તેના સત્‌માંથી પાછી ભાગી જાય છે, અને અપરાધીને પાપની શિક્ષાનો પ્રહાર કરે છે. જ્યાં સુધી માણસ વરુણના ઋતની વિશાળતાને પ્રાપ્ત કરતો નથી, ત્યાં સુધી તે વિશ્વ-યજ્ઞના સ્તંભ સાથે મન-પ્રાણ-શરીરના ત્રિવિધ પાશ વડે બલિ તરીકે બંધાયેલો રહે છે, માલિક તથા ઉપભોકતા તરીકે તે મુકત હોતો નથી. એટલે ઘણી વાર આપણે વરુણના પાશમાંથી મુકત થવાની, તેની વિશુદ્ધિની વિરુદ્ધ કરાયેલા પાપને લીધે વરુણને થયેલા ક્રોધમાંથી મુકત થવાની પ્રાર્થના કરાતી વેદમાં જોઈએ છીએ. તેથી ઊલટું, મિત્ર બધા દેવોમાં સૌથી વધારે વહાલો દેવ છે; તેની સંવાદિતાની નિશ્ચિતતાઓ વડે, પ્રેમનાં ક્રમિક પ્રકાશયુકત ધામો વડે, મિત્ર બધાને એકત્રિત કરી

બાંધી રાખે છે, અને તે રીતે વસ્તુઓની વ્યવસ્થામાં પ્રેમને પરિપૂર્ણ કરે છે-मित्रस्य धामभिः । મિત્ર શબ્દનો બીજો અર્થ ભાઈબંધ થાય છે, અને તે બંને અર્થોમાં તે શબ્દનો પ્રયોગ થયો છે. મિત્રદેવ બધામાં રહે છે, એટલે મિત્ર વડે બીજા દેવો પણ માનવના મિત્રો બને છે. વેદમાં અર્યમાનું કોઈ ખાસ સ્પષ્ટ વ્યકિતત્વ જોવામાં આવતું નથી, તેનો ઉલ્લેખ બહુ થોડા મંત્રોમાં કરવામાં આવ્યો છે. ભગનાં કાર્યો વધારે સ્પષ્ટતાપૂર્વક વર્ણવવામાં આવ્યાં છે, અને તે વિશ્વમાં તથા માનવમાં એક જ પ્રકારનાં છે.

શ્યાવાશ્વના સવિતૃને ઉદ્દેશીને લખાયેલા આ સૂકતમાં આપણને ભગનાં તે બંને પ્રકારનાં કાર્યો તથા સૂર્ય સવિતૃ સાથેનું તાદાત્મ્ય નજરે પડે છે. કારણ કે આ સૂકત ઋતના સર્જનાત્મક સ્વામી સૂર્યને ઉદ્દેશીને લખાયેલું છે, પણ તે ખાસ કરીને ભગના રૂપમાં, ઉપભોગના સ્વામી તરીકે. ભગનો અર્થ ઉપભોગ તથા ઉપભોકતા છે, અને આ સૂકતની ઋચાઓમાં વપરાયેલા भोजनम्, भाग, सौभगम् શબ્દો ભગના દિવ્ય નામના તે અર્થને પુષ્ટ કરે છે. સવિતૃ શબ્દનો અર્થ સ્રષ્ટા થાય છે, પણ તે ખાસ કરીને ઉત્પન્ન કરવાના—અપ્રગટ-માંથી પ્રગટ કરી બહાર કાઢવાના અર્થમાં. આખા સૂકતમાં તે શબ્દનો આ અર્થ હાજર રહેલો છે, અને તેનો યોગ્ય અનુવાદ કરવો તે બહુ મુશ્કેલ, લગભગ અશકય કાર્ય છે. પહેલી જ ઋચામાં भोजन શબ્દ પર શ્લેષ છે, કારણ કે તેના બે અર્થો થાય છે— ઉપભોગ અને અન્ન. સવિતૃ સોમરસનો ઉપભોગ કરે છે, તે વાત અહીં સૂચવવામાં આવી છે, કારણ કે सू ધાતુનો અર્થ થાય છે— પીસીને કાઢવું, નીચોવવું, ઉત્પન્ન કરવું. એટલે સોમ મહાન સવિતૃનો પીસીને કાઢેલો પરમ રસ છે. બધી સર્જાયેલી વસ્તુઓમાં અમર્ત્ય અને અમર બનાવનાર આનંદના ઉપભોગને ઋષિ શોધી રહ્યો છે.

આ આનંદ સૂર્ય સવિતૃનો— દિવ્ય સર્જન કરનાર દેવનો ઉપભોગ છે, ઋતનું પરમ પરિણામ છે; કારણ કે દિવ્ય આનંદને પ્રાપ્ત કરવા માટે ઋતના માર્ગને અનુસરવો પડે છે. આ આનંદ ઉચ્ચતમ, શ્રેષ્ઠ ઉપભોગ છે. તે બધી વસ્તુઓને યથાર્થ રીતે મૂકી આપે છે; કારણ કે એક વાર સર્વ વસ્તુઓમાં દિવ્ય આનંદની પ્રાપ્તિ થાય, એટલે તે વિશ્વની બધી વિકૃતિઓને—અનિષ્ટોને ઠીક કરી દે છે. તે માનવને લક્ષ્ય સુધી બરાબર પહોંચાડી દે છે. જો આપણે ઋત તથા વસ્તુઓમાં રહેલા સત્ય વડે આનંદને પ્રાપ્ત કરી શકીએ છીએ, તો આનંદ વડે ઋતને તથા વસ્તુઓમાં રહેલા સત્યને પણ પ્રાપ્ત કરી શકીએ છીએ. સર્વ વસ્તુઓના દિવ્ય સત્યમય ઉપભોગની શકિત માનવને ભગ નામના દિવ્ય સ્રષ્ટા પાસેથી મળે છે. જ્યારે માણસનું મન, હૃદય, પ્રાણની શકિતઓ અને શરીર ભગને આલિંગે છે, જ્યારે માણસ પોતામાં ભગના દિવ્ય સ્વરૂપનો

સ્વીકાર કરે છે, ત્યારે વિશ્વનો આનંદ પ્રગટ થાય છે.

આ દિવ્ય ઉપભોકતા જે કોઈ પાત્રમાં અથવા પદાર્થમાં જે આનંદને ભોગવે છે, તેને કોઈ પણ દેવ, દૈત્ય, મિત્ર, શત્રુ, ઘટના, સંવેદના મર્યાદિત કરી શકતાં નથી, ન્યૂન બનાવી શકતાં નથી. કારણ કે તેના પ્રકાશયુકત આત્મ-સામ્રાજ્યને (स्वराज्यम्), અનંત સત્‌ને પોતાનામાં પૂર્ણ માલિકીપૂર્વક ધારણ કરવાપણાને, અનંત આનંદને, ઋતના નિયમની વિશાળતાને કોઈ પણ વસ્તુ ન્યૂન કરી શકતી નથી, મર્યાદિત કરી શકતી નથી, ઈજા પહોંચાડી શકતી નથી.

એટલે યજ્ઞ કરનારને માટે તે સાત આનંદોને (सप्त रत्नानि) લઈ આવે છે. તે આપણા ઉપર તે આનંદોને રેલાવે છે–વિસર્જન કરે છે; કારણ કે તે બધા આનંદો જેવા દિવ્ય સત્‌માં છે તેવા જ વિશ્વમાં તથા આપણામાં પણ છે; તેમને માત્ર આપણી બાહ્ય ચેતનામાં વિસર્જિત કરવાના હોય છે. આ સપ્તવિધ, આપણા અસ્તિત્વની બધી ભૂમિકાઓમાં પરિપૂર્ણ બનેલો, સમૃદ્ધ, વિવિધ, પ્રચુર આનંદ તે પરિપૂર્ણ થયેલા યજ્ઞમાં ભગ સવિતૃનો ભાગ છે, ઉપભોગ છે. દિવ્ય ઉપભોકતાની સ્વીકૃતિ કરીને, યજ્ઞ દ્વારા, ઋષિ પોતાને માટે તથા પોતાના બંધુઓ માટે આ વિવિધ સમૃદ્ધિની ખોજ કરે છે.

પછી શ્યાવાશ્વ ભગ સવિતૃને આજે જ તે આનંદ આપવા માટે પ્રાર્થના કરે છે, કે જે આનંદ શુષ્ક ન હોય, પણ કાર્યો રૂપી ફળથી પરિપૂર્ણ હોય, આત્માની સંતતિથી સમૃદ્ધ હોય—प्रजावत् सौभगम् । આનંદ સર્જનાત્મક હોય છે, તે जन છે, તે જીવનને તથા જગતને જન્માવે છે—શરત માત્ર એટલી છે કે આપણા ઉપર વિસર્જિત કરાયેલી વસ્તુઓ ઋતની સૃષ્ટિ હોવી જોઈએ, અને બધાં અસત્યોને, દિવ્ય ઋતના અજ્ઞાન વડે જન્મેલાં દુ:સ્વપ્નોને આપણી ચેતનામાંથી સદંતર દેશવટો દીધેલો હોવો જોઈએ.

પછીની ઋચામાં ઋષિ दु:स्वप्न्यम् ના અર્થને વધારે સ્પષ્ટ કરે છે. તે બધાં અનિષ્ટોને, પાપોને (दुरितानी) દૂર કરવા માગે છે. सुवितम् અને दुरितम् નો અર્થ વેદમાં થાય છે—સારું ગમન, સારી ગતિ અને ખરાબ ગમન, દુષ્ટ ગતિ. सुवितम् એટલે વિચારમાં તથા ક્રિયામાં સત્ય; दुरितम् એટલે દુ:ખ, વેદના, ભૂલોનાં તથા પાપોનાં દુષ્પરિણામ. બધાં પાપો (विश्वानि दुरितानि) ખરાબ સ્વપ્નમાંથી જન્મે છે, આપણે તેમને દૂર હાંકી કાઢવાનાં છે. ભગ તેને બદલે આપણે માટે भद्रने—બધી સુંદર વસ્તુઓને, દિવ્ય ઉપભોગનાં સુખોને, પુણ્ય કર્મ વડે—સત્યમય સૃષ્ટિ વડે ઉત્પન્ન થતાં સુખોને મોકલી આપે છે.

ભગ સવિતૃના સર્જનમાં, તેમના પરિપૂર્ણ દોષ રહિત યજ્ઞમાં (सव શબ્દના બે અર્થો છે—વિસર્જન દ્વારા કરાતી સૃષ્ટિ અને સોમયાગ), માનવો આનંદ વડે પાપ-રહિત અને નિર્દોષ બને છે (अनागस:) અદિતિની દૃષ્ટિમાં દોષ-રહિત

બને છે, મુકત જીવાત્માની અભેદમય અનંત ચેતના માટે યોગ્ય બને છે. તે મુકિતને કારણે તેમનો આનંદ વૈશ્વિક બનવા શકિતમાન હોય છે. તેઓ તેમના વિચાર વડે બધી આનંદમય વસ્તુઓને ધારણ કરવા સમર્થ હોય છે (विश्वो वामानि); કારણ કે બધાને ધારણ કરનારી તથા વ્યવસ્થિત ગોઠવનારી સમજ-શકિતમાં (धी), સમગ્ર વિશ્વ યથાયોગ્ય ગોઠવાઈ જાય છે, યોગ્ય સંબંધ-હેતુ-ઉપયોગ-સિદ્ધિ-બધી વસ્તુઓમાં રહેલા દિવ્ય આનંદમય ઉદ્દેશની સાચી દર્શના હોય છે.

બધી વસ્તુઓનું સર્જન, સત્ય અનુસાર, સત્ના સ્વામી–દિવ્ય વૈશ્વિક પરમાત્મા કરે છે; આજે યજમાનો, પવિત્ર મંત્ર દ્વારા ભગ સવિતૃનું નામ લઈને, તે સત્યનો પોતાનામાં સ્વીકાર કરવા મથે છે. સ્રષ્ટાની તે સૃષ્ટિ ઋત છે; તે પોતાના આનંદને રેલાવીને તે સત્યને રેલાવી રહ્યો છે, જે તેનો યજ્ઞ છે; પોતાના અસ્તિત્વના દિવ્ય, ભૂલ ન કરતા આનંદને તે માનવમાં રેલાવી રહ્યો છે. ઋતના સ્વામી, સૂર્ય સવિતૃ તરીકે, તે રાત્રિની તથા ઉષાની આગળ જાય છે— પ્રગટ થયેલી તથા અપ્રગટ ચેતનાની આગળ, જાગ્રત્–અવચેતના-પરચેતનાની આગળ જાય છે, કે જેનું પરસ્પર કાર્ય આપણી અનુભૂતિઓને સર્જે છે; પોતાની ગતિમાં તે કશાની ઉપેક્ષા કરતા નથી, બેદરકાર કે બેધ્યાન હોતા નથી, કદી સ્ખલન કરતા નથી. તે રાત્રિ-ઉષા બંનેની આગળ જાય છે; અવચેતનાની રાત્રિમાંથી તે દિવ્ય પ્રકાશને પ્રગટાવે છે, સચેતનનાં અનિશ્ચિત વિકૃત પ્રતિબિંબોને પ્રકાશનાં કિરણોમાં પલટી નાખે છે, અને હમેશાં વિચારને યોગ્ય સ્થાને મૂકી આપે છે. ખોટી રીતે લાગુ કરવાથી, સત્યને અયથાર્થ સ્થાને મૂકવાથી, ખોટી ગોઠવણીમાંથી, ખોટા સંબંધમાંથી, દેશ-કાળ-વસ્તુ-ક્રમને અયથાર્થ રીતે મૂકવાથી બધાં સ્ખલનો જન્મે છે. પણ ઋતનો સ્વામી તેવી કોઈ ભૂલ કરતા નથી, કશું સ્ખલન કરતા નથી, કોઈ પણ વસ્તુને અયોગ્ય સ્થાને કે અયોગ્ય રીતે ગોઠવતા નથી.

ભગ એવા સૂર્ય સવિતૃ અનંતની તથા આપણી અંદર તેમજ બહાર રહેલી, સર્જાયેલી સૃષ્ટિઓની વચ્ચે ઊભા રહે છે; સર્જનાત્મક ચેતનામાં જન્માવવાની સર્વ વસ્તુઓને તે વિજ્ઞાનમાં સ્વીકારે છે; ત્યાં તે અવતરણ કરતા શબ્દને સાંભળતા તથા સ્વીકારતા જ્ઞાન વડે, તે બધી વસ્તુઓને દિવ્ય છંદમાં યથાયોગ્ય સ્થાને મૂકી આપે છે, અને તે રીતે તે વસ્તુઓને તેમની ગતિમાં વિસર્જિત કરે છે– आश्रावयति श्लोकेन प्र च सुवाति । જ્યારે સક્રિય આનંદનું આપણામાં કરાયેલું પ્રત્યેક સર્જન (प्रजावत् सौभगम्) આ પ્રમાણે પ્રગટમાંથી પ્રગટે છે, જ્યારે તેનું, વસ્તુઓના દોષ-રહિત છંદમાં, જ્ઞાનપૂર્વક શ્રવણ તથા સ્વીકાર થાય છે, ત્યારે આપણામાંનું તે સર્જન ભગ સવિતૃનું સર્જન કહેવાય છે; અને તે સર્જનનાં બધાં સંતાનો, આપણી પ્રજા (प्रजा, अपत्यम्) આનંદની વસ્તુઓ બની રહે છે— विश्वा वामानि । આ માનવીમાં ભગની સિદ્ધિ છે, વિશ્વયજ્ઞમાં તેનો પરિપૂર્ણ ભાગ છે.

પ્રાણશક્તિઓનો સ્વામી, વાયુ

ઋગ્વેદ ૪, ૪૮

विहि होत्रा अवीता विपो न रायो अर्यः ।
वायवा चन्द्रेण रथेन याहि सुतस्य पीतये ।।१।।

(૧) આનંદના આવિષ્કારક, કાર્યના કરનાર તરીકે, તું અપ્રગટ યજ્ઞ-શક્તિઓને પ્રગટ કર; હે વાયુ, તું તારા સુખમય પ્રકાશયુકત રથમાં બેસીને, સોમપાન કરવા માટે આવ.

तिर्युवाणो अशस्तीर्नियुत्वाँ इन्द्रसारथिः ।
वायवा चन्द्रेण रथेन याहि सोमस्य पीतये ।।२।।

(૨) અભિવ્યકિતની અસ્વીકૃતિઓને દૂર કર; ઇન્દ્રને સારથિ બનાવીને, તારા અશ્વોને જોતરીને, હે વાયુ, તું તારા સુખમય પ્રકાશયુકત રથમાં બેસીને, સોમપાન કરવા માટે આવ.

अनु कृष्णे वसुधिती यमाते विश्वपेशसा ।
वायवा चन्द्रेण रथेन याहि सोमस्य पीतये ।।३।।

(૩) સર્વ પદાર્થદ્રવ્યોને ધારણ કરનાર, કાળી, સર્વ રૂપોવાળી, બે વ્યકિતઓ પ્રસૂતિવેદનામાં તારું નિરીક્ષણ કરશે. હે વાયુ, તું તારા સુખમય પ્રકાશયુકત રથમાં બેસીને, સોમપાન કરવા માટે આવ.

वहन्तु त्वा मनोयुजो युक्तासो नवतिर्नव ।
वायवा चन्द्रेण रथेन याहि सोमस्य पीतये ।।४।।

(૪) મન વડે જોતરાયેલા, નવ્વાણુ (અશ્વો) તને લઈ આવો. હે વાયુ, તું તારા સુખમય પ્રકાશયુકત રથમાં બેસીને, સોમપાન કરવા માટે આવ.

वायो शतं हरीणां युवस्व पोष्याणाम् ।
उत वा ते सहस्रिणो रथ आ यातु याजसा ।।५।।

(૫) હે વાયુ, તારા પોષણ-યોગ્ય, સો પ્રકાશયુકત અશ્વોને જોતર, અથવા તારા હજાર (અશ્વો) સાથે, શકિતના સમૂહ સાથે, તારો રથ અહીં આવો.

ભાષ્ય

વૈદિક ઋષિઓના માનસશાસ્ત્રીય ખ્યાલોમાં ઘણી વાર આશ્ચર્યકારક ગહનતા હોય છે; જ્યારે તેઓ અવચેતનમાંથી પ્રગટ થતા મનની તથા પ્રાણની સભાન ક્રિયાઓના દૃશ્યને વર્ણવે છે, ત્યારે તો તેઓ સરસ કામ કરી જાય છે. એમ પણ કહી શકાય કે જ્ઞાનના ઉષા કાળમાં આ પ્રેરણાયુકત ગૂઢવાદી ઋષિઓએ જે સમૃદ્ધ તથા સૂક્ષ્મ તત્ત્વચિંતનને પ્રગટ કર્યું હતું, તેનો, આ વિચાર સમગ્ર પાયો છે. ઋષિ વામદેવ કરતાં બીજા કોઈ પણ ઋષિએ તેને વધારે સૂક્ષ્મતાથી અને સુકરતાથી વ્યકત કર્યો નથી; વામદેવ વૈદિક કાળના સૌથી વધારે ગહન ઋષિ અને સૌથી વધારે મધુર ગાયક છે. ચોથા મંડળના, તેમણે રચેલા, છેલ્લા સૂકતમાં આપણને તે રૂપકમયતાની બહુ અગત્યની ચાવી મળી રહે છે. કે જે યજ્ઞની રૂપકમયતાની પીઠમાં આર્ય પૂર્વજોએ પોતાની પવિત્ર ગણાતી, માનસશાસ્ત્રીય અનુભૂતિની વાસ્તવિકતાઓને અને દર્શનાને સંતાડી રાખી હતી.

તે સૂકતમાં વામદેવ આપણા સર્વ જીવનની તથા પ્રવૃત્તિઓની નીચે રહેલા, અવચેતનના સમુદ્રની વાત કરે છે. તે સમુદ્રમાંથી સંવેદનામય અસ્તિત્વનું, સાક્ષાત્કાર નહિ કરાયેલા આનંદના અનિર્મુકત ભારવાયું, ઘૃત અને સોમથી પરિપૂર્ણ-સુસ્પષ્ટ થયેલી માનસિક ચેતના તથા ઊર્ધ્વમાંથી અવતરણ કરતા પ્રકાશયુકત આનંદથી પરિપૂર્ણ, સંવેદનાના અસ્તિત્વનું, મધુમય મોજું અમૃતત્વના સ્વર્ગમાં ઉપર આરોહણ કરે છે. સોમ એટલે માનસિક ચેતનાનું 'ગૂઢ નામ' દેવો જેના વડે લોકોને ચાખે છે તે જિહ્વા, અમૃતની નાભિ, આનંદ. કારણ કે આ સૃષ્ટિને જાણે કે ચાર શિંગડાંવાળા વૃષભે-દિવ્ય પુરુષે, જેનાં ચાર શિંગડાં તે અનંત સત્, ચિત્, આનંદ અને ઋત છે, તેણે અવચેતનામાં વિસર્જિત કરી છે. વામદેવે શકિતશાળી અસંગતતાઓવાળાં રૂપકોમાં—કે જે આપણને પ્રાચીન, ગૂઢવાદી, પ્રતીકમય, પ્રાગૈતિહાસિક જગતની કળાની યાદ અપાવે છે, તે પુરુષનું વૃષભ તરીકે વર્ણન કર્યું છે. ચાર દિવ્ય તત્ત્વો તેનાં ચાર શિંગડાં છે; ત્રણ માનવીય તત્ત્વો—મન, ક્રિયાશીલ પ્રાણ અને ભૌતિક શરીર-પદાર્થ તેનાં ત્રણ પગ છે; પુરુષની અને પ્રકૃતિની દ્વિવિધ ચેતના તેમાં બે શીર્ષ છે; સાત તત્ત્વોને અનુરૂપ સાત પ્રાકૃતિક ક્રિયાઓ તેના સાત હાથ છે. મન-પ્રાણ-

શકિતઓ-શરીર વડે, ત્રણ રીતે પાશમાં બંધાયેલો, તે વૃષભ માટેથી ગર્જના કરે છે; મર્ત્યોમાં તે મહાન દેવે પ્રવેશ કર્યો છે.

ઘૃતને–ઋતને પ્રતિબિંબિત કરતા મનના સ્પષ્ટ પ્રકાશને નિમ્ન ઇન્દ્રિય-પ્રવૃત્તિઓના સ્વામી એવા પણિઓએ અવચેતનમાં સંતાડી રાખ્યો છે— પૂરી દીધો છે; આપણા વિચારોમાં, આપણી કામનાઓમાં, આપણી શારીરિક ચેતનામાં ત્રિવિધ રીતે પ્રકાશને તથા આનંદને આપણામાં સ્થાપેલો છે; પણ તે આપણાથી ગૂઢ છે. દેવો ઘૃતના સ્પષ્ટ કરાયેલા પ્રવાહોમાં, ઊર્ધ્વના પ્રકાશ રૂપી ગાયમાં તેને શોધી કાઢે છે. ઋષિ કહે છે કે આ પ્રવાહો વસ્તુઓના હૃદયમાંથી— અવચેતનના સમુદ્રમાંથી (हृद्यात् समुद्रात्) પ્રગટે છે; પણ શત્રુ વૃત્રે તેમને સેંકડો વાડાઓમાં પૂરી રાખ્યા છે, કે જેથી તે દર્શનાની આંખને ન દેખાય, આપણામાં ગૂઢ વસ્તુને પ્રગટ કરવા તથા પુરાયેલી વસ્તુને મુકત કરવા મથનાર જ્ઞાનને તે નજરે ન પડે. તે પ્રવાહો અવચેતનના સીમાડાઆ પરના રસ્તાઓમાં વિચરે છે; તેમની ગતિ જડ પણ આવેગયુકત હોય છે; જ્ઞાનતંતુઓના કાર્યથી તે સિમિત હોય છે; તેઓ પ્રાણશકિતની, વાયુની સ્વલ્પ રચનાઓ હોય છે— वातप्रमिय: । ધીમે ધીમે સભાન બનેલા હૃદયની તથા મનની અનુભૂતિઓ વડે લગ્ન કરવા માટે સમર્થ બને છે, આખરે દિવ્ય સંકલ્પ શકિતરૂપ અગ્નિ સાથે વિશુદ્ધ બનેલી, આ પ્રાકૃતિક શકિતઓ જે અગ્નિ તેમની સીમાઓને છિન્નભિન્ન કરી દે છે, અને હવે જે અગ્નિનું પોષણ તેમનાં પ્રચુર મોજાંઓ કરે છે. પ્રાણીની તે કટોકટીની પળ છે, જ્યારે મર્ત્ય સ્વભાવ અમૃતત્વમાં પલ્ટાવાની તૈયારી કરે છે.

સૂકતની છેલ્લી ઋચામાં વામદેવ સમગ્ર અસ્તિત્વને ઊર્ધ્વમાં દિવ્ય પુરુષના ધામમાં પ્રતિષ્ઠિત થયેલું, અને નીચે અવચેતના સમુદ્રમાં અને જીવનમાં પ્રતિષ્ઠિત થયેલું વર્ણવે છે— अन्त: समुद्रे हृदि अन्तरायुषि । એટલે સભાન મન એક નીક છે, જેની દ્વારા ઉપરના તથા નીચેના સમુદ્રો વચ્ચે, પર-ચેતન અને અવચેતનની વચ્ચે, દિવ્ય પ્રકાશ અને પ્રકૃતિના મૂળ અંધકાર વચ્ચે આંતર-વ્યવહાર ચાલી રહ્યો હોય છે.

વાયુ પ્રાણનો સ્વામી છે. પ્રાચીન ગૂઢવાદીઓ પ્રાણને સર્વ ભૌતિક અસ્તિત્વને પ્રાપ્ત કરતી એક મહાન શકિત, તેની સર્વ ક્રિયાઓની પૂર્વ-શરતરૂપ માનતા. આ વિચારને પાછળથી પ્રાણ રૂપે–જીવનના વૈશ્વિક ઉચ્છ્વાસ રૂપે કલ્પવામાં આવ્યો. માનવીની બધી પ્રાણિક તથા જ્ઞાનતંતુઓની ક્રિયાઓ પ્રાણની વ્યાખ્યામાં સમાઈ જાય છે, અને તે વાયુના પ્રદેશમાં આવી જાય છે. છતાં ઋગ્વેદમાં આ મહાન દેવતાને ઉદ્દેશીને થોડાંક જ સૂકતો લખાયાં છે; અને જે સૂકતોમાં તેનું મુખ્ય તરીકે આવાહન કરવામાં આવ્યું છે, તેમાં પણ તે જાણે બીજા દેવો પર આધાર રાખતો હોય તેમ, તેનું બીજા દેવો સાથે આવાહન

કરવામાં આવ્યું છે. ખાસ કરીને તેને ઈન્દ્ર સાથે જોડવામાં આવ્યો છે, અને જાણે એવું લાગે છે કે વૈદિક ઋષિઓ તેની પાસેથી જે કાર્યો કરવાની માગણી કરતાં, તે કાર્યો માટે તેને વધારે બળવાન ઈન્દ્રની મદદની જરૂર હોય. જ્યારે માનવમાં પ્રાણશકિતઓના દિવ્ય કાર્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે મોટે ભાગે અગ્નિ, વૈદિક અશ્વ દધિક્રવનના રૂપમાં, વાયુનું સ્થાન લે છે.

જો આપણે ઋષિઓના પાયાના વિચારોનો ખ્યાલ રાખીએ, તો વાયુની આ પરિસ્થિતિ સુબોધ બને છે. તેમનો મુખ્ય વિચાર હતો—નિમ્ન અસ્તિત્વનું ઉચ્ચતર અસ્તિત્વ વડે પ્રકાશન, દિવ્ય વડે મર્ત્યનું પ્રકાશન. પ્રકાશ અને શકિત—ગાય અને અશ્વ યજ્ઞનો હેતુ હતાં. શકિત શરત હતી; પ્રકાશ મુકત કરનાર સાધન હતું; ઈન્દ્ર અને સૂર્ય મુખ્યત્વે પ્રકાશ લાવનાર દેવો હતા. જરૂરી શકિત તે માનવશકિતઓનો કબજો લેતી અને તેમનામાં પ્રગટ થતી દિવ્ય સંકલ્પ-શકિત હતી. પ્રાણિક-જ્ઞાનતંતુઓની શકિતઓનો કબ્જો લેતી, આ સભાન શકિતનો-સંકલ્પશકિતનો પ્રતિનિધિ વાયુ કરતાં દધિક્રવન્ અગ્નિ વિશેષ પ્રમાણમાં હતો. કારણ કે અગ્નિ તપનો સ્વામી છે; વૈશ્વિક શકિતમાં રૂપોનું નિર્માણ કરતી દિવ્ય ચેતના છે; અને પ્રાણ નિમ્ન અસ્તિત્વમાં તે શકિતનો પ્રતિનિધિ છે. એટલે વામદેવના ૪, ૫૮ મા સૂકતમાં, ઈન્દ્ર, સૂર્ય અને અગ્નિ અવચેતનમાંથી સભાન દિવ્યતાનો મહાન આવિર્ભાવ કરે છે. વાત અથવા વાયુ, પ્રાણશકિત તો ઉદય પામતા મનની પ્રાથમિક અવસ્થા છે. અને માનવી માટે પ્રાણ તથા મનનું મિલન, પ્રાણ મનના વિકાસમાં જે ટેકો આપે છે તે વાયુનું અગત્યનું કાર્ય છે. એટલે આપણે મનના સ્વામી ઈન્દ્રને તથા પ્રાણના સ્વામી વાયુને સંયુકત ઉદ્દેશાયેલા જોઈએ છીએ, અને તેમાં પણ વાયુ ઈન્દ્ર પર આધાર રાખતો હોય તેમ જોઈએ છીએ; વિચાર-શકિતઓરૂપ મરુતો તેમના ઉદ્‌ગમમાં જેટલી ઈન્દ્રની શકિતઓ છે તેટલી જ વાયુની પણ છે; અને છતાં ઋષિઓ વાયુ કરતાં મરુતોને વધારે અગત્ય આપે છે, અને તેમના ક્રિયાશીલ સ્વરૂપમાં મરુતોને અગ્નિ-રુદ્ર સાથે વધારે નિકટતાપૂર્વક જોડવાંમાં આવ્યાં છે, તેમના સ્વાભાવિક નેતા વાયુ સાથે તેટલા પ્રમાણમાં જોડવામાં નથી આવ્યા.

૪, ૪૮ મું સૂકત વામદેવે જેમાં સોમપાન માટે ઈન્દ્ર-વાયુનું આવાહન કર્યું છે તે ત્રણ સૂકતોમાંનું છેલ્લું છે. તે બંનેને સંયુકત રીતે પ્રકાશયુકત શકિતના સ્વામીઓ તરીકે (शवसस्पति) સંબોધન કરવામાં આવ્યું છે, જેમ ૧, ૨૩, ૩ માં તેમને વિચારના સ્વામીઓ (धियस्पति) કહેવામાં આવ્યા છે. ઈન્દ્ર માનસિક શકિતનો સ્વામી છે; વાયુ પ્રાણિક શકિતનો સ્વામી છે; અને વિચાર તથા કાર્ય માટે તે બંનેનું સંયોગીકરણ આવશ્યક છે. તે બંનેને એક રથમાં બેસીને આવવા અને આનંદના સોમરસનું સાથે રહીને પાન કરવા કહેવામાં

આવ્યું છે, કે જે સોમરસ પોતાની સાથે દિવ્યીકરણની શકિતઓ લઈ આવે છે. એમ કહેવાયું છે કે સોમનો પ્રથમ ઘૂંટડો પીવાનો અધિકાર વાયુનો છે; કારણ કે દિવ્ય કર્મના આનંદને ઝીલવા માટે સમર્થ પહેલાં બનવાનું છે ધારણ કરતી પ્રાણિક શકિતઓને.

ત્રીજા સૂકતમાં યજ્ઞનું ફળ વર્ણવવામાં આવ્યું છે, અને તેમાં એકલા વાયુનું આવાહન કરવામાં આવ્યું છે; પણ તેમાં યે તેનું ઈન્દ્ર સાથે સાહચર્ય સ્પષ્ટ રીતે સૂચવવામાં આવ્યું છે. બીજા સૂકતમાં વર્ણવાયેલી ઉષાની પેઠે, વાયુને સુખમય પ્રકાશયુકત રથમાં બેસીને આવવાનું છે—અમૃત બનાવતા સોમપાનને કરવા માટે આવવાનું છે (वायवा चन्द्रेण रथेन या हि सुतस्य पीतये). રથ શકિતની ગતિનો દ્યોતક છે, અને તે વાયુના રૂપમાં બોલાવાયેલી પ્રકાશમય પ્રાણિકશકિતઓની આનંદપૂર્ણ ગતિ છે. પ્રથમની ત્રણ ઋચાઓમાં આ પ્રકાશ-યુકત સુખમય ગતિનો દિવ્ય ઉપયોગ સૂચવવામાં આવ્યો છે.

દેવને પ્રગટ થવાનું છે, તેણે હજી સુધી અપ્રગટ રહેલી, અવચેતનના અંધકારમાં નિગૂઢ રહેલી, યજ્ઞમય શકિતઓને સભાન ક્રિયાના પ્રકાશમાં લાવવાની છે (विहि होत्रा अविता). યજ્ઞવિધિપરક અર્થ કરીએ, તો તેનો અનુવાદ આમ થાય—હજી સુધી નહિ ખાધેલી આહુતિઓનું ભક્ષણ કર; જો વિ ધાતુનો બીજો અર્થ લઈએ તો આમ અનુવાદ થાય—હજી સુધી પ્રાપ્ત નહિ કરેલી યજ્ઞમય શકિતઓની પાસે આવ; પણ તે બધા અનુવાદોનો માનસશાસ્ત્રીય અર્થ, રૂપકમય દૃષ્ટિએ, એક જ થાય છે. અવચેતનમાંથી જે ક્રિયાઓને તથા શકિત-ઓને હજી ઉપયોગમાં લેવામાં નથી આવી, તેમને ગૂઢ ગુફામાંથી, ઈન્દ્રના તથા વાયુના સંયુકત કાર્ય વડે, મુકત કરવાની છે અને કામે લગાડવાની છે. કારણ કે તે શકિતઓને તથા ક્રિયાઓને પ્રાણિક મનના સામાન્ય કાર્ય માટે બોલાવવામાં નથી આવી. વાયુએ તે શકિતઓને 'આનંદના આવિષ્કારક તરીકે, આર્યકાર્યના કર્તા તરીકે' પ્રગટ કરવાની છે (विपो न रायो अर्यः). આ શબ્દો જે શકિતઓને બોલાવવાની—પ્રગટ કરવાની છે, તેમનો સ્વભાવ પૂરી રીતે સૂચવે છે. પણ તે શબ્દો ઈન્દ્રનો ગૂઢ ઉલ્લેખ કરે છે, એવો અર્થ પણ લઈ શકાય, અને તે રીતે તે પાછળ જે સ્પષ્ટ રીતે કહેવાયું છે તેનું સૂચન કરે છે; અને તે સૂચન એ છે કે વાયુના કાર્યનું નિયમન વધારે પ્રકાશમય ઈન્દ્રદેવની પ્રકાશયુકત અને અભીપ્સુ શકિતએ કરવું જોઈએ. કારણ કે ઈન્દ્રનો પ્રકાશ આનંદના રહસ્યને પ્રગટ કરવા પ્રત્યે લઈ જાય છે; ઈન્દ્ર તે કાર્યમાં પ્રથમ પરિક્રામ કરનાર છે. દેવોમાં આર્ય શબ્દ ઈન્દ્રને, અગ્નિને તથા સૂર્યને લાગુ પાડવામાં આવે છે; તે શબ્દ જેનો અનુવાદ ન થઈ શકે તેવી ઘટ્ટતા સાથે એવું વર્ણન કરે છે કે આર્ય તે કે જે ઉદાત્ત અભીપ્સા માટે કટિબદ્ધ થાય, અને જે કલ્યાણની તથા

આનંદની પ્રાપ્તિ માટે આહુતિ તરીકે મહાન પરિશ્રમ કરે.

બીજી ઋચામાં ઇન્દ્રની દોરવણીની આવશ્યકતાનો સ્વીકાર સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે. અપ્રગટ વસ્તુઓને પ્રગટ થવામાં વિરોધ કરતી, બધી અસ્વીકૃતિઓને દૂર ફેંકી દઈને, વાયુએ આવવાનું છે—નિર્યુવાણો અશસ્તીઃ। अशस्ति નો અક્ષરશઃ અર્થ થાય છે અનભિવ્યકિત; તે વૃત્ર જેવી નિરોધક શકિતઓની રુકાવટને વર્ણવે છે, કે જે શકિતઓ પ્રગટ થવાની રાહ જોતાં પ્રકાશને તથા શકિતને પ્રગટ થવા દેતી નથી, કે જે પ્રકાશ તથા શકિત, દેવોની અસર વડે તથા શબ્દ રૂપી સાધન દ્વારા, અભિવ્યકિતમાં આવવા માટે તૈયાર છે. શબ્દ એ અભિવ્યંજક શકિત છે—शस्त्रम्, गीः, वचस्. પણ દિવ્ય શકિતઓએ તેનું રક્ષણ કરવાનું છે, તેને સાચી અસરકારકતા આપવાની છે. તે કામ વાયુએ કરવાનું છે; તેણે નિષેધની, અસ્વીકૃતિની, અસ્પષ્ટમયતાની બધી શકિતઓને દૂર હાંકી કાઢવાની છે. આ કાર્ય કરવા માટે તેણે પોતાના ઘોડા જોતરીને, ઇન્દ્રને સારથિ બનાવીને, આવવાનું છે.—नियुत्वान् इन्द्रसारथिः । ઇન્દ્રના, વાયુના, સૂર્યના અશ્વોને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે. ઇન્દ્રના અશ્વો હરિ અથવા बभ्रु, રાતા-સોનેરી અથવા ભૂખરા-રાતાપીળા છે; સૂર્યના અશ્વો हरित्-ખૂબ ગાઢ પ્રકાશયુકત છે; વાયુના અશ્વો नियुत् છે—જોતરેલા ઘોડા છે, કારણ કે તેઓ શકિતને કાર્યમાં જોતરનારી, સકિય ગતિઓના પ્રતિનિધિ છે. તે ભલે વાયુના અશ્વો રહ્યા, પણ ઇન્દ્રે તેમને હાંકવાનાં છે; મનના સ્વામીએ પ્રાણિક શકિતની ગતિઓને દોરવણી આપવાની છે.

ત્રીજી ઋચા એક અસંબદ્ધ વિચારને લઈ આવે છે, એવું પ્રથમ દૃષ્ટિએ કદાચ જણાય (अनु कृष्णे वसुधिती याते विश्वपेशा); ઇન્દ્ર વડે હંકાયેલા વાયુની ગતિઓને અનુસરતી, કાળી, આકાશ-પૃથ્વીનો અને તે બેનાં સર્વ રૂપોનું તે કથન કરે છે. તેમનું નામ આપવામાં નથી આવ્યું, પણ તેમને પદાર્થદ્રવ્યને ધારણ કરતી અથવા દ્રવ્યને ધારણ કરતી, બે કાળી સ્ત્રીઓ—એમ વર્ણવવામાં આવી છે; પણ वसुधिती શબ્દ પૃથ્વીના અર્થને સ્પષ્ટ રીતે સૂચવે છે, અને દ્વિવચન વપરાયેલું હોવાથી સાથે આકાશ પણ વિવક્ષિત છે. આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે અહીં દ્યુ-પિતા તથા પૃથિવી-માતા નથી સૂચવાયાં, પણ રોદસી બે બહેનો—આકાશપૃથ્વીનાં સ્ત્રીલિંગી રૂપો સૂચવાયાં છે, કે જે માનસિક તથા શારીરિક ચેતનાની સામાન્ય શકિતઓનાં પ્રતીક છે. તે તેમની કાળી અવસ્થા છે— માનસિક તથા શારીરિક એ બે છેડાઓ વચ્ચેની અસ્પષ્ટતામય ચેતના છે, જે પ્રાણિક સકિયતાની સુખમય ગતિ દ્વારા વાયુના કાબૂમાં રહેવાની શરૂઆત કરે છે અને તેમનાં નિગૂઢ રૂપો આપી દેવા તૈયારી કરે છે; કારણ કે તેમનામાં બધાં રૂપો ગૂઢ રહેલાં છે, અને તેમને પ્રગટ કરવાની તે બે જણને ફરજ

પાડવી તે આવશ્યક છે. આમ આપણે જોઈ શકીએ કે આ ઋચા પહેલાંની બે ઋચાઓના અર્થને પરિપૂર્ણ કરે છે. કારણ કે જ્યારે વેદનો અર્થ બરાબર સમજાય છે, ત્યારે આપણને માલૂમ પડે છે કે તેની ઋચાઓમાં રહેલા વિચારમાં તર્કયુકત સુસંગતતા છે, અર્થગર્ભ ક્રમિકતા છે.

પછીની બે ઋચાઓમાં આકાશ-પૃથ્વીના આ કાર્યથી, તેમનાં ગૂઢ રૂપો તથા અપ્રગટ શકિતઓને સોંપી દેવાથી, વાયુના રથમાં બેસી આનંદ પ્રત્યે આગમનથી નિષ્પન્ન થતાં પરિણામો વર્ણવવામાં આવ્યાં છે. પ્રથમ તો વાયુના અશ્વોએ તેમની સામાન્ય પૂર્ણ સંખ્યામાં આવવું જોઈએ. 'મન વડે જોતરાયેલા, નવ્વાણું અશ્વો તને અહીં લઈ આવો' (वहन्तु त्वा मनोयुजो युक्तासो नवतिर्नव ।) વેદમાં વારંવાર આવતી નવ્વાણુ, સો, હજારની સંખ્યાનો રૂપકમય અર્થ છે; તેનો પૂરો નિર્ણય કરવો તે કઠિન છે. કદાચ રહસ્યમય સાતની સંખ્યાને સાત વડે ગુણી, તેમને બેવડાવી, એક સંખ્યા આગળ મૂકવાથી અને એકની સંખ્યા છેલ્લે મૂકવાથી ૧૦૦ ની સંખ્યા પ્રાપ્ત થઈ હોય, ૧+૪૯+૪૯+૧=૧૦૦. આવિર્ભાવ પામેલી પ્રકૃતિમાં સાત મુખ્ય તત્ત્વો છે; તે વિશ્વમાં ક્રીડા કરી રહેલી દિવ્ય ચેતનાનાં સાત સ્વરૂપો છે. તે દરેક બાકીનાં છને પોતામાં સમાવી લે છે; આ રીતે તેમની પૂર્ણ સંખ્યા ૪૯ છે; એમાં મૂળ એક—જેમાંથી બધાનો વિકાસ થયો છે, તે ઉમેરવાથી આપણને ૫૦ ની સંખ્યા પ્રાપ્ત થાય છે, અને તે રીતે સક્રિય ચેતનાની આખી સીડી પરિપૂર્ણ થાય છે. પણ આરોહણ-અવરોહણની પ્રક્રિયાથી તે સીડી બેવડાય છે—દેવોનું અવતરણ અને માનવનું આરોહણ. આમ આપણને ૯૯ ની સંખ્યા પ્રાપ્ત થાય છે, કે જે સંખ્યા વેદમાં અશ્વોને, નગરોને, નદીઓને—જુદી જુદી પણ સંબંધિત રૂપકમયતા વડે, લાગુ પાડવામાં આવે છે. જો આપણે જેમાં બધું અવતરણ કરે છે તે નીચેના અસ્પષ્ટતામય એકમને, તથા જેમાં બધું આરોહણ કરે છે તે પ્રકાશમય ઊર્ધ્વના એકમને તેમાં ઉમેરીએ, તો આપણને ૧૦૦ નો પૂર્ણાંક પ્રાપ્ત થાય છે.

એટલે વાયુની ગતિનું પરિણામ ચેતનાની સંકુલ શકિત છે; અત્યારે માનવમાં ગૂઢ અને શકયતા રૂપે રહેલી, માનસિક શકિતની પરિપૂર્ણ ગતિનો તે ઉદય છે; તે મન વડે જોતરાયેલા નવ્વાણું અશ્વો છે. પછીની ઋચામાં આખરી એકમની સંખ્યા ઉમેરવામાં આવી છે. હવે અશ્વો સો બને છે; હવે પરિપૂર્ણ પ્રકાશયુકત મન કામ કરતું હોવાને કારણે, આ અશ્વો, ઈન્દ્રનું તથા વાયુનું વહન કરતા હોવા છતાં, હવે नियुत् નથી રહ્યા, પણ हरि બની ગયા છે, કે જે રંગ ઈન્દ્રના પ્રકાશપૂર્ણ ઘોડાઓનો છે (वायो शतं हरीणं युवस्व पोष्याणाम् ।) 'હે વાયુ, પોષણ કરવા યોગ્ય, સો પ્રકાશયુકત અશ્વોને રથમાં જોતર.' પણ પોષણ

કરવા યોગ્ય શા માટે ? કારણ કે સોની સંખ્યા વિવિધ સંયુકત ગતિઓની સામાન્ય પૂર્ણતા સૂચવે છે, પણ તેમની બધી સંકુલતાને નહિ, દરેક સોને દશ વડે ગુણી શકાય; સર્વને તેમના પ્રકારના ઘોડાઓ વડે વધારી શકાય, કારણ કે पोष्याणाम् શબ્દ તે અર્થને સૂચવે છે. એટલે ઋષિ કહે છે કે પૂરા સો અશ્વો સાથે આવ, જે પાછળથી ક્રમે ક્રમે પોષણ દ્વારા હજાર બની શકે, અથવા તો તારી મરજી હોય તો, એકદમ તારા હજાર અશ્વો સાથે આવ અને તારી ગતિ તેની સંપૂર્ણ શકયતાવાળી શકિતને પ્રાપ્ત કરો. (उत वा ते सहस्रिणो रथ आ यातु पाजसा ।) ઋષિ ઇચ્છા કરે છે સંપૂર્ણપણે વિવિધ, સર્વને આવરી લેનાર, સર્વ શકિતને આપનાર, માનસિક પ્રકાશની, અને સાથે સાથે અસ્તિત્વની સમગ્ર પરિપૂર્ણતાની, શકિતની, આનંદની, જ્ઞાનની, મનની, પ્રાણશકિતની, શારીરિક ક્રિયાની. આ વસ્તુ સિદ્ધ થાય, એટલે અવચેતનને, પરિપૂર્ણ બનેલા મનના સંકલ્પ અનુસાર, પરિપૂર્ણ બનેલા જીવનની સમૃદ્ધ તથા પ્રચુર ગતિ માટે, તેની બધી ગૂઢ શકયતાઓનું સમર્પણ કરી દેવાની ફરજ પડે છે.

આત્માની શકિત, બૃહસ્પતિ

ઋગ્વેદ ૪, ૫૦

यस्तस्तंभ सहसा विज्यो अन्तान् बृहस्पतिस्त्रिषधस्थो रवेण ।
तं प्रत्नास ऋषयो दीध्यानाः पुरो विप्रा दधिरे मन्द्र जिह्वम् ।।१।।

(૧) જેણે પોતાના બળ વડે પૃથ્વીના છેડાઓને પોતાના શબ્દથી સુસ્થાપિત કર્યા તે, અમારી સિદ્ધિના ત્રિવિધ લોકમાં રહેલા બૃહસ્પતિ ઉપર પ્રાચીન ઋષિઓએ ધ્યાન કર્યું, અને પ્રકાશયુકત તેમણે આનંદયુકત જીભવાળા બૃહસ્પતિને પોતાની આગળ સ્થાપ્યા.

धुनेतयः सुप्रकेतं मदन्तो बृहस्पते अभि ये नस्ततस्रे ।
पृषन्तं सृप्रमदब्धमूर्वं बृहस्पते रक्षातादस्य योनिम् ।।२।।

(૨) હે બૃહસ્પતિ, પોતાની ગતિના આવેગથી કંપતા, પરિપૂર્ણ બનેલી ચેતનામાં આનંદને પ્રાપ્ત કરેલા, તેમણે અમારે માટે પ્રચુર, ઝડપી ગતિવાળા, અપ્રધૃષ્ય, વિશાળ, આ બધાની યોનિરૂપ, લોકની ગૂંથણી કરી. હે બૃહસ્પતિ, તું તેનું રક્ષણ કર.

बृहस्पते या परमा परावदत आ त ऋतस्पृशो नि षेदुः ।
तुभ्यं खाता अवता अद्रिदुग्धा मध्वः श्चोतन्त्यभितो विरप्शम् ।।३।।

(૩) હે બૃહસ્પતિ, જે ઉચ્ચતમ પરમ અસ્તિત્વ છે, તે લોકમાં ઋતનો સ્પર્શ કરનારાઓ ગયા અને ત્યાં આસન પર બેઠા. મધુના કૂવાઓ, કે જે આ અદ્રિમાંથી વહે છે, તે તારા માટે ખોદવામાં આવ્યા છે; તેમની મધુરતાઓ ચારે બાજુએ વહી રહી છે, અને તેમનામાં પૂર રેલાય છે.

बृहस्पतिः प्रथमं जायमानो महो ज्योतिषः परमे व्योमन् ।
सप्तास्यस्तुविजातो रवेण वि सप्तरश्मिरधमत् तमांसि ।।४।।

(૪) વિશાળ જ્યોતિમાંથી ઉચ્ચતમ આકાશમાં પ્રથમ જન્મેલા, સાત મુખોવાળા, સાત કિરણોવાળા, અનેક જન્મોવાળા, બૃહસ્પતિ પોતાના અવાજ વડે અમને આવરી રહેલા અંધકારોને દૂર ભગાડી મૂકે છે.

स सुष्टुभा स ऋक्वता गणेन बलं रुरोज फलिगं रवेण ।
बृहस्पतिरुस्त्रिया हव्यसूदः कनिक्रदद् वावशतीरुदाजत् ।।५।।

(૫) સ્વીકૃતિકારક છંદ વડે, પ્રકાશક ઋચાના ગણ વડે, બૃહસ્પતિએ પોતાના શબ્દથી વલના ટુકડે-ટુકડા કરી નાખ્યા. અમારી આહુતિઓને વેગ આપતી, પ્રકાશયુકત ગાયોને બૃહસ્પતિ ઊર્ધ્વમાં હાંકે છે; તેમને હાંકતાં તે મોટેથી શબ્દ બોલે છે, ગાયો જવાબમાં આરડે છે.

एवा पित्रे विश्वदेवाय वृष्णे यज्ञैर्विधेम नमसाहविर्भिः ।
बृहस्पते सुप्रजा वीरवन्तो वयं स्याम पतयो रयीणाम् ।।६।।

(૬) આ રીતે અમે પિતાને, વિશ્વના દેવને, ગાયોના વૃષભને અમારા યજ્ઞો, નમનો તથા હવિઓ સમર્પણ કરીએ; હે બૃહસ્પતિ, અમે શકિતથી પરિપૂર્ણ, સુંદર સંતતિવાળા, સમૃદ્ધિઓના સ્વામીઓ બનીએ.

स इद्रोजा प्रतिजन्यानि विश्वा शुष्मेण तस्थावभि वीर्येण ।
बृहस्पतिं यः सुभृतं बिभर्तिवल्गूयति वन्दते पूर्वभाजम् ।।७।।

(૭) તે રાજા છે, પોતાની વીરતાથી તથા શકિતથી તે જગતમાં તેનો સામનો કરનાર બધાને જિતે છે; સારી રીતે ભરણ-પોષણ કરનાર બૃહસ્પતિને જે પોતામાં ધારણ કરે છે, તે આનંદથી નાચે છે; પોતાના ઉપભોગોનાં પ્રથમ ફળોને ભોગવનાર તે દેવને વંદના કરે છે.

स इत्क्षेति सुषित ओकसि स्वे तस्मा इला पिन्वते विश्वदानीम् ।
तस्मै विशः स्वयमेवा नमन्ते यस्मिन् ब्रह्मा राजनि पूर्व एति ।।८।।

(૮) સ્થિર આસનવાળા તે પોતાના ઘરમાં રહે છે; ઈલા તેમને માટે હમેશાં સમૃદ્ધિમાં વૃદ્ધિ કરે છે. જેનામાં આત્મશકિત આગળ ચાલે છે, તેને બધાં પ્રાણીઓ જાતે જ નમન કરે છે— તાબે થાય છે.

अप्रतीतो जयति सं धनानि प्रतिजन्यान्युत या सजन्या ।
अवस्यवे यो वरिवः कृणोति ब्रह्मणे राजा तमवन्ति देवाः ।।९।।

(૯) કોઈ તેના પર આક્રમણ કરી શકતું નથી; સામનો કરનાર તથા તેના પોતાનામાં રહેનાર સર્વ લોકોની બધી સમૃદ્ધિઓને તે પરિપૂર્ણ રીતે જિતી લે

છે; આવિર્ભાવની કામના કરનાર આત્મશકિત માટે જે પોતાનામાં શ્રેષ્ઠ કલ્યાણ કરે છે, તેની દેવો રક્ષા કરે છે.

इन्द्रश्च सोमं पिबतं बृहस्पतेऽस्मिन् यज्ञे मन्दसाना वृषण्वसू ।
आ वां विशन्त्विन्दवः स्वाभुवोऽस्मेरयिं सर्ववीरं नि यच्छतम् ।।१०।।

(૧૦) હે બૃહસ્પતિ તથા ઈન્દ્ર, આ યજ્ઞમાં આનંદ માણતા, દ્રવ્યને વરસાવતા, તમે બંને સોમરસનું પાન કરો. તેના આનંદની શકિતઓ તમારામાં પ્રવેશ કરો, પરિપૂર્ણ રૂપને ધારણ કરો; સર્વ શકિતથી યુકત આનંદનું અમારામાં નિયમન કરો.

बृहस्पत इन्द्र वर्धतं नः सचा सा वां सुमतिर्भूत्वस्मे ।
अविष्टं धियो जिगृतं पुरंधीर्जजस्तमर्यो वनुषामरातीः ।।११।।

(૧૧) હે બૃહસ્પતિ તથા ઈન્દ્ર, તમે બંને સાથે સાથે અમારામાં વૃદ્ધિ પામો; તમારી માનસિક પરિપૂર્ણતા અમારામાં સર્જાઓ; વિચારોનું પોષણ કરો, મનની અનેકવિધ શકિતઓને પ્રગટ કરો, આર્યને જિતવા ઈચ્છનાર લોકો જે દારિદ્યોને લઈ આવે છે, તેમનો નાશ કરો.

ભાષ્ય

આ ગૂઢવાદી સૂકતમાં ઋષિ બૃહસ્પતિ, બ્રહ્મણસ્પતિ અને બ્રહ્મા—એ ત્રણ નામો વડે દેવની સ્તુતિ કરે છે. પાછળના પૌરાણિક દેવોમાં બૃહસ્પતિ અને બ્રહ્મા એ બે જુદા દેવો ગણાયા છે. બ્રહ્મા—સૃષ્ટિનું સર્જન કરનાર દેવ મહાન પૌરાણિક ત્રિમૂર્તિમાંના એક દેવ છે; બૃહસ્પતિ તેટલા મહત્ત્વના નથી રહ્યા, તે દેવોના આધ્યાત્મિક ગુરુ છે, ગુરુના ગ્રહના અધિપતિ છે; તે બે શબ્દોની કડી રૂપ વચલો શબ્દ—બ્રહ્મણસ્પતિ પુરાણોમાં જોવા મળતો નથી. વૈદિક બૃહસ્પતિનું વ્યકિતત્વ સમજવા માટે આપણે તે જુદાં પડેલાં નામોને ફરી સાંધવાં પડશે, અને મૂલના વૈદિક ખ્યાલોના પ્રકાશમાં તે બે જુદાં પડેલાં નામોની મૂલ્યવત્તામાં સુધારો કરવો પડશે.

વેદમાં ब्रह्म શબ્દનો અર્થ છે—આત્માનાં અથવા અસ્તિત્વનાં ઊંડાણોમાંથી પ્રગટ થતી આંતર પ્રેરણાની અભિવ્યકિતરૂપ ગહનતમ શબ્દ છે, મંત્ર છે. તે સૃષ્ટિને પેદા કરતો, સતત સર્જન કરતો, છંદોમયતાનો ધ્વનિ છે. દરેક લોક શબ્દની અભિવ્યકિત છે, આવિર્ભાવ છે, સૃષ્ટિ છે. સત્‌ચેતના પોતામાં, પોતા વડે (आत्माना), પોતામાં રહેલી વસ્તુઓને પ્રગટ કરે છે; તે પાર-ચેતન છે; જ્યારે તે પોતામાં રહેલી વસ્તુઓને અસ્પષ્ટમયતાપૂર્વક ધારણ કરે છે, ત્યારે તે

અવચેતન છે. ઉચ્ચતર, સ્વયંપ્રકાશ તત્ત્વ અસ્પષ્ટ, રાત્રિના, અંધકાર વડે નિગૂઢ અંધકારમાં અવતરણ કરે છે (तमः तमसा गूव्हम्), જ્યાં ચેતનાના વિભાગીકરણને લીધે બધું આકાર-રહિત સત્‌માં નિગૂઢ છે–तुच्छयेनाभ्वपिहितम् । શબ્દ વડે, તે સભાનતામાં પોતાની વિશાળ એકતાની ફરી રચના કરવા માટે, રાત્રિમાંથી ફરી પ્રગટ થાય છે–तन्महिनाजायतैकम् । આ વિશાળ, સર્વ-સમાવેશક, સર્વ-નિર્માયક ચેતના તે બ્રહ્મ છે. માનવમાં તે અવચેતનમાંથી પ્રગટ થઈને પાર-ચેતન પ્રત્યે ગતિ કરે છે. આત્મામાંથી ઉદય પામતો, સર્જક શકિતવાળો શબ્દ પણ બ્રહ્મ છે.

૧૦, ૧૨૯ માં મહાન સૃષ્ટિસૂકતમાં વર્ણવ્યું છે તે પ્રમાણે, દેવ આત્માની સભાન શકિત રૂપે પ્રગટ થાય છે, અવચેતનનાં જળોમાંથી શબ્દ વડે તે લોકોનું સર્જન કરે છે કે જે સર્વ અચેતન સમુદ્ર હતું, अप्रकेतं सलिलं सर्वम् । આ દેવ બ્રહ્મ છે, જે શબ્દમાં અભિવ્યંજક શબ્દ ઉપર તેટલો ઝોક નથી મુકાયો, જેટલો સચેતન આત્મશકિત પર મુકાયો છે. સચેતન માનવ પ્રાણીમાં અનેક લોક-ભૂમિકાઓના આવિર્ભાવનું પરમ શિખર છે પાર-ચેતનનું, ઋતનું, આનંદનું પ્રગટીકરણ; પરમ શબ્દનું અથવા વેદનું તે પરમ કાર્ય છે. આ પરમ શબ્દનો સ્વામી બૃહસ્પતિ છે; તે નામમાં શબ્દની શકિત પર જેટલો ભાર મુકાયો છે, તેટલો તેની પીઠમાં રહેતા, સામાન્ય આત્મશકિતના વિચાર પર નથી મુકાયો. જ્યારે દેવો માનવમાં આર્ય શકિતઓ તરીકે તે પરમ સિદ્ધિ માટે કાર્ય કરે છે, ત્યારે બૃહસ્પતિ જ્ઞાનના શબ્દને, પાર-ચેતનની અભિવ્યકિતની છંદોમયતાને—દેવોને, ખાસ કરીને મનના સ્વામી ઇન્દ્રને આપે છે. આ ખ્યાલો, વધારે વિશાળ પણ ઓછા સૂક્ષ્મ તથા ગહન અર્થમાં, પુરાણોના બ્રહ્મા—સ્રષ્ટા તથા દેવોના ગુરુ બૃહસ્પતિ રૂપે કેવી રીતે પરિણત થયા, તે સમજવું સહેલું છે. બ્રહ્મણસ્પતિ શબ્દમાં તે બંને જુદા જુદા ઝોકોને એકત્રિત અને સમાન કરવામાં આવ્યા છે. એક જ દેવની સામાન્ય તથા વિશિષ્ટ બાજુઓની વચ્ચેનું તે કડીરૂપ નામ છે.

બૃહસ્પતિએ પૃથ્વીની–ભૌતિક ચેતનાની સીમાઓ તથા વ્યાખ્યાઓ દૃઢ રીતે સ્થાપિત કરી છે. જેમાંથી સર્વ રચનાઓ કરવામાં આવી છે, તે અસ્તિત્વ એક અસ્પષ્ટતામય, પ્રવાહી, અનિશ્ચિત ગતિરૂપ, જળરૂપ (सलिलम्) છે. આ પ્રવાહી જળમાંથી એક સંપૂર્ણ સ્થિર રચના કરવાની જરૂરિયાત પ્રથમ હતી, જેથી તે સચેતનના જીવનનો પાયો બને. બૃહસ્પતિ આ કાર્યને શારીરિક ચેતનાની તથા તેના ભૌતિક લોકની રચના, બળ વડે—અવચેતનના વિરોધ પર દબાણ લાવીને, કરીને સિદ્ધ કરે છે. તે આ મહાન સૃષ્ટિને મન-શરીર-પ્રાણનાં ત્રણ તત્ત્વોનાં સર્જન વડે કરે છે; શરીર-પ્રાણ-મન એકબીજા સાથે સંકળાયેલાં છે, તે વૈશ્વિક પરિક્રામની સિદ્ધિના લોકમાં એકબીજામાં અંતર્ભૂત હોય છે,

અથવા એકબીજામાંથી ઉત્ક્રાંત થાય છે. તે ત્રણેય અગ્નિનું ત્રિવિધ ધામ છે, અને ત્યાં અગ્નિ યજ્ઞના હેતુરૂપ પરિપૂર્ણતાને, ધીમે ધીમે કરતા કાર્ય દ્વારા, સિદ્ધ કરે છે. બૃહસ્પતિ અવાજ વડે (स्वेण) રચના કરે છે, કારણ કે શબ્દ જ્યારે નિત્ય-નવીન દર્શનાઓ અને રચનાઓ પ્રત્યે જાગૃત થાય છે, ત્યારે તે આત્માનો અવાજ છે. બૃહસ્પતિએ, પોતાના અવાજ વડે, દૃઢતાપૂર્વક બળપૂર્વક પૃથ્વીના છેડાઓને સ્થાપિત કર્યા (यस्तस्तंभ सहसा वि ज्यो अन्तान् बृहस्पति-स्त्रिषधस्थो स्वेण।)

એમ કહેવામાં આવ્યું છે કે પ્રાચીન ઋષિઓ બૃહસ્પતિનું ધ્યાન કરતા હતા; ધ્યાન કરવાથી તેઓ પણ પ્રકાશયુકત બન્યા; પ્રકાશયુકત બનીને તેમણે તેને આનંદમય જિહ્વાના દેવ તરીકે આગળ મૂકયો (मन्द्र जिह्वम्) જે જિહ્વા માદક સોમરસને—મધુમય મોજાને ચાખે છે (मधुमान् ऊर्षिः ૯, ૧૦, ૧૧), કે જે આનંદ (સોમરસ) સચેતન અસ્તિત્વમાં નિગૂઢ છે અને જેને ક્રમે ક્રમે યુકત કરવાનો હોય છે (तं प्रत्नासो ऋषयो दीध्याना: पुरो विप्रा दधिरे मन्द्रजिह्वम्।) પ્રશ્ન એ છે કે—કયા ઋષિઓએ ધ્યાન કર્યું ? સાત દિવ્ય ઋષિઓ (त्रषयो दिव्या:) જેમણે સાતેય તત્ત્વોને, ચેતનાને પરિપૂર્ણ કરી હતી, તેમની વચ્ચે સુસંવાદ સ્થાપ્યો હતો, જેઓ વિશ્વના વિકાસ ઉપર દેખરેખ રાખે છે; અથવા તે ઋષિઓ માનવી પિતૃઓ (पितरो मनुष्या:) હોઈ શકે, જેમણે ઉચ્ચતર જ્ઞાનને, પ્રથમ પ્રાપ્ત કર્યું, અને માનવ માટે ઋતચેતનાની અનંતતાને આકર આપ્યો. આ બેમાંથી ગમે તે પ્રકારના ઋષિઓ હોઈ શકે, પણ ઘણે ભાગે તેમાં પ્રાચીન માનવ પિતૃઓ વડે ઋતની પ્રાપ્તિનો ઉલ્લેખ છે, વેદમાં दीध्याना: શબ્દના બે અર્થ છે—પ્રકાશતા અને ધ્યાન કરતા. વારંવાર વેદમાં તે શબ્દનો પ્રયોગ બંને અર્થોમાં કરાયો છે. પહેલા અર્થનો સંબંધ विप्रा: સાથે જોડવો જોઈએ; બૃહસ્પતિની વિજયી શકિત વડે ઋષિઓ વિચારમાં વધારે ને વધારે પ્રકાશયુકત બન્યા અને અંતે વિપ્રો બન્યા. તે શબ્દનો બીજો અર્થ दधिरे સાથે સંબંધિત છે. બૃહસ્પતિના પવિત્ર તથા પ્રકાશક શબ્દોચ્ચાર વડે આત્મામાંથી પ્રગટ થયેલી આંતર-પ્રેરણાઓ ઉપર ઋષિઓએ ધ્યાન કર્યું, તેમને વિચારમાં સ્થિરતાપૂર્વક ધારણ કરી, અને પરિણામે તેઓ મનમાં પ્રકાશયુકત બન્યા, પાર-ચેતનમાંથી વહી આવતા પૂર્ણ પ્રકાશ પ્રત્યે ખુલ્લા બન્યા. આ રીતે ઋષિઓ સામાન્ય રીતે પાછળ ગૂઢ રહીને કાર્ય કરતા આત્મ-વિચારોની ક્રિયાને સચેતન અસ્તિત્વમાં આગળ લાવવા સમર્થ બન્યા, અને તેને પોતાના સ્વભાવની મુખ્ય દોરતી ક્રિયારૂપ બનાવી શકયા. તેના પરિણામે, તેમનામાં રહેલા બૃહસ્પતિ તેમને માટે અસ્તિત્વના પરમ આનંદરૂપ, અમરતાના સોમરસને ચાખવા સમર્થ બન્યા. નિશ્ચિત શારીરિક ચેતનાનું નિર્માણ પ્રથમ પગલું છે;

સભાન પ્રવૃત્તિઓના નેતા તરીકે, મનમાં આ આત્માની પ્રેરણાને આગળ મૂકીને આનંદ પ્રત્યે જાગૃત થવું, તે તેની સિદ્ધિ છે—કમથી કમ સિદ્ધિની અવસ્થા છે, પૂર્વ-શરત છે.

તેનું પરિણામ છે માનવમાં ઋત-ચેતનાનું નિર્માણ. પ્રાચીન ઋષિઓ ગતિના ખૂબ ઝડપી આંદોલનને પ્રાપ્ત કરતા હતા; આપણા સક્રિય અસ્તિત્વરૂપ ચેતનાનો ખૂબ ઝડપથી અવતરતો પ્રવાહ ત્યારે તેમને માટે અવચેતનમાં હોય છે તેમ અસ્પષ્ટતામય રહેતો ન હતો, પણ પરિપૂર્ણ બનેલી ચેતનાના આનંદથી પૂર્ણ બની જતો—સૃષ્ટિસૂકતમાં કહ્યું છે તે પ્રમાણે अप्रकेतं નહિ, પણ सुप्रकेतम् બની જતો. એટલે તેમનું વર્ણન આમ કરાયું છે—धुनेतयः सुप्रकेतं मदन्तः । માનવી માનસમાં સંપૂર્ણ પ્રકાશ તથા આનંદ સાથે એકરૂપ બનેલી ચેતનાની સમગ્ર ઝડપ પ્રાપ્ત થતાં, તેઓ ઋત-ચેતનાની (ऋतं बृहत्)—સચેતન પ્રાણીના જન્મસ્થાનરૂપ ઋત-ચેતનાની—આવેગવાન, પ્રકાશમય, આનંદપૂર્ણ દર્શનાઓ વડે, માનવજાતિ માટે, તેઓ જાળ ગૂંથે છે. કારણ કે અસ્તિત્વ પાર-ચેતનમાંથી અવ-ચેતનમાં અવતરે છે, અને અહીં પ્રગટ તથા સભાન જીવાત્માને પોતાની સાથે લાવે છે. આ ઋત-ચેતનાનો સ્વભાવ જ એવો છે કે તેના પ્રવાહો પ્રચુર હોય છે (पृषतम्), અથવા સંવાદમય ગુણોની વિવિધતામાં તે બહુરંગી હોય છે; તેની ગતિ ઝડપી હોય છે (सृप्रम्); તેના પ્રકાશયુકત વેગ વડે તે બધા વિરોધો પર વિજય મેળવે છે (अदब्धम्); તે વિશાળ, અનંત હોય છે (ऊर्वम्). આ બધી બાબતોમાં તે અવચેતનમાંથી પ્રથમ પ્રગટ થતી, મર્યાદિત ગતિથી ઊલટી હોય છે; કારણ કે અવચેતનમાંથી પ્રગટ થતી કુંઠિત, મંદ, અવરોધ-યુકત, ઝાંખી, વિરોધી શકિતઓ જેને સહેલાઈથી તોડી-ફોડી નાખે તેવી, સ્વલ્પ અને સીમિત વિષયોવાળી હોય છે. પણ આ માનવમાં પ્રગટેલી ઋત-ચેતના વૃત્રો અને વલની શકિતઓના હુમલાઓમાં ફરી પાછી આવૃત થઈ જાય એવી શકયતા છે. તેથી ઋષિ પોતાની પૂર્ણ આત્મશકિત વડે તેનું રક્ષણ કરવા માટે બૃહસ્પતિને પ્રાર્થના કરે છે.

ઋતચેતના આનંદના સ્વભાવરૂપ પાર-ચેતનનો પાયો છે. તે પર-ચેતનનું પરમ છે (परमा परावत्), જેમાંથી અસ્તિત્વનું અવતરણ થયું છે; ઉપનિષદોમાં તેને પરમ પરાર્ધ, સચ્ચિદાનંદનું અસ્તિત્વ કહેલું છે. પ્રાચીન ઋષિઓની પેઠે ઋત-ચેતનાનો સંપર્ક પામેલા લોકો આ શારીરિક ચેતનામાંથી (अतः) ઊઠીને તે ઉચ્ચતમ અસ્તિત્વને પ્રાપ્ત કરે છે. તેઓ ઋત-ચેતનાને પોતાનું ધામ-ઘર બનાવે છે (क्षय, ओकस्). કારણ કે શારીરિક અસ્તિત્વના અદ્રિમાં, આત્મા માટે, મધુરતાના કૂવા ખોદી રાખવામાં આવ્યા છે, જે તેની કઠોર જડતામાંથી ગૂઢ આનંદને ખેંચી કાઢે છે; ઋતના સ્પર્શથી મધુની નદીઓ, અમૃતત્વના સોમ-

રસની ધારાઓ માનવ ચેતનાના સમગ્ર પ્રદેશ ઉપર પ્રચુર પૂરોમાં વહેવા લાગે છે. तुभ्यं खाता अवता अद्रिदुग्धा मध्वश्चोतन्ति अभितो विरप्शम् ।

આ રીતે, સર્વ દેવોમાં, ऋतचेतनाना પ્રકાશની વિશાળતામાં, પરમ પાર-ચેતનના ઉચ્ચતમ સ્વર્લોકમાં (महो ज्योतिषः परमे व्योमन्), પ્રથમ પ્રગટ થયેલા બૃહસ્પતિ આપણા સચેતન અસ્તિત્વની સાતેય બાજુઓમાં, ભૌતિકથી માંડીને વિશુદ્ધ આધ્યાત્મિક સુધીનાં સાત તત્ત્વોની અંતર્લીલાનાં રૂપોમાં અનેક રીતે જન્મો ધારણ કરે છે; તે આપણી બધી સપાટીઓને તથા ઊંડાણોને પ્રકાશિત કરતાં સાત કિરણોથી પ્રકાશયુકત બને છે; પોતાના વિજયી અવાજ વડે તે રાત્રિની બધી શકિતઓને, અચેતનની બધી ઘૂસણખોરીને, બધા શકય અંધકારોને દૂર કરી વિખેરી નાખે છે (बृहस्पतिः प्रथमं जायमानो महोज्योतिषः परमे-व्योमन; सप्तस्य तुविजातो रवेण वि सप्तरश्मिरधमत् तमांसि ।।)

શબ્દની શકિતઓ વડે, આત્મ-શકિતઓના છંદોમય ગણ વડે, બૃહસ્પતિ બધી વસ્તુઓને અભિવ્યકત કરે છે, અને આપણને ચારે બાજુએ આવરી લેતા અંધકારને ભેદી નાખીને રાત્રિનો અંત આણે છે. એ ગણ તે વેદના બ્રહ્માઓ છે, તે બ્રહ્મથી—મંત્રથી યુકત છે; યજ્ઞમાં તેઓ દિવ્ય ऋक्‌ને—स्तुभ् અથવા સ્તોમને આકાશ પ્રત્યે ગતિ કરાવે છે. ऋक् અર્ક-પ્રકાશ સાથે સંબંધ ધરાવે છે; એટલે ऋक् પ્રકાશક ચેતનામાં સાક્ષાત્કારની શકિતરૂપ શબ્દ છે. स्तुभ् વસ્તુઓની નિશ્ચિત છંદોમયતામાં, સ્વીકૃતિ તથા સ્થિરતા લાવનાર શકિતરૂપ શબ્દ છે. જે વસ્તુને અભિવ્યકત કરવાની હોય છે, તેનો શબ્દની શકિત ચેતનામાં સાક્ષાત્કાર કરાવે છે, તેની સ્વીકૃતિ કરાવે છે, અને છેલ્લે તેને સ્થિર બનાવે છે. બ્રહ્માઓ અથવા બ્રાહ્મણો શબ્દના પુરોહિતો છે, દિવ્ય છંદ દ્વારા સર્જન કરનારાઓ છે. તેમના અવાજ વડે બૃહસ્પતિ વલને ચૂર્ણ કરી નાખે છે.

જેવી રીતે વૃત્ર-દસ્યુ સચેતન અસ્તિત્વનાં સપ્તવિધ જળોને રૂંધી રાખનાર શત્રુ છે, અચેતનની મૂર્તિ છે; તેવી રીતે વલ-દસ્યુ તેની ગુફામાં (बिल, गुहा) પ્રકાશની ગાયોને પૂરી રાખનાર શત્રુ છે, તે અવચેતનાની મૂર્તિ છે. વલ પોતે અંધકારમય કે અચેતન નથી હોતો, પણ અંધકારનું કારણ હોય છે. તેનું પદાર્થ તત્ત્વ તો પ્રકાશમય હોય છે—वलस्य गोमतः, वलस्य गोवपुषाः; પણ તે પ્રકાશને પોતામાં સંતાડી રાખે છે, તેના સચેતન આવિષ્કારનો વિરોધ કરે છે. ગૂઢ તેજો પ્રગટ થાય, તેટલા માટે તેના ચુરૂરા કરી નાખવાના હોય છે. તે ભાગી જાય છે, એટલે ઉષાની પ્રકાશયુકત ગાયો શારીરિક અદ્રિની નિમ્ન ગુહામાંથી બહાર નીકળે છે, અને બૃહસ્પતિ તેમને આપણા અસ્તિત્વની ઊંચાઈઓ પ્રત્યે હાંકી જાય છે, કે જ્યાં તે ગાયો સાથે, તેમના વડે આપણે

આરોહણ કરીએ છીએ. તે પારચેતન જ્ઞાનના અવાજ વડે તેમને બોલાવે છે; તેઓ સભાન આંતરપ્રેરણા વડે તેને જવાબ આપતી, બૃહસ્પતિને અનુસરે છે. ગતિ કરતી કરતી ગાયો યજ્ઞની પ્રવૃત્તિઓને આવેગ આપે છે, દેવોને અપાતી આહુતિઓને વેગ આપે છે; અને તે ગાયો પણ ઊર્ધ્વમાં ગતિ કરતી, આખરે તે જ દિવ્ય ધ્યેયને પ્રાપ્ત કરે છે. (स सुष्टुभा स ऋक्वता गणेन वलं रुरोज कलिगं रवेण । बृहस्पतिरुस्त्रिया हव्यसूदः कनिक्रदद् वावशतीरुदाजत् ।।)

આ આત્માભિવ્યંજક આત્મા બૃહસ્પતિ છે, પુરુષ છે બધી વસ્તુઓનો પિતા છે, તે વૈશ્વિક દેવતા છે; તે ગાયોનો વૃષભ છે; પ્રગટ તેમ જ અપ્રગટ પ્રકાશયુકત શકિતઓનો સ્વામી છે—તેમનામાં બીજ મૂકનાર છે; તે દિવસે તથા રાત્રિના અંધકારમાં સક્રિય બનેલી શકિતઓનો સ્વામી છે, કે જે શકિતઓ વિશ્વ-અસ્તિત્વ છે, ભુવન છે. બૃહસ્પતિ નામના પુરુષને યજ્ઞમય કાર્ય દ્વારા આપણે આપણા અસ્તિત્વનાં બધાં દ્રવ્યો અર્પણ કરીએ, જે યજ્ઞ દ્વારા તે દ્રવ્યો વિરાટ આત્માને નમનપૂર્વક, સમર્પણ રૂપે અપાયેલી આહુતિઓ દ્વારા સ્વીકાર્ય બને, તેમ ઋષિ ઇચ્છે છે. બૃહસ્પતિની કૃપા વડે, યજ્ઞ દ્વારા, આપણને જીવન-સંગ્રામ માટેની વીરતાની શકિત મળી રહેશે, આત્માનાં સંતાનોની સમૃદ્ધિ મળી રહેશે, દિવ્ય પ્રકાશ તથા સત્ય ક્રિયા વડે પ્રાપ્ત થતાં સુખોના આપણે સ્વામી બની શકીશું.

જે માનવ આપણા સ્વભાવના નેતારૂપ આ સચેતન આત્મશકિતને પોતાનામાં દૃઢપણે ધારણ કરવા સમર્થ બને છે; પ્રાચીન ઋષિઓની પેઠે જે ઝડપી તથા આનંદપૂર્ણ આંતર-ક્રિયાઓની ગતિ વડે તે આત્મશકિતને પ્રાપ્ત કરે છે; જે પોતાની અંદર રહેલા પ્રાણશકિતના અશ્વની સંવાદમય દોડનું નિયમન કરે છે; પોતાનાં પ્રથમ ફલોને તથા ઉપભોગોને જે બૃહસ્પતિને અર્પણ કરીને તે રીતે તેમનું નમન-પૂજન કરે છે, તેનામાં જ આત્મશકિત અને વિજયી શકિત પરિપૂર્ણ બને છે. તે શકિત વડે, તે માનવ તેના જન્મોમાં—લોકોમાં આવતી બધી વસ્તુઓ પર પ્રભુત્વ મેળવે છે; આત્મવિકાસમાં તેની દર્શના સમક્ષ ખૂલતી, ચેતનાની ભૂમિકાઓ પર સ્વામિત્વ પ્રાપ્ત કરે છે. તે માનવ સમ્રાટ્ બને છે. તેની વિશ્વ-પરિસ્થિતિનો શાસક બને છે.

તેવો માનવ ઋતચેતનામાં, અનંત સમગ્રતામાં, પોતાના યોગ્ય ઘરમાં, સુસ્થાપિત દૃઢ અસ્તિત્વને પ્રાપ્ત કરે છે; તેના શરીરમાં તથા સમૃદ્ધિમાં સદાકાળ ઇલા પરિપુષ્ટ બને છે—વૃદ્ધિને પામે છે. ઇલા ઉચ્ચતમ શબ્દ છે, ઋતચેતનાની મુખ્ય શકિત છે; જ્ઞાનની તે સીધી દર્શનાશકિત છે; વસ્તુઓના ઋતની સાહજિક સ્વયંપ્રાપ્તિ વડે, કાર્યમાં-પરિણામમાં-અનુભૂતિમાં તે જ્ઞાનરૂપ છે. બધાં

પ્રાણીઓ તેવા માનવ પ્રત્યે અભિરુચિ રાખે છે; તેનામાં રહેલા સત્યને તેઓ તાબે થાય છે, કારણ કે તેમનામાં પોતાનામાં પણ તે જ સત્ય રહેલું છે. કારણ કે વિરાટ્ સ્રષ્ટા અને સાક્ષાત્કારક, સચેતન આત્મશકિત તેની બધી ક્રિયાઓને દોરવણી આપે છે. બધાં પ્રાણીઓ સાથેના તેના સંબંધોમાં, તે શકિત તેને ઋતની દોરવણી આપે છે, અને પરિણામે તેવો માનવ સંપૂર્ણ તથા સાહજિક પ્રભુતાથી બધાં પ્રાણીઓ ઉપર કાર્ય કરે છે. આત્મશકિત બૃહસ્પતિ, બ્રહ્મા, આધ્યાત્મિક પ્રકાશ અને સલાહકાર માનવને દોરે, તે એક આદર્શમય સ્થિતિ છે; અને તે માનવ પોતાને કાર્યનો બાદશાહી દેવ—ઇન્દ્ર માનીને પોતાનું, સમગ્ર પરિસ્થિતિનું નિયમન—સર્વસાધારણ ઋતના અધિકારની રૂઈએ, કરતા હોય છે—ब्रह्मा राजनि पूर्वं एति ।

આ બ્રહ્મા, સર્જનાત્મક આત્મા માનવ-સ્વભાવની બાદશાહીમાં પોતાને પ્રગટ કરી પુષ્ટિ મેળવવા મથતો હોય છે; જે માણસ તે પ્રકાશ અને શકિતની બાદશાહતને પ્રાપ્ત કરે છે, પોતામાં બ્રહ્મા માટે તે શ્રેષ્ઠ માનવ કલ્યાણનું સર્જન કરે છે, તેને બધા માન આપે છે, ચાહે છે; પરમ સિદ્ધિ માટે કાર્ય કરતી બધી, દિવ્ય, વૈશ્વિક શકિતઓ તેનું સંવર્ધન કરે છે. તે આત્માની બાદશાહત માટે જરૂરી એવી, આત્માની બધી સમૃદ્ધિઓને પ્રાપ્ત કરે છે—પછી તે સમૃદ્ધિઓ પોતાની ચેતનાની ભૂમિકાની હોય કે પછી બીજી ચેતનાની ભૂમિકાઓમાંથી તે તેને દૃષ્ટિગોચર થઈ હોય. તેની વિજયી આગેકૂચમાં કોઈ પણ દખલ કે વિક્ષેપ નાખી શકતું નથી.

આમ ઇન્દ્ર અને બૃહસ્પતિ બે દિવ્ય શકિતઓ છે. જેમની પરિપૂર્ણતા આપણામાં સ્થપાય અને ઋતનું સભાન સ્વામિત્વ પ્રાપ્ત થાય, તો આપણી પરિપૂર્ણતા સિદ્ધ થાય. વામદેવ તેમને આ મહાન યજ્ઞમાં સોમપાન કરવા, તેના આનંદનો મદ માણવા, આત્માનાં દ્રવ્યોનો પ્રચુર વરસાદ વરસાવવા, આવાહન કરે છે. પારચેતનના આનંદની વૃષ્ટિઓએ આત્મશકિતમાં પ્રવેશ કરવો જોઈએ, અને ત્યાં સંપૂર્ણ સ્થાન જમાવવું જોઈએ. આ રીતે એક સુખમયતાનું નિર્માણ થશે, સુનિયમિત સંવાદમયતા સ્થપાશે, જેમાં પરિપૂર્ણ બનેલા સ્વભાવની બધી શકિતઓ તથા તાકાતો સભર ભરેલી હશે, કે જે સ્વભાવ પોતાના પર તથા વિશ્વ પર શાસન ચલાવશે.

એટલે બૃહસ્પતિ તથા ઇન્દ્ર આપણામાં વૃદ્ધિ પામો, અને તે બંને જે સત્યમય માનસની સ્થિતિનું નિર્માણ કરે છે તે આપણામાં પ્રગટ થશે, કારણ કે તે આખરી સ્થિતિ છે. તે બંનેને વૃદ્ધિ પામતા વિચારોને પુષ્ટ કરવા દો, અને માનસિક અસ્તિત્વની તે શકિતઓને અભિવ્યકત કરવા દો, કે જે શકિતઓ,

સમૃદ્ધ તથા અનેકવિધ વિચારો દ્વારા, ઋતચેતનાના પ્રકાશને તથા વેગને ઝીલવા સમર્થ થશે. આર્ય યોદ્ધા પર આક્રમણ કરતી શકિતઓ તેનામાં મનની, હૃદયની દરિદ્રતાઓને—અસુખોને લઈ આવે છે. વૃદ્ધિને પામતી, આત્મશકિત તથા માનસિક શકિત ભેગી મળીને તે સર્વ દરિદ્રતાનો, ન્યૂનતાનો નાશ કરે છે. તે બંને ભેગી મળીને માનવને આખરી સંપૂર્ણ બાદશાહત આપે છે.

આનંદના સ્વામીઓ, અશ્વનો

ઋગ્વેદ ૪, ૪૫

एषा स्य भानुरुदियर्ति युज्यते रथः परिज्मा दिवो अस्य सानवि ।
पृक्षासो अस्मिन् मिथुनाअ धि त्रयो दृतिस्तुरीयो मधुनो वि रप्शते ।।१।।

(૧) પ્રકાશ ઊગે છે, અને સર્વ-વ્યાપક રથ દ્યુલોકના શિખર ઉપર જોતરાય છે; સંતોષપ્રદ આનંદોનાં ત્રણ યુગલો ત્યાં મુકાયાં છે, અને ચોથી મધુની દૃતિ (ચર્મની કોથળી) ઉભરાઈને રેલાય છે.

उद्वां पृक्षासो मधुमन्त ईरते रथा अश्वास उषसो व्युष्टिषु ।
अपोर्णुवन्तस्तम आ परिवृतं स्वर्ण शुक्रं तन्वन्त आ रजः ।।२।।

(૨) મધુપૂર્ણ આનંદો ઊર્ધ્વમાં ચડે છે; ઉષાના વિશાળ પ્રકાશમાં રથો અને અશ્વો ચારે બાજુએ વીંટળાઈને રહેલા, અંધકારના પડદાને દૂર કરે છે, અને તેઓ નિમ્નલોકને પ્રકાશમય સ્વર્ગની પેઠે તેજોમય સ્વરૂપમાં વિસ્તૃત કરે છે.

मध्वः पिबतं मधुपेभिरासभिरुत प्रियं मधुने युञ्जाथां रथम् ।
आ वर्तनिं मधुनां जिन्वथस्पथो दृतिं वहेथे मधुमन्तमश्विना ।।३।।

(૩) તમે બંને જણ મધુપાન કરનાર મુખો વડે મધુનું પાન કરો, મધુ માટે તમારા પ્રિય રથને જોડો. મધુ વડે તમે ગતિને અને માર્ગોને આનંદિત બનાવો છો; હે અશ્વિનો તમે મધુપૂર્ણ દૃતિનું વહન કરો છો.

हंसासो ये वां मधुमन्तो अस्रिधो हिरण्यपर्णा उहुब उषर्बुधः ।
उदप्रुतो मन्दिनो मन्दिनिस्पृशो मध्वो न मक्षः सदनानि गच्छथः ।।४।।

(૪) મધુયુકત, સોનેરી પાંખોવાળા, ઉષાકાળમાં જાગનારા, કદી ઈજા ન પામનારા, જળોને વરસાવનારા, આનંદપૂર્ણ, આનંદને ધારણ કરનારનો સ્પર્શ કરનારા, હંસો તમને વહન કરે છે. મધપૂડામાં જતા ભ્રમરોની પેઠે, તમે સોમયાગમાં જાઓ છો.

स्वध्वरासो मधुमन्तो अग्नय उस्रा जरन्ते प्रति वस्तोरश्विना ।
यन्निक्तहस्तस्तरणिर्विचक्षणः सोमं सुषाव मधुमन्तमद्रिभिः ॥५॥

(૫) હે અશ્વિનો, મધુપૂર્ણ અગ્નિઓ યજ્ઞને સારી રીતે દોરે છે, અને તેઓ તમારા પ્રકાશનું રોજ રોજ વરણ કરે છે; વિશુદ્ધ હાથવાળા, પરિપૂર્ણ દર્શનવાળા, ધ્યેય તરફ ગતિ કરવાની શક્તિવાળા (પુરોહિતે) પથ્થરો વડે મધુયુક્ત સોમરસને કાઢયો છે.

आकेनिपासो अहभिर्दविध्वतः स्वर्ण शुक्रं तन्वन्त आ रजः ।
सूरश्चिदश्वान् युयुजान ईयते विश्वाँ अनुस्वधया चेतथस्पथः ॥३॥

(૬) પાસેના સોમરસનું પાન કરતા, અગ્નિઓ સવારી કરે છે, દોડે છે, નિમ્ન લોકનો પ્રકાશમય સ્વર્ગની પેઠે તેજોમય સ્વરૂપમાં વિસ્તૃત કરે છે. સૂર્ય પણ પોતાના અશ્વોને જોતરીને ગતિ કરે છે; પ્રકૃતિની આત્મ-રચનાના બળ વડે, તમે બંને સચેતનતાપૂર્વક સર્વ માર્ગો પર ગતિ કરો છો.

प्र वामवोचमश्विना धियंधा रथः स्वश्वो अजरो यो अस्ति ।
येनः सद्यः परि रजांसि याथो हविष्मन्तं तरणिं भोजमच्छ ॥७॥

(૭) હે અશ્વિનો, તમારા રથને વિચારને ધારણ કરનારા મેં સુંદર અશ્વોવાળો, જરા-રહિત વર્ણવ્યો છે, કે જેના વડે તમે લોકોમાં જલ્દી ગતિ કરતાકરતા, હવિઓ વડે સમૃદ્ધ, લક્ષ્યને પહોંચી જનાર, ઉપભોગને પહોંચી જાઓ છો.

ભાષ્ય

ઋભુઓને ઉદ્દેશીને લખાયેલાં સૂક્તોની પેઠે, પ્રકાશયુક્ત બે જોડિયા ભાઈ અશ્વિનોને ઉદ્દેશીને લખાયેલાં સૂક્તો રૂપકમય શબ્દ-રચનાઓવાળાં છે; જો તેમની રૂપકમયતાની ચોક્કસ ચાવી હાથ ન લાગી હોય, તો સમજી શકાય તેવાં નથી. અશ્વિનોને ઉદ્દેશીને લખાયેલાં સૂક્તોનાં ત્રણ મુખ્ય લક્ષણો આ છે. તેમના રથની, અશ્વોની અને તેમની ઝડપી સર્વ વ્યાપક ગતિની પ્રશંસા; મધુ માટે તેમની શોધ અને મધુમાં તેઓ આનંદ લે છે તે તથા તેમના રથોમાં તે સંતોષપ્રદ આનંદોને લઈ જાય છે તે હકીકત; અને તેમનો સૂર્ય સાથે, સૂર્યપુત્રી સૂર્યા સાથે, અને ઉષા સાથે નિકટનો સંબંધ.

બીજા દેવોની પેઠે, અશ્વિનો ઋત-ચેતનામાં અવતરણ કરે છે; તેઓ વિશુદ્ધ મનમાં-દ્યુલોકમાં જન્મ્યા છે; તેમની ગતિ સર્વ લોકોમાં વ્યાપી રહી છે— તેમના કાર્યની અસર શરીરથી માંડીને, પ્રાણ તથા વિચારમાંથી પસાર થઈને, તે પાર-ચેતન સત્ય સુધી પહોંચે છે. તે સમુદ્રમાંથી-અસ્તિત્વનાં અનિશ્ચિત જળો-

માંથી પ્રારંભ કરી, અવચેતનમાંથી ઉદય પામી છે, અને અશ્વિનો આત્માને આ જળોનાં પૂરમાંથી સલામત રીતે પાર લઈ જાય છે, અને જળયાત્રામાં તે ડૂબી ન જાય તેની દેખરેખ રાખે છે. એટલે તેઓ नासत्या—ગતિના સ્વામીઓ, મુસાફરીના-યાત્રાના નેતાઓ કહેવાય છે.

ઉષા, ઋતના સ્વામી સૂર્ય તથા સૂર્યા સાથેના સંબંધથી તેમનામાં જે ઋત આવે છે તેના વડે, તેઓ માનવીને મદદ કરે છે, પણ ખાસ મદદ તો તેઓ અસ્તિત્વના આનંદ વડે કરે છે. તેઓ આનંદના સ્વામીઓ છે (शुभस्पति), તેમનો રથ અથવા ગતિ સર્વ ભૂમિકાઓમાં રહેલા આનંદની સંતુષ્ટિઓથી પરિપૂર્ણ હોય છે; તેઓ મધુપૂર્ણ દૃતિનું વહન કરે છે, અને તેની મધુરતાનું સિંચન બધી વસ્તુઓમાં કરે છે. એટલે તેઓ ઋત-ચેતનામાંથી આવતા આનંદની અસરકારક શકિતઓ છે, કે જે શકિતઓ માનવને તેની યાત્રામાં અનેક રૂપે ત્રણ લોકોમાં પ્રગટ થઈને ટકાવી રાખે છે. તેથી તેમનું કાર્ય બધા લોકોમાં હોય છે. તેમનું નામ બતાવી આપે છે તેમ, તેઓ ખાસ ઘોડેસ્વારો હોય છે, તેઓ માનવ અસ્તિત્વની પ્રાણશકિતને યાત્રાના પ્રેરકબળ તરીકે વાપરે છે; પણ તેઓ વિચારમાં પણ કાર્ય કરે છે અને તેને ઋત તરફ દોરી જાય છે. તેઓ શરીરને આરોગ્ય, સૌન્દર્ય, સમગ્રતા આપે છે; તેઓ દિવ્ય વૈદ્યો છે. બધા દેવોમાં, તેઓ માનવ પાસે આવી તેને માટે સગવડ અને આનંદ ઉત્પન્ન કરવા વધારેમાં વધારે તત્પર હોય છે—आगमिष्टा, शुभस्पति. કારણ કે તે તેમનું ખાસ અને પરિપૂર્ણ કાર્ય છે. તાત્ત્વિક રીતે, તેઓ સ્વાસ્થ્યના, આનંદના સ્વામીઓ છે, शुभस्पति.

આ સૂકતમાં વામદેવ તેમની આ લાક્ષણિકતા ઉપર સતત ભાર મૂકે છે. લગભગ દરેક ઋચામાં मधु શબ્દ વપરાયો છે, मधुमान्—મધુથી યુકત, શબ્દ પણ વપરાયો છે, તે અસ્તિત્વની મધુરતાનું સૂકત છે; તે જીવનના આનંદનું ગાન છે.

સૌથી મહાન પ્રકાશ, ઋતનો સૂર્ય, ઋત-ચેતનાનો પ્રકાશ જીવનની ગતિમાંથી પ્રકાશયુકત મનનું—स्वर् નું સર્જન કરવા માટે ઉદય પામે છે, કે જે સ્વર્ નિમ્ન ત્રિવિધ લોકને પરિપૂર્ણ બનાવે છે—एष स्य भानु रिदियर्ति । માનવમાં સૂર્યના આ ઉદયથી, અશ્વિનોની સંપૂર્ણ ગતિ શકય બને છે; કારણ કે ઋત વડે સ્વર્લોકના આનંદનો સાક્ષાત્કાર કરી શકાય છે. તેથી અશ્વિનોના રથને આ દ્યુલોકના શિખર ઉપર—પ્રકાશયુકત મનની ઉચ્ચ ભૂમિકા ઉપર જોતરવામાં આવે છે. તે રથ સર્વત્ર વ્યાપક છે; તેની ગતિ બધે સંચરે છે; તેની ઝડપ આપણી ચેતનાની બધી ભૂમિકાઓ ઉપર મુકતપણે વિહરે છે—युज्यते रथः परिज्मा दिवो अस्य सानवि ।

અશ્વિનોની પૂર્ણ સર્વવ્યાપક ગતિ, પોતાની સાથે, અસ્તિત્વના આનંદની સર્વ શકયતાઓને લઈ આવે છે. વેદના રૂપકમાં આ વાત એ રીતે વ્યકત કરવામાં આવી છે કે તેમના રથમાં સંતુષ્ટિઓ (पृक्षासः)નાં ત્રણ યુગલો છે—पृक्षासो अस्मिन् मिथुना अधित्रयः । યજ્ઞવિધિપરક અર્થઘટનમાં, પૃક્ષનો અર્થ, प्रायस् ની પેઠે, અન્ન કરવામાં આવ્યો છે. મૂળ ધાતુનો અર્થ છે—આનંદ, પૂર્ણતા, સંતુષ્ટિ; તેનો ભૌતિક અર્થ 'સંતોષપ્રદ અન્ન' હોઈ શકે; તેનો માનસશાસ્ત્રીય અર્થ છે—આનંદ, સુખ, સંતુષ્ટિ. અશ્વિનોના રથમાં રહેલી સંતુષ્ટિઓ ત્રણ યુગલોમાં છે, અથવા તેનો એવો પણ અર્થ થાય કે તે ત્રણ સંતુષ્ટિઓ પરસ્પર સંયુકત છે. ગમે તે અર્થ હોય, પણ તે આપણી વિકાસશીલ ચેતનાની ત્રણ ગતિઓ—ત્રણ પ્રકારના લોકો સૂચવે છે—શરીરની, પ્રાણની તથા મનની સંતુષ્ટિઓ. જો ત્રણ યુગલોનો અર્થ લઈએ, તો એમ સમજવું કે તે દરેક ભૂમિકા પર બે અશ્વિનો બે પ્રકારના આનંદનું કાર્ય કરે છે. વેદમાં પણ આ બે જોડિયા, પ્રકાશયુકત, સુખમય ભાઈઓ વચ્ચે ભેદ પારખવો મુશ્કેલ છે, તે દરેક જણ કયા કાર્યનું પ્રતિનિધિત્વ કરે છે તે કહેવું કઠિન છે. ત્રણ ઋભુઓની બાબતમાં આપવામાં આવ્યું છે, તેવું કોઈ સૂચન અશ્વિનોની બાબતમાં મળતું નથી. પણ કદાચ આ બે જણના ગ્રીક નામમાંથી—Dioskouroi-दिवो न पाता, દ્યુલોકના પુત્રો પરથી આપણને સૂચન મળી રહે તેમ છે તે બેમાંનો મોટો ભાઈ Kastor—कशितृ, પ્રકાશયુકત છે; Poluadeukes (પોલ્યુડયુકેસ) કદાચ पुरुदंसस् હોય, જે નામ વેદમાં અશ્વિનોને આપવામાં આવ્યું છે; તેનો અર્થ થાય છે—અનેક રૂપોવાળો (પોલ્યુડયુકેસમાંનો 'ક' મૂળ 'સ' કોઈ શકે; આવા ફેરફારો પ્રાચીન આર્ય ભાષાઓની પ્રવાહી સ્થિતિમાં સાધારણ હતા). જો એમ હોય, તો બે અશ્વિનો વેદમાં વારંવાર આવતા પ્રકાશ તથા શકિતનાં સૂચક હોય—જ્ઞાન તથા સંકલ્પ-શકિત, ચેતના અને શકિત, ગો અને અશ્વ વેદમાં વારંવાર સંયુકત રૂપમાં વપરાયા છે. અશ્વિનો આપણે માટે જે સંતુષ્ટિઓ લઈ આવે છે, તેમાં આ બે તત્ત્વો અવિભાજ્ય રીતે સંયુકત છે; જ્યાં જ્યાં પ્રકાશ અથવા ચેતનાનું રૂપ છે, ત્યાં ત્યાં શકિત વિદ્યમાન હોય જ; જ્યાં જ્યાં શકિતનું રૂપ છે, ત્યાં ત્યાં પ્રકાશ અને ચેતના હોવાનાં જ.

પણ તેમના રથમાં આપણે માટે માત્ર આ ત્રણ પ્રકારની સંતુષ્ટિઓ જ નથી; એમાં બીજી એક ચોથી વસ્તુ છે—મધુની દૃતિ (ચામડાની થેલી), અને તે દૃતિમાંથી મધુ ચારે બાજુએ રેલાય છે—दृतिस्तुरीयो मधुनो वि रप्शते । મન, પ્રાણ અને શરીર—આ ત્રણ છે; આપણી ચેતનાની ચોથી ભૂમિકા પાર-ચેતન છે, ઋતચેતના છે. અશ્વિનો પાસે દૃતિ છે—અક્ષરશઃ તે શબ્દનો અર્થ થાય છે 'ચીરેલું, કાપેલું,' પાર-ચેતનના આનંદના મધુને ગ્રહણ કરવા માટે

ઋતચેતનામાંથી નિર્માણ કરાયેલું આંશિક પાત્ર; પણ તે પાત્ર મધુના આનંદને સમાવી શકે તેવું નથી; તે અજેય રીતે પ્રચુર અને અનંત મધુરતા બધે છલકાઈ જાય છે, અને આપણા સમગ્ર અસ્તિત્વને આનંદથી તરબોળ કરી મૂકે છે.

મન, પ્રાણ, શરીરની સંતુષ્ટિઓનાં ત્રણ યુગલો આ સર્વ-વ્યાપક રેલાતા પ્રાચુર્યથી—મધુથી છલકાઈ જાય છે, અને તે તેની મધુરતાથી પરિપૂર્ણ બને છે—मधुमन्तः। તેવાં બનેલાં તે ત્રણ યુગલો એકદમ ઊર્ધ્વમાં આરોહણ કરવાની શરૂઆત કરે છે. દિવ્ય આનંદનો સ્પર્શ પામેલી, આ નિમ્ન લોકની, આપણી સંતુષ્ટિઓ અપ્રતિઘર્ષ્ય રીતે પાર-ચેતન પ્રત્યે, ઋત પ્રત્યે, આનંદ પ્રત્યે આકર્ષાય છે, અને ઊર્ધ્વમાં આરોહણ કરે છે. અને તેમની સાથે—કારણ કે ગૂઢ રીતે અથવા ખુલ્લી રીતે, સભાનપણે અથવા અભાનપણે, અસ્તિત્વનો આનંદ આપણી ક્રિયાઓને દોરતો હોય છે—આ બે દેવોના બધા રથો તેમ જ ઘોડાઓ તે જ ઊર્ધ્વ ગતિ કરવા લાગે છે. આપણા અસ્તિત્વની વિધવિધ ગતિઓ, તેમને આવેગ આપતાં શકિતનાં બધાં સ્વરૂપો ઋતના પ્રકાશની પાછળ પાછળ પોતાના ઘર તરફ, ઊર્ધ્વમાં આરોહણ કરે છે—उद्वां पृक्षासो मधुमन्त ईरते रथा अश्वास उषसो व्युष्टौ।

ઉષાના વિશાળ પ્રકાશમાં તેઓ ઊર્ધ્વમાં ગતિ કરે છે, કારણ કે ઉષા આપણા અસ્તિત્વની અર્ધ-પ્રકાશિત અથવા તો અંધકારમય નિશામાં પૂર્ણ ચેતનાના દિવસને લઈ આવવા માટે, આપણા મનમાં ઊગતા ઋતનો પ્રકાશ છે. તે दक्षिणा—વિશુદ્ધ, આંતર-દર્શનાની વિવેચના-શકિત તરીકે આવે છે, કે જેનું ભક્ષણ કરીને ઋત પ્રત્યે અભીપ્સાવાળો, આપણામાં પરમાત્મ-શકિત રૂપે રહેલો, અગ્નિ તૃપ્ત થાય છે; અથવા તો તે સરમા—આવિષ્કારક આંતર પ્રેરણા તરીકે આવે છે, જે અવચેતનની ગુફામાં વીંધીને પ્રવેશ કરે છે, જ્યાં ઇન્દ્રિય-કાર્યના કંજૂસ સ્વામીઓએ સૂર્યની પ્રકાશયુકત ગાયોને સંતાડી રાખી હોય છે, અને પછી તે સરમા ઇન્દ્રને તેની ખબર પહોંચાડે છે. પછી પ્રકાશયુકત મનનો સ્વામી આવે છે, ગુફાને ભેદે છે; અને ગાયોને દેવોના ચર પ્રત્યે-ઋતચેતનાના વિશાળ ધામ પ્રત્યે, ઊર્ધ્વમાં હાંકી જાય છે. આપણું સચેતન અસ્તિત્વ એક અદ્રિ છે; તેને ઘણી ભૂમિકાઓ—શિખરો (सानूनि) હોય છે; અવચેતનની ગુફા નીચે છે; આપણે ઋત અને આનંદના દેવ પ્રત્યે ઊર્ધ્વમાં આરોહણ કરીએ છીએ, જ્યાં અમૃતત્વનાં ધામો છે—यत्रामृतास आसते। (૯, ૧૫, ૨)

જેમાં ઊર્ધ્વીકૃત રૂપાંતરિત સંતુષ્ટિઓનો ભાર લદાયેલો છે તેવા, અશ્વિનોના રથની ઊર્ધ્વગતિ વડે, લોકોને આવરી લેતી રાત્રિનો પડદો દૂર થાય છે. આ બધા લોકો—મન, પ્રાણ, શરીર ઋતના સૂર્યનાં કિરણો પ્રત્યે ખુલ્લાં થાય છે. તેની શકિતઓ તથા સંતુષ્ટિઓની આરોહણ કરતી ગતિ આપણા

નિમ્ન લોકને (રજસ્) વિસ્તૃત કરે છે, નવો ઘાટ આપે છે, અને તેનું પ્રકાશ-યુકત આંતર-પ્રેરણાયુકત મનની—स्वर् ની પ્રકાશમયતામાં રૂપાંતર કરે છે; કે જે મન સીધી રીતે ઉચ્ચતર પ્રકાશને ઝીલે છે. મન, કર્મ, પ્રાણ, હૃદય, શરીરનું પદાર્થતત્ત્વ—બધું પ્રકાશથી તથા આંતર-પ્રેરણાથી-દિવ્ય સૂર્યની શકિત તથા તેજથી વ્યાપ્ત બની જાય છે—तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य । (ગાયત્રી મંત્ર; ૩, ૬૨, ૧૦) નિમ્ન માનસિક અસ્તિત્વનું ઉચ્ચતર દિવ્યના પ્રકાશના પ્રતિબિંબમાં રૂપાંતર થઈ જાય છે—अपोर्णुवन्तस्तम आ परिवृतं स्वर्ण शुक्रं तन्वन्त आ रजः ।

એ ઋચાથી અશ્વિનોની પરિપૂર્ણ આખરી ગતિના સામાન્ય વર્ણનનો અંત આવે છે. ત્રીજી ઋચામાં વામદેવ ઋષિ પોતાના આરોહણનું, પોતે આપેલા સોમરસનું, પોતાની યાત્રાનું તથા યજ્ઞનું વર્ણન કરવા તરફ વળે છે; તેને માટે અશ્વિનો પોતાનું આનંદમય યશસ્કર કાર્ય કરે તેવી પ્રાર્થના કરે છે. અશ્વિનોનાં મુખો મધુરતાનું પાન કરે છે; તો પછી તેના યજ્ઞમાં પણ ભલે તેઓ સોમરસનું પાન કરે—मध्वः पिबतं मधुपेभिरासभिः । લોકોને વહાલા એવા પોતાના રથને ભલે અશ્વિનો જોડે—उत प्रियं मधुने युञ्जाथां रथम् । કારણ કે માનવની ગતિ, તેની વિકાસની ક્રિયા, આનંદ—મધુની મધુરતા વડે તેના માર્ગો આનંદપૂર્ણ બનાવવામાં આવ્યાં છે—आ वर्तनिं मधुना जिन्वथस्पथः । કારણ કે અશ્વિનો પાસે મધુથી છલકાતી કૃતિ છે. અશ્વિનોના કાર્ય વડે માનવનો આનંદ પ્રત્યેનો વિકાસ આનંદરૂપ બની જાય છે; તેની યાતના, પરિશ્રમ, સંઘર્ષ દિવ્ય આનંદથી પૂર્ણ બની જાય છે. વેદમાં કહ્યું છે કે ઋત વડે ઋત પ્રત્યે પ્રગતિ સધાય છે, અર્થાત્ માનસિક તથા શારીરિક ચેતનામાં ઋતના વૃદ્ધિ પામતા નિયમ વડે, આપણે આખરે શરીર-મનથી પર, પાર-ચેતન ઋતને પ્રાપ્ત કરીએ છીએ; એટલે અહીં એવું સૂચિત કરવામાં આવ્યું છે કે આનંદ વડે આનંદ પ્રત્યે પ્રગતિ થાય છે. આપણાં બધાં અંગોમાં, ક્રિયાઓમાં વૃદ્ધિ પામતા જતા દિવ્ય આનંદ વડે, આપણે પાર-ચેતન આનંદને પ્રાપ્ત કરીએ છીએ.

ઊર્ધ્વ ગતિ કરતાં, અશ્વિનોના અશ્વો પક્ષીઓમાં—હંસોમાં પરિવર્તિત થાય છે. વેદમાં ઘણી વાર પક્ષીનું રૂપક મુકત થયેલા, ઊર્ધ્વમાં ઉડ્યન કરતા, આત્માને સૂચવે છે; કેટલીક વાર તે રૂપક મુકત થયેલી, ઊર્ધ્વમાં ગતિ કરતી, આપણા અસ્તિત્વની ઊંચાઈઓને પહોંચી જતી, શકિતઓને સૂચવે છે, કે જેઓ સામાન્ય મર્યાદિત ગતિ કરતી નથી, પ્રાણશકિતનો પરિશ્રમપૂર્વક ચાલતો અશ્વ નથી. જ્યારે આપણા ઉપર ઋતના સૂર્યનો ઉદય થાય છે, ત્યારે એવી શકિતઓ આનંદના સ્વામીઓના રથને ખેંચે છે. છલકાઈ જતી કૃતિમાંથી છંટાતા મધુથી તે ઉડ્યનની ગતિઓ પરિપૂર્ણ હોય છે—मधुमन्तः । કોઈ તેમના પર આક્રમણ કરી શકતું નથી (असियः), ઉડ્યનમાં તેમને કોઈ પ્રકારની ઈજા

પહોંચતી નથી, અથવા તો તે કોઈ અસત્ય કે નુકસાનકારક ગતિ કરતા નથી. તેઓ (અશ્વો) સોનેરી પાંખવાળા હોય છે—हिरण्यपर्णाः । હિરણ્ય સૂર્યના પ્રકાશના રંગનું પ્રતીક છે. આ શકિતઓની પાંખો પૂર્ણ, સંતુષ્ટ, તેના પ્રકાશ-યુકત જ્ઞાનની સિદ્ધિને પ્રાપ્ત કરતી ગતિ (पर्ण) છે. કારણ કે આ પક્ષીઓ ઉષાકાળમાં જાગનારાં હોય છે; જ્યારે દ્યુલોકની પુત્રી આપણી માનવી મનની ભૂમિકાઓ ઉપર પગ મૂકે છે, ત્યારે આ પંખાળી શકિતઓ પોતાના માળામાંથી બહાર આવે છે (दिवो अस्य सानवि). ઝડપી ઘોડેસ્વારી કરતા અશ્વિનોના હંસો આવા હોય છે—हंसासो ये वां मधुमन्तो अस्रिधो हिरण्यपर्णा उहुव उषर्बुधः ।

મધુથી પૂર્ણ, આ પંખાળી શકિતઓ ઊડતાં ઊડતાં આપણા પર સ્વર્લોકનાં પ્રચુર જળોને વરસાવે છે—ઉચ્ચ માનસિક ચેતનાનાં પૂર્ણ પૂરોને વરસાવે છે; તે શકિતઓ આનંદથી, અમર સોમના મદથી પરિપૂર્ણ હોય છે; જેની પાસે સનાતન કાળ માટે દિવ્ય મદનો આનંદ રહેલો છે તેવા, પાર-ચેતન અસ્તિત્વ સાથે તેઓ સભાન સંપર્કમાં આવે છે—उदप्रुतो मन्दिनो मन्दिनिस्पृशः । તેમના વડે આકર્ષિત થયેલા, આનંદના સ્વામીઓ, ભમરાઓ જેમ મધુ-ઝરતા મધપૂડા પાસે જાય તેમ, ઋષિના સોમયાગમાં આવે છે—मध्वो न यक्षः सवनानि गच्छथः । મધુરતાના શોધકો હોઈને, અશ્વિનો, મધમાખીઓની પેઠે, તેમને વધારે આનંદ મળે તે હેતુથી, મધુરતાને શોધતા હોય છે.

અશ્વિનોના ઊર્ધ્વમાં કરાતા ઉડ્ડયનને પરિણામે જે સામાન્ય પ્રકાશની ગતિ વર્ણવવામાં આવી છે, તે હવે યજ્ઞમાં અગ્નિઓની મદદથી સિદ્ધ થતી વર્ણવાય છે. કારણ કે આત્મામાં પ્રજ્વલિત થયેલી દિવ્ય સંકલ્પશકિતની જ્વાળાઓ પણ રેલાતી મધુરતાથી તરબોળ બની ગઈ છે, અને તેથી તેઓ રોજ રોજ[1] યજ્ઞને તેના ધ્યેયે પહોંચાડવાનું કાર્ય સારી રીતે કરે છે. તે વિકાસ સધાય તેટલા માટે, તે જ્વાળાઓ પોતાની પ્રજ્વલિત જીભો વડે રોજ પ્રકાશયુકત અશ્વિનોને આવવાની પ્રાર્થના કરે છે, કારણ કે અશ્વિનો પાસે આંતર-પ્રેરણાના પ્રકાશનાં તેજો હોય છે, અને તેઓ પોતાની જાજ્વલ્યમાન શકિતના વિચાર વડે તેમને ધારણ કરે છે (शविरया धिया १, ३, २)—स्वध्वरासो मधुमन्तो अग्नय उस्रा जरन्ते प्रति विस्तोरश्विना ।

જ્યારે યજમાનના હાથ વિશુદ્ધ હોય છે, તેની વિવેચના-શકિત પરિપૂર્ણ હોય છે, તેના આત્મામાં યાત્રાના અંતને પહોંચવાનું સામર્થ્ય હોય છે, યજ્ઞમાં

---

૧. अध्वर યજ્ઞનું વિશેષણ છે, માર્ગમાં ગતિ કરતું યજ્ઞકર્મ, કારણ કે યજ્ઞ એક વિકાસની ગતિ છે, યાત્રા છે. અગ્નિ-સંકલ્પશકિત યજ્ઞનો નેતા છે.

આવતાં બધાં વિઘ્નોને વટાવી જવાની—બધા વિરોધીઓને છિન્ન-ભિન્ન કરવાની તાકાત હોય છે, અને તેવા બનીને જ્યારે તે પથ્થરોને પીસીને અમૃતત્વ બક્ષતા સોમરસને કાઢે છે અને જ્યારે તે સોમરસ પણ અશ્વિનોના મધુથી પૂર્ણ બને છે, ત્યારે અગ્નિની અભીપ્સા પરિપૂર્ણ બને છે—यन्निक्तहस्तस्तरणिर्विचक्षणः सोमं सुषाव मधुमन्तमद्रिभिः । કારણ કે વ્યકિતનો વસ્તુઓમાંનો આનંદ અશ્વિનોની ત્રિવિધ સંતુષ્ટિઓ સાથે, તથા ચોથા—ઋતમાંથી રેલાતા આનંદ સાથે સંમીલિત થાય છે. યજમાનના સ્વચ્છ હાથ રૂપકમય છે (ખાસ કરીને વેદમાં વર્ણવાયેલા ઇન્દ્રના બે હાથ); અને તે વિશુદ્ધ શારીરિક અસ્તિત્વને સૂચવે છે; શકિત પરિપૂર્ણ બનેલી પ્રાણશકિતમાંથી આવે છે; સ્પષ્ટ માનસિક દર્શનાની શકિત (विचक्षण) ઋતથી પ્રકાશિત બનેલા મનની નિશાની છે. અશ્વિનોની ત્રિવિધ સંતુષ્ટિઓ ઉપર મધુરસ રેલાય, તેને માટે મન-પ્રાણ-શરીરની આ સ્થિતિઓ હોવી જોઈએ.

જ્યારે યજમાન આ રીતે યજ્ઞમાં મધુપૂર્ણ આનંદને પીસીને બહાર પ્રગટાવે છે, ત્યારે સંકલ્પશકિતની જ્વાળાઓ નિકટ રહીને તેમનું પાન કરી શકે છે, તેમને સ્વલ્પ પ્રમાણમાં અથવા દુઃખપૂર્વક, દૂરની અપ્રાપ્ય અથવા દુષ્પ્રાપ્ય ચેતનાની ભૂમિકા પરથી તે લઈ આવવી પડતી નથી. એટલે તરત ખૂબ પ્રમાણમાં તેમનું પાન કરીને તેઓ (શકિતઓ) ખૂબ બળ તથા વેગને પ્રાપ્ત કરે છે; અને મુકત પ્રકાશયુકત મનના લોકના તેજોમય આકારમાં પોતાની નિમ્ન ચેતનાને ઘાટ આપવા માટે, તેઓ આપણા અસ્તિત્વના સમગ્ર ક્ષેત્ર ઉપર ઝડપી ગતિ કરે છે—દોડે છે—आकेनिपासो अहभिर्दविध्वतः स्वर्ण शुक्रं तन्वन्त आ रजः । બીજી ઋચામાં વપરાયેલી ફૉર્મ્યુલાનું અહીં પુનરાવર્તન કરવામાં આવ્યું છે, પણ અહીં ચાર પ્રકારની સંતુષ્ટિઓવાળી, સંકલ્પ-શકિતની જ્વાળાઓ કાર્ય કરે છે. ત્યાં દેવોની મુકત ઊર્ધ્વ-ગતિ પ્રકાશના સ્પર્શમાત્રથી, પરિશ્રમ વગર કાર્ય કરતી હતી; અહીં માનવનો યજ્ઞમાં સખ્ત પરિશ્રમ તથા અભીપ્સા કાર્ય કરે છે; કારણે કે ત્યારે કાળમાં—દિવસમાં, ઋતની એક પછી એક રાત્રિ પર વિજય મેળવીને આવતી ઉષાઓ દ્વારા (अहभिः), તે બે બેનોની અવિચ્છિન્ન પરંપરા દ્વારા (એ વાત ઉષા-સૂકતમાં આગળ આવી ગઈ છે), કાર્ય સિદ્ધ થાય છે. પ્રકાશ માનવ માટે જે લઈ આવે છે, ને સમગ્રને માણસ પોતામાં એકદમ ધારણ કરી શકતો નથી; તે પ્રકાશમાં વૃદ્ધિ પામે તે માટે તેનું સતત પુનરાવર્તન જરૂરી છે.

પણ નિમ્ન ચેતનાનું રૂપાંતર સિદ્ધ કરવા માટે માત્ર સંકલ્પશકિતના અગ્નિઓ એકલા કાર્ય કરતા હોતા નથી. ઋતનો સૂર્ય પણ પોતાના પ્રકાશ યુકત અશ્વો જોતરીને ગતિ કરતો હોય છે—सूरश्चिदश्वान् युयुजान ईयते ।

માનવ ચેતના માટે અશ્વિનો પણ પ્રગતિના સર્વ માર્ગોની જાણકારી રાખે છે, કે જેથી ગતિ પરિપૂર્ણ, સંવાદમય અને બહુમુખી બને. જ્યારે જ્ઞાન અને ક્રિયા સંપૂર્ણ સંવાદ સાધીને, સભાન આંતર-પ્રેરણાથી દોરવાયેલા કર્મમાં પરિણત થાય છે, ત્યારે અનેક માર્ગો પર આગળ વધતી આ ગતિ, પ્રકૃતિના સાહજિક આત્મ-રચના કરતા કાર્ય વડે, દિવ્ય જ્ઞાનના પ્રકાશ સાથે સંમીલિત થાય છે— विश्वान् अनु स्वधया चेतथस्पथः ।

પછી વામદેવ પોતાના સૂક્તને પૂરું કરે છે. પ્રકાશયુકત વિચારને, તેનાં ઉચ્ચ તેજો સાથે, દૃઢપણે ધારણ કરવા તે સમર્થ બન્યા છે, અને ઘાટ ઘડતી, નિશ્ચિત આકાર આપતી, શબ્દશકિત વડે તેમણે પોતાનામાં રથને અભિવ્યકત કર્યો છે, અર્થાત્ અશ્વિનોના આનંદની અમર ગતિને અભિવ્યકત કરી છે, જે આનંદની ગતિ ઝાંખી પડતી નથી, જીર્ણ બનતી નથી, ક્ષીણ થતી નથી, કારણ કે પરિપૂર્ણ અને મુકત બનેલી શકિતઓ તે રથને ખેંચે છે, અને નહિ કે મર્યાદિત, જલ્દી થાકી જાય તેવા, જલ્દી કાબૂ બહાર છટકી જાય તેવા, માનવી પ્રાણશકિતના ઘોડા—प्रवाम वोचमश्चिनाधियंधाः रथः स्वश्वो अजरो यो अस्ति । આ ગતિમાં તેઓ એક ક્ષણમાં નિમ્ન ચેતનાના બધા લોકો પર ફરી વળે છે, તે ચેતના પર પોતાના વેગપૂર્ણ આનંદને વેરે છે, અને તે રીતે તે શકિતઓ સોમપાનથી પરિપૂર્ણ, વૈશ્વિક ઉપભોગને માનવમાં ઉત્પન્ન કરે છે, બધા વિરોધીઓને જિતીને તેઓ બળપૂર્વક મહાન ધ્યેયને સિદ્ધ કરે છે—येन सद्यः परि रजांसि याथो हविष्यन्तं तरणिं भोजमच्छ ।

ઋભુઓ, અમૃતત્વના કારીગરો

ઋગ્વેદ ૧, ૨૦

अर्य देवाय जन्मने स्तोमो विप्रेभिरासया ।
अकारि रत्नधातमः ।।१।।

(૧) દિવ્ય જન્મ માટે, પ્રકાશયુકત મનો વડે મુખના શ્વાસોથી કરાયેલી સ્તુતિ સંપૂર્ણ આનંદને આપે છે.

य इन्द्राय वचोयुजा ततक्षुर्मनसा हरी ।
शमीभिर्यज्ञमाशत ।।२।।

(૨) જેમણે ઇન્દ્ર માટે મન વડે તેના બે પ્રકાશયુકત, શબ્દ વડે જોત-રાયેલા, અશ્વો બનાવ્યા, તેઓ કાર્યને સિદ્ધ કરવા વડે યજ્ઞને માણે છે.

तक्षन् नासत्याभ्यां परिज्मानं सुखं रथम् ।
तक्षन् धेनुं सबर्दुघाम् ।।३।।

(૩) તેમણે યાત્રાના દેવો બે અશ્વિનો માટે સર્વત્ર ગતિ કરતા, સુખમય રથ બનાવ્યો; તેમણે મધુર દધ આપનારી, પોષક ધેનુને બનાવી.

युवाना पितरा पुनः सत्यमन्त्रा ऋजूयवः ।
ऋभवो विष्टयक्रत ।।४।।

(૪) મનની વિચારણાઓમાં સત્યવાળા, સરલ માર્ગે જનારા, ઋભુઓએ પોતાની વ્યાપકતા વડે માતા-પિતાને ફરી યુવાન બનાવ્યાં.

सं वो मदासो अग्मतेन्द्रेण च मरुत्वना ।
आदित्येभिश्च राजभिः ।।५।।

(૫) મરુતોથી યુકત ઇન્દ્ર સાથે, આદિત્યો—રાજાઓ સાથે, સોમરસના આનંદો સંપૂર્ણપણે તમને પ્રાપ્ત થયા.

उत त्यं चमसं नवं त्वष्टुर्देवस्य निष्कृतम् ।

अकर्त चतुरः पुनः ॥६॥

(૬) ત્વષ્ટા દેવના એક નવા, સંપૂર્ણ બનાવાયેલા, પ્યાલાને તમે ફરી ચાર પ્યાલા બનાવી દીધા.

ते नो रत्नानि धत्तन त्रिरा साप्तानि सुन्वते ।

एकमेकं सुशस्तिभिः ॥७॥

(૭) તેમને સંપૂર્ણપણે અભિવ્યકત કરવા વડે, તમે અમારે માટે એકવીસ આનંદોને-દરેક જુદા જુદા આનંદને સ્થાપિત કરો.

अधारयन्त वहनयोऽभजन्त सुकृत्यया ।

भागं देवेषु यज्ञियम् ॥८॥

(૮) કાર્યોમાં પરિપૂર્ણતા વડે, તેમણે, દેવોમાં યજ્ઞના ભાગને પોતાનામાં ધારણ કર્યો, વહેંચી આપ્યો.

ભાષ્ય

એમ સૂચવવામાં આવ્યું છે કે ઋભુઓ સૂર્યનાં કિરણો છે. એ વાત સાચી છે કે વરુણ, મિત્ર, ભગ અને અર્યમાની પેઠે, તેઓ ઋતની–સૂર્યપ્રકાશની શકિતઓ છે. પણ વેદમાં તેમનું ખાસ લક્ષણ એ છે કે તેઓ અમૃતત્વના કારીગરો છે. તેઓ માનવો હતા, અને પોતાની જ્ઞાનશકિતથી તથા કાર્યોમાં કુશળતાથી તેમણે દેવત્વને પ્રાપ્ત કર્યું હતું. તેમણે પોતે જે દિવ્ય પ્રકાશને તથા આનંદને પોતાના દિવ્ય અધિકાર તરીકે પ્રાપ્ત કર્યા છે, તે સ્થિતિમાં માનવને લઈ જવામાં તેમણે ઈન્દ્રને મદદ કરવી, તે તેમનું કાર્ય છે. વેદમાં તેમને ઉદ્દેશીને બહુ થોડાં સૂકતો રચાયાં છે, અને પ્રથમ દૃષ્ટિએ તે સમસ્યારૂપ સૂકતો છે, કારણ કે તેમાં વારંવાર અમુક રૂપકો અને આકારો આવે છે. પણ એક વાર વેદના અર્થની મુખ્ય ચાવીઓ હાથ લાગી જાય, એટલે તે સૂકતો ખૂબ સ્પષ્ટ અને સરળ બની જાય છે, અને વેદના અમૃતત્વના ધર્મ-સિદ્ધાંત ઉપર સ્પષ્ટ પ્રકાશ નાખતા, સુસંગત, રસપ્રદ વિચારને વ્યકત કરે છે.

ઋભુઓ પ્રકાશની શકિતઓ છે, કે જે પદાર્થ-દ્રવ્યમાં અવતીર્ણ થઈ છે અને દિવ્ય તથા અમર બનવાની અભીપ્સાવાળી, માનવી શકિતઓ તરીકે જન્મી છે. આ ચરિત્રમાં તેમને[1] સુધન્વનના પુત્રો કહેવામાં આવ્યા છે; તેમનું

---

૧. આ શબ્દમાં ધન્વન્ નો અર્થ ધનુષ નથી, પણ પદાર્થતત્ત્વનું નક્કર રણ છે; બીજી રીતે તેને અદ્રિ કહેવામાં આવ્યો છે, જેમાંથી જળો તથા કિરણોને મુકત કરવામાં આવે છે.

તે પિતૃવંશને સૂચવતું નામ તેમના જન્મની રૂપકમયતા બતાવી આપે છે; તેનો અર્થ થાય છે—પ્રકાશયુકત શકિતનો સ્પર્શ પામેલી, પદાર્થતત્ત્વની પૂર્ણ શકિતઓ—કુશળતાઓ. પણ તેમના મૂળ સ્વભાવમાં, તેઓ આ પ્રકાશયુકત શકિતમાંથી ઊતરી આવ્યા છે; ઘણી વાર તેમને તે રીતે સંબોધન કરવામાં આવ્યું છે—ઈન્દ્રના સંતાનો, પ્રકાશયુકત શકિતના પૌત્રો (૪, ૩૭, ૪). જેમ અગ્નિ વિશુદ્ધ શકિતમાંથી જન્મ્યો છે, તેમ ઈન્દ્ર—માનવમાં રહેલું દિવ્ય મન, પ્રકાશયુકત શકિતમાંથી જન્મ્યો છે. અને દિવ્ય મનરૂપ ઈન્દ્રમાંથી, માનવની અમૃતત્વ માટેની અભીપ્સાઓ જન્મે છે.

જન્મના ક્રમ પ્રમાણે, તે ત્રણ ઋભુઓનાં નામ છે—ઋભુ અથવા ઋભુક્ષન્ જ્ઞાન વડે ઘાટ આપનાર, કુશળ કસબી; વિભ્વ અથવા વિભુ—આત્મપ્રસારણ કરનાર, વ્યાપક; અને વાજ—પ્રાચુર્ય. તેમનાં નામ તેમનાં ખાસ કાર્યોને તથા સ્વાભાવોને સૂચવે છે; છતાં તેઓ ત્રિમૂર્તિ છે; મોટે ભાગે તેમને ઋભુઓ કહેવામાં આવે છે, પણ કેટલીક વાર તેમને વિભુઓ તથા વાજો પણ કહેવામાં આવે છે. ઋભુ, સૌથી મોટો ભાઈ, પ્રથમ માનવી હતો, કે જે પોતાના વિચારો વડે ઘાટ ઘડે છે, અને અમૃતત્વનાં રૂપોનું નિર્માણ કરે છે; વિભ્વ તે નિર્માણોને વ્યાપકતા સમર્પે છે; સૌથી નાનો ભાઈ વાજ દિવ્ય પ્રકાશનું તથા પદાર્થતત્ત્વનું પ્રાચુર્ય અર્પે છે, કે જેના વડે સંપૂર્ણ કાર્યની સિદ્ધિ થાય. વારંવાર એમ વર્ણવવામાં આવ્યું છે કે અમૃતત્વનાં આ કાર્યો તથા નિર્માણો તેઓ વિચારની શકિત વડે, મનને ક્ષેત્ર તથા વસ્તુસામગ્રી બનાવીને કરે છે; તે કાર્યશકિત વડે, કરાય છે, તે કાર્યો સર્જનની પરિપૂર્ણતા તથા અસરકારકતાવાળાં હોય છે—સ્વપસ્યમા, સુકૃત્યયા—કે જે અમૃતત્વને પ્રાપ્ત કરવાની શરત છે. આ સૂકતમાં વર્ણવાયા પ્રમાણે, અમૃતત્વના આ કારીગરોની કૃતિઓ આ છે—ઈન્દ્રના અશ્વો, અશ્વિનોનો રથ, મધુર દૂધ આપનારી ગાય, વૈશ્વિક માતા-પિતાનું યૌવન, વસ્તુઓ ઘડવૈયા ત્વષ્ટા વડે મૂળ રચાયેલા, દેવોના એક પ્યાલાને ચાર બનાવી દેવા તે.

સૂકતના પ્રારંભમાં તેના હેતુનો નિર્દેશ છે. તે દિવ્ય જન્મ માટે ઋભુઓની શકિતની સ્તુતિ છે, કે જે સ્તુતિ પ્રકાશને પ્રાપ્ત કરેલા મનવાળા માણસોએ કરી છે, અને જેમાંથી ઋભુઓ જન્મ્યા હતા તે પ્રકાશ—શકિત જેમનાનાં આવી ગઈ છે. તે સ્તુતિ મુખના શ્વાસ વડે, જગતની પ્રાણશકિત વડે કરાઈ છે. તેનો હેતુ છે માનવ આત્મામાં દિવ્ય જીવનના એકવીસ આનંદોને પૂર્ણપણે સ્થાપિત કરવાનો.

આ દિવ્ય જન્મના પ્રતિનિધિઓ ઋભુઓ છે, જેઓ એક વખતે માનવો હતા અને પછી અમર્ત્ય દેવો બન્યા છે. વિશ્વમય યજ્ઞના શિખરરૂપ, માનવ

વિકાસના મહાન કાર્યને કરવા વડે, ઋભુઓને, દિવ્ય શકિતઓ સાથે, યજ્ઞમાં પોતાના દિવ્ય ભાગનો અધિકાર પ્રાપ્ત થયો છે. માનવનું દિવ્યીકરણ કરવામાં દેવોને મદદ કરતી, રચનાની તથા ઊર્ધ્વ વિકાસની, તેઓ ઊર્ધ્વીકૃત માનવ-શકિતઓ છે. તેમની બધી કૃતિઓમાં મુખ્ય છે ઇન્દ્રના બે પ્રકાશયુકત અશ્વોનું નિર્માણ, જે અશ્વો વાણી વડે ગતિઓમાં જોતરાય છે, શબ્દ વડે જોતરાતા તે અશ્વોની રચના મને કરેલી છે. કારણ કે પ્રકાશયુકત, દિવ્ય મનની મુકત ગતિએ બીજી બધી દિવ્યીકરણની ક્રિયાઓની પૂર્વ-શરત છે.

ઋભુઓનું બીજું નિર્માણ છે માનવની યાત્રાના સ્વામીઓનો—અશ્વિનોનો રથ; તે માનવમાં રહેલા આનંદની સુખમય ગતિ છે, કે જે અસ્તિત્વની બધી ભૂમિકાઓમાં વ્યાપી જાય છે, જે શારીરિક માનવ માટે આરોગ્ય, યૌવન, બળ, સ્વાસ્થ્ય લઈ આવે છે, પ્રાણિક માનવ માટે ઉપભોગની તથા ક્રિયાની શકિત લઈ આવે છે; માનસિક પ્રાણી માટે પ્રકાશની પ્રસન્ન શકિત લઈ આવે છે; ટૂંકમાં કહીએ તો, તે માનવનાં બધાં અંગોમાં અસ્તિત્વના વિશુદ્ધ આનંદની શકિત લઈ આવે છે.

ઋભુઓનું ત્રીજું નિર્માણ છે મધુર દૂધ આપતી ગાય. બીજી જગ્યાએ એમ કહેવામાં આવ્યું છે કે ઋભુઓએ આ ગાયને તેના આવરણરૂપ ચર્મમાંથી—પ્રકૃતિની બાહ્ય ક્રિયા તથા ગતિના આવરણમાંથી મુકત કરી હતી. આ પોષક ગાય પોતે વૈશ્વિક રૂપોવાળી, ગતિના વૈશ્વિક આવેગવાળી છે—विश्वजुनम्, विश्वरूपाम्; અર્થાત્ તે પ્રથમ પ્રકાશ, અદિતિ, અનંત સત્‌ની અનંત ચેતના, દેવોની માતા છે. ઋભુઓ તે ચેતનાને પ્રકૃતિની આવરણમય ગતિમાંથી પ્રગટાવે છે, અને તેના રૂપનું આપણામાં અહીં નિર્માણ કરે છે. દ્વંદ્વોની શકિત-ઓના કાર્યથી તે અદિતિ-માતા પોતાનાં સંતાનોથી-નિમ્ન લોકમાં રહેલા જીવોથી વિખૂટી પડેલી છે; ઋભુઓ તે જીવોને તેમની અનંત માતાને પાછા સોંપે છે. (વિગતો માટે જુઓ—૪, ૩૩, ૪ તથા ૮; ૪, ૩૬, ૪ વગેરે).

અત્યાર સુધી કરેલાં ત્રણ કાર્યોમાં—ઇન્દ્રનો પ્રકાશ, અશ્વિનોની ગતિ, પોષક ગાયનું સંપૂર્ણ દૂધ, તે ત્રણના બળ વડે કરાયેલું ચોથું મહાન કાર્ય છે—વિશ્વનાં વૃદ્ધ માતા-પિતાને, આકાશ-પૃથ્વીને ફરી યુવાન બનાવવાં તે. આકાશ એટલે માનસિક ચેતના, પૃથ્વી એટલે શારીરિક ચેતના. આ બંને જણ, સંયુકત રૂપે લાંબાં થઈને પડેલાં છે, થાકેલાં, દુઃખી, જીર્ણ, યજ્ઞસ્તંભોની પેઠે લાંબાં છાટ થઈને પડેલાં છે. એમ વર્ણન આવે છે કે ઋભુઓએ સૂર્યના ઘરમાં આરોહણ કર્યું, કે જ્યાં સૂર્ય ઋતના પ્રગટ તેજમાં રહે છે; ત્યાં ઋભુઓએ બાર દિવસ સુધી ઊંઘ લીધી; પછી તેઓ આકાશ—પૃથ્વી પર સંચર્યા; તે બંનેને ઋતના પ્રવાહોની પ્રચુર વૃષ્ટિથી પોષણ આપ્યું, અને પછી તેમને યૌવન તથા તાકાત બક્ષ્યાં. (જુઓ—૪,

૩૩, ૨-૩-૭; ૪, ૩૬, ૧-૩; ૧, ૧૬૧, ૭.) પોતાનાં કાર્યોથી ઋભુઓ આકાશને વ્યાપ્ત કરે છે, તેઓ મનને દિવ્ય પુષ્ટિ આપે છે (૪, ૩૩, ૧-૨), તેઓ મન-શરીરને નવીન, તરુણ, અમર ગતિ આપે છે (૫, ૩૬, ૩). કારણ કે ઋતના ઘરમાંથી તેઓ ઋતના સરળ માર્ગમાં ગતિ, તથા બધા વિચારોમાં—શબ્દોમાં-માનસમાં સંપૂર્ણ અસરકારકતાવાળા ઋતને પોતાને લઈ આવ્યા છે, કે જે તેમનું કાર્ય પરિપૂર્ણ રીતે કરવા માટે પ્રથમ આવશ્યકતા છે. નિમ્ન લોકમાં આ શકિત સાથે વ્યાપક પ્રવેશ કરીને તેઓ તેના ઉપર આ અમર રસ રેલાવે છે.

તેઓ પોતાનાં કાર્યો વડે આ અમર આનંદપૂર્ણ સોમરસને જિતે છે, અને માનવ માટે તેના યજ્ઞમાં તે લઈ આવે છે. તેમની સાથે ઇન્દ્ર અને મરુતો—દિવ્ય મન અને તેની વિચાર-શકિતઓ આવીને બેસે છે, અને વળી અદિતિના ચાર પુત્રો, મહાન રાજાઓ—વરુણ, મિત્ર, અર્યમા અને ભગ પણ આવે છે, કે જેઓ ઋત-ચેતનાની વિશુદ્ધિ તથા વિશાળતા, તેના પ્રેમ-પ્રકાશ—સંવાદનો નિયમ, તેની શકિત તથા અભીપ્સા અને વસ્તુઓનો વિશુદ્ધ તથા સુખમય ઉપભોગ છે.

અને ત્યાં યજ્ઞમાં દેવો ચતુર્વિધ પ્યાલામાં અમૃતનું—સોમરસનું પાન કરે છે—चमसं चतुर्वयम् (૪, ૩૬, ૪). વસ્તુઓનો રચયિતા ત્વષ્ટાએ મૂળ તો માનવને એક જ પ્યાલો આપ્યો છે—શારીરિક ચેતના, જેમાં તે દેવોને અસ્તિત્વનો આનંદ આપી શકે. ઋભુઓ—પ્રકાશયુકત જ્ઞાનની શકિતઓ ત્વષ્ટાએ પાછળથી કરેલાં કાર્યો દ્વારા નવીન તથા પરિપૂર્ણ બનાવેલા તે પ્યાલાને લે છે, અને માનવમાં ચાર ભૂમિકાઓની વસ્તુ—સામગ્રીમાંથી બીજાં ત્રણ શરીરોનું નિર્માણ કરે છે—પ્રાણિક, માનસિક અને કારણદેહ અથવા આદર્શ-શરીર.

ઋભુઓ આ આનંદના પ્યાલાને ચતુર્વિધ બનાવે છે, અને માનવને ઋત-ચેતનાની ભૂમિકા પર જીવવા માટે સમર્થ બનાવે છે; આમ તેઓ પરિપૂર્ણ બનાવેલા માનવમાં પરમ અસ્તિત્વના એકવીસ પ્રકારના આનંદો રેલાવે છે, માનવના મન-પ્રાણ-શરીરમાં. સમગ્રના સંયોગીકરણમાં પણ, તેઓ માનવને દરેક આનંદની સંપૂર્ણ અભિવ્યકિત આપે છે.

માનવ ચેતનામાં અસ્તિત્વના આનંદનાં આ બધાં પૂરોને ધારણ કરવાની તથા તેમનો સમાવેશ કરવાની શકિત ઋભુઓમાં છે. અને તેઓ પોતાનાં પરિપૂર્ણ કાર્યો દ્વારા તે આનંદોને પ્રગટ થયેલા દેવોમાં વહેંચી આપે છે, દરેક દેવને તેઓ પોતાનો યજ્ઞ-ભાગ આપે છે. અસરકારક યજ્ઞ માટે, પરિપૂર્ણ કાર્યની સિદ્ધિ માટે, આવી પરિપૂર્ણ વહેંચણી એ પૂર્વ-શરત છે.

ઋભુઓ આવા છે, અને માનવના યજ્ઞમાં માનવ માટે અમૃતત્વની

વસ્તુઓ નિર્માણ કરવા માટે—તેમણે પોતાની બાબતમાં કર્યું હતું તેમ, તેમનું આવાહન કરવામાં આવે છે. "તે માનવ પ્રાચુર્યથી તથા પરિશ્રમ માટે જરૂરી શકિતથી પરિપૂર્ણ બને છે; આત્માભિવ્યકિતની શકિત વડે તે ઋષિ બને છે; તે યુદ્ધોમાં અપ્રતિઘર્ષ્ય વીર બને છે; તેનામાં આનંદની તથા સમગ્ર શકિતની વૃદ્ધિ થાય છે, કારણ કે વાજ, વિભ્વ અને ઋભુ તેને પુષ્ટ કરે છે.....કારણ કે તમે ઋષિઓ—સ્પષ્ટ વિવેચના કરતા વિચારકો છો; અમારા આત્માના આ વિચાર વડે, તેવા પ્રકારના તમે હોવાથી તમારી અમે જ્ઞાનપૂર્વક સ્તુતિ કરીએ છીએ. અમારા વિચારોમાં સંચરતા, જ્ઞાનપૂર્ણ તમે અમારે માટે માનવ ઉપભોગોની રચના કરો—પ્રકાશયુકત પ્રાચુર્ય, ફળદ્રૂપ શકિત અને પરમ આનંદનું નિર્માણ કરો. તમારા આનંદ વડે તમે અમારે માટે સુખની, પ્રેરણાની મહાન શકિતની રચના કરો. હે ઋભુઓ, અમને તે વિવિધ સમૃદ્ધિઓવાળું પ્રાચુર્ય આપો, જેના વડે અમે સામાન્ય માનવીથી પર વસ્તુઓવાળી ચેતનામાં જાગૃત થઈએ." (૪, ૩૬, ૬-૯)

પ્રકરણ ૧૨

સર્વ-વ્યાપક દેવ, વિષ્ણુ

ઋગ્વેદ ૧, ૧૫૪

विष्णोनु कं वीर्याणि प्र वोचं यः पार्थिवानि विमये रजांसि।
यो अस्कभायदुत्तरं सधस्थं विचक्रमाणस्त्रे धोरुगायः ।।१।।

(૧) જેમણે પાર્થિવ લોકોને માપી લીધા; જે અમારા આત્મ-સાધનના, ઉચ્ચતર ધામને ધારણ કરે છે; વિશાળ ગતિવાળા જેમણે ત્રણ પગલાંની વૈશ્વિક ગતિમાં બધું વ્યાપ્ત કર્યું, તે વિષ્ણુનાં મહાન કાર્યોની હું સ્તુતિ કરું છું.

प्र तद्विष्णुः स्तवते वीर्येण मृगो न भीमः कुचरो गिरिष्ठाः।
यस्योरुषु त्रिषु विक्रमणेष्वधिक्षियन्ति भुवनानि विश्वा ।।२।।

(૨) પોતાના વીર્ય વડે તે વિષ્ણુની સ્તુતિ થાય છે; ભયંકર સિંહની પેઠે તે દુર્ગમ સ્થાનોમાં વિચરે છે, તેનું સ્થાન (બોડ) ગિરિ-શિખરો પર છે; જેનાં ત્રણ વિશાળ વિક્રમણોમાં સર્વ લોકો પોતાના નિવાસ-સ્થાનને પ્રાપ્ત કરે છે.

प्र विष्णवे शूषमेतु मन्म गिरिक्षित उरुगायाय वृष्णे ।
य इदं दीर्घं प्रयतं सधस्थमेको विमये त्रिभिरित् पदेभिः ।।३।।

(૩) સર્વ-વ્યાપક, વિશાળ ગતિવાળા વૃષભ પ્રત્યે—જેનું નિવાસસ્થાન ગિરિ પર છે, જે એક હોવા છતાં પોતાનાં ત્રણ પગલાં વડે અમારા આત્મ-સાધનના લાંબા, વિશાળ વિસ્તારવાળા, ધામને માપી લે છે, તે વિષ્ણુ પ્રત્યે અમારું બળ તથા વિચાર ગતિ કરો.

यस्य त्री पूर्णा मधुना पदान्यक्षीयमाणा स्वधया मदन्ति।
य उ त्रिधातु पृथिवीमुत द्यामेको दाधार भुवनानि विश्वा ।।४।।

(૪) જેનાં ત્રણ પગલાં મધુરસથી પૂર્ણ છે, અવિનાશી છે, પોતાના સંવાદમય સ્વભાવથી આનંદ માણે છે, જે એક હોવા છતાં ત્રિવિધ તત્ત્વને પૃથ્વીને, આકાશને—સર્વ લોકોને ધારણ કરે છે.

तदस्य प्रियमभि पाथो अश्यां नरो यत्र देवयवो मदन्ति ।
उरुक्रम य स हि बन्धुरित्था विष्णोः पदे परमे मध्व उत्सः ।।५।।

(૫) તેની ગતિના લક્ષ્યરૂપ, આનંદને હું પ્રાપ્ત કરું, તે આનંદને હું માણું, કે જ્યાં દેવત્વના શોધક લોકો આનંદને પ્રાપ્ત કરે છે; કારણ કે વિષ્ણુના વિશાળ ગતિ કરતા, પરમ, પદમાં માનવોનો બંધુ છે, કે જે મધનો ઝરો છે.

ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिश्रृंगा अयासः ।
अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमव भाति भूरि ।।६।।

(૬) અમારી યાત્રાના લક્ષ્ય રૂપે, અમે તમારા બેનાં તે ધામોની કામના કરીએ છીએ, કે જ્યાં અનેક શિંગડાંવાળી, પ્રકાશયુકત ગાયો વિચરે છે; વિશાળ ગતિ કરતા વિષ્ણુનું ઉચ્ચતમ પદ, તેની અનેકવિધ વિશાળતામાં, અમારા ઉપર પ્રકાશે છે.

ભાષ્ય

આ સૂકતનો દેવતા સર્વવ્યાપક વિષ્ણુ છે, જેમનો વેદમાં રુદ્ર સાથે ગાઢ પણ ગૂઢ સંબંધ છે, લગભગ તાદાત્મ્ય છે કે જે રુદ્રને પાછળના ધર્મમાં ખૂબ ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. રુદ્ર ભીષણ અને ઉગ્ર દેવ છે, પણ તેમની કલ્યાણકારિતા વિષ્ણુની પરમ આનંદમય વાસ્તવિકતાની ખૂબ નજીક છે. વિષ્ણુ માનવીનો સતત મિત્ર છે, તે દેવોને મદદ કરે છે; પણ તે ભયંકર ઉગ્રતાથી ભીષણ જોખમકારક કઠિન સ્થાનોમાં વિચરતા સિંહ સમાન છે, કે જે વર્ણન સામાન્ય રીતે રુદ્રને વધારે યોગ્યતાપૂર્વક લાગુ કરી શકાય તેવું છે. રુદ્ર ઉગ્રતાપૂર્વક યુદ્ધ કરતા મરુતોના પિતા છે. પાંચમા મંડળના છેલ્લા સૂકતમાં વિષ્ણુને एवम मरुत् નામ આપવામાં આવ્યું છે; તેનો અર્થ થાય છે—મરુતો જેનામાંથી પેદા થયા છે, જે મરુત-રૂપ થાય છે, અને બધા યુદ્ધ કરનાર મરુતોનો ગણ જેમની સાથે તાદાત્મ્ય ધરાવે છે. રુદ્ર વિશ્વમાં આરોહણ કરતા દેવ છે; વિષ્ણુ તે જ દેવ છે કે જે આરોહણની શકિતઓનો પ્રાદુર્ભાવ કરે છે, તેમને મદદ કરે છે.

યુરોપીય વિદ્વાનોએ એક મતને લાંબા સમય સુધી લોકપ્રિય બનાવ્યો હતો કે, 'પૌરાણિક દેવોમાં વિષ્ણુની તથા શિવની મહત્તા પાછળથી વિકાસ પામી છે, વેદમાં તે બે દેવોનું મહત્ત્વ બહુ નથી, અને તે ઇન્દ્ર તથા અગ્નિ કરતાં ગૌણ દેવો છે.' ઘણા વિદ્વાનો એમ પણ માને છે કે, શિવનો ખ્યાલ

પાછળથી ઊભો થયો છે, તે દેવને આર્યોએ દ્રાવિડિયનો પાસેથી ઉછીના લીધા છે, અને મૂળની સંસ્કૃતિએ વૈદિક ધર્મનો આંશિક જય કર્યો હતો તેની એ સાબિતી છે. આ ભૂલો માટે પ્રાચીન બ્રાહ્મણોની યજ્ઞપરકતાએ ઊભી કરેલી વૈદિક વિચાર વિષેની ગેરસમજ જવાબદાર છે, જે ભૂલોને યુરોપીય વિદ્વાનોએ વૈદિક પુરાણશાસ્ત્રમાંના એક ગૌણ અને બાહ્ય તત્ત્વની અતિશયોકિત કરીને એક નવું જ અને વધારે ગેરસમજભર્યું રૂપ આપ્યું.

વૈદિક દેવોની અગત્યતાનું માપ તેમને ઉદ્દેશીને લખાયેલાં સૂકતો પરથી અથવા ઋષિઓના વિચારોમાં તેમના કરાતા આવાહનના પ્રમાણ પરથી, કાઢવાનું નથી; પણ તે માપ તે દેવો જે કાર્યો કરે છે તેના પરથી કાઢવાનું છે. જેમને ઉદ્દેશીને વધારેમાં વધારે સૂકતો લખાયાં છે તે અગ્નિ અને ઇન્દ્ર, વિષ્ણુ કે રુદ્ર કરતાં વધારે મહાન નથી; પણ તે બે દેવો, આંતર તથા બાહ્ય જગતમાં, જે કાર્યોને પરિપૂર્ણ કરે છે, તે ખૂબ સક્રિય, પ્રધાન અને પ્રાચીન ગૂઢવાદીઓની માનસશાસ્ત્રીય સાધનામાં સીધી રીતે અસરકારક હતાં, તે એક કારણથી જ તેમને માટે વધારે સૂકતો લખાયાં છે. રુદ્રના પુત્રો—મરુતો તેમના ઉગ્ર અને શકિતશાળી પિતા કરતાં વધારે મોટા દેવો નથી; પણ તેમને ઉદ્દેશીને ઘણાં સૂકતો રચાયાં છે, બીજા દેવોની સાથે તેમનો ઉલ્લેખ વધારે સતત કરવામાં આવ્યો છે, કારણ કે તેઓ જે કાર્ય કરતા, તે વૈદિક સાધનામાં સતત અને તરતની અગત્યવાળું હતું. તેથી ઊલટું, વિષ્ણુ, રુદ્ર અને બ્રહ્મણસ્પતિ—જે પાછળથી પુરાણોની વિષ્ણુ—શિવ—બ્રહ્મરૂપ ત્રિમૂર્તિ બની, તે દેવો વૈદિક કાર્યની શરતો પૂરી પાડે છે, અને વધારે હાજર રહેતા કાર્યશીલ દેવોની પીઠમાં રહી તેમાં મદદ કરે છે, પણ તે કાર્ય સાથે નિકટનો સંબંધ ધરાવતા નથી અને તે કાર્યની દૈનિક ગતિઓમાં તેમને રોજ સતત હાજર રહેવાની જરૂર પડતી નથી.

બ્રહ્મણસ્પતિ શબ્દ વડે સર્જન કરે છે; તે અચેતન સમુદ્રના અંધકારમાંથી પ્રકાશને તથા દૃષ્ટિગોચર વિશ્વને બોલાવે છે, અને સચેતન પ્રાણીની રચનાઓને ઊર્ધ્વમાં તેમના પરમ લક્ષ્ય પ્રત્યે ઝડપી ગતિ કરાવે છે. બ્રહ્મણસ્પતિની આ સર્જનાત્મક બાજુમાંથી પાછળના બ્રહ્માનો—સ્રષ્ટાનો ખ્યાલ ઉદ્ભવ પામ્યો.

બ્રહ્મણસ્પતિની રચનાઓની ઊર્ધ્વગતિ માટે રુદ્ર શકિત પૂરી પાડે છે. વેદમાં તેને સ્વર્ગનો મહાન દેવ કહેવામાં આવ્યો છે; પણ તે પોતાના કાર્યનો પ્રારંભ પૃથ્વી પર કરે છે, અને આપણા આરોહણની પાંચ ભૂમિકાઓ પર યજ્ઞને અસરકારક બનાવે છે. સચેતન પ્રાણીની ઉત્ક્રાંતિને ઊર્ધ્વમાં લઈ જનાર તે રુદ્ર—ઉગ્ર દેવ છે; તેની શકિત પાપ સાથે યુદ્ધ કરે છે, પાપીને તથા શત્રુને હણે છે; તે ન્યૂનતાને અને સ્ખલનોને સહન કરતો નથી; બધા દેવોમાં તે સૌથી વધારે ભયંકર છે; વૈદિક ઋષિઓને તેની એકલાની સાચી બીક છે. પુરાણોમાંના

સ્કંદના પ્રતિનિધિરૂપ, અગ્નિ, કુમાર, પૃથ્વી પર, આ રુદ્રની શકિતનો પુત્ર છે. મરુતો—બળ વડે પોતાને માટે પ્રકાશને પ્રાપ્ત કરતી પ્રાણિક શકિતઓ, રુદ્રનાં સંતાનો છે. રુદ્રના, પ્રથમ, પૃથ્વી પરના અસ્પષ્ટતામય સર્જનના, પ્રકાશયુકત લોકોમાં—વિચારના સ્વર્ગમાં જવા માટેના, ઉગ્ર સંઘર્ષમાં અગ્નિ અને મરુતો નેતાઓ છે. પણ બધી ન્યૂન રચનાઓને તથા બાહ્ય-આંતર જીવનની ઊણપોને તોડી-ફોડી નાખનાર, આ ભીષણ મહાન રુદ્રની એક બીજી વધારે કલ્યાણમય બાજુ પણ છે. તે મહાન સ્વાસ્થ્ય-દાતા છે. વિરોધ કરવામાં આવે, તો તે નાશ કરે છે; મદદ માટે પ્રાર્થના દ્વારા પ્રસન્ન કરાય, તો તે બધા ઘાને, બધાં અનિષ્ટોને બધાં દુ:ખોને રુઝવે છે—શમાવે છે. યુદ્ધશકિત તેની દેણ છે; પણ આખરી શાન્તિ અને આનંદ પણ તેની દેણ છે. વૈદિક દેવની આ બધી બાજુઓમાં પુરાણના શિવના—રુદ્રના વિકાસ માટે જરૂરી બધી પ્રાથમિક વસ્તુસામગ્રી ભરી પડી છે. પૌરાણિક શિવ સંહારક અને સ્વાસ્થ્યદાતા છે, કલ્યાણકારી અને ભીષણ છે, લોકોમાં કાર્ય કરતી શકિતના સ્વામી છે, અને પરમ મુકિત તથા શાંતિને ભોગવનાર યોગી છે.

બ્રહ્મણસ્પતિના શબ્દની રચનાઓ માટે તથા રુદ્રની શકિતનાં કાર્યો માટે, વિષ્ણુ જરૂરી સ્થિર તત્ત્વો પૂરાં પાડે છે—અવકાશ, લોકોની વ્યવસ્થિત ગતિ, આરોહણ કરતી ભૂમિકાઓ, ઉચ્ચતમ લક્ષ્ય. તે ત્રણ પગલાં ભરે છે, અને તે પગલાંથી ઉત્પન્ન થયેલા અવકાશમાં બધા લોકોને સ્થાપિત કરે છે. સર્વવ્યાપક તે આ લોકોમાં રહે છે, અને દેવોનાં કાર્યો તથા ગતિઓ માટે જરૂરી ઓછી-વત્તી જગ્યા આપે છે. જ્યારે ઇન્દ્ર વૃત્રને મારે છે, ત્યારે પ્રથમ તે વિષ્ણુને —મહાન સંઘર્ષમાં પોતાના સાથીદાર મિત્રને પ્રાર્થના કરે છે (૧, ૨૨, ૧૯) "હે વિષ્ણુ, તારી ગતિમાં, સંપૂર્ણ વિશાળતા વડે, પગલાં ભર" (૪, ૧૮, ૧૧); અને તે વિશાળતામાં તે આવરણ કરનાર—મર્યાદા રચનાર વૃત્રનો સંહાર કરે છે. વિષ્ણુનું પરમ પગલું, તેનું ઉચ્ચતમ ધામ તે આનંદનો તથા પ્રકાશનો ત્રિવિધ લોક છે (परमं पदम्), જેને વિદ્વાનો આકાશમાં વિસ્તરેલા, દર્શનાના પ્રકાશયુકત ચક્ષુ રૂપે જુએ છે (૧, ૨૨, ૨૦); વિષ્ણુનું આ ઉચ્ચતમ પદ વૈદિક યાત્રાનું લક્ષ્ય છે. અહીં પણ વેદના વિષ્ણુ પુરાણના નારાયણના—રક્ષક તથા પ્રેમના સ્વામીના સ્વાભાવિક પુરોગામી અને પર્યાપ્ત ઉદ્‌ભવ-સ્થાન છે.

વેદનો મૌલિક ખ્યાલ પુરાણોની પરમ ત્રિમૂર્તિની ગોઠવણીને તથા નાના દેવોના ક્રમને ટેકો નથી આપતો. વૈદિક ઋષિઓને મન એક જ વિશ્વનો પરમાત્મા હતો, અને વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મણસ્પતિ, અગ્નિ, ઇન્દ્ર, વાયુ, મિત્ર, વરુણ-બધા તેનાં એકસરખાં રૂપો અને વૈશ્વિક દૃશ્યો હતા. તેમનો દરેક દેવ સંપૂર્ણ દેવ છે, અને પોતામાં બીજા દેવોનો સમાવેશ કરે છે. ઋચાઓમાં

અસ્પષ્ટ અને અવ્યાખ્યાત રહેલા, કેટલીક વાર નપુંસક લિંગના तत् વડે સૂચિત કરાયેલા એક માત્ર સત્‌ના વિચારને પાછળથી ઉપનિષદોએ એક માત્ર પરમાત્મા રૂપે પૂર્ણ વિકસાવ્યો; બીજા દેવો યજ્ઞપરક અર્થમાં મર્યાદિત હતા, અને વિકાસ પામતા પુરાણશાસ્ત્રને દેવોની માનવીય અથવા અંગત બાજુઓ પર વધારે કે ઓછો ભાર મૂકવાની જરૂર હતી; તેને કારણે કેટલાક દેવોને ગૌણ બનાવી દેવામાં આવ્યા, અને વેદમાં ઓછાં વપરાયેલાં પણ વધારે સામાન્ય નામોને તથા રૂપોને—બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

દીર્ઘતમસ્ ઔચથ્યે રચેલા, સર્વવ્યાપક વિષ્ણુને ઉદ્દેશાયેલા, આ સૂકતમાં વિષ્ણુની અર્થપૂર્ણ ક્રિયાની—વિષ્ણુનાં ત્રણ પગલાંની મહત્તાની સ્તુતિ કરવામાં આવી છે. આપણે પાછળનાં પુરાણશાસ્ત્રોના ખ્યાલોને આપણા મગજમાંથી દૂર મૂકી દેવા જોઈએ. આપણે વામન વિષ્ણુના, બલિ દૈત્યરાજના, પૃથ્વી સ્વર્ગ-પાતાળના અંધકારમય પ્રદેશના ખ્યાલો સાથે અહીં કોઈ નિસ્બત નથી. દીર્ઘતમસે પોતે વેદમાં વિષ્ણુનાં ત્રણ પગલાંને વર્ણવ્યાં છે—પૃથ્વી, આકાશ અને ત્રિવિધ તત્ત્વ (त्रिधातु). સ્વર્ગથી પર, અથવા તેનાથી પર રહેલી ઉચ્ચતમ ભૂમિકા—આ ત્રિધાતુ—તત્ત્વ સર્વવ્યાપક વિષ્ણુ પરમ પગલું અથવા પરમ ધામ છે (नाकस्य पृष्ठे—૧, ૧૨૫, ૫).

વિષ્ણુ વિશાળ ગતિવાળા છે. ઈશોપનિષદ્‌માં કહ્યું છે તેમ, તે બહાર વિચરવા લાગ્યા છે (स पर्यगात्), ઋષિ તરીકે, વિચારક તરીકે, અને રૂપોનું નિર્માણ કરનારા તરીકે—એમ ત્રણ રીતે પોતાને વિસ્તરી રહ્યા છે; અને તે પણ પાર-ચેતન આનંદમાં, મનના સ્વર્લોકમાં, શારીરિક ચેતનાની પૃથ્વીમાં—त्रेधा विचक्रमाणः । તેમણે માપેલાં ત્રણ પગલાંમાં તેમણે બધા વિસ્તારવાળા પાર્થિવ લોકોની રચના કરી છે; કારણ કે વૈદિક વિચાર અનુસાર, આપણે જેમાં રહીએ છીએ તે ભૌતિક જગત અનેક પગલાંમાંનું એક પગલું છે, કે જે પરનાં પ્રાણિક તથા માનસિક જગતો પ્રત્યે આપણને દોરી જાય છે અને તેમને ટેકવી રહ્યું છે. તે પગલાંમાં તે પૃથ્વીનો અને અંતરિક્ષનો ટેકો લે છે—ભૌતિક પૃથ્વીનો, ક્રિયાશીલ પ્રાણ-તત્ત્વના સ્વામી, વાયુના પ્રાણિક પ્રદેશોનો, ત્રિવિધ સ્વર્ગનો અને તેનાં ત્રણ પ્રકાશયુકત શિખરોનો (त्रीणि रोचना). ઋષિ આ સ્વર્ગોને પરિપૂર્ણતાનાં ઉચ્ચતર ધામો તરીકે વર્ણવે છે. સચેતન પ્રાણીના ક્રમિક આત્મ-વિકાસમાં પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ ત્રણ સ્થાનો છે (त्रिषधस्थ—૧, ૧૫૬, ૫)—પૃથ્વી નીચલું પદ, અંતરિક્ષ વચલું પદ અને સ્વર્ગ ઉચ્ચતર પદ. વિષ્ણુની ત્રિવિધ ગતિમાં આ ત્રણેયનો સમાવેશ થાય છે.

પણ આથી અધિક પણ છે; એક એવો લોક છે કે જ્યાં આત્માની પરિપૂર્ણતા પ્રગટે છે, તે વિષ્ણુનું પરમ પદ છે. બીજી ઋચામાં ઋષિ તેનો

ઉલ્લેખ માત્ર 'તે' કહીને કરે છે. વિષ્ણુ તેમના ત્રીજા પગલામાં ગતિ કરીને, પોતાના દિવ્ય બળ વડે તેને દૃઢતાપૂર્વક સ્થાપિત કરે છે—प्रस्तवते । પછી વિષ્ણુનું વર્ણન એવી ભાષામાં કરવામાં આવ્યું છે કે જાણે ભીષણ રુદ્ર સાથે તેમનું તાત્ત્વિક તાદાત્મ્ય ન હોય—વિશ્વોનો ભયંકર જોખમકારક સિંહ, કે જે વિકાસ-ક્રમમાં પશુપતિ તરીકે શરૂઆત કરે છે, અસ્તિત્વના અદ્રિ ઉપર ગતિ કરે છે કે જ્યાં તે વાસ કરે છે, ખૂબ કઠિન અને દુષ્પ્રાપ સ્થાનોમાં વિચરે છે, અને છેવટે અદ્રિનાં શિખરો પર સ્થિતિ કરે છે. આમ વિષ્ણુની ત્રણ વિશાળ ગતિઓમાં, પાંચેય લોકો અને તેમાંનાં પ્રાણીઓને નિવાસસ્થાન મળે છે. પૃથ્વી, સ્વર્ગ અને આનંદનો 'તે' લોક—આ ત્રણ તેમનાં પગલાં છે. પૃથ્વી તથા સ્વર્ગની વચ્ચે અંતરિક્ષ—પ્રાણિક લોક છે (તેનો અક્ષરાર્થ થાય છે —વચગાળાનો પ્રદેશ). સ્વર્ગ અને આનંદ-લોકની વચ્ચે એક બીજું વિશાળ અંતરિક્ષ છે; તે મહર્લોક છે, વસ્તુઓનાં પાર-ચેતન ઋતનો લોક છે.

માનવની શકિતએ તથા વિચારે—રુદ્રમાંથી પ્રગટતી શકિતએ તથા શબ્દના જંસનાત્મક સ્વામી બ્રહ્મણસ્પતિમાંથી પ્રગટતા વિચારે આ વિષ્ણુ પ્રત્યેની મહાન યાત્રામાં આગળ ધપવાનું છે, કે જે વિષ્ણુ અદ્રિના શિખર ઉપર, ધ્યેય—લક્ષ્ય તરીકે ઊભા છે. આ વિશાળ વૈશ્વિક ગતિ તેમની છે; તે લોકોના વૃષભ છે કે જે વિચારની બધી ગાયોને તથા શકિતના બધા ગણને માણે છે-તેમનામાં બીજારોપણ કરે છે. તે મહાન અનંતનાં માત્ર ત્રણ પગલાંએ આપણી સિદ્ધિના દૂર-સુદૂર વિસ્તૃત અવકાશને, મહાન યજ્ઞની ત્રિવિધ વેદિની પેઠે, માપી લીધું છે, રચના કરી છે.

તે ત્રણેય લોકો અસ્તિત્વના મધુરસથી—સોમથી પરિપૂર્ણ છે. તે સર્વને વિષ્ણુ પોતાના અસ્તિત્વના દિવ્ય આનંદથી સભર ભરી દે છે. તેના વડે તેઓ સદાકાળ ટકી રહે છે, અને ક્ષીણ થતા નથી કે નાશ પામતા નથી; પણ તેમની સ્વાભાવિક ગતિની આત્મ-સંવાદમયતા વડે તેમને હમેશાં અક્ષીણ આનંદ—વિશાળ, મર્યાદા-રહિત અસ્તિત્વનો અવિનાશી મદ મળતો રહે છે. વિષ્ણુ તે લોકોને અક્ષય રાખે છે, અવિનાશી રહે તે રીતે તેમનું રક્ષણ કરે છે. તે એક જ સત્ છે, દેવ છે, અને તે પોતાના અસ્તિત્વમાં ત્રિવિધ દિવ્ય તત્ત્વને ધારણ કરે છે—કે જે તત્ત્વને આપણે આનંદમય લોકમાં પ્રાપ્ત કરીએ છીએ; તે ત્રણ તત્ત્વો છે પૃથ્વી જ્યાં આપણો પાયો છે, સ્વર્ગ જેનો સ્પર્શ આપણે આપણામાં રહેલા મન-પુરુષ વડે કરીએ છીએ, અને આનંદ-લોક તે પાંચેય લોકોને ધારણ કરે છે. ત્રિધાતુ, અસ્તિત્વનું ત્રિવિધ વસ્તુ (સામગ્રી) અથવા ત્રિવિધ તત્ત્વ એ વેદાંતનું સચ્ચિદાનંદ છે; વેદની સામાન્ય ભાષામાં તે વસુ—પદાર્થતત્ત્વ છે, ઊર્જ્—અસ્તિત્વની પ્રચુર શકિત છે, પ્રિય અથવા

मयस्—આપણા અસ્તિત્વના તત્ત્વમાં રહેલો આનંદ છે—પ્રેમ છે. બધી વસ્તુઓ આ ત્રણ વડે બનેલી છે; જ્યારે આપણે યાત્રાના લક્ષ્યને પહોંચીએ છીએ, ત્યારે આપણને તે ત્રણ પરિપૂર્ણ માત્રામાં પ્રાપ્ત થાય છે.

તે લક્ષ્ય આનંદ છે, વિષ્ણુનું પરમ—ત્રીજું પગલું છે. ઋષિ ફરીથી तत् શબ્દ-અનિશ્ચિત અર્થવાળો શબ્દ વાપરે છે કે જે સૂચન અસ્પષ્ટ રીતે તેમણે પહેલાં કર્યું હતું; તે વિષ્ણુની ગતિનું લક્ષ્ય છે, આનંદ છે. પોતાના આરોહણમાં માનવ માટે તે આનંદ એક લોક છે, જેમાં તે દિવ્ય આનંદ ચાખે છે, અનંત ચેતનાની પૂર્ણ શકિતનો સ્વામી બને છે, પોતાના અનંત અસ્તિત્વનો સાક્ષાત્કાર કરે છે. ત્યાં અસ્તિત્વના મધુરસનો ઝરો છે—ઉચ્ચ ઉદ્‌ગમસ્થાન છે, કે જે મધુરસ વડે વિષ્ણુનાં ત્રણ પગલાં પરિપૂર્ણ છે. દેવત્વને શોધનારા જીવો તે લોકમાં મધુરતાના મદના આનંદને પૂર્ણ રીતે માણે છે. વિશાળ ગતિવાળા વિષ્ણુના પરમ પદમાં મધુરસનો ઝરો છે. દિવ્ય મધુરતાનું સ્રોત છે, કારણ કે ત્યાં અભીપ્સુ જીવોનો પરમ મિત્ર અને પ્રેમી, પરમાત્મા રહે છે; તે વિષ્ણુની સ્થિર પરિપૂર્ણ વાસ્તવિકતા છે, કે જેના પ્રત્યે વિશ્વમાં વિશાળ ગતિ કરી રહેલો દેવ આરોહણ કરે છે.

આ બે વિષ્ણુનાં રૂપ છે—એક અહીં ગતિ કરતો, અને બીજો ત્યાં સનાતન કામ માટે સ્થિર, આનંદ માણતો દેવ; આપણે આ લાંબી યાત્રાના લક્ષ્ય તરીકે, આ મહાન ઊર્ધ્વમાં કરાતી ગતિના ગંતવ્ય સ્થાન તરીકે, સચ્ચિદાનંદના ત્રિવિધ લોકની—એ બે વિષ્ણુઓના પરમ ધામની કામના કરીએ છીએ. સચેતન વિચારની, સચેતન શકિતની, અનેક શિંગડાંવાળી ગાયો ત્યાં ગતિ કરી રહી છે; તે તેમનું લક્ષ્ય છે, વિરામસ્થાન છે. તે વિશાળ ગતિવાળા વૃષભના, અનેક શિંગડાં-વાળી ગાયોના સ્વામીના—નેતાના પરમ લોકમાંથી—પદમાંથી આપણા ઉપર વિશાળ, પરિપૂર્ણ, અમર્યાદ પ્રકાશ રેલાય છે; સર્વ—વ્યાપક વિષ્ણુ વૈશ્વિક દેવ છે, પરાત્પર અસ્તિત્વનો સ્વામી છે, પરાત્પર આનંદનો પ્રભુ છે.

આનંદ તથા અમૃતત્વનો સ્વામી, સોમ

ઋગ્વેદ ૯, ૮૩

पवित्रं ते विततं ब्रह्मणस्पते प्रभुर्गात्राणि पर्येषि विश्वतः ।
अतप्ततनूर्न तदामो अश्नुते शृतास इद् वहन्तस्तत् समाशत ।।१।।

(૧) હે આત્માના પતિ, તારા શુદ્ધીકરણ માટે ગળણી વિશાળતાપૂર્વક વિસ્તૃત કરાઈ છે; પ્રાણીમાં પ્રગટ થઈને તું તેનાં ગાત્રોમાં બધે વ્યાપી જાય છે, અપરિપકવ, અગ્નિના તાપમાં શરીરને નહિ તપાવેલો માણસ આનંદને ચાખી શકતો નથી; અગ્નિની જવાળા વડે તૈયાર થયેલા માણસો જ તે આનંદને ધારણ કરવા તથા ચાખવા માટે સમર્થ બને છે.

तपोष्पवित्रं विततं दिवस्पदे शोचन्तो अस्य तन्तवो व्यस्थिरन् ।
अवन्त्यस्य पवीतारमाशवो दिवस्पृष्ठमधि तिष्ठन्ति चेतसा ।।२।।

(૨) દ્યુલોકના ધામમાં તેની ઉષ્માને પવિત્ર કરનાર ગળણી વિસ્તૃત કરાઈ છે; તેના તંતુઓ પ્રકાશે છે અને વિસ્તરે છે. તેને પાવન બનાવનાર આત્માને તેના વેગયુકત આનંદો પુષ્ટ કરે છે; તે આનંદો સચેતન હૃદય વડે દ્યુલોકના ઉચ્ચ શિખર ઉપર સ્થિત કરે છે.

अरूरुचदुषसः पृश्निरग्रिय उक्षा बिभर्ति भुवनानि वाजयुः ।
मायाविनो ममिरे अस्य मायया नृचक्षसः पितरो गर्भमादधुः ।।३।।

(૩) આ પરમ પચરંગી વૃષભે ઉષાઓને પ્રકાશિત કરી, પ્રાચુર્યને શોધતો તે ભુવનોને ધારણ કરે છે; તેના જ્ઞાનની શકિત વડે, રચના કરનાર જ્ઞાનવાળા પિતૃઓએ તેના રૂપનું નિર્માણ કર્યું; બળવાન દર્શનાશકિતવાળા તેમણે તેને ગર્ભ તરીકે ધારણ કર્યો.

गन्धर्व इत्था पदमस्य रक्षति पाति देवानां जनिमान्यद्भुतः ।
गृभ्णाति रिपुं निधया निधापतिः सुकृत्तमा मधुनो भक्षमाशत ।।४।।

(૪) ગંધર્વ પેઠે તે પોતાના સાચા ધામનું રક્ષણ કરે છે; પરમ અદ્‌ભુત તરીકે તે દેવોના જન્મોનું રક્ષણ કરે છે આંતર રચનાનો પતિ તે આંતર રચના વડે શત્રુને પકડે છે; કાર્યોમાં પરિપૂર્ણ બનેલા લોકો તેના મધુનો સ્વાદ ચાખે છે–માણે છે.

हविर्हविष्मो महि सद्म दैव्यं नभो वसानः परि यास्यध्वरम् ।
राजा पवित्ररथो वाजमारुहः सहस्रभृष्टिर्जयसिश्रवो बृहत् ।।५।।

(૫) હે હવિવાળા, તારામાં દિવ્ય હવિ છે; તું વિશાળ દિવ્ય ઘર છે; આકાશ રૂપી વસ્ત્રને ધારણ કરતો તું યજ્ઞની ગતિને વ્યાપે છે. ગળણી રૂપી રથવાળો રાજા એવો તું, પ્રાચુર્ય પર આરોહણ કરે છે; હજારો જાજવલ્યમાન પ્રકાશોવાળો તું મહાન જ્ઞાનનો જય કરે છે.

ભાષ્ય

વૈદિક સૂકતોનું એક નોંધપાત્ર તાત્ત્વિક લક્ષણ છે કે વૈદિક ધર્મમાન્યતા આધુનિક અર્થમાં એકેશ્વરવાદી નથી, છતાં તેનાં સતત રીતે, કેટલીક વાર ખુલ્લી સરળતાપૂર્વક તો કેટલીક વાર સંકુલ અને જટિલ રીતે, એક વિચાર પાયામાં જણાઈ આવે છે, અને તે એ કે ઋષિઓ વડે આવાહન કરાયેલા બધા દેવો ખરી રીતે એક જ પરમ દેવ છે–એક પરમાત્મા છે, જેનાં અનેક નામો છે, જે અનેક રૂપોમાં પ્રગટ થયા છે, જે માણસ પાસે અનેક દિવ્ય વ્યકિતત્વોનો અંચળો ઓઢીને આવે છે. આ વલણ ભારતીય મન માટે કોઈ મુશ્કેલી ઊભી નથી કરતું, પણ પાશ્ચાત્ય વિદ્વાનો તેથી ગૂંચવાય છે; અને તેથી તેને સમજાવવા માટે તેમણે એક વૈદિક હેનોથિઝમનો સિદ્ધાંત શોધી કાઢયો છે. તેઓની માન્યતા એવી હતી કે વૈદિક ઋષિઓ અનેકેશ્વરવાદી હતા, પણ જુદા જુદા દેવોની પ્રાર્થના કરતી વખતે, તે દરેક દેવને મુખ્યતા અર્પતા, એક પ્રકારે તેને જ પરમ દેવ માનતા. આ સિદ્ધાંત તેમણે ખોળી કાઢયો છે, કારણ કે પરદેશી લોકોને એ ભારતીય વિચાર પરિચિત ન હતો. ભારતીયો માટે એક જ દિવ્ય સત્ અનેક નામોમાં અને રૂપોમાં પ્રગટ થાય છે, અને પૂજક માટે તે નામ અને તે રૂપ જ એક પરમાત્મ–દેવ છે, પુરાણોના પાયારૂપ એક પરમેશ્વરના ખ્યાલથી વૈદિક પૂર્વજો અનભિજ્ઞ ન હતા.

વેદમાં બીજ રૂપે બ્રહ્મનો વેદાન્તિક ખ્યાલ રહેલો છે. ઋષિઓ એક અજ્ઞેય, કાલાતીત સત્‌માં માનતા, જે આજે પણ નથી અને કાલે પણ નથી, જે દેવોની ગતિમાં ગતિ કરી રહ્યું છે, પણ મન વડે જ્યારે તેને ગ્રહણ કરવાનો પ્રયત્ન થાય છે ત્યારે અદૃશ્ય થઈ જાય છે (૧, ૧૭૦, ૧). ઘણી વાર નપુંસક

'तत्' વડે તેનો નિર્દેશ કરવામાં આવે છે, અને અમૃત સાથે તેનું તાદાત્મ્ય કરવામાં આવે છે, માનવ પ્રાણી જેની અભીપ્સા કરે છે તે, વિશાળ આનંદ સાથે–પરમ ત્રિવિધ તત્ત્વ સાથે તેનો અભેદ કરવામાં આવે છે. બ્રહ્મ અગતિમાન છે, દેવો સાથે એકરૂપ છે. તે અગતિમાન, વિશાળ તરીકે, અદિતિ ગાયના ધામમાં જન્મે છે; તે વિશાળ એક છે, દેવોનો મહિમા છે (૩, ૫૫, ૧). ઋષિઓ એક જ સત્‌ને ઈન્દ્ર, માતરિશ્વા, અગ્નિ–એમ જુદાં જુદાં નામ આપે છે (૧, ૧૬૪, ૪૬).

આ નપુંસક લિંગમાં ઉલ્લેખ કરાયેલું, બ્રહ્મ, એક સત્ પરમ દેવ તરીકે, વસ્તુઓના પિતા તરીકે વર્ણવાયું છે; તે માનવ આત્મામાં પુત્ર રૂપે પ્રગટ થાય છે. તે આનંદમય છે, જેના પ્રત્યે દેવોની ગતિ આરોહણ કરે છે; તે એકીસાથે પુરુષ તથા સ્ત્રી છે—વૃષભ અને ધેનુ. દરેક દેવ તે એક પરમ દેવનો આવિર્ભાવ છે, બાજુ છે, વ્યકિતત્વ છે. તેના નામ રૂપોમાંથી ગમે તે દ્વારા—અગ્નિ દ્વારા, ઈન્દ્ર દ્વારા, સોમ દ્વારા તેનો સાક્ષાત્કાર થઈ શકે છે, કારણ કે દરેક દેવમાં પરમાત્મા સંપૂર્ણપણે સમાવિષ્ટ છે, માત્ર તેના મુખ કે બાજુ દ્વારા તે બીજા દેવોથી ભિન્ન આપણને દેખાય છે, પણ તેનામાં બધા દેવો સમાયેલા છે.

આ રીતે અગ્નિને એક સૂકતમાં પરમ વૈશ્વિક દેવ કહેવામાં આવ્યો છે. 'હે અગ્નિ, જ્યારે તું જન્મે છે ત્યારે તું વરુણ છે; જ્યારે તને સંપૂર્ણપણે પ્રજ્વલિત કરવામાં આવે છે ત્યારે તું મિત્ર છે; તારામાં બધા દેવો સમાયેલા છે. 'હે શકિતના—બળના પુત્ર, યજ્ઞ કરનાર મર્ત્ય માટે તું ઈન્દ્ર છે. જ્યારે તું કન્યાઓના ગૂઢ નામને ધારણ કરે છે, ત્યારે તું અર્યમા બની જાય છે. જ્યારે તું ગૃહપતિને અને તેની પત્નીને એક મનવાળાં કરે છે, ત્યારે તે કન્યાઓ તને, સુસ્થાપિત મિત્ર તરીકે, તેજોથી (गोभिः) પ્રકાશિત કરે છે. હે રુદ્ર, મરુતો તેમના દબાણ વડે તારા તેજોમય વિવિધ જન્મને પ્રકાશિત કરે છે. વિષ્ણુના પરમ પદ વડે તું પ્રકાશોના (गोनाम्) ગૂઢ નામનું રક્ષણ કરે છે. હે દેવ, તારા યશ વડે દેવો યોગ્ય દર્શનાને પ્રાપ્ત કરે છે, અને પોતામાં વિશાળ બહુવિધ આવિર્ભાવને ધારણ કરતા તેઓ અમૃતના સ્વાદને માણે છે. જ્યારે માણસો અમૃતત્વની કામના કરતા, પોતાના અસ્તિત્વના આત્મ-પ્રગટીકરણને દેવોમાં વહેંચે છે, ત્યારે તેઓ અગ્નિને યજ્ઞના પુરોહિત તરીકે પોતામાં સ્થાપે છે. હે બળના પુત્ર, તારા જ્ઞાન વડે તું પિતાને નિર્મુકત કર, પાપોને તથા અંધકારને દૂર કર--કે જે પિતાને અમારામાં પુત્ર તરીકે લાવવામાં આવે છે' (૫, ૩), વામદેવ ઈન્દ્રની પણ તે જ પ્રકારે સ્તુતિ કરે છે. નવમા મંડળના આ ૮૩ મા સૂકતમાં, તથા બીજાં સૂકતોમાં પણ, સોમને તેનાં બીજાં કાર્યો બાજુએ રાખીને, પરમ દેવ તરીકે વર્ણવવામાં આવ્યો છે.

સોમ આનંદના રસનો–અમૃતના રસનો સ્વામી છે. અગ્નિની પેઠે, તે પણ પૃથ્વીની વૃદ્ધિઓમાં (ઔષધિઓમાં) તથા જળોમાં રહેલો છે. યજ્ઞમાં વપરાતો સોમરસ આ આંતર આનંદ–રસનું, પ્રતીક છે. તેને પથ્થરો (અદ્રિ, ગ્રાવા) વડે પીસીને કાઢવામાં આવે છે, અને તેને વજ્ર સાથે–ઇન્દ્રની વિદ્યુત્ શકિતના રૂપ સાથે સંબંધ છે; વજ્રને પણ વેદમાં અદ્રિ કહેવામાં આવ્યું છે. વેદમાં જેમ ઇન્દ્રના આયુધના પ્રકાશ તથા ગર્જનનું વર્ણન આવે છે, તેમ આ સોમરસ પીસવાના અદ્રિનાં પ્રકાશમય ગર્જનોનું પણ વર્ણન આવે છે. એક વાર અસ્તિત્વના આનંદ તરીકે તેને પીસીને બહાર કાઢવામાં આવે, એટલે તેને ગળણીમાં (पवित्र) ગાળીને શુદ્ધ કરવામાં આવે છે; ગળાયા પછી શુદ્ધ થયેલો સોમરસ, તેની પવિત્રતામાં, સોમપાત્રમાં (चमू) રેડવામાં આવે છે, પછી તેને યજ્ઞમાં લાવવામાં આવે છે, અથવા ઇન્દ્રને પીવા માટે કળશમાં રાખવામાં આવે છે. કેટલીક વાર ચમૂના અથવા કળશના રૂપકની ઉપેક્ષા કરવામાં આવે છે, અને સોમરસને દેવોનાં આસનો પ્રત્યે–અમૃતત્વના ઘર પ્રત્યે, આનંદની નદી રૂપે વહેતો વર્ણવવામાં આવ્યો છે. નવમા મંડળનાં બધાં સૂકતો સોમને ઉદ્દેશીને રચાયાં છે, તેમાંનાં ઘણાં સૂકતોમાંથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ બધી વસ્તુઓ રૂપકો છે. દાખલા તરીકે, અહીં માનવ પ્રાણીના શરીરને કળશ કહેવામાં આવ્યો છે, અને સોમરસને ગળવાની ગળણીને દ્યુલોકના ધામમાં (दिवस्पदे) વિસ્તરેલી વર્ણવાઈ છે.

સૂકતના પ્રારંભમાં સોમરસને ગાળવાની તથા કળશમાં રેડવાની ભૌતિક ઘટનાઓ વર્ણવવામાં આવી છે. દ્યુલોકના ધામમાં વિસ્તરેલી ગળણી એ જ્ઞાન (चेतस्) વડે પ્રકાશિત થયેલું મન છે, શરીર એ કળશ છે. पवित्रं ते विततं ब्रह्मणस्पते, આત્માના પતિ, તારે માટે ગળણીને વિશાળતાપૂર્વક વિસ્તરવામાં આવી છે; प्रभुर्गात्राणि पर्येषि विश्वतः, પ્રગટ થઈને તું સર્વત્ર ગાત્રોને વ્યાપી જાય છે. અહીં સોમને બ્રહ્મણસ્પતિ તરીકે સંબોધન કરવામાં આવ્યું છે, કેટલીક વાર તેનો પ્રયોગ બીજા દેવો માટે કરવામાં આવે છે, પણ મોટે ભાગે તો તે સર્જનાત્મક શબ્દના સ્વામી બૃહસ્પતિ માટે વાપરવામાં આવે છે. વેદમાં બ્રહ્મ આત્મા અથવા વસ્તુઓના હૃદયમાંથી પ્રગટ થતી આત્મ-ચેતના છે; પણ મોટે ભાગે તે પ્રેરણાયુકત, સર્જનાત્મક, ગૂઢ ઋતથી પરીપૂર્ણ, વિચાર છે કે જે આત્મ-ચેતનામાંથી પ્રગટ થાય છે અને મનનો વિચાર બની જાય છે (मन्म). પણ અહીં તેનો અર્થ આત્મા જ છે. આનંદનો સ્વામી સોમ સત્ય સ્રષ્ટા છે, કે જે આત્મા પર સ્વામિત્વ ધરાવે છે અને તેમાંથી દિવ્ય સર્જન પ્રગટ કરે છે. તેને માટે પ્રકાશિત મન-હૃદયને પવિત્રીકરણ કરનાર સાધનરૂપ બનાવાયાં છે; તેમાં ચેતનાને સર્વ સંકુચિતતામાંથી તથા દ્વંદ્વમયતામાંથી નિર્મુકત કરવામાં આવી

છે, અને તેને ઇન્દ્રિય-જીવનના તથા મનોમય જીવનના પૂર્ણ પ્રવાહને ઝીલી, તેને સત્ય અસ્તિત્વના દિવ્ય વિશુદ્ધ, અમર આનંદમાં પલ્ટી નાખવા માટે વિશાળતાપૂર્વક વિસ્તરવમાં આવી છે.

એ રીતે ગળાયેળો આનંદમાં પલ્ટાઈ ગયેલો, જીવનનો સોમરસ માનવ શરીરનાં બધાં અંગોમાં વહી આવે છે-રેલાય છે—જાણે કે તે કળશમાં ન રેડાતો હોય, અને પૂર્ણ રીતે તે બધાં ગાત્રોમાં પ્રસરી જાય છે. જેમ માણસનો દેહ કોઈ જલદ તીવ્ર દારૂના સ્પર્શથી મદયુકત બની જાય છે, તેમ આ દિવ્ય આનંદના સ્પર્શથી શરીર ઉત્કટ હર્ષથી સભર ભરાઈ જાય છે. વેદમાં प्रभु અને विभु શબ્દો, પાછળના સમયની પેઠે, સ્વામીના અર્થમાં નથી વપરાતા, પણ प्रचेतस् અને विचेतस्ની પેઠે, અથવા પાછળની ભાષામાં વપરાયેલા प्रज्ञान અને विज्ञान શબ્દોની પેઠે નિશ્ચિત માનસશાસ્ત્રીય અર્થમાં વપરાય છે. विभु એટલે વ્યાપક રીતે અસ્તિત્વમાં પ્રગટનાર; प्रभु એટલે ચેતનાના અગ્રભાગમાં અમુક બિંદુએ, અમુક પદાર્થ કે અનુભૂતિ રૂપે અસ્તિત્વમાં પ્રગટનાર સોમ ગળણીમાંથી કળશમાં આવે છે; તે અમુક ખાસ બિંદુ પર એકાગ્ર થયેલી ચેતનામાં ઉદય પામે છે (प्रभु), અથવા અમુક અનુભૂતિ રૂપે પ્રગટ થઈને તે આનંદ રૂપે સમગ્ર અસ્તિત્વમાં વ્યાપી જાય છે (विभु).

પણ દરેક આધાર આ દિવ્ય આનંદના ઉત્કટ અને બળવાન વેગને ઝીલી શકતો નથી, ધારણ કરી શકતો નથી, अतप्ततनुर्न तदामो अश्नुते, शृतास इद् वहन्तः तत् समाशत—અગ્નિમાં તપેલા માણસો જ તેને ધારણ કરી શકે છે, તેને માણી શકે છે. દિવ્ય જીવનનો સોમરસ આધારમાં રેલાય છે, તે જલદ જોસપૂર્વક પ્રસરતો, ઉત્કટ આનંદ હોય છે, જેના આધારમાં તપના, દુઃખના, અનુભૂતિના અગ્નિઓએ પ્રબળ સહનશકિત પેદા કરી હોતી નથી, તેવા લોકો તે આનંદને ધારણ કરી શકતા નથી. ભઠ્ઠીની અગ્નિમાં નહિ તપાવેલું પાત્ર—કાચો આધાર સોમરસને ઝીલી શકતો નથી; તે પાત્ર ભાંગી જાય છે, અને મૂલ્યવાન સોમરસ ઢોળાઈ જાય છે. આ આનંદના જલદ સોમરસનું પાન કરનાર માણસનો આધાર જીવનના વેદનામય, દુઃખમય અગ્નિઓના તાપમાંથી વિજયી રીતે પસાર થયેલો હોવો જોઈએ, અને સોમરસની ગૂઢ ઉષ્માઓ માટે તૈયાર થયેલો હોવો જોઈએ; નહિ તો તેનું સચેતન અસ્તિત્વ તેને ધારણ કરી શકશે નહિ; તેને ચાખ્યા પહેલાં અથવા પ્રાપ્ત કર્યા પહેલાં તે ઢોળાઈ જશે, અથવા તે માણસ તે આનંદરસને ગુમાવી બેસશે; તેના સ્પર્શથી તે માનસિક રીતે તથા શારીરિક રીતે ભાંગી પડશે.

આ જલદ અગ્નિમય સોમરસને ગળવો પડે છે, શુદ્ધ કરવો પડે, છે; તેને માટે દ્યુલોકના પદમાં ગળણી વિસ્તરાઈ છે—तपोष्पवित्रं विततं दिवस्पदे;

તેના તંતુઓ શુદ્ધ પ્રકાશના બનેલા છે, કિરણો પેઠે પ્રકાશે છે–शोचस्तो अस्य तन्तवो व्युस्थिरन् । એ તંતુઓમાં થઈને સોમરસે રેલાવાનું રહે છે. સ્પષ્ટ રીતે આ રૂપક વિશુદ્ધ માનસિક તથા ઊર્મિમય ચેતના, સચેતન હૃદય (चेतः) સૂચવે છે, જેના વિચારો તથા લાગણીઓ તે તંતુઓ છે. દ્યુલોક વિશુદ્ધ માનસિક તત્ત્વ છે, કે જે જ્ઞાનતંતુઓના તથા શરીરનાં પ્રતિકાર્યોને વશ વર્તતું નથી. શારીરિક તથા પ્રાણિક ચેતનાથી ભિન્ન, શુદ્ધ માનસિક ચેતનામાં (દ્યુલોકમાં) વિચારો તથા લાગણીઓ આપણે અત્યારે અનુભવીએ છીએ તેવાં અસ્પષ્ટ માનસિક-ઊર્મિમય-સંવેદનામય પ્રતિકાર્યો નથી હોતાં, પણ તે સત્ય દર્શનાનાં અને સુખમય ચૈત્ય-આકંપનોનાં વિશુદ્ધ કિરણો બની જાય છે. સંકુચિત, પોતાની જાતને દુઃખમાંથી તથા અનુભૂતિના આઘાતોની અતિશયતામાંથી બચાવવા પ્રયત્ન કરતી, કંપતી ચીજોમાંથી તે નિર્મુકત, બલિષ્ઠ, પ્રકાશયુકત સુખમય રીતે વિસ્તૃત વસ્તુઓ બનીને ઊભી રહે છે, અને વૈશ્વિક અસ્તિત્વના બધા શકય સંપર્કોને તે દિવ્ય આનંદમાં પરિણત કરે છે. તેથી, સોમરસને ગાળનાર ગળણીને दिवस्पदे—દ્યુલોકના પદમાં વિસ્તરેલી વર્ણવાઈ છે.

આ રીતે વિશુદ્ધ બનેલા અને સ્વીકારાયેલા, જલદ તીવ્ર રસો-સોમરસની ઝડપી માદક શકિતઓ મનને વિક્ષેપ નથી પહોંચાડતી, શરીરને ઈજા નથી કરતી, ઢોળાઈ નથી જતી, ગુમાવાઈ જતી નથી, પણ તેમને પવિત્ર બનાવનાર-ગાળનાર માણસનાં શરીર-મનને પુષ્ટ કરે છે, તેમનું સંવર્ધન કરે છે—अवस्त्यस्य पवीतारमाशवः । તેના માનસિક, ઊર્મિમય, સંવેદનામય, શારીરિક અસ્તિત્વમાં સર્વ આનંદનું સંવર્ધન કરતી, તે સોમરસની શકિતઓ તેની સાથે, તેના પવિત્ર કરાયેલા આનંદયુકત હૃદયમાં થઈને, દ્યુલોકના ઉચ્ચતમ શિખર પર આરોહણ કરે છે, અર્થાત્ પ્રકાશમય સ્વર્લોકમાં આરોહણ કરે છે, કે જ્યાં આંતર-પ્રેરણા આંતર-દર્શના, આંતર-પ્રગટીકરણ માટે સમર્થ બનેલું મન ઋતનાં તેજોમાં સ્નાન કરે છે. વિશાળ (बृहत्)ની અનંતતામાં મુકત બને છે—दिवस्पृष्ठमधि तिष्ठन्ति चेतसा ।

અત્યાર સુધી ઋષિએ સોમની તેના બિન-અંગત આવિર્ભાવ રૂપે, માનવ પ્રાણીની સચેતન અનુભૂતિમાં દિવ્ય અસ્તિત્વના આનંદ રૂપે, વાત કરી છે. વૈદિક ઋષિઓની ટેવ પ્રમાણે, હવે તે દિવ્ય આવિર્ભાવમાંથી દિવ્ય પુરુષનું વર્ણન કરવા તરફ વળે છે; અને સોમ એકદમ પરમ પુરુષ તરીકે, ઉચ્ચ વૈશ્વિક દેવ તરીકે પ્રગટ થાય છે. अरूरुचदुषसः पृश्निरग्रियः, પરમ, ટપકાં ટપકાંવાળા, તેણે ઉષાઓને પ્રકાશિત કરી છે; उक्षा बिभर्ति भुवनानि वाजयुः । પ્રાચુર્યને શોધતો, તે વૃષભ લોકોને ધારણ કરી રહ્યો છે. પૃશ્નિ, ટપકાં-ટપકાંવાળો–એ શબ્દ પરમ પુરુષ માટે-વૃષભ માટે પણ વપરાય છે, તેમજ સ્ત્રીશકિત—

ગાય માટે પણ વપરાય છે; વેદમાં બધા રંગવાચક શબ્દો, શ્વેત, શુક્ર, હરિ હરિત્, કૃષ્ણ, હિરણ્ય રૂપકમય છે; ગૂઢવાદી ઋષિઓની ભાષામાં વર્ણ—રંગ હમેશાં ગુણનો, સ્વભાવનો દ્યોતક છે. ટપકાં-ટપકાંવાળો, બહુરંગી વૃષભ એ તેના આવિભાવોની વિવિધતામાં દેવ-પરમાત્મા પોતે છે. સોમ પ્રથમ પરમ, પચરંગી વૃષભ છે, લોકોનો સ્રષ્ટા છે, કારણ કે આનંદમાંથી, પરમ આનંદ-મયમાંથી બધા લોકો પેદા થાય છે; આનંદ અસ્તિત્વની વિવિધતાઓનો જનક છે. ઉક્ષન્ છે, વૃષભ છે, વૃષન્ છે. તે શબ્દનો અર્થ થાય છે—બીજારોપણ કરતો, પેદા કરતો, પ્રસરણ કરતો, પ્રાચુર્યનો પિતા, પુરુષ; તે ચેતનાની શકિતમાં, ગાયમાં, પ્રકૃતિમાં બીજ મૂકે છે, અને પોતાના પ્રાચુર્યના પ્રવાહમાં લોકોને ઉત્પન્ન કરે છે, તેમને પ્રગટાવે છે. તે ઉષાઓને પ્રકાશિત કરે છે, સૂર્યની ગાયોના પ્રકાશિત ધણની માતાઓને, પ્રકાશની ઉષાઓને પ્રકાશયુકત બનાવે છે; તે પ્રાચુર્યને ખોજે—અર્થાત્ દિવ્ય આનંદની પૂર્વ-શરતરૂપ, અસ્તિત્વની-શકિતની ચેતનાની-દેવપ્રાચુર્યની પરિપૂર્ણતાને શોધે છે. બીજા શબ્દોમાં કહીએ, તો તે આનંદનો દેવ આપણને ઋતનાં તેજો તથા વિશાળનાં પ્રાચુર્યોને આપે છે, જેમના વડે આપણે અમૃતત્વને પ્રાપ્ત કરીએ છીએ.

ઋતને શોધી કાઢનાર પિતૃઓએ તેની માયાને—સર્જનાત્મક જ્ઞાનને પ્રાપ્ત કર્યું હતું, અને પરમ દેવની તે આદર્શમય ચેતના વડે, તેમણે માનવમાં તે દેવની પ્રતિકૃતિ રચી હતી; તેમણે માનવજાતિમાં પરમાત્માને હજી નહિ જન્મેલા પુત્ર રૂપે મૂકી આપ્યો હતો, માનવમાં રહેલા દેવના બીજ રૂપે મૂકી આપ્યો હતો, કે જે ગર્ભને માનવ ચેતનાના આવરણમાંથી જન્માવવાનો છે (मायाविनो ममिरे अस्य मायमा नृचक्षसः पितरो गर्भमा दधुः ।) પિતૃઓ તે વૈદિક ગૂઢવાદી-ઓના માર્ગને શોધી કાઢનારા, પ્રાચીન ઋષિઓ છે; હજી પણ તેઓ માનવજાતિનાં ભાગ્યો પર અધિષ્ઠાતા તરીકે આધ્યાત્મિક રીતે હાજર મનાય છે; તેઓ, દેવોની પેઠે, માનવ અમૃતત્વની પ્રાપ્તિ કરે તે કાર્યમાં તેને મદદ કરતા રહે છે. તેઓ બળવાન, દિવ્ય, દર્શનાને ઋતચેતનાને પ્રાપ્ત કરેલા ઋષિઓ છે (नृचक्षसः), કે જે ચેતના વડે તેઓ પણિઓ વડે સંતાડી રખાયેલી ગાયોને શોધી શકયા હતા અને માનસિક—શારીરિક ચેતના રૂપી આકાશ-પૃથ્વીની પાર જઈને, પારમાનસિક, વિશાળ, ઋતને તથા આનંદને મેળવી શકયા હતા (૧, ૩૬,૭; ૪, ૧, ૧૩ અને ૧૮; ૪, ૨, ૧૫ અને ૧૮ વગેરે).

સોમ આનંદ-ગણોનો સ્વામી, ગંધર્વ છે; તે દેવના પરમ ધામની, આનંદની ભૂમિકાની ચોકી કરે છે—गन्धर्व इत्था पदमस्य रक्षति । તે પરમ છે, બધાં ભૂતોથી પર—તેમનો અધિષ્ઠાતા છે, તેમનાથી ભિન્ન, અદ્ભુત છે; પરમ પરાત્પર તરીકે તે લોકોમાં હાજર છે, છતાં તેમનાથી પર છે—અધિક છે;

તે લોકોમાં તે દેવોના જન્મોનું રક્ષણ કરે છે—परि देवानां जनिमान्यदद्भुत: । વેદમાં 'દેવોના જન્મો' શબ્દ વારંવાર વપરાય છે, તેનો અર્થ થાય છે—વિશ્વમાં દિવ્ય તત્ત્વોનો આવિર્ભાવ, ખાસ કરીને માનવમાં દેવનાં અનેકવિધ રૂપોનું નિર્માણ. છેલ્લી ઋચામાં ઋષિ દેવની જન્મ લેવા માટે તૈયારી કરતા દિવ્ય શિશુ તરીકે, લોકમાં-માનવ ચેતનામાં અંતર્ભૂત થયેલા શિશુ તરીકે, વાત કરે છે. અહીં ઋષિ તેની પરાત્પર તરીકે, માનવમાં રચાયેલા આનંદના લોકના રક્ષક તરીકે, શત્રુઓના—ભેદમયતાની શકિતઓના-નિરાનંદની શકિતઓના આક્રમણ સામે (द्विष:, अराति:) તથા અદિવ્ય ગણો તથા તેમના અંધકારમય અસત્ય સર્જનાત્મક જ્ઞાનની રચનાઓ સામે—અવિદ્યા—ભ્રાન્તિની સામે (अदेवीर्माया:) પોતાના દિવ્ય જ્ઞાન વડે માનવમાં જન્મેલા દેવની રચનાઓ (રૂપો)ના રક્ષક તરીકે વર્ણન કરે છે.

કારણ કે તે આંતર ચેતનાના પાશમાં આ આ આક્રમણ કરનાર શત્રુઓને પકડે છે; ઇન્દ્રિયો અને ઉપરછલ્લું મન જે વિશ્વ-સત્યની ગોઠવણી તથા વિશ્વ-અનુભૂતિની ગોઠવણી કરે છે તેમનાં કરતાં ગહનતર અને વધારે સત્યમય વિશ્વ-સત્યની તથા વિશ્વ-અનુભૂતિની ગોઠવણીનો તે સ્વામી છે. આ આંતર ગોઠવણી વડે તે અસત્યની, અસ્પષ્ટમયતાની, ભેદમયતાની શકિતઓને પકડે છે, અને તેમને ઋતના-પ્રકાશના-ઐકયના નિયમને તાબે થવાની ફરજ પાડે છે—गृभ्णाति रिपुं नधमा मधापति: । એટલે આ આંતર પ્રકૃતિનું નિયમન કરતા, આનંદના સ્વામી વડે રક્ષાયેલા માણસો પોતાના વિચારોને તથા કર્મોને વધારે આંતરિક સત્ય તથા પ્રકાશને અનુરૂપ બનાવવા માટે સમર્થ થાય છે, અને બહારની વક્રતાની શકિતઓ વડે ઠોકરો ખાતા નથી; તેઓ ઋજુ ગતિ કરે છે, તેમની સર્વ ક્રિયાઓ સંપૂર્ણ રીતે પરિપૂર્ણ હોય છે; આ આંતર ક્રિયાના તથા બાહ્ય કર્મના સત્ય વડે તેઓ અસ્તિત્વની સમગ્ર મધુરતાને—મધુરસને—આત્માના ભોજનરૂપ આનંદને ચાખવા સમર્થ બને છે—सुकृत्तमा मधुनो भक्षमाशत ।

અહીં સોમ દિવ્ય ભોજ્ય તરીકે, આહુતિ તરીકે, આનંદના તથા અમૃતના રસ તરીકે (हवि:) પ્રગટ થાય છે; અને (हविष्म:) તે દિવ્ય હવિના સ્વામી તરીકે, વિશાળ દિવ્ય ધામની પેલે પારના દેવ તરીકે, પાર-ચેતન આનંદ અને ઋત તરીકે (बृहत्), તે પ્રગટ થાય છે, કે જ્યાંથી સોમરસ આપણા પ્રત્યે નીચે વહે છે. આનંદના મધુ તરીકે તે સર્વત્ર પ્રસરે છે, અને માનવના શારીરિકથી માંડીને તે પાર-ચેતન સુધી થતા વિકાસરૂપી યજ્ઞની મહાન ગતિમાં પ્રવેશ કરે છે. આકાશના વાદળને (नभ:)—માનસિક તત્ત્વને ઝભ્ભા તરીકે—આવરણ તરીકે ધારણ કરતો, તે સોમ તે મહાન ગતિમાં પ્રવેશ કરી તેને વ્યાપ્ત કરે

છે—हविर्हविष्मो महि सद्म दैव्यं नभो वसानः पर यासि अध्वरम् । દિવ્ય આનંદ માનસિક અનુભૂતિનાં રૂપોના પ્રકાશમય—વાદળમય આવરણને ધારણ કરીને આપણી પાસે આવે છે.

તે યજ્ઞમય આરોહણમાં—યાત્રામાં, સર્વ-આનંદમય દેવ આપણી સર્વ પ્રવૃત્તિઓનો રાજા બને છે; આપણા દિવ્યીભૂત સ્વભાવનો તથા તેની શકિત-ઓનો સ્વામી બને છે; અને પ્રકાશિત સચેતન હૃદય રૂપી રથમાં બેસીને, તે અનંત અમર સ્થિતિના પ્રાચુર્યમાં આરોહણ કરે છે. હજારો જાજ્વલ્યમાન શકિતઓથી વીંટળાયેલા સૂર્ય પેઠે—અગ્નિ પેઠે, તે પ્રેરણામય ઋતના વિશાળ પ્રદેશોને, પાર-ચેતન જ્ઞાનને જિતે છે—राजा पवित्ररथो वाजमारुहः सहसभृष्टिर्ज यसिश्रवो बृहत् । સૂર્ય સમાન શકિત તથા યશવાળા, વિશાળ પ્રદેશને જિતતા, વિજયી રાજાની ઉપમા અહીં સોમને આપવામાં આવી છે. તે વિશાળ ઋત-ચેતનામાં માનવ માટે અમૃતત્વને જિતે છે (श्रवस्), જેના ઉપર અમૃતત્વની સ્થિતિનો પાયો રચાય છે. તે માનવનું પોતાનું સત્ય ધામ છે (इत्था पदमस्य), કે જેને માનવમાં ગૂઢ રહેલો પરમાત્મા, અંધકારમાંથી તથા સંધ્યાના પ્રકાશમાંથી ઉષાનાં તેજો દ્વારા આરોહણ કરતો-કરતો, સૂર્યનાં પ્રાચુર્યોમાં જિતે છે.

* * *

આ સૂકતથી હું ઋગ્વેદમાંથી પસંદ કરાયેલાં સૂકતોની માળાનો અંત લાવું છું. મારો હેતુ હતો કે મારે બને તેટલી ટૂંકી મર્યાદામાં રહીને વૈદિક દેવોનાં સાચાં કાર્યોને બતાવવાં, વેદના રૂપકમય અર્થને બતાવવો, યજ્ઞના સ્વભાવને (યથાર્થતાને) તથા તેના ફલને બતાવવાં, અને વાસ્તવિક દૃષ્ટાંતો આપી વેદનું રહસ્ય સમજાવવું. મેં હેતુપૂર્વક થોડાંક, ટૂંકાં સૂકતો જ પસંદ કર્યાં છે, અને વધારે નોંધપાત્ર ગંભીરતા(ઊંડાણ)વાળાં, સૂક્ષ્મતાવાળાં, વિચારોમાં તથા આકૃતિઓમાં સંકુલતાવાળાં સૂકતો નથી લીધાં, કે જે સરળતાપૂર્વક અને પૂર્ણ રીતે માનસશાસ્ત્રીય અર્થને સપાટી પર જ વ્યકત કરે છે, અને તેવાં સૂકતો કે જે તેમની અસાધારણતા તથા ગહનતા વડે તે ગૂઢવાદી પવિત્ર કવિતાની સાચી લાક્ષણિકતાને પ્રગટ કરે છે, તેમને પણ છોડી દીધાં છે. હું આશા રાખું છું કે આ દાખલા રૂપ સૂકતો—ખુલ્લા મનથી તેમના સાચા અર્થનો અભ્યાસ કરવા ઇચ્છનાર વાચકને આપણી સૌથી પ્રાચીન અને મહત્તમ કવિતાનો અર્થ સ્પષ્ટ કરવામાં મદદરૂપ થશે. બીજા સામાન્ય પ્રકારના અનુવાદોથી, હું એમ બતાવવા માગીશ કે આ વિચારો માત્ર થોડાક જ ઋષિઓના ઉચ્ચતમ વિચારો નથી, પણ ઋગ્વેદનો વ્યાપક અર્થ તથા ધર્મોપદેશ છે.